લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

# ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન

## ઉલ્લાસ-૨ ❖ ભાગ-૩



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ગુરુતત્ત્વવિનિશ્ચય

**શબ્દશઃ વિવેચન**

## ઉલ્લાસ-૨ ❖ ભાગ-૩

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

❖ સંકલનકારિકા ❖

**પથ્યાબેન હેમંતભાઈ શાહ**

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382007.
Phone : (079) 23276252, 23276204-05

# ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૩ (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન


✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા



વીર સં. ૨૫૪૪ ✦ વિ. સં. ૨૦૭૪ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

**મૂલ્ય : રૂ. ૩૬૫-૦૦**


卐 **આર્થિક સહયોગ** 卐

આ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. ની ૧૦૬ માં દીક્ષા દિન નિમિત્તે

**પરમતારક આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**

સ્વપ્નને **ગીતાર્થગંગાના** પ્રયત્નમાં સાકાર થતાં જોઈ

**શ્રી રમણલાલ છગનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ-નવસારી** તેમ જ

**રત્નત્રયી આરાધક સંઘ-નવસારીના** જ્ઞાનખાતાની ઉપજમાંથી રકમ મળે છે.


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૧૨

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા

Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

મહોપાધ્યાય શ્રીમદ્દ્યશોવિજયગણિ વિરચિત સ્વોપજ્ઞવૃત્તિયુત

# ગુરુતત્ત્વવિનિશ્ચય

## શબ્દશઃ વિવેચન

## દ્વિતીય ઉલ્લાસ : ભાગ-૩

## अथ गुरुतत्त्वविनिश्चये द्वितीयोल्लासः ।

**અવતરણિકા :-**

विवृतः प्रथमोल्लासः । अथ द्वितीयो विव्रियते, तत्र प्रथमे व्यवहारः समाहितो द्वितीये चानेनैव गुरुरुत्कृष्यत इत्येतद्विवेकद्वारा गुरुतत्त्वं निश्चेतव्यमित्यभिप्रायवानाह –

**અવતરણિકાર્થ :-**

પ્રથમ ઉલ્લાસ વિવરણ કરાયો. હવે બીજો ઉલ્લાસ વિવરણ કરાય છે. ત્યાં=ગુરુતત્ત્વવિનિશ્ચય વિષયક, પ્રથમમાં=પ્રથમ ઉલ્લાસમાં, વ્યવહાર સમાહિત કરાયો=વ્યવહારને પ્રમાણરૂપે સ્થાપન કરાયો. બીજામાં=બીજા ઉલ્લાસમાં, આના દ્વારા જ=વ્યવહાર દ્વારા જ, ગુરુ ઉત્કર્ષને પામે છે. એથી એના વિવેક દ્વારા=વ્યવહારના વિવેક દ્વારા, ગુરુતત્ત્વનો નિર્ણય કરવો જોઈએ. એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

ववहारं जाणंतो, ववहारं चेव पन्नवेमाणो ।
ववहारं फासंतो, गुरुगुणजुत्तो गुरू होइ ।।१।।

**અન્વયાર્થ :-**

ववहारं जाणन्तो=વ્યવહારને જાણતા, ववहारं चेव पन्नवेमाणे=વ્યવહારને જ પ્રજ્ઞાપન કરતા, ववहारं फासन्तो=વ્યવહારને સ્પર્શતા, गुरुगुणजुत्तो गुरु होइ=ગુરુગુણથી યુક્ત ગુરુ હોય છે=ગુરુ સ્વીકારવા યોગ્ય છે. ॥૧॥

**ગાથાર્થ :-**

**વ્યવહારને જાણતા, વ્યવહારને જ પ્રજ્ઞાપન કરતા, વ્યવહારને સ્પર્શતા, ગુરુગુણથી યુક્ત ગુરુ હોય છે=ગુરુ સ્વીકારવા યોગ્ય છે. ॥૧॥**

**ટીકા :-**

'ववहारं'ति । व्यवहारं जानानो व्यवहारमेव प्रज्ञापयन् 'व्यवहारं' शुद्धसाध्वाचाररूपं 'स्पृशन्' कायेनासेवमानो गुरुगुणयुक्तो गुरुर्भवति, क्रियायामेव रत्नत्रयसाम्राज्यात्, क्रियावबोधस्य ज्ञानत्वात्, क्रियारुचेर्दर्शनत्वात्, क्रियाया एव च चारित्रत्वात्, व्यवहारस्य च क्रियालक्षणत्वात् । अथवा सम्पूर्णे व्यवहारे साक्षात् पारम्पर्येण वा सर्वेऽपि ज्ञानक्रियाभेदा अन्तर्भवन्तीत्यनेनैव सर्वगुणसामग्र्यं सिद्धमिति ।।१।।

**ટીકાર્થ :-**

व्यवहारं ..... सिद्धमिति ।। વ્યવહારને જાણતા, વ્યવહારને જ પ્રજ્ઞાપન કરતા=શિષ્યોને કે યોગ્ય શ્રાવકોને શુદ્ધ વ્યવહારને યથાર્થ બતાવતા, સુંદર સાધ્વાચારરૂપ વ્યવહારને સ્પર્શતા=કાયાથી આસેવન કરતા, ગુરુગુણથી યુક્ત ગુરુ થાય છે; કેમ કે ક્રિયામાં જ રત્નત્રયીનું સામ્રાજ્ય છે.

કઈ રીતે ક્રિયામાં રત્નત્રયીનું સામ્રાજ્ય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**ક્રિયાના અવબોધનું જ્ઞાનપણું છે=સંયમની સર્વ ક્રિયા કઈ રીતે અસંગપરિણતિનું કારણ બને છે તે પ્રકારના ક્રિયાના અવબોધનું જ્ઞાનપણું છે. ક્રિયાની રુચિનું=અસંગપરિણતિના કારણીભૂત ક્રિયાની રુચિનું, દર્શનપણું છે અને ક્રિયાનું જ=અસંગપરિણતિને ઉલ્લસિત કરે તે પ્રકારે સમ્યક્ સેવાયેલી ક્રિયાનું જ=ચારિત્રપણું છે (માટે ક્રિયાનું જ રત્નત્રયીપણું છે).**

અહીં પ્રશ્ન થાય કે ક્રિયા રત્નત્રયીરૂપ હોય એની સાથે વ્યવહારને જાણનાર આદિ લક્ષણવાળા ગુણથી યુક્ત ગુરુ છે, તેને શું સંબંધ ? તે સ્પષ્ટ કરવા અર્થે હેતુ કહે છે.

**અને વ્યવહારનું ક્રિયાલક્ષણપણું છે. (તેથી વ્યવહારને જાણનારા આદિ મહાત્મા રત્નત્રયીના સામ્રાજ્યવાળા હોવાથી ગુરુ સ્વીકારવા યોગ્ય છે, એમ અન્વય છે.)**

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાનક્રિયા સ્વરૂપ મોક્ષમાર્ગ છે. માત્ર ક્રિયારૂપ મોક્ષમાર્ગ નથી. તેથી ક્રિયારૂપ વ્યવહારને જાણનારા આદિ ગુણોવાળા સાધુ રત્નત્રયીવાળા એમ કેમ કહી શકાય ? તેથી 'અથવા'થી કહે છે –

**સંપૂર્ણ વ્યવહારમાં સાક્ષાત્ કે પરંપરાથી સર્વ પણ જ્ઞાનક્રિયાના ભેદો અંતર્ભાવ પામે છે. એથી આના દ્વારા જ=વ્યવહાર દ્વારા જ, સર્વ ગુણનું સમગ્રપણું સિદ્ધ થાય છે. ॥૧॥**

**इति શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે.**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ ગુરુતત્ત્વના નિશ્ચયને કરાવવાની પ્રતિજ્ઞા કરેલ છે અને કેવા ગુરુને ગુરુ તરીકે સ્વીકારી શકાય જેનાથી સંસારસાગર તરી શકાય, તે સ્પષ્ટ કરવા કહે છે –

સંયમની સર્વ ઉચિત ક્રિયામાં કઈ ભૂમિકાવાળા જીવે કઈ ક્રિયા સેવવી જોઈએ અને કઈ રીતે સેવવી જોઈએ ? જેથી તે વ્યવહારની ક્રિયા ઉચિત રીતે સેવીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરે, એ પ્રમાણે જે મહાત્મા વ્યવહારને જાણતા હોય તે મહાત્માને ગુરુ તરીકે સ્વીકારી શકાય.

વળી શરણાગત યોગ્ય જીવોને તે વ્યવહારનું જ પ્રજ્ઞાપન કરતા હોય અથવા યોગ્ય જીવોને સન્માર્ગનો બોધ કરાવવા માટે મોક્ષ અર્થે ઉચિત ક્રિયાઓ કેવી હોઈ શકે તેનો જ બોધ કરાવતા હોય તે ગુરુ વ્યવહારને જ પ્રજ્ઞાપન કરનારા છે. વળી, સ્વયં શુદ્ધ સાધ્વાચારરૂપ આચરણાથી વ્યવહારને તે રીતે સેવે છે, જેથી સતત ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે. તેવા ગુરુગુણથી યુક્ત ગુરુ સ્વીકારવા યોગ્ય છે. તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે કે સંસારી જીવો રત્નત્રયીના બળથી જ મોક્ષને પ્રાપ્ત કરે છે અને યોગ્ય ગુરુ જે ક્રિયાઓને મોક્ષના કારણ રૂપે જાણે છે અને સ્વયં સેવે છે અને યોગ્ય જીવોને બતાવે છે, તે ક્રિયાઓ રત્નત્રયીના પરિણામ સ્વરૂપ જ છે; કેમ કે સંસારના ઉચ્છેદને અનુકૂળ અંતરંગ સદ્વીર્યને ઉલ્લસિત કરે, તેવી ઉચિત બાહ્ય ક્રિયાનો જેને બોધ છે, તે બોધ જ્ઞાન સ્વરૂપ છે. તેવી ક્રિયાને સેવવાની રુચિ થાય છે, તે દર્શન સ્વરૂપ છે અને તેવી ક્રિયા સ્વભૂમિકા અનુસાર જેઓ સેવે છે, તે ચારિત્ર સ્વરૂપ છે. તેથી ગુણવાન ગુરુથી સેવાતી અને બતાવાતી ક્રિયા રત્નત્રયીના પરિણામરૂપ હોવાથી તેવા ગુરુને સ્વીકારવાથી અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષમાર્ગ તો જ્ઞાનક્રિયારૂપ છે. તેથી ક્રિયાને જ રત્નત્રયીરૂપ કેમ કહી શકાય ? તેથી 'અથવા'થી કહે છે –

સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ જિનવચનથી નિયંત્રિત સેવાતી હોય તેમાં સાક્ષાત્ કે પરંપરાથી સર્વ જ્ઞાનક્રિયાના ભેદો અંતર્ભાવ પામે છે અર્થાત્ કેટલીક ક્રિયામાં જ્ઞાનક્રિયાના ભેદો સાક્ષાત્ અંતર્ભાવ પામે છે અને કેટલીક ક્રિયા ઉપરના જ્ઞાનક્રિયાના ભેદોવાળી નથી તોપણ વર્તમાનમાં સેવાતી તે ક્રિયાના બળથી તે ભેદોની અવશ્ય પ્રાપ્તિ થશે. જેમ સરાગ સંયમકાળમાં સેવાતી ક્રિયામાં સરાગ સંયમના જ્ઞાનક્રિયાના ભેદો સાક્ષાત્ અંતર્ભાવ પામે છે અને વીતરાગ સંયમના જ્ઞાનક્રિયાના ભેદો પરંપરાએ તે ક્રિયામાં રહેલા છે; કેમ કે વીતરાગ સંયમ સાથે એક પ્રતિસંધાનથી તેના ઉપાયરૂપે જ સરાગ સંયમની ક્રિયાઓ મહાત્માઓ સેવે છે અને તેવી ક્રિયાઓમાં સમગ્ર યોગમાર્ગની પ્રાપ્તિરૂપ ગુણનું સમગ્રપણું રહેલું છે; કેમ કે વિવેકપૂર્ણ સેવાયેલું અનુષ્ઠાન અવશ્ય મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ ભાવમળને દૂર કરીને યોગનિરોધમાં

જ વિશ્રાંત થનાર છે અને તેવી લોકોત્તમ ક્રિયા જે ગુરુની નિશ્રાના બળથી પ્રાપ્ત થઈ શકે તેવા ગુરુગુણથી યુક્ત ગુરુ આશ્રયણીય છે; કેમ કે "गृणाति शास्त्रतत्त्वं इति गुरुः" એ પ્રકારની ગુરુ શબ્દની વ્યુત્પત્તિ છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**व्यवहारप्ररूपणमेव यथास्थितमाह –**

**અવતરણિકાર્થ :-**

**વ્યવહારની પ્રરૂપણાને જ યથાસ્થિત બતાવે છે –**

**ભાવાર્થ :-**

વ્યવહારનું પ્રરૂપણ નિરાકાંક્ષ પ્રતિપત્તિવાળું થાય તે યથાસ્થિત પ્રરૂપણ છે અને નિરાકાંક્ષ વ્યવહારનું પ્રરૂપણ ત્યારે જ થઈ શકે કે વ્યવહાર કરનાર કોણ છે ? વ્યવહારનો વિષય કયો છે ? તેનો પણ બોધ થાય, તેથી ગ્રંથકારશ્રી યથાસ્થિત વ્યવહારની પ્રરૂપણા કરવા અર્થે કહે છે –

**ગાથા :-**

**ववहारो ववहारी, ववहरिअव्वं च एत्थ णायव्वं ।**
**नाणी नाणं नेयं, नाणम्मि परूविअम्मि जहा ।।२।।**

**અન્વયાર્થ :-**

**एत्थ=અહીં=વ્યવહારમાં, ववहारो=વ્યવહાર, ववहारी=વ્યવહારી, ववहरिअव्वं च=અને વ્યવહર્તવ્ય=વ્યવહાર કરવા યોગ્ય આચરણા, णायव्वं=જ્ઞાતવ્ય છે. जहा नाणम्मि परूविअम्मि=જે પ્રમાણે જ્ઞાન પ્રરૂપિત હોતે છતે=પ્રરૂપણનો વિષય હોતે છતે, नाणी नाणं नेयं=જ્ઞાની, જ્ઞાન અને જ્ઞેય જ્ઞાતવ્ય છે. ।।૨।।**

**ગાથાર્થ :-**

**અહીં=વ્યવહારમાં, વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્ય=વ્યવહાર કરવા યોગ્ય આચરણા જ્ઞાતવ્ય છે. જે પ્રમાણે જ્ઞાત પ્રરૂપિત હોતે છતે=પ્રરૂપણનો વિષય હોતે છતે, જ્ઞાની, જ્ઞાન અને જ્ઞેય જ્ઞાતવ્ય છે. ।।૨।।**

**ટીકા :-**

'ववहारो'त्ति । 'अत्र' व्यवहारे प्ररूपयितव्ये व्यवहारो व्यवहारी व्यवहर्त्तव्यं चेति त्रयं ज्ञातव्यं भवति, व्यवहारवाचकस्यापि व्यवहारपदस्येतरद्वयाक्षेपकत्वात् । यथा ज्ञाने प्ररूपिते ज्ञानी ज्ञानं ज्ञेयं चेति त्रयमपि ज्ञातव्यम्, न ह्यत्र यथाश्रुतार्थमात्रप्ररूपणे निराकाङ्क्षप्रतीतिः सिध्यतीति ।।२।।

**ટીકાર્થ :-**

'अत्र' व्यवहारे ..... सिध्यतीति ।। અહીં=વ્યવહાર પ્રરૂપિતવ્ય હોતે છતે, વ્યવહાર, વ્યવહારી અને

**વ્યવહર્તવ્ય એ ત્રણ જ્ઞાતવ્ય છે; કેમ કે વ્યવહારવાચક પણ વ્યવહારપદનું=સંયમની ક્રિયાના વાચક પણ વ્યવહારપદનું, ઈતરદ્વયનું આક્ષેપકપણું છે=વ્યવહારી અને વ્યવહર્તવ્ય એ દ્વયનું આક્ષેપકપણું છે. જે પ્રમાણે જ્ઞાન પ્રરૂપિત કરાયે છતે=કોઈ ઉપદેશક દ્વારા જ્ઞાન પ્રરૂપિત કરાયે છતે, જ્ઞાની, જ્ઞાન અને જ્ઞેય એ ત્રણ પણ જ્ઞાતવ્ય છે. હિ=જે કારણથી, અહીં=જ્ઞાનાદિની પ્રરૂપણામાં, યથાશ્રુતાર્થ માત્ર પ્રરૂપણા કરાયે છતે=વ્યવહાર શબ્દથી કે જ્ઞાન શબ્દથી જે શ્રુત અર્થ છે તેની પ્રરૂપણા કરાયે છતે, નિરાકાંક્ષ પ્રતીતિ સિદ્ધ થતી નથી. (કેમ કે કોનું જ્ઞાન અથવા શેનું જ્ઞાન ? એ આકાંક્ષા રહે છે.) ॥૨॥**

**ભાવાર્થ :-**

વ્યવહાર અનેક પ્રકારના છે. જેમ સંસારમાં ધનઅર્જની ક્રિયાએ ધનપ્રાપ્તિનો વ્યવહાર છે તે રીતે મોક્ષને અનુકૂળ સંયમપ્રાપ્તિનો જે વ્યવહાર છે એ પ્રસ્તુતમાં પ્રરૂપિતવ્ય છે અને તેની પ્રરૂપણા કરવા માટે મોક્ષને અનુકૂળ ક્રિયારૂપ વ્યવહાર શું છે ? તે વ્યવહારને બતાવનારા વ્યવહારી કોણ છે ? અને તે વ્યવહારનો વિષય કઈ જાતની ઉચિત ક્રિયા છે ? એ ત્રણનું જ્ઞાન આવશ્યક છે. જેથી વ્યવહારનો યથાર્થ બોધ થાય.

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનો બોધ કરાવાનું પ્રયોજન હોય ત્યારે ઇતરદ્વયનો બોધ કરવાની કેમ આવશ્યકતા છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે.

વ્યવહારવાચક પદ ઇતરદ્વયનો આક્ષેપક છે; કેમ કે મોક્ષમાર્ગની ક્રિયા એ વ્યવહાર છે. એમ કહેવાથી તે ક્રિયા કરનાર કોણ છે ? તેની આકાંક્ષા રહે છે અને તે ક્રિયાના વિષયભૂત વ્યવહર્તવ્ય શું છે ? તેની આકાંક્ષા રહે છે તેથી તે ત્રણેના જ્ઞાનથી જ નિરાકાંક્ષ બોધ થાય છે. જેમ જ્ઞાનની પ્રરૂપણા કરવી હોય તો તે જ્ઞાન કોનામાં છે ? તે જ્ઞાનનો વિષય શું છે ? તેની આકાંક્ષા રહે છે અને જ્યારે નિર્ણય થાય કે આ પુરુષ જ્ઞાની છે. આ પુરુષનું આ પ્રકારનું જ્ઞાન છે અને તે જ્ઞાનનો વિષય આ પ્રકારનો યોગમાર્ગ છે, એવો બોધ થાય ત્યારે તે જ્ઞાનના વિષયમાં પૂર્ણ બોધ થવાથી નિરાકાંક્ષ પ્રતિપત્તિ થાય છે અને માત્ર જ્ઞાનનું સ્વરૂપ બતાવવામાં આવે તો તેવું જ્ઞાન કોને છે ? તેવી આકાંક્ષા થાય. વળી. કહેવામાં આવે કે સ્વપરવ્યવસાયી જ્ઞાન છે. તે વચનથી જ્ઞાનનો બોધ થવા છતાં તેનું જ્ઞેય શું છે ? તેનો બોધ ન થાય તો નિરાકાંક્ષ પ્રતીતિ થતી નથી. તેથી વ્યવહારનો યથાસ્થિત બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રી વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્યનું વર્ણન આગળ કરશે. જેનાથી શુદ્ધ વ્યવહારનો નિર્ણય થાય અને તેવા વ્યવહારને જાણનારા, પ્રરૂપણા કરનારા અને સ્પર્શનારા ગુરુ ગુરુ તરીકે સ્વીકારવા યોગ્ય છે, એવો નિર્ણય થાય. **॥૨॥**

**અવતરણિકા :-**

**तत्र व्यवहारं तावत्प्ररूपयति –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્યના વિષયમાં, વ્યવહારની પ્રથમ પ્રરૂપણા કરે છે.**

ગાથા :-

विविहं वा विहिणा वा, ववणं हरणं च होइ ववहारो ।
दव्वम्मि पुत्थयाई, णोआगमओ अ पंचविहो ।।३।।

અન્વયાર્થ :-

विविहं वा विहिणा वा=વિવિધ અથવા વિધિથી, ववणं हरणं च ववहारो होइ=વપન અને હરણ વ્યવહાર છે, दव्वम्मि पुत्थयाई=દ્રવ્યમાં પુસ્તકાદિ છે, णोआगमओ अ=અને નોઆગમથી, पंचविहो=પાંચ પ્રકારનો વ્યવહાર છે. ।।૩।।

ગાથાર્થ :-

**વિવિધ અથવા વિધિથી વપન અને હરણ વ્યવહાર છે. દ્રવ્યમાં પુસ્તકાદિ છે અને નોઆગમથી પાંચ પ્રકારનો વ્યવહાર છે. ।।૩।।**

ટીકા :-

'विविहं'ति । 'विविधं' तत्तद्योग्यतानुसारेण विचित्रं 'विधिना' सर्वज्ञोक्तप्रकारेण वा 'वपनं' तपःप्रभृत्यनुष्ठानविशेषस्य दानं 'टुवपी बीजतन्तुसन्ताने' इति वचनात्, 'हरणम्' अतिचारदोषजातस्य, अथवा संभूय द्वित्र्यादिसाधूनां क्वचित्प्रयोजने प्रवृत्तौ यद्यस्मिन्नाऽऽभवति तस्य तस्मिन् वपनमितरस्माच्च हरणमिति व्यवहारः, विवापहार इति रूपप्राप्तौ विवाप शब्दयोर्व्यवआदेशः पृषोदरादित्वात् । अर्थिप्रत्यर्थिनोर्विवदमानयोर्व्यवहारार्थं स्थेयपुरुषमुपस्थितयोर्यस्य यन्नाऽऽभवति तस्मात्तदपहृत्य यद्द्वितीयाय प्रयच्छत्येष स्थेयव्यापारो व्यवहार इति समुदायार्थः, क्रियामात्रमपेक्ष्य चैतन्निर्वचनम् । प्रकृते च करणव्युत्पत्तिराश्रयणीया, विधिना उप्यते ह्रियते च येन स व्यवहार इति स च नामस्थापना-द्रव्यभावभेदाच्चतुर्विधः । तत्र नामस्थापने सुगमे । द्रव्यव्यवहारो द्विधा आगमतो नोआगमतश्च । आगमतो व्यवहारपदज्ञाता तत्र चानुपयुक्तः । नोआगमतस्त्रिधा ज्ञशरीरभव्यशरीरतद्व्यतिरिक्तभेदात्, तत्राद्यौ प्रतीतौ । 'द्रव्ये' द्रव्यविषये 'पुस्तकादिः' व्यवहारग्रन्थ एव पुस्तकपत्रादिलिखितः । अथवा लौकिककुप्रावचनिकलोकोत्तरभेदात् त्रिविधः, तत्र लौकिको यथा-आनन्दपुरे खड्गादावुद्गीर्णे रूप-काणामशीतिसहस्रं दण्डो मारितेऽपि तावानेव, प्रहारे तु पतिते यदि कथमपि न मृतस्तदा रूपकपञ्चकदण्डः, उत्कृष्टे तु कलहे प्रवृत्तेऽर्द्धत्रयोदशरूपका दण्डः । कुप्रावचनिको यथा-यत्कर्म यो न करोति ततः कर्मणस्तस्य किञ्चिदिति । लोकोत्तरिको यथा-य एते पाण्डुरपटप्रावरणा जिनानामनाज्ञया स्वच्छन्दं व्यवहरन्तः परस्परमशनपानादिरूपं व्यवहारं कुर्वन्तीति । भावव्यवहारो द्विधा-आगमतो नोआगमतश्च, आगमतो व्यवहारपदार्थज्ञाता तत्र चोपयुक्तः, 'उपयोगो भावनिक्षेपः' इति वचनात् नोआगमतश्च पञ्चविधः, नोशब्दस्य देशवचनत्वात् ।।३।।

**ટીકાર્થ :-**

'विविधं' ..... देशवचनत्वात् ।। વિવિધ=તે તે યોગ્યતાના અનુસારથી વિચિત્ર, અથવા વિધિથી=સર્વજ્ઞ વડે કહેવાયેલા પ્રકારથી, વપન=તપ વગેરે અનુષ્ઠાનવિશેષનું દાન=યોગ્ય જીવને તેની ભૂમિકા અનુસાર તપ વગેરે અનુષ્ઠાનવિશેષનું દાન વ્યવહાર છે; કેમ કે ટુવપી ધાતુ બીજતંતુસંતાન અર્થમાં છે, એ પ્રમાણેનું વચન છે. હરણ=અતિચાર દોષના સમૂહનું હરણ અથવા એકઠા થઈ બે-ત્રણ આદિ સાધુઓના કોઈક પ્રયોજનમાં પ્રવૃત્તિ હોતે છતે જે જેમાં થાય છે=શાસ્ત્રીય વ્યવહારથી જેને ગ્રહણનો અધિકાર છે તેનું તેમાં વપન=તે વસ્તુ ઉચિત વ્યવહાર દ્વારા તેને આપવી અને ઈતરથી હરણ તે વ્યવહાર છે. વિવાપહાર એ પ્રકારના રૂપની પ્રાપ્તિ હોતે છતે વિવાપ શબ્દનો વ્યવ આદેશ પૃષોદરપણાથી છે. (તેથી વ્યવહાર શબ્દ બન્યો છે.)

પૂર્વમાં વ્યવહાર શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને બે અર્થો કર્યા, તેમાં 'અથવા'થી કહેલ બીજા પ્રકારના વ્યવહારનો તાત્પર્યાર્થ સ્પષ્ટ કરે છે. સ્થેય પુરુષ પાસે=મધ્યસ્થ પુરુષ પાસે, ઉપસ્થિત એવા વિવાદ કરતા અર્થી અને પ્રત્યર્થીના વ્યવહાર માટે જેનું=વિવાદ કરનારા બે પુરુષમાંથી જેનું, જે નથી થતું તેની પાસેથી તેનો અપહાર કરીને જે બીજાને આપે છે તે સ્થેયનો વ્યાપાર=મધ્યસ્થ પુરુષનો વ્યાપાર વ્યવહાર છે, એ પ્રકારે સમુદાયાર્થ છે=વ્યવહાર શબ્દનો સમુદાય અર્થ છે અને આ=સ્થેયનો વ્યાપાર વ્યવહાર છે એ, ક્રિયામાત્રની અપેક્ષાએ નિર્વચન છે=કથન છે અને પ્રકૃતમાં=ગુરુતત્ત્વના નિર્ણય અર્થે જે વ્યવહાર ગ્રહણ કરાયેલો છે તે રૂપ પ્રકૃત અર્થમાં, કરણ વ્યુત્પત્તિ આશ્રયણીય છે.

કયા પ્રકારની કરણ વ્યુત્પત્તિ આશ્રયણીય છે તે સ્પષ્ટ કરે છે. વિધિથી વપન કરાય છે અને હરણ કરાય છે જેના વડે=જે આચાર વડે, તે વ્યવહાર છે.

इति શબ્દ પ્રકૃતમાં ઉપયોગી વ્યવહાર શબ્દની વ્યુત્પત્તિની સમાપ્તિ માટે છે.

અને તે=વ્યવહાર, નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારનો છે. ત્યાં=ચાર પ્રકારના વ્યવહારમાં નામ, સ્થાપના સુગમ છે. દ્રવ્ય વ્યવહાર બે પ્રકારનો છે. (૧) આગમથી અને (૨) નોઆગમથી. આગમથી વ્યવહાર પદના જ્ઞાતા અને તેમાં=વ્યવહાર પદમાં, અનુપયુક્ત આગમથી દ્રવ્ય વ્યવહાર છે એમ અન્વય છે. નોઆગમથી ત્રણ પ્રકારે વ્યવહારો છે. જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્દ્વ્યતિરિક્ત ભેદથી છે. ત્યાં=નોઆગમથી ત્રણ ભેદમાં, પ્રથમના બે વ્યવહાર પ્રતીત છે. દ્રવ્યમાં=નોઆગમથી દ્રવ્ય વ્યવહારના વિષયમાં, પુસ્તકાદિ=પુસ્તક પત્રાદિ લિખિત વ્યવહારગ્રંથ જ તદ્દ્વ્યતિરિક્ત ભેદ છે. અથવા લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તરના ભેદથી ત્રિવિધ છે=તદ્દ્વ્યતિરિક્ત ત્રણ ભેદવાળો છે. ત્યાં=તદ્દ્વ્યતિરિક્તના ત્રણ ભેદમાં, લૌકિક જે પ્રમાણે આનંદપુર નગરમાં ખડ્ગ આદિ ઉદ્ગીર્ણમાં=ખડ્ગાદિથી મારવા માટે પ્રયત્ન કરવામાં, ૮૦ હજાર રૂપિયા દંડ છે. ખડ્ગાદિ મરાયે છતે પણ એટલો જ દંડ છે. વળી, પ્રહાર પતિત થયે છતે કોઈક રીતે પણ મર્યો નહિ તો=સામેનો જીવ મર્યો નહિ તો પાંચ રૂપિયાનો દંડ છે. વળી ઉત્કૃષ્ટ કલહ થયે છતે સાડા બાર રૂપિયાનો દંડ છે.

વળી કુપ્રાવચનિક તદ્દ્વ્યતિરિક્ત ભેદ આ પ્રમાણે છે. તે 'યથા'થી બતાવે છે.

**જે કર્મ=જે વિહિત કૃત્ય, જે કરતો નથી તે કર્મથી તેને કંઈક ફળ મળે છે=કંઈક અનર્થરૂપ ફળ મળે છે.**

લોકોત્તર તદ્દ્વ્યતિરિક્તભેદ 'યથા'થી બતાવે છે.

**જે આ પાંડુરપટના પ્રાવરણવાળા સાધુઓ ભગવાનની અનાજ્ઞાથી સ્વચ્છંદ વ્યવહાર કરતા પરસ્પર અશનપાનાદિરૂપ વ્યવહાર કરે છે તે તદ્દ્વ્યતિરિક્ત વ્યવહાર છે.**

**ભાવવ્યવહાર બે પ્રકારનો છે. આગમથી અને નોઆગમથી, આગમથી વ્યવહારપદના અર્થનો જ્ઞાતા અને ત્યાં=વ્યવહારપદના અર્થમાં, ઉપયુક્ત આગમથી ભાવવ્યવહાર છે; કેમ કે ઉપયોગ ભાવનિક્ષેપ છે એ પ્રકારનું વચન છે અને નોઆગમથી ભાવવ્યવહાર પાંચ પ્રકારનો છે; કેમ કે 'નો' શબ્દનું દેશવચનપણું છે. તેથી ક્રિયાત્મક પાંચ પ્રકારનો વ્યવહાર જે આગળ બતાવશે તે નોઆગમથી ભાવવ્યવહાર છે એમ સંબંધ છે. ।।૩।।**

**ભાવાર્થ :-**

ગાથા-૨માં કહ્યું કે વ્યવહારનો બોધ કરવા અર્થે વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્યનો બોધ કરવો આવશ્યક છે. તેથી વ્યવહારપદનો બોધ કરવા વ્યવહાર શબ્દની વ્યુત્પત્તિ બતાવીને વ્યવહારનો અર્થ સ્પષ્ટ કરે છે. વ્યવહાર શબ્દમાં વિ-વાપ-હાર એ ત્રણ શબ્દો છે. તેમાં વ્યાકરણના નિયમ અનુસાર વિવાપનો વ્યવ આદેશ છે. તેથી વ્યવહાર શબ્દ બને છે અને વ્યવહારનો અર્થ વિ=વિવિધ અથવા વિચિત્ર, વાપ=વપન અને હાર=હરણ એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે. તેથી જે સાધુ ભગવાનના વચનાનુસાર વ્યવહારને જાણતા હોય તેઓ જે પ્રકારના અનુષ્ઠાનની જે જીવોમાં જે યોગ્યતા હોય તે યોગ્યતાનુસાર ઉચિત અનુષ્ઠાન સેવીને તે જીવ યોગની વૃદ્ધિ કરી શકે તે પ્રકારે તે જીવને અનુકૂળ તપ વગેરે વિશેષ અનુષ્ઠાનનું દાન કરે છે. વળી, તે અનુષ્ઠાનનું દાન સર્વજ્ઞએ કહેલ ઉચિત વિધિપૂર્વક કરે છે. જેથી તે અનુષ્ઠાનથી તે મહાત્મા પાપકર્મની શુદ્ધિ કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે; કેમ કે સર્વજ્ઞના વચનાનુસાર વિધિપૂર્વક કરાયેલ સર્વ ક્રિયાઓ ગુણસ્થાનકની વૃદ્ધિ કરીને અનંત ભવોનાં પાપોનો નાશ કરે છે. તેથી જે મહાત્મા જીવોની યોગ્યતા અનુસાર વિધિપૂર્વક તપાદિ અનુષ્ઠાનનું દાન કરીને તે જીવને શોધન કરે છે, જેનાથી સંયમમાં લાગેલા અતિચાર દોષોનું હરણ થાય છે.

આનાથી એ ફલિત થાય કે સંયમ લીધા પછી ગુણવાન ગુરુ શુદ્ધ વ્યવહારનું=શુદ્ધ સાધ્વાચારરૂપ અનુષ્ઠાનનું પ્રજ્ઞાપન કરે છે. છતાં કોઈક સાધુને કોઈક અતિચારની પ્રાપ્તિ થઈ જાય તે સર્વ અતિચારને સમ્યક્ પ્રાયશ્ચિત્તના દાનથી સુગુરુ હરણ કરે છે. તે દાન અને હરણની ક્રિયા વ્યવહાર શબ્દનો અર્થ છે. આ રીતે શ્લોક-૧માં શુદ્ધ સાધ્વાચારરૂપ વ્યવહાર બતાવેલ. અહીં વ્યવહાર શબ્દની વ્યુત્પત્તિ દ્વારા સંયમની શુદ્ધિને અનુકૂળ ઉચિત પ્રાયશ્ચિત્ત દાનરૂપ વ્યવહાર બતાવ્યો. અથવા હવે આભાવ્ય અનાભાવ્ય વિષયક વ્યવહારનું સ્વરૂપ બતાવે છે. બે-ત્રણ સાધુઓ ભેગા થઈને કોઈક પ્રયોજનમાં=સંયમના કોઈક પ્રયોજનમાં, પ્રવૃત્તિ કરતા હોય તે વખતે તે બે-ત્રણ સાધુમાંથી જે શિષ્ય, વસ્ત્ર, પાત્રાદિ જે વસ્તુ શાસ્ત્ર

મર્યાદાનુસાર જે સાધુની થાય છે, તે શિષ્ય, વસ્ત્ર, પાત્રાદિ, તેમાં=તે સાધુમાં વપન કરે છે અર્થાત્ દાન કરે છે અને ઇતરમાંથી તેનું હરણ કરે છે. આ પ્રકારનો ઉચિત વ્યવહાર જે ગુરુ કરે છે તે ગુરુ કલ્યાણના અર્થી સાધુઓને આશ્રયણીય છે.

સામાન્યથી લોકમાં વ્યવહાર પ્રવર્તે છે. ત્યારે કોઈક એક વસ્તુના બે અર્થીઓ હોય છે અર્થાત્ એક કહે છે આ મારું છે અને મધ્યસ્થ પુરુષ જે વસ્તુ જેની હોય તેનો નિર્ણય કરીને તે વસ્તુ તેને અપાવે છે, તે વ્યવહારની ક્રિયા કહેવાય છે અને પ્રકૃતમાં=આભાવ્ય અનાભાવ્યના વિષયમાં કરણની વ્યુત્પત્તિ આશ્રયણીય છે. સામાન્યથી સુસાધુઓ આ મારું છે, આ તારું છે એ પ્રકારનો વિભાગ કરનારા નથી, પરંતુ શાસ્ત્રમર્યાદા અનુસાર આ વસ્તુ કોણે ગ્રહણ કરવી જોઈએ અથવા આ શિષ્ય કોણે ગ્રહણ કરવો જોઈએ અથવા આ ક્ષેત્ર કોનું આભાવ્ય થાય તેનો નિર્ણય કરીને ઉચિત વ્યવહાર કરે છે જેથી ભગવાનની આજ્ઞાનું પાલન થાય અને આ પ્રકારનો નિર્ણય જે ગુરુ વિધિપૂર્વક કરાવી શકે છે તે ગુરુ આશ્રયણીય છે અને તેવા ગુરુ જેનું આભાવ્ય થતું હોય તેમાં તેનું વપન કરે અને અન્ય પાસેથી તેનું હરણ કરે તે વ્યવહાર શબ્દનો અર્થ છે. આ રીતે વ્યવહાર શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને પ્રાયશ્ચિત્ત વિષયક કે આભાવ્ય વિષયક વ્યવહાર બતાવ્યા પછી ચાર નિક્ષેપાથી વ્યવહાર શબ્દનો બોધ કરાવવા અર્થે કહે છે. નામસ્થાપનારૂપ વ્યવહારનો અર્થ સુગમ છે, એથી ગ્રંથકારશ્રી બતાવતા નથી.

દ્રવ્ય વ્યવહાર આગમને આશ્રયીને અને નોઆગમને આશ્રયીને બે પ્રકારે છે. અહીં આગમનો અર્થ શ્રુતનો ઉપયોગ છે. તેથી જે સાધુ "શુદ્ધ સાધ્વાચાર" વ્યવહારપદનો અર્થ છે એમ જાણતા હોય તેથી યોગ્ય જીવોને આશ્રયીને કયો શુદ્ધ સાધ્વાચાર છે તેનો નિર્ણય કરીને યોગ્ય જીવોને તેમાં પ્રવર્તાવી શકે તેવા બોધવાળા છે અને સ્વયં ઉચિત અનુષ્ઠાનમાં પ્રવર્તી શકે તેવા બોધવાળા છે. છતાં ઉચિત વ્યવહાર કરતી વખતે તેમાં અનુપયુક્ત છે તેઓનું વ્યવહારપદનું જ્ઞાન આગમથી દ્રવ્ય વ્યવહાર છે અને જેઓ વ્યવહારપદનો અર્થ યથાર્થ જાણનારા છે અને તે અર્થમાં ઉપયોગપૂર્વક તે પ્રવૃત્તિ કરે છે, તેઓ આગમથી શુદ્ધ સાધ્વાચારના ભાવવ્યવહારવાળા છે. વ્યવહારી એવા તેઓનો અને તેઓના વ્યવહારનો અભેદ કરીએ તો તેઓનો આગમથી ભાવવ્યવહાર છે એમ પ્રાપ્ત થાય છે.

વળી નોઆગમથી દ્રવ્ય વ્યવહાર ત્રણ પ્રકારનો છે. અહીં વ્યવહારના વચનાનુસાર કરાતી ક્રિયાનું 'નો' શબ્દથી ગ્રહણ છે; કેમ કે 'નો' શબ્દ દેશનિષેધ અર્થમાં છે. તેથી જેઓ શુદ્ધ વ્યવહાર પાળનારા છે, તેઓનું શરીર જ્ઞશરીર કહેવાય અને પૂર્વમાં તેઓએ શુદ્ધ વ્યવહાર પાળ્યો છે. પાછળથી પ્રમાદી થયા છે, તેઓનું શરીર નોઆગમથી જ્ઞશરીરરૂપ દ્રવ્ય વ્યવહાર છે.

વળી, જેઓ વર્તમાનમાં શુદ્ધ વ્યવહાર પાળતા નથી, પરંતુ ભવિષ્યમાં શુદ્ધ વ્યવહાર પાળશે. અત્યારે શિખાઉ છે, તેઓનું શરીર નોઆગમથી ભવ્યશરીરરૂપ દ્રવ્ય વ્યવહાર છે; કેમ કે ભાવવ્યવહારનું કારણ છે.

વળી, જ્ઞશરીર, ભવ્ય શરીરથી વ્યતિરિક્ત દ્રવ્ય વ્યવહાર ત્રણ ભેદવાળો છે. (૧) લૌકિક વ્યવહાર તે તે દેશમાં કરાયેલા ગુનાના દંડ સ્વરૂપ છે. (૨) કુપ્રાવચનિક વ્યવહાર અન્ય દર્શનવાળાનો વ્યવહાર છે જેમ તેઓ માને છે કે જે કર્મ જે બ્રાહ્મણાદિ માટે વિહિત હોય તે બ્રાહ્મણાદિ તે કર્મ ન કરે તો તેને તે કર્મ

નહિ કરવાને કારણે પ્રાયશ્ચિત્ત અપાય છે, તે કર્મ નહિ કરવા છતાં બ્રાહ્મણાદિથી અન્યને તે કૃત્ય નહિ કરવાનું કોઈ પ્રાયશ્ચિત્ત અપાતું નથી. જે કુત્સિત વચન સ્વરૂપ હોવાથી કુપ્રાવચનિક ભેદરૂપ છે. વળી, (૩) લોકોત્તર એવા જૈન સાધુનો વેશ ગ્રહણ કરીને ભગવાનની આજ્ઞા નિરપેક્ષ સ્વચ્છંદ રીતે જે પરસ્પર અન્ન-પાન, વસ્ત્રાદિનો વ્યવહાર કરે છે, તે નોઆગમથી તદ્દ્વ્યતિરિક્તરૂપ દ્રવ્યવ્યવહાર છે; કેમ કે કુત્સિત ક્રિયા હોવાથી કર્મબંધનું કારણ છે.

વળી નોઆગમથી ભાવવ્યવહાર બાહ્ય ઉચિત ક્રિયા સ્વરૂપ છે; કેમ કે નો શબ્દ દેશનિષેધવાચી છે. તેથી જીવના પરિણામરૂપ ભાવ લેવાને બદલે ક્રિયાનું ગ્રહણ કરાય છે અને તે ક્રિયા સ્વચ્છંદ રીતે કરાતી નથી, પરંતુ ભગવાનના વચનાનુસાર કરાય છે. તેથી ભાવવ્યવહાર છે અને તેના પાંચ ભેદો છે. જે પાંચ ભેદોનું વર્ણન ગ્રંથકારશ્રી સ્વયં આગળ કરે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**पञ्चविधत्वमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**પંચવિધપણાને જ=ગાથા-૩માં કહેલ કે નોઆગમથી ભાવવ્યવહાર પાંચ પ્રકારનો છે, તે ભાવવ્યવહારના પંચવિધપણાને જ, કહે છે –**

**ગાથા :-**

**आगम सुअ आणा धारणा य जीए अ होइ बोहव्वे ।**
**एएसिं पंचण्हं, पत्तेय परूवणं वुच्छं ।।४।।**

**અન્વયાર્થ :-**

**आगम सुअ आणा धारणा य जीए अ=આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જિત, बोहव्वे होइ=બોધવ્ય છે=વ્યવહાર તરીકે જાણવા યોગ્ય છે. एएसिं पंचण्हं=આ પાંચેમાંથી, पत्तेय परूवणं वुच्छं=પ્રત્યેકની પ્રરૂપણાને હું કહીશ. ॥૪॥**

**ગાથાર્થ :-**

**આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જિત બોધવ્ય છે=વ્યવહાર તરીકે જાણવા યોગ્ય છે. આ પાંચેમાંથી પ્રત્યેકની પ્રરૂપણાને હું કહીશ. ॥૪॥**

**ટીકા :-**

**'आगम'त्ति । आगमः श्रुतमाज्ञा धारणा च जीतं चेति पञ्चविधः खल्वेष व्यवहारो बोद्धव्यो भवति, एतेषां पञ्चानां प्रत्येकं प्ररूपणां वक्ष्ये ।।४।।**

**ટીકાર્થ :-**

**आगमः ..... प्ररूपणां वक्ष्ये ।। આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જિત આ પાંચ પ્રકારનો ખરેખર આ વ્યવહાર જ્ઞાતવ્ય છે=ગુણવાન ગુરુનો બોધ કરવા અર્થે જ્ઞાતવ્ય છે. આ પાંચ ભેદોના પ્રત્યેકની પ્રરૂપણાને ગ્રંથકારશ્રી આગળ કહેશે. ।।૪।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧માં કહેલ કે વ્યવહારને જાણનારા, વ્યવહારનું પ્રરૂપણ કરનારા અને શુદ્ધ સાધ્વાચારરૂપ વ્યવહારને સ્પર્શનારા ગુરુગુણથી યુક્ત ગુરુ છે માટે એવા ગુરુનો આશ્રય કરીને યોગ્ય જીવો સંસારસાગરને તરી શકે છે અને સર્વજ્ઞકથિત તે વ્યવહાર પાંચ પ્રકારનો છે. તેથી તે પાંચ વ્યવહારનો યથાર્થ બોધ કરીને જે કાળમાં જે પ્રધાન હોય, તેનાથી જેઓ ઉચિત વ્યવહાર કરતા હોય તેવા ગુરુને ગુરુ તરીકે સ્વીકારવા અર્થે પાંચ પ્રકારના વ્યવહારનું જ્ઞાન આવશ્યક છે. એથી તે વ્યવહારમાંથી પ્રત્યેકને ક્રમસર કહેવાની ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**यथा प्रतिज्ञातमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**જે પ્રમાણે પ્રતિજ્ઞાત છે=ગાથા-૪માં ગ્રંથકારશ્રીએ પાંચ વ્યવહાર કહેવાની પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞાતને જ કહે છે –**

**ગાથા :-**

**तत्थागमो विसिट्ठं, नाणं ववहारकज्जपविभत्तं ।**
**सो दुविहो णायव्वो, पच्चक्खपरोक्खभेएणं ।।५।।**

**અન્વયાર્થ :-**

**तत्थ=ત્યાં=પાંચ પ્રકારના વ્યવહારમાં, ववहारकज्जपविभत्तं=વ્યવહારના કાર્યથી પ્રવિભક્ત એવું, विसिट्ठं नाणं आगमो=વિશિષ્ટ જ્ઞાન આગમ છે=આગમ વ્યવહાર છે, सो=એ આગમ, पच्चक्खपरोक्खभेएणं= પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી, दुविहो णायव्वो=બે પ્રકારનો જાણવો. ।।૫।।**

**ગાથાર્થ :-**

**ત્યાં=પાંચ પ્રકારના વ્યવહારમાં, વ્યવહારના કાર્યથી પ્રવિભક્ત એવું વિશિષ્ટ જ્ઞાન આગમ છે=આગમ વ્યવહાર છે, તે આગમ પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારનો જાણવો. ।।૫।।**

ટીકા :-

'तत्थ'त्ति । 'तत्र' पञ्चविधे व्यवहारमध्ये व्यवहारकार्येण प्रविभक्तं-दानाभवत्प्रायश्चित्तकर्त्तव्यताविषयविभागावच्छिन्नं 'विशिष्टम्' अन्यानुपजीविप्रामाण्यकं 'ज्ञानम्' आगमः, उपचारात्तन्मूलः शब्दोऽपि । 'स' आगमः प्रत्यक्षपरोक्षभेदेन द्विविधो ज्ञातव्यः ।।५।।

ટીકાર્થ :-

'तत्र' पञ्चविधे ..... द्विविधो ज्ञातव्यः ।। ત્યાં=પાંચ પ્રકારના વ્યવહારમાં, વ્યવહારકાર્યથી પ્રવિભક્ત=દાન અર્થાત્ શુદ્ધ આચારોનું દાન, આભવત્ અને પ્રાયશ્ચિત્તની કર્તવ્યતાના વિષયમાં વિભાગથી અવચ્છિન્ન વિશિષ્ટ જ્ઞાન=અન્ય અનુપજીવી પ્રામાણ્યવાળું આગમ, ઉપચારથી તન્મૂલવાળો શબ્દ પણ=વિશિષ્ટ જ્ઞાનના મૂળવાળો શબ્દ પણ આગમ છે. તે આગમ પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારનો જાણવો. ।।૫।।

ગાથા :-

पच्चक्खो वि अ दुविहो, इंदियणोइंदिएहिं णायव्वो ।
पढमो विसए बिइओ, ओहीमणकेवलेहिं तिहा ।।६।।

અન્વયાર્થ :-

पच्चक्खो वि अ=અને પ્રત્યક્ષ એવો પણ, इन्दियणोइन्दिएहिं=ઈન્દ્રિય, નોઈન્દ્રિયથી, दुविहो णायव्वो=બે પ્રકારનો જાણવો. पढमो=પ્રથમ ઈન્દ્રિયપ્રત્યક્ષ આગમ, विसए=વિષયમાં=રૂપાદિ વિષયમાં જાણવો, बिइओ=બીજો ओहीमणकेवलेहिं तिहा=અવધિ, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન વડે ત્રણ પ્રકારનો જાણવો. ।।૬।।

ગાથાર્થ :-

**અને પ્રત્યક્ષ પણ=પ્રત્યક્ષ એવો આગમ પણ, ઈન્દ્રિય, નોઈન્દ્રિયથી બે પ્રકારનો જાણવો. પ્રથમ ઈન્દ્રિયપ્રત્યક્ષ આગમ વિષયમાં=રૂપાદિ વિષયમાં જાણવો. બીજો અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન વડે ત્રણ પ્રકારનો જાણવો. ।।૬।।**

ટીકા :-

'पच्चक्खो वि अ'त्ति । प्रत्यक्षोऽपि चागमो द्विविध इन्द्रियनोइन्द्रियाभ्यां ज्ञातव्यः । 'प्रथमः' इन्द्रियप्रत्यक्षागमः 'विषये' रूपादौ ज्ञातव्यः, यदाह—'इंदियपच्चक्खो वि य, पंचसु विसएसु णेयव्वो ।' त्ति, इदं चागमनिक्षेपसामान्याभिप्रायेणोच्यते न तु प्रकृताभिप्रायेणेति द्रष्टव्यम् । 'द्वितीयः' नोइन्द्रियप्रत्यक्षागमोऽवधिमनःपर्यायकेवलज्ञानैस्त्रिविधः ।।६।।

**ટીકાર્થ :-**

**प्रत्यक्षोऽपि ..... केवलज्ञानैस्त्रिविधः ।। અને પ્રત્યક્ષ પણ આગમ ઈન્દ્રિય, નોઈન્દ્રિય દ્વારા બે પ્રકારનો જાણવો. પ્રથમ=ઈન્દ્રિયપ્રત્યક્ષ આગમ, વિષયમાં=રૂપાદિ વિષયમાં જાણવો. જેને=ઈન્દ્રિયપ્રત્યક્ષ આગમને, કહે છે. પાંચ વિષયોમાં=પાંચ ઈન્દ્રિયોના વિષયમાં, ઈન્દ્રિયપ્રત્યક્ષ પણ આગમ જાણવો.**

**त्ति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**અને આ=ઈન્દ્રિયપ્રત્યક્ષને આગમ કહ્યું એ, આગમનિક્ષેપના સામાન્ય અભિપ્રાયથી=આગમ એટલે જ્ઞાન એ પ્રકારના સામાન્ય અભિપ્રાયથી કહેવાય છે. વળી, પ્રકૃત અભિપ્રાયથી નહિ=પાંચ પ્રકારના વ્યવહારમાં જે પ્રકૃત આગમ વ્યવહાર છે, તેના અભિપ્રાયથી નહિ, એ પ્રમાણે જાણવું. બીજો=નોઈન્દ્રિય પ્રત્યક્ષ આગમ, અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન વડે ત્રણ પ્રકારનો છે. ।।૬।।**

**ભાવાર્થ :-**

ગાથા-૪માં કહેલ કે પાંચ પ્રકારના વ્યવહારો છે. તેમાંથી પ્રથમ આગમ નામનો વ્યવહાર શું છે ? તે સ્પષ્ટ કરે છે –

આત્મકલ્યાણ અર્થે સાધુને ઉચિત સંયમની ક્રિયાઓનું દાન, (૧) વસ્ત્ર-પાત્ર, વસતિ આદિ ધર્મનાં ઉપકરણો વિષયક આ કોના આભવત્ છે, કોના નથી, તે રૂપ આભવત્ (૨) અને સંયમમાં કોઈક રીતે સ્ખલના થયેલ હોય ત્યારે તેને ઉચિત પ્રાયશ્ચિત્ત દ્વારા શોધન કરવા અર્થે અપાતું પ્રાયશ્ચિત્ત, (૩) આ ત્રણ કર્તવ્યતાના વિષય વિભાગને બતાવનાર જે વિશિષ્ટ જ્ઞાન અર્થાત્ અન્ય પ્રામાણ્યને અનધીન એવું સ્વતંત્ર પ્રામાણ્યવાળું જ્ઞાન એ આગમ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જ્ઞાન યોગ્ય જીવોને ઉચિત ધર્માનુષ્ઠાન બતાવે છે, તેને અનુકૂળ ઉપકરણોની મર્યાદા આદિ બતાવે છે અને સંયમમાં કોઈક રીતે થયેલ અશુદ્ધિને ઉચિત પ્રાયશ્ચિત્તથી શોધન કરે છે તેવા યથાર્થ જ્ઞાનથી કલ્યાણના અર્થી સાધુ સંયમનો સમ્યક્ નિર્વાહ કરીને અવશ્ય કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરે છે એવું યથાર્થ જ્ઞાન તે આગમ છે અને તેવા જ્ઞાનનો બોધ કરાવનારા શાસ્ત્રવચનો રૂપ શબ્દ પણ ઉપચારથી આગમ છે. તેથી તે શાસ્ત્રવચનોનો યથાર્થ બોધ કરીને તે વચનાનુસાર યથાર્થ પ્રવૃત્તિ કરનારને અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય છે, તેવું શાસ્ત્રવચન તે આગમ છે અને તે આગમ= જ્ઞાનરૂપ આગમ, પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારનું છે.

પ્રત્યક્ષઆગમ ઇન્દ્રિયપ્રત્યક્ષ અને નોઇન્દ્રિયપ્રત્યક્ષના ભેદથી બે પ્રકારનું છે. ઇન્દ્રિયપ્રત્યક્ષ આગમ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં યથાર્થ બોધ સ્વરૂપ છે અને તે પ્રકારે યથાર્થ બોધ કરીને જેઓ ઉચિત પ્રવૃત્તિ નિવૃત્તિ કરે છે, જેના કારણે ઇન્દ્રિયોના વિકારોની હાની થાય છે, તેથી તે યથાર્થ જ્ઞાન કહેવાય છે અને આગમ શબ્દનો અર્થ યથાર્થ જ્ઞાન છે, તેથી આગમનિક્ષેપના સામાન્ય અભિપ્રાયથી ઇન્દ્રિયપ્રત્યક્ષને આગમ કહેલ છે. વસ્તુતઃ પાંચ પ્રકારના વ્યવહાર અંતર્ગત આગમ શબ્દથી તેનું ગ્રહણ નથી. પરંતુ પાંચ પ્રકારના વ્યવહાર અંતર્ગત જે આગમ છે, તે પ્રત્યક્ષ આગમ નોઇન્દ્રિયપ્રત્યક્ષ છે. જે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન

અને કેવલજ્ઞાનના ભેદથી ત્રણ ભેદવાળું છે; કેમ કે આ ત્રણ જ્ઞાનોથી આત્મકલ્યાણને અનુકૂળ દાન, આભવત્ અને પ્રાયશ્ચિત્તની કર્તવ્યતા વિષયક યથાર્થ જ્ઞાન થાય છે. તેથી અવધિજિન, મનઃપર્યવજિન અને કેવલીજિન દ્વારા જે પરલોક અર્થે ઉચિત પ્રવૃત્તિ થાય છે, તે પ્રત્યક્ષ આગમમૂલક હોવાથી સર્વાંશથી અભ્રાંત અને એકાંત કલ્યાણકારી હોય છે. ॥૫-૬॥

**અવતરણિકા :-**

**एतेषामवधिज्ञानादीनां त्रयाणां नोइन्द्रियप्रत्यक्षत्वाविशेषेऽपि व्यवहारदानेऽन्यापेक्षानपेक्षाभ्यां विभागमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ અવધિજ્ઞાનાદિ ત્રણેનું નોઇન્દ્રિય પ્રત્યક્ષત્વ અવિશેષ હોવા છતાં પણ, વ્યવહારના દાનમાં અન્યની અપેક્ષા અનપેક્ષા દ્વારા વિભાગને કહે છે અર્થાત્ આ ત્રણમાંથી શિષ્યોને ઉચિત વ્યવહારની પ્રવૃત્તિ કરાવવા અર્થે કયા જ્ઞાનને અન્યની અપેક્ષા છે અને કયા જ્ઞાનને અન્યની અપેક્ષા નથી, તેના વિભાગને કહે છે –**

**ગાથા :-**

**कयसुअनाणाविक्खा, ववहारं दिंति ओहिमणनाणी ।**
**केवलनाणेणं चिय, केवलनाणी तयं दिंति ।।७।।**

**અન્વયાર્થ :-**

**कयसुअनाणाविक्खा=કરેલા શ્રુતજ્ઞાનની અપેક્ષાવાળા, ओहिमणनाणी=અવધિ મનઃપર્યવજ્ઞાની, ववहारं दिंति=વ્યવહારને આપે છે. केवलनाणी केवलनाणेणं चिय=કેવલજ્ઞાની કેવળજ્ઞાનથી જ, तयं दिंति=તેને આપે છે=વ્યવહારને આપે છે. ॥૭॥**

**ગાથાર્થ :-**

**કરેલા શ્રુતજ્ઞાનની અપેક્ષાવાળા અવધિ-મનઃપર્યવજ્ઞાની વ્યવહારને આપે છે. કેવળજ્ઞાની કેવળજ્ઞાનથી જ તેને=વ્યવહારને આપે છે. ॥૭॥**

**ટીકા :-**

**'कय'त्ति । अवधिमनःपर्यायज्ञानिनौ प्रायश्चित्तनिमित्ते परिणामादिभेदे स्वतः प्रवर्त्तमानावपि विध्यंशे कृता श्रुतज्ञानस्यापेक्षा याभ्यां तौ तथा व्यवहारं ददतः, श्रुतस्यादेशेनारूपिविषयेऽपि प्रवृत्तेः श्रुतापेक्षाया भगवद्बहुमानरूपत्वाच्च । केवलज्ञानिनस्तु केवलज्ञानेनैव तद्व्यवहारं ददते तस्यासहायत्वात्, तदुक्तं व्यवहारे–**

'ओहीगुणपच्चइए जे वट्टंती सुअंगवी धीरा ।
ओहिविसयनाणत्थे, जाणसु ववहारसोहिकरे ।।१।।
उज्जुमई विउलमई, जे वट्टंती सुअंगवी धीरा ।
मणपज्जवनाणत्थे, जाणसु ववहारसोहिकरे ।।२।।
आदिगरा धम्माणं, चरित्तवरनाणदंसणसमग्गा ।
सव्वत्तगनाणेणं, ववहारं ववहरंति जिणा ।।३।।' ।।७।।

**ટીકાર્થ :-**

**अवधिमनः ..... ववहरंति जिणा ।। અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની પ્રાયશ્ચિત્તના નિમિત્તવાળા એવા પરિણામાદિના ભેદમાં સ્વતઃ પ્રવર્તમાન પણ વિધિ અંશમાં કરાયેલી શ્રુતજ્ઞાનની અપેક્ષા છે જે બંને વડે તે બંને તે પ્રકારના વ્યવહારને આપે છે=પાપની શુદ્ધિના ઉચિત ઉપાયને બતાવે છે; કેમ કે શ્રુતના આદેશથી=શ્રુતના વચનના અવલંબનથી, અરૂપી વિષયમાં પણ પ્રવૃત્તિ છે અને શ્રુતની અપેક્ષાનું ભગવાનમાં બહુમાનરૂપપણું છે. વળી, કેવળજ્ઞાની કેવળજ્ઞાન વડે જ તે વ્યવહારને આપે છે; કેમ કે તેનું=કેવળજ્ઞાનનું અસહાયપણું છે=પ્રાયશ્ચિત્તદાનમાં શ્રુતની સહાયતાનું રહિતપણું છે, તે=શ્લોકમાં કહ્યું તે, વ્યવહારભાષ્યમાં કહેવાયું છે.**

જેઓ શ્રુતધર ધીર પુરુષો અવધિગુણ પ્રત્યયમાં વર્તે છે, તેઓ અવધિવિષયજ્ઞાનના અર્થવાળા વ્યવહારની શુદ્ધિને કરનારા જાણવા=શુદ્ધ પ્રાયશ્ચિત્તનું દાન કરવા સમર્થ જાણવા. ।।૧।। શ્રુતધર ધીર પુરુષો કે જેઓ ઋજુમતિ કે વિપુલ મતિવાળા છે, તેઓ મનઃપર્યવજ્ઞાનના અર્થવાળા વ્યવહારની શુદ્ધિને કરનારા જાણવા. ।।૨।। ધર્મની આદિને કરનારા, શ્રેષ્ઠ ચારિત્રજ્ઞાનદર્શનથી=શ્રેષ્ઠ ચારિત્ર, કેવળજ્ઞાન અને કેવળદર્શનથી યુક્ત એવા જિનો સર્વજ્ઞપણાના જ્ઞાનથી વ્યવહારને કરે છે=પ્રાયશ્ચિત્તદાનાદિના વ્યવહારને કરે છે. ।।૩।। **।।૭।।**

**ભાવાર્થ :-**

જેઓ બહુશ્રુત છે, જેઓ માર્ગમાં ચાલવામાં ધીર છે, એવા અવધિજ્ઞાની અને મનઃપર્વયજ્ઞાની ઋષિઓ પ્રાયશ્ચિત્ત લેવા માટે તત્પર થયેલા જીવોના પરિણામાદિ ભેદને=જીવમાં વર્તતા મલિન આશય કે શુભ આશયરૂપ પરિણામના ભેદને અને સંવેગપૂર્વક પાપની શુદ્ધિના ભેદને, સ્વતઃ જાણતા હોય છે અર્થાત્ અવધિજ્ઞાનના અને મનઃપર્યવજ્ઞાનના બળથી જાણતા હોય છે તોપણ યોગ્ય જીવોને પ્રાયશ્ચિત્ત આપતી વખતે શ્રુતજ્ઞાનની મર્યાદા અનુસાર પ્રાયશ્ચિત્ત આપે છે; કેમ કે જીવનો પરિણામ અરૂપી છે. તેના વિષયમાં શ્રુતના બળથી પણ પ્રવૃત્તિ થાય છે અર્થાત્ અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનના બળથી તો પરિણામના ભેદનો નિર્ણય કરી શકે છે; કેમ કે અવધિજ્ઞાનના બળથી કે મનઃપર્યવજ્ઞાનના બળથી મનોવર્ગણાને જોઈને પ્રાયશ્ચિત્ત લેનારા જીવોના પરિણામનો નિર્ણય કરી શકે છે, પરંતુ શ્રુતના બળથી પણ તેઓ નિર્ણય કરી શકે છે.

વળી, શ્રુતનું અવલંબન લઈને પ્રાયશ્ચિત્ત આપવાથી શ્રુત પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય છે. જેનાથી ભગવાન પ્રત્યે જ બહુમાનની વૃદ્ધિ થાય છે. તેથી અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની પ્રાયશ્ચિત્ત વિષયક વ્યવહાર કરતી વખતે માત્ર અવધિજ્ઞાનના કે મનઃપર્યવજ્ઞાનના બળથી પ્રાયશ્ચિત્ત આપતા નથી, પરંતુ શ્રુતની અપેક્ષા રાખીને જ પ્રાયશ્ચિત્ત આપે છે.

વળી, કેવળજ્ઞાની કેવળજ્ઞાનથી જ પ્રાયશ્ચિત્ત આપે છે. શ્રુતની અપેક્ષા રાખતા નથી; કેમ કે શ્રુતજ્ઞાનની સહાયતાથી પ્રાયશ્ચિત્ત વિષયક નિર્ણય કરવાનું એમને કોઈ પ્રયોજન નથી.

આનાથી એ ફલિત થાય કે જેઓ બહુશ્રુત છે અને ભગવાનના વચનાનુસાર યોગમાર્ગની પ્રવૃત્તિ કરાવવામાં અત્યંત ધીર છે, તેઓ અવધિજ્ઞાનથી કે મનઃપર્યવજ્ઞાનથી નિર્ણય કર્યા પછી શ્રુતનું અવલંબન લઈને ઉચિત પ્રાયશ્ચિત્ત આપે છે. જેનાથી પ્રાયશ્ચિત્ત લેનારની અવશ્ય શુદ્ધિ થાય છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**उक्तः प्रत्यक्षागमः, अथ परोक्षागममाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રત્યક્ષ આગમ કહેવાયો. હવે પરોક્ષ આગમને કહે છે –**

**ગાથા :-**

**पच्चक्खागमसरिसो, होइ परोक्खागमो अ ववहारो ।**
**चउदसदसपुव्वीणं, नवपुव्वियगंधहत्थीणं ।।८।।**

**અન્વયાર્થ :-**

**चउदसदसपुव्वीणं नवपुव्वियगंधहत्थीणं=ચૌદપૂર્વી, દશપૂર્વી અને નવપૂર્વી એવા ગંધહસ્તિઓનો, परोक्खागमो ववहारो=પરોક્ષ આગમ વ્યવહાર, पच्चक्खागमसरिसो होइ=પ્રત્યક્ષ આગમ સરીખો હોય છે. ॥૮॥**

**ગાથાર્થ :-**

**ચૌદપૂર્વી, દશપૂર્વી અને નવપૂર્વી એવા ગંધહસ્તિઓનો પરોક્ષ આગમ વ્યવહાર પ્રત્યક્ષ આગમ સરીખો હોય છે. ॥૮॥**

**ટીકા :-**

**'पच्चक्खागम'त्ति । परोक्षागमश्च व्यवहारः प्रत्यक्षागमसदृशः, श्रुताद्यतिशयलक्षणेन केनचित्साधर्म्येण चन्द्रमुखीत्यादाविवात्र सादृश्यव्यवहारात् । केषाम् ? इत्याह—चतुर्दशपूर्विणां दशपूर्विणां नवपूर्विकाणां च गन्धहस्तिसमानाम् ।।८।।**

**ટીકાર્થ :-**

**परोक्षागमश्च ..... गन्धहस्तिसमानाम् ।। અને પરોક્ષ આગમવ્યવહાર, પ્રત્યક્ષ આગમસદ્દશ છે; કેમ કે શ્રુતાદિ અતિશય લક્ષણરૂપ કોઈક સાધર્મ્યથી ચંદ્રમુખી ઈત્યાદિની જેમ અહીં=પરોક્ષ આગમમાં સાદૃશ્યનો વ્યવહાર છે. કોનો પરોક્ષ આગમરૂપ વ્યવહાર પ્રત્યક્ષ આગમસદ્દશ છે ? એથી કહે છે – ચૌદપૂર્વી, દશપૂર્વી અને નવપૂર્વી એવા ગંધહસ્તિ સમાન મહાત્માઓનો પરોક્ષ આગમ વ્યવહાર પ્રત્યક્ષ આગમસદ્દશ છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

ગાથા-૭માં કહ્યું એ પ્રમાણે અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની શ્રુતને આશ્રયીને પ્રાયશ્ચિત્તદાનનો વ્યવહાર કરે છે તોપણ તેઓ પ્રાયશ્ચિત્ત લેવા માટે તત્પર થયેલા જીવના મનોવર્ગણાના દ્રવ્યને સાક્ષાત્ જોઈને શ્રુતના બળથી પ્રાયશ્ચિત્તનો વ્યવહાર કરે છે. તેથી પ્રત્યક્ષ વ્યવહારી છે. જ્યારે ચૌદપૂર્વીથી માંડીને નવપૂર્વ સુધીમાં મહાત્માઓને અવધિજ્ઞાન અથવા મનઃપર્યવજ્ઞાન ન હોય અને પ્રાયશ્ચિત્તનો વ્યવહાર કરે, તે પ્રત્યક્ષ આગમ વ્યવહાર નહિ હોવા છતાં પ્રત્યક્ષ આગમ સરીખો છે; કેમ કે જેમ પ્રત્યક્ષ જોનારા અવધિજ્ઞાની આદિ મહાત્માઓ સાક્ષાત્ અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન દ્વારા મનના ભાવોને જાણીને તે પ્રકારે પ્રાયશ્ચિત્ત આપે છે જેથી થયેલાં પાપોની અવશ્ય શુદ્ધિ થાય, તેમ ચૌદપૂર્વીથી માંડીને નવપૂર્વી સુધીના મહાત્માઓ શ્રુત અતિશયવાળા અને મતિ અતિશયવાળા હોય છે. તેથી તેઓ પણ શ્રુતના બળથી પ્રાયશ્ચિત્ત લેનારા જીવોના મનોગત ભાવોને અવશ્ય જાણી શકે છે. આથી જ પ્રાયશ્ચિત્ત લેનાર કોઈક ભાવને પ્રગટ ન કરે તોપણ પ્રત્યક્ષ આગમવાળા મહાત્માઓની જેમ શ્રુતાતિશયવાળા પરોક્ષ આગમવ્યવહારી સાધુઓ તેના ચિત્તના તે ગુપ્ત ભાવોનો નિર્ણય કરી શકે છે. તેથી ચંદ્રમુખીમાં જેમ ચંદ્ર જેવું મુખ એ રીતે સાધર્મ્ય છે, તેમ ચૌદપૂર્વીથી માંડીને નવપૂર્વી સુધીના મહાત્માઓમાં પ્રત્યક્ષને જોનારા કેવલી આદિની જેમ સામે વ્યક્તિના ભાવોને જાણવાની શક્તિ છે તે રૂપ પ્રત્યક્ષ આગમવ્યવહાર સાથે સાધર્મ્ય છે. તેથી તેવા મહાત્માઓ જે જીવો શલ્યરહિત પાપની શુદ્ધિ કરે તેવા છે તેવા જીવોને પ્રાયશ્ચિત્ત આપે છે અને પ્રાયશ્ચિત્ત લેનાર ક્ષોભાદિને કારણે કહેવા અસમર્થ હોય તો શ્રુત અતિશયથી તેને જાણીને તેના ક્ષોભાદિને ઉચિત ઉપદેશ દ્વારા નિવારણ કરે છે. જેથી થયેલા પાપની સુવિશુદ્ધ ભાવથી આલોચન કરીને તે મહાત્મા અવશ્ય શુદ્ધિને પ્રાપ્ત કરે.

વળી, ચૌદપૂર્વીથી માંડીને નવપૂર્વી સુધીના મહાત્માઓ ગંધહસ્તિ જેવા છે. જેમ ગંધહસ્તિથી અન્ય હસ્તિઓનો મદ ઝરી જાય છે, તેમ નવપૂર્વી સુધીના જ્ઞાનથી ન્યૂન જ્ઞાનવાળા મહાબુદ્ધિધન શ્રુતધરોનો પણ મદ ચૌદપૂર્વધરાદિને જોઈને દૂર થાય છે; કેમ કે ક્વચિત્ સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા હોય, ઘણો સૂક્ષ્મ બોધ હોય તો તેવા શ્રુતધરોને મદ થાય કે અમે શાસ્ત્રનાં રહસ્યોને જાણી શકીએ છીએ તોપણ તેઓ નવપૂર્વધરાદિ મહાત્માને સાક્ષાત્ જુએ ત્યારે થાય કે જે રીતે અતીન્દ્રિય પદાર્થો આ મહાત્માઓ જોઈ શકે છે, તે રીતે અમારી સૂક્ષ્મ પ્રજ્ઞા હોવા છતાં અમે જોઈ શકતા નથી. તેથી તેઓનો મદ દૂર થાય છે માટે ચૌદપૂર્વધરાદિને ગંધહસ્તિ સમાન કહેલ છે. **॥૮॥**

અવતરણિકા :-

उक्तमेव सादृश्यं विशेषेण प्रकटयन्नाह –

અવતરણિકાર્થ :-

ઉક્ત જ સાદૃશ્ય=ગાથા-૮માં કહેલ પ્રત્યક્ષ આગમસદૃશ પરોક્ષ આગમનો વ્યવહાર છે. એ રૂપ ઉક્ત જ સાદૃશ્ય, વિશેષથી પ્રગટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

ते जाणंति जह जिणा, दव्वं खित्तं च काल भावं च ।
वुड्ढिं वा हाणिं वा, रागद्दोसाण पच्छित्ते ।।९।।

અન્વયાર્થ :-

जह जिणा=જે પ્રમાણે જિનો, पच्छित्ते=પ્રાયશ્ચિત્તના વિષયમાં, रागद्दोसाण वुड्ढिं वा हाणिं वा=રાગ-દ્વેષની વૃદ્ધિને અથવા હાનિને, दव्वं च खित्तं काल भावं च=અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને, जाणंति=જાણે છે. ते=તે પ્રમાણે તેઓ જાણે છે=ચૌદપૂર્વધરાદિ જાણે છે. ।।૯।।

ગાથાર્થ :-

**જે પ્રમાણે જિનો પ્રાયશ્ચિત્તના વિષયમાં રાગ-દ્વેષની વૃદ્ધિને અથવા હાનિને અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જાણે છે તે પ્રમાણે તેઓ જાણે છે=ચૌદપૂર્વધરાદિ જાણે છે. ।।૯।।**

ટીકા :-

'ते'त्ति । 'ते' चतुर्दशपूर्व्यादयो यथा 'जिनाः' केवलिनस्तथा जानन्ति श्रुतशक्तिबलेन सर्वं द्रव्यं क्षेत्रं कालं भावं च । तथा प्रायश्चित्ते तुल्येऽप्यपराधे पञ्चकयोग्ये एकस्य पञ्चकं देयमन्यस्य मासेन मासाभ्यां मासैर्वा वृद्धम्, अन्यस्य च छेदो मूलमनवस्थाप्यं पाराञ्चितं वा । तथा तुल्येऽपि पाराञ्चितयोग्ये-ऽपराधे एकस्य पाराञ्चितकमपरस्यानवस्थाप्यं मूलं छेदो वा मासेन मासाभ्यां मासैर्वा हीनं तपो वा यावन्नमस्कारसहितमित्यादि । प्रायश्चित्तविषये निमित्तभूतां रागद्वेषयोर्वृद्धिं वा हानिं वा यथा जिना जानन्ति तथा श्रुतकेवल्यादयोऽपीति तेषां तत्सादृश्यम् ।।९।।

ટીકાર્થ :-

'ते' ..... तत्सादृश्यम् ।। જે પ્રમાણે જિનો=કેવળીઓ જાણે છે, તે પ્રમાણે તેઓ=ચૌદપૂર્વધરાદિ શ્રુતની શક્તિના બળથી સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળને અને સર્વ ભાવને જાણે છે અને પ્રાયશ્ચિત્તના વિષયમાં=તુલ્ય પણ અપરાધવાળા પંચક યોગ્ય પ્રાયશ્ચિત્તમાં એકને પંચક દેય છે, અન્યને માસથી વૃદ્ધિવાળું દેય છે અથવા બે માસથી વૃદ્ધિવાળું દેય છે અથવા ઘણા માસોથી

**વૃદ્ધિવાળું દેય છે અને અન્યને છેદ પ્રાયશ્ચિત્ત આપવા યોગ્ય છે અથવા મૂળ અથવા અનવસ્થાપ્ય અથવા પારાંચિત આપવા યોગ્ય છે અને તુલ્ય પણ પારાંચિત યોગ્ય અપરાધ હોતે છતે જિનો=કેવલી એકને પારાંચિત આપવા યોગ્ય છે, અન્યને અનવસ્થાપ્ય અથવા મૂળ અથવા છેદ અથવા માસથી હીન તપ આપવા યોગ્ય છે=છેદ પછી છ ગુરુ માસની પ્રાપ્તિ છે, તેમાંથી માસથી હીન તપ આપવા યોગ્ય છે અથવા બે માસથી હીન તપ આપવા યોગ્ય છે અથવા માસોથી હીન તપ આપવા યોગ્ય છે. યાવત્ નમસ્કાર સહિત=નવકારશી તપ આપવા યોગ્ય છે ઈત્યાદિ જાણે છે. પ્રાયશ્ચિત્તના વિષયમાં નિમિત્તભૂત રાગ-દ્વેષની હાનિ અથવા વૃદ્ધિને જે પ્રમાણે જિનો જાણે છે=કેવલી જાણે છે, તે પ્રમાણે શ્રુતકેવલી આદિ પણ જાણે છે=શ્રુતકેવલી, અવિધિજિન, મનઃપર્યવજિન પણ જાણે છે. તેથી તેઓનો=શ્રુતકેવલી આદિનો તત્સાદૃશ્ય છે=કેવલીની સાથે સાદૃશ્ય છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

જે જીવો જે ભાવોથી જે પાપ કરે છે, તે ભાવોને કેવલી કેવળજ્ઞાનથી સાક્ષાત્ જુએ છે અને ચૌદપૂર્વધરાદિ શ્રુતશક્તિના બળથી જોનારા છે.

વળી, પાપ કરતી વખતે કેવું દ્રવ્ય હતું, કેવું ક્ષેત્ર હતું, કેવો કાળ હતો અને કેવો ભાવ હતો, તેને આશ્રયીને પણ સેવાયેલા પાપમાં તરતમતા પડે છે, તે સર્વને કેવલી કેવળજ્ઞાનથી જાણે છે. તેથી કોઈ સાધુએ કોઈ પાપ કરેલું હોય અને તે પાપ સર્વ જઘન્ય પ્રાયશ્ચિત્ત યોગ્ય હોય તો તે પંચક યોગ્ય પ્રાયશ્ચિત્ત કહેવાય છે અર્થાત્ પાંચ કલ્યાણકનું પ્રાયશ્ચિત્ત અપાય છે. જેનું વર્ણન આગળમાં આવશે અને કોઈ બે મહાત્માએ સમાન અપરાધ કર્યો હોય તો શ્રુતમર્યાદા અનુસાર તે બન્નેમાં પંચક યોગ્ય પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ છતાં અતિશય જ્ઞાનના બળથી કેવલી નક્કી કરી શકે છે કે આ મહાત્મા પંચક પ્રાયશ્ચિત્ત કરશે તો તેનાથી સેવાયેલા પાપની શુદ્ધિ અવશ્ય થશે, તો વળી અન્યએ તત્સમાન જ અપરાધ કર્યો છે, છતાં આલોચનાકાળમાં મંદ સંવેગને કારણે આને પંચકને બદલે એક માસનું પ્રાયશ્ચિત્ત આપવામાં આવશે તો જ આ મહાત્માની શુદ્ધિ થશે. એ પ્રમાણે કેવલી નક્કી કરી શકે છે તેથી શુદ્ધિના અર્થી તે મહાત્માને તેના સંવેગના પરિણામ અનુસાર કેવલી એક માસનું પ્રાયશ્ચિત્ત આપે છે. જેનાથી તે મહાત્મા અવશ્ય શુદ્ધ થાય છે.

વળી, એવું પાપ કોઈ અન્ય મહાત્માને પ્રાપ્ત થયું હોય તો તેના સંવેગના પરિણામ અનુસાર બે માસનો તપ આપવાથી જ શુદ્ધિ થાય તેમ હોય તો કેવલી તેને બે માસનો તપ આપે છે.

વળી, અન્ય કોઈને ત્રણ માસ, ચાર માસ યાવત્ છ ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આપે છે. જેનાથી તે મહાત્માની શુદ્ધિ થાય છે.

વળી, કોઈ સાધુએ પંચક યોગ્ય જ કોઈ અપરાધ કર્યો હોય છતાં તપથી તેની શુદ્ધિ થાય તેમ ન હોય, ત્યારે કેવલી છેદ પ્રાશ્ચિત્ત આપે છે. તે છેદ પ્રાયશ્ચિત્ત પણ પાંચ પાંચ દિનની વૃદ્ધિથી માંડીને યાવત્ જેટલા છેદ પ્રાયશ્ચિત્તથી જેની શુદ્ધિ થાય તેમ છે, તેને તેટલું છેદ પ્રાયશ્ચિત્ત આપે છે.

વળી, છેદ પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય તેમ ન હોય અને મૂળથી શુદ્ધિ થાય તેમ હોય તો કેવલી તે અલ્પ

અપરાધનું પણ મૂળ પ્રાયશ્ચિત્ત આપે છે અને કોઈ સાધુએ સૌથી જઘન્ય અપરાધ કર્યો હોય છતાં પણ અત્યંત મંદ સંવેગ જણાય તો અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તથી કે પારાંચિત પ્રાયશ્ચિત્તથી તેની શુદ્ધિ થાય તેમ હોય તો તે મહાત્માને તેના સંવેગ અનુસાર અનવસ્થાપ્ય કે પારાંચિત પ્રાયશ્ચિત્ત પણ કેવલી આપે છે.

આનાથી એ ફલિત થાય કે પારાંચિતથી પણ જેની શુદ્ધિ થાય તેમ નથી, તેઓને અલ્પ અપરાધમાં કે મોટા અપરાધમાં કેવલી પ્રાયશ્ચિત્ત આપતા નથી; કેમ કે માત્ર તપની ક્રિયાથી કે છેદાદિ પ્રાયશ્ચિત્તથી પાપની શુદ્ધિ થતી નથી, પરંતુ પાપ કરતી વખતે જે પરિણામ થયો છે, એનાથી વિરુદ્ધ સંવેગનો પરિણામ બળવાન થાય તો તે સંવેગના પરિણામથી નિર્બળ એવું પાપ નાશ પામે છે. માટે બાહ્ય અપરાધને અનુરૂપ શ્રુત અનુસાર જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેટલું જ માત્ર પ્રાયશ્ચિત્ત કેવલી આપતા નથી પરંતુ પાપની શુદ્ધિ અર્થે જે મહાત્મા પોતાના પાપનું પ્રકાશન કરે છે, તે પ્રકાશનકાળમાં વર્તતા સંવેગના પ્રકર્ષ-અપકર્ષ અનુસાર અને ઉત્તરમાં તે તપાદિ દ્વારા તે જીવ કેવો સંવેગનો પ્રકર્ષ-અપકર્ષ કરી શકશે, તેને અનુસાર કેવલી પ્રાયશ્ચિત્ત આપે છે.

વળી, કોઈ બે મહાત્માને પારાંચિત યોગ્ય અપરાધની પ્રાપ્તિ થઈ હોય અને તે બંને મહાત્મા શુદ્ધિના અર્થી હોય અને જે મહાત્માને પારાંચિત પ્રાયશ્ચિત્તથી જ શુદ્ધિ થાય તેમ છે, તેઓને કેવલી પારાંચિત પ્રાયશ્ચિત્ત આપે છે. વળી અન્ય મહાત્માને સમાન અપરાધની પ્રાપ્તિ હોવા છતાં પ્રાયશ્ચિત્તના પ્રકાશનકાળમાં વર્તતા સંવેગના પરિણામને આશ્રયીને પાપની અલ્પતા કરતાં કરતાં યાવત્ સર્વ પાપોનો નાશ થયેલ હોય તો નવકારશીનું પ્રાયશ્ચિત્ત પણ કેવલી આપે છે; કેમ કે પાપ કરતી વખતે જે તીવ્ર ભાવ હતો તે આલોચનાથી કંઈક શિથિલ થાય છે છતાં પારાંચિત સુધીના પ્રાયશ્ચિત્તના સેવનથી વધતા સંવેગને કારણે તે પાપ નાશ પામે છે. તેથી તેવા જીવને કેવલી પારાંચિત પ્રાયશ્ચિત્ત આપે છે. જ્યારે અન્ય મહાત્મા આલોચનાકાળમાં જ સંવેગના પ્રકર્ષને કારણે કાંઈક શુદ્ધ થયેલા હોવાથી અલ્પ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય તેમ છે, તેઓને અનવસ્થાપ્ય આદિ ક્રમથી છેદમાં પણ અલ્પ અલ્પ કરતાં છેલ્લા પાંચ દિવસના છેદથી શુદ્ધ થાય તેમ છે, તેઓને પાંચ દિવસનું છેદ પ્રાયશ્ચિત્ત આપે છે. ત્યારપછી છેદ વગર, તપથી શુદ્ધ થાય તેવા મહાત્માને છ ગુરુમાસ તપ આપીને શુદ્ધ કરે છે અને તેમાં પણ અધિક સંવેગવાળાને માસ ન્યૂન, બે માસ ન્યૂન અથવા ત્રણાદિ માસન્યૂન તપ આપીને તે મહાત્માને તે પાપથી કેવલી શુદ્ધ કરે છે.

અને જેઓને આલોચનાકાળમાં પ્રકૃષ્ટ સંવેગ થયો છે, તેઓને શ્રુતમર્યાદા અનુસાર પારાંચિતની પ્રાપ્તિ હોવા છતાં કેવલી નવકારશી પ્રાયશ્ચિત્ત આપે છે. જેનાથી તે મહાત્મા શુદ્ધ બને છે.

વળી જેમ કેવલી કેવળજ્ઞાનથી પ્રાયશ્ચિત્તની તરતમતાનાં સર્વ સ્થાનો જાણી શકે છે, તેમ શ્રુતકેવલી એવા ચૌદપૂર્વથી માંડીને નવપૂર્વ સુધીના મહાત્માઓ પણ પ્રાયશ્ચિત્તની તરતમતાનાં સર્વ સ્થાનો જાણી શકે છે માટે તેઓ પરોક્ષ આગમ વ્યવહારી હોવા છતાં પણ પ્રત્યક્ષ આગમવ્યવહારી સરખો તેમનો વ્યવહાર છે. તેથી તેઓનો પરોક્ષ આગમ પણ=પરોક્ષ જ્ઞાન પણ, પ્રત્યક્ષ આગમ સરખું છે. **॥૯॥**

**અવતરણિકા :-**

ननु केवलिन एव तावत्कथं स्तोकेऽपराधे बहु प्रायश्चित्तं प्रयच्छन्ति भूयसि च स्तोकम् ? इति तत्राह —

**અવતરણિકાર્થ :-**

કેવલી જ કેવી રીતે થોડા અપરાધમાં બહુ પ્રાયશ્ચિત્ત આપે છે અને ઘણા અપરાધમાં થોડું પ્રાયશ્ચિત્ત આપે છે, એ પ્રકારની શંકા થાય ત્યાં=તે શંકામાં કહે છે —

**ગાથા :-**

**थोवं बहुं च दिंति उ, आगमिआ रयणवणिअदिट्ठंता ।**
**पारुक्खी जं जाणइ, दिट्ठंतो तत्थ धमएणं ।।१०।।**

**અન્વયાર્થ :-**

उ आगमिआ=વળી આગમિકો=આગમ વ્યવહારી, रयणवणिअदिट्‌ठंता રત્નવણિકના દૃષ્ટાંતથી, थोवं बहुं च दिंति=થોડું અને બહુ આપે છે=પ્રાયશ્ચિત્ત આપે છે. पारुक्खी जं जाणइ=પરોક્ષ જ્ઞાની જે જાણે છે=જે પ્રાયશ્ચિત્ત જાણે છે. तत्थ=ત્યાં=તે પ્રાયશ્ચિત્તદાનમાં, धमएणं दिट्‌ठन्तो=ધ્માયકથી દૃષ્ટાંત છે=શંખ વગાડનારથી દૃષ્ટાંત છે. ।।૧૦।।

**ગાથાર્થ :-**

**વળી આગમિકો=આગમ વ્યવહારી રત્નવણિકના દૃષ્ટાંતથી થોડું અને બહુ આપે છે=પ્રાયશ્ચિત્ત આપે છે. પરોક્ષ જ્ઞાની જે જાણે છે=જે પ્રાયશ્ચિત જાણે છે, ત્યાં=તે પ્રાયશ્ચિત્તના દાનમાં, ધ્માયકથી દૃષ્ટાંત છે=શંખ વગાડનારથી દૃષ્ટાંત છે. ।।૧૦।।**

**ટીકા :-**

'थोवं'ति । तुल्येऽप्यपराधे स्तोकं बहु च प्रायश्चित्तं ददति 'आगमिकाः' आगमव्यवहारिणो रत्नवणिग्दृष्टान्तात्, यथा रत्नवणिग्महतोऽपि काचमणेर्मूल्यं काकिनीमात्रं ददाति वज्ररत्नस्य त्वल्पस्यापि शतसहस्रं तथागमव्यवहारिणोऽपि रागद्वेषस्तोकतायां महत्यप्यपराधेऽल्पं प्रायश्चित्तं प्रयच्छन्ति तद्वृद्धौ च स्वल्पेऽपि बहु प्रयच्छन्तीति । परोक्षज्ञानी कथं परभावं जानाति ? इत्यत्र दृष्टान्तमाह— 'पारुक्खि'त्ति । 'परोक्षी' परोक्षज्ञानी यज्जानाति तत्र 'ध्मायकेन' शङ्खध्मायकेन दृष्टान्तः, यथा-नाडिकायां गलन्त्यामुद-कगलनपरिमाणतो जानात्येतावत्युदके गलिते यामो दिवसस्य रात्रेर्वा गत इति, ततोऽन्यस्य परिज्ञानाय शङ्खं ध्मायति । तत्र यथान्यो जनः शङ्खस्य शब्देन श्रुतेन

यामादिलक्षणं कालं जानाति तथा परोक्षागमज्ञानिनोऽपि श्रुत्वाऽऽलोचनामालोचकस्य यथावस्थितं भावं जानन्ति । ज्ञात्वा च तदनुसारेण प्रायश्चित्तं ददतीति ।।१०।।

**ટીકાર્થ :-**

तुल्येऽप्यपराधे ..... ददतीति ।। **તુલ્ય પણ અપરાધમાં થોડું અને બહુ પ્રાયશ્ચિત્ત આગમિકો=આગમ વ્યવહારીઓ, રત્નવણિકના દૃષ્ટાંતથી આપે છે. જે પ્રમાણે રત્નવણિક મોટા પણ કાચમણિનું મૂલ્ય કાકિણી માત્ર આપે છે. વળી અલ્પ પણ વજરત્નનું લાખ મૂલ્ય આપે છે, તે પ્રમાણે આગમ વ્યવહારીઓ પણ રાગ-દ્વેષના અલ્પપણામાં મોટો પણ અપરાધ હોતે છતે અલ્પ પ્રાયશ્ચિત્ત આપે છે અને તેની વૃદ્ધિમાં=રાગ-દ્વેષની વૃદ્ધિમાં, સ્વલ્પ હોતે છતે પણ=સ્વલ્પ અપરાધ હોતે છતે પણ, બહુ આપે છે=બહુ પ્રાયશ્ચિત્ત આપે છે.**

**પરોક્ષ જ્ઞાની કેવી રીતે પરના ભાવો જાણે છે ? એ પ્રકારની શંકામાં દૃષ્ટાંતને કહે છે.**

**પરોક્ષ જ્ઞાની જે=જે પરના ભાવ, જાણે છે, ત્યાં ધ્માયકથી=શંખ વગાડનારથી દૃષ્ટાંત છે. જે પ્રમાણે ગળતી એવી નાડિકામાં ઉદકના ગલનના પરિણામથી આટલું પાણી ગલન થયે છતે દિવસનો અથવા રાત્રિનો પ્રહર ગયો એ પ્રમાણે જાણે છે, ત્યારપછી અન્યના પરિજ્ઞાન માટે શંખ વગાડે છે. ત્યાં=શંખના ધ્વનિના શ્રવણમાં, જે પ્રમાણે અન્ય લોક શંખના સંભળાયેલા શબ્દથી યામાદિ લક્ષણ=પહોર આદિ લક્ષણ, કાળને જાણે છે, તે પ્રમાણે પરોક્ષ આગમજ્ઞાની પણ આલોચકની આલોચનાને સાંભળીને યથાવસ્થિત ભાવને જાણે છે અને જાણીને તેના અનુસારથી પ્રાયશ્ચિત્ત આપે છે. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે કેવલી અલ્પ અપરાધમાં ઘણું પ્રાયશ્ચિત્ત અને ઘણા અપરાધમાં અલ્પ પ્રાયશ્ચિત્ત કેમ આપે છે ? તેની સ્પષ્ટતા શ્લોકના પૂર્વાર્ધથી કરે છે. જેમ રત્નવણિક કાચમણિનું મૂલ્ય કાકિણીની માત્ર આપે છે અર્થાત્ કાચમણિ મોટો હોય તોપણ તેનું મૂલ્ય અલ્પ થાય છે, તેમ બાહ્ય આચરણાથી મોટું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય છતાં પશ્ચાત્તાપ આદિને કારણે પ્રાયશ્ચિત્ત લેનારના પાપની અલ્પતા થયેલી હોય અને આલોચનાકાળમાં પાપની અલ્પતા થયેલી હોય, તે અલ્પતા કેવલી સાક્ષાત્ કેવળજ્ઞાનથી જાણે છે. તેથી અલ્પ રાગદ્વેષના પરિણામને અનુરૂપ અલ્પ પ્રાયશ્ચિત્ત કેવલી આપે છે; કેમ કે તેટલા અલ્પ પ્રાયશ્ચિત્તથી થતો સંવેગનો પરિણામ તે પાપને નાશ કરવા સમર્થ બને છે.

વળી, રત્નવણિક અલ્પ પણ વજરત્નનું ઘણું મૂલ્ય આપે છે. તેમ અલ્પ પણ અપરાધમાં થયેલા રાગદ્વેષના પરિણામ તીવ્ર થયા હોય અને પશ્ચાત્તાપ આદિથી તે અલ્પ ન થયેલ હોય અથવા અલ્પ માત્રામાં જ અલ્પ થયેલા હોય, તેની શુદ્ધિ અર્થે મોટું પ્રાયશ્ચિત્ત આપે છે. જેથી મોટા પ્રાયશ્ચિત્તના સેવનકાળમાં થયેલા પ્રચુર સંવેગના પરિણામને કારણે પાપસેવનમાં થયેલ પ્રચુર રાગ-દ્વેષની પરિણતિ નાશ પામે છે.

અહીં પ્રશ્ન થાય કે આગમ વ્યવહારી એવા કેવલી કેવળજ્ઞાનથી પ્રાયશ્ચિત્ત આપે છે. તેથી બાહ્ય અલ્પ અપરાધમાં અપરાધને અનુરૂપ અલ્પ પણ પ્રાયશ્ચિત્ત આપે અને ઘણું પણ પ્રાયશ્ચિત્ત આપે અને ઘણા અપરાધમાં અલ્પ પ્રાયશ્ચિત્ત આપે અને ઘણું પણ પ્રાયશ્ચિત્ત આપે તોપણ તેઓના રાગદ્વેષના પરિણામને અનુરૂપ ઉચિત પ્રાયશ્ચિત્ત હોવાથી તે પાપની શુદ્ધિ થાય છે. પરંતુ પરોક્ષ જ્ઞાની તો પાપ કરનારના ભાવોને જાણી શકતા નથી, તેથી તેઓ પ્રાયશ્ચિત્ત લેનારની શુદ્ધિ થાય, તેને અનુરૂપ પ્રાયશ્ચિત્ત કઈ રીતે આપી શકે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે.

શંખ વગાડનારના શંખના ધ્વનિના દૃષ્ટાંતથી પરોક્ષ જ્ઞાની પ્રાયશ્ચિત્ત લેનારના ભાવોને જાણે છે. જેમ દિવસ, રાત્રિના પહોરને જાણવા માટે ઘટિકા યંત્રથી જાણીને શંખ વગાડવામાં આવે છે, તે શંખના ધ્વનિથી એક પહોર થયો, બે પહોર થયા ઇત્યાદિ જ્ઞાન સાંભળનારા લોકોને થાય છે. તેમ પ્રાયશ્ચિત્ત લેનાર આલોચક ગીતાર્થ સાધુ પાસે આલોચના કરે તે વખતે આલોચક પ્રામાણિક હોય તો અવશ્ય પોતાના જે ભાવોથી અને જે નિમિત્તોથી પોતે પાપ કર્યું છે, તે પાપને યથાવત્ પ્રકાશન કરે છે અને તે પ્રકાશનકાળમાં વર્તતો આલોચકનો ભાવ અને પાપકાળમાં વર્તતો ભાવ સાંભળીને ગીતાર્થ સાધુને તે આલોચકના ભાવનું યથાસ્થિત જ્ઞાન થાય છે. તેથી તે ગીતાર્થ સાધુ પાપકાળમાં વર્તતા આલોચકનાં ભાવનો નિર્ણય કરે છે. પાપ કર્યા પછી તેને તે પાપ પ્રત્યે કેવી જુગુપ્સા છે, તેનો પણ નિર્ણય તેના આલોચકના વચનોના બળથી કરે છે. તેમાં વર્તતી ક્રોધની તીવ્રતા, મંદતા, પ્રજ્ઞાપનીયતા, અપ્રજ્ઞાપનીયતા ભાવોનો નિર્ણય ક્રોધકાળમાં બોલાયેલા શબ્દોના શ્રવણથી ગીતાર્થને થઈ શકે છે. તેથી પાપસેવનકાળમાં થયેલા પરિણામોનું આલોચક દ્વારા પાપના નિવેદનકાળમાં જે યથાર્થ પ્રકાશન છે અને પાપની શુદ્ધિ અર્થે ઉત્કટ ઇચ્છાજન્ય જે શોધનનો પરિણામ છે, તેને અનુરૂપ આલોચકની રાગ-દ્વેષની પરિણતિને જાણીને તેને અનુરૂપ પ્રાયશ્ચિત્ત પરોક્ષજ્ઞાની આપે છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**कथं तद्ददति ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેવી રીતે તેને=પ્રાયશ્ચિત્તને આપે છે ?=કેવલી આપે છે. તેથી કહે છે –**

**ભાવાર્થ :-**

કેવલી કેવલજ્ઞાનથી રાગ-દ્વેષની પરિણતિરૂપ ભાવનો નિર્ણય કરીને તેના રાગ-દ્વેષની પરિણતિને અનુરૂપ અલ્પ બહુ પ્રાયશ્ચિત્ત આપે છે, એમ પૂર્વમાં કહ્યું. તેથી કોઈને પ્રશ્ન થાય કે કોઈ કેવલી પાસે જઈને કહે કે મારા પાપો તમે જાણો છો. તેને અનુરૂપ તમે પ્રાયશ્ચિત્ત આપો. તો કેવલી કઈ રીતે પ્રાયશ્ચિત્ત આપે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ગાથા :-

पच्छित्तं दिंति इमे, आगमआलोअणाण तुल्लत्ते ।
साहिंति पुणो दोसे, मायासहिए ण साहिंति ।।११।।

અન્વયાર્થ :-

इमे=આ=આગમવ્યવહારી એવા કેવલી આદિ, आगमआलोअणाण तुल्लत्ते=આગમ અને આલોચનાના તુલ્યપણામાં=પોતાનું જ્ઞાન અને આલોચકની આલોચનાના તુલ્યપણામાં, पच्छित्तं दिंति=પ્રાયશ્ચિત્ત આપે છે. पुणो दोसे साहिंति=વળી દોષોને કહે છે=વિસ્મૃત થયેલા આલોચકના દોષોને સ્મરણ કરાવે છે. मायासहिए ण साहिंति=માયાસહિત આલોચક હોતે છતે કહેતા નથી=પ્રાયશ્ચિત્ત આપતા નથી. ।।૧૧।।

ગાથાર્થ :-

આ=આગમવ્યવહારી એવા કેવલી આદિ આગમ અને આલોચનાના તુલ્યપણામાં=પોતાનું જ્ઞાન અને આલોચકની આલોચનાના તુલ્યપણામાં, પ્રાયશ્ચિત્ત આપે છે. વળી દોષોને કહે છે= વિસ્મૃત થયેલા આલોચકના દોષોને સ્મરણ કરાવે છે. માયાસહિત આલોચક હોતે છતે કહેતા નથી=પ્રાયશ્ચિત્ત આપતા નથી. ।।૧૧।।

ટીકા :-

'पच्छित्तं' ति । प्रायश्चित्तं ददति 'इमे' आगमव्यवहारिण आगमालोचनयोस्तुल्यत्वे, तथाहि— यद्यप्येते आलोचकस्यापराधं स्वयं जानन्ति तथाप्येतेषां पुरत आलोचना तीर्थकरैर्ग्राह्यतयोक्ता । यत आलोचयन्नालोचक एतैः प्रोत्साह्यते 'वत्स ! धन्यस्त्वं यदेवं मानं निहत्यात्महितार्थतया स्वरहस्यानि प्रकटयसि महादुष्करमेतद्' इति, एवं च प्रवर्द्धमानपरिणामः स आराधको भवतीति । तथा चालोचनाद्रव्यक्षेत्रादिक्रमेण प्रदत्तागमेन च सर्वं सम्यग् निर्णीतमित्येवमुभयोस्तुल्यत्वमिति 'साहेंति' कथयन्ति पुनर्दोषान् योऽकुटिलभावेनालोचयन् सद्भावतो न संस्मरतीति । मायासहिते तु न कथयन्ति किन्तु वदन्त्यन्यतो गत्वा शोधिं कुर्विती ।।११।।

ટીકાર્થ :-

प्रायश्चित्तं ..... कुर्विती ।। આ=આગમવ્યવહારી, આગમ અને આલોચનાનું તુલ્યપણું હોતે છતે પ્રાયશ્ચિત્ત આપે છે, તે આ પ્રમાણે – જો કે આ=આગમવ્યવહારી=અત્યાર સુધી બતાવ્યા એ કેવલીથી માંડીને નવપૂર્વ સુધીના બધા આગમવ્યવહારી, આલોચકના અપરાધને સ્વયં જાણે છે તોપણ તીર્થંકરો વડે આમની આગળ=આગમવ્યવહારીની આગળ, આલોચના ગ્રાહ્યપણાથી કહેવાઈ છે, જે કારણથી આલોચના કરતો એવો આલોચક આમના દ્વારા=આગમવ્યવહારી દ્વારા, પ્રોત્સાહિત કરાય છે.

**કઈ રીતે પ્રોત્સાહિત કરાય છે ? તે સ્પષ્ટ કરે છે.**

**હે વત્સ ! તું ધન્ય છો. જે કારણથી તું આ રીતે=સમ્યગ્ આલોચના કરે છે એ રીતે, માનને હણીને આત્માના હિતાર્થપણાથી સ્વરહસ્યોને પ્રગટ કરે છે. એ=સ્વરહસ્યોને ગુણવાન પાસે પ્રગટ કરવા એ, મહાદુષ્કર છે.**

**इति શબ્દ આગમવ્યવહારીના પ્રોત્સાહનની સમાપ્તિ માટે છે.**

**અને આ રીતે=આગમવ્યવહારી દ્વારા આલોચક પ્રોત્સાહિત થયો એ રીતે, પ્રવર્ધમાન પરિણામવાળો એવો તે=થયેલાં પાપોની શુદ્ધિ થાય તે પ્રકારના વધતા જતા નિર્મળ પરિણામવાળો એવો તે આલોચક, આરાધક થાય છે અને તે રીતે=આગમવ્યવહારી દ્વારા પ્રોત્સાહિત થયેલો આલોચક સમ્યગ્ આલોચના કરે છે તે રીતે, આલોચનાના દ્રવ્ય ક્ષેત્રાદિના ક્રમથી અને પ્રદત્ત આગમથી=આગમના ઉપયોગથી, સર્વ સમ્યક્ નિર્ણય કરાયો=આગમવ્યવહારી દ્વારા સર્વ સમ્યક્ નિર્ણય કરાયો=પોતાનું જ્ઞાન અને પોતાના જ્ઞાનને અનુરૂપ સમ્યક્ આલોચના છે, એ પ્રકારે સમ્યક્ નિર્ણય કરાયો, એ રીતે ઉભયનું તુલ્યપણું છે. વળી, અકુટિલભાવથી આલોચના કરતો જે આલોચક સદ્ભાવથી દોષોને સ્મરણ કરતો નથી. એથી કહે છે=આગમવ્યવહારી તેને સ્મરણ કરાવવા અર્થે કહે છે.**

**વળી માયા સહિત આલોચક હોતે છતે કહેતા નથી=પ્રાયશ્ચિત્ત આપતા નથી. પરંતુ કહે છે કે અન્ય પાસે જઈને શુદ્ધિને કર.**

**इति શબ્દ આગમવ્યવહારી કેવી રીતે પ્રાયશ્ચિત્ત આપે છે તે કથનની સમાપ્તિ માટે છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી આગમવ્યવહારી કોણ કોણ છે ? તે બતાવ્યું. તેમાંથી કેવલી, અવધિજિન, મનઃપર્યવ જિન પ્રત્યક્ષઆગમવ્યવહારી છે અને ચૌદપૂર્વીથી માંડીને નવપૂર્વ સુધીના આગમવ્યવહારી પ્રત્યક્ષઆગમવ્યવહારી સરખા પરોક્ષઆગમવ્યવહારી છે. તેઓ પોતાના જ્ઞાનરૂપ આગમના બળથી આલોચકના અપરાધને જાણી શકે છે. તેથી કોઈ આલોચક આવીને કહે કે તમે જ્ઞાનના બળથી મારા સર્વ અપરાધો જાણો છો માટે મારાં પાપોની આલોચના આપો તોપણ તેઓ આલોચક દ્વારા તેના અપરાધોની સમ્યક્ આલોચના કરાવવા અર્થે તેને પ્રોત્સાહિત કરીને આલોચના કરવા પ્રેરણા કરે છે અને તેઓ જાણે છે કે આ આલોચક માયા વગર હૈયાથી પાપની શુદ્ધિ કરવા અર્થે તત્પર થયેલ છે છતાં ગુપ્ત પાપ પ્રકાશન કરવામાં ક્ષોભ પામે છે, ત્યારે તેના ક્ષોભના નિવર્તન અર્થે ઉચિત પ્રેરણા કરીને તેને પ્રોત્સાહિત કરે છે.

જેમ કોઈ આલોચક શુદ્ધિના અત્યંત અર્થી હોય છતાં સંવેગનો પરિણામ પ્રકર્ષવાળો થયો ન હોય તો તેને બોધ કરાવે છે કે જે ભાવોથી પાપ થયું છે, તે ભાવોથી વિરુદ્ધ બળવાન સંવેગ થાય તો જ તે પાપ નાશ પામે છે અને થયેલાં પાપો કઈ રીતે જીવને સંસારમાં વિડંબના કરે છે અને નહિ શોધન કરાયેલાં પાપોને કારણે ભૂતકાળમાં કયા કયા જીવો કઈ કઈ રીતે કદર્થના પામ્યા છે, તે સર્વ આલોચકના પરિણામને પ્રકર્ષ કરવામાં જે જે રીતે ઉપયોગી જણાય તે તે રીતે કહીને સર્વ પ્રકારની ઉચિત પ્રેરણા કરે છે; કેમ કે

મહાત્માઓ અત્યંત દયાળુ હોય છે. તેથી કોઈના હિતની લેશ પણ ઉપેક્ષા કરે નહિ અને તે આલોચના કરનાર પુરુષ પોતે જે જે પાપો કર્યાં છે, તે સર્વ પાપો કયા દ્રવ્યમાં, કેવા ક્ષેત્રમાં, કયા કાળમાં અને કયા ભાવથી કર્યાં છે, તે ક્રમથી સમ્યક્ પ્રકાશન કરે છે અને આલોચના આપનાર મહાત્મા પોતાના આગમના ઉપયોગથી=જ્ઞાનના ઉપયોગથી, તેની આલોચના અને પોતાનું જ્ઞાન તુલ્ય છે, તેનો નિર્ણય કરીને પ્રાયશ્ચિત્ત આપે છે અને કોઈ આલોચક અકુટિલભાવથી આલોચના કરતો હોય છતાં કોઈક પાપ તેને સ્મરણમાં ન હોય તો આગમવ્યવહારી તેનું તેને સ્મરણ કરાવે છે. જેથી તેનું સ્મરણ કરીને આલોચકને તીવ્ર સંવેગ થાય. આ રીતે પોતાના જ્ઞાનને અનુરૂપ આલોચકનું સર્વ પ્રકાશન છે, તેવો નિર્ણય થયા પછી તેઓ પ્રાયશ્ચિત્ત આપે છે. જેથી તેના પરિણામને અનુરૂપ ઉચિત પ્રાયશ્ચિત્ત આપીને અવશ્ય તેનું શોધન કરે છે અને આગમવ્યવહારી પ્રાયશ્ચિત્ત લેવા આવનાર માયાવાળો છે અર્થાત્ કાંઈક પાપ પ્રકાશન કરીને શુદ્ધિ કરવાનો અર્થી છે તોપણ કોઈક ગૂઢ પાપ છુપાવવા અર્થે અન્ય પ્રકારે કહેવાના પરિણામવાળો છે, તેવા આલોચકને જાણીને પોતે પ્રાયશ્ચિત્ત આપતા નથી, પરંતુ કહે છે કે અન્ય પાસે જઈને શુદ્ધિ કર; કેમ કે તેના પાપને પોતે જાણે છે, છતાં તે પાપની શુદ્ધિ કરવા તત્પર નથી અને આગમવ્યવહારી પ્રાયશ્ચિત્ત આપે તો તેનું તે પાપ શુદ્ધ થાય નહિ. વળી, આગમવ્યવહારી પાસે પાપને ગુપ્ત રાખવાના યત્નથી જે પરિણામની મલિનતા થાય, તેથી તેનું જે અધિક અહિત થાય તેના નિવારણ અર્થે આગમવ્યવહારી પ્રાયશ્ચિત્ત આપતા નથી અને જો તે અન્ય પાસે શુદ્ધિ કરવા યત્ન કરે તેનાથી તે શુદ્ધિના અર્થી જીવોની તેને અનુરૂપ કંઈક હિતની સંભાવનાથી પ્રાયઃ તું અન્ય પાસે જઈને શુદ્ધિ કર, એમ આગમવ્યવહારી કહેતા હશે, તેવું ભાસે છે અન્યથા તેવું પણ કહે નહિ; કેમ કે અનુચિત પ્રવૃત્તિ કરવાનું મહાપુરુષો ક્યારેય કહે નહિ. તત્ત્વ બહુશ્રુતો જાણે.

અહીં વિશેષ એ છે કે વર્તમાનના ભવમાં થયેલાં પાપોને સરળ ભાવથી કહીને તેની શુદ્ધિ પ્રાયશ્ચિત્ત કરે છે, તોપણ પરમાર્થથી સમ્યક્ રીતે સેવાયેલાં સર્વ ધર્માનુષ્ઠાનો અનંતકાળના પાપોનું શોધન કરનાર જ છે. આથી પ્રવ્રજ્યા પણ સર્વ પાપોના પ્રાયશ્ચિત્તરૂપ છે. તેથી જેમ જેમ પ્રવ્રજ્યાનો પરિણામ પ્રકર્ષવાળો થાય છે, તેમ તેમ અનાદિના સંગના ભાવથી કરાયેલાં સર્વ પાપોનો નાશ થાય છે અને જેને પ્રવ્રજ્યાનો પ્રકર્ષનો પરિણામ થાય છે, તે મહાત્મા ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કરીને સર્વ પાપોનો નાશ કરે છે. તેથી આગમવ્યવહારી વર્તમાન ભવમાં થયેલાં પાપોનું શોધન કરાવે છે, તેમ શુદ્ધ સાધ્વાચારની પ્રજ્ઞાપના કરતા અને યોગ્ય જીવને શુદ્ધ સાધ્વાચારમાં સમ્યક્ પ્રવર્તાવતા આગમવ્યવહારી તે જીવના અંતકાળનાં પણ સંચિત પાપોને તેની શક્તિને અનુરૂપ ક્ષીણ કરાવવામાં પ્રબળ કારણ બને છે. તેથી પ્રવ્રજ્યાદાનનો વ્યવહાર, પ્રવ્રજ્યાપાલનનો વ્યવહાર પણ આગમવ્યવહારી આગમના બળથી કરે છે અને જીવની યોગ્યતા અનુસાર તેના પાપનું શોધન કરે છે. તે સર્વનું પણ અર્થથી ગ્રહણ છે; કેમ કે ગાથા-૧માં જ ગ્રંથકારશ્રીએ કહેલ કે શુદ્ધ સાધ્વાચારરૂપ વ્યવહારને જાણતા, પ્રજ્ઞાપન કરતા અને સ્પર્શતા ગુરુ જ ગુરુ તરીકે આશ્રયણીય છે. તેથી પ્રવ્રજ્યાદાનનો વ્યવહાર પણ યોગ્ય જીવના પાપોના શોધનને અનુકૂળ પ્રાયશ્ચિત્તરૂપ જ છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

उक्त आगमव्यवहारः, अथ श्रुतव्यवहारमाह –

**અવતરણિકાર્થ :-**

આગમવ્યવહાર કહેવાયો. હવે શ્રુતવ્યવહારને કહે છે –

**ગાથા :-**

**चउदसपुव्वधरेणं, णिज्जूढं भद्दबाहुणा सुत्तं ।**
**ववहारो सुअणामा, दुवालसंगस्स णवणीयं ।।१२।।**

**અન્વયાર્થ :-**

चउदसपुव्वधरेणं भद्दबाहुणा=ચૌદ પૂર્વધર એવા ભદ્રબાહુસ્વામી વડે, णिज्जूढं=નિર્યૂઢ=પૂર્વમાંથી ઉદ્ધૃત, दुवालसंगस्स णवणीयं=દ્વાદશાંગીના સારભૂત, सुत्तं=એવું સૂત્ર, सुअणामा ववहारो=શ્રુત નામનો વ્યવહાર છે. ।।૧૨।।

**ગાથાર્થ :-**

**ચૌદ પૂર્વધર એવા ભદ્રબાહુસ્વામી વડે નિર્યૂઢ=પૂર્વમાંથી ઉદ્ધૃત, દ્વાદશાંગીના સારભૂત એવું સૂત્ર શ્રુત નામનો વ્યવહાર છે. ।।૧૨।।**

**ટીકા :-**

**'चउदस'त्ति । चतुर्दशपूर्वधरेण भद्रबाहुना यत्सूत्रं निर्यूढं द्वादशाङ्गस्य 'नवनीतं' सारभूतं व्यवहारपञ्चकमयं स श्रुतनामा व्यवहार इति ।।१२।।**

**ટીકાર્થ :-**

चतुर्दश ..... व्यवहार इति ।। **ચૌદ પૂર્વધર એવા ભદ્રબાહુસ્વામી વડે જે સૂત્ર નિર્યૂઢ છે=પૂર્વમાંથી ઉદ્ધૃત છે, દ્વાદશાંગીના નવનીત=સારભૂત છે. વ્યવહાર પંચકમય છે, તે શ્રુત નામનો વ્યવહાર છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

આગમવ્યવહાર પૂર્વધરોથી ચાલતો હતો. ભાવિ જીવોના હિત અર્થે ચૌદ પૂર્વધર એવા આગમવ્યવહારીઓએ પૂર્વમાંથી દ્વાદશાંગીના સારભૂત એવું જે સૂત્ર ઉદ્ધૃત કર્યું, જેની અંદર પાંચ પ્રકારના વ્યવહારનો તલસ્પર્શી બોધ હશે, જેના બળથી આગમવ્યવહારના અભાવમાં સુવિહિત સાધુ સંયમજીવનની સર્વ ઉચિત આચરણા કરી શકે અને ઉચિત પ્રાયશ્ચિત્તના દાન દ્વારા યોગ્ય જીવના ચારિત્રની શુદ્ધિ કરી શકે, એવું ભદ્રબાહુસ્વામી દ્વારા રચાયેલું સૂત્ર તે શ્રુત નામનો વ્યવહાર છે. પ્રાયઃ આગમવ્યવહારીના વિચ્છેદકાળમાં શ્રુત નામના વ્યવહારથી સાધુના અતિચારાદિનું શોધન કરાતું હશે, તેવો અર્થ જણાય છે.

શ્રુતવ્યવહાર વિષયક વિશેષ કાંઈ ઉપલબ્ધ નથી. તેથી ગ્રંથકારશ્રીએ પણ અધિક કાંઈ કથન કર્યું નથી, તેમ જણાય છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

उक्तः श्रुतव्यवहारः । अथ धारणा(आज्ञा)व्यवहारमाह –

**અવતરણિકાર્થ :-**

**શ્રુતવ્યવહાર કહેવાયો. હવે આજ્ઞાવ્યવહારને કહે છે=પાંચ વ્યવહારમાં ક્રમ પ્રાપ્ત આજ્ઞાવ્યવહારને કહે છે –**

**ગાથા :-**

**सल्लुद्धरणाभिमुहो, अबलो अपरक्कमस्स गीअस्स ।**
**मइधारणासु निउणं, सीसं पेसेइ पासम्मि ।।१३।।**

**અન્વયાર્થ :-**

**सल्लुद्धरणाभिमुहो=શલ્ય ઉદ્ધરણને અભિમુખ, अबलो=અબલ=ક્ષીણ જંઘાબલને કારણે ગીતાર્થ પાસે જવા અસમર્થ એવા સાધુ, मइधारणासु निउणं सीसं=મતિ અને ધારણામાં નિપુણ એવા શિષ્યને, अपरक्कमस्स गीअस्स पासम्मि=અપરાક્રમવાળા એવા ગીતાર્થની પાસે, पेसेइ=મોકલે છે. ।।૧૩।।**

**ગાથાર્થ :-**

**શલ્ય ઉદ્ધરણને અભિમુખ અબલ=ક્ષીણ જંઘાબલને કારણે ગીતાર્થ પાસે જવા અસમર્થ, એવા સાધુ, મતિ અને ધારણામાં નિપુણ એવા શિષ્યને અપરાક્રમવાળા એવા ગીતાર્થની પાસે મોકલે છે (એ આજ્ઞાવ્યવહાર છે). ।।૧૩।।**

**ટીકા :-**

**'सल्लुद्धरण' त्ति । कश्चिदुत्तमार्थे व्यवसितो यत्किमपि शल्यमनुद्धृतं तस्योद्धरणाभिमुखो जातः आचार्याश्च षट्त्रिंशद्गुणसमन्विता दूरदेशस्थाः स चाबलः क्षीणजङ्घाबलतया तत्पार्श्वे गन्तुमसमर्थः गीतार्थोऽपि प्रायश्चित्तदाताऽपराक्रमो देशान्तरादागन्तुमसमर्थस्ततः स चिन्तयति-अहमपराक्रमो जातः, कारणं च मेऽष्टादशान्यतरविराधनारूपं गीतार्थपार्श्वगमननिमित्तमुत्पन्नमित्याज्ञामिच्छामीति ततो मतिधारणयोर्निपुणं शिष्यं गीतार्थस्य पार्श्वे प्रेषयति ।।१३।।**

**ટીકાર્થ :-**

**कश्चिदुत्तमार्थे ..... प्रेषयति ।। કોઈક સાધુ ઉત્તમાર્થમાં વ્યવસાયવાળા હોય=અનશન કરવા માટે**

તત્પર થયેલા હોય, જે કાંઈ પણ અનુદ્ધૃત શલ્ય છે=સંયમજીવનમાં નહિ શોધન કરાયેલો જે કાંઈ પણ અતિચાર છે, તેના ઉદ્ધરણને અભિમુખ થયેલા છે અને છત્રીશ ગુણોથી યુક્ત એવા આચાર્ય દૂરદેશસ્થ છે (જેઓ તેના અતિચારનું શોધન કરાવી શકે તેમ છે) અને તે=અનશન કરવા તત્પર થયેલા મહાત્મા અબલ છે=ક્ષીણ જંઘાબલપણું હોવાને કારણે તે આચાર્યની પાસે જવા માટે અસમર્થ છે. ગીતાર્થ પણ=પ્રાયશ્ચિત્ત દાન કરનાર ગીતાર્થ પણ, અપરાક્રમવાળા છે=દેશાંતરથી આવવા માટે અસમર્થ છે. તેથી તે=અનશન કરનાર મહાત્મા ચિંતવન કરે છે – "હું અપરાક્રમવાળો થયો છું, મને અઢારમાંથી અન્યતર વિરાધનારૂપ ગીતાર્થ પાસે ગમનનિમિત્ત કારણ ઉત્પન્ન થયું છે. એથી આજ્ઞાને હું ઈચ્છું છું=ગીતાર્થની આજ્ઞા દ્વારા પાપની શુદ્ધિને હું ઈચ્છું છું." એથી ત્યારપછી મતિ અને ધારણામાં નિપુણ એવા શિષ્યને ગીતાર્થ પાસે મોકલે છે. ॥૧૩॥

**ગાથા :-**

सो गीओ तं सीसं, आणापरिणामगं परिच्छिज्जा ।
पेसेइ बुहं णाउं, उवट्ठियालोअणं सोउं ।।१४।।

**અન્વયાર્થ :-**

सो गीओ=તે ગીતાર્થ=પોતાના પાપની શુદ્ધિ કરવાના અર્થી એવા તે ગીતાર્થ, आणापरिणामगं तं सीसं=આજ્ઞાપરિણામક તે શિષ્યની, परिच्छिज्जा=પરીક્ષા કરે=જે શિષ્યને મોકલવા ઈચ્છે છે તે શિષ્યની પરીક્ષા કરે, बुहं णाउं=બુદ્ધ જાણીને=પરિણત જાણીને, उवट्ठियालोअणं सोउं=ઉપસ્થિત આલોચનાને સાંભળવા માટે=પોતાના પાપની શુદ્ધિમાં આવશ્યક એવી આલોચનાને સાંભળવા માટે, पेसेइ=મોકલે છે=દેશાંતરમાં રહેલા આલોચના આપનાર ગુરુ પાસે મોકલે છે. ॥૧૪॥

**ગાથાર્થ :-**

**તે ગીતાર્થ=પોતાના પાપની શુદ્ધિ કરવાના અર્થી એવા તે ગીતાર્થ, આજ્ઞાપરિણામક તે શિષ્યની પરીક્ષા કરે=જે શિષ્યને મોકલવા ઈચ્છે છે તે શિષ્યની પરીક્ષા કરે, બુદ્ધ જાણીને=પરિણત જાણીને, ઉપસ્થિત આલોચનાને સાંભળવા માટે=પોતાના પાપની શુદ્ધિમાં આવશ્યક એવી આલોચનાને સાંભળવા માટે, મોકલે છે=દેશાંતરમાં રહેલા આલોચના આપનાર ગુરુ પાસે મોકલે છે. ॥૧૪॥**

**ટીકા :-**

'सो'त्ति । 'सः' आलोचनाचार्यो गीतार्थोऽपराक्रमः सन् यं प्रेषयितुमिच्छति तं शिष्यमाज्ञापरिणामकं परीक्षेत । आज्ञापरिणामको नाम कारणपृच्छां विनैव य आज्ञायाः कर्त्तव्यतां श्रद्धत्ते । तत्परीक्षा च वृक्षादिदृष्टान्तैः कार्या, तत्र वृक्षदृष्टान्तो यथा-महतो वृक्षान् दृष्ट्वोक्तमाचार्येण शिष्यं

प्रति-अस्मिन्नुच्चैस्तरे वृक्षे विलग्य प्रपातं कुर्विति । तत्रातिपरिणामको ब्रूते—करोम्यस्माकमप्येषैवेच्छेति । स गुरुणा सोपालम्भं निवारणीयः-किमपरीक्ष्य मद्वचनार्थं त्वमेवं प्रलपसीति । अपरिणामकस्तु जानाति न वर्त्तते वृक्षे विलगितुं साधोः सचित्तत्वाद्वृक्षस्य, प्रपातं कुर्वतश्चात्मविराधना भवति सा च भगवता निषिद्धा तन्नूनमहमनेनोपायेन हन्तव्योऽभिप्रेत इति । स एवमनुशासनीयः—वत्स ! न मया तव सचित्तवृक्षारोहणं विधेयमुक्तम्, न वर्त्तते साधोर्वृक्षे विलगितुमिति, किन्तु भवसमुद्रमध्यप्राप्तं तपोनियमज्ञानवृक्षमारुह्य संसारगर्त्तकूलमुल्लङ्घ्येति भणितस्त्वमिति । परिणामकस्तु जानाति न खलु मदीया गुरवः स्थावराणामपि पापमिच्छन्ति किं पुनः पञ्चेन्द्रियाणाम् ? इति भवितव्यमत्र कारणेनेत्यारोहणे व्यवसितो भवति, स च बाहौ धृत्वावष्टभ्य गुरुणा वारणीय इति । एवं बीजादिदृष्टान्ता अप्यागमादवसेयाः । ततस्तं शिष्यं परीक्ष्य 'बुद्धं' परिणतं ज्ञात्वा उपस्थितस्य-आलोचनार्थं व्यवसितस्यालोचनां श्रोतुं प्रेषयति ।।१४।।

**ટીકાર્થ :-**

आलोचनाचार्यो ..... प्रेषयति ।। તે આલોચનાચાર્ય ગીતાર્થ=પોતાના પાપની શુદ્ધિ કરીને આલોચના કરવાના અર્થી એવા ગીતાર્થ, અપરાક્રમવાળા છતા=સ્વયં જવા માટે અસમર્થ છતા, જેને મોકલવા ઈચ્છે છે=જે સાધુને આલોચના લેવા માટે ગીતાર્થ પાસે મોકલવા ઈચ્છે છે, આજ્ઞાપરિણામક એવા તે શિષ્યની પરીક્ષા કરે=તે શિષ્ય આજ્ઞાપરિણામવાળા છે કે નહિ, તેનો નિર્ણય કરવા માટે પરીક્ષા કરે. આજ્ઞાપરિણામ એટલે કારણની પૃચ્છા વગર જ આજ્ઞાની કર્તવ્યતાની શ્રદ્ધા કરે છે=માર્ગાનુસારી ઊહપૂર્વક આજ્ઞાની શ્રદ્ધા કરે છે અને તેની પરીક્ષા વૃક્ષાદિ દૃષ્ટાંતોથી કરવી જોઈએ, ત્યાં વૃક્ષનું દૃષ્ટાંત યથાથી બતાવે છે. મોટા વૃક્ષોને જોઈને આચાર્ય વડે શિષ્ય પ્રત્યે કહેવાયું. આ ઉચ્ચતર વૃક્ષમાં ચઢીને પ્રપાતને કર.

इति શબ્દ ગુરુના કથનની સમાપ્તિ માટે છે.

ત્યાં=ગુરુના કથનમાં, અતિપરિણામક કહે છે — અમને પણ આ જ ઈચ્છા છે. એથી કરું છું=વૃક્ષ ઉપરથી પ્રપાત કરું છું. તે ગુરુ વડે ઉપાલંભપૂર્વક નિવારણ કરાવો જોઈએ. મારા વચનના અર્થની પરીક્ષા કર્યા વગર કેમ તું આ પ્રમાણે પ્રલાપ કરે છે ? એ પ્રમાણે નિવારણ કરાવો જોઈએ, એમ અન્વય છે.

વળી અપરિણામક સાધુ જાણે છે કે વૃક્ષનું સચિત્તપણું હોવાથી સાધુને વૃક્ષ ઉપર ચઢવું ઉચિત નથી અને પ્રપાતને કરતાં આત્મવિરાધના થાય છે અને તે ભગવાન વડે નિષિદ્ધ છે. તે કારણથી ખરેખર હું આ ઉપાય દ્વારા હણવા યોગ્ય અભિપ્રેત છું=મને મારવાનો અભિપ્રાય ગુરુનો છે.

इति શબ્દ અપરિણામક સાધુના વિચારણાની સમાપ્તિ માટે છે.

તે=અપરિણામક સાધુ, આ પ્રમાણે અનુશાસન કરાવો જોઈએ – હે વત્સ ! મારા વડે તને સચિત્ત વૃક્ષ ઉપર આરોહણનું કર્તવ્ય કહેવાયું નથી. સાધુને વૃક્ષ ઉપર ચઢવું યુક્ત નથી. પરંતુ ભવસમુદ્ર મધ્યે પ્રાપ્ત એવા તપ, નિયમ, જ્ઞાનરૂપી વૃક્ષ ઉપર આરોહણ કરીને સંસારગર્તના કિનારાને ઉલ્લંઘન કરવું જોઈએ, એ પ્રમાણે તું કહેવાયો છે=મારા વડે તને કહેવાયું છે.

इति શબ્દ અપરિણામકના અનુશાસનની સમાપ્તિ માટે છે.

વળી પરિણામક જાણે છે. મારા ગુરુઓ સ્થાવરોના પણ પાપને ઈચ્છતા નથી તો વળી પંચેન્દ્રિયના વધના પાપને શું ઈચ્છે ? અર્થાત્ ઈચ્છે નહિ. એથી અહીં=ગુરુના આદેશમાં, કારણથી=કોઈક વિશેષ પ્રયોજનથી, ભવિતવ્ય છે=પ્રસ્તુત કથન કહેવાયું છે. એથી આરોહણમાં વ્યવસિત થાય છે=વૃક્ષ ઉપર ચઢવા માટે તત્પર થાય છે અને તે બે બાહુને પકડીને અવષ્ટભ્ય કરીને=અટકાવીને ગુરુ દ્વારા વારણીય છે.

इति શબ્દ પરિણામક વિષયક કથનની સમાપ્તિ માટે છે.

આ રીતે=વૃક્ષનું દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, બીજાદિ દૃષ્ટાંતો પણ આગમથી જાણવાં. ત્યારપછી તે શિષ્યની પરીક્ષા દ્વારા નિર્ણય કરીને બુદ્ધ=પરિણત=અત્યારસુધી પોતાના ઉપદેશમાં પરિણત, જાણીને ઉપસ્થિતની આલોચના માટે=પોતાનાથી સેવાયેલા પાપની શુદ્ધિ માટે ઉપસ્થિત એવા પ્રાયશ્ચિત્તની આલોચના માટે, વ્યવસિતની આલોચના સાંભળવા માટે=પોતાના દ્વારા સેવાયેલા પાપની આલોચના સાંભળવા માટે, મોકલે છે=તે શિષ્યને આલોચના આપનાર ગુરુ પાસે મોકલે છે. ।।૧૪।।

ગાથા :-

सो पुण तस्स सगासे, करेइ सोहिं पसत्थजोगेणं ।
दुगतिग चउसु विसुद्धं, तिविहे काले वियडभावो ।।१५।।

અન્વયાર્થ :-

सो पुण=તે વળી=આલોચના કરવાની ઈચ્છાવાળા ગુરુ વળી, वियडभावो=વિકટ ભાવવાળા=આલોચના દ્વારા સંવેગની વૃદ્ધિ થાય તે પ્રકારે શોધનના અધ્યવસાયવાળા, तिविहे काले=ત્રણ કાળના વિષયમાં, दुगतिग चउसु विसुद्धं सोहिं=બે ત્રણ ભેદવાળી ચારથી વિશુદ્ધ એવી શોધિને=શુદ્ધિને, पसत्थजोगेणं=પ્રશસ્ત યોગથી, तस्स सगासे=તેની પાસે=ગીતાર્થ પાસે મોકલવા માટે નિર્ણય કરાયેલા એવા પરિણામક શિષ્યની પાસે करेइ=કરે છે. ।।૧૫।।

ગાથાર્થ :-

તે વળી=આલોચના કરવાની ઈચ્છાવાળા ગુરુ વળી વિકટ ભાવવાળા=આલોચના દ્વારા સંવેગની વૃદ્ધિ થાય તે પ્રકારે શોધનના અધ્યવસાયવાળા ત્રણ કાળના વિષયમાં બે ત્રણ ભેદવાળી ચારથી વિશુદ્ધવાળી શુદ્ધિને પ્રશસ્ત યોગથી તેની પાસે=ગીતાર્થ પાસે, મોકલવા માટે નિર્ણય કરાયેલા એવા પરિણામક શિષ્યની પાસે કરે છે. ।।૧૫।।

**ટીકા :-**

**'सो पुण'त्ति । 'सः' आलोचयितुकामः पुनः 'तस्य' प्रेषितस्य शिष्यस्य सकाशे प्रशस्तयोगेन शोधिं करोति द्वित्रिभेदां चतुर्विशुद्धां त्रिविधे च काले 'विकटभावः' अप्रतिकुञ्चनः ।।१५।।**

**ટીકાર્થ :-**

**'सः' आलोचयितुकामः ..... अप्रतिकुञ्चनः ।। તે=આલોચના કરવાની ઈચ્છાવાળા ગુરુ, ફરી તેની=પ્રેષિત એવા શિષ્યની પાસે=મોકલવા માટે નક્કી કરેલા શિષ્યની પાસે, પ્રશસ્ત યોગથી શોધીને=પોતાની વિરાધનાની આલોચનાને, કરે છે.**

**કઈ રીતે કરે છે ? તેથી કહે છે –**

**વિકટ ભાવવાળા=અપ્રતિકુંચન પરિણામવાળા=ગુણસંપન્ન ગુરુ પાસે લેશ પણ ગુપ્ત રાખ્યા વગર યથાર્થ પ્રકાશનના પરિણામવાળા, ત્રણ કાળના વિષયમાં બે ત્રણ ભેદવાળી અને ચારના વિષયમાં વિશુદ્ધવાળી શુદ્ધિને કરે છે. (નોંધ – શ્લોકમાં दुगतिग चउसु છે, એ પ્રમાણે ટીકામાં द्वित्रिभेदां चतुर्षु જોઈએ. પાઠશુદ્ધિ મળી નથી.) ॥૧૫॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા અનશન કરવાના અર્થી હોય અને કોઈક સૂક્ષ્મ અપરાધ કે સ્થૂલ અપરાધની શુદ્ધિ કરવાની બાકી હોય ત્યારે તે શલ્યનો ઉદ્ધાર ન થાય તો અનશન સુવિશુદ્ધ થાય નહિ. તેથી તેના ઉદ્ધાર અર્થે આજ્ઞાવ્યવહાર દ્વારા શુદ્ધિ કરવાને અભિમુખ તે મહાત્મા થયેલા છે અને તે મહાત્મા પોતે ગીતાર્થ છે. તેથી તેનું ઉચિત પ્રાયશ્ચિત્ત શું હોઈ શકે ? કઈ રીતે આલોચના કરવી જોઈએ, તે સર્વ પણ જાણે છે તોપણ છત્રીશ ગુણોથી યુક્ત આચાર્યની પાસે આલોચના કરવાથી તેની પારમાર્થિક શુદ્ધિ થાય તેમ પણ જાણે છે. તેથી જો પોતાની શક્તિ હોય તો અવશ્ય તે આચાર્ય પાસે જઈને તેની શુદ્ધિ કરે, પરંતુ પોતાનું જંઘાબળ ક્ષીણ થયેલું છે, તેથી દૂર દેશમાં રહેલા તે આચાર્ય પાસે જવા પોતે સમર્થ નથી.

વળી, આલોચના આપવા સમર્થ એવા તે ગીતાર્થ આચાર્ય જંઘાબળથી ક્ષીણ ન હોય તો અનશન કરનાર મહાત્માના પાપના શોધન અર્થે ત્યાં આવે, પરંતુ તે આચાર્ય પણ દેશાંતરથી આવવા માટે અસમર્થ છે, ત્યારે અનશન કરનાર મહાત્મા વિચારે છે કે હું વિહાર કરીને ગીતાર્થ પાસે જવા અસમર્થ છું અને મને સંયમની વિરાધનાનાં અઢાર સ્થાનોમાંથી અન્યતરની વિરાધનારૂપ કારણ પ્રાપ્ત થયું છે. જેના કારણે મારે ગીતાર્થ પાસે જઈને તેનું શોધન કરવું જોઈએ. પરંતુ પોતે જવા સમર્થ નથી, તેથી આજ્ઞાવ્યવહારને ઇચ્છે છે-આજ્ઞાવ્યવહાર દ્વારા પોતાના તે અપરાધનું શોધન કરવા ઇચ્છે છે અને તે આજ્ઞાવ્યવહાર દ્વારા પાપના શોધન અર્થે મતિ અને ધારણમાં નિપુણ એવા શિષ્યને પોતાના થયેલા અપરાધના પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરવા મોકલે છે.

અહીં અનશન કરનાર તે મહાત્માને અઢારમાંથી અન્યતર વિરાધના પ્રાપ્ત થઈ છે, તેમ કહ્યું. તેથી એ

પ્રાપ્ત થાય કે સાધુનાં પાંચ મહાવ્રત અને છટ્ઠું રાત્રિભોજન વિરમણવ્રત વિષયક કોઈ સૂક્ષ્મ કે બાદર અતિચાર થયો હોય, તે છ વ્રતવિષયક વિરાધના છે. જેમ નાના બાળકને જોઈને તેના હાવભાવ જોવાથી સહેજ પ્રીતિ થાય તો પરિગ્રહ મહાવ્રતમાં અતિચાર પ્રાપ્ત થાય, તે રીતે છ વ્રતમાંથી કોઈ વ્રતવિષયક અતિચાર પ્રાપ્ત થયો હોય અથવા પૃથ્વીકાય આદિ છ કાય વિષયક યતનામાં તીક્ષ્ણ ઉપયોગના અભાવને કારણે કોઈ અતિચાર લાગેલો હોય, અકલ્પ્ય એવાં વસ્ત્ર-પાત્રાદિ ગ્રહણ કરાયાં હોય, ગૃહસ્થનું ભાજન લીધા પછી ઉચિત વિધિ અનુસાર ઉચિત કાળે પાછું આપ્યું ન હોય, પલ્યંક, શય્યા આદિ વિષયક કોઈ અતિચાર સેવાયો હોય, સ્નાન વિષયક કોઈ સૂક્ષ્મ અતિચાર સેવાયો હોય, શોભાના વર્જન વિષયક કોઈ અતિચાર થયો હોય. આ પ્રકારે અઢારે સ્થાનોમાંથી કોઈ સ્થાનની શુદ્ધિ થઈ ન હોય, તો અનશન કરનાર મહાત્મા આજ્ઞાવ્યવહાર દ્વારા પણ તેની શુદ્ધિ કરે છે. તે વખતે તે ગીતાર્થ આચાર્ય પોતાની આલોચના પરિણત શિષ્યને આપે છે અને તે પરિણત શિષ્ય કઈ રીતે તે આલોચના જે ભાવથી પોતાના ગુરુએ કહી છે, તે ભાવથી તે ગીતાર્થ પાસે પ્રગટ કરી શકશે, તેનો નિર્ણય કરવા અર્થે તે આચાર્ય પોતાના શિષ્યોમાંથી કોણ પરિણામક છે ? તેનો નિર્ણય વૃક્ષાદિ દૃષ્ટાંતથી કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે પરિણામક છે, તે શિષ્ય શાસ્ત્ર ભણતી વખતે ગુરુ જે વચનો જે પ્રકારના સંવેગના ભાવથી અને જે તાત્પર્યથી જે રીતે કહે છે, તે રીતે તેને પરિણમન પામે છે. તેથી વૃક્ષ ઉપરથી ચઢીને પ્રપાત કરવાનું ગુરુ કહે છે, ત્યારે પણ તે શિષ્ય વિચારે છે કે ગુરુ હંમેશાં સંયમની વૃદ્ધિને અનુકૂળ જ સર્વ ઉપદેશ આપે છે. તેથી તેઓ ક્યારેય કાયવધ અર્થે આવું અસંબદ્ધ વચન કહે નહિ. તેથી નક્કી કોઈ કારણ હોવું જોઈએ જેના કારણે આ પ્રકારે કહે છે. તેથી તે પરિણત શિષ્યએ ગુરુના વચન દ્વારા યથાર્થ પરિણામનો નિર્ણય કર્યો. તેનાથી નક્કી થાય છે કે આ શિષ્યને જે પ્રકારના ભાવથી ગુરુ આલોચના આપશે, તે ભાવોને તે પ્રકારે સમ્યગ્ વહન કરીને તે પ્રકારના ભાવોની અભિવ્યક્તિપૂર્વક જ ગૂઢ અર્થમાં કહેલ ગુરુની આલોચનાને તે શિષ્ય આલોચના આપનાર આચાર્ય પાસે પ્રકાશન કરશે. જેથી આલોચના કરનારા મહાત્માના ભાવો પણ તે ગીતાર્થ યથાર્થ જાણશે અને તેના બળથી ઉચિત પ્રાયશ્ચિત્ત આપશે. પરિણત શિષ્યને પણ ગુરુએ શેની આલોચના માંગી છે, તેનું જ્ઞાન નથી. ગુરુએ ગૂઢભાષામાં કહેલ તે વચનોને શિષ્ય તે આચાર્ય પાસે જ્યારે નિવેદન કરશે ત્યારે ગુરુએ જે ભાવો અભિવ્યક્ત કરેલા તે ભાવોથી જ પરિણામક શિષ્ય તે કથન વ્યક્ત કરશે અને આલોચના કરનારા મહાત્મા પણ પોતાના શિષ્ય પાસે પ્રશસ્ત યોગથી ગૂઢભાવથી આલોચના આપે છે ત્યારે આ સર્વ આલોચના ગુણવાન ગુરુને કહું છું, તે પ્રકારના ઉપયોગપૂર્વક શિષ્યને કહે છે. તેથી પાપ પ્રત્યેનો જુગુપ્સાનો ભાવ એ સંયમની શુદ્ધિ પ્રત્યેનો વધતો જતો પક્ષપાત જેમાં વધે, તેવી "બે ત્રણ ભેદવાળી અભિવ્યક્તિ શોધીને" તે મહાત્મા શિષ્ય પાસે કરે છે અને તે શિષ્ય જેમ પરિણામક બુદ્ધિવાળા છે, તેમ મતિ અને ધારણામાં નિપુણ પણ છે. તેથી આલોચનાકાળમાં જે પ્રકારના ભાવોથી ગુરુએ આલોચના આપેલ, તે ભાવોની અભિવ્યક્તિપૂર્વક જ તે ગૂઢભાવવાળી આલોચના પ્રાયશ્ચિત્ત આપનારા તે આચાર્ય પાસે અભિવ્યક્ત કરશે.

અહીં અતિપરિણામક, અપરિણામક અને પરિણામક એમ ત્રણ પ્રકારના શિષ્યો કહ્યા. તેથી એ પ્રાપ્ત

થાય કે જે શિષ્યની મતિ, ગુરુ કહે છે, તે સ્થાનથી અન્ય સ્થાનમાં પણ તે વચનને યોજન કરે, તે અતિપરિણામક બુદ્ધિવાળા છે. તેથી જ ગુરુએ કહેલા તાત્પર્યને યથાર્થ જાણવા યત્ન કરતા નથી, પરંતુ ગુરુએ કહ્યું કે વૃક્ષ ઉપરથી પ્રપાતને કર, ત્યારે કહે છે કે મને પણ તે જ ઇચ્છા છે માટે પ્રપાત કરવા તત્પર થાય છે. વસ્તુતઃ ગુરુએ કહેલા વચનનું તાત્પર્ય માર્ગાનુસારી બુદ્ધિથી જાણવા યત્ન કરવો જોઈએ, એવા જીવોને શાસ્ત્રોનું યથાર્થ તાત્પર્ય પ્રાપ્ત થાય છે. આથી જ જેઓ અતિવ્યાપ્ત અપવાદ દૃષ્ટિવાળા છે, તેઓ અતિપરિણામક છે; કેમ કે અપવાદના અસ્થાને અપવાદને જોડીને અપવાદિક પ્રવૃત્તિ કરવા તત્પર થાય છે અથવા અતિવ્યાપ્ત નિશ્ચય દૃષ્ટિવાળા છે. તેથી નિશ્ચયના પદાર્થને સાંભળીને માત્ર પરિણામથી જ મોક્ષ છે, તેમ માનીને સદ્અનુષ્ઠાનને નિરર્થક સ્વીકારે છે. તેથી ગુરુ જે તાત્પર્યથી કથન કહે છે, તે તાત્પર્યને જાણવાને બદલે અન્ય સ્થાનમાં તે વચનને જોડે, તેવી મતિવાળા શિષ્યો અતિપરિણામક છે અને તેવા શિષ્યને ગુરુ આલોચના આપે તો પ્રાયશ્ચિત્ત આપનાર આચાર્યની પાસે ગુરુએ કહેલા તાત્પર્યના ભાવોથી તે આલોચના રજૂ કરી શકે નહિ માટે તેવા શિષ્ય પાસે ગુરુ શોધિ કરતા નથી.

વળી, અપરિણામક શિષ્યો સ્થૂલથી ધર્મના આચારોનો બોધ કરનારા હોય છે. તેથી ગુરુ જ્યારે વૃક્ષ ઉપરથી પાતનું કહે છે, ત્યારે ગુરુના વચનને સાંભળીને તેમને ગુરુ વિષયક જ શંકા થાય છે; કેમ કે ગુરુના શબ્દોથી તાત્પર્યનો ઊહ કરે તેવી પરિણામક શક્તિ તેઓમાં નથી.

વળી પરિણામક સાધુને ગુરુના વચનથી નિર્ણય થાય છે કે આ ગુરુ કોઈક કારણથી જ આ કથન કરે છે; કેમ કે જીવવધની ક્રિયા તેઓ ક્યારેય ઇચ્છે નહિ. તેથી ગુરુના વચનથી જ ગુરુનો કાંઈક વિશિષ્ટ નિર્ણય છે, તેવો બોધ પરિણામક શિષ્યને થાય છે. **॥૧૩થી ૧૫॥**

**અવતરણિકા :-**

**द्विभेदादित्वमेव विवेचयति –**

**અવતરણિકાર્થ :-**

**બે ભેદાદિપણું જ વિવેચન કરે છે=ગાથા-૧૫માં કહેલ કે આલોચના કરનાર ગુરુ શિષ્ય પાસે બે ત્રણ ભેદવાળી શુદ્ધિને કરે છે. તેથી તેમાં રહેલ બે કે ત્રણ ભેદાદિ શું છે ? તે સ્પષ્ટ કરવા માટે વિવેચન કરે છે –**

**ગાથા :-**

**दुविहा उ दप्प कप्पे, तिविहा नाणाइआण अट्ठाए ।**
**दव्वे खित्ते काले, भावे अ चउव्विहा सोही ।।१६।।**

**અન્વયાર્થ :-**

**उ दप्प कप्पे=વળી દર્પ અને કલ્પમાં, दुविहा=બે પ્રકારની છે=આલોચના બે પ્રકારની છે, नाणाइआण**

अट्ठाए तिविहा=જ્ઞાનાદિના અર્થ માટે ત્રણ પ્રકારની છે, दव्वे खित्ते काले भावे अ चउव्विहा=દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના વિષયમાં ચાર પ્રકારની, सोही=શોધિ થાય છે. ।।૧૬।।

ગાથાર્થ :-

વળી દર્પ અને કલ્પમાં બે પ્રકારની છે=આલોચના બે પ્રકારની છે. જ્ઞાનાદિના અર્થ માટે ત્રણ પ્રકારની છે. દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવના વિષયમાં ચાર પ્રકારની શોધિ થાય છે. ।।૧૬।।

ટીકા :-

'दुविहा उ'त्ति । द्विविधा तु दर्पे कल्पे च त्रिविधा, 'ज्ञानादीनां' ज्ञानदर्शनचारित्राणां 'अर्थाय' अतिचारविशुद्धिलाभाय, प्रशस्ते द्रव्ये प्रशस्ते क्षेत्रे प्रशस्ते काले प्रशस्ते भावे च 'चतुर्विधा' चतुर्विधविशुद्धिमती शोधिर्भवति ।।१६।।

ટીકાર્થ :-

द्विविधा ..... शोधिर्भवति ।। વળી દર્પ અને કલ્પના વિષયમાં બે પ્રકારના અતિચારો છે, ત્રણ પ્રકારની જ્ઞાનાદિના=જ્ઞાનદર્શનચારિત્રના માટે=અતિચારોની વિશુદ્ધિના લાભ માટે, દર્પ અને કલ્પના વિષયમાં બે પ્રકારની શોધિ છે એમ અન્વય છે. પ્રશસ્ત દ્રવ્ય, પ્રશસ્ત ક્ષેત્ર, પ્રશસ્ત કાળ અને પ્રશસ્ત ભાવવિષયક ચાર પ્રકારની એવી ચતુર્વિધ વિશુદ્ધિવાળી શોધિ થાય છે. ।।૧૬।।

ગાથા :-

आलोइज्जा काले, तीयपडुप्पन्नणागए तिविहे ।
अइआरे वयछक्काइआण अट्ठारसण्हं पि ।।१७।।

અન્વયાર્થ :-

तीयपडुप्पन्नणागए काले तिविहे=અતીત, પ્રત્યુત્પન્ન અને અનાગતરૂપ ત્રિવિધ કાળના વિષયમાં, वयछक्काइआण अट्ठारसण्हं पि=વ્રત ષટ્કાદિના અઢારે પણ સ્થાનોના, अइआरे आलोइज्जा=અતિચારોની આલોચના કરે છે. ।।૧૭।।

ગાથાર્થ :-

અતીત, પ્રત્યુત્પન્ન અને અનાગતરૂપ ત્રિવિધકાળના વિષયમાં વ્રતષટ્કાદિના અઢારે પણ સ્થાનોના અતિચારોની આલોચના કરે છે. ।।૧૭।।

ટીકા :-

'आलोइज्ज'त्ति । आलोचयेत्त्रिविधे कालेऽतीते प्रत्युत्पन्ने च सेवितानानागते च सेविष्य इत्यध्यवसितानतिचारान् व्रतषट्कादीनामष्टादशानामपि स्थानानाम् ।।१७।।

**ટીકાર્થ :-**

**आलोचयेत्त्रिविधे ..... स्थानानाम् ।। ત્રિવિધ કાળના વિષયમાં અતીતમાં અને વર્તમાનમાં સેવાયેલા અતિચારોને અને અનાગતમાં હું સેવીશ એ પ્રકારે અધ્યવસિત એવા અતિચારોને આલોચના કરે.**

**કોના વિષયમાં આલોચના કરે ? એથી કહે છે –**

**વ્રતષટ્કાદિ અઢારે પણ સ્થાનોના અતિચારોની આલોચના કરે. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૫માં કહ્યું એ પ્રમાણે અનશન સ્વીકારનાર મહાત્મા આજ્ઞાવ્યવહારથી શુદ્ધિ કરવા અર્થે પરિણત શિષ્ય પાસે બે ત્રણ ભેદવાળી ચાર વિષયક વિશુદ્ધિવાળી આલોચનાને કરે છે અને તે આલોચના પણ ત્રણે કાળ વિષયક કરે છે, તેથી તે આલોચનામાં બે ભેદ શું છે ? તે બતાવતાં કહે છે –

કેટલાક અતિચારો કલ્પ વિષયમાં થાય છે અને કેટલાક અતિચારો દર્પ વિષયમાં થાય છે. તેથી કલ્પ અને દર્પને આશ્રયીને બે પ્રકારના અતિચારોની પ્રાપ્તિ છે.

આશય એ છે કે કલ્પ એટલે આચાર. સંયમના ઉચિત આચારો સેવતી વખતે પ્રમાદવશ જે સ્ખલના થાય તે કલ્પવિષયક અતિચારો છે અને દર્પ એટલે રાગ, દ્વેષની પરિણતિ તેથી રાગ, દ્વેષની પરિણતિથી જે અતિચારો થાય તે દર્પવિષયક અતિચારો છે.

વળી જ્ઞાન, દર્શન, ચારિત્રના પ્રયોજનથી દર્પિકા અને કલ્પિકાના અતિચારોનું શોધન કરાય છે. જેનાથી જ્ઞાન, દર્શન, ચારિત્રમાં જે કાંઈ મલિનતા થઈ હોય તેની વિશુદ્ધિ થાય છે અને વિશુદ્ધ થયેલું સંયમ હોવાથી અનશન કરનાર મહાત્માને અનશનમાં શોધિની પ્રાપ્તિ થાય છે. તે ત્રણ ભેદથી વાચ્ય છે.

વળી આ અનશન કરનાર મહાત્મા દર્પ અને કલ્પવિષયક જે બે પ્રકારના અતિચારો છે, તેની શુદ્ધિ પરિણામક શિષ્ય પાસે જ્યારે કરે ત્યારે પ્રશસ્ત દ્રવ્ય, પ્રશસ્ત ક્ષેત્ર, પ્રશસ્ત કાળ અને પ્રશસ્ત ભાવમાં કરે, તો તે કરાયેલી અતિચારની શુદ્ધિ ચાર પ્રકારના વિષયવાળી બને છે. આથી જ ભાવોના ઉત્કર્ષના અંગ તરીકે પ્રશસ્ત એવા દ્રવ્ય હોય તેવા સ્થાને જ આલોચના કરે છે. પ્રશસ્ત એવા ક્ષેત્રમાં જ કરે છે. આમ છતાં કોઈ અમંગળસૂચક દ્રવ્યની પ્રાપ્તિ થાય તો કાલક્ષેપ પણ કરે છે.

વળી આલોચના માટે જે પ્રશસ્ત કાળ હોય તે પ્રશસ્ત કાળે જ કરે છે. તેથી કાળ પણ ભાવશુદ્ધિનું કારણ બને.

વળી કોઈ આલોચક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ પ્રશસ્ત હોય છતાં પોતાના ભાવો પ્રશસ્ત ન હોય અને માયા આદિથી કરે તો શુદ્ધિ થાય નહિ. આથી જ આલોચના કરનાર વિવેકસંપન્ન મહાત્મા આલોચના કરતા પૂર્વે આત્માને અત્યંત સંવેગથી ભાવિત કરે છે. જેથી પોતાને સ્પષ્ટ ઉપસ્થિત થાય છે કે સંસારરૂપી સમુદ્રમાં પોતે રહેલા છે, ચારે બાજુ ભયનાં સ્થાનો છે માટે ભગવાનના વચનથી અત્યંત ભાવિત થઈને માયા શલ્ય આદિ ત્રણેય શલ્યોના પરિહારપૂર્વક હું સમ્યગ્ આલોચના કરીશ તો સંયમમાં થયેલી મલિનતા દૂર થશે, રત્નત્રયી નિર્મળ થશે અને મારી અંતિમ સમયની આરાધનારૂપ અનશન ઉત્તમાર્થને સાધનાર બનશે. આ

પ્રકારે ભાવોને અત્યંત નિર્મળ કરીને સંવેગપૂર્વક આલોચન કરે છે. તેથી એ આલોચના ચાર પ્રકારની વિશુદ્ધિવાળી બને છે.

વળી તે મહાત્મા પરિણામક શિષ્ય પાસે કઈ રીતે આલોચના કરે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. અતીત કાળમાં જે અતિચારો સેવ્યા હોય અને વર્તમાનમાં જે અતિચારો સેવાયા હોય અને ભવિષ્યમાં કોઈ કૃત્ય કરવાનો વિચાર કર્યો હોય, જેમાં અતિચારોની પ્રાપ્તિ હોય, તેવા અતિચારોને પરિણત શિષ્ય આગળ આલોચન કરે અને તે અતિચારોની પ્રાપ્તિનાં સ્થાનો સાધુને આશ્રયીને વ્રતષટ્કાદિ અઢાર છે. જેનું વર્ણન સામાન્યથી પૂર્વમાં કર્યું છે, તે અઢાર સ્થાનોમાંથી જે સ્થાનમાં કલ્પિકારૂપ કે દર્પિકારૂપ જે અતિચાર પ્રાપ્ત થયો હોય તેનું સમ્યક્ સ્મરણ કરીને આલોચના કરે. **॥૧૬-૧૭॥**

**અવતરણિકા :-**

**आलोच्यमानातिचारभङ्गोत्पत्तिप्रकारमाह –**

**અવતરણિકાર્થ :-**

**આલોચ્યમાન અતિચારોના ભંગની ઉત્પત્તિના પ્રકારને કહે છે –**

**ગાથા :-**

**दप्पस्स य कप्पस्स य, दस चउवीसं च हुंति खलु भेआ ।**
**णायव्वा ते एए, अहक्कममिमाहिं गाहाहिं ।।१८।।**

**અન્વયાર્થ :-**

**खलु=ખરેખર, दप्पस्स य दस દર્પના દશ, कप्पस्स य चउवीसं च भेआ हुन्ति=અને કલ્પના ચોવીશ ભેદો થાય છે. ते एए=તે આ=પૂર્વમાં કહ્યું તે દર્પના અને કલ્પના ભેદો, अहक्कममिमाहिं गाहाहिं=યથાક્રમ આ ગાથાઓ વડે=આગળમાં બતાવશે એ ગાથાઓ વડે, णायव्वा=જાણવા. ॥૧૮॥**

**ગાથાર્થ :-**

**ખરેખર દર્પના દશ અને કલ્પના ચોવીશ ભેદો થાય છે. તે આ=પૂર્વમાં કહ્યું તે દર્પ અને કલ્પના ભેદો, યથાક્રમ આ ગાથાઓ વડે=આગળમાં બતાવાશે એ ગાથાઓ વડે જાણવા. ॥૧૮॥**

**ટીકા :-**

'दप्पस्स य'त्ति सुगमा ।।१८।।

**ટીકાર્થ :-**

**દર્પસ્ય એ ગાથા સુગમ છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

દર્પને આશ્રયીને દશ પ્રકારના ભેદો છે અને કલ્પને આશ્રયીને ચોવીશ પ્રકારના ભેદો છે. તેથી દર્પના દશ ભેદોમાંથી કોઈક ભેદને કારણે અતિચારની પ્રાપ્તિ છે. કલ્પના ચોવીશ ભેદો છે. તેથી તે ચોવીશ ભેદોમાંથી કોઈક ભેદને આશ્રયીને અતિચારની પ્રાપ્તિ છે અને ગ્રંથકારશ્રી આગળમાં બતાવાતી ત્રણ ગાથાઓ દ્વારા દર્પના દશ ભેદો અને કલ્પના ચોવીશ ભેદો બતાવશે. જેથી તેને આશ્રયીને કઈ રીતે અતિચારો પ્રાપ્ત થાય છે, તેનો બોધ કરી શકાય. **॥૧૮॥**

**ગાથા :-**

**दप्प अकप्प णिरालंब चियत्ते अप्पसत्थ वीसत्थे ।**
**अपरिक्ख अकडजोगी, अणाणुतावी अ णिस्संको ।।१९।।**

**અન્વયાર્થ :-**

**दप्प=૧) દર્પ, अकप्प=૨) અકલ્પ્ય, णिरालंब=૩) નિરાલંબ, चियत्ते=૪) ત્યક્ત કૃત્યવાળો, अप्पसत्थ= ૫) અપ્રશસ્ત, वीसत्थे=૬) વિશ્વસ્ત, अपरिक्ख=૭) અપરીક્ષક, अकडजोगी=૮) અકૃતયોગી, अणाणुतावी= ૯) અનનુતાપી, अ णिस्संको=૧૦) અને નિઃશંક, 'એ પ્રમાણે દર્પના દશ ભેદો છે.' ॥૧૯॥**

**ગાથાર્થ :-**

**૧) દર્પ ૨) અકલ્પ્ય ૩) નિરાલંબ ૪) ત્યક્ત કૃત્યવાળો ૫) પ્રશસ્ત ૬) વિશ્વસ્ત ૭) અપરીક્ષક ૮) અકૃત યોગી ૯) અનનુતાપી અને ૧૦) નિઃશંક. (એ પ્રમાણે દર્પના દશ ભેદો છે.) ॥૧૯॥**

**ટીકા :-**

**'दप्प'त्ति । 'दप्पः' धावनडेपनादिः, धावनं-निष्कारणमतित्वरितमविश्रामं गमनम्, डेपनं-गर्त्तवरण्डादीनां रयेणोल्लङ्घनम्, आदिशब्दान्मल्लवद्बाहुयुद्धकरणलकुटभ्रमणादिकं गृह्यते १। 'अकल्पः' पृथिव्यादिकायानामपरिणतानां ग्रहणम्, उदकार्द्रसस्निग्धसरजस्काभ्यां हस्तमात्रकाभ्यामादानम्, अगीतार्थोत्पादिताहारोपधिपरिभोगः, पञ्चकादिप्रायश्चित्तयोग्यमपवादविधिं त्यक्त्वा गुरुतरदोषासेवनं चेति २। 'निरालम्बः' ज्ञानाद्यालम्बनं विनापि निष्कारणमकल्पिकासेवनम्, यद्वामुकेनाचरितमित्यह-मप्याचरामीति ३। 'चियत्ते'त्ति, 'त्यक्तकृत्यः' त्यक्तचारित्रः-अपवादेनासंस्तरणे ग्लानादिकारणे वा यदकल्प्यमासेवितं पुनस्तदेव संस्तरणेऽपि निवृत्तरोगोऽपि यदासेवते ४। 'अप्रशस्तः' अप्रशस्तभावेन बलवर्णाद्यर्थं यत्प्रासुकमपि भुङ्क्ते किं पुनरविशुद्धमाधाकर्मादि ? ५। 'विश्वस्तः' प्राणातिपाताद्यकृत्यं सेवमानः स्वपक्षात् श्रावकादेः परपक्षान्मिथ्यादृष्ट्यादेर्न बिभेति ६। 'अपरिक्ख'त्ति, 'अपरीक्षकः' उत्सर्गापवादयोरायव्ययावनालोच्य यः प्रतिसेवते ७। 'अकृतयोगी'ग्लानादिकार्येषु गृहेषु त्रिः पर्यटनरूपं**

व्यापारमकृत्वैव योऽनेषणीयमासेवते, यथाऽसंस्तरणादौ त्रीन् वारानेषणीयार्थं पर्यटता शेषगृहेणाप्य-प्राप्तैषणीयेन चतुर्थवेलायामनेषणीयं ग्राह्यमित्येवं व्यापारमकृत्वैव प्रथमद्वित्रिवेलास्वप्यनेषणीयं गृह्णाति ८। 'अननुतापी' यः साधुरपवादेनापि पृथिव्यादीनां सङ्घट्टनपरितापनोपद्रवान् कृत्वा नानुतप्यते यथा 'हा ! मया दुष्ठु कृतम्' इति, यस्तु दर्पेणाप्यासेव्य नानुतप्यते किं तस्योच्यते ? ९। 'निःशङ्कः' निरपेक्षः-अकार्यं कुर्वन् कस्याप्याचार्यादेर्नाशङ्कते नेहलोकादपि बिभेति १०। एते दर्पस्य दश भेदाः ।।१९।।

**ટીકાર્થ :-**

'दप्पः' ..... दश भेदाः ।। ૧) દર્પ ધાવનડેપનાદિ છે. ધાવન નિષ્કારણ અતિત્વરિત અવિશ્રામગમન છે. ડેપન ગર્તા વરંડાદિઓનું કૂદીને ઉલ્લંઘન કરવું, આદિ શબ્દથી મલ્લની જેમ બાહુયુદ્ધકરણ, લકુટ ભ્રમણાદિક ગ્રહણ કરાય છે, એ દર્પ છે. ૨) અકલ્પ-અપરિણત એવા પૃથ્વી આદિ કાયોનું ગ્રહણ, પાણીથી આર્દ્ર સસ્નિગ્ધ સરજસ્ક એવા હસ્તમાત્રક દ્વારા ગ્રહણ, અગીતાર્થથી ઉત્પાદિત આહાર ઉપધિનો પરિભોગ અને પંચકાદિ પ્રાયશ્ચિત્ત યોગ્ય અપવાદ વિધિને છોડીને ગુરુતર દોષનું આસેવન, એ અકલ્પ છે. ૩) નિરાલંબ-જ્ઞાનાદિ આલંબન વગર પણ નિષ્કારણ અકલ્પિકાનું સેવન છે અથવા અમુક વડે આચરિત છે, એથી હું પણ આચરું છું એ નિરાલંબન છે. ૪) ત્યક્તકૃત્ય-ત્યક્ત ચારિત્ર, અપવાદથી અસંસ્તરણમાં અથવા ગ્લાનાદિ કારણમાં જે અકલ્પ્ય આસેવન કરાયું, ફરી તે જ સંસ્તરણમાં પણ નિવૃત્ત રોગમાં પણ જ્યારે સેવે છે, એ ત્યક્તકૃત્ય છે. ૫) અપ્રશસ્ત-અપ્રશસ્ત ભાવથી બળવર્ણાદિ માટે=શરીરના બળ અને શરીરની સુંદરતારૂપ વર્ણ આદિ માટે, જે પ્રાસુક પણ વાપરે છે એ અપ્રશસ્ત છે. અવિશુદ્ધ આધાકર્મી આદિ, વળી શું ? અર્થાત્ બળવર્ણાદિ માટે કરાતું અવિશુદ્ધ આધાકર્મી આદિ વિશેષથી અપ્રશસ્ત છે. ૬) વિશ્વસ્ત-પ્રાણાતિપાત આદિ અકૃત્યને સેવતો સ્વપક્ષ એવા શ્રાવકાદિથી પરપક્ષ એવા મિથ્યાદૃષ્ટિથી જે ભય પામતો નથી, તે વિશ્વસ્ત છે. ૭) અપરીક્ષક-ઉત્સર્ગ અપવાદના આય-વ્યયનું અનાલોચન કરીને જે પ્રતિસેવા કરે છે=વિરુદ્ધ આહાર, વસતી આદિ ગ્રહણ કરે છે, એ અપરીક્ષક છે. ૮) અકૃતયોગી-ગ્લાનાદિ કાર્યો હોતે છતે ઘરોમાં ત્રણ વખત પર્યટનરૂપ વ્યાપારને કર્યા વગર જ જે અનેષણીય આસેવન કરે છે. જે પ્રમાણે અસંસ્તરણ આદિમાં ત્રણ વાર એષણીય અર્થ માટે ફરતા સાધુ વડે શેષઘરોથી પણ એષણીય અપ્રાપ્ત હોવાને કારણે ચોથી વેળામાં અનેષણીય ગ્રહણ કરવું જોઈએ, એ પ્રકારના વ્યાપારને કર્યા વગર જ પ્રથમ, બીજી કે ત્રીજી વેલામાં પણ અનેષણીય ગ્રહણ કરે છે. એ અકૃતયોગી છે. ૯) અનનુતાપી-જે સાધુ અપવાદથી પણ પૃથ્વી આદિના સંઘટ્ટન પરિતાપનના ઉપદ્રવોને કરીને અનુતાપ પામતા નથી. જે પ્રમાણે "હા... મારા વડે દુષ્ટ કરાયું," એ પ્રમાણે. વળી જે દર્પ વડે પણ આસેવન કરીને અનુતાપ પામતો નથી, તેનું શું કહેવું ? અર્થાત્ તે વિશેષથી અનનુતાપી છે. ૧૦) નિઃશંક-નિરપેક્ષ-અકાર્યને કરતો કોઈપણ આચાર્ય આદિની આશંકા કરતો નથી અર્થાત્ આચાર્ય આદિ જાણશે તો મને ઠપકો

**આપશે, એ પ્રકારે ક્ષોભ ધારણ કરતો નથી. આલોકથી પણ ભય પામતો નથી અર્થાત્ પરલોકથી તો ભય પામતો નથી, પરંતુ આલોકમાં તો પોતે અકાર્ય સેવે છે, તેના કારણે લોકમાં નીચ ગણાશે, તેવા ક્ષોભને ધારણ કરતો નથી, એ નિઃશંક છે. આ દર્પના દશ ભેદો છે. ।।૧૯।।**

**ભાવાર્થ :-**

સાધુ સંસારથી અત્યંત ભય પામેલા હોય છે. તેથી નિરારંભ જીવન જીવવાને અનુકૂળ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. છતાં અનાદિ ભવઅભ્યસ્ત પ્રમાદ છે અને સંયમજીવન પૂર્વે ગૃહસ્થ અવસ્થામાં જે પ્રમાદ સેવ્યો છે, તેના સંસ્કારો પણ નિમિત્તને પામીને જાગૃત થાય છે, ત્યારે સંવૃત મન-વચન-કાયાના યોગવાળા પણ સાધુ દર્પાદિ દશ ભેદોમાંથી કોઈક પ્રતિસેવા સેવે છે. તેનાથી કેવા પ્રકારના અતિચારના કારણીભૂત પરિણામો થાય છે, તે દર્પના દશ ભેદોથી ગ્રંથકારશ્રી બતાવે છે.

(૧) દર્પ – સાધુને કોઈ ભય આદિનું કારણ હોય ત્યારે ત્વરાથી જવાનો પ્રસંગ આવે, તે સિવાય સાધુ સંયમના પ્રયોજનથી જતા હોય ત્યારે મંદ ગતિથી ઈર્યાસમિતિમાં ઉપયુક્ત થઈને ગમન કરે છે. છતાં ક્યારેક અતિ ત્વરાથી સતત ગમન થાય તો દર્પ નામના અતિચારની પ્રાપ્તિ થાય છે.

વળી ક્યારેક ગર્તા કે વરંડો વગેરે હોય તો સાધુ ઠેકડો મારીને જાય નહિ પરંતુ ફરીને જાય છતાં પ્રમાદવશ તે પ્રકારની પ્રવૃત્તિ કરે તો દર્પ નામના અતિચારની પ્રાપ્તિ થાય છે.

વળી ક્યારેક કોઈક સાથે મશ્કરી આદિથી મલ્લની જેમ બાહુયુદ્ધ કરે કે લાકડી આદિ ભમાવે તોપણ દર્પ નામના અતિચારની પ્રાપ્તિ થાય છે.

(૨) અકલ્પ – સાધુ જીવરહિત યતનાપૂર્વક સર્વ વસ્તુને ગ્રહણ કરે છે છતાં ક્યારેક પ્રમાદવશ અપરિણત એવા પૃથ્વીકાયાદિને ગ્રહણ કરે અર્થાત્ શસ્ત્રાદિથી શ્રાવક વડે અચિત્ત ન કરાયા હોય તેવા પૃથ્વી આદિ કાયોનું ગ્રહણ કરે કે સાધુ પોતાના અર્થે અચિત્ત કરાવીને તે વસ્તુ ગ્રહણ કરે તો અકલ્પ નામનો અતિચાર પ્રાપ્ત થાય છે.

વળી, કોઈ ગૃહસ્થનો હાથ કે ભાજન પાણીથી ભીનું હોય, કોઈ સ્નિગ્ધ પદાર્થથી યુક્ત હોય, રજકણવાળું હોય તેવા હાથથી ગ્રહણ કરવામાં આવે તો પાણીથી ભીના હાથને કારણે તે જીવોની વિરાધના થાય. સ્નિગ્ધ હાથ કે ભાજનથી વહોરાવે ત્યારે તે સ્નિગ્ધતાને કારણે કોઈ ત્રસ જીવો તેના ઉપર લાગે તો તેઓનો વિનાશ થવાનો સંભવ રહે. વળી, રજવાળા હાથ કે ભાજન હોય, તેના રજકણો જમીન ઉપર પડે અને તે ખાદ્ય પદાર્થ હોય તો તેના ઉપર ત્રસાદિ આવે તેઓની હિંસા થાય, તેવું હોય છતાં તેને ગ્રહણ કરે તો અકલ્પ પ્રતિસેવારૂપ અતિચારની પ્રાપ્તિ થાય.

વળી કોઈ અગીતાર્થ હોય અને તેના દ્વારા આહાર ઉપધિ ગ્રહણ કરાયેલી હોય તે આહાર ઉપધિ સાધુને અકલ્પ્ય છે છતાં તેનો પરિભોગ કરે તો અકલ્પ પ્રતિસેવારૂપ અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, કોઈ સાધુ ગીતાર્થ હોય, ઉત્સર્ગ અપવાદ જાણતા હોય, છતાં પંચકાદિ પ્રાયશ્ચિત્ત યોગ્ય અપવાદને છોડીને ગુરુતર દોષનું આસેવન કરે. જેમ ભિક્ષાર્થે ગયા હોય અને વિચારે કે મળશે તો સંયમની

વૃદ્ધિ થશે, નહિ મળે તો તપની વૃદ્ધિ થશે, તે પ્રકારે સમભાવના પરિણામની વૃદ્ધિપૂર્વક ભિક્ષા ગ્રહણ કરતા હોય અને તપ દ્વારા સમભાવની વૃદ્ધિ સ્ખલના પામે તેમ હોય કે સ્વાધ્યાયાદિ નાશ પામે તેમ હોય ત્યારે ગુરુલાઘવનું આલોચન કરીને જેટલી દોષિત ભિક્ષા પોતાને ઉચિત છે, તેનો નિર્ણય કર્યા પછી પ્રાપ્ત થતી ગ્રહણ કરવા યોગ્ય દોષિત ભિક્ષામાં પણ કેમ ઓછા દોષો લાગે, તેની પંચકાદિ પ્રાયશ્ચિત્તની મર્યાદા છે તેનું સ્મરણ કરીને ભિક્ષા ગ્રહણ કરે તો કલ્પ પ્રતિસેવાની પ્રાપ્તિ થાય. પરંતુ પ્રમાદવશ ગુરુતર દોષ સેવન કરે તો અકલ્પ પ્રતિસેવારૂપ અતિચારની પ્રાપ્તિ થાય.

(૩) નિરાલંબ – જ્ઞાનાદિના આલંબન વગર નિષ્કારણ અકલ્પિકાનું સેવન કરવું તે નિરાલંબ નામનો પ્રતિસેવારૂપ અતિચાર છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાનાદિના આલંબન અર્થે અકલ્પ સેવે તોપણ તે કલ્પિકા પ્રતિસેવામાં જાય, પરંતુ શરીરને અનુકૂળ છે માટે અકલ્પ્ય પણ વસ્તુ ગ્રહણ કરે તો નિરાલંબન દર્પ પ્રતિસેવાની પ્રાપ્તિ થાય અથવા અમુક મહાત્માએ આ સેવ્યું છે માટે હું પણ એ પ્રમાણે આચરણ કરું, એ પ્રકારે વિચારીને સાધુ અકલ્પ્ય એવી કોઈ આચરણા કરે તો નિરાલંબ પ્રતિસેવારૂપ દર્પની પ્રાપ્તિ થાય.

(૪) ત્યક્તકૃત્ય – અપવાદથી અપ્રાપ્તિ વખતે કોઈક અકલ્પ્ય સેવેલું હોય અથવા ગ્લાનાદિ કારણે કોઈ અકલ્પ્ય સેવેલું હોય, પાછળથી નિર્દોષ પ્રાપ્ત થાય તેમ હોવા છતાં પોતાને અનુકૂળ છે, તેથી અકલ્પ્ય સેવે અથવા ગ્લાનાદિ રૂપ રોગો નિવૃત્ત થયા હોય છતાં શરીરની શાતા અર્થે અપવાદથી સેવે તો ત્યક્તચારિત્ર કૃત્યવાળી દર્પિકા પ્રતિસેવાની પ્રાપ્તિ થાય. જેમ શૈલકસૂરિએ રોગને કારણે અકલ્પ્ય એવો સ્થિરવાસ વગેરે સ્વીકાર્યો. પાછળથી રોગ દૂર થવા છતાં પ્રમાદવશ તે સ્થિરવાસાદિને સ્વીકારે છે, તે ત્યક્તચારિત્ર કૃત્યવાળી દર્પિકા પ્રતિસેવા છે.

(૫) અપ્રશસ્ત – સંયમના પરિણામની વૃદ્ધિને છોડીને શરીરના બળ અર્થે કે શરીરના વર્ણાદિ અર્થે સાધુ પ્રાસુક કે નિર્દોષ આહાર વાપરે તોપણ અપ્રશસ્ત દર્પિકા પ્રતિસેવા છે. વળી, આધાકર્મી આદિ વાપરે તો વિશેષથી અપ્રશસ્ત દર્પિકા પ્રતિસેવા છે.

(૬) વિશ્વસ્ત – જે સાધુ પૃથ્વીકાય આદિ પ્રાણાતિપાત કે અન્ય કોઈ મહાવ્રતનું વિપરીત કૃત્ય કરીને શ્રાવકથી પણ કે મિથ્યાદૃષ્ટિ આદિ પરપક્ષથી પણ ભય પામતા નથી અર્થાત્ સાધુવેશમાં હું અનુચિત કરું છું, તે જોઈને આ લોકો મારી નિંદા કરશે કે ધર્મનું લાઘવ થશે, તેવી ચિંતા કરતા નથી, તેઓ પાપ સેવવામાં નિઃશંકતાના પરિણામવાળા હોવાથી વિશ્વસ્ત દર્પિકા પ્રતિસેવા છે.

(૭) અપરીક્ષક – કેટલાક સાધુઓ નિર્દોષ ભિક્ષા આદિ માટે યત્ન કરે છે અને નિર્દોષ ન મળે તો દોષિત ગ્રહણ કરે છે. પરંતુ ઉત્સર્ગ-અપવાદમાંથી શું સેવવાથી અધિક લાભ છે ? તેનું આલોચન કરતા નથી, તેઓ પરીક્ષા કર્યા વગર પ્રતિસેવા કરનારા હોવાથી તેઓ કદાચ સુવિશુદ્ધ ભિક્ષા ગ્રહણ કરે તોપણ આય-વ્યયનો વિચાર નહિ કરનારા હોવાથી અપરીક્ષક દર્પિકા પ્રતિસેવા સેવનાર છે.

(૮) અકૃતયોગી – ગ્લાનત્વાદિ પ્રયોજન હોય અને નિર્દોષ ભિક્ષાદિની પ્રાપ્તિ ન હોય ત્યારે ગ્લાનત્વાદિ પ્રયોજનથી દોષિત ભિક્ષા આવશ્યક જણાય ત્યારે પણ કોઈ સાધુ ત્રણ વખત એષણીયની ગવેષણા કર્યા

પછી કોઈ સ્થાને ગ્લાનાદિને ઉપયોગી આહાર પ્રાપ્ત ન થાય ત્યારે ચોથી વખતે અનેષણીય ગ્રહણ કરે તે અપવાદથી અનેષણીય ગ્રહણ કરતા હોવાથી કૃતયોગી સાધુ કહેવાય અને જેઓ તે પ્રકારે ગવેષણા કર્યા વગર એક વખત, બે વખત કે ત્રણ વખતની ગવેષણામાં જ દોષિત ગ્રહણ કરે તો અકૃતયોગી દર્પિકા પ્રતિસેવા સેવનાર છે.

(૯) અનનુતાપી – જે સાધુ અપવાદથી પણ પૃથ્વી આદિ જીવોનું સંઘટ્ટન પરિતાપનરૂપ ઉપદ્રવોને કરીને પરિતાપ પામતા નથી તેઓ અનનુતાપી અર્થાત્ સાધુને અપવાદથી પણ એવા સ્થાનમાંથી જવું પડે તો યતનાપૂર્વક જવા છતાં કોઈ સૂક્ષ્મ જીવોની વિરાધના થઈ હોય તો મિથ્યાદુષ્કૃત દેવાથી દયાનો પરિણામ જીવંત રાખે છે અને જે સાધુ તે પ્રકારે કર્યા પછી ચિત્તના અનુતાપપૂર્વક મિથ્યાદુષ્કૃત આપે છે, તેઓ શુદ્ધ છે પરંતુ જેઓ એ પ્રકારે મિથ્યાદુષ્કૃત દેતા નથી અથવા ત્વરા આદિથી જઈને કોઈ વિરાધના કરી હોય છતાં મિથ્યાદુષ્કૃત દેતા નથી, તેઓ અનનુતાપી દર્પિકા પ્રતિસેવા સેવનાર છે.

(૧૦) નિઃશંક – જે સાધુ સંયમની વિપરીત આચરણા કરતા આચાર્ય આદિથી પણ ક્ષોભ પામતા નથી. આ લોકની નિંદાથી પણ ભય પામતા નથી, તેઓ નિઃશંક દર્પિકા પ્રતિસેવા સેવનાર છે.

આ દશ પ્રકારની પ્રતિસેવામાંથી કેટલીક પ્રતિસેવાના સેવનકાળમાં ચિત્ત અત્યંત સંક્લેશવાળું બને છે. જેમ વિશ્વસ્ત, અનનુતાપી આદિ પ્રતિસેવાકાળમાં સાધુને ક્લિષ્ટભાવો થાય છે તોપણ તેવી પ્રતિસેવા કર્યા પછી કોઈ સાધુને સંવેગનો પરિણામ થાય તો પ્રાયશ્ચિત્તથી શુદ્ધ પણ થઈ શકે છે અને કેટલીક દર્પિકા પ્રતિસેવા મૂળ પ્રાયશ્ચિત્તનું પણ કારણ બને છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**ગાથા-૧૮માં કહેલ કે દર્પિકા અને કલ્પિકાના ભેદોને યથાક્રમ આ ગાથાઓથી જાણવા. તેથી ગાથા-૧૯માં દર્પિકાના દશ ભેદો ગ્રંથકારશ્રીએ બતાવ્યા. હવે કલ્પિકા પ્રતિસેવાના ચોવીશ અતિચારોને ક્રમસર બતાવે છે –**

**ગાથા :-**

**दंसण नाण चरित्ते, तव पवयण समिइ गुत्तिहेउं वा ।**
**साहम्मिअवच्छल्लेण वावि कुलओ गणस्सेव ।।२०।।**
**संघस्सायरियस्स य, असहुस्स गिलाण बाल वुड्ढस्स ।**
**उदय ग्गि चोर सावय, भय कंतारा वई वसणे ।।२१।।**

**અન્વયાર્થ :-**

**दंसण नाण चरित्ते=૧) દર્શન, ૨) જ્ઞાન, ૩) ચારિત્ર વિષયક, तव पवयण समिइ गुत्तिहेउं वा=૪) તપ, ૫) પ્રવચન, ૬) સમિતિ, ૭) ગુપ્તિના હેતુ, साहम्मिअवच्छल्लेण वावि=અથવા ૮) સાધર્મિકવાત્સલ્યથી,**

कुलओ गणस्सेव=૯) કુલનાં, ૧૦) ગણનાં કાર્યોમાં, संघस्सायरियस्स य=૧૧) સંઘના કાર્યમાં, ૧૨) આચાર્યના, असहुस्स=૧૩) અસહિષ્ણુના, गिलाण=૧૪) ગ્લાનના, बाल वुड्ढस्स=૧૫) બાલના, ૧૬) વૃદ્ધના કાર્યમાં, उदय ग्गि चोर=૧૭) ઉદક, ૧૮) અગ્નિ, ૧૯) ચોર, सावय=૨૦) શ્વાપદ, भय=૨૧) ભય, कंतारा वई=૨૨) અટવી, ૨૩) આપદ્, वसणे=૨૪) વ્યસન વિષયક અપવાદનું સેવન તે કલ્પિકા પ્રતિસેવા ચોવીશ ભેદવાળી છે. ।।૨૦-૨૧।।

ગાથાર્થ :-

**૧) દર્શન ૨) જ્ઞાન ૩) ચારિત્ર, ૪) તપ ૫) પ્રવચન ૬) સમિતિ અથવા ૭) ગુપ્તિના હેતુ ૮) સાધર્મિકવાત્સલ્યથી અથવા ૯) કુલનાં ૧૦) ગણનાં કાર્યોમાં અને ૧૧) સંઘનાં કાર્યોમાં ૧૨) આચાર્યના ૧૩) અસહિષ્ણુના, ૧૪) ગ્લાનના ૧૫) બાલના ૧૬) અને વૃદ્ધના કાર્યમાં ૧૭) ઉદક, ૧૮) અગ્નિ ૧૯) ચોર ૨૦) શ્વાપદ, ૨૧) ભય ૨૨) અટવી ૨૩) આપદ્ ૨૪) વ્યસન વિષયક અપવાદનું સેવન તે કલ્પિકા પ્રતિસેવા ચોવીશ ભેદવાળી છે. ।।૨૦-૨૧।।**

ટીકા :-

'दंसण'त्ति । दर्शननिमित्तं-दर्शनप्रभावकाणि सम्मत्यादीनि प्रमाणशास्त्राणि गृह्णन् यदसंस्तरणेऽकल्प्यमपि प्रतिसेवते १। ज्ञाननिमित्तं-सूत्रमर्थं वाऽधीयानो यदकल्प्यमासेवते २। चारित्रनिमित्तं-यत्र क्षेत्रे एषणादोषः स्त्रीदोषो वा ततः क्षेत्राच्चारित्रार्थिना निर्गन्तव्यमिति ततो निर्गच्छन्नक्षमत्वाद्यदकल्प्यमासेवते ३। तपोनिमित्तं-यत्तपः करिष्यामीति बुद्ध्या घृतादि पिबेत्, कृते वा विकृष्टतपसि मासक्षपणादौ लाजातरणादि पिबेत्, तीर्यत इवास्यामतिस्वच्छतयेत्यधिकरणेऽनटि तरणं, लाजा-भ्राष्टा व्रीहयस्तैर्निर्वृत्तं तरणं लाजातरणम्, उपचारात्पेयाऽभिधीयते तां पिबेत्, यद्वाऽऽधाकर्मादि तस्मै दद्यान्माऽन्येन शीतादिना रोगो भूत्, शर्करामलकादयोऽस्य वा दीयन्त इति ४। प्रवचनरक्षानिमित्तं-विष्णुकुमारादिवद्वैक्रियकरणादि ५। समितिहेतोः-ईर्यासमितिर्न शुद्ध्यतीति चक्षुर्निमित्तं वैद्योपदेशादौषधादिपानं कुर्यात्, कथमपि चित्तव्याक्षेपादिसम्भवे मा भाषासमितावसमितो भूवमिति तत्प्रशमनार्थमौषधादि पिबेत्, ग्लानत्वादिभावे मा आधाकर्मिकं ग्रहीषमिति शङ्कितादिषु दोषेष्वसंस्तरणे एषणासमित्यर्थमकल्प्यं गृह्णीयात्, दीर्घाध्वप्रतिपत्तौ वाध्वकल्पं सेवेत, आदाननिक्षेपणासमित्यै कश्चित्कम्पवातादिना कम्पमानकरोऽन्यत्र प्रमार्जयत्यन्यत्र वस्तु निक्षिपत्यतस्तत्प्रशमनार्थमौषधादि विदध्यात्, पारिष्ठापनिकासमित्यै स्थण्डिलाभावे कायिकीं सञ्ज्ञां वा कदाचिदक्षमतया पृथिव्यादीन् विराधयन्नपि कुर्वीत, मा ममेदानीं कायिक्याद्याबाधया मृत्युर्भूत्, जीवन् पुनरिमां समितिं यथावस्थितां पालयिष्यामीति ६। गुप्तिहेतोः-कदाचिद्विषमातङ्कादावन-न्यौषधप्रतिकार्ये वैद्योपदिष्टं विकटं स्वल्पमेवासेवते माऽहं वैकल्यान्मनोवाक्कायैरगुप्तो भूवमिति ७। साधर्मिकवात्सल्येन हेतुना

किञ्चिदकल्प्यं प्रतिसेवते यथा-वज्रस्वामिनाऽशिखाकमुण्डः पटेऽधिरोप्य दुर्भिक्षान्निस्तारितः, न चैतत्कल्पते, असंयतस्याऽऽस्स्वेत्याद्याज्ञादानस्यापि निषिद्धत्वात् ८। कुल ९ गण १० सङ्घ ११ कार्येषु समुत्पन्नेषु वशीकरणादि चूर्णयोगादि वा करोति ११। आचार्यासहिष्णुग्लानबालवृद्धानां च येन समाधिर्भवति तद्विधीयते । तत्र राजयुवराजामात्यश्रेष्ठिपुरोहिता असहिष्णवः पुरुषा भण्यन्ते, एते ह्यन्तप्रान्तैर्विपरिणाम्यन्ते, बालवृद्धौ च कारणाद्दीक्षितौ भवेयातां, यथाऽऽर्यवज्रस्वामी आर्यरक्षितपिता च, एतदर्थं पञ्चकदशकाद्यापत्तिक्रमेण यावदाधाकर्माप्यादीयत इति १६। 'उदकं' नदीप्रवाहादि, अग्निः-दावाग्निः-चौरा द्विधा-वस्त्राद्युपधिहारिणः शरीरहारिणश्च, श्वापदाः-सिंहसिन्धुर-व्याघ्रादयः, तन्निमित्तकोपद्रवोपस्थितौ स्तम्भनविद्यया नदीपूरादिकं स्तम्भनीयात्, विद्याया अभावे पलायनं क्रियते, पलायनासमर्थत्वे श्रान्तत्वे वा सचित्तवृक्षेऽप्यारुह्यते २०। तथा भयं-धाट्यादिस्तस्मिन् सति पलायमानः पृथिव्यादीन् विराधयेत् २१। कान्तारः-अरण्यानी यत्र भक्तपानादिलाभो न संभवत्येव तत्र कदल्यादिफलान्युदकादि वा प्रासुकमाददीत २२। आपद्-द्रव्यक्षेत्रकालभावैश्चतुर्द्धा, द्रव्यतः प्रासुकोदकाद्यलाभे, क्षेत्रतो दीर्घाध्वप्रतिपत्तौ, कालतो दुर्भिक्षादौ, भावतो ग्लानत्वादौ, तत्र किञ्चिद-कल्प्यमपि प्रतिसेव्यते २३। व्यसननिमित्तं-पूर्वाभ्यासजनितप्रवृत्तिहेतोर्गीतव्यसनी दीक्षितः कोऽपि गीतोच्चारं कुर्यात्, ताम्बूलव्यसनी वा प्रव्रजितः पक्वशुष्कताम्बूलपत्रादिकं मुखे प्रक्षिपेदिति २४। एते चतुर्विंशतिः कल्पभेदाः ।।२०-२१।।

**ટીકાર્થ :-**

दर्शननिमित्तं- ..... कल्पभेदाः ।। ૧) દર્શન નિમિત્ત=દર્શન પ્રભાવક સંમતિ આદિ પ્રમાણશાસ્ત્રોને ગ્રહણ કરતા=અધ્યયન કરતા, સાધુ જે કારણથી અસંસ્તરણમાં=નિર્દોષ ભિક્ષાચર્યાથી અધ્યયનના અનિર્વાહમાં, અકલ્પ્ય પણ પ્રતિસેવા કરે છે, તે દર્શન નિમિત્ત કલ્પિકા પ્રતિસેવા છે.

૨) જ્ઞાનનિમિત્ત – સૂત્ર અથવા અર્થને ભણતા સાધુ જે કારણથી અકલ્પ્ય સેવે છે=નિર્દોષ ભિક્ષાથી અધ્યયનમાં યત્ન શિથિલ થતો હોય તો દૃઢ યત્ન કરવા અર્થે અકલ્પ્ય આસેવન કરે છે, તે જ્ઞાન નિમિત્ત કલ્પિકા પ્રતિસેવા છે.

૩) ચારિત્રનિમિત્ત – જે ક્ષેત્રમાં એષણાદોષ છે કે સ્ત્રીદોષ છે, તે ક્ષેત્રથી ચારિત્રના અર્થીએ વિહાર કરીને અન્યત્ર જવું જોઈએ. એથી તે ક્ષેત્રથી જતા એવા સાધુનું અસક્ષમપણું હોવાથી=આહારાદિ કર્યા વગર વિહાર કરીને ચારિત્રના પરિણામના રક્ષણનું અસમર્થપણું હોવાથી, અકલ્પ્ય આસેવન કરે છે, તે ચારિત્ર નિમિત્ત કલ્પિકા પ્રતિસેવા છે.

૪) તપોનિમિત્ત – જે કારણથી હું તપને કરીશ એ પ્રકારની બુદ્ધિથી ઘી આદિ વાપરે અથવા વિકૃષ્ટ એવા માસક્ષમણાદિ તપ કરીને લાજાતરણાદિ વાપરે=રાબ આદિ વાપરે, તરણ શબ્દનો અર્થ

કરે છે. તરી શકાય એવા સ્વચ્છ પાણી જેવું આમાં સ્વચ્છપણું હોવાથી અધિકરણ અર્થમાં અનટ પ્રત્યય છે. એથી તરણ એ સ્વચ્છ પેય છે. લાજા=ભૂંજાયેલા ચોખા તેનાથી બનાવાયેલ તરણ તે લાજાતરણ છે. ઉપચારથી પેય કહેવાય છે, તેને સાધુ પીએ છે અથવા આધકર્મી આદિ તેને અપાય છે અર્થાત્ નિર્દોષ ન મળે તો આધાકર્મી આદિ અપાય છે. અન્યથી=આધાકર્મી આદિ પેય ન અપાય અને અન્ય નિર્દોષ અપાય એનાથી, શીતાદિને કારણે રોગ તેને ન થાઓ માટે આધાકર્મી આદિ અપાય છે અથવા આમને=તપસ્વીને શર્કરા આમલકાદિ અપાય છે, તે સર્વ તપનિમિત્ત કલ્પિકા પ્રતિસેવા છે.

૫) પ્રવચનરક્ષાનિમિત્ત – વિષ્ણુકુમાર આદિની જેમ વૈક્રિય શરીર કરણાદિ પ્રવચનરક્ષાનિમિત્ત કલ્પિકા પ્રતિસેવા છે.

૬) સમિતિના હેતુથી – ઈર્યાસમિતિ શુદ્ધ થતી નથી, એથી ચક્ષુ નિમિત્ત વૈદ્યના ઉપદેશથી ઔષધાદિ પાન કરે. કોઈપણ રીતે ચિત્તના વ્યાક્ષેપ આદિ સંભવમાં ભાષાસમિતિમાં હું અસમિતિવાળો ન થાઉં. એથી તેના પ્રશમ માટે=ચિત્તવ્યાક્ષેપ આદિના પ્રશમ માટે ઔષધાદિ પીએ, ગ્લાનત્વાદિ ભાવમાં આધાકર્મી હું ગ્રહણ ન કરું, એ પ્રકારે શંકિત આદિ દોષના વિષયમાં અસંસ્તરણ હોતે છતે એષણાસમિતિ માટે અકલ્પ્ય ગ્રહણ કરે અથવા દીર્ઘ માર્ગની પ્રાપ્તિમાં અધ્વ જેવું સેવન કરે અર્થાત્ અધ્વમાં આહાર વગર રહી શકાય તેવો શક્તિવાળો આહાર વાપરે. આદાનનિક્ષેપણ આદિ સમિતિ માટે કોઈક કંપવાતાદિથી કંપમાન કરવાળા સાધુ અન્યત્ર પ્રમાર્જન કરે છે. અન્યત્ર વસ્તુ નિક્ષેપ કરે છે. આથી તેના પ્રશમ માટે-કંપના પ્રશમ માટે ઔષધાદિ સેવે. પારિષ્ઠાપનિકા સમિતિ માટે સ્થંડિલના અભાવમાં=વિશુદ્ધ ભૂમિના અભાવમાં, અથવા કાયિકી સંજ્ઞાનું ક્યારેક અક્ષમપણું હોવાથી પૃથ્વી આદિની વિરાધના કરતો પણ કરે=કાયિક સંજ્ઞા કરે. મને હમણાં કાયિકી આદિ આબાધાથી મૃત્યુ ન થાઓ. જીવતો ફરી આ સમિતિને યથાસ્થિત પાલન કરીશ. આ સર્વ અર્થે ઔષધાદિ સેવન કરતા અથવા સ્થૂલથી વિપરીત પ્રવૃત્તિ કરતા સાધુ સમિતિ હેતુ કલ્પિકા પ્રતિસેવાને આચરે છે.

૭) ગુપ્તિના હેતુથી – ક્યારેક વિષમ આતંકાદિમાં=તાવ આદિમાં, ઔષધ વગર અપ્રતિકાર્ય હોતે છતે વૈદ્યથી ઉપદિષ્ટ વિકટ=દોષિત સ્વલ્પ જ આસેવન કરે. હું વૈકલ્પ્યથી=વિહ્વળતાથી મન, વચન, કાયાથી અગુપ્ત ન થાઉં, એ પ્રકારે ગુપ્તિહેતુ કલ્પિકા પ્રતિસેવા છે.

૮) સાધર્મિકવાત્સલ્યરૂપ હેતુથી – કંઈક અકલ્પ્યનું પ્રતિસેવન કરે છે. જે પ્રમાણે વજસ્વામી દ્વારા અશિખામુંડ એવા ગૃહસ્થને પટ ઉપર અધિરોહણ કરીને દુર્ભિક્ષથી નિસ્તારણ કરાયો અને આ=ગૃહસ્થનું કૃત્ય કરવું એ, સાધુને કલ્પતું નથી; કેમ કે અસંયતને તું બેસ, એ પ્રમાણે આજ્ઞાદાનનું પણ નિષિદ્ધપણું છે. આ પ્રકારની પ્રતિસેવા તે સાધર્મિકવાત્સલ્યરૂપ કલ્પિકા પ્રતિસેવા છે.

૯-૧૦-૧૧) કુલ, ગણ સંઘનાં કાર્યો સમુત્પન્ન હોતે છતે વશીકરણાદિ કે ચૂર્ણ યોગાદિ કરે છે, તે કુલ, ગુણ, સંઘ કાર્યવિષયક કલ્પિકા પ્રતિસેવા છે.

**૧૨-૧૩-૧૪-૧૫-૧૬) આચાર્ય, અસહિષ્ણુ, ગ્લાન, બાલ અને વૃદ્ધોને જેનાથી સમાધિ થાય=જે આહાર આદિની પ્રાપ્તિથી સંયમના પરિણામની વૃદ્ધિમાં યત્ન થાય, તે કરાય છે=તે દોષ સેવીને પણ તેઓ અર્થે કરાય છે. ત્યાં=આચાર્ય આદિમાં, રાજા, યુવરાજ, અમાત્ય, શ્રેષ્ઠી, પુરોહિત, અસહિષ્ણુ પુરુષો કહેવાય છે અને આ=રાજા વગેરે અંતપ્રાંત વડે વિપરિણમન પામે છે=શરીરની અસ્વસ્થતાને કારણે સંયમમાં યત્ન કરવા અસમર્થ બને છે અને બાલને, વૃદ્ધને કારણથી દીક્ષા અપાય છે. જે પ્રમાણે આર્ય વજ્રસ્વામી બાળ અવસ્થામાં દીક્ષા અપાયા અને આર્યરક્ષિતના પિતા વૃદ્ધ હોવા છતાં કારણે દીક્ષા અપાયા. આમના માટે=બાલ અને વૃદ્ધ માટે, પંચક દશક આદિ આપત્તિના ક્રમથી યાવત્ આધાકર્મી પણ અપાય છે. તે આચાર્ય આદિ અર્થક કલ્પિકા પ્રતિસેવા છે.**

**૧૭) ઉદક – નદીપ્રવાહાદિ**

**૧૮) અગ્નિ – દાવાગ્નિ=દાવાનલનો અગ્નિ**

**૧૯) ચોર બે પ્રકારના છે. વસ્ત્રાદિ ઉપધિનું હરણ કરનારા અને શરીરને હરનારા અર્થાત્ સાધુને ઉપાડી જાય તેવા**

**૨૦) શ્વાપદ – સિંહ, હાથી, વાઘ આદિ. તન્નિમિત્તક=પાણી વગેરે નિમિત્તક, ઉપદ્રવ ઉપસ્થિત થયે છતે સ્તંભનવિદ્યાથી નદીપૂરાદિને સ્તંભિત કરે. વિદ્યાના અભાવમાં પલાયન કરાય છે અર્થાત્ વિહાર કરાય છે, વિહાર કરવાના અસમર્થપણામાં અથવા શ્રાંતપણામાં સચિત્ત વૃક્ષ ઉપર પણ આરોહણ કરાય છે. આ સર્વ શ્વાપદ નિમિત્તક કલ્પિકા પ્રતિસેવારૂપ અતિચારો છે.**

**૨૧) અને ભય – ધાટી=ધાડ આદિ, તે હોતે છતે પલાયમાન થતા પૃથ્વી આદિની વિરાધના કરે, તે ભયનિમિત્તક કલ્પિકા પ્રતિસેવા છે.**

**૨૨) કાંતાર – અરણ્યાદિ જેમાં ભક્ત, પાણી આદિનો લાભ સંભવતો નથી જ ત્યાં કદલી આદિ ફળો અથવા ઉદક આદિ પ્રાસુકને ગ્રહણ કરે તે કાંતાર નિમિત્ત કલ્પિકા પ્રતિસેવા છે.**

**૨૩) આપદ્ – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ વડે ચાર પ્રકારની છે. દ્રવ્યથી પ્રાસુક ઉદકાદિના અલાભમાં, ક્ષેત્રથી દીર્ઘ માર્ગની પ્રાપ્તિમાં, કાળથી દુર્ભિક્ષાદિમાં, ભાવથી ગ્લાનત્વાદિમાં ત્યાં=તેવા સંયોગોમાં, કંઈક અકલ્પ્ય પણ પ્રતિસેવન કરે છે. તે આપદ્ નિમિત્તક કલ્પિકા પ્રતિસેવા છે.**

**૨૪) વ્યસન નિમિત્ત – પૂર્વાભ્યાસથી જનિત પ્રવૃત્તિ હેતુ હોવાથી ગીતવ્યસની દીક્ષિત કોઈપણ ગીત ઉચ્ચાર કરે અથવા તાંબૂલ વ્યસની પ્રવ્રજિત, પક્વશુષ્કતાંબૂલ પત્રાદિને મુખમાં નાખે તે વ્યસન નિમિત્ત કલ્પિકા પ્રતિસેવા છે. આ ચોવીશ કલ્પભેદો છે=આચારના ભેદો છે. ॥૨૦-૨૧॥**

**ભાવાર્થ :-**

(૧) ભગવાનનું શાસન સ્યાદ્વાદને બતાવનારું છે અને સ્યાદ્વાદના સૂક્ષ્મ બોધને કરાવનાર સંમતિ આદિ સત્શાસ્ત્રો છે અને જે મહાત્મા પાસે તેના પરમાર્થને જાણવાની શક્તિ છે, તે મહાત્મા યોગ્ય સ્થાને ભણવા

માટે યત્ન કરે ત્યારે તે સ્થાનમાં વસતી આદિ કે આહારાદિ કલ્પ્ય ન મળતાં હોય અને અકલ્પ્યને જ ગ્રહણ કરીને તે ભણી શકે તેમ હોય ત્યારે તે અકલ્પ્યનું સેવન દર્શનશાસ્ત્રના સૂક્ષ્મ પરમાર્થને જાણીને દર્શન શુદ્ધિનું પ્રબળ કારણ હોવાથી દર્શનનિમિત્તક કલ્પિકા પ્રતિસેવા કહેવાય છે. જોકે દર્શનશાસ્ત્રનું અધ્યયન ચારિત્રની વિશેષ શુદ્ધિનું જ પ્રબળ કારણ છે; કેમ કે શ્રુતનો સૂક્ષ્મ બોધ સંમતિ આદિ ગ્રંથોથી થાય છે જેનાથી ક્ષપકશ્રેણીને અનુકૂળ ચારિત્રની સૂક્ષ્મ શુદ્ધિ પ્રાપ્ત થાય છે. તોપણ ભગવાનના શાસનરૂપ સ્યાદ્વાદના મર્મને બતાવનાર હોવાથી પ્રધાનરૂપે દર્શનપ્રભાવક શાસ્ત્રો કહેવાય છે.

(૨) જ્ઞાનનિમિત્ત – આગમનાં સૂત્રો અને અર્થો ભણવા માટે તથાવિધ સામગ્રીના અભાવને કારણે કે અન્ય કોઈ કારણે અકલ્પ્યને સેવ્યા વગર જ્ઞાનનું અધ્યયન સંભવે તેમ ન હોય ત્યારે જ્ઞાનના સૂક્ષ્મ તત્ત્વની પ્રાપ્તિ અર્થે કોઈ સાધુ અકલ્પ્ય સેવે તો તે જ્ઞાનનિમિત્તક કલ્પિકા પ્રતિસેવા છે.

(૩) ચારિત્રનિમિત્તક – સંયમનું શુદ્ધ પાલન અશક્ય હોય તે વખતે તે ક્ષેત્રમાં એષણાના દોષના નિવારણ અર્થે કે સ્ત્રી કૃત કોઈ ઉપદ્રવ થાય તેમ હોય તેના નિવારણ અર્થે, તે ક્ષેત્રથી સાધુએ વિહાર કરવો જોઈએ અને તે ક્ષેત્રથી વિહાર કરવા માટે અકલ્પ્યનું સેવન કર્યા વગર જવું શક્ય ન હોય તો ચારિત્રના રક્ષણ અર્થે અકલ્પ્યને સેવીને પણ સાધુ વિહાર કરે ત્યારે અકલ્પ્યના સેવનનો પરિણામ નથી, પરંતુ સંયમના રક્ષણનો સુવિશુદ્ધ પરિણામ છે. તેથી તે પ્રતિસેવા ચારિત્રનિમિત્તક કલ્પિકા પ્રતિસેવા કહેવાય છે.

(૪) તપોનિમિત્તક – વળી, કોઈ સાધુ વિશેષ પ્રકારનો તપ કરીને આત્માને ભાવિત કરવા ઇચ્છે છે અને તપકાળમાં મહાધૃતિના બળથી અસંગભાવની વૃદ્ધિ કરી શકે તેમ હોય ત્યારે તે તપકાળમાં સૂત્ર-અર્થના પરાવર્તનમાં દૃઢ ઉદ્યમશીલ થાય તે પ્રયોજનથી નિર્દોષ ઘી આદિ વાપરે તે તપનિમિત્તક કલ્પિકા પ્રતિસેવા છે; કેમ કે ઉત્સર્ગથી સાધુને વિગઈઓ ગ્રહણ કરવી કલ્પે નહિ. તેથી ઘી આદિ દ્રવ્યો સાધુ વાપરે નહિ, છતાં તપવૃદ્ધિ દ્વારા આત્માને ભાવિત કરવાનો સુવિશુદ્ધ આશય હોય તો અપવાદથી વાપરે. અથવા માસક્ષમણ આદિ તપ કર્યા પછી રાબ આદિ વાપરે અને તે નિર્દોષ ન મળે તો આધાકર્માદિ પણ વાપરે જેથી અન્ય એવા શીતાદિ પદાર્થોથી રોગ થાય નહિ. અથવા શર્કરા આમલક આદિ વાપરે તે સર્વ સામાન્યથી સાધુને વાપરવાનો નિષેધ હોવા છતાં તપ કર્યા પછી સંયમ દેહના રક્ષણ અર્થે અપવાદથી તેવી કોઈ વસ્તુ વાપરે તે તપનિમિત્તક કલ્પિકા પ્રતિસેવા છે.

(૫) પ્રવચનરક્ષાનિમિત્ત – પ્રવચનરક્ષાનિમિત્તે વિષ્ણુકુમાર આદિની જેમ કોઈ મહાત્મા વૈક્રિય શરીર બનાવે કે અન્ય જે કાંઈ ઉચિત હોય તે કરે તે સર્વ પ્રવૃત્તિમાં પ્રવચનનો રાગ પ્રવર્તક હોવાથી ઉત્સર્ગમાર્ગથી વિપરીત પ્રવૃત્તિ હોવા છતાં કલ્પિકા પ્રતિસેવારૂપ છે; કેમ કે સાધુને સંયમવૃદ્ધિનું કોઈ પ્રયોજન ન હોય તો ઉત્સર્ગથી વૈક્રિય શરીર બનાવવાનો પણ નિષેધ છે.

(૬) સમિતિ હેતુથી – (i) કોઈ સાધુની શક્તિની અલ્પતાને કારણે ઈરિયાસમિતિની શુદ્ધિ ન થતી હોય ત્યારે વૈદ્યે બતાવેલ ઔષધાદિનું પાન કરે. તે વખતે સુસાધુને ચક્ષુના તેજની અપેક્ષા નથી પરંતુ જીવરક્ષાના કારણીભૂત ચક્ષુનું તેજ પુષ્ટ બને જેના બળથી કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ જીવરક્ષાને અનુકૂળ

સુદઢ વ્યાપાર કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે તેવા નિર્મળ આશયપૂર્વક ઉત્સર્ગથી ઔષધાદિનો નિષેધ હોવા છતાં અપવાદથી ઔષધાદિનું પાન કરે ત્યારે ઈર્યાસમિતિના પ્રયોજનથી કલ્પિકા પ્રતિસેવાની પ્રાપ્તિ થાય છે.

(ii) ભાષાસમિતિ – વળી, કોઈ રોગને કારણે ચિત્ત હંમેશાં વ્યાક્ષેપ આદિ પામે તેવું જણાય, ત્યારે ભાષાસમિતિમાં પોતાની વિપરીત પ્રવૃત્તિ ન થાય, તેવા વિશુદ્ધ આશયપૂર્વક સંયમના કંડકોની વૃદ્ધિના અર્થી સાધુ ચિત્તના વ્યાક્ષેપ આદિના શમન માટે ઔષધ આદિનું પાન કરે ત્યારે ભાષાસમિતિ નિમિત્તે કલ્પિકા પ્રતિસેવાની પ્રાપ્તિ થાય.

(iii) એષણા સમિતિ – વળી કોઈ સાધુનું શરીરબળ એ પ્રકારનું દુર્બળ હોય કે જેના કારણે ઉચિત આહાર આદિની યતના ન કરવામાં આવે તો ગ્લાનત્વ આદિ ભાવની પ્રાપ્તિ થાય અને તે ગ્લાનત્વ આદિ ભાવના કારણે આહાર વગર પોતાના માટે સંયમના કંડકોની વૃદ્ધિ અશક્ય જણાય ત્યારે નિર્દોષ ભિક્ષાની અપ્રાપ્તિ કાળમાં શંકિતાદિ દોષો હોવા છતાં એષણા સમિતિ માટે=આધાકર્મી દોષના પરિહાર અર્થે એષણા સમિતિના પાલન માટે, અકલ્પ્ય ગ્રહણ કરે. અથવા દીર્ઘ વિહારનો માર્ગ પ્રાપ્ત થયે છતે અધ્વને અનુરૂપ કલ્પ સેવે અર્થાત્ દીર્ઘ અધ્વમાં આહારની અપ્રાપ્તિને કારણે અપવાદ સેવવાનો પ્રસંગ આવે, તેના પરિહાર અર્થે દીર્ઘ માર્ગમાં જતા પૂર્વે દેહમાં પુષ્ટતા પ્રાપ્ત થાય તેવો વિગઈ આદિનો નિર્દોષ આહાર ગ્રહણ કરે તે એષણા સમિતિના પાલન માટે અપવાદિક પ્રતિસેવા છે.

(iv) આદાનનિક્ષેપ સમિતિ – વળી કોઈ સાધુને કંપવાતાદિ રોગની પ્રાપ્તિ થઈ હોય જેના કારણે પ્રમાર્જના કરતાં સમ્યક્ પ્રમાર્જના કરી શકે નહિ. પાત્રાદિ વસ્તુનો નિક્ષેપ સમ્યક્ કરી શકે નહિ અને વિચારે કે આ રોગને કારણે મારાથી આદાનનિક્ષેપ સમિતિનું પાલન થતું નથી. તેથી રોગ પ્રત્યેના દ્વેષની બુદ્ધિથી નહિ, અથવા રોગના પ્રતિકારની બુદ્ધિથી નહિ પરંતુ આદાનનિક્ષેપ સમિતિના સમ્યક્ પાલનના સુવિશુદ્ધ આશયથી તે રોગના પ્રશમ માટે ઔષધાદિ સેવે ત્યારે આદાનનિક્ષેપ સમિતિના અર્થે કલ્પિકા પ્રતિસેવાની પ્રાપ્તિ થાય.

(v) પારિષ્ઠાપનિકા સમિતિ – પારિષ્ઠાપનિકા સમિતિના સમ્યક્ પાલનના અર્થી સાધુ શુદ્ધ ભૂમિનો અભાવ હોય ત્યારે અથવા ક્યારેક શુદ્ધ ભૂમિની પ્રાપ્તિ હોવા છતાં શરીરની તે પ્રકારની સ્થિતિ છે કે શુદ્ધ ભૂમિ સુધી જવા માટે પોતે અસમર્થ છે, ત્યારે પૃથ્વી આદિની વિરાધના કરતા પણ તે મહાત્મા કાયિકી સંજ્ઞા કરે. તે વખતે પણ પારિષ્ઠાપનિકા સમિતિ પ્રત્યેના રાગને કારણે તે મહાત્મા વિચારે છે કે મારી કાયિકી બાધાને કારણે મૃત્યુ ન થાઓ. તેથી કોઈક દોષ સેવનપૂર્વક જીવતો પણ હું આ પારિષ્ઠાપનિકા સમિતિનું યથાસ્થિત પાલન કરીશ. તેથી પારિષ્ઠાપનિકા સમિતિના સમ્યક્ પાલનના રાગપૂર્વક કંઈક પૃથ્વી આદિની વિરાધના થાય તે રીતે કાયિકી સંજ્ઞા કરનાર મહાત્માને પણ પારિષ્ઠાપનિકા સમિતિ નિમિત્તક કલ્પિકા પ્રતિસેવાની પ્રાપ્તિ થાય અને જો તે મહાત્મા શુદ્ધ સ્થંડિલ ભૂમિ નથી માટે પૃથ્વી આદિની વિરાધનાપૂર્વક કાયિકી સંજ્ઞા કરે અથવા કાયિકી સંજ્ઞા કરવાની સંજ્ઞા તીવ્ર હોય અને તેવા પરિણામથી જ પૃથ્વી આદિની વિરાધના કરે તો શરીરની શાતાના રાગથી થયેલી તે પ્રતિસેવા દર્પિકા પ્રતિસેવા થાય.

(૭) ગુપ્તિના હેતુથી – ક્યારેક વિષમ આતંક આદિમાં દોષ સેવ્યા વગર નિર્દોષ ઔષધથી તેનો પ્રતિકાર અસંભવ હોય ત્યારે વૈદ્યથી ઉપદિષ્ટ સ્વલ્પ જ વિકટ=પ્રાયશ્ચિત્ત યોગ્ય, પ્રતિસેવા સેવે અને વિચારે કે જો હું આ ઔષધ નહિ સેવું તો જ્વરાદિ રોગો અતિશય થશે. જેના કારણે મારી મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિપૂર્વકની સંયમને અનુકૂળ જે ઉચિત પ્રવૃત્તિ છે, તેનો નાશ થશે. એ પ્રકારની પોતાની શક્તિનું સમાલોચન કરીને ગુપ્તિના રક્ષણપૂર્વક સંયમની વૃદ્ધિના રક્ષણ અર્થે જે સાધુ સ્વલ્પ જ પ્રતિસેવા કરે છે, તે ગુપ્તિહેતુક કલ્પિકા પ્રતિસેવા છે.

(૮) સાધર્મિકવાત્સલ્યના હેતુથી – કોઈક મહાત્મા કંઈક અકલ્પ્યનું પ્રતિસેવન કરે. જેમ વજ્રસ્વામીએ અશિખામુંડને પટમાં આરોપણ કરીને દુર્ભિક્ષથી નિસ્તાર કર્યો. સામાન્યથી સાધુને અસંયતને આશ્રયીને 'તું બેસ', એ પ્રમાણે આજ્ઞાદાનનો પણ નિષેધ છે. તેના બદલે પટ ઉપર આરોપણ કરીને ક્ષેત્રાંતરમાં લઈ જવાની ક્રિયા વજ્રસ્વામીએ કરી તે સમાનધર્મી એવા શ્રાવકની તેવા સંયોગમાં ભક્તિ કરવી કે જેથી તે મહાત્મા વિશેષ ધર્મ સેવીને આત્મહિત સાધી શકે તેવું જણાવાથી અપવાદથી જે પ્રતિસેવા કરી તે સાધર્મિકવાત્સલ્ય નિમિત્ત કલ્પિકા પ્રતિસેવા છે.

(૯-૧૦-૧૧) કુલ, ગણ, સંઘનાં કાર્યો ઉત્પન્ન થયે છતે કોઈ સાધુ વશીકરણાદિ કરે કે ચૂર્ણ યોગાદિ કરે, જેનાથી કુલાદિ ઉપર આવેલી આપત્તિ દૂર થાય, તે પ્રવૃત્તિ ઉત્સર્ગથી સાધુને નિષેધ હોવા છતાં ધર્મવૃદ્ધિનું અંગ હોવાથી કુલાદિ નિમિત્તક કલ્પિકા પ્રતિસેવા છે.

(૧૨-૧૩-૧૪-૧૫-૧૬) આચાર્ય, અસહિષ્ણુ, ગ્લાન, બાલ, વૃદ્ધને જેનાથી સમાધિ થાય અર્થાત્ જે અપવાદસેવનને કારણે તેઓ સંયમયોગમાં દૃઢ પ્રવૃત્તિ કરી શકે તેવી ચિત્તની સ્વસ્થતારૂપ દૃઢ સમાધિ થાય તે પ્રકારે અપવાદથી પ્રતિસેવના કરવામાં આવે ત્યારે આચાર્યાદિ નિમિત્તક કલ્પિકા પ્રતિસેવાની પ્રાપ્તિ થાય છે.

ત્યાં અસહિષ્ણુ પુરુષો રાજા, યુવરાજ, અમાત્ય, શ્રેષ્ઠી અને પુરોહિત છે. તેઓ ભવથી વિરક્ત થઈને સંયમ ગ્રહણ કરેલું હોય, પરંતુ અંતપ્રાંતાદિ ભિક્ષાથી સંયમમાં યત્ન કરવા અસમર્થ હોય, તેઓને નિર્દોષ પણ તેઓના દેહને અનુકૂળ એવી ભિક્ષા લાવી આપવામાં આવે અને નિર્દોષની અપ્રાપ્તિમાં પંચક દશકાદિ દ્વારા=સાધુને દોષિત ભિક્ષાગ્રહણમાં પાંચ દિવસનું પ્રાયશ્ચિત્ત આવતું હોય તે જઘન્ય પ્રાયશ્ચિત્ત છે, તેવી શક્યતા ન હોય તો દશ-પંદર આદિ દિવસોના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય તેવા ક્રમથી, ભિક્ષા લાવવામાં આવે. જેનાથી અસહિષ્ણુ પણ તેઓ ગુપ્તિમાં યત્ન કરીને સંયમમાં વૃદ્ધિ કરી શકે, તેઓ માટે તે પ્રકારની ભિક્ષાનું ગ્રહણ તે કલ્પિકા પ્રતિસેવા છે.

વળી, વજ્રસ્વામીની જેમ આઠ વર્ષની પૂર્વે કારણે દીક્ષા અપાયેલી હોય, એવા બાલ મુનિને કે આર્યરક્ષિતના પિતા કે જે વૃદ્ધ હતા, એમની જેમ કારણે કોઈને વૃદ્ધાવસ્થામાં દીક્ષા અપાઈ હોય તો તેઓના પરિણામોની વૃદ્ધિને અનુકૂળ અપવાદ સેવીને પણ આહારાદિ લાવી આપવામાં આવે તો તે કલ્પિકારૂપ પ્રતિસેવા છે.

(૧૭-૧૮-૧૯-૨૦) કોઈ સાધુ જે નગરમાં રહ્યા હોય ત્યાં નદીનું પૂર આવે અથવા દાવાગ્નિ લાગે અથવા ચોર વગેરે કોઈ આવે અને સાધુની ઉપધિનું હરણ કરે તેમ હોય કે સાધુને ઉપાડી જાય તેમ હોય અથવા કોઈ હિંસક પ્રાણી આવે ત્યારે તે નિમિત્તના ઉપદ્રવથી પોતાનું રક્ષણ કરીને સંયમના પરિણામનું રક્ષણ કરી શકે તેમ હોય અને તે ઉપદ્રવથી રક્ષણ ન કરે તો તે ઉપદ્રવથી સંયમના પરિણામનો ભંગ થાય તેમ હોય ત્યારે પોતાની શક્તિ હોય તો સ્તંભનવિદ્યાથી પણ નદીના પૂરાદિને સ્તંભન કરે. આ રીતે વિદ્યાનો પ્રયોગ કરવો, તે ઉત્સર્ગથી સાધુને કલ્પે નહિ તોપણ સંયમના પરિણામનું રક્ષણ તે સિવાય શક્ય ન જણાય ત્યારે વિદ્યાથી રક્ષણ કરે તોપણ શુદ્ધાશય હોવાથી તે કલ્પિકા પ્રતિસેવા થાય છે.

વળી, તેવા ભયમાં વિદ્યા ન હોય તો સાધુ પલાયન થાય અને પલાયન થવા સમર્થ ન હોય તો સચિત્ત વૃક્ષાદિ ઉપર આરોહણ કરે. આમ છતાં દેહના રક્ષણ માટે કે શાતા અર્થે સાધુ તે પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ સંયમના પરિણામના રક્ષણ અર્થે અને સંયમપાલનના અંગભૂત દેહના રક્ષણ માટે સાધુ તે પ્રકારની પ્રતિસેવા કરે તો તે કલ્પિકા પ્રતિસેવા કહેવાય.

(૨૧) વળી, કોઈક સ્થાનમાં ધાડ આદિ પડી હોય તે વખતે સાધુ પોતાના દેહના રક્ષણ માટે શીઘ્ર પલાયન ન થાય તો તે ઘાતકી પ્રાણીઓ સાધુની હિંસા કરે. સાધુને દુર્ધ્યાન થાય એવા સંયોગો હોય ત્યારે સંયમના પાલનના અર્થી સાધુ પૃથ્વી આદિની વિરાધના કરતા કરતા શીઘ્ર પલાયન થાય, તે વખતે જે વિરાધના છે, તે સંયમનાશના ભયથી સેવાયેલ હોય તો કલ્પિકા પ્રતિસેવા છે.

(૨૨) કોઈ સાધુ જંગલ આદિમાં ભૂલા પડ્યા હોય ત્યાં ભક્ત-પાનાદિનો લાભ સંભવે નહિ ત્યારે અકાળે મૃત્યુ થવાની સંભાવના જણાય અને દુર્ધ્યાનની પ્રાપ્તિ થાય તેમ જણાય ત્યારે દુર્ધ્યાનથી આત્માનું રક્ષણ કરવા અર્થે કદલી આદિ અચિત્ત ફળો અને કોઈક રીતે અચિત્ત પાણી આદિ પ્રાપ્ત થાય, તેને ગ્રહણ કરીને સંયમનું રક્ષણ કરે તે કાંતાર આદિ નિમિત્તક કલ્પિકા પ્રતિસેવા છે.

(૨૩) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિષમ હોય ત્યારે સંયમનું રક્ષણ અશક્ય જણાય તે વખતે કોઈ સાધુ વિચારે કે ભાવપ્રાણના રક્ષણ માટે કંઈક અકલ્પ્ય સેવીને જ રક્ષણ થઈ શકે તેમ છે, ત્યારે આત્મવંચના કર્યા વગર સંયમના પરિણામના રક્ષણનું અંગ હોય, તેટલું અકલ્પ્ય પ્રતિસેવન કરે, ત્યારે પણ સંયમના રક્ષણનો વિશુદ્ધ આશય હોવાથી તે વિપરીત પ્રતિસેવન કલ્પિકા પ્રતિસેવારૂપ છે.

(૨૪) વ્યસન નિમિત્ત – કોઈ સાધુને ગીત ગાવાનું વ્યસન હોય, તેના કારણે વારંવાર ગીત ગાઈને જ આનંદ લઈ શકે તેવી પ્રકૃતિ થયેલી હોય ત્યારે ભગવાનના ગુણોનું સ્મરણ થાય તેવાં ગીતોનું ઉચ્ચારણ કરે તે કલ્પિકા પ્રતિસેવા છે.

સામાન્યથી સાધુને ગીત ગાવાનો નિષેધ છે. તેથી ભગવાનની સ્તુતિ પણ ભગવાનના ગુણગાનને અનુકૂળ પ્રયત્નથી કરે, પરંતુ ગીત ગાઈને આનંદ લેવાની પ્રકૃતિથી કરે નહિ. છતાં કોઈકને ગીતનું વ્યસન હોય ત્યારે તે પ્રકારના ભગવાનના ગુણગાનને કરનારાં ગીતો ગાય તે કલ્પિકા પ્રતિસેવા છે.

વળી, કોઈકને ગૃહસ્થ અવસ્થામાં પાન ખાવાનું વ્યસન હોય અને સંયમ ગ્રહણ કર્યા પછી તે વ્યસનને

કારણે પાનનું સ્મરણ થવાથી ગુપ્તિનો ભંગ થતો હોય ત્યારે તે વ્યસનના સ્વાદને શાંત કરવા અર્થે પક્વ થયેલા, સુકાઈ ગયેલા તાંબૂલના પત્રાદિને ગ્રહણ કરે, જેથી તે ઇચ્છા શાંત થાય. જેના કારણે સુખપૂર્વક સંયમયોગમાં યત્ન થઈ શકે તે વખતે તાંબૂલ પત્રાદિનું ગ્રહણ તે કલ્પિકા પ્રતિસેવારૂપ છે અને જેઓ પાનનું સ્મરણ થાય છે તેમ વિચારીને, તે ઇચ્છાના શમન અર્થે સૂકાં પાંદડાં ગ્રહણ કરે, ત્યારે શાતાના રાગથી તે તાંબૂલ પત્રાદિનું ગ્રહણ હોવાથી દર્પિકા પ્રતિસેવાની પ્રાપ્તિ થાય. માટે સંયમના પ્રયોજનનું સ્મરણ કરીને સંયમમાં ઉપયોગી જણાય તેટલું જ તાંબૂલ પત્રનું ગ્રહણ કરે તો કલ્પિકા પ્રતિસેવા થાય. **॥૨૦-૨૧॥**

**અવતરણિકા :-**

**ગાથા-૧૬માં આજ્ઞા વ્યવહાર કરનાર સાધુ પરિણત શિષ્ય પાસે કઈ રીતે આલોચન કરે, તે બતાવવા અર્થે પ્રાયશ્ચિત્તના બે આદિ ભેદોનું વિવેચન કરેલ. ત્યારપછી દર્પિકા પ્રતિસેવા અને કલ્પિકા પ્રતિસેવાના ભેદો બતાવ્યા. હવે આજ્ઞા વ્યવહારથી પરિણત શિષ્ય પાસે આલોચના કરવા અર્થે ગૂઢ ભાષામાં કઈ રીતે પોતાની આલોચના શિષ્યને કહે, જેનું પ્રાયશ્ચિત્ત તે શિષ્યો ગીતાર્થ પાસે લેવા માટે જાય તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ठावेउ दप्पकप्पे, हेट्ठा दप्पस्स दस पए ठावे ।**
**कप्पस्स चउव्वीसइ, तेसिमह ट्ठारस पयाइं ।।२२।।**

**અન્વયાર્થ :-**

**दप्पकप्पे ठावेउ=દર્પ અને કલ્પને સ્થાપન કરીને=ઉપરમાં સ્થાપન કરીને, दप्पस्स हेट्ठा=દર્પની નીચે, दस पए ठावे=દશ પદોની સ્થાપના કરે. कप्पस्स चउव्वीसइ=કલ્પની નીચે ચોવીશ (સ્થાપના કરે.) तेसिमह=તેઓની નીચે=દશ અને ચોવીશ પદોની નીચે, अट्ठारस पयाइं=અઢાર પદોની સ્થાપના કરે. ॥૨૨॥**

**ગાથાર્થ :-**

**દર્પ અને કલ્પને સ્થાપન કરીને=ઉપરમાં સ્થાપન કરીને, દર્પની નીચે દશ પદોની સ્થાપના કરે. કલ્પની નીચે ચોવીશ પદોની સ્થાપના કરે. તેઓની=દશ અને ચોવીશ પદોની નીચે અઢાર પદોની સ્થાપના કરે. ॥૨૨॥**

**ટીકા :-**

**'ठावेउ'त्ति । स्थापयित्वा उपरि दर्पकल्पौ दर्पस्याधस्ताद्दश पदानि स्थापयेत्, कल्पस्याधस्ताच्चतुर्विंशतिः । 'तेषां' दशचतुर्विंशतिपदानामधोऽष्टादश पदानि व्रतषटकादीनि स्थापयेत् ।।२२।।**

**ટીકાર્થ :-**

स्थापयित्वा ..... स्थापयेत् ।। ઉપરમાં દર્પ અને કલ્પને સ્થાપન કરીને દર્પની નીચે દશ પદોને સ્થાપન કરે. કલ્પની નીચે ચોવીશ પદો સ્થાપન કરે. તેઓની=દશ અને ચોવીશ પદોની નીચે વ્રતષટ્કાદિ અઢાર પદોને સ્થાપન કરે. ॥૨૨॥

**અવતરણિકા :-**

तथा च –

**અવતરણિકાર્થ :-**

અને તે રીતે=ગાથા-૨૨માં દર્પ, કલ્પ અને અઢાર વિરાધના સ્થાનોની સ્થાપના બતાવી તે રીતે, શું પ્રાપ્ત થાય ? તે બતાવે છે –

**ગાથા :-**

**दप्पम्मि असीइसयं, चत्तारि सयाणी हुंति बत्तीसं ।**
**कप्पम्मि य संजोगा, पढमाइपएहिं अभिलप्पा ।।२३।।**

**અન્વયાર્થ :-**

दप्पम्मि असीइसयं=દર્પમાં એકશો એંશી, कप्पम्मि य चत्तारि सयाणी बत्तीसं संजोगा हुंति=અને કલ્પમાં ચારસોને બત્રીશ સંયોગો થાય છે. पढमाइपएहिं अभिलप्पा=પ્રથમાદિ પદ વડે અભિલાપ્ય છે. ॥૨૩॥

**ગાથાર્થ :-**

**દર્પમાં એકસો એંશી, કલ્પમાં ચારસોને બત્રીશ સંયોગો થાય છે અને દર્પમાં સંયોગો પ્રથમાદિ પદ વડે અભિલાપ્ય છે. ॥૨૩॥**

**ટીકા :-**

'दप्पम्मि'त्ति । दर्पेऽशीत्यधिकं शतं कल्पे च चत्वारि शतानि द्वात्रिंशच्च संयोगा अगीतार्थाप्रत्यायनाय गूढरीत्याऽऽलोचकेनोच्चार्यमाणैः प्रथमादिपदैरभिलप्याः, तथाहि–

'पढमस्स य कज्जस्सा, पढमेण पएण सेविअं जं तु ।
पढमे छक्के अब्भिंतरं तु पढमं हवे ठाणं ।।१।।'

अत्र प्रथमस्य कार्यस्य दर्पिकासेवालक्षणस्य प्रथमेन पदेन तद्भेदान्तर्गतेन दर्पेणाऽऽसेवितं यत् प्रथमे षट्केऽभ्यन्तरमन्तर्गतं प्रथमं प्राणातिपाताख्यं भवेदतिचारस्थानमापन्नम् । इत्येवं गूढपदेन प्राणातिपातातिचारनिर्देशः । एवं–'बिइयं भवे ठाणं, तइयं भवे ठाणं, बिइए छक्के, तइए छक्के,

बिइएण पएण, तइएण पएण' इत्यादि क्रमेण चारणिकयाऽशीत्यधिकं शतं भवति । एवं– 'बिइअस्स य कज्जस्स य, पढमेण पएण सेविअं जं तु ।' इत्यादि क्रमेणापि द्वात्रिंशदधिकानि चत्वारि शतानि भवन्तीति ।।२३।।

**ટીકાર્થ :-**

दर्पेऽशीत्यधिकं ..... भवन्तीति ।। દર્પમાં એકસો એંશી અને કલ્પમાં ચારસો ને બત્રીશ સંયોગો અગીતાર્થના અપ્રત્યાયન માટે=આજ્ઞા વ્યવહારમાં મોકલવા યોગ્ય અગીતાર્થ સાધુના અબોધ માટે ગૂઢ રીતિથી આલોચક વડે=આજ્ઞા વ્યવહારથી અતિચારોની શુદ્ધિ કરવા માટે તત્પર થયેલા ગીતાર્થ સાધુ વડે, ઉચ્ચારણ કરાતાં પ્રથમાદિ પદો વડે અભિલાપ કરવા જોઈએ. આ કથનને 'तथाहि'થી સ્પષ્ટ કરે છે.

પ્રથમ કાર્યનું પ્રથમ પદથી જે વળી સેવાયું. પ્રથમ છક્કમાં પ્રથમ અભ્યંતર સ્થાન થાય. ।।૧।।

અહીં=ઉદ્ધરણની ગાથામાં દર્પિકા સેવા લક્ષણ પ્રથમ કાર્યનું પ્રથમ પદથી=તદ્ભેદ અંતર્ગત એવા દર્પથી આસેવન કરાયું. જે પ્રથમ ષટ્કમાં=અઢાર પાપસ્થાનકના ત્રણ ષટ્કમાંથી પ્રથમ ષટ્કમાં, પ્રાણાતિપાત નામનું પ્રથમ આચાર સ્થાન પ્રાપ્ત થયેલું છે. આ પ્રકારે ગૂઢપદ દ્વારા પ્રાણાતિપાતના અતિચારનો નિર્દેશ છે.

એ રીતે=પ્રથમ સ્થાન બતાવ્યું એ રીતે.

બીજું સ્થાન થાય, ત્રીજું સ્થાન થાય, બીજા ષટ્કમાં થાય=ત્રણ ષટ્કમાંથી બીજા ષટ્કમાં થાય. ત્રીજા ષટ્કમાં થાય. બીજા પદથી થાય, ત્રીજા પદથી થાય ઈત્યાદિ ક્રમથી ચારણિકાથી=વિભાગો કરવાથી એકસો અધિક એંશી=૧૮૦ વિકલ્પો થાય છે. એ રીતે=દર્પમાં બતાવ્યું એ રીતે બીજા કાર્યના=કલ્પિકારૂપ કાર્યના, પ્રથમ પદથી જે સેવિત છે ઈત્યાદિ ક્રમથી પણ ચારસો બત્રીશ=૪૩૨ વિકલ્પો થાય છે. ।।૨૩।।

स्थापना चेयम् –

૧. દર્પયંત્ર

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

૨. કલ્પયંત્ર

| | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | | | | | | |

અને સ્થાપના આ છે. ।।૨૩।।

ગાથા :-

सोऊण तस्स पडिसेवणं तु आलोअणाकमविहिं च ।

आगम पुरिसज्जायं, परिआय बलं च खित्तं च ।।२४।।

અન્વયાર્થ :-

तस्स=તેમની=આલોચના કરનાર આચાર્યની, पडिसेवणं=પ્રતિસેવનાને, च आलोअणाकमविहिं=અને આલોચના ક્રમવિધિને, आगम=આગમને, पुरिसज्जायं=પુરુષજાતને=તપશક્તિને, परिआय च=અને પર્યાયને=ગૃહસ્થ પર્યાય અને સંયમ પર્યાયને, बलं च=બળને=શારીરિક બળને, खित्तं च=ક્ષેત્રને, सोऊण=સાંભળીને=આલોચના લેવા માટે ગુરુ દ્વારા મોકલાયેલ તે શિષ્ય પ્રાયશ્ચિત્ત આપનારા આચાર્ય પાસે જાય છે, એમ અન્વય છે. ॥૨૪॥

ગાથાર્થ :-

**તેમની=આલોચના કરનાર આચાર્યની, પ્રતિસેવનાને, આલોચના ક્રમવિધિને, આગમને, પુરુષજાતને=તપશક્તિને, પર્યાયને=ગૃહસ્થ પર્યાય અને સંયમ પર્યાયને, બળને=શારીરિક બળને અને ક્ષેત્રને સાંભળીને આલોચના લેવા માટે ગુરુ દ્વારા મોકલાયેલ તે શિષ્ય આલોચના આપનારા આચાર્ય પાસે જાય છે એમ અન્વય છે. ॥૨૪॥**

ટીકા :-

'सोऊणं'ति । श्रुत्वा 'तस्य' आलोचकस्य प्रतिसेवनां 'आलोचनाक्रमविधिं च' आलोचनाक्रमपरिपाटीं चावधार्य तथा तस्य यावानागमोऽस्ति तावन्तमागमं तथा 'पुरुषजातं' अष्टमादिभिर्भावितमभावितं वा पर्यायं गृहस्थपर्यायो यावानासीत् यावांश्च तस्य व्रतपर्यायस्तावन्तमुभयं पर्यायं 'बलं' शारीरिकं तथा यादृशं तत्क्षेत्रमेतत्सर्वमालोचकाचार्यकथनतस्ततो दर्शनतश्चावधार्य स्वदेशं गच्छति ।।२४।।

ટીકાર્થ :-

श्रुत्वा ..... गच्छति ।। તે આલોચકની પ્રતિસેવાને સાંભળીને=આજ્ઞા વ્યવહારથી આલોચના ગ્રહણ કરવા તત્પર થયેલા એવા આલોચકની પ્રતિસેવાને સાંભળીને, આલોચના ક્રમવિધિને= આલોચનાની ક્રમ પરિપાટીને, અવધારણ કરીને અને તેમનો=આલોચના કરનાર સાધુનો, જેટલો આગમ છે તેટલા આગમને જાણીને અને પુરુષજાતને=અષ્ટમાદિ તપથી ભાવિત આલોચકના આત્માના પર્યાયને અથવા અભાવિત એવા આત્માના પર્યાયને, જેટલો ગૃહસ્થ પર્યાય હતો અને જેટલો વ્રત પર્યાય છે, તેટલા ઉભય પર્યાયને, શારીરિક બળને અને જેવા પ્રકારનું તે ક્ષેત્ર છે=જ્યાં આલોચક આચાર્ય વસે છે તે ક્ષેત્ર છે, આ સર્વને આલોચક આચાર્યના કથનથી જાણીને અને ત્યારપછી દર્શનથી અવધારણ કરીને સ્વદેશમાં જાય છે=આજ્ઞા વ્યવહારથી આચાર્યની આલોચના લેવા માટે તે શિષ્ય જે દેશમાં આલોચના આપનાર ગીતાર્થ આચાર્ય છે, તે દેશમાં જાય છે. ॥૨૪॥

ગાથા :-

आहारेउं सव्वं, सो गंतूणं पुणो गुरुसगासं ।
तेसि णिवेएइ तहा, जहाणुपुव्विं गयं सव्वं ।।२५।।

અન્વયાર્થ :-

सो=તે=આલોચનાચાર્થ દ્વારા આજ્ઞાપરિણત એવા મોકલાયેલા શિષ્ય, पुणो=વળી, सव्वं आहारेउं=સર્વને ધારણ કરીને, गुरुसगासं=ગુરુ પાસે, गंतूणं=જઈને, तेसि=તેઓને, जहाणुपुव्विं गयं=જે પ્રમાણે આનુપૂર્વીથી પોતે અવધારણ કરેલ, तहा=તે પ્રમાણે, सव्वं=સર્વને, णिवेएइ=નિવેદન કરે છે. ।।૨૫।।

ગાથાર્થ :-

**તે=આલોચનાચાર્ય દ્વારા આજ્ઞાપરિણત એવા મોકલાયેલા શિષ્ય, વળી સર્વને ધારણ કરીને= આલોચના વિષયક આલોચના કરનારા આચાર્યે ગૂઢભાષામાં કહેલી આલોચના, સંયમપર્યાયાદિ સર્વને ધારણ કરીને ગુરુ પાસે જઈને=આલોચના આપનાર ગુરુ પાસે જઈને, તેઓને જે પ્રકારે આનુપૂર્વીથી પોતે અવધારણ કરેલ. તે પ્રકારે સર્વને નિવેદન કરે છે. ।।૨૫।।**

ટીકા :-

'आहारेउं'ति । स आलोचनाचार्यप्रेषितं (प्रेषितः) 'सर्वम्' अनन्तरोदितम् 'आ' समन्ताद्धारयित्वा पुनरपि स्वदेश( ?शा)गमनेन गुरुसकाशं गत्वा 'तेषां' गुरूणां सर्वं तथा निवेदयति यथा 'आनुपूर्व्या' परिपाट्या 'गतम्' अवधारितम् ।।२५।।

❖ 'स्वदेशागमनेन'ને બદલે 'स्वदेशगमनेन' શબ્દ ભાસે છે.

ટીકાર્થ :-

स आलोचनाचार्यप्रेषितं ..... अवधारितम् ।। તે=આલોચનાચાર્ય વડે મોકલાવાયેલો શિષ્ય, અનંતર ઉદિત સર્વને આ=સર્વપણાથી, ધારણ કરીને ફરી પણ સ્વદેશથી ગમન દ્વારા ગુરુ પાસે જઈને તે ગુરુને=જેમની પાસે આલોચના ગ્રહણ કરવાની છે તે ગુરુને, સર્વ તે પ્રમાણે નિવેદન કરે છે. જે પ્રમાણે આનુપૂર્વીથી=પરિપાટીથી, અવધારણ કરાયેલું=આલોચના લેનારા આચાર્યના વચનથી અવધારણ કરાયેલું. ।।૨૫।।

ભાવાર્થ :-

પૂર્વની ગાથાઓમાં દર્પિકાના ૧૦ ભેદો, કલ્પિકાના ચોવીશ ભેદોનું સ્વરૂપ ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કર્યું. તે દર્પિકા અને કલ્પિકામાંથી કોઈક ભેદથી આલોચના કરનારા સાધુ દ્વારા વ્રતષટ્ક આદિ અઢાર અપરાધ સ્થાનો સાધુના સંયમજીવનને આશ્રયીને છે. તેમાંથી જે અપરાધ સ્થાન પોતાનાથી સેવન થયું છે, તે અપરાધ સ્થાનની આલોચના લેવા માટે જંઘાબળ ક્ષીણ થયેલા આચાર્ય પરિણત કોઈક ગીતાર્થ સાધુને તે

દેશમાં મોકલે છે, ત્યારે યંત્રમાં બતાવ્યું તે પ્રમાણે દર્પિકાનાં અને કલ્પિકાનાં અપરાધસ્થાનોની નીચે વ્રતષટ્કાદિ ૧૮ સ્થાનોને સ્થાપન કરીને ગૂઢભાષાથી આ કલ્પિકાનું અપરાધસ્થાન છે. આ દર્પિકાનું અપરાધસ્થાન છે અને દર્પિકાનું અપરાધસ્થાન પણ દશમાંથી કયું છે અને કલ્પિકાનું અપરાધસ્થાન પણ ચોવીશમાંથી કયું છે ? તે આજ્ઞાવ્યવહારની મર્યાદા અનુસાર ગૂઢભાષાથી અત્યંત સંવેગપૂર્વક પોતાના શિષ્યને કહે છે. ત્યારપછી પોતાની તપશક્તિ કેટલી છે ? પોતાનો ગૃહસ્થ પર્યાય કેટલો છે ? પોતાનો વ્રત પર્યાય કેટલો છે ? પોતાનું શરીરબળ કેટલું છે ? પોતે જે ક્ષેત્રમાં વસ્યા છે, તે ક્ષેત્ર કેવું છે ? તે સર્વ તે શિષ્યને કહે છે અને શિષ્ય પણ તે સર્વનું અવલોકન કરીને તે પ્રમાણે અવધારણ કરે છે અને તે સર્વ કથન જે ક્રમથી પોતાના ગુરુએ નિવેદન કર્યું તે ક્રમથી જ સર્વ તે પ્રકારે આલોચના આપનાર આચાર્યને નિવેદન કરે છે. જેના બળથી આલોચના આપનારા ગીતાર્થ સાધુ કયા પ્રકારના પ્રાયશ્ચિત્તથી તે મહાત્માના થયેલા અતિચારોની શુદ્ધિ થાય તેમ છે, તેનો નિર્ણય કરવા સમર્થ બને છે.

અહીં વિશેષ એ છે કે માત્ર પાપને આશ્રયીને પ્રાયશ્ચિત્ત અપાતું નથી, પરંતુ તે પાપનું સેવન કલ્પિકારૂપ હોય તો પરમાર્થથી સંયમના રક્ષણના ઉપાયનું જ સેવન છે તોપણ ઉત્સર્ગ માર્ગ પ્રત્યેની રુચિને સ્થિર કરવા અર્થે સાધુ અપવાદથી જે કાંઈ આચરણા કરે, તે સર્વનું પણ પ્રામાણિક રીતે ગુરુને તે શબ્દોમાં જ નિવેદન કરે કે આવા આવા સંયોગોને કારણે મેં આ અપવાદ સેવ્યો છે અને તેને આશ્રયીને ઉચિત પ્રાયશ્ચિત્ત ગુરુ આપે છે, તે પાપસેવનને આશ્રયીને નથી, પરંતુ ઉત્સર્ગ માર્ગની રુચિને સ્થિર કરવા અર્થે અપાય છે અને રાગાદિને વશ જે અપરાધ સેવાયો હોય તે દર્પિકારૂપ છે અને તે દર્પ દશ પ્રકારે સેવાય છે. તેથી તે દશ ભેદોમાંથી જે ભેદને આશ્રયીને દર્પથી પોતે વિપરીત આચરણા કરી છે, તે પ્રમાદજન્ય પણ હોઈ શકે, અથવા આકુટ્ટીવાળી પણ હોઈ શકે કે સામાન્ય રાગજન્ય પણ હોઈ શકે તે સર્વનું કથન દર્પના દશ ભેદોમાંથી પોતાના સેવાયેલા ભેદના કથનથી ગુરુને સ્પષ્ટ કરે છે. જેથી જે પાપના સેવનરૂપ પ્રાયશ્ચિત્ત છે. તેને સાંભળીને ગીતાર્થ ગુરુ પ્રાયશ્ચિત્તનો ભેદ નક્કી કરી શકે. આ પ્રકારે આલોચનાની મર્યાદાને જાણનારા ગીતાર્થ ગુરુ જ જંઘાબળ ક્ષીણ થયું હોય ત્યારે આજ્ઞા વ્યવહારથી અન્ય ગીતાર્થ ગુરુ પાસેથી આલોચના ગ્રહણ કરે છે. **॥૨૨થી ૨૫॥**

**ગાથા :-**

**सीसस्स देइ आणं, पएहिं संकेइएहिं सो निउणो ।**
**देइ इमं पच्छित्तं, एसो आणाइ ववहारो ।।२६।।**

**અન્વયાર્થ :-**

**सो निउणो=તે નિપુણ આચાર્ય=પ્રાયશ્ચિત્ત દેનાર આચાર્ય, सीसस्स संकेइएहिं पएहिं देइ आणं=શિષ્યને સાંકેતિક પદો વડે આજ્ઞા આપે છે. કેવા પ્રકારની આજ્ઞા આપે છે ? તે બતાવતાં કહે છે – इमं पच्छित्तं देइ=આ પ્રાયશ્ચિત્ત ગુરુને આપજે=પ્રાયશ્ચિત્ત લેનાર ગુરુને આપજે, एसो=આ સંકેત પદો વડે આજ્ઞા આપવી એ, आणाइ ववहारो=આજ્ઞા વ્યવહાર છે. ॥૨૬॥**

ગાથાર્થ :-

**તે નિપુણ આચાર્ય=આલોચના દેનાર આચાર્ય, શિષ્યને સાંકેતિક પદો વડે આજ્ઞા આપે છે. આ પ્રાયશ્ચિત્ત ગુરુને=આલોચના લેનાર ગુરુને, આપજે. આ=સંકેત પદો વડે આજ્ઞા આપવી એ આજ્ઞા વ્યવહાર છે. ॥૨૬॥**

ટીકા :-

'सीसस्स'त्ति । स 'निपुणः' व्यवहारविधिज्ञो गीतार्थः शिष्यस्य सङ्केतितैः पदैराज्ञां दत्ते इदं प्रायश्चित्तं देहीति, एष आज्ञाव्यवहारः । सङ्केतितपदैराज्ञादानं चेत्थम् –

'पढमस्स य कज्जस्स य, दसविहमालोअणं निसामित्ता ।
णक्खत्ते भे पीडा, सुक्के मासे तवं कुणह ।।१।।'

'चउमासतवं कुणह सुक्के' 'छम्मासतवं कुणह सुक्के' इति सञ्चारितान्त्यपदा पुनरेषैव गाथा द्विः पठनीया । आसामर्थः–'प्रथमस्य कार्यस्य' दर्पिकासेवनाख्यस्य 'दशविधां' दर्पाकल्पादिदशपदगर्भितामालोचनां निशम्य नक्षत्रे 'भे' भवतां 'पीडा' पीडकत्वेनोपचाराद्विराधना, कोऽर्थः ? चन्द्रादित्यग्रहनक्षत्रतारकभेदपञ्चविधज्योतिश्चक्रमध्ये नक्षत्रभेदश्चतुर्थः, अतोऽनेन चतुर्थव्रतगोचराविराधना सूच्यत इत्येके व्याचक्षते । अन्ये त्वाषाढाद्याः संवत्सरा इति तदाद्यदिने ज्येष्ठपूर्णिमानन्तरप्रतिपदि संवत्सरे मूलनक्षत्रं भवति, ततः प्राधान्यादत्र नक्षत्रशब्देन मूलं भणति तेन मूलगुणविराधनां प्राणातिपाताद्यतिचाररूपां ज्ञापयन्ति । अपरे त्वार्द्रादिषु नक्षत्रेषु सर्वेषु वृष्टेऽपि मेघे हस्तवृष्टिं विना न धान्यानि विशिष्टां पुष्टिं बध्नन्ति ततो हस्तस्य प्राधान्यमिच्छन्तोऽत्र नक्षत्रध्वनिना हस्तं निर्दिशन्ति ततो हस्तेनादत्तमात्तं हस्तकर्म वा कृतमिति तृतीयचतुर्थव्रतातिचारसूचा । एके तु नक्षत्राणि लोके सप्तविंशतिर्व्यवह्रियन्त इति नक्षत्रशब्देनानगारगुणानां मूलोत्तरगुणरूपाणां सप्तविंशतिसङ्ख्यानां विराधनामाहुः । तत्रोत्तरगुणविराधनायां शुक्लशब्दवाच्यानामुद्घातिमानां मासिकचातुर्मासिकषण्मासिकानां यथाक्रमं ग्रहणम् । मूलगुणविराधनायां तु कृष्णशब्दवाच्यान्यनुद्घातिमानि तानि गृह्यन्त इति जीतकल्पवृत्त्यभिप्रायः । व्यवहारवृत्तौ तु नक्षत्रशब्देनात्र मासः सूचितः, 'मासे' मासप्रमेयप्रायश्चित्तविषये 'भे' भवतः 'पीडा' व्रतषट्ककायषट्कपीडाऽकल्पादिषट्कपीडा वा स्यादिति व्याख्यातम् । चूर्णिकृतोऽप्ययमे-वाभिप्राय इति ध्येयम् ।

ટીકાર્થ :-

स 'निपुणः' ..... इति ध्येयम् ।। તે નિપુણ=વ્યવહારવિધિને જાણનાર પ્રાયશ્ચિત્ત આપનાર ગીતાર્થ શિષ્યને સંકેત પદો વડે=ગુરુની આલોચના લેવા માટે આવેલા શિષ્યને સંકેત પદો વડે, આજ્ઞાને

આપે છે.

કેવી આજ્ઞા આપે છે ? તે સ્પષ્ટ કરે છે –

"આ પ્રાયશ્ચિત્ત આપજે" એ પ્રમાણે આ આજ્ઞા વ્યવહાર છે.

અને સંકેત પદો વડે=શિષ્યને સંકેત પદો વડે, આજ્ઞાનું દાન આ પ્રમાણે ગીતાર્થ ગુરુ કરે=પ્રાયશ્ચિત્ત આપનાર ગીતાર્થ ગુરુ કરે.

"પ્રથમ કાર્યના દશવિધ આલોચનને સાંભળીને નક્ષત્રમાં તમને પીડા છે, તેથી શુક્લ માસમાં તપને કરો. ॥૧॥"

ચતુર્માસ તપ શુક્લમાં કરો, છ માસિક તપ શુક્લમાં કરો. આ પ્રમાણે સંચારણ કરાયેલ અંત્ય પદોવાળી ફરી પણ આ જ ગાથા બે વખત પઠન કરવી=પૂર્વની ગાથામાં જ શુક્લ માસે तवं कुणहं ના સ્થાને શુક્લમાં ચઉમાસિક તપ કરો. એમ એક વખત ગાથા કહેવી અને બીજી વખત શુક્લમાં છ માસિક તપ કરો, એમ બીજી વખત ગાથા કહેવી. આ રીતે ત્રણ વાર ગાથા કહેવી.

આમનો અર્થ છે પ્રથમ કાર્યના=દર્પિકાસેવન નામના પ્રથમ કાર્યના, દશવિધ આલોચનાને સાંભળીને= દર્પ અકલ્પાદિ દશવિધ પદગર્ભિત આલોચનાને સાંભળીને, નક્ષત્રમાં તમને પીડા છે=પીડકપણા વડે કરીને ઉપચારથી વિરાધના છે.

શું અર્થ છે=તમને નક્ષત્રમાં પીડા છે એનો શું અર્થ છે ? એથી કહે છે –

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાના ભેદ પંચવિધની જ્યોતિષચક્રમાં નક્ષત્રનો ભેદ ચોથો છે. આથી આના દ્વારા=નક્ષત્રમાં પીડા છે એના દ્વારા ચોથા વ્રત વિષયક વિરાધના સૂચન કરાઈ છે, એમ એક આચાર્ય કહે છે. વળી અન્ય આચાર્ય કહે છે શું કહે છે તે બતાવે છે. આષાઢથી જે સંવત્સરો છે તેના આદ્ય દિવસમાં જ્યેષ્ઠ પૂર્ણિમાના અનંતર એકમવાળું જે સંવત્સર એમાં મૂળ નક્ષત્ર થાય છે, તેના પ્રાધાન્યથી અહીં નક્ષત્ર શબ્દ દ્વારા મૂળને કહે છે. તેથી પ્રાણાતિપાતાદિ અતિચારરૂપ મૂળ ગુણ વિરાધનાને જણાવે છે=નક્ષત્રમાં પીડા છે, એ વચન મૂળ ગુણની વિરાધનાને જણાવે છે.

વળી અપર આચાર્ય કહે છે શું કહે છે તે બતાવે છે. આર્દ્રાદિ સર્વ નક્ષત્રોમાં મેઘ વરસ્યે છતે પણ હસ્તવૃષ્ટિ વગર=હસ્ત નક્ષત્રમાં વૃષ્ટિ વગર ધાન્યો વિશેષ પુષ્ટિને પામતાં નથી. તેથી હસ્તના પ્રાધાન્યને ઈચ્છતા અહીં=આલોચકના કથનમાં, નક્ષત્ર ધ્વનિથી હસ્તનો નિર્દેશ કરે છે. તેથી હસ્ત વડે નહીં અપાયેલું ગ્રહણ કરાયું અથવા હસ્તકર્મ કરાયું, એ રીતે ત્રીજા કે ચોથા વ્રતના અતિચારનું સૂચન થાય છે.

વળી એક આચાર્ય કહે છે શું કહે છે તે બતાવે છે. લોકમાં ૨૭ નક્ષત્રોનો વ્યવહાર કરાય છે, તેથી નક્ષત્ર શબ્દથી સાધુના મૂળ-ઉત્તર ગુણરૂપ સત્યાવીશ સંખ્યાની વિરાધનાને કહે છે. ત્યાં ઉત્તરગુણ વિરાધનામાં શુક્લ શબ્દ વાચ્ય એવા ઉદ્ઘાતિમ=લઘુ માસિક, ચાતુર્માસિક, ષડ્માસિકનું યથાક્રમ ગ્રહણ છે=પ્રાયશ્ચિત્ત દેનાર મહાત્માએ જે પ્રાયશ્ચિત્ત આપ્યું, તેમાં જે શુક્લ શબ્દ છે તે ઉત્તરગુણની વિરાધનાને સૂચવનાર છે. તેથી તેની સ્ખલનાને અનુરૂપ ઉદ્ઘાતિમ માસિક તપ, ઉદ્ઘાતિમ ચાતુર્માસિક

તપ કે ઉદ્‌ઘાતિમ ષડ્‌માસિક તપ આવે, તેનું ગ્રહણ છે=પૂર્વમાં=ટીકાના પ્રારંભમાં પઢમસ્સ કજ્જસ્સનાં ત્રણ વાક્યોથી પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુ યથાઉચિત પ્રાયશ્ચિત્ત આપે તે ત્રણ વાક્યોનું યથાક્રમથી ગ્રહણ છે.

વળી મૂળગુણની વિરાધના થઈ હોય તો કૃષ્ણ શબ્દ વાચ્ય અનુદ્‌ઘાતિમ=એવા તે માસિક આદિ તપોનું યથાક્રમ ગ્રહણ થાય છે, એ પ્રમાણે જીતકલ્પવૃત્તિનો અભિપ્રાય છે=અત્યારસુધી જે અર્થ કર્યો તે જીતકલ્પવૃત્તિનો અભિપ્રાય છે.

વળી વ્યવહારવૃત્તિમાં નક્ષત્ર શબ્દથી અહીં=પ્રાયશ્ચિત્ત આપનાર સાધુ વડે અપાયેલા કથનમાં, માસ સૂચન કરાયું છે=માસથી પ્રમેય એવા પ્રાયશ્ચિત્તના વિષયમાં તમને પીડા છે=વ્રતષટ્‌ક, કાયષટ્‌કની પીડા છે અથવા અકલ્પ્ય ષટ્‌કાદિની પીડા થાય એ પ્રમાણે વ્યાખ્યાત છે.

ચૂર્ણિકારનો પણ આ જ અભિપ્રાય છે=વ્યવહારવૃત્તિમાં કહ્યું એ પ્રમાણે જ અભિપ્રાય છે, એ પ્રમાણે જાણવું.

**ટીકા :-**

**छेदादीनां च गूढपदैरित्थमाज्ञादानम्–**

'छिंदंतु तयं भाणं, गच्छंतु वयस्स साहुणो मूलं ।
अव्वावडा व गच्छे अब्बीआ वावि विहरंतु ।।१।।'

**'तद्भाजनं' पूर्वव्रतपर्यायरूपं 'छिदन्तु' तन्मध्यात्कियन्तमपि पर्यायमपनयन्तु, स च च्छेदस्तपोभूमिमतिक्रान्तस्य पञ्चकादिदशकादिरूपतया तत्तदतिचारापेक्षया यावत्पर्यायः प्राप्यते तावत्क्रियते, ते चैवं छेदविभागा आज्ञाप्यन्ते–**

'छब्भागंगुल पणगा, दसराए तिभाग अद्ध पन्नरसे ।
वीसाइ तिभागूणं, छब्भागूणं तु पणवीसा ।।२।।
मासचउमासछक्के, अंगुलचउरो तहेव छक्कं तु ।
एए छेयविभागा, नायव्वा अहक्कमेणं तु ।।३।।'

**इहाङ्गुलशब्देन माससङ्केतः, ततश्च पञ्चके दिनपञ्चके छेद्येऽङ्गुलषड्भागश्छेद्य इति व्यपदिशन्ति । भवन्ति हि त्रिंशद्दिनमानस्य मासस्य षड्भागे छेद्ये पञ्च दशरात्रे छेद्ये त्रिभागः, पञ्चदशसु छेद्येष्वर्द्धं, विंशतौ छेद्यायां त्रिभागोनमङ्गुलं, पञ्चविंशतौ छेद्यायां षड्भागोनमङ्गुलं छेद्यमिति । एकद्वित्रिचतुःपञ्चषडादिमासेषु च्छेद्येषु तत्सङ्ख्यान्यङ्गुलानि च्छेद्यानीति निर्दिशन्ति । एते छेदविभागाः क्रमेण ज्ञातव्याः । सर्वपर्यायच्छेदेनाप्यशुद्धौ गच्छन्तु साधवो व्रतस्य मूलमष्टमप्रायश्चित्तभाजो भवन्तु, तस्याप्यतिक्रमे 'अव्यापृताः गच्छेयुः' अव्यापारास्तिष्ठन्तु अनवस्थाप्या भवन्त्वित्यर्थः ।**

तेनाप्यशुद्धौ 'अद्वितीया वा विहरन्तु' एकाकिनः सन्तो दशमप्रायश्चित्तासेविनो भवन्त्विति दर्पिकासेवना-प्रायश्चित्तान्युक्तानि ।

**ટીકાર્થ :-**

**छेदादीनां च ..... प्रायश्चित्तान्युक्तानि ।। અને છેદાદિનું ગૂઢ પદો વડે આ રીતે=આગળમાં બતાવે છે એ રીતે, આજ્ઞાનુદાન છે=પ્રાયશ્ચિત્ત આપનાર આચાર્ય વડે પ્રાયશ્ચિત્તનું દાન છે.**

"તે ભાજન=સાધુના પૂર્વ પર્યાયરૂપ વ્રતભાજનનો છેદ કરો. સાધુ વ્રતના મૂળને પ્રાપ્ત કરો અથવા અવ્યાપૃત થાઓ અથવા અદ્વિતીય વિહાર કરો. ॥૧॥"

**તે ભાજનને=પૂર્વપર્યાયરૂપ વ્રતભાજનને છેદ કરો. તેના મધ્યથી=પૂર્વ પર્યાયરૂપ ભાજનમાંથી કેટલોક પણ પર્યાય દૂર કરો અને તે છેદ તપભૂમિના અતિક્રાંતને=તપભૂમિથી અધિક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તેવા સાધુને, પંચકાદિ દશકાદિરૂપપણાથી=પાંચ આદિ દિવસાદિપણાથી અથવા દશાદિ દિવસપણાથી, તે તે અતિચારની અપેક્ષા વડે જેટલો પર્યાય પ્રાપ્ત થાય તેટલો કરાય છે અને તે છેદ વિભાગો આ રીતે જ્ઞાપન કરાય છે=જણાવાય છે.**

**પાંચ દિવસ છેદ્ય હોતે છતે અંગુલનો છઠ્ઠો ભાગ, દસ દિવસ છેદ્ય હોતે છતે અંગુલનો ત્રીજો ભાગ, પંદર દિવસ છેદ્ય હોતે છતે અર્ધ અંગુલ, વીસ દિવસ છેદ્ય હોતે છતે ત્રીજો ભાગ ઊન, પચીસ દિવસ છેદ્ય હોતે છતે છઠ્ઠો ભાગ ઊન, માસ, ચારમાસ છમાસ છેદ્ય હોતે છતે અંગુલ, ચાર અંગુલ, છ અંગુલ આ છેદના વિભાગ યથાક્રમથી જાણવા.**

**અહીં અંગુલ શબ્દથી માસનો સંકેત છે અને તેથી પાંચ દિવસનો છેદ્ય હોતે છતે=પાંચ દિવસનો પર્યાય છેદ કરવા યોગ્ય હોતે છતે અંગુલ ષડ્ભાગ છેદ્ય છે, એ પ્રમાણે વ્યપદેશ કરાય છે.**

**हि=જે કારણથી, ત્રીસ દિવસના માનવાળા માસના છઠ્ઠો ભાગ છેદ્ય હોતે છતે પાંચ દિવસ થાય છે. દશ રાત્ર છેદ્ય હોતે છતે ત્રીજો ભાગ થાય છે. પંદર દિવસ છેદ્ય હોતે છતે અર્ધાંગુલ થાય છે. વીશ દિવસ છેદ્ય હોતે છતે ત્રીજો ભાગ ઊન અંગુલ થાય છે. પચીસ દિવસ છેદ્ય હોતે છતે છઠ્ઠો ભાગ ઊન અંગુલ છેદ્ય થાય છે.**

**એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ આદિ માસ છેદ્ય હોતે છતે તેટલી સંખ્યાવાળા અંગુલો છેદ્ય છે, એ પ્રમાણે નિર્દેશ કરે છે=પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુ નિર્દેશ કરે છે. આ છેદ વિભાગો ક્રમસર જાણવા=થયેલાં પાપોની અશુદ્ધિની તરતમતાને આશ્રયીને અપાયેલા પ્રાયશ્ચિત્તના ક્રમથી જાણવા.**

**સર્વ પર્યાયના છેદથી પણ અશુદ્ધિ હોતે છતે=છેદ દ્વારા શુદ્ધિની મર્યાદા પૂર્ણ થવા છતાં અશુદ્ધિ હોતે છતે, સાધુઓ વ્રતના મૂળમાં જાઓ. આઠમા પ્રાયશ્ચિત્તવાળા થાઓ. તેનો પણ અતિક્રમ થયે છતે=મૂળ પ્રાયશ્ચિત્તનો પણ અતિક્રમ થયે છતે અવ્યાપૃત રહો=વ્યાપાર વગરના રહો. અનવસ્થાપ્ય થાઓ, એ પ્રમાણે અર્થ છે=કેટલાક કાળ સુધી સર્વ સાધુઓ સાથેના વ્યવહારથી દૂર રહીને પ્રતિનિયત તપ કરીને ફરી નવ દીક્ષા પર્યાયને પ્રાપ્ત કરો, એ પ્રમાણે અર્થ છે. તેનાથી પણ અશુદ્ધિ**

હોતે છતે=અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવાથી પણ થયેલા પાપની અશુદ્ધિ હોતે છતે, અદ્વિતીય વિહાર કરો=એકાકી છતાં દશમા પ્રાયશ્ચિત્તને સેવનારા થાઓ, એ પ્રમાણે દર્પિકાસેવનાના પ્રાયશ્ચિત્ત કહેવાયા.

**ટીકા :-**

कल्पिकासेवनायामप्ययतनामूलायामेतादृशं प्रायश्चित्तम्, यद् व्यवहारचूर्णिकृत्–

'एत्थ जं कप्पेणं तं अजयणाए णायव्वं ।'

यतनामूलायां तु तस्यां न किञ्चित्प्रायश्चित्तं शुद्धत्वात्, तथा चात्राह–

'बिइअस्स य कज्जस्स य, तहियं चउवीसइं निसामेत्ता ।
आउत्त णमुक्कारा, भवंतु एवं भणिज्जाहि ।।१।।'

द्वितीयस्य कार्यस्य कल्पाख्यस्य दर्शनादिपदगोचरामासेवनां शिष्येण कथितां श्रुत्वा गुरुराह– 'आयुक्ताः' संयमोद्यमविधायिनः पञ्चपरमेष्ठिस्मरणपरा भवन्तु, सूरयोऽप्रायश्चित्तिन इति भावः । केवलं कारणप्रतिसेवापि सावद्या नेष्यते, इष्यते तु यद्यप्यत्यागाढकारणेषु तथापि तद्वर्जने न दोषो दृढधर्मता ह्येवं नाभीक्ष्णसेवा निर्दयता चेति ।।२६।।

**ટીકાર્થ :-**

कल्पिकासेवना ..... निर्दयता चेति ।। કલ્પિકા સેવનામાં પણ અયતના મૂલ હોતે છતે આવા પ્રકારનું પ્રાયશ્ચિત્ત છે=કોઈ સાધુ અપવાદથી કલ્પિકા પ્રતિસેવના કરતા હોય ત્યારે પણ ઉત્સર્ગની રુચિનો વ્યાઘાત ન થાય એ રીતે પંચકાદિના ક્રમથી ભિક્ષા આદિના દોષો સેવે તો યતનામૂલ કલ્પિકા પ્રતિસેવના થાય અને જે સાધુ અયતનાપૂર્વક કલ્પિકા પ્રતિસેવના કરે ત્યારે અયતનામાં દર્પનો અંશ ભળેલો હોવાથી દર્પિકા જેવું જ પ્રાયશ્ચિત્ત થાય. જે કારણથી વ્યવહાર ચૂર્ણિકાર કહે છે –

અહીં જે=પ્રાયશ્ચિત્ત છે=દર્પમાં જે પ્રાયશ્ચિત્ત છે, કલ્પથી તે અજયણાથી જાણવું-દર્પમાં જે પ્રાયશ્ચિત્ત છે, તે કલ્પથી અજયણાને કારણે જાણવું.

વળી યતના મૂળવાળી તે હોતે છતે=કલ્પિકા હોતે છતે કાંઈ પ્રાયશ્ચિત્ત નથી; કેમ કે શુદ્ધપણું છે. અને તે પ્રમાણે=કલ્પિકા પ્રતિસેવનામાં પ્રાયશ્ચિત્ત આપનાર સાધુ કહે છે –

બીજા કાર્યની=બીજા કલ્પરૂપ કાર્યના ચોવીશમાંથી ત્રીજાને સાંભળીને આયુક્ત=સંયમમાં ઉદ્યમ કરનારા નવકારને કરનારા થાઓ. એ પ્રમાણે કહે છે=પ્રાયશ્ચિત્ત આપનાર આચાર્ય કહે છે. ।।૧।।

બીજા કલ્પિકા નામના કાર્યની દર્શનાદિ પદગોચર આસેવના શિષ્ય દ્વારા કહેવાયેલી સાંભળીને ગુરુ=પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુ કહે છે. આયુક્ત=સંયમમાં ઉદ્યમ કરનારા પંચપરમેષ્ઠિના સ્મરણમાં તત્પર થાઓ=સૂરિઓ અપ્રાયશ્ચિત્તવાળા છે, એ પ્રમાણેનો ભાવ છે. કેવલ કારણ પ્રતિસેવા પણ

**સાવધ ઈચ્છાતી નથી. વળી, જોકે અતિ આગાઢ કારણોમાં ઈચ્છાય છે=સાવધ કારણપ્રતિસેવા ઈચ્છાય છે તોપણ તેના વર્જનમાં=આગાઢાકારણ હોવા છતાં અંતરંગ બળ ફોરવીને સાવઘના વર્જનમાં, દોષ નથી, પરંતુ દૃઢધર્મતા છે. આ રીતે=આગાઢ કારણ હોવા છતાં દૃઢ ઉદ્યમથી સાવદ્યનું વર્જન કરે છે. એ રીતે, અભીક્ષ્ણ સેવા નથી=વારંવાર વિપરીત આચરણા નથી અને નિર્દયતા નથી= આગાઢકારણ હોવા છતાં જેઓ દૃઢ ઉદ્યમ કરીને સાવદ્યનો પરિહાર કરે છે તેવા મહાત્માઓ વારંવાર પ્રતિસેવા કરે નહિ. પરંતુ પ્રતિસેવાના પરિહાર માટે જ યત્ન કરનારા હોય છે અને નિર્દયતા નથી અર્થાત્ સાવદ્યનો પરિહાર કરીને દયાળુ સ્વભાવ કરે છે. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

આજ્ઞા વ્યવહાર અર્થે ગીતાર્થ આચાર્યે પોતાના પરિણત શિષ્યને સાંકેતિક પદો વડે જે આલોચના આપેલ, તેનું પ્રાયશ્ચિત્ત તે પ્રાયશ્ચિત્ત આપનાર આચાર્ય સાંકેતિક પદો વડે શિષ્યને આપે છે. તે આજ્ઞા વ્યવહાર છે અને તે સાંકેતિક પદો દ્વારા જે પ્રાયશ્ચિત્ત આપે છે, તે પ્રાયશ્ચિત્ત દર્પ કૃત પ્રતિસેવનાનું હોય છે અને તે પ્રાયશ્ચિત્ત તપરૂપ અથવા છેદરૂપ હોય છે અને છેદથી અધિક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તો મૂળ, અનવસ્થાપ્ય અને પારાંચિત પણ હોઈ શકે.

આ સર્વ પ્રાયશ્ચિત્ત ગીતાર્થ ગુરુ કયા શબ્દોમાં આપે છે, તેનું વિસ્તારથી વર્ણન ટીકામાં કરેલ છે. ફક્ત દર્પિકા સેવનને બદલે કલ્પિકા સેવન કોઈ મહાત્માએ કરેલું હોય અને તેમાં પણ પંચક આદિની ઉચિત યતના જે મહાત્માએ ન કરી હોય, તેઓને કલ્પિકા પ્રતિસેવનાનું પણ પ્રાયશ્ચિત્ત દર્પિકા પ્રતિસેવના તુલ્ય જ આવે છે; કેમ કે દર્પિકામાં કષાય પરવશ પ્રતિસેવના થયેલ છે, તેમ કલ્પિકામાં પણ કષાયને પરવશ અયતના થયેલી છે. ફક્ત દર્પિકા પ્રતિસેવામાં તે તે કૃત્યોમાં કષાયને પરવશ અયતના થયેલી છે. વળી સર્વ કલ્પિકા પ્રતિસેવામાં તે તે કૃત્યોના સેવનકાળમાં સંયમવૃદ્ધિને અનુકૂળ ઉચિત યતનામાં પ્રમાદનું સેવન થાય છે, તે સર્વ તે પ્રકારનો કષાયનો જ પરિણામ છે. તેથી આલોચના લેનાર આચાર્યે જે પ્રકારે કલ્પિકા પ્રતિસેવામાં અયતના કરી હોય તે પ્રકારે અયતનાને અનુરૂપ પ્રાયશ્ચિત્ત આપે છે.

વળી જેઓએ કલ્પિકા પ્રતિસેવા કરી છે અને શાસ્ત્રવચનાનુસાર ઉચિત યતનાઓ પણ કરી છે, તેઓની આલોચના સાંભળીને પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુ કહે છે કે સંયમમાં ઉદ્યમ કરનારા એવા આચાર્ય પંચપરમેષ્ઠિના સ્મરણમાં તત્પર રહો. તેથી તે કલ્પિકા પ્રતિસેવાનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી તોપણ આલોચના કરનારે અવશ્ય પ્રાયશ્ચિત્ત લેવા અર્થે ગીતાર્થ ગુરુને કલ્પિકા પ્રતિસેવાનું નિવેદન કરવું જોઈએ. તેથી નિવેદન કરે છે.

વળી, આ કલ્પિકા પ્રતિસેવા પણ સાવદ્ય ઇચ્છાતી નથી. તેથી એ પ્રાપ્ત થાય કે કલ્પિકા પ્રતિસેવા કરનારા સાધુ પણ જેમાં સાક્ષાત્ જીવોની વિરાધના થાય, તેવી પ્રતિસેવા કરે નહિ. ફક્ત આગાઢ કારણો હોય ત્યારે તેવી સાવદ્ય ક્રિયા પણ ગીતાર્થ સાધુઓ કરે છે, છતાં જે મહાત્માઓ સાત્ત્વિક છે, તેઓ કારણ ઉપસ્થિત થવા છતાં કલ્પિકા પ્રતિસેવાને સેવતા નથી, પરંતુ પ્રાણના ભોગે તે સાવદ્ય પ્રવૃત્તિનો પરિહાર કરે છે.

જેમ વજ્રાચાર્યે વિહારમાં સિંહ સન્મુખ આવેલો જોઈને સંયમના રક્ષણ અર્થે અને સંયમને અનુકૂળ

દેહના રક્ષણ અર્થે સાવદ્ય કલ્પિકા પ્રતિસેવા સેવીને વૃક્ષ ઉપર ચડત તો દોષ પ્રાપ્ત થાત નહિ તોપણ મહાસાત્ત્વિક એવા તેઓ સાવદ્ય કલ્પિકા પ્રતિસેવાનો પરિહાર કરીને સમાધિમાં ચિત્તને સ્થિર કરીને ત્યાં બેસે છે, તે વખતે તેઓમાં દૃઢધર્મતા જ પ્રવર્તે છે. જેના બળથી સત્ત્વનો પ્રકર્ષ થવાથી તે મહાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી જેઓમાં તેવી દૃઢધર્મતા ઉલ્લસિત થાય તેમ ન હોય અને સાવદ્ય કલ્પિકા પ્રતિસેવા ન કરે તો આર્તધ્યાનાદિ થાય તેમ હોય તો દોષની પ્રાપ્તિ થાય. માટે કલ્પિકા પ્રતિસેવા કરે છે.

અને આ રીતે જેઓ કલ્પિકા પ્રતિસેવાનો પ્રસંગ હોવા છતાં અંતરંગ રીતે દૃઢ યત્ન કરીને પ્રતિસેવાનો પરિહાર કરે છે, તેઓમાં વારંવાર કલ્પિકા પ્રતિસેવાનો પ્રસંગ આવતો નથી અને નિર્દયતા પણ પ્રાપ્ત થતી નથી અને જેઓ સાવદ્ય એવી કલ્પિકા પ્રતિસેવા કરે છે, તેઓમાં તે સાવદ્ય પ્રવૃત્તિ કૃત કંઈક નિર્દયતા પણ પ્રાપ્ત થાય છે અને સત્ત્વ અલ્પ હોવાથી વારંવાર કલ્પિકા પ્રતિસેવાનો પ્રસંગ આવે છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**उक्त आज्ञाव्यवहारः । अथ धारणाव्यवहारमभिधित्सुराह –**

**અવતરણિકાર્થ :-**

**આજ્ઞા વ્યવહાર કહેવાયો. હવે ધારણા વ્યવહારને કહેવાની ઈચ્છાથી કહે છે –**

**ગાથા :-**

**उद्धारणा विधारण, संधारण संपधारणा चेव ।**
**चत्तारि धारणाए, एए एगट्ठिया हुंति ।।२७।।**

**અન્વયાર્થ :-**

**उद्धारणा=ઉદ્ધારણા, विधारण=વિધારણા, संधारण=સંધારણા, चेव संपधारणा=અને સંપ્રધારણા, एए चत्तारि=આ ચાર, धारणाए=ધારણા, एगट्ठिया हुंति=એકાર્થવાચી છે. ।।૨૭।।**

**ગાથાર્થ :-**

**ઉદ્ધારણા, વિધારણા, સંધારણા, સંપ્રધારણા આ ચાર ધારણા એકાર્થવાચી છે. ॥૨૭॥**

**ટીકા :-**

**'उद्धारण'त्ति । उत्-प्राबल्येन उपेत्य वोद्धृतानामर्थपदानां धारणोद्धारणा १, विविधैः प्रकारैर्विशिष्टं वार्थपदमुद्धृतं यया धारयति सा विधारणा २, सम् शब्द एकीभावे उद्धृतविधृतान्यर्थपदानि यस्मादात्मना सहैकभावेन धारयति तस्मात्संधारणा ३, तथा यस्मात्सन्धार्य सम्यक् प्रकर्षेणावधार्य व्यवहारं प्रयुङ्क्ते तस्मात्संप्रधारणा ४। एतानि चत्वारि धारणाया एकार्थिकानि नामानि भवन्ति ।।२७।।**

**ટીકાર્થ :-**

उत्-प्राबल्येन ..... भवन्ति ।। ૧) उत्=પ્રાબલ્યથી અથવા उपेत्य=જાણીને ઉદ્ધૃત એવા અર્થપદોની ધારણા ઉદ્ધારણા છે. ૨) વિવિધ પ્રકારથી અથવા વિશિષ્ટ એવા ઉદ્ધૃત અર્થપદને જેનાથી ધારણ કરે છે. તે વિધારણા છે. ૩) सम् શબ્દ એકીભાવમાં છે. તેથી ઉદ્ધૃત કે વિધૃત એવા અર્થપદોને જે કારણથી આત્માની સાથે એકભાવ દ્વારા ધારણ કરે છે, તે કારણથી સંધારણા છે. ૪) અને જે કારણથી સંધારણ કરીને=સમ્યક્ પ્રકર્ષથી અવધારણ કરીને વ્યવહાર કરે છે, તે કારણથી સંપ્રધારણા છે. આ ચારે ધારણા વ્યવહારનાં એકાર્થિક નામો છે. ।।૨૭।।

**ભાવાર્થ :-**

ધારણા વ્યવહારનું સ્વરૂપ બતાવવા અર્થે પરસ્પર કંઈક વિશેષ સ્વરૂપને બતાવનારા હોવા છતાં તે ધારણા વ્યવહારના જ એકાર્થવાચી શબ્દો છે, તે પ્રથમ બતાવે છે. જેથી ધારણા વ્યવહારમાં પણ તે એકાર્થવાચી શબ્દો દ્વારા પરસ્પર ધારણામાં કેવા પ્રકારની વિશેષતાઓ છે, તેનો બોધ થાય છે. **।।૨૭।।**

**ગાથા :-**

बहुगुणजुत्ते पुरिसे, तिगविरहे होइ किंचि खलिएसु ।
अत्थपएहिं उ एसा, अणुओगविहीइ लद्धेहिं ।।२८।।

**અન્વયાર્થ :-**

बहुगुणजुत्ते पुरिसे=બહુગુણયુક્ત પુરુષમાં, तिगविरहे=ત્રિકનો વિરહ હોવાને કારણે, अणुओगविहीइ= અનુયોગવિધિમાં, लद्धेहिं अत्थपएहिं=લબ્ધ એવાં અર્થપદો વડે, एसा=આ ધારણારૂપ વ્યવહાર, किंचि खलिएसु होइ=કંઈક સ્ખલના થયે છતે પ્રવર્તે છે. અર્થાત્ સાધુઓથી થયેલી કંઈક સ્ખલનામાં ધારણા વ્યવહારથી શુદ્ધિ થાય છે. ।।૨૮।।

**ગાથાર્થ :-**

બહુગુણયુક્ત પુરુષમાં ત્રિકનો વિરહ હોવાને કારણે અનુયોગવિધિમાં લબ્ધ એવાં અર્થપદો વડે આ=ધારણારૂપ વ્યવહાર કંઈક સ્ખલના થયે છતે પ્રવર્તે છે. અર્થાત્ સાધુઓથી થયેલી કંઈક સ્ખલનામાં ધારણા વ્યવહારથી શુદ્ધિ થાય છે. ।।૨૮।।

**ટીકા :-**

'बहुगुणजुत्ते'त्ति । बहुगुणयुक्तो यः प्रवचनस्य कीर्त्तिमिच्छति, तथा दीयमानं प्रायश्चित्तमनुग्रहवन्मन्यते, तथा बहुश्रुतो मार्गानुसारिश्रुतो वा तपस्वी विनयपरिपाकवांश्च भवति, तादृशे पुरुषे 'किञ्चित्' मनाक् 'स्खलितेषु' मूलोत्तरगुणविषयप्रमाददोषेषु 'त्रिकविरहे' आगमश्रुताज्ञाऽप्राप्तौ

'अनुयोगविधौ' व्याख्यानवेलायां 'लब्धैः' यतनया प्राप्तैः 'अर्थपदैः' छेदश्रुतार्थैः 'एषा' धारणा प्रवर्त्तते ।।२८।।

**ટીકાર્થ :-**

बहुगुणयुक्तो ..... प्रवर्त्तते ।। બહુગુણયુક્ત એવા જે મહાત્માઓ પ્રવચનની કીર્તિને ઈચ્છે છે= હું પ્રવચનની સમ્યગ્ આરાધના કરું, એ પ્રકારના અધ્યવસાયવાળા તે મહાત્મા હોવાથી પ્રવચનની વૃદ્ધિ ઈચ્છે છે અને અપાતું પ્રાયશ્ચિત્ત અનુગ્રહની જેમ માને છે અને બહુશ્રુત અથવા માર્ગાનુસારી શ્રુતવાળા તપસ્વી અને વિનયના પરિપાકવાળા હોય છે=પ્રવચનની કીર્તિને ઈચ્છનારા સાધુ હોય છે, તેવા પુરુષમાં ત્રિકનો વિરહ હોતે છતે=આગમ, શ્રુત અને આજ્ઞારૂપ વ્યવહારની અપ્રાપ્તિ હોતે છતે, અનુયોગવિધિમાં=વ્યાખ્યાન વેળામાં યતના વડે પ્રાપ્ત થયેલાં, અર્થપદોથી=છેદસૂત્રના અર્થોથી, કંઈક સ્ખલનાઓમાં=મૂળ-ઉત્તર ગુણવિષયક થોડીક સ્ખલનાઓમાં, આ ધારણા પ્રવર્તે છે=તેવા પુરુષવિશેષ કેટલાંક અર્થપદો દ્વારા પ્રાયશ્ચિત્તને ધારણ કરીને સ્ખલના પામનારા અન્ય સાધુઓની થોડીક સ્ખલનાઓમાં ધારણા દ્વારા પ્રાયશ્ચિત્ત આપે છે. ।।૨૮।।

**અવતરણિકા :-**

प्रकारान्तरमाह –

**અવતરણિકાર્થ :-**

પ્રકારાંતરથી ધારણા વ્યવહારને કહે છે –

**ગાથા :-**

अहवा जेणं सोही, कीरंती अण्णया हवे दिट्ठा ।
तारिसकारणपुरिसे, तं दाणं धारणाए उ ।।२९।।

**અન્વયાર્થ :-**

अहवा=અથવા, जेणं=જેના વડે, सोही कीरंती=શોધીને કરતા, अण्णया हवे दिट्ठा=અન્યદા જોવાયેલા થાય, तारिसकारणपुरिसे=તેવા પ્રકારના કારણમાં અને તેવા પ્રકારના પુરુષમાં, तं दाणं=તે દાન=પ્રાયશ્ચિત્તનું દાન, धारणाए उ=ધારણાથી થાય છે. ।।૨૯।।

**ગાથાર્થ :-**

**અથવા=ધારણા વ્યવહારનો અન્ય પ્રકાર 'અથવા'થી બતાવે છે. જેના વડે શોધિને કરતા અન્યદા જોવાયેલા થાય તેવા પ્રકારના કારણમાં અને તેવા પ્રકારના પુરુષમાં તે દાન=પ્રાયશ્ચિત્તનું દાન ધારણાથી થાય છે. જેના વડે જોવાયું છે તેના વડે પ્રાયશ્ચિત્તનું દાન ધારણાથી થાય છે. ।।૨૯।।**

ટીકા :-

'अहव'त्ति । अथवा येनान्यदा संविग्नगीतार्थपार्श्वे द्रव्यादिप्रतिसेवनारूपा शोधिः क्रियमाणा दृष्टा तादृश एव कारणे द्रव्यादिलक्षणे तादृश एव च पुरुषे प्रतिसेवके 'तद्दानं' अरक्तद्विष्टतया तादृशप्रायश्चित्तदानं धारणयैव ।।२९।।

ટીકાર્થ :-

'अहव'त्ति । ..... धारणयैव ।। અથવા જેના વડે અન્યદા સંવિગ્ન ગીતાર્થ પાસે દ્રવ્યાદિ પ્રતિસેવનારૂપ શોધિને કરાતી જોવાઈ તેવાં જ દ્રવ્યાદિ લક્ષણ કારણોમાં અને તેવા જ પ્રતિસેવક પુરુષમાં તેનું દાન=અરક્તદ્વિષ્ટપણાથી તેવા પ્રકારના પ્રાયશ્ચિત્તનું દાન ધારણાથી જ થાય છે. ।।૨૯।।

અવતરણિકા :-

पुनरपि प्रकारान्तरमाह –

અવતરણિકાર્થ :-

ફરી પણ પ્રકારાંતરને=ધારણા વ્યવહારના પ્રકારાંતરને કહે છે –

ગાથા :-

वेयावच्चकरो वा, सीसो वा देसहिंडगो वावि ।
दुम्मेहत्ता सत्थं, ण तरइ सव्वं तु धारेउं ।।३०।।
तस्स उ उद्धरिऊणं, अत्थपयाइं तु दिंति आयरिआ ।
तेहि उ कज्जविहाणं, देसावगमेण धारणया ।।३१।।

અન્વયાર્થ :-

वेयावच्चकरो वा=અથવા વેયાવચ્ચને કરનાર, देसहिंडगो वावि सीसो=દેશમાં ફરતા પણ શિષ્ય=જે શિષ્ય દેશદર્શનને કરતા આચાર્યને સહાયક હતો તેવો શિષ્ય, दुम्मेहत्ता=દુર્મેધાપણાથી, सव्वं सत्थं=સર્વ શાસ્ત્રને=છેદસૂત્રને કહેનારા સર્વ શાસ્ત્રને, धारेउं तु ण तरइ=ધારણ કરવા માટે સમર્થ નથી. उ तस्स आयरिया=વળી તેને આચાર્ય, अत्थपयाइं उद्धरिऊणं=અર્થપદોનું ઉદ્ધરણ કરીને, दिंति=આપે છે, तेहि= તેનાથી=તે અર્થપદોથી, कज्जविहाण=કાર્યનું વિધાન=પ્રાયશ્ચિત્ત આપવારૂપ કાર્યનું વિધાન, देसावगमेण= દેશના અવગમથી=છેદસૂત્રોના એકદેશના બોધથી, धारणया=ધારણા વડે કરે છે. ।।૩૦-૩૧।।

ગાથાર્થ :-

**અથવા વૈયાવચ્ચને કરનાર દેશમાં ફરતા પણ શિષ્ય=જે શિષ્ય દેશદર્શનને કરતા આચાર્યને સહાયક હતો તેવો શિષ્ય, દુર્મેધાપણાથી સર્વ શાસ્ત્રને=છેદસૂત્રને કહેનારા સર્વ શાસ્ત્રને,**

**ધારણ કરવા માટે સમર્થ નથી. વળી તેને આચાર્ય અર્થપદોનું ઉદ્ધરણ કરીને આપે છે. તેનાથી=તે અર્થપદોથી, કાર્યનું વિધાન=પ્રાયશ્ચિત્ત આપવા રૂપ કાર્યનું વિધાન, દેશના અવગમથી=છેદસૂત્રોના એકદેશના બોધથી, ધારણા વડે કરે છે. ॥૩૦-૩૧॥**

**ટીકા :-**

'वेयावच्चकरो व'त्ति । 'तस्स उ'त्ति । 'वैयावृत्त्यकरो वा' गच्छोपग्रहकारी वा शिष्यो वाचार्याणां सम्मतः 'देशहिण्डको वा' यो देशदर्शनं कुर्वतः सहाय आसीत् दुर्मेधस्तया 'सर्वं' निरवशेषं 'शास्त्रं' छेदश्रुतार्थं धारयितुं न शक्नोति तस्यानुग्रहार्थमुद्धृत्य 'अर्थपदानि' कानिचिच्छेदश्रुतसम्बन्धीनि ददत्याचार्याः, तैः कार्यविधानं 'देशावगमेन' च्छेदश्रुतदेशावधारणेन धारणया भवति न चेयमपि गुरूपदेशमूलत्वादाज्ञैव, अत्र धारणाव्यापारस्यैव प्रवृत्त्यङ्गत्वादाज्ञाव्यापारस्य सन्देशकवचनविश्वासार्थमेवोपयुक्तत्वादिति ।।३०-३१।।

**ટીકાર્થ :-**

'वैयावृत्त्यकरो ..... त्वादिति ।। અથવા વૈયાવચ્ચને કરનાર=શાસ્ત્રવિધિ અનુસાર વૈયાવચ્ચમાં કુશળ અથવા ગચ્છના ઉપકારને કરનાર, અથવા શિષ્ય આચાર્યોને સંમત અથવા દેશહિંડિક જે દેશદર્શનને કરતા આચાર્યને સહાય હતો. દુર્મેધપણાથી=અલ્પમેધા હોવાને કારણે, સંપૂર્ણ=નિરવશેષ છેદસૂત્રાર્થ શાસ્ત્રને ધારણ કરવા માટે સમર્થ નથી. તેના અનુગ્રહ માટે કેટલાંક છેદસૂત્ર સંબંધી અર્થપદોનું ઉદ્ધરણ કરીને આચાર્ય આપે છે અર્થાત્ તે શિષ્યને આચાર્ય આપે છે. તેના વડે=તે અર્થપદો વડે, કાર્યનું વિધાન=પ્રાયશ્ચિત્ત દેવાનું વિધાન, દેશના અવગમથી=છેદસૂત્રના દેશના અવધારણથી, ધારણા દ્વારા થાય છે અને આ પણ=ધારણા પણ, ગુરુઉપદેશનું મૂળપણું હોવાથી આજ્ઞા જ છે, એમ ન કહેવું; કેમ કે આમાં=ગુરુ વડે કેટલાંક અર્થપદો અપાયાં તેના દ્વારા જે પ્રાયશ્ચિત્ત અપાય છે એમાં, ધારણા વ્યાપારનું પ્રવૃત્તિ અંગપણું છે. કેમ ધારણા વ્યાપારનું અંગપણું છે તેમાં હેતુ કહે છે. આજ્ઞાવ્યાપારના સંદેશક વચનના વિશ્વાસ માટે જ ઉપયુક્તપણું છે=પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુ દ્વારા સંદેશક એવા શિષ્યને જે ગૂઢભાષામાં પ્રાયશ્ચિત્ત આપે છે, તેને જણાવવા માટે જ આજ્ઞા વ્યવહાર છે. ॥૩૦-૩૧॥

**ભાવાર્થ :-**

પ્રાયશ્ચિત્ત આપવા માત્રથી અને પ્રાયશ્ચિત્ત લઈને તે પ્રકારના સેવનથી પાપની શુદ્ધિ થતી નથી, પરંતુ પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુ આગમથી કે શ્રુતથી પ્રાયશ્ચિત્ત આપે તો જ તે પ્રાયશ્ચિત્તથી પાપની શુદ્ધિ થાય છે. તેથી પૂર્વમાં કેવલીથી માંડીને નવપૂર્વ સુધીના મહાત્માઓ હતા, તેઓ પાપ કરનારના પરિણામના ભેદનો આલોચનાના બળથી નિર્ણય કરીને તે પ્રકારે પ્રાયશ્ચિત્ત આપતા હતા. જેનાથી પ્રાયશ્ચિત્ત કરનારની અવશ્ય શુદ્ધિ થતી અને આગમ વ્યવહારનો ઉચ્છેદ થયો ત્યારે છેદસૂત્રના બળથી ગીતાર્થો આલોચના

કરનારના પરિણામભેદનો અને શક્તિ આદિનો નિર્ણય કરીને પ્રાયશ્ચિત્ત આપતા હતા, જેનાથી થયેલા પાપથી વિરુદ્ધ વિશિષ્ટ પરિણામ કરીને આલોચના કરનારા મહાત્માઓ પાપની શુદ્ધિ કરતા હતા અને કોઈક કારણથી કોઈક મહાત્માનું જંઘાબળ ક્ષીણ થાય ત્યારે તે મહાત્મા આગમ વ્યવહારી કે શ્રુત વ્યવહારી મહાત્મા પાસેથી ગૂઢભાષા દ્વારા પ્રાયશ્ચિત્ત લેવા માટે પરિણામક શિષ્યને મોકલે છે ત્યારે જેને પ્રાયશ્ચિત્ત લેવાનું છે તે મહાત્મા સાક્ષાત્ આગમ વ્યવહારી પાસે કે શ્રુત વ્યવહારી પાસે જઈને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરતા નથી. તેથી તે બે વ્યવહાર કરતાં કંઈક ન્યૂન શક્તિવાળો આજ્ઞા વ્યવહાર પ્રવર્તે છે. જેનાથી તે મહાત્માની પાપની શુદ્ધિ થાય છે; કેમ કે આગમ વ્યવહારી જે પ્રકારે પાપની શુદ્ધિ કરાવી શકે તે પ્રકારે શ્રુત વ્યવહારી પાપની શુદ્ધિ કરાવી શકે નહિ તોપણ આગમ વ્યવહારીના અભાવમાં શ્રુત વ્યવહાર શુદ્ધિ માટે પ્રમાણભૂત ઉપાય છે અને કોઈ મહાત્મા શ્રુત વ્યવહારી વિદ્યમાન હોવા છતાં શ્રુત વ્યવહારી મહાત્મા પાસે જઈને પોતાના પાપની શુદ્ધિ કરી શકે તેમ ન હોય ત્યારે આજ્ઞા વ્યવહાર પણ શુદ્ધિ માટે પ્રમાણભૂત વ્યવહાર છે અને જ્યારે આગમ આદિ ત્રણેય વ્યવહારની અપ્રાપ્તિ હોય ત્યારે ધારણારૂપ ચોથો વ્યવહાર પ્રવર્તે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે શ્રુત ભણેલા કોઈ મહાત્મા શ્રુતનું પ્રાયશ્ચિત્તમાં ઉચિત યોજન કરીને પાપ અનુસાર ઉચિત પ્રાયશ્ચિત્ત આપીને પાપની શુદ્ધિ કરાવી શકે તેવા આચાર્ય વિદ્યમાન ન હોય ત્યારે ધારણા નામના ચોથા વ્યવહારથી પણ શુદ્ધિ માટે સાધુએ પ્રયત્ન કરવો જોઈએ અને તે ધારણા વ્યવહાર ત્રણ પ્રકારે પ્રાપ્ત થાય છે.

૧) કોઈ સાધુ ઘણા ગુણથી યુક્ત હોય અને પ્રવચનની કીર્તિને ઇચ્છે છે અર્થાત્ ભગવાનના વચનાનુસાર હું સંયમમાં યત્ન કરું અને યોગ્ય જીવોને ભગવાનના વચનાનુસાર પ્રવર્તાવીને ભગવાનનું શાસન જગતમાં મહાકલ્યાણનું કારણ છે, તેવી કીર્તિને ઇચ્છે છે અને પોતાની સ્ખલનામાં શ્રુત વ્યવહારી પાસેથી અપાતું પ્રાયશ્ચિત્ત અનુગ્રહની જેમ માને છે અર્થાત્ આ શ્રુત વ્યવહારી મહાત્માએ મને આ પ્રાયશ્ચિત્ત આપીને મહાન અનુગ્રહ કર્યો છે. જેથી થયેલા પાપના અનર્થથી મારું રક્ષણ થયું છે. વળી, પોતે બહુશ્રુત છે અથવા ભગવાનના વચનના પરમાર્થને ઉચિત યોજન કરી શકે તેવા માર્ગાનુસારી શ્રુતવાળા છે. નિર્જરાનું કારણ બને તેવા ઉચિત તપને સેવનારા છે. ગુણવાન પ્રત્યે વિનયનો ભાવ પરિપક્વ થયેલો છે, તેવા સાધુ શ્રુત વ્યવહારી પાસે છેદશાસ્ત્રો ભણતા હોય ત્યારે વ્યાખ્યાન વખતે છેદસૂત્રનાં કેટલાંક અર્થપદોને ઉચિત સ્થાને જોડી શકે તેવો બોધ પ્રાપ્ત કર્યો છે. છતાં શ્રુતના બળથી સર્વત્ર પ્રાયશ્ચિત્તનો નિર્ણય કરી શકે તેવું સામર્થ્ય પ્રગટ્યું નથી, તેવા ગુણવાન સાધુ કોઈક સાધુની મૂળ-ઉત્તર ગુણવિષયક થોડીક સ્ખલનાઓમાં ધારણાથી પ્રાયશ્ચિત્ત આપી શકે તેવા છે અર્થાત્ કેટલાક છેદસૂત્રોના અર્થનું યોજન કરી શકે તેવો બોધ થયેલો છે, છતાં શ્રુત વ્યવહારીની જેમ પૂર્ણ વ્યવહાર કરી શકે તેમ નથી, તેવા મહાત્માએ વ્યાખ્યાન વેળાએ તે શ્રુતપદોના અર્થોને ધારણ કર્યા છે. તેનાથી કંઈક કંઈક સ્ખલનાઓનાં પ્રાયશ્ચિત્ત આપવા સમર્થ છે, તેના દ્વારા જે પ્રાયશ્ચિત્ત આપે તે ધારણા વ્યવહાર છે.

૨) વળી, કોઈ ગુણસંપન્ન સાધુ આચાર્યની સાથે વસતા હોય અને શ્રુતવ્યવહારી સાધુ તેઓને પ્રાયશ્ચિત્ત આપતા હોય તે સર્વ સ્વયં જોતા હોય, સાંભળતા હોય, તેના બળથી તે મહાત્માને તે પ્રકારનો ક્ષયોપશમ થાય કે આવી આવી સ્ખલનાઓમાં તેના દ્રવ્યાદિનો આ રીતે વિનિયોગ કરીને આવા પ્રકારનું પ્રાયશ્ચિત્ત આપવાથી તેની શુદ્ધિ થાય છે, તે પ્રકારે ઉચિત નિર્ણય કરીને તેવા પાપ સેવનારાને રાગદ્વેષ વગર તે મહાત્મા તેવું પ્રાયશ્ચિત્ત આપે તે ધારણા વ્યવહારથી છે. જેમ કોઈ સુવૈદ્ય પાસે હંમેશાં સાથે રહીને કાર્ય કરતો હોય અને વૈદ્યની તે તે રોગમાં પુરુષાદિ ભેદથી તેના રોગને અનુરૂપ ઉચિત ઔષધ આપતા જોઈને નિપુણ પ્રજ્ઞા પ્રાપ્ત થઈ હોય તો તે પુરુષ પણ તે વૈદ્યની જેમ રોગનો ઉચિત નિર્ણય કરીને ઔષધ આપી શકે છે. તેમ ધારણા વ્યવહારી પણ પાપભીરુ હોય તો હું જાણકાર છું, તેવી વૃત્તિથી નહિ કે બધાની વચમાં મોટા થવાની વૃત્તિથી નહિ, પરંતુ સ્ખલના પામેલા સાધુની કઈ રીતે શુદ્ધિ થાય ? તે પ્રકારના એક વિશુદ્ધ આશયથી પોતાના બોધને અનુરૂપ ઉચિત પ્રાયશ્ચિત્ત આપે તે ધારણા વ્યવહાર છે.

પ્રથમ ભેદમાં સાધુના બહુગુણયુક્ત આદિ જે વિશેષણ આપ્યાં તે સર્વ પણ બીજા પ્રકારના ધારણા વ્યવહાર કરનારા સાધુમાં આવશ્યક છે. ફક્ત પ્રથમ પ્રકારના ધારણા વ્યવહાર કરનારા મહાત્માએ વ્યાખ્યાન વેળામાં છેદસૂત્રોનાં અર્થપદોને યતનાથી પ્રાપ્ત કર્યા છે, તેનાથી ધારણા વ્યવહાર કરે છે અને બીજા પ્રકારના ધારણા વ્યવહાર કરનારા મહાત્માએ શ્રુત વ્યવહારી ગીતાર્થ મહાત્મા પાસે રહીને અન્યને પ્રાયશ્ચિત્ત આપતા જોઈને તેના બળથી પ્રાપ્ત થયેલા બોધને કારણે ધારણા વ્યવહારથી પ્રાયશ્ચિત્ત આપે છે.

૩) વળી કોઈ શિષ્ય શાસ્ત્રવિધિ અનુસાર વૈયાવચ્ચ કરવામાં કુશળ હોય, તેથી ગચ્છની ઉચિત વૈયાવચ્ચ કરીને ગચ્છના સાધુઓના સંયમની વૃદ્ધિમાં પ્રબળ કારણ હોય, તેથી આચાર્યને તે શિષ્ય અતિ આરાધક છે, એ રીતે સંમત છે અને આચાર્ય દેશદર્શન અર્થે વિહારાદિ કરતા હોય ત્યારે સહાયક બનતા હોય એવા શિષ્યને પરિણત જોઈને છેદસૂત્રોને સંપૂર્ણ આપવા યત્ન કરે, છતાં તે શિષ્યની તેવી મેધા ન હોય. જેથી તે સર્વને ધારણ કરી શકે ત્યારે તે શિષ્યને તે આચાર્ય અતિ યોગ્ય જાણીને અનુગ્રહ કરવા અર્થે કેટલાંક છેદસૂત્રો સંબંધી અર્થપદો તેને આપે છે; કેમ કે ગુણસંપન્ન એવા તે સાધુ તે છેદસૂત્રોના અર્થના બોધના બળથી ઘણા યોગ્ય જીવોને ઉચિત પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા સ્વપરના સંવેગની વૃદ્ધિ કરીને ઘણી નિર્જરા પ્રાપ્ત કરશે, તેવી તેનામાં યોગ્યતા છે. તેથી તે શિષ્યને ઘણી નિર્જરા પ્રાપ્ત થાય એ પ્રકારના અનુગ્રહ અર્થે છેદસૂત્ર સંબંધી કેટલાંક અર્થપદોને ગ્રહણ કરીને આચાર્ય તેને આપે છે. તેથી તેની ધારણાને અનુરૂપ અત્યંત ઉપયોગી એવાં તે અર્થપદોથી યોગ્ય જીવોને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધિ કરાવે તે ધારણા વ્યવહાર છે.

આ પ્રકારનો ધારણા વ્યવહાર છેદસૂત્રના દેશના ધારણાથી પ્રવર્તે છે. **॥૨૮થી ૩૧॥**

**અવતરણિકા :-**

**उक्तो धारणाव्यवहारः । अथ जीतव्यवहारमाह –**

**અવતરણિકાર્થ :-**

ધારણા વ્યવહાર કહેવાયો. હવે જીતવ્યવહાર કહે છે –

**ગાથા :-**

**वत्तणुवत्तपवित्तो, कत्थइ अत्थम्मि जीअकप्पो उ ।**
**सो चेव ण पुण इण्हिं, जं ववहारम्मि भणियमिणं ।।३२।।**

**અન્વયાર્થ :-**

वत्तणुवत्तपवित्तो=વૃત્ત, અનુવૃત્ત, પ્રવૃત્ત, कत्थइ अत्थम्मि=કોઈક અર્થમાં, जीअकप्पो=જીતકલ્પ છે, उ=તુ શબ્દથી મહાજનથી આચીર્ણ એવો જીતકલ્પ છે એનું ગ્રહણ છે. सो चेव पुण=તે જ વળી=જીતકલ્પ જ વળી, इण्हिं ण=હમણાં સર્વત્ર નથી, जं=જે કારણથી, ववहारम्मि=વ્યવહારમાં=વ્યવહારસૂત્રમાં, इणं भणिअं=આ કહ્યું છે=આગળ કહ્યું છે, એ કહ્યું છે. ।।૩૨।।

**ગાથાર્થ :-**

**વૃત્ત, અનુવૃત્ત અને પ્રવૃત્ત કોઈક અર્થમાં જીતકલ્પ છે. 'તુ' શબ્દથી મહાજન આચીર્ણ એવો જીતકલ્પ છે એનું ગ્રહણ છે. તે જ=જીતકલ્પ જ હમણાં સર્વત્ર નથી. જે કારણથી વ્યવહારમાં=વ્યવહારસૂત્રમાં આ=આગળ કહ્યું છે એ, કહ્યું છે. ।।૩૨।।**

**ટીકા :-**

'वत्तणुवत्त'त्ति । वृत्तः-एकवारं प्रकटीभूतः, अनुवृत्तः-द्वितीयवारं प्रवृत्तः-तृतीयवारं 'क्वचिदर्थे' वक्ष्यमाणप्रायश्चित्तादिविशेषविषये 'जीतकल्पस्तु' जीतव्यवहारस्तु 'तुः' विशेषणे, किं विशिनष्टि ? महाजनाचीर्णत्वं, तथा च 'प्रवृत्तिजनककर्त्तव्यताबोधहेतुर्महाजनाचार एव जीतम्' इति लक्षणम्, तेन न प्रथमप्रवृत्त्यादावप्रसङ्ग इति द्रष्टव्यम् । वृत्तानुवृत्तप्रवृत्तत्वं किञ्चिदर्थविषयत्वं च वस्तुस्थित्यनुरोधादुक्तम् । अत एवाह– 'स एव' जीतकल्प एव न पुनरिदानीं सर्वत्रार्थे श्रुतादरेपि सत्त्वात्, चतुर्णामनवकाश एव पञ्चमस्य प्रवृत्तेः । यद्व्यवहारे भणितमिदम् ।।३२।।

**ટીકાર્થ :-**

वृत्तः- ..... भणितमिदम् ।। વૃત્ત=એકવાર પ્રગટ થયેલો=પૂર્વમાં જે વ્યવહાર ચાલતો હોય તેના કરતાં સંયોગ અનુસાર કંઈક ભેદથી પ્રગટ થયેલો, અનુવૃત્ત=બીજી વાર પ્રવૃત્ત=તેના પછીના અન્ય આચાર્યો આદિ દ્વારા પણ તે વ્યવહાર તે રીતે જ ઉચિત છે એમ જાણીને પ્રવૃત્ત થયો. ત્રીજીવાર પ્રવૃત્ત થયો=તેના પછીના પણ સુવિહિતોએ દેશ કાળ પ્રમાણે તે વ્યવહાર તે રીતે જ સ્વીકાર્યો, તે વ્યવહાર વૃત્ત, અનુવૃત્ત, પ્રવૃત્ત કહેવાય એવો વ્યવહાર કોઈક અર્થમાં=આગળમાં કહેવાશે એવા

**પ્રાયશ્ચિત્ત આદિ વિશેષ વિષયમાં, જીતકલ્પ છે=જીતવ્યવહાર છે. તુ શબ્દ વિશેષણમાં છે. શું વિશેષતા બતાવે છે ? મહાજન આચીર્ણપણાને બતાવે છે અને તે રીતે=અત્યારસુધી શ્લોકના પૂર્વાર્ધથી જીતકલ્પનો અર્થ કર્યો તે રીતે પ્રવૃત્તિજનક=નિર્જરાને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિનું જનક એવું જે કૃત્ય તેના વિષયમાં કર્તવ્યતાના બોધનો હેતુ મહાજનનો આચાર જ=ભગવાનના વચનને પરતંત્ર થયેલા મહાપુરુષોનો આચાર જ, જીત છે એ પ્રમાણે લક્ષણ છે=જીતવ્યવહારનું લક્ષણ છે. તે કારણથી=જીતનું આવું લક્ષણ છે તે કારણથી, પ્રથમ પ્રવૃત્તિ આદિમાં=તે તે દેશકાળમાં સુવિહિત આચાર્યો વડે પ્રથમ કે બીજી વાર પ્રવૃત્તિ કરી હોય એટલા માત્રથી તેમાં, જીતવ્યવહાર સ્વીકારવાનો અતિપ્રસંગ નથી, એ પ્રમાણે જાણવું.**

**વૃત્ત-અનુવૃત્ત-પ્રવૃત્તપણું અને કોઈક અર્થવિષયપણું વસ્તુસ્થિતિના અનુરોધથી=સંયમવૃદ્ધિનું કારણ હોય તેવી તે તે સંયોગ અનુસાર ઉચિત પ્રવૃત્તિ પણ ગીતાર્થો દ્વારા ફરી ફરી કરાયેલી હોય તો ભવિષ્યમાં સર્વ માટે તે કર્તવ્યરૂપ બને છે અને તે પણ સંયમના ઉપકારી એવા કોઈક કૃત્ય વિષયક હોય છે, જે તે કૃત્ય વિષયક નથી એ પ્રકારના વસ્તુસ્થિતિના અનુરોધથી, વૃત્ત, અનુવૃત્ત, પ્રવૃત્તત્વ અને કિંચિત્ અર્થવિષયત્વ વિશિષ્ટ જીતકલ્પ કહેવાયું છે.**

**આથી જ કહે છે=શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. તે જ=જીતકલ્પ જ વળી, હમણાં સર્વત્ર અર્થમાં નથી; કેમ કે શ્રુતાદિનું પણ સત્ત્વ છે=શ્રુતાદિ અન્ય વ્યવહારનું પણ સત્ત્વ છે. કેમ સર્વત્ર જિતકલ્પ નથી ? તેમાં હેતુ કહે છે.**

**ચારના અનવકાશમાં જ પાંચમાની=જીતકલ્પની પ્રવૃત્તિ છે. જે કારણથી વ્યવહારમાં=વ્યવહારભાષ્યમાં આ=આગળ કહેવાશે એ કહેવાયું. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

સર્વજ્ઞના વચનથી નિર્ણય કરીને ઉચિત પ્રવૃત્તિ કરનારા ગીતાર્થ સુસાધુઓ હોય છે તેથી તે મહાજન છે, તેવા મહાજનથી સેવાયેલી કોઈક આચરણા હોય તે પ્રથમ પ્રગટ થયેલી આચરણા પાછળના તેવા જ મહાજનથી બીજી વખત સેવાઈ હોય અર્થાત્ તે દ્રવ્ય, ક્ષેત્રમાં આ ઉચિત છે, તેમ નિર્ણય કરીને તે ગીતાર્થ એવા અન્ય સાધુએ પણ સ્વીકારી હોય. વળી, ત્રીજી વખત ત્રીજા આચાર્ય દ્વારા તે સંયોગોમાં કર્તવ્યરૂપે સ્વીકારી હોય તો તે આચરણા સર્વજ્ઞના વચનાનુસાર સંમત છે, તેવું સૂચક હોવાથી જીતવ્યવહાર કહેવાય છે.

વળી આ આચરણા કોઈક વિશિષ્ટ અર્થવિષયક હોય છે. સર્વ કૃત્યોમાં વ્યાપક નથી. જેમ પ્રમાદી સાધુઓ સર્વજ્ઞના વચનથી વિપરીત સ્વસ્વરુચિ અનુસાર તે તે કૃત્યો કરતા હોય તે સર્વ જીતવ્યવહારમાં સંગૃહીત થાય નહિ. પરંતુ સંયમની કોઈક આચરણા દેશકાળને અનુરૂપ ક્ષીણ થયેલા સંઘયણને કારણે અને ક્ષીણ થયેલ ધૃતિબળને કારણે સ્વીકારી હોય તે આચરણા જીતવ્યવહારથી સંગૃહીત થાય છે. આથી જ શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે કે મહાજનોથી ગણપરંપરામાં આચીર્ણ હોય તે જ જીતકલ્પ છે. પરંતુ

હમણાં સર્વત્ર જીતકલ્પ નથી; કેમ કે શ્રુતાદિ અન્ય વ્યવહારો પણ વર્તમાનમાં છે. આથી જ પિંડનિર્યુક્તિ આદિ શ્રુતશાસ્ત્રના વચનાનુસાર શુદ્ધ સંયમની આચરણા જ સંયમની આચરણા છે. પ્રમાદી સાધુઓની પરંપરામાં આવેલી અનેક વખત પણ સેવાયેલી આચરણા જીતવ્યવહાર નથી. **॥૩૨॥**

**ગાથા :-**

**चोदेई वुच्छिन्ने, सिद्धिपहे तइयगम्मि पुरिसजुगे ।**
**वुच्छिण्णे तिविहे संजमम्मि जीएण ववहारो ।।३३।।**

**અન્વયાર્થ :-**

**चोदेई=પ્રશ્ન કરે છે=પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે. तइयगम्मि पुरिसजुगे=ત્રીજા યુગપુરુષમાં=જંબૂસ્વામીરૂપ ત્રીજા યુગપુરુષમાં, सिद्धिपहे वुच्छिन्ने=સિદ્ધપથ વિચ્છિન્ન થયે છતે, तिविहे संजमम्मि वुच्छिण्णे=અને ત્રણ પ્રકારનું સંયમ વિચ્છિન્ન થયે છતે, जीएण ववहारो=જિતથી વ્યવહાર છે=ત્યારપછી જિતથી વ્યવહાર છે. ॥૩૩॥**

**ગાથાર્થ :-**

**પ્રશ્ન કરે છે=પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે. ત્રીજા પુરુષ યુગમાં=જંબૂસ્વામીરૂપ ત્રીજા યુગપુરુષમાં સિદ્ધિપથ વિચ્છિન્ન થયે છતે અને ત્રણ પ્રકારનું સંયમ વિચ્છિન્ન થયે છતે જિતથી વ્યવહાર છે= ત્યારપછી જિતથી વ્યવહાર છે. ॥૩૩॥**

**ટીકા :-**

**'चोदेइ'त्ति । परश्चोदयति 'तृतीये पुरुषयुगे' जम्बूस्वामिनाम्नि सिद्धिपथे व्यवच्छिन्ने व्यवच्छिन्ने च 'त्रिविधसंयमे' परिहारविशुद्धिप्रभृतिके जीतेन व्यवहारः ।।३३।।**

**ટીકાર્થ :-**

परश्चोदयति ..... व्यवहारः ।। પર પ્રશ્ન કરે છે. ત્રીજા પુરુષયુગમાં=જંબૂસ્વામી નામના ત્રીજા પુરુષયુગમાં સિદ્ધિપથ વિચ્છિન્ન થયે છતે અને ત્રિવિધ સંયમ વિચ્છિન્ન થયે છતે=પરિહારવિશુદ્ધિ વગેરે ત્રણ સંયમ વિચ્છિન્ન થયે છતે જિત દ્વારા વ્યવહાર છે. ॥૩૩॥

**અવતરણિકા :-**

**अत्र केचिदुत्तरमाहुः –**

**અવતરણિકાર્થ :-**

**અહીં કેટલાક=પૂર્વપક્ષીના કેટલાક ઉત્તરને કહે છે –**

ગાથા :-

संघयणं संठाणं, च पढमगं जो अ पुव्वउवओगो ।
ववहारचउक्कं पि य, चउदसपुव्विम्मि वुच्छिण्णं ।।३४।।

અન્વયાર્થ :-

पढमगं संघयणं संठाणं च=પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન, जो अ पुव्वउवओगे=અને જે પૂર્વનો ઉપયોગ=ચૌદપૂર્વનો અંતર્મુહૂર્તમાં ઉપયોગ, ववहारचउक्कं पि य=અને વ્યવહારચતુષ્ક પણ, चउदसपुव्विम्मि वुच्छिण्णं=ચૌદપૂર્વમાં વિચ્છિન્ન છે=ચૌદપૂર્વ વિચ્છિન્ન થયે છતે સંઘયણાદિ વિચ્છિન્ન છે. ।।૩૪।।

ગાથાર્થ :-

સંઘયણ=પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન અને જે પૂર્વનો ઉપયોગ=ચૌદપૂર્વનો અંતર્મુહૂર્તમાં ઉપયોગ અને વ્યવહારચતુષ્ક પણ ચૌદપૂર્વમાં વિચ્છિન્ન છે=ચૌદપૂર્વ વિચ્છિન્ન થયે છતે સંઘયણાદિ વિચ્છિન્ન છે. ।।૩૪।।

ટીકા :-

'संघयणं'ति । प्रथमं संहननं-वज्रर्षभनाराचं, प्रथमं संस्थानं-समचतुरस्रं, यश्चान्तर्मुहूर्त्तेन चतुर्दशानामपि पूर्वाणामुपयोगः-अनुप्रेक्षणं, यच्चादिममागमश्रुताज्ञाधारणालक्षणं व्यवहारचतुष्कमेतत्सर्वं चतुर्दशपूर्विणि व्यवच्छिन्नम् ।।३४।।

ટીકાર્થ :-

प्रथमं ..... व्यवच्छिन्नम् ।। પ્રથમ સંઘયણ=વજ્રઋષભનારાચ સંઘયણ, પ્રથમ સંસ્થાન=સમચતુરસ્ર સંસ્થાન અને જે અંતર્મુહૂર્તથી ચૌદ પણ પૂર્વનો ઉપયોગ=અનુપ્રેક્ષણ અને જે આદિમ આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, લક્ષણ વ્યવહારચતુષ્ક એ સર્વ ચૌદપૂર્વમાં વિચ્છિન્ન છે=ચૌદપૂર્વ વિચ્છિન્ન થયે છતે વિચ્છિન્ન છે. ।।૩૪।।

અવતરણિકા :-

एतन्निराकुर्वन् भाष्यकृदाह –

અવતરણિકાર્થ :-

આને=ગાથા-૩૩ અને ૩૪માં જે બે મતો કહ્યા એને, નિરાકરણ કરતાં ભાષ્યકારશ્રી કહે છે –

ગાથા :-

आहायरिओ एवं, ववहारचउक्क जे उ वुच्छिण्णं ।
चउदसपुव्वधरम्मी, घोसंति तेसि ऽनुग्घाया ।।३५।।

અન્વયાર્થ :-

आहायरियो=આચાર્ય કહે છે, एवं=આ રીતે=ગાથા-૩૪માં કહ્યું એ રીતે, जे चउदसपुव्वधरम्मि=જેઓ ચતુર્દશપૂર્વધરમાં, ववहारचउक्क=વ્યવહારચતુષ્કને, वुच्छिण्णं घोसंति=વિચ્છિન્ન કહે છે. तेसि ऽनुग्घाया=તેઓને અનુદ્ઘાત છે=ચાર ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત છે. ॥૩૫॥

ગાથાર્થ :-

**આચાર્ય કહે છે. આ રીતે=ગાથા-૩૪માં કહ્યું એ રીતે, જેઓ ચતુર્દશ પૂર્વધરમાં વ્યવહારચતુષ્કને વિચ્છિન્ન કહે છે, તેઓને અનુદ્ઘાત=ચાર ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત છે. ॥૩૫॥**

ટીકા :-

'आहायरिओ'त्ति । एवं परेणोत्तरे कृते आचार्यः प्राह—ये 'एवं' प्रागुक्तप्रकारेण व्यवहारचतुष्कं चतुर्दशपूर्वधरे व्युच्छिन्नं घोषयन्ति तेषां प्रायश्चित्तं चत्वारो मासाः 'अनुद्घाताः' गुरुका मिथ्यावादित्वात् ।।३५।।

ટીકાર્થ :-

एवं ..... मिथ्यावादित्वात् ।। આ રીતે=ગાથા-૩૩માં કોઈકે કહ્યું, તેનું ગાથા-૩૪માં પર વડે ઉત્તર અપાયો એ રીતે, પર વડે ઉત્તર કરાયે છતે આચાર્ય કહે છે. જે આ પ્રકારે=પૂર્વમાં કહેલા પ્રકારથી=ગાથા-૩૪માં કહેલા પ્રકારથી, ચૌદ પૂર્વધર વિચ્છિન્ન થયે છતે વ્યવહારચતુષ્ક વિચ્છિન્ન કહે છે. તેઓને ચાર માસના અનુદ્ઘાત ગુરુક પ્રાયશ્ચિત્ત છે; કેમ કે મિથ્યાવાદિપણું છે. ॥૩૫॥

અવતરણિકા :-

मिथ्यावादित्वमेव तेषां प्रचिकटयिषुराह –

અવતરણિકાર્થ :-

તેઓનું મિથ્યાત્વાદિપણું જ પ્રગટ કરવાની ઈચ્છાવાળા આચાર્ય કહે છે –

ગાથા :-

जे भावा जहियं पुण, चउदसपुव्विम्मि जंबुनामे य ।
वुच्छिन्ना ते इणमो, सुणसु समासेण सीसंते ।।३६।।
मणपरमोहिपुलाए, आहारग खवग उवसमे कप्पे ।
संजमतिग केवल सिज्झणा य जंबुम्मि वुच्छिन्ना ।।३७।।

**અન્વયાર્થ :-**

पुण जहियं चउदसपुव्विम्मि=વળી જે ચૌદ પૂર્વધરમાં, जंबुनामे य=કે જંબૂસ્વામીમાં, जे भावा वुच्छिन्ना=જે ભાવો વ્યુચ્છિન્ન થયા, ते इणमो=તે આ=તે ભાવો, समासेण सीसंते सुणसु=સમાસથી કહેવાતા સાંભળો. ॥૩૬॥

मणपरमोहिपुलाए=મન:પર્યવજ્ઞાનીઓ, પરમાવધિ, પુલાકલબ્ધિ, आहारग खवग उवसमे=આહારક શરીર, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, कप्पे=જિનકલ્પ, संजमतिग=સંયમત્રિક, केवल=કેવલી, सिज्झणा य=અને સિદ્ધિ, जंबुम्मि वुच्छिन्ना=જંબૂસ્વામીમાં વિચ્છિન્ન થયા. ॥૩૭॥

**ગાથાર્થ :-**

**વળી, જે ચૌદ પૂર્વધરમાં કે જંબૂસ્વામીમાં જે ભાવો વ્યુચ્છિન્ન થયા તે આ=તે ભાવો સમાસથી કહેવાતા સાંભળો. ॥૩૬॥**

**મન:પર્યવજ્ઞાનીઓ, પરમાવધિ, પુલાકલબ્ધિ, આહારક શરીર, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, જિનકલ્પ, સંયમત્રિક, કેવલી અને સિદ્ધિ, જંબૂસ્વામીમાં વિચ્છિન્ન થયા. ॥૩૭॥**

**ટીકા :-**

'जे भाव'त्ति । ये भावा यस्मिन् चतुर्दशपूर्विणि जम्बूनाम्नि च व्यवच्छिन्नास्तान् समासेन शिष्यमाणानिमान् शृणुत ।।३६।।

'मण'त्ति । मनःपर्यायज्ञानिनः परमावधयः 'पुलाकः' लब्धिपुलाकः 'आहारकः' आहारकशरीरलब्धिमान् 'क्षपकः' क्षपकश्रेणिः 'उपशमः' उपशमश्रेणिः 'कल्पः' जिनकल्पः 'संयमत्रिकं' शुद्धपरिहारविशुद्धिसूक्ष्मसम्परायथाख्यातलक्षणं केवलिनः सिद्धिश्च, एते भावा जम्बूस्वामिनि व्यवच्छिन्नाः । इह केवलिग्रहणेन सिज्झणाग्रहणेन वा गते यदुभयोरुपादानं तद्-'यः केवली स नियमात्सिध्यति यश्च सिध्यति नियमात्केवली सन्' इति ख्यापनार्थम् । तत्किमेतदन्यतो न प्राप्तम् ? प्राप्तमेव तथापि येन न प्राप्तं तं प्रत्यस्योपयोगो न चाप्रसक्ताभिधानम्, विशेषणविधयैतादृशस्याप्रसक्तस्याप्यभिधानाविरोधात्तन्त्रशैल्या इत्थमेव व्यवस्थितत्वादिति द्रष्टव्यम् ।।३७।।

**ટીકાર્થ :-**

ये भावा ..... द्रष्टव्यम् ।। જે ભાવો જે ચૌદપૂર્વધરમાં અને જંબૂસ્વામીમાં વિચ્છિન્ન થયા, તેઓને સમાસથી કહેવાતા આ સાંભળો.

મન:પર્યવજ્ઞાનીઓ, પરમાવધિઓ, પુલાક=લબ્ધિપુલાક, આહારક=આહારક શરીર લબ્ધિવાળા, ક્ષપક=ક્ષપકશ્રેણી, ઉપશમ=ઉપશમશ્રેણી, કલ્પ=જિનકલ્પ, સંયમત્રિક=શુદ્ધ પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ

**સંપરાય અને યથાખ્યાત લક્ષણ સંયમત્રિક, કેવલી અને સિદ્ધિ, આ ભાવો=મનઃપર્યવ આદિ સર્વ ભાવો જંબૂસ્વામીમાં વિચ્છિન્ન થયા.**

**અહીં કેવલીના ગ્રહણથી અથવા સિદ્ધિના ગ્રહણથી ગત હોતે છતે=બન્નેમાંથી એકના ગ્રહણથી બન્નેનું ગ્રહણ હોતે છતે, જે ઉભયનું ગ્રહણ છે, તે જે કેવલી છે, તે નિયમા સિદ્ધ થાય છે અને જે સિદ્ધ થાય છે તે નિયમા કેવલી થયા છતાં સિદ્ધ થાય છે, એ ખ્યાપન માટે છે.**

**અહીં પ્રશ્ન કરે છે ? શું તે આ બેમાંથી અન્યથી=એકના ગ્રહણથી પ્રાપ્ત નથી ?**

**પ્રાપ્ત જ છે=એકના ગ્રહણથી પ્રાપ્ત જ છે, તોપણ જેના વડે=જે પુરુષ વડે પ્રાપ્ત નથી=જે પુરુષને તેવું જ્ઞાન નથી, તેના પ્રત્યે આનો ઉપયોગ છે=સિદ્ધિ અને કેવલીની પરસ્પર વ્યાપ્તિનો બોધ કરાવવાનો ઉપયોગ છે અને અપ્રસક્તનું અભિધાન નથી=કેવલી કે સિદ્ધિ બેમાંથી એકને ગ્રહણ કરવાથી અન્યની અપ્રાપ્તિ થતી હોય, એવા અપ્રસક્તનું આ અભિધાન નથી=કેવલી અને સિદ્ધિ બેનું ગ્રહણ નથી.**

**કેમ કે વિશેષણ વિધયા=વિશેષણપણાથી આવા પ્રકારના અપ્રસક્તના પણ કથનનો અવિરોધ છે. કેમ અપ્રસક્ત હોય, છતાં તેનું કથન કરાય છે ? તેમાં યુક્તિ આપે છે.**

**તંત્રશૈલીનું=શાસ્ત્રમર્યાદાનું, આ પ્રમાણે જ વ્યવસ્થિતપણું છે. આ પ્રમાણે જાણવું. ॥૩૬-૩૭॥**

**ભાવાર્થ :-**

વ્યવહારભાષ્યમાં કોઈક પૂર્વપક્ષી કહે છે. જંબૂસ્વામી મોક્ષમાં ગયા ત્યારપછી સંયમત્રિક વિચ્છિન્ન થયું અને સિદ્ધિપદ વિચ્છિન્ન થયું, ત્યારથી માંડીને જીતવ્યવહાર પ્રવર્તે છે. આ પ્રકારના કોઈકના કથનમાં અન્ય કોઈ તેનો ઉત્તર આપતાં કહે છે કે જંબૂસ્વામી પછીથી જીતવ્યવહાર જ છે, તેમ નથી, પરંતુ ચૌદ પૂર્વધર જ્યાં સુધી હતા, ત્યાં સુધી પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન અને અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વને પરાવર્તન કરવાની શક્તિ હતી, ત્યાં સુધી ચાર વ્યવહારો હતા અને તે ચારેય વ્યવહારો ત્યાર પછી વિચ્છિન્ન થયા, માત્ર જીતવ્યવહાર છે. આ બન્ને કથનો યુક્ત નથી. તે બતાવવા માટે ભાષ્યકારશ્રી કહે છે. પરના પ્રશ્નમાં કોઈએ ઉત્તર આપ્યો, તેવો ઉત્તર કોઈ આપે તેને ચાર ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે છે.

તેથી એ ફલિત થાય કે ગાથા-૩૩માં કોઈકે જંબૂસ્વામી પછી માત્ર જીતવ્યવહાર છે એવો પ્રશ્ન કરેલ, તેનું સમાધાન કોઈકે ગાથા-૩૪માં કર્યું અને તે કથન ઉચિત નથી માટે તે પ્રકારે કહેનારાને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.

વળી ગાથા-૩૩ અને ૩૪ બન્નેનાં કથનો મિથ્યાવાદી છે. તેમ બતાવતાં કહે છે કે જંબૂસ્વામીનો મોક્ષ થયો, ત્યારે મનઃપર્યવજ્ઞાની, પરમાવધિ, પુલાકલબ્ધિ, આહારક શરીર, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, સંયમત્રિક, જિનકલ્પ, કેવલી અને સિદ્ધિ એ ભાવો વિચ્છિન્ન થયા છે, પરંતુ આગમાદિ ચાર વ્યવહારો વિચ્છિન્ન થયા નથી માટે ગાથા-૩૪માં જે ઉત્તર આપ્યો, તે મિથ્યાવાદી છે અને ગાથા-૩૩માં જે પ્રશ્ન કર્યો, તે પણ મિથ્યા કથન છે. **॥૩૬-૩૭॥**

**ગાથા :-**

संघयणं संठाणं, च पढमगं जो अ पुव्वउवओगो ।
एते तिन्नि विअत्था, चउदसपुव्विम्मि वुच्छिन्ना ।।३८।।

**અન્વયાર્થ :-**

पढमगं संघयणं संठाणं च=પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન, जो अ पुव्वउवओगो=અને જે ચૌદપૂર્વનો ઉપયોગ, एते तिन्नि विअत्था=આ ત્રણે પણ અર્થો, चउदसपुव्विम्मि वुच्छिन्ना=ચૌદપૂર્વમાં=ચૌદપૂર્વના વિચ્છેદમાં વિચ્છિન્ન થયા. ॥૩૮॥

**ગાથાર્થ :-**

**પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન અને જે ચૌદપૂર્વનો ઉપયોગ આ ત્રણે પણ અર્થો ચૌદપૂર્વમાં= ચૌદપૂર્વના વિચ્છેદમાં વિચ્છિન્ન થયા. ॥૩૮॥**

**ટીકા :-**

'सघयणं'ति । प्रथमं संहननं प्रथमं संस्थानं यश्चान्तर्मुहूर्त्तकः समस्तपूर्वविषय उपयोगः, एते त्रयोऽप्यर्था न जम्बूस्वामिनि तृतीयपुरुषयुगे व्यवच्छिन्नाः किन्तु चतुर्दशपूर्विणि भद्रबाहौ ।।३८।।

**ટીકાર્થ :-**

प्रथमं ..... भद्रबाहौ ।। પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન અને અંતર્મુહૂર્ત સમસ્ત પૂર્વ વિષયક જે ઉપયોગ આ ત્રણે પણ અર્થો ત્રીજા યુગપુરુષ જંબૂસ્વામીમાં વિચ્છિન્ન થયા નથી. પરંતુ ચૌદપૂર્વી ભદ્રબાહુસ્વામી પછી વિચ્છિન્ન થયા છે. ॥૩૮॥

**અવતરણિકા :-**

व्यवहारचतुष्कं पुनः पश्चादप्यनुवृत्तं यत आह –

**અવતરણિકાર્થ :-**

વ્યવહારચતુષ્ક વળી પાછળથી પણ=ભદ્રબાહુસ્વામી પછી પણ, અનુવૃત્ત છે. જે કારણથી કહે છે –

**ગાથા :-**

केवलमणपज्जवनाणिणो अ तत्तो अ ओहिनाणजिणा ।
चउदसदसनवपुव्वी, आगमववहारिणो धीरा ।।३९।।
सुत्तेण ववहरंते, कप्पववहारधारिणो धीरा ।
अत्थधर ववहरंते, आणाए धारणाए अ ।।४०।।

ववहारचउक्कस्स य, चोद्दसपुव्विम्मि छेदो जं भणियं ।
तं ते मिच्छा जम्हा, सुत्तं अत्था य धरए उ ।।४१।।

**અન્વયાર્થ :-**

केवलमणपज्जवनाणिणो=કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, तत्तो अ ओहिनाणजिणा=ત્યાર પછી અવધિજ્ઞાની જિન, चउदसदसनवपुव्वी=ચૌદ પૂર્વધર, દશ પૂર્વધર, નવ પૂર્વધર આ છ, धीरा आगमववहारिणो=ધીર આગમ વ્યવહારી છે. ॥૩૯॥

सुत्तेण ववहरंते=સૂત્રથી વ્યવહારને કરતા, धीरा कप्पववहारधारिणो=ધીર કલ્પવ્યવહારધારી છે, अत्थधर आणाए धारणाए अ ववहरंते=અર્થધર આજ્ઞાથી અને ધારણાથી વ્યવહાર કરે છે. ॥૪૦॥

जं सुत्तं अत्था य धरए उ=જે કારણથી સૂત્ર અને અર્થ ધારણ કરે છે=હજુ પણ ધારણ કરે છે. તે કારણથી, चोद्दसपुव्विम्मि=ચૌદપૂર્વમાં, ववहारचउक्कस्स छेदो जं भणियं=વ્યવહારચતુષ્કનો છેદ થયો એ પ્રમાણે જે કહેવાયું, तं मिच्छा=તે મિથ્યા છે. ॥૪૧॥

**ગાથાર્થ :-**

**કેવલજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની ત્યાર પછી અવધિજ્ઞાની જિન, ચૌદપૂર્વધર, દશપૂર્વધર, નવપૂર્વધર, આ છ ધીર આગમ વ્યવહારી છે. ॥૩૯॥**

**સૂત્રથી વ્યવહારને કરતા ધીર કલ્પવ્યવહારધારી છે. અર્થધર આજ્ઞાથી અને ધારણાથી વ્યવહાર કરે છે. ॥૪૦॥**

**જે કારણથી સૂત્ર અને અર્થ ધારણ કરે છે=હજુ પણ ધારણ કરે છે, તે કારણથી ચૌદપૂર્વમાં વ્યવહારચતુષ્કનો છેદ થયો એ પ્રમાણે જે કહેવાયું તે મિથ્યા છે. ॥૪૧॥**

**ટીકા :-**

'केवल'त्ति । केवलिनो मनःपर्यायज्ञानिनोऽवधिज्ञानिजिनाश्चतुर्दशपूर्विणो दशपूर्विणो नवपूर्विणश्च, एते षड् धीरा आगमव्यवहारिणः ।।३९।।

'सुत्तेण'त्ति । ये पुनः कल्पव्यवहारधारिणो धीरास्ते 'सूत्रेण' कल्पव्यवहारगतेन व्यवहरन्ति, ये पुनश्छेदश्रुतस्यार्थधरास्ते आज्ञया धारणया च व्यवहरन्ति ।।४०।।

'ववहार'त्ति । छेदश्रुतस्य च सूत्रमर्थश्चाद्यापि धरते विद्यते, दशपूर्वधरा अपि चागमव्यवहारिणः, ततो व्यवहारचतुष्कस्य चतुर्दशपूर्विणि व्यवच्छेद इति यद्भणितं तन्मिथ्या ।।४१।।

**ટીકાર્થ :-**

केवलिनो ..... आगमव्यवहारिणः ।। કેવલી, મનઃપર્યવજ્ઞાની, અવધિજિન, ચૌદપૂર્વધરો, દશપૂર્વધરો,

નવપૂર્વધરો, આ છ ધીર પુરુષો આગમ વ્યવહારી છે. ।।૩૯।।

ये पुनः ..... व्यवहरन्ति ।। જે વળી કલ્પવ્યવહારધારી ધીરો છે, તે સૂત્રથી-કલ્પવ્યવહારગત સૂત્રથી વ્યવહાર કરે છે. જે વળી છેદસૂત્રના અર્થને ધારણ કરનારા છે, તે આજ્ઞાથી અને ધારણાથી વ્યવહાર કરે છે. ।।૪૦।।

छेदश्रुतस्य ..... तन्मिथ्या ।। છેદશ્રુતના સૂત્ર અને અર્થ હજુ પણ વિદ્યમાન છે અને દશપૂર્વધરો પણ આગમ વ્યવહારી છે, એથી વ્યવહારચતુષ્કનો ચૌદપૂર્વધરમાં વિચ્છેદ છે, એ પ્રમાણે જે પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, તે મિથ્યા છે. ।।૪૧।।

**અવતરણિકા :-**

अन्यच्च –

**અવતરણિકાર્થ :-**

અને અન્ય=પૂર્વપક્ષીનું કથન મિથ્યા છે, તેમાં અન્ય કથન કરે છે –

**ગાથા :-**

तित्थुग्गाली एत्थं, वत्तव्वा होइ आणुपुव्वीए ।
जो जस्स उ अंगस्सा, वुच्छेदो जहिं विणिद्दिट्ठो ।।४२।।

**અન્વયાર્થ :-**

तित्थुग्गाली=તીર્થની ઉદ્‌ગાલી=તીર્થની ક્રમસર હાનિ, एत्थं=અહીં, आणुपुव्वीए वत्तव्वा होइ=આનુપૂર્વીથી વક્તવ્ય થાય છે. जस्स अंगस्सा=વળી જે અંગનો, जहिं=જ્યાં, जो वुच्छेदो विणिद्दिट्ठो=જે વિચ્છેદ વિનિર્દિષ્ટ છે, ત્યાં કહેવું જોઈએ એમ અન્વય છે. ।।૪૨।।

**ગાથાર્થ :-**

તીર્થની ઉદ્‌ગાલી=તીર્થની ક્રમસર હાનિ, અહીં આનુપૂર્વીથી વક્તવ્ય થાય છે. વળી જે અંગનો જ્યાં જે વિચ્છેદ વિનિર્દિષ્ટ છે ત્યાં કહેવું જોઈએ એમ અન્વય છે. ।।૪૨।।

**ટીકા :-**

'तित्थुग्गालि'त्ति । तेषां मिथ्यावादित्वप्रकटनाय यस्याङ्गस्यान्यस्य वा यत्र व्यवच्छेदो विनिर्दिष्टः सा तीर्थोद्‌गालिरत्रानुक्रमेण वक्तव्या येन विशेषतस्तेषां प्रत्यय उपजायत इति ।।४२।।

**ટીકાર્થ :-**

तेषां ..... उपजायत इति ।। તેઓના=જેઓ કહે છે કે વર્તમાનમાં વ્યવહારચતુષ્કનો વિચ્છેદ થયો છે તેઓના, મિથ્યાવાદીપણાને પ્રગટ કરવા માટે જે અંગનો અથવા અન્યનો=ચતુર્દશ પૂર્વધર આદિનો

**જ્યાં વ્યવચ્છેદ કહેવાયો છે, તે તીર્થની ઉદ્ગાલી=ભગવાનના તીર્થનો ક્રમસર ઉદ્ગલ અહીં=પ્રસ્તુત પ્રસંગમાં, અનુક્રમથી કહેવો જોઈએ. જે કારણથી વિશેષથી તેનો પ્રત્યય થાય=ભગવાનના શાસનમાં ક્યારે ક્યારે કઈ કઈ વસ્તુનો વિચ્છેદ થયો ? તેનો પ્રત્યય થાય. ॥૪૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કહે છે કે ચૌદપૂર્વનો વિચ્છેદ થયો, ત્યારે વ્યવહારચતુષ્કનો વિચ્છેદ થયો-આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણાવ્યવહારનો વિચ્છેદ થયો. માત્ર જીતથી જ વ્યવહાર વર્તે છે, તેનું તે કથન મિથ્યા છે, તે બતાવતા કહે છે –

આગમવ્યવહારી, કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, ત્યાર પછી અવધિજિન, ચૌદપૂર્વધર, દશપૂર્વધર અને નવપૂર્વધર મહાત્માઓ છે. તેથી ચૌદપૂર્વધર વિચ્છેદ થવા છતાં દશપૂર્વધર અને નવપૂર્વધરથી આગમ વ્યવહાર ચાલતો હતો, વળી કોઈ અવધિજિન હોય તો તેમનાથી પણ આગમ વ્યવહાર પ્રવર્તતો હતો માટે ચૌદપૂર્વના વિચ્છેદ સાથે આગમાદિ ચારેય વ્યવહારનો વિચ્છેદ થયો એ કથન મિથ્યા છે.

વળી જેઓ કલ્પવ્યવહારને ધારણ કરનારા ધીર છે, તેઓ શ્રુતવ્યવહારી છે. તેથી વર્તમાનમાં પણ જેઓ શ્રુતથી વ્યવહાર કરતા હોય, તેઓનો વ્યવહાર શ્રુતરૂપ છે, તેમ સ્વીકારવું પડે.

વળી જેઓ છેદસૂત્રના અર્થને ધારણ કરનારા છે અને જેઓ સૂત્રને ધારણ કરનારા નથી, તેઓ ગૂઢભાષાથી સૂત્રને ધારણ કરનારા પાસે પ્રાયશ્ચિત્ત લેવા પરિણત શિષ્યને મોકલે અને જે પ્રાયશ્ચિત્ત કરે તે આજ્ઞાથી વ્યવહાર કરનારા છે.

વળી શ્રુત ધારણ કરનારા ગીતાર્થ પાસેથી પૂર્વમાં કહ્યું, તે પ્રકારે=ગાથા-૨૮થી ૩૧માં કહ્યું, તે પ્રકારે ધારણાથી વ્યવહાર કરે છે. તેથી આજ્ઞા અને ધારણા વ્યવહારનો વિચ્છેદ થયો નથી અને શ્રુતવ્યવહારનો પણ વિચ્છેદ થયો નથી; કેમ કે છેદશ્રુતના સૂત્ર અને અર્થ વર્તમાનમાં પણ વિદ્યમાન છે માટે વર્તમાનમાં શ્રુત, આજ્ઞા અને ધારણા ત્રણેય વ્યવહાર છે અને ચૌદપૂર્વી પછી પણ કેટલોક કાળ આગમ વ્યવહાર હતો માટે જેઓ કહે છે કે ચૌદપૂર્વના વિચ્છેદથી આગમાદિ ચારેય વ્યવહારોનો વિચ્છેદ છે, તેઓ મિથ્યાવાદી છે.

વળી, તેઓનું મિથ્યાવાદીપણું સ્પષ્ટ કરવા અર્થે આ સ્થાનમાં આનુપૂર્વીથી જે અંગાદિનો કે અન્ય વસ્તુનો જ્યારે વિચ્છેદ થયો છે, તે કહેવો જોઈએ. તેથી તેઓને વિશ્વાસ થાય કે ચૌદપૂર્વના વિચ્છેદ સાથે ચાર વ્યવહારોનો વિચ્છેદ થયો નથી, પરંતુ વર્તમાનમાં પણ શ્રુત આદિ વ્યવહારો ઉપલબ્ધ છે. **॥૩૮થી ૪૨॥**

**અવતરણિકા :-**

**तदेवं न केवलमिदानीं जीतव्यवहार एवास्ति किन्त्वन्येऽपि सन्तीत्युक्तम् । अथ कदायं प्रयोक्तव्यः ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે કેવલ હમણાં જીતવ્યવહાર જ નથી, પરંતુ અન્ય પણ છે. એ પ્રમાણે કહેવાયું.

હવે ક્યારે આ=જીતવ્યવહાર પ્રયોગ કરવો જોઈએ=જીતવ્યવહારથી વ્યવહાર કરવો જોઈએ, એને કહે છે —

**ગાથા :-**

**जत्थ चउण्हं विरहो, पउंजियव्वो उ तत्थ पंचमओ ।**
**सुत्ते णिद्देसाओ, दढधम्मजणाणुचिन्नो त्ति ।।४३।।**

**અન્વયાર્થ :-**

जत्थ=જ્યાં=જે કૃત્યમાં, चउण्हं विरहो=ચારનો વિરહ છે, तत्थ उ=ત્યાં વળી, पंचमओ पउंजियव्वो=પાંચમો જીતવ્યવહાર પ્રયોગ કરવો જોઈએ; કેમ કે दढधम्मजणाणुचिन्नो=દૃઢ ધર્મવાળા મહાપુરુષોથી અનુચીર્ણ છે. सुत्ते णिद्देसाओ=એથી સૂત્રમાં નિર્દેશ છે. ।।૪૩।।

**ગાથાર્થ :-**

**જ્યાં=જે કૃત્યમાં, ચારનો વિરહ છે=આગમાદિ ચારનો વિરહ છે, ત્યાં પાંચમો વ્યવહાર=જીતવ્યવહાર પ્રયોગ કરવો જોઈએ; કેમ કે દૃઢ ધર્મવાળા મહાપુરુષોથી અનુચીર્ણ છે. એથી સૂત્રમાં નિર્દેશ છે. ।।૪૩।।**

**ટીકા :-**

**'जत्थ'त्ति । यत्र यदा 'चतुर्णां' आगमादीनां विरहस्तत्रैष जीतव्यवहारः प्रयोक्तव्यः सूत्रे तथानिर्देशात्, महाजनानुचीर्ण इति चायं प्रामाणिकत्वाच्चतुर्णां विरहेऽप्यादियते । सूत्रं चात्रेदं व्यवहारदशमोद्देशके व्यवस्थितम्**—'पंचविहे ववहारे पण्णत्ते, तंजहा—आगमे सुए आणा धारणा जीए । जहा से तत्थ आगमे सिआ आगमेणं ववहारे पट्ठवियव्वे सिया । णो से तत्थ आगमे सिया जहा से तत्थ सुए सिया सुएणं ववहारे पट्ठवियव्वे सिया । णो से तत्थ सुए सिया जहा से तत्थ आणा सिआ आणाए ववहारे पट्ठवियव्वे सिआ । णो से तत्थ आणा सिया जहा से तत्थ धारणा सिया धारणाए ववहारे पट्ठवियव्वे सिया । णो से तत्थ धारणा सिया जहा से तत्थ जीए सिआ जीएणं ववहारे पट्ठवियव्वे सिया । एएहिं पंचहिं ववहारेहिं ववहारं पट्ठविज्जा, तंजहा—आगमेणं सुएणं आणाए धारणाए जीएणं । जहा जहा से आगमे सुए आणा धारणा जीए तहा तहा ववहारं पट्ठविज्जा । से किमाहु ? भंते !, आगमबलिआ समणा णिग्गंथा इच्चेयं पंचविहं ववहारं जया जया जहिं जहिं तया तया तहिं तहिं अणिस्सिओवस्सिअं ववहरमाणे समणे णिग्गंथे आणाए आराहए भवइ' त्ति । **अत्रोत्क्रमेण व्यवहारप्रस्थापने**

**चतुर्गुरुप्रायश्चित्तमुपदिश्यते, तदुक्तम्**–'उप्परिवाडी भवे गुरुग'त्ति । **नन्वेवं सत्यपि सूत्रे कथं पर्युषणातिथि-परावर्त्तादिजीते न प्रायश्चित्तम् ? इति चेत्, न, अर्थानवबोधात्, श्रुतधरादिकं विमुच्य जीतधरस्य पार्श्वे प्रायश्चित्तादिप्रस्थापन एव प्रायश्चित्तप्रसङ्गात्, अन्यथागमसत्त्वे श्रुतालापव्यवहारादिनापि तदापत्तेः । किञ्च जीतव्यवहारस्तावदातीर्थमस्त्येव, द्रव्यादिविमर्शाविरुद्धोत्सर्गापवादयतनाया एव प्रायो जीतरूपत्वात्, केवलमागमादिकाले सूर्यप्रकाशे ग्रहप्रकाशवत्तत्रैवान्तर्भवति न तु प्राधान्यमश्नुते । तथा च श्रुतकालीनं जीतमपि तत्त्वतः श्रुतमेवेति को दोषः ? कदा तर्हि जीतस्योपयोगः ? इति चेत्, यदा तस्य प्राधान्यम्, अत एव यदंशे जीते श्रुतानुपलम्भस्तदंशे इदानीं तस्यैव प्रामाण्यमिति । अत एव चानागतकालपरामर्शेनैवागमव्यवहारिकृते सूत्रे एतन्निबन्धः, तदाह व्यवहारभाष्यकृत्** –

'सुत्तमणागयविसयं, खित्तं कालं च पप्प ववहारो ।

होहिंति ण आइल्ला, जा तित्थं ताव जीओ उ ।।१।।' त्ति **।।४३।।**

**ટીકાર્થ :-**

**यत्र यदा ..... उ ।।' त्ति ।। જ્યાં=જે વિષયમાં, જ્યારે=જે કાળમાં, આગમાદિ ચારનો વિરહ છે, ત્યાં આ જીતવ્યવહાર કરવો જોઈએ; કેમ કે સૂત્રમાં તે પ્રકારનો નિર્દેશ છે=ચારના વિરહમાં જ પાંચમા વ્યવહારથી આચરણા કરવી જોઈએ તે પ્રકારનો નિર્દેશ છે અને મહાજનથી અનુચીર્ણ છે. એથી આ=જીતવ્યવહાર, પ્રામાણિકપણું હોવાને કારણે ચારના વિરહમાં પણ સ્વીકારાય છે અર્થાત્ જો મહાજન અનુચીર્ણ ન હોય તો પ્રામાણિક બને નહિ. તેથી ચારનો વિરહ પ્રાપ્ત થતો હોય તેવી આચરણામાં પણ તે વ્યવહાર સ્વીકારી શકાય નહિ=જીતવ્યવહાર સ્વીકારી શકાય નહિ. પરંતુ મહાજનથી અનુચીર્ણ છે માટે જ સ્વીકારાય છે, એ પ્રકારનો ભાવ છે.**

**અને અહીં=ચારના વિરહમાં જીત નામનો પાંચમો વ્યવહાર છે, એ કથનમાં, વ્યવહારસૂત્રના દશમા ઉદ્દેશકમાં આ વ્યવસ્થિત છે=આગળ કહે છે એ કથન વ્યવસ્થિત છે.**

પાંચ પ્રકારના વ્યવહાર કહેવાયા છે. તે આ પ્રમાણે – આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત. જો ત્યાં=તે કાળમાં, આગમ હોય તો આગમથી વ્યવહાર પ્રસ્થાપિતવ્ય થાય. જો ત્યાં આગમ નથી, જો ત્યાં શ્રુત થાય તો શ્રુતથી વ્યવહાર પ્રસ્થાપન કરવો, જો ત્યાં શ્રુત નથી, જો ત્યાં આજ્ઞા થાય તો આજ્ઞાવ્યવહાર પ્રસ્થાપન કરવો, જો ત્યાં આજ્ઞા નથી, જો ત્યાં ધારણા થાય તો ધારણા વ્યવહારથી પ્રસ્થાપન કરવું, જો ત્યાં ધારણા નથી, જો ત્યાં જીત હોય તો જીત વડે વ્યવહાર પ્રસ્થાપન કરવો. આ પાંચ વ્યવહારોથી વ્યવહારમાં પ્રવર્તવું જોઈએ. તે આ પ્રમાણે આગમથી, શ્રુતથી, આજ્ઞાથી, ધારણાથી અને જીતથી. જે જે પ્રમાણે તે આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત હોય તે તે પ્રમાણે વ્યવહાર કરવો જોઈએ.

હે ભગવંત ! તે શું કહે છે ?

આગમબલિક એવા શ્રમણ નિર્ગ્રંથો આ પાંચ વ્યવહારને જ્યારે જ્યારે જ્યાં જ્યાં ત્યારે ત્યારે ત્યાં ત્યાં નિશ્રા અને ઉપનિશ્રા વગર વ્યવહાર કરતા હોય છે એવા શ્રમણ નિર્ગ્રંથ આજ્ઞાના આરાધક થાય છે.

ત્તિ શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અહીં=પાંચ પ્રકારના વ્યવહારની પ્રવૃત્તિના વિષયમાં, ઉત્ક્રમથી=પૂર્વપૂર્વના અભાવમાં ઉત્તર ઉત્તરમાં પ્રવૃત્તિને છોડીને ઉત્ક્રમથી, વ્યવહારના પ્રસ્થાપનમાં ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત અપાય છે.

તે કહેવાયું છે=ઉત્ક્રમથી ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે, તે કહેવાયું છે.

ઉપરવાડીમાં=આગમ આદિ પૂર્વપૂર્વના વ્યવહારના ઉપરવટમાં ગુરુક થાય=ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત થાય.

આ રીતે સૂત્ર વિદ્યમાન હોતે છતે પણ=પર્યુષણા કલ્પ ક્યારે કરવો ? તેને કહેનારું સૂત્ર વિદ્યમાન હોતે છતે પણ, કેવી રીતે પર્યુષણા તિથિના પરાવર્તાદિરૂપ જીતમાં પ્રાયશ્ચિત્ત નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે, એમ ન કહેવું; કેમ કે અર્થનો અનર્થબોધ છે=આગમાદિના ઉપરવટમાં પ્રાયશ્ચિત્ત છે, એ પ્રકારના કથનના અર્થનો અનવબોધ છે.

ઉપરવટમાં=આગમાદિના ઉપરવટમાં, પ્રાયશ્ચિત્ત છે, તેનો શું અર્થ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

શ્રુતધરાદિને છોડીને જીતધર પાસે પ્રાયશ્ચિત્ત આદિના પ્રસ્થાપનમાં જ પ્રાયશ્ચિત્તનો પ્રસંગ છે= ચતુર્ગુરુ આદિ પ્રાયશ્ચિત્તનો પ્રસંગ છે.

અન્યથા=એવું ન માનો તો=શ્રુતધરાદિને છોડીને જિતધર પાસે પ્રાયશ્ચિત્તાદિના ગ્રહણમાં જ પ્રાયશ્ચિત્તનો પ્રસંગ છે એવું ન માનો તો, આગમ વ્યવહાર હોતે છતે શ્રુતઆલાપ દ્વારા વ્યવહાર આદિથી પણ=શ્રુતવચનો દ્વારા વ્યવહાર આદિથી પણ, તેની આપત્તિ છે=પ્રાયશ્ચિત્તની આપત્તિ છે.

વળી, જીતવ્યવહાર આતીર્થ છે=જ્યાં સુધી વીર ભગવાનનું તીર્થ છે, ત્યાં સુધી છે જ; કેમ કે દ્રવ્યાદિના વિમર્શથી અવિરુદ્ધ=સંયમવૃદ્ધિને અનુકૂળ કે પ્રતિકૂળ દ્રવ્ય, ક્ષેત્રાદિ છે, તેના સમાલોચનથી અવિરુદ્ધ, એવી ઉત્સર્ગ અપવાદની યતનાનું જ પ્રાયઃ જીતરૂપપણું છે.

કેવળ આગમાદિ કાળમાં સૂર્યપ્રકાશ હોતે છતે ગ્રહના પ્રકાશની જેમ તેમાં જ=આગમાદિ વ્યવહારમાં જ, અંતર્ભાવ પામે છે=જીતવ્યવહાર અંતર્ભાવ પામે છે, પરંતુ પ્રાધાન્ય પ્રાપ્ત કરતું નથી અને તે રીતે= આગમાદિ વ્યવહારકાળમાં જીતવ્યવહાર તેમાં અંતર્ભાવ પામે છે. તે રીતે, શ્રુતકાલીન જીત પણ તત્ત્વથી શ્રુત જ છે, એથી શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી=શ્રુત વિદ્યમાન હોવા છતાં પર્યુષણા તિથિનું પરાવર્તન કર્યું, તેમાં કોઈ દોષ નથી.

તો ક્યારે જીતનો ઉપયોગ છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી પ્રશ્ન કરે તો કહે છે.

જ્યારે તેનું પ્રાધાન્ય છે. આથી જ=જ્યારે જીતનું પ્રાધાન્ય છે, ત્યારે જ જીતનો ઉપયોગ છે. આથી જ, જે અંશરૂપ જીતમાં શ્રુતનો અનુપલંભ છે, તે અંશમાં=તે અંશરૂપ કૃત્યમાં, હમણાં તેનું જ=જીતનું જ પ્રામાણ્ય છે.

इति શબ્દ પૂર્વપક્ષીના કથનની સમાપ્તિમાં છે.

આથી જ=જે અંશમાં શ્રુતનો અનુપલંભ છે તે અંશમાં જીતનું પ્રામાણ્ય છે આથી જ, અનાગત

**કાલના પરામર્શથી જ આગમવ્યવહારીકૃત સૂત્રમાં આનું નિબંધન છે=આગમ વ્યવહારી આત્માએ રચેલા સૂત્રમાં જ પાંચમા જીતવ્યવહારનો ઉલ્લેખ કરાયો છે. તેને વ્યવહારભાષ્યકારશ્રી કહે છે –**

સૂત્ર અનાગત વિષયવાળું છે. ક્ષેત્ર અને કાળને પ્રાપ્ત કરીને વ્યવહાર થાય છે આદિના વ્યવહારો જ્યાં સુધી તીર્થ છે, ત્યાં સુધી નથી=આગમાદિ ચાર વ્યવહારો નથી, પરંતુ ત્યાં સુધી જીત છે. ॥૧॥ **॥૪૩॥**

**ભાવાર્થ :-**

ભગવાનના શાસનમાં ભગવાન પછી આગમાદિ પાંચ વ્યવહારોથી ભગવાનનું શાસન ચાલશે, એ પ્રકારનો સૂત્રમાં નિર્દેશ કરાયેલો છે અને ત્યાં કહ્યું છે કે આગમાદિ પાંચે વ્યવહારોમાં પૂર્વ પૂર્વનો વ્યવહાર ઉપલબ્ધ હોય ત્યારે ઉત્તરના વ્યવહારનું સેવન કોઈ કરે તો ચારગુરુક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. તેથી આગમ વ્યવહાર વિદ્યમાન હોય ત્યારે શ્રુતાદિથી વ્યવહાર થાય નહિ, તેમ આગમાદિ ચારમાંથી કોઈપણ વ્યવહાર ઉપલબ્ધ થતો હોય ત્યારે જીતવ્યવહારથી પ્રવૃત્તિ કરી શકાય નહિ. આ પ્રકારના વ્યવહારભાષ્યના વચનથી કોઈકને શંકા થાય કે પર્યુષણા તિથિ આદિના પરાવર્તમાં જીતવ્યવહાર પ્રગટ થયો ત્યારે પર્યુષણા તિથિ વિષયક સૂત્ર વિદ્યમાન હતું. તેથી શ્રુતની હાજરીમાં જીતવ્યવહાર કેમ પ્રગટ થયો ? તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે.

શ્રુતધરાદિ વિદ્યમાન હોય અને જીતધર પાસે કોઈ પ્રાયશ્ચિત્તાદિ વ્યવહાર કરે તેને આશ્રયીને વ્યવહારભાષ્યનું વચન છે. તેથી એ ફલિત થાય કે કોઈ મહાત્માને પાપની શુદ્ધિ અર્થે પ્રયત્ન કરવો હોય ત્યારે શ્રુતધરાદિ વિદ્યમાન હોય, છતાં જીતવ્યવહારને ધારણ કરનાર મહાત્મા પાસે પ્રાયશ્ચિત્ત કરે, તેને આશ્રયીને ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. પરંતુ પર્યુષણા તિથિ પરાવર્ત કરી ત્યારે પર્યુષણા તિથિને કહેનાર સૂત્ર વિદ્યમાન હતું અને પૂર્વના મહાત્માઓ તે સૂત્રના અનુસારે જ પર્યુષણા તિથિ કરતા હતા અને તે વખતના સંયોગ અનુસાર પર્યુષણા તિથિનું પરાવર્તન કરવાથી અધિક લાભ મહાત્માને જણાયો અને તે મહાત્મા દૃઢ ધર્મના રાગવાળા હતા, છતાં તેમનાથી તે સંયોગમાં પર્યુષણા તિથિનું પરાવર્તન આચરણ કરાયું અને ત્યાર પછીના દૃઢ ધર્મના રાગવાળા મહાત્માઓને પણ તે તે દ્રવ્ય, ક્ષેત્ર અનુસાર તે પરાવર્તન અધિક લાભનું કારણ જણાયું. તેથી તે આચરણા વૃત્ત, અનુવૃત્ત અને પ્રવૃત્તરૂપ થવાથી જીતકલ્પરૂપે સ્વીકૃત થયું.

વસ્તુતઃ દ્રવ્યાદિનો ઉચિત વિમર્શ કરીને પરિણામની વૃદ્ધિના કારણભૂત ઉત્સર્ગ, અપવાદની સર્વ યતના પ્રાયઃ જીતરૂપ છે. ફક્ત તે ઉત્સર્ગ, અપવાદની યતના પછીના ગીતાર્થોને સદા અનુસરવા યોગ્ય લાગે તો તે જીતવ્યવહારથી સ્વીકૃત બને છે, અન્યથા તેટલો જ કાળ તે વ્યવહાર પ્રવર્તે છે.

તેથી એ ફલિત થાય કે જે આચરણા કરવાથી સાધુના સંયમના કંડકોની વૃદ્ધિ થતી હોય અને યોગ્ય જીવોને ભગવાનના માર્ગની પ્રાપ્તિ થતી હોય, એવી આચરણા જીતરૂપ કહેવાય છે અને આગમ આદિ વ્યવહારકાળમાં તે સર્વ આચરણા આગમ વ્યવહારમાં જ અંતર્ભાવ પામતી હતી, જેમ સૂર્યના પ્રકાશમાં ગ્રહનો પ્રકાશ અંતર્ભાવ પામે છે. તેથી આગમાદિ વ્યવહારકાળમાં જે અપવાદિક આચરણાઓ હતી, તે જીતરૂપ હોવાથી જીત હોવા છતાં પણ તત્ત્વથી શ્રુત જ કહેવાય છે અને જે દ્રવ્ય, ક્ષેત્રાદિ કાળમાં તેવા શ્રુત

વ્યવહારને ધારણ કરનારા મહાત્માનો અભાવ હોય અને જીતવ્યવહારને જાણનારા મહાત્મા સંયમના પરિણામોને લક્ષ્યમાં રાખીને તે તે આચરણાનો નિર્ણય કરે, જેનાથી સંયમની શુદ્ધિની પ્રાપ્તિ થતી હોય, ત્યારે સાક્ષાત્ તે કૃત્યને કહેનારું શ્રુતવચન ઉપલબ્ધ નહિ હોવા છતાં તે મહાત્મા જે વ્યવહાર કરે છે, તે જીતવ્યવહાર કહેવાય અને જીતથી જ તે ઉચિત પ્રવૃત્તિ હોવાથી સંયમની વૃદ્ધિનું અવશ્ય કારણ બને. **॥૪૩॥**

**અવતરણિકા :-**

जीतविषयमेव कञ्चिद् व्यवहारगाथाभिर्दर्शयति –

**અવતરણિકાર્થ :-**

જીતના વિષયને જ કોઈક વ્યવહાર ગાથાઓથી બતાવે છે –

**ગાથા :-**

दद्दुरमाइसु कल्लाणगं तु विगलिंदिएसभत्तट्ठो ।
परिआवणाइ तेसिं, चउत्थमायंबिला हुंति ।।४४।।

**અન્વયાર્થ :-**

दद्दुरमाइसु=દેડકાદિ પંચેન્દ્રિયના વધમાં, कल्लाणगं=કલ્યાણક પ્રાયશ્ચિત્ત છે, तु विगलिंदिएसभत्तट्ठो= વિકલેન્દ્રિયમાં અભક્તાર્થ, तेसिं परिआवणाइ=તેઓની પરિતાપનામાં=દર્દુરાદિ પંચેન્દ્રિયની અને વિકલેન્દ્રિયની પરિતાપનામાં चउत्थमायंबिला हुंति=ઉપવાસ અને આયંબિલ પ્રાયશ્ચિત્ત થાય છે. ।।૪૪।।

**ગાથાર્થ :-**

**દર્દુરાદિ પંચેન્દ્રિયના વધમાં કલ્યાણક પ્રાયશ્ચિત્ત છે. વિકલેન્દ્રિયમાં અભક્તાર્થ તેઓની પરિતાપનામાં=દર્દુરાદિ પંચેન્દ્રિયની અને વિકલેન્દ્રિયની પરિતાપનામાં ક્રમસર ઉપવાસ અને આયંબિલ પ્રાયશ્ચિત્ત થાય છે. तु શબ્દ વિશેષણ અર્થમાં છે. ।।૪૪।।**

**ટીકા :-**

'दद्दुरमाइसु'त्ति । दर्दुरः-मण्डूकस्तदादिषु-तत्प्रभृतिषु मकारोऽलाक्षणिकः प्राकृतत्वात्, तिर्यक्पञ्चेन्द्रियेषु जीवितादव्यपरोपितेष्विति शेषः । 'कल्याणकं तु' इति, तुशब्दो विशेषणार्थः, स चैतद्विशिनष्टि पञ्चकल्याणकं प्रायश्चित्तम् । विकलानि-असम्पूर्णानीन्द्रियाणि येषां ते विकलेन्द्रियाः-एकद्वित्रिचतुरिन्द्रियाः, तत्र व्याख्यानतो विशेषप्रतिपत्तिरित्येकेन्द्रिया अनन्तवनस्पतिकायिका द्रष्टव्यास्तेषु 'अभक्तार्थः' उपवासः प्रायश्चित्तम् । 'एतेषां' दर्दुरादीनां परितापनायां यथासङ्ख्यं चतुर्थाचाम्ले प्रायश्चित्तं भवतः । इयमत्र भावना-यदि दर्दुरादीन् तिर्यक्पञ्चेन्द्रियादीन् गाढं परितापयति ततोऽभक्तार्थः प्रायश्चित्तम्, अथ विकलेन्द्रियाननन्तवनस्पतिकायिकप्रभृतीन् गाढं परितापयति तत आचाम्लम् ।

उपलक्षणमेतत्, तेनैतदपि जीतव्यवहारानुगतमवसेयम्-यदि दर्दुरप्रभृतीन् तिर्यक्पञ्चेन्द्रियान्मनाक्संघट्टयति तत एकाशनकम्, अथानागाढं परितापयति तत आचाम्लम् । तथानन्तवनस्पतिकायिकद्वित्रि-चतुरिन्द्रियाणां सङ्घट्टने पूर्वार्द्धम्, एतेषामेवानागाढपरितापने एकाशनम् । तथा पृथिव्यप्तेजो-वायुप्रत्येकवनस्पतीनां सङ्घट्टने निर्विकृतिकम्, अनागाढपरितापने पूर्वार्द्धम्, आगाढपरितापने एकाशनम्, जीविताद् व्यपरोपणे आचाम्लमिति ।।४४।।

**ટીકાર્થ :-**

दर्दुरः- ..... आचाम्लमिति ।। દર્દુરમાં રહેલો મકાર અલાક્ષણિક છે; કેમ કે પ્રાકૃતપણું છે. દર્દુર એટલે દેડકો, તે વગેરેમાં=તિર્યંચ પંચેન્દ્રિયમાં જીવિતથી વ્યપરોપિત થયે છતે કલ્યાણક પ્રાયશ્ચિત્ત છે. तु શબ્દ વિશેષણ અર્થમાં છે અને તે=तु શબ્દ આને વિશિષ્ટ કરે છે. પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત છે= તિર્યંચ પંચેન્દ્રિયનો સાધુથી વધ થાય તો પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત છે. વિકલો=અસંપૂર્ણ ઈન્દ્રિયો છે જેને તે વિકલેન્દ્રિય=એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, ત્યાં=એકેન્દ્રિયમાં, વ્યાખ્યાનથી વિશેષ પ્રતિપત્તિ છે. એથી એકેન્દ્રિય અનંત વનસ્પતિકાય જાણવા. તેઓમાં=એકેન્દ્રિયાદિમાં અભક્તાર્થ= ઉપવાસ પ્રાયશ્ચિત્ત છે. આ દર્દુરાદિ=દેડકાદિ પંચેન્દ્રિયની કે વિકલેન્દ્રિયની પરિતાપનામાં યથાક્રમ ઉપવાસ અને આયંબિલ પ્રાયશ્ચિત્ત થાય છે=પંચેન્દ્રિયની પરિતાપનામાં સાધુને ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવે છે અને વિકલેન્દ્રિયની પરિતાપનામાં આયંબિલનું પ્રાયશ્ચિત્ત આવે છે.

અહીં=જીત પ્રાયશ્ચિત્તના વિષયમાં, આ ભાવના છે. જો દર્દુરાદિ તિર્યંચ પંચેન્દ્રિયને ગાઢ પરિતાપન કરે છે તો ઉપવાસનું પ્રાયશ્ચિત્ત છે અને વિકલેન્દ્રિય અનંત વનસ્પતિકાય વગેરેને ગાઢ પરિતાપન કરે છે તો આચામ્લ પ્રાયશ્ચિત્ત છે. આ ઉપલક્ષણ છે=દર્દુર અને વિકલેન્દ્રિયની વિરાધનામાં પ્રાયશ્ચિત્ત કહ્યું, એ ઉપલક્ષણ છે. તેનાથી=ઉપલક્ષણથી, આ પણ=આગળમાં કહે છે એ પણ, જીતવ્યવહાર અનુગત જાણવું.

જો દેડકા વગેરે તિર્યંચ પંચેન્દ્રિયને થોડુંક સંઘટ્ટન કરે છે તો એકાસણું પ્રાયશ્ચિત્ત છે અને અનાગાઢ પરિતાપન કરે છે તો આયંબિલ પ્રાયશ્ચિત્ત છે અને અનંત વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયના સંઘટ્ટનમાં પુરિમુડ્ઢ અને આમના જ=અનંત વનસ્પતિકાય આદિના જ, અનાગાઢ પરિતાપનમાં એકાસણું છે અને પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિકાયના સંઘટ્ટનમાં નિર્વિકૃતિક=નીવિ, અનાગાઢ પરિતાપનમાં પુરિમુડ્ઢ, આગાઢ પરિતાપનમાં એકાસણું જીવિતથી વ્યપરોપણમાં આચામ્લ પ્રાયશ્ચિત્ત છે. ।।૪૪।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં જે પ્રાયશ્ચિત્ત વ્યવહાર હતો તેના કરતા જીતને આશ્રયીને સાધુને અનાભોગ આદિથી દેડકા આદિની વિરાધના થાય કે વિકલેન્દ્રિયની વિરાધના થાય, તેને આશ્રયીને વર્તમાનમાં પ્રાયશ્ચિત્તની શું

મર્યાદા છે ? તેને પ્રસ્તુત ગાથામાં સ્પષ્ટ કરેલ છે. પરંતુ જાણવા છતાં નિરપેક્ષ ભાવથી દર્દુરાદિની કોઈ વિરાધના કરે કે અપ્કાયાદિની કોઈ વિરાધના કરે તેને આશ્રયીને આ પ્રાયશ્ચિત્ત નથી; કેમ કે આ પાણી સચિત્ત છે, તેમ જાણવા છતાં કોઈ સાધુ તેનો ઉપભોગ કરે તો મૂળ પ્રાયશ્ચિત્ત આવે છે, એ પ્રકારનો ઉલ્લેખ પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ગ્રંથમાં કર્યો છે. **॥૪૪॥**

**ગાથા :-**

**अपरिण्णा कालाइसु, अपडिक्कंतस्स णिव्विगइअं तु ।**
**निव्विइयं पुरिमड्ढे, अंबिल खवणा य आवासे ।।४५।।**

**અન્વયાર્થ :-**

**अपरिण्णा=અપરિજ્ઞામાં, कालाइसु=કાલાદિમાં, अपडिक्कंतस्स=અવ્યાવર્તમાન સાધુને, णिव्विगइअं=નીવિ પ્રાયશ્ચિત્ત છે, आवासे तु=વળી આવાસમાં=આવશ્યમાં=આવશ્યકમાં એક કાયોત્સર્ગ નહિ કરનારને, निव्विइयं=નીવિ, पुरिमड्ढे=બે કાયોત્સર્ગ નહિ કરનારને પુરિમાર્ધ, अंबिल=ત્રણ કાયોત્સર્ગ નહિ કરનારને આયંબિલ, खवणा य=સર્વ આવશ્યકના અકરણમાં ઉપવાસ પ્રાયશ્ચિત્ત છે. ॥૪૫॥**

**ગાથાર્થ :-**

**અપરિજ્ઞામાં અને કાલાદિમાં અવ્યાવર્તમાન સાધુને નીવિ પ્રાયશ્ચિત્ત છે. વળી આવાસમાં= આવશ્યમાં=આવશ્યકમાં એક કાયોત્સર્ગ નહિ કરનારને નીવિ બે કાયોત્સર્ગ નહિ કરનારને પુરિમાર્ધ, ત્રણ કાયોત્સર્ગ નહિ કરનારને આયંબિલ અને સર્વ આવશ્યકના અકરણમાં ઉપવાસ પ્રાયશ્ચિત્ત છે. ।।૪૫।।**

**ટીકા :-**

**अपरिण्ण'त्ति । 'अपरिज्ञा' प्रत्याख्यानपरिज्ञाया अग्रहणं गृहीताया वा भङ्गः तत्र, सूत्रे विभक्तिलोप आर्षत्वात्, तथा कालादिषु 'अप्रतिक्रमतः' अव्यावर्त्तमानस्य प्रायश्चित्तं निर्विकृतिकम् । किमुक्तं भवति ? यदि नमस्कारपौरुष्यादिदिवसप्रत्याख्यानं वैकालिकं च पानाहारप्रत्याख्यानं न गृह्णाति गृहीत्वा वा विराधयति, तथा स्वाध्यानं प्रस्थाप्य यदि कालस्य न प्रतिक्रामति, न कालप्रतिक्रमण-निमित्तं कायोत्सर्गं करोति, आदिशब्दाद्येषु स्थानेष्वीर्यापथिकया प्रतिक्रमितव्यं तेषु चेत्तथा न प्रतिक्रामति तदा प्रायश्चित्तं निर्विकृतिकपूर्वार्द्धाचाम्लक्षपणानि । इयमत्र भावना—आवश्यके यद्येकं कायोत्सर्गं न करोति ततः प्रायश्चित्तं निर्विकृतिकम्, कायोत्सर्गद्वयाकरणे पूर्वार्द्धम्, त्रयाणामपि कायोत्सर्गाणामकरणे आचाम्लम्, सर्वस्यापि चावश्यकस्याकरणेऽभक्तार्थ इति ।।४५।।**

**ટીકાર્થ :-**

'अपरिज्ञा' ..... ऽभक्तार्थ इति ।। અપરિજ્ઞા=પ્રત્યાખ્યાન પરિજ્ઞાનું અગ્રહણ અથવા ગૃહીત પ્રત્યાખ્યાન પરિજ્ઞાનો ભંગ ત્યાં=અપરિજ્ઞામાં, સૂત્રમાં વિભક્તિનો લોપ છે. આર્ષ હોવાથી=અપરિજ્ઞા શબ્દમાં સપ્તમી વિભક્તિનો લોપ છે આર્ષ હોવાથી અને કાલાદિમાં અપ્રતિક્રમણ કરનારને=અવ્યાવર્તમાનને નીવિ પ્રાયશ્ચિત્ત છે.

શું કહેવાયેલું થાય છે ?=આટલા કથનથી શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરે છે.

જો નવકારશી, પોરિસી આદિ દિવસના પચ્ચક્ખાણ અને વૈકાલિક પાણી અને આહારનું પચ્ચક્ખાણ=સાંજના પાણાહાર પ્રત્યાખ્યાન, ન ગ્રહણ કરે અથવા ગ્રહણ કરીને વિરાધના કરે અને સ્વાધ્યાયનું પ્રસ્થાપન કરીને કાળનું પ્રતિક્રમણ ન કરે=ક્રમણ=આગમનો સ્વાધ્યાય કરવા અર્થે સ્વાધ્યાયનું પ્રસ્થાપન કરીને કાળની શુદ્ધિ જોવા માટે યત્ન ન કરે. કાળના પ્રતિક્રમણ નિમિત્તે=કાળના ગ્રહણ નિમિત્તે કાઉસ્સગ્ગ ન કરે આદિ શબ્દથી જે સ્થાનોમાં ઈર્યાપથિકીથી પ્રતિક્રમણ કરવું જોઈએ, તે સ્થાનોમાં જો તે પ્રમાણે પ્રતિક્રમણ ન કરે તો પ્રાયશ્ચિત્ત નીવિ પુરિમુડ્ઢ અને આયંબિલ, ઉપવાસ છે. આ=આગળ બતાવે છે એ, અહીં=પૂર્વમાં પ્રાયશ્ચિત્તનું કથન કર્યું એ વિષયમાં, ભાવના છે. આવશ્યકમાં જો એક કાઉસ્સગ્ગ ન કરે તો નીવિનું પ્રાયશ્ચિત્ત છે. બે કાઉસ્સગ્ગ ન કરે તો પુરિમડ્ઢ છે. ત્રણ પણ કાઉસ્સગ્ગના અકરણમાં આયંબિલ છે. સર્વ પણ આવશ્યકના અકરણમાં ઉપવાસ છે. ।।૪૫।।

**ગાથા :-**

जं जस्स व पच्छित्तं, आयरियपरंपराइ अविरुद्धं ।
जोगा य बहुविगप्पा, एसो खलु जीअकप्पो उ ।।४६।।

**અન્વયાર્થ :-**

जस्स=જે આચાર્યના ગચ્છમાં, आयरियपरंपराइ अविरुद्धं=આચાર્યની પરંપરાથી અવિરુદ્ધ, जं पच्छित्तं=જે પ્રાયશ્ચિત્ત છે. बहुविगप्पा य जोगा=અને બહુ વિકલ્પવાળો યોગ છે, एसो खलु जीअकप्पो उ=એ ખરેખર જીતકલ્પ જાણવો. ।।૪૬।।

**ગાથાર્થ :-**

જે આચાર્યના ગચ્છમાં આચાર્યની પરંપરાથી અવિરુદ્ધ જે પ્રાયશ્ચિત્ત છે અને બહુવિકલ્પવાળો યોગ છે એ ખરેખર જીતકલ્પ જાણવો. ।।૪૬।।

**ટીકા :-**

'जं जस्स व'त्ति । यत्प्रायश्चित्तं 'यस्य' आचार्यस्य गच्छे आचार्यपरम्परागतत्वेन 'अविरुद्धं' न

पूर्वपुरुषमर्यादातिक्रमेण विरोधभाग् । यथा-अन्येषामाचार्याणां नमस्कारपौरुष्यादिप्रत्याख्यानस्याकरणे कृतस्य वा भङ्गे प्रायश्चित्तमाचाम्लम् । तथा कल्पव्यवहारयोश्चन्द्रप्रज्ञप्तिसूर्यप्रज्ञप्त्योश्च केचिदागाढं योगं प्रतिपन्ना अपरे त्वनागाढमिति । 'एषः' सर्वोऽपि खलु गच्छभेदेन प्रायश्चित्तभेदो योगभेदश्चाचार्यपरम्परागतः 'जीतकल्पः' जीतव्यवहारो वेदितव्यः ।।४६।।

**ટીકાર્થ :-**

यत्प्रायश्चित्तं ..... वेदितव्यः ।। **જે આચાર્યના ગચ્છમાં આચાર્યપરંપરાગતપણાથી અવિરુદ્ધ=પૂર્વ પુરુષની મર્યાદાના અતિક્રમથી જે પ્રાયશ્ચિત્ત વિરોધવાળું નથી. જે પ્રમાણે અન્ય આચાર્યોના નવકારશી, પોરિસી આદિ પ્રત્યાખ્યાનના અકરણમાં અથવા કરાયેલાના ભંગમાં આયંબિલનું પ્રાયશ્ચિત્ત છે અને કલ્પ અને વ્યવહારમાં અને ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિના યોગને કેટલાક આગાઢ સ્વીકારે. વળી બીજા અનાગાઢ સ્વીકારે છે. આ સર્વ પણ ગચ્છના ભેદથી પ્રાયશ્ચિત્તનો ભેદ અને યોગનો ભેદ=આગાઢ અને અનાગાઢરૂપ યોગનો ભેદ, પરંપરાગત જીતકલ્પ=જીતવ્યવહાર, જાણવો. ॥૪૬॥**

**ભાવાર્થ :-**

જે આચાર્યો ભગવાનની આજ્ઞા અનુસાર દેશ, કાળ અનુસાર ઉચિત નિર્ણય કરવા સમર્થ છે, તેઓએ તે તે પ્રકારની સ્ખલનાનું તે તે પ્રકારનું પ્રાયશ્ચિત્ત જીતરૂપે નક્કી કરેલ હોય અને અન્ય આચાર્યે પોતાના ગચ્છની મર્યાદા અનુસાર અન્ય પ્રકારે નક્કી કરેલ હોય અને ઉત્તર ઉત્તરના સુવિહિત આચાર્યો દ્વારા તે રીતે સ્વીકારાયેલ હોય તે જીત શાસ્ત્રસંમત છે. જેમ ગાથા-૪૫માં કહ્યું, તેના કરતાં અન્ય આચાર્યોની પરંપરામાં કોઈ સાધુ સવારના નવકારશી, પોરિસી આદિનું પ્રત્યાખ્યાન કરવાનું ભૂલી જાય અથવા કરાયેલા પચ્ચક્ખાણનો અનાભોગ આદિથી ભંગ થાય તો આયંબિલનું પ્રાયશ્ચિત્ત કહે છે.

વળી કલ્પવ્યવહાર અને ચંદ્રપ્રજ્ઞપ્તિના વિષયમાં કરાતા યોગને કેટલાક આગાઢ કહે છે, કેટલાક અનાગાઢ કહે છે, તે પણ જીતરૂપે સંમત છે, એ પ્રમાણે જીતવ્યવહારભાષ્યમાં કહ્યું છે. તેથી પ્રાયશ્ચિત્તમાં કંઈક અંશથી ભેદ હોય તોપણ જીતવ્યવહાર સ્વીકારવામાં બાધ નથી. **॥૪૫-૪૬॥**

**અવતરણિકા :-**

**ननु यदि जीतमाद्रियते तदा किं न प्रमाणीस्यात् ? सर्वैरपि स्वपरम्परागतजीताश्रयणादित्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**નનુથી શંકા કરે છે. જો જીતનો આદર કરાય છે=ગાથા-૪૪-૪૫માં કહ્યું એ પ્રમાણે પ્રાયશ્ચિત્તમાં ગચ્છના ભેદથી ભેદ હોવા છતાં જીત સ્વીકારાય છે, તો શું પ્રમાણ ન થાય ? અર્થાત્ બધાનું કથન પ્રમાણ થઈ શકે; કેમ કે સર્વ પણ સાધુઓ વડે સ્વપરંપરાગત જીતનો આશ્રય છે=પોતપોતાના ગુરુ વગેરેએ જે કરેલું છે, તેનું અનુસરણ કરનારા છે માટે સર્વને પ્રમાણ સ્વીકારવું પડે, તેથી કહે છે –**

ગાથા :-

जं जीअं सावज्जं, ण तेण जीएण होइ ववहारो ।

जं जीअमसावज्जं, तेण उ जीएण ववहारो ।।૪૭।।

અન્વયાર્થ :-

जं जीअं सावज्जं=જે જીત=જે આચરણાઓ, સાવદ્ય છે, तेण जीएण=તે જીતથી=તેવી પરંપરાગત આચરણાથી, ववहारो ण होइ=વ્યવહાર થતો નથી. जं जीअं असावज्जं=જે જીત અસાવદ્ય છે, तेण जीएण उ ववहारो=તે જીતથી વ્યવહાર થાય છે. ॥૪૭॥

ગાથાર્થ :-

જે જીત=જે આચરણાઓ, સાવદ્ય છે તે જીતથી=તેવી પરંપરાગત આચરણાથી, વ્યવહાર થતો નથી. જે જીત અસાવદ્ય છે તે જીતથી વ્યવહાર થાય છે. ॥૪૭॥

ટીકા :-

'जं जीअं'ति । यद् जीतं सावद्यं न तेन (जीतेन) भवति व्यवहारः । यद् जीतमसावद्यं तेन जीतेन व्यवहारः ।।૪૭।।

ટીકાર્થ :-

यद् जीतं ..... व्यवहारः ।। જે જીત=જે પૂર્વપૂર્વ પુરુષની આચરણા સાવદ્ય છે, તે જીત આચરણાથી સંયમની શુદ્ધિરૂપ વ્યવહાર થતો નથી. જે જીત=પરંપરાગત આચરણા અસાવદ્ય છે, તે જીતથી વ્યવહાર થાય છે. ॥૪૭॥

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે ગાથા-૪૫, ૪૬માં કહ્યું એ પ્રમાણે ગચ્છના ભેદથી જીતનો ભેદ હોવા છતાં તે પ્રમાણભૂત છે. તેથી કોઈને પ્રશ્ન થાય કે પ્રવાહપતિત સર્વ પણ પ્રમાદની આચરણા પણ જીત તરીકે માનવી પડશે. તેના નિરાકરણ અર્થે કહે છે કે સાધુના સર્વ વ્યવહારો સંયમના કંડકોની વૃદ્ધિના પ્રયોજનથી કરાય છે. તેથી કોઈ સાધુએ પ્રમાદવશ કોઈક સ્ખલના કરેલી હોય, તેની શુદ્ધિનો ઉપાય કોઈક આચાર્યે અન્ય પ્રકારનું પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું તો અન્ય કોઈક આચાર્યે અન્ય પ્રકારનું પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું તોપણ તે પ્રાયશ્ચિત્તથી તે સાધુને સંવેગનો પરિણામ થાય. ફરી તેવી સ્ખલના ન થાય, તેવા દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રવૃત્તિ કરવાની ઉચિત પ્રેરણાપૂર્વક પ્રાયશ્ચિત્ત અપાય છે. જેથી તે સાધુને થયેલી તે તે સ્ખલનાના તે તે પ્રકારના પરિહારને અનુકૂળ દૃઢ ભાવ ઉલ્લસિત થાય છે. તેથી તે જીત સંયમની વૃદ્ધિનું કારણ હોવાથી સાવદ્ય નથી, પરંતુ જે પ્રવૃત્તિઓમાં સંયમની યતના ન હોય તેવી કોઈ પ્રવૃત્તિ પરંપરાથી પ્રાપ્ત થયેલી હોય એવા જીતથી સંયમવૃદ્ધિનો વ્યવહાર થતો નથી. તેથી તે જીત પ્રમાણભૂત બને નહિ.

પ્રસ્તુત શ્લોકમાં જીત શબ્દથી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને સાવદ્ય જીતથી વ્યવહાર નથી, તેમ કહેલ છે. તેથી સ્વ સ્વ કલ્પિત તે તે સાવદ્ય આચરણાઓ જીત નથી તેમ સ્થાપન થાય છે. વળી, સામાન્ય રીતે જીત શબ્દથી સંયમની સર્વ ઉચિત આચરણાઓનું ગ્રહણ થાય છે. આથી જ પર્યુષણા તિથિનું પરાવર્તન જીતવ્યવહાર તરીકે સ્વીકારેલ છે. **॥૪૭॥**

**અવતરણિકા :-**

**अथ किं सावद्यं किं वाऽसावद्यं जीतम् ? इत्याह —**

**અવતરણિકાર્થ :-**

**હવે શું સાવધ જીત છે અથવા અસાવધ જીત છે ? એને કહે છે —**

**ગાથા :-**

**खार हडी हरमाला, पोट्टेण य रिंगणं तु सावज्जं ।**

**दसविहपायच्छित्तं, होइ असावज्जजीअं तु ।।४८।।**

**અન્વયાર્થ :-**

**खार=ક્ષાર, हडी=હડિમા, हरमाला=હરમાલા=રુદ્રમાલાનું આરોપણ, पोट्टेण रिंगणं य=અને પેટથી રિંગણ=આળોટવું, सावज्जं=સાવધ જીત છે. दसविहपायच्छित्तं तु=વળી દશવિધ, असावज्ज जीअं होइ= અસાવધ જીત છે. ॥૪૮॥**

**ગાથાર્થ :-**

**ક્ષાર હડિમા હરમાલા=રુદ્રમાળાનું આરોપણ, પેટથી રિંગણ=આળોટવું, સાવધ જીત છે= પાપશુદ્ધિની સાવધ આચરણા છે. વળી દશવિધ પ્રાયશ્ચિત્ત અસાવધ જીત છે. ॥૪૮॥**

**ટીકા :-**

**'खारहडि'त्ति । भानुप्रवचने लोके वाऽपराधविशुद्धये समाचरितं क्षारावगुण्डनं हडौ-गुप्तिगृहे प्रवेशनं हरमालारोपणं 'पोट्टेण' उदरेण च 'रङ्गणं' खरारूढं कृत्वा ग्रामे सर्वतः पर्यटनमित्येवमादिकं सावद्यं जीतम् ।? यत्तु दशविधमालोचनादिकं प्रायश्चित्तं तदसावद्यजीतम् ।।४८।।**

**ટીકાર્થ :-**

भानुप्रवचने ..... तदसावद्यजीतम् ।। **ભાનુપ્રવચનમાં અર્થાત્ કોઈક દર્શનના પ્રવચનમાં કે લોકમાં અપરાધની શુદ્ધિ માટે આચરાયેલું=કોઈકે કોઈક પાપ કર્યું હોય તેની શુદ્ધિ માટે સ્વીકારાયું હોય.**

**કેવું સ્વીકારાયું હોય ? તે સ્પષ્ટ કરે છે.**

**ક્ષારથી અવગુંઠન=તે પાપની શુદ્ધિ માટે દેહ ઉપર ક્ષાર લગાડીને તે પ્રકારની દેહની પીડાનું સહન, હડિમા=ગુપ્તિગૃહમાં પ્રવેશન, તેવા પ્રકારના અપરાધની શુદ્ધિ અર્થે કેદખાનામાં પૂરી રાખવું. હારમાળાનું આરોપણ=તેવા પાપની શુદ્ધિ અર્થે લોકમાં તે પ્રકારની વિડંબણા બતાવવા માટે રુદ્રમાલાનું આરોપણ, ઉદરથી રફ્ગણ=પેટથી આળોટવું, ગધેડા ઉપર આરૂઢ કરીને ગામમાં સર્વથી પર્યટણ=વિશિષ્ટ અકાર્યની શુદ્ધિના પ્રયોજનથી ગધેડા ઉપર આરોહણ કરીને આણે આ પાપ કર્યું છે, એ પ્રકારે પ્રદર્શન કરાવવા અર્થે ગામમાં સર્વથી ફેરવવું, એ વગેરે સાવદ્ય જીત છે; (કેમ કે તે પ્રકારની પ્રવૃત્તિથી આરંભ-સમારંભની પ્રાપ્તિ છે. અપરાધીને પણ લજ્જા આદિને કારણે મલિનભાવો થવાનો પ્રસંગ છે, તેનાથી થયેલા પાપની શુદ્ધિ થાય નહિ, પરંતુ જે સ્ખલના થઈ હોય તેનાથી અધિક વિરુદ્ધ એવો શુદ્ધ ભાવ થાય તો જ તે પાપની શુદ્ધિ થાય.) વળી, દશવિધ આલોચનાદિક જે પ્રાયશ્ચિત્ત છે તે અસાવદ્ય જીત છે=જેનાથી જે પાપ થયું હોય તે પાપથી વિરુદ્ધ શુદ્ધ અધ્યવસાય થાય, તે પ્રકારે ઉચિત વિધિથી અપાયેલું અને ઉચિત સંવેગપૂર્વક સેવાયેલું દશવિધ આલોચનાદિ પ્રાયશ્ચિત્ત અસાવદ્ય જીત છે. ॥૪૮॥**

**ભાવાર્થ :-**

ભાનુ પ્રવચનમાં કે લોકમાં પાપશુદ્ધિ માટેના અપરાધીને વિડંબણા કરીને પાપશુદ્ધિના ઉપાયો બતાવ્યા છે. તેનાથી સંવેગ પ્રગટે નહિ. આરંભ-સમારંભની પ્રવૃત્તિ થાય અને પાપ કરનારને પણ અતિ ક્ષોભાદિ ભાવો થાય તેથી તેના દ્વારા પણ ચિત્તમાં ક્લેશ જ થાય. તેથી ક્લેશથી થયેલાં પાપોની શુદ્ધિ અન્ય ક્લેશથી થઈ શકે નહિ. જેમ ભગવાનના શાસનમાં પણ કોઈક પાપની શુદ્ધિ કરવાના અર્થી જીવો શાસ્ત્રવિધિની ઉપેક્ષા કરીને જે તે ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે અને શાસ્ત્રની જે મર્યાદા છે, તે પ્રમાણે આલોચનાદિ કરે નહિ તો તે પ્રાયશ્ચિત્તના ગ્રહણથી પણ નવા પાપની જ પ્રાપ્તિ થાય છે. આથી જ પ્રાયશ્ચિત્ત પંચાશકમાં કહ્યું છે કે મલિન વસ્ત્ર કાદવથી શુદ્ધ થઈ શકે નહિ, તેમ ભગવાનની આજ્ઞાની ઉપેક્ષા કરીને સ્વમતિ અનુસાર પ્રાયશ્ચિત્ત કરનારા જીવોને પ્રાયશ્ચિત્તનો પરિણામ હોવા છતાં સર્વજ્ઞના વચન પ્રત્યે અનાદર હોવાથી શુદ્ધિની પ્રાપ્તિ નથી, તેમ સાવદ્ય એવા જીતથી ચિત્તમાં પ્રાયશ્ચિત્તનો પરિણામ હોવા છતાં સિદ્ધિને અનુકૂળ ઉચિત સંવેગ પ્રગટે નહિ માટે તેવું સાવદ્ય જીત શુદ્ધિનું કારણ બને નહિ.

અને દશ પ્રકારની આલોચનાદિરૂપ પ્રાયશ્ચિત્ત પણ સાવદ્ય નહિ હોવા છતાં જીત તરીકે સંમત હોવા છતાં અવિવેકથી ગ્રહણ થાય તો શુદ્ધિનું કારણ બને નહિ. **॥૪૮॥**

**અવતરણિકા :-**

**अपवादतः कदाचित्सावद्यमपि जीतं दद्यात्, तथा चाह –**

**અવતરણિકાર્થ :-**

**અપવાદથી ક્યારેક સાવદ્ય પણ જીત અપાય છે અને તેને કહે છે –**

ગાથા :-

ओसण्णे बहुदोसे, णिद्धंधस पवयणे य णिरवेक्खे ।

एयारिसम्मि पुरिसे, दिज्जइ सावज्जजीअं पि ।।४९।।

અન્વયાર્થ :-

ओसण्णे=અવસન્ન, बहुदोसे=બહુ દોષવાળા, णिद्धंधस=નિર્ધ્વંસ, पवयणे य णिरवेक्खे=અને પ્રવચનમાં નિરપેક્ષ, एयारिसम्मि पुरिसे=આવા પ્રકારના પુરુષમાં=સાધુમાં, सावज्जजीअं पि दिज्जइ=સાવદ્ય જીત પણ અપાય છે=સાવદ્ય પ્રાયશ્ચિત્ત પણ અપાય છે. ।।૪૯।।

ગાથાર્થ :-

**અવસન્ન બહુદોષવાળા નિર્ધ્વંસ અને પ્રવચનમાં નિરપેક્ષ એવા પ્રકારના પુરુષમાં=સાધુમાં સાવદ્ય જીત પણ અપાય છે=સાવદ્ય પ્રાયશ્ચિત્ત પણ અપાય છે. ।।૪૯।।**

ટીકા :-

'ओसण्णं'ति । 'ओसन्नं' प्रायेण बहुदोषे 'निद्धन्धसे' सर्वथा निर्दये तथा 'प्रवचने' प्रवचनविषये निरपेक्षे पुरुषेऽनवस्थाप्रसङ्गनिवारणाय सावद्यमपि जीतं दीयते ।।४९।।

ટીકાર્થ :-

'ओसन्नं' ..... जीतं दीयते ।। ઓસન્ન=અવસન્નમાં=પ્રાયઃ કરીને, બહુદોષવાળા સાધુમાં નિર્ધ્વંસ પરિણામવાળા સાધુમાં=સર્વથા નિર્દય સાધુમાં અને પ્રવચનના વિષયમાં નિરપેક્ષ પુરુષમાં અનવસ્થા પ્રસંગના નિવારણ માટે સાવદ્ય પણ જીત અપાય છે=સાવદ્ય પણ પ્રાયશ્ચિત્ત અપાય છે. ।।૪૯।।

ગાથા :-

संविग्गे पियधम्मे, अपमत्ते वि य अवज्जभीरुम्मि ।

कम्हि य पमायखलिए, देयमसावज्जजीयं तु ।।५०।।

અન્વયાર્થ :-

संविग्गे=સંવિગ્ન, पियधम्मे=પ્રિયધર્મવાળા, अपमत्ते=અપ્રમત્ત, अवज्जभीरुम्मि=પાપભીરુ એવા સાધુમાં, पमायखलिए कम्हि य=પ્રમાદથી કોઈક સ્ખલના થયે છતે, तु असावज्जजीअं देयम्=અસાવદ્ય જીત=અસાવદ્ય પ્રાયશ્ચિત્ત દેવું જોઈએ. ।।૫૦।।

ગાથાર્થ :-

**સંવિગ્ન પ્રિયધર્મવાળા અપ્રમત્ત પાપભીરુ એવા સાધુમાં પ્રમાદથી કોઈક સ્ખલના થયે છતે અસાવદ્ય જીત=અસાવદ્ય પ્રાયશ્ચિત્ત દેવું જોઈએ. ।।૫૦।।**

**ટીકા :-**

**'संविग्गे'त्ति । संविग्ने प्रियधर्मिणि अप्रमत्तेऽवद्यभीरुके कस्मिंश्चित्प्रमादवशतः स्खलितपदे देयमसावद्यजीतम् ।।५०।।**

**ટીકાર્થ :-**

**संविग्ने ..... जीतम् ।। સંવિગ્ન સાધુમાં પ્રિયધર્મવાળામાં અપ્રમત્તમાં પાપના ભીરુ એવા સાધુમાં કોઈક પ્રમાદવશથી સ્ખલિત પદમાં=વિપરીત આચરણામાં અસાવદ્ય જીત દેવું જોઈએ=અસાવદ્ય પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. ।।૫૦।।**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ સંયમ જીવનમાં અત્યંત શિથિલાચારવાળા હોય તેઓ અવસન્ન સાધુ કહેવાય છે. વળી, કોઈ સાધુ પ્રાયઃ ઘણા દોષો સેવતા હોય, તેથી સર્વથા નિર્દય પરિણામવાળા હોય છે અર્થાત્ ભગવાનના વચનથી વિપરીત કરવામાં લેશ પણ દુર્ગતિનો ભય નથી, તેવા નિર્ધ્વંસ પરિણામવાળા હોય છે અને પ્રવચન નિરપેક્ષ સંયમની પ્રવૃત્તિઓ કરનારા છે, તેવા સાધુઓને કોઈક નિમિત્તે પ્રાયશ્ચિત્ત આપવાનો પ્રસંગ આવે ત્યારે તેઓને સાવદ્ય જીત પણ અપાય છે. જેથી તેઓએ અત્યારસુધી આ સર્વ કૃત્યો કર્યાં છે, તે અત્યંત નિંદ્ય છે, એ પ્રકારની બુદ્ધિ લોકોમાં થાય અને તેવા સાવદ્ય જીતથી વિડંબણા પામેલા તે જીવોને જોઈને તેમનાથી આચરાયેલી અનુચિત પ્રવૃત્તિઓની પરંપરા ચાલતી હોય તેના નિવારણનો પ્રસંગ આવે છે; કેમ કે આ રીતે તેઓ વિડંબિત થયેલા હોવાથી તેઓના વચનથી ભાવિત થયેલા લોકો તે પ્રકારની પ્રવૃત્તિ નિંદ્ય છે, એવું જ્ઞાન થવાથી તે પાપપ્રવૃત્તિની પરંપરાનું નિવારણ કરે છે. આથી ત્રિરાશિના સ્થાપક શિષ્યને ગુરુએ મસ્તક ઉપર રાખ નાંખીને સંઘથી દૂર કર્યો.

વળી, જેઓ સંસારથી ભય પામેલા છે, ભગવાનના વચનાનુસાર સેવાતા અનુષ્ઠાનથી થતા ધર્મના પરિણામમાં જેઓની પ્રીતિ વર્તે છે, શક્તિ અનુસાર અનુષ્ઠાનને સેવીને ગુણપ્રાપ્તિ કરવામાં યત્નવાળા છે, વળી, પોતાની પ્રવૃત્તિથી ષટ્કાયની વિરાધનારૂપ સાવદ્ય પ્રવૃત્તિ થાય, તેમાં ભીરુ પરિણામવાળા છે અર્થાત્ સાવદ્ય પ્રવૃત્તિના નિવારણમાં યત્નવાળા છે, છતાં પ્રમાદવશ તેઓથી કોઈક સ્ખલના થયેલી હોય ત્યારે તેની શુદ્ધિ અર્થે આલોચનાદિ દશવિધ પ્રાયશ્ચિત્તમાંથી ઉચિત અસાવદ્ય જીત આપવું જોઈએ, જેના સેવનથી થયેલી સ્ખલનાની શુદ્ધિ કરીને તે મહાત્મા ફરી સંયમના પરિણામની વૃદ્ધિમાં યત્ન કરી શકે. **।।૪૯-૫૦।।**

**ગાથા :-**

**जं जीअमसोहिकरं, ण तेण जीएण होइ ववहारो ।**
**जं जीअं सोहिकरं, तेण उ जीएण ववहारो ।।५१।।**

**અન્વયાર્થ :-**

**जं जीअमसोहिकरं=જે જીત અશોધિકર છે, तेण जीएण ववहारो ण होइ=તે જીતથી વ્યવહાર થતો નથી, जं जीअं सोहिकरं=જે જીત શોધિકર છે, तेण जीएण उ ववहारो=તે જીતથી વળી વ્યવહાર થાય છે. ।।૫૧।।**

**ગાથાર્થ :-**

**જે જીત અશોધિકર છે તે જીતથી વ્યવહાર થતો નથી. વળી જે જીત શોધિકર છે તે જીતથી વ્યવહાર થાય છે. ।।૫૧।।**

**ટીકા :-**

**'जं जीअं'ति । यज्जीतमशोधिकरं न तेन जीतेन भवति व्यवहारः कर्त्तव्यः । यत्पुनर्जीतं शोधिकरं तेन जीतेन भवति व्यवहारः ।।५१।।**

**ટીકાર્થ :-**

**यज्जीतमशोधिकरं ..... व्यवहारः ।। જે જીત=પ્રાયશ્ચિત્ત રૂપ દશવિધ જીત, અશોધિકર છે, તે જીતથી વ્યવહાર કર્તવ્ય નથી. વળી જે જીત શુદ્ધિને કરનાર છે, તે જીતથી વ્યવહાર થાય છે. ।।૫૧।।**

**ભાવાર્થ :-**

જે ભાવોથી જે પાપ થાય છે, તેનાથી અધિક વિશુદ્ધ ભાવથી તે પાપની શુદ્ધિ થાય છે. તેથી સુસાધુથી કોઈ સ્ખલના થયેલી હોય અને તે સ્ખલનાની શુદ્ધિનું કારણ બને તેનું ઉચિત શાસ્ત્રવિધિ અનુસાર ગ્રહણ કરાયેલું પ્રાયશ્ચિત્ત હોય, તેનાથી તેના પાપની શુદ્ધિ થાય છે અને શાસ્ત્રવિધિના સ્મરણની મર્યાદા વગરના પુરુષથી કરાયેલો જે જીત=પ્રાયશ્ચિત્તનો વ્યવહાર, તેનાથી પાપની શુદ્ધિ થતી નથી. તેવો જીતવ્યવહાર કર્તવ્ય થતો નથી માટે આ અસાવદ્ય જીત છે. તેથી તે જીત અનુસાર પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને કોઈ તે પ્રકારનો તપ કરે તોપણ તેવો જીત કર્તવ્ય નથી. જેમ લક્ષ્મણા સાધ્વીએ માયાશલ્યપૂર્વક પ્રાયશ્ચિત્ત કર્યું, તેવા જીતથી તેઓની શુદ્ધિ થઈ નહિ, પરંતુ મલિનતાની જ પ્રાપ્તિ થઈ માટે તેવો જીતવ્યવહાર કર્તવ્ય બને નહિ. **।।૫૧।।**

**અવતરણિકા :-**

शोधिकराशोधिकरजीतप्रतिपादनार्थमाह –

**અવતરણિકાર્થ :-**

**શોધિકર અને અશોધિકર જીતને પ્રતિપાદન માટે કહે છે=જે જીતવ્યવહાર ગુણવૃદ્ધિની સાથે અનુસંધાનવાળો હોય અને જે જીતવ્યવહાર પ્રમાદ સાથે અનુસંધાનવાળો હોય, તે જીતવ્યવહાર ક્રમસર શોધિકર અને અશોધિકર છે. તેથી તેનું સ્વરૂપ બતાવવા માટે કહે છે –**

ગાથા :-

जं जीअमसोहिकरं, पासत्थपमत्तसंजयाईणं ।
जइ वि महाणाइन्नं, ण तेण जीएण ववहारो ।।५२।।
जं जीअं सोहिकरं, संवेगपरायणेण दंतेणं ।
इक्केण वि आइन्नं, तेण उ जीएण ववहारो ।।५३।।

અન્વયાર્થ :-

पासत्थपमत्तसंजयाईणं=પાસત્થા પ્રમત્ત સંયતથી આચીર્ણ, जं जीअं=જે જીત છે, असोहिकरं=તે અશોધિકર છે. जइ वि महाणाइन्नं=જોકે મહાજનથી આચીર્ણ છે. तेण जीएण=તે જીતથી=પાસત્થા પ્રમત્ત સાધુથી જે જીત આચીર્ણ છે, તે જીતથી, ण ववहारो=વ્યવહાર નથી. ।।પર।।

संवेगपरायणेण दंतेण=સંવેગપરાયણ દાંત એવા, इक्केण वि आइन्नं=એકપણ સાધુથી આચીર્ણ, जं जीअं=જે જીત છે, सोहिकरं=તે શોધિકર છે, तेण उ जीएण ववहारो=તે જીતથી વ્યવહાર છે. ।।પ૩।।

ગાથાર્થ :-

પાસત્થા પ્રમત્ત સંયતથી આચીર્ણ જે જીત છે તે અશોધિકર છે. જોકે મહાજનથી આચીર્ણ છે તે જીતથી=પાસત્થા પ્રમત્ત સાધુથી આચરાયેલા જીતથી વ્યવહાર નથી. ।।પર।।

સંવેગપરાયણ દાંત એવા એકપણ સાધુથી આચીર્ણ જે જીત છે તે શોધિકર છે. તે જીતથી વ્યવહાર છે. ।।પ૩।।

ટીકા :-

'जं जीअं'ति । यज्जीतं पार्श्वस्थप्रमत्तसंयताचीर्णम्-अत एवाशोधिकरम्, तद् यद्यपि महाजनाचीर्णं तथाऽपि न तेन जीतेन व्यवहारः कर्त्तव्यस्तस्याशोधिकरत्वात् ।।५२।।

'जं जीअं'ति । यत्पुनर्जीतं संवेगपरायणेन दान्तेनैकेनाप्याचीर्णं तत् शोधिकरं तेन व्यवहारः कर्त्तव्यो भवति । न तु बहुजनापरिगृहीतत्वेनाऽस्याविश्वासः कर्त्तव्यः, बहुजनपरिगृहीतत्वस्य लोकधर्मेऽपि सत्त्वेन तस्य विश्वासानङ्गत्वात्-सदाचारपरिगृहीतत्वस्यैव तत्र तन्त्रत्वादिति भावः ।।५३।।

ટીકાર્થ :-

यज्जीतं ..... करत्वात् ।। જે જીત પાર્શ્વસ્થ પ્રમત્ત સંયતથી આચીર્ણ છે, આથી જ અશોધિકર છે. તે જોકે મહાજનથી આચીર્ણ છે=પાસત્થા પ્રમત્ત સાધુથી આચીર્ણ છે તોપણ તે જીતથી વ્યવહાર કર્તવ્ય નથી. કેમ કે અશોધિકરપણું છે. ।।પર।।

यत्पुनर्जीतं ..... भावः ।। જે વળી જીત સંવેગપરાયણ દાંત એવા=ઈન્દ્રિયોના દમનો કરનારા એવા,

**એકપણ સુસાધુથી આચીર્ણ છે=વૃત્ત, અનુવૃત્ત અને પ્રવૃત્ત ન પણ હોય, પરંતુ એકપણ સુસાધુથી આચીર્ણ છે, તે શોધિકર છે. તેનાથી=તેવા દાંત સાધુથી, કરાયેલો જીતવ્યવહાર કર્તવ્ય છે. વળી બહુજન અપરિગૃહીતપણાને કારણે આનો=સંવેગપરાયણ દાંત સાધુથી આચરાયેલા વ્યવહારનો, અવિશ્વાસ કરવો જોઈએ નહિ; કેમ કે બહુજનપરિગૃહીતત્વનું લોકધર્મમાં પણ=લોકોત્તર એવા સર્વજ્ઞના વચનથી નિરપેક્ષ કરાતા એવા લોકધર્મમાં પણ, સત્ત્વ હોવાને કારણે તેના=બહુજનપરિગૃહીત ધર્મના, વિશ્વાસનું અનંગપણું છે. સદાચાર પરિગૃહીતત્વનું જ ત્યાં=વિશ્વાસના બીજમાં, તંત્રપણું છે=નિયામકપણું છે, એ પ્રકારનો ભાવ છે. ।।૫૩।।**

**ભાવાર્થ :-**

સંયમના પાલન અર્થે સંવિગ્નપાક્ષિક એવા પાસત્થા સાધુઓ અને પ્રમાદવાળા સંયત સાધુ પ્રમાદને વશ જે આચરણા કરે તે આચરણા શિષ્ટ પુરુષની આચરણા હોવા છતાં સંયમની શુદ્ધિને કરનાર નથી, તેથી તે જીતથી સંયમશુદ્ધિને અનુકૂળ વ્યવહાર કરાય નહિ. જેમ સંવિગ્નપાક્ષિક સુખશીલ સ્વભાવને કારણે ભિક્ષા આદિમાં કોઈક પ્રમાદવશ તે પ્રકારની આચરણા કરતા હોય અથવા આલોચનાદિ કૃત્યો પણ તે પ્રકારે પ્રમાદ આદિથી કરતા હોય અને ક્વચિત્ સુસાધુ પણ પ્રમત્ત દશામાં હોય ત્યારે કોઈ સંયમની આચરણા સંયમના કંડકોની વૃદ્ધિ થાય તે પ્રકારે કરતા ન હોય અને આલોચનાદિ પણ શુદ્ધિનું કારણ બને તે પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક કરતા ન હોય. જેમ બ્રાહ્મી સુંદરીના જીવે પૂર્વભવમાં ઈર્ષ્યા કરીને તેની શુદ્ધિ અર્થે આલોચના કરી, તેથી તેવી આચરણા કોઈ પ્રમત્ત સાધુ કરે તો તે જીતવ્યવહારથી શુદ્ધિ થાય નહિ. તેથી તેવા જીતથી વ્યવહાર કર્તવ્ય બને નહિ. આથી જ ગાથા-૪૪-૪૫માં બતાવેલ એવો જીતવ્યવહાર કોઈ સાધુ સ્ખલના પછી ઉપયોગશૂન્ય કરતા હોય, જેનાથી થયેલા પાપની શુદ્ધિ થાય નહિ અને તેવા પ્રમત્ત સાધુને તે પ્રકારની કરેલી આચરણા કરતા જોઈને આ મહાજનથી આચીર્ણ છે માટે આપણે પણ તે તે સ્ખલનામાં તે તે પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરીએ છીએ, તેમ માને તો તે પ્રકારનો જીતવ્યવહાર કર્તવ્ય બને નહિ, પરંતુ પાપની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત પંચાશકમાં જે પ્રકારે થયેલા પાપ કરતાં અધિક શુદ્ધ ભાવ થાય તે પ્રકારના સંવેગપૂર્વક પ્રાયશ્ચિત્ત કરવાનો વિધિ છે. તે પ્રમાણે ન કરવામાં આવે તો તે જીતવ્યવહાર અશોધિકર હોવાથી કર્તવ્ય બને નહિ. વળી જે સાધુ સંવેગપરાયણ છે અર્થાત્ મોક્ષના સ્વરૂપની સ્પષ્ટ ઉપસ્થિતિપૂર્વક મોક્ષને અનુકૂળ પ્રયત્ન થાય, તેવી પરિણતિવાળા છે. જેઓની ઇન્દ્રિયો શાંત થયેલી છે, તેથી શાતા આદિના વશથી કોઈ પ્રવૃત્તિ કરે તેવા નથી, પરંતુ મોક્ષને અનુકૂળ ભાવો ઉલ્લસિત થાય તેવી જ આચરણા દ્રવ્ય, ક્ષેત્ર આદિનું આલોચન કરીને કરે છે. જેનાથી અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે કે થયેલા પાપની શુદ્ધિ થાય છે. તેવા કોઈ એક મહાત્માથી આચીર્ણ વ્યવહાર હોય અને કદાચ તે વ્યવહાર પાછળના પ્રમાદી સાધુઓથી તે રીતે આચીર્ણ ન હોય તોપણ તે એક મહાત્માથી આચીર્ણ જીતવ્યવહાર સંયમની શુદ્ધિને કરનાર હોવાથી કર્તવ્ય છે.

શ્લોક-૩૨માં કહ્યું એ પ્રમાણે વૃત્ત, અનુવૃત્ત અને પ્રવૃત્ત નથી, તેથી બહુજન આચીર્ણ નથી છતાં સંવેગ-પરાયણ દાંત એવા એક સાધુથી આચીર્ણ છે, તેને શોધિકર જીત કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

જેઓ લોકોત્તર ધર્મને અનુસરનારા નથી, પરંતુ લોક કરતા હોય તે રીતે પ્રાયશ્ચિત્ત આદિ આચરણાઓ કરતા હોય તેવી આચરણામાં બહુજન પરિગૃહીતત્વ હોવા છતાં તેવી આચરણા શુદ્ધિકર નહિ હોવાથી વિશ્વાસનું અંગ બનતું નથી, પરંતુ સદાચારવાળા મહાત્માથી પરિગૃહીત જીત જ વિશ્વાસનું બીજ છે. તેથી જે મહાત્મા અત્યંત સંવેગવાળા છે. તેના કારણે ભગવાનના વચનાનુસાર દ્રવ્ય, ક્ષેત્રનું આલોચન કરીને દમન ઇન્દ્રિયવાળા થઈને જે આચરણાથી પરિણામની શુદ્ધિ થાય છે, તે આચરણાને જ સેવે છે. તેથી તેવી આચરણા ઘણા સાધુઓથી સેવાયેલી ન હોય તોપણ ચિત્તની શુદ્ધિકર હોવાથી જીતરૂપે પ્રમાણ છે ! **॥૫૨-૫૩॥**

**અવતરણિકા :-**

**ननु यदि जीतं श्रुतापत्तितुल्यं तदा न श्रुतादतिरिच्येत, यदि च ततो हीनमधिकं वा स्यात्तदोत्सूत्रं स्यादित्याशङ्कायामाह –**

**અવતરણિકાર્થ :-**

**નનુથી શંકા કરે છે. જો જીત શ્રુતની પ્રાપ્તિ તુલ્ય છે તો શ્રુતથી અધિક નથી અને જો તેનાથી- શ્રુતથી, હીન માત્રાવાળું કે અધિક માત્રાવાળું થાય તો ઉત્સૂત્ર થાય ? એ પ્રકારની આશંકામાં કહે છે.**

**ગાથા :-**

हीणं वा अहियं वा, जइ वि सुआवत्तिओ हवइ एअं ।
तह वि सुआणुत्तिण्णं, परिणामविसेसमहिगिच्च ।।५४।।

**અન્વયાર્થ :-**

**जइ हीणं वा अहियं=જોકે હીન અથવા અધિક, सुआवत्तिओ=શ્રુત આપતિત, एअं=આ=જીત, हवइ= થાય છે. तहवि=તોપણ, परिणामविसेसमहिगिच्च=પરિણામવિશેષને આશ્રયીને, सुआणुत्तिण्णं=શ્રુતથી અનુત્તીર્ણ છે. ॥૫૪॥**

**ગાથાર્થ :-**

**જોકે હીન અથવા અધિક શ્રુત આપતિત આ=જીત, થાય છે તોપણ પરિણામવિશેષને આશ્રયીને શ્રુતથી અનુત્તીર્ણ છે. ॥૫૪॥**

**ટીકા :-**

'हीणं व'त्ति । हीनं वाऽधिकं वा यद्यपि श्रुतापत्तितो भवत्येतज्जीतं तथापि श्रुतानुत्तीर्णं 'परिणामविशेषं' सहिष्णुताऽसहिष्णुतादिलक्षणमधिकृत्य परिणामभेदेन सूत्रे हीनाधिकदानस्यापि सामान्यतोऽनुज्ञानाद् रागद्वेषाभ्यां हीनाधिकदानेनैवोत्सूत्रसम्भवादिति ।।५४।।

**ટીકાર્થ :-**

**हीनं ..... सम्भवादिति ।। હીન અથવા અધિક જોકે શ્રુત આપતિત થાય છે એ જીત છે તોપણ શ્રુતથી અનુત્તીર્ણ એવા પરિણામવિશેષને=સહિષ્ણુતા, અસહિષ્ણુતાદિ લક્ષણ પરિણામવિશેષને આશ્રયીને, પરિણામના ભેદથી=શ્રુત કરતાં જીતમાં પરિણામનો ભેદ હોવાથી, સૂત્રમાં હીન, અધિક દાનની પણ સામાન્યથી અનુજ્ઞા હોવાથી ઉત્સૂત્ર નથી એમ અવતરણિકા સાથે અન્વય છે; કેમ કે રાગ-દ્વેષ દ્વારા હીન અધિક દાનથી જ ઉત્સૂત્રનો સંભવ છે. ।।૫૪।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી શ્રુતનું વચન ઉત્સર્ગની આચરણા સ્વરૂપ હોય છે અને ક્યારેક થયેલા પાપની શુદ્ધિની આચરણા સ્વરૂપ હોય છે અને ઉત્સર્ગની આચરણામાં જે અપવાદિક આચરણાઓ છે, તે પ્રાયઃ જીતરૂપ જ છે તોપણ જ્યારે શ્રુત વિદ્યમાન હતું ત્યારે તે જીત શ્રુતમાં અંતર્ભાવ પામતું હતું અને પાપની શુદ્ધિ અર્થે જે શ્રુતની આચરણા છે, તે શ્રુતની આચરણા કરતાં સહિષ્ણુતા-અસહિષ્ણુતા આદિને સ્મૃતિમાં રાખીને ગીતાર્થો ક્યારેક શ્રુતથી અધિક પણ પ્રાયશ્ચિત્ત આપે અને ક્યારેક શ્રુતથી હીન પણ પ્રાયશ્ચિત્ત આપે તોપણ જીવના પરિણામના ભેદને આશ્રયીને તે શુદ્ધિ કરનાર હોવાથી શ્રુતથી ઉત્તીર્ણ નથી, છતાં શ્રુત કરતાં અધિક અથવા ન્યૂન છે. તેથી તે ઉત્સૂત્રરૂપ નથી; કેમ કે વિવેકી સાધુ રાગ-દ્વેષને વશ પ્રાયશ્ચિત્ત અધિક ન્યૂન કરે તો ઉત્સૂત્ર બને, પરંતુ આલોચના કરનારના શુદ્ધિના ઉપાયરૂપે તેના સંવેગના પરિણામનો ભેદ કરીને અને સહિષ્ણુતા-અસહિષ્ણુતા આદિનો ભેદ કરીને તે પ્રકારે જ પ્રાયશ્ચિત્ત આપે છે. જેથી યોગ્ય જીવને પાપકરણકાળમાં જે અધ્યવસાય થયો છે, તેનાથી અધિક શુભ અધ્યવસાય થાય. જેના કારણે તેના પાપની શુદ્ધિ થાય, તેથી યોગ્ય જીવના શુદ્ધિના નિર્મળ આશયપૂર્વક અને શ્રુતની મર્યાદાના નિર્મળ બોધપૂર્વક અપાયેલું પ્રાયશ્ચિત્ત હીન અથવા અધિક હોવા છતાં ઉત્સૂત્રરૂપ નથી. **।।૫૪।।**

**અવતરણિકા :-**

**उक्तो जीतव्यवहारः । अथागमादिषु व्यवहारेषु किं सूत्राद्यात्मकम् ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**જીતવ્યવહાર કહેવાયો. હવે આગમાદિ વ્યવહારમાં શું સૂત્રાદ્યાત્મક છે ?=કયો વ્યવહાર સૂત્રાદિ આત્મક છે ? એને કહે છે –**

**ગાથા :-**

**आगमसुआईं सुत्तं, इत्थं आणा य धारणा अत्थो ।**
**आयरणा पुण जीअं, बलिअत्तं तेण उक्कमओ ।।५५।।**

**અન્વયાર્થ :-**

**इत्थं=અહીં-પાંચ પ્રકારના વ્યવહારમાં, आगमसुआई सुत्तं=આગમ અને શ્રુત વ્યવહારસૂત્ર છે=સૂત્રરૂપે અભિપ્રેત છે. आणा य धारणा अत्थो=આજ્ઞા અને ધારણા અર્થ છે=અર્થરૂપે અભિપ્રેત છે. आयरणा पुण जीअं=આચરણા વળી જીત=જીતરૂપે અભિપ્રેત છે. तेण उक्कमओ बलिअत्तं=તે કારણથી ઉત્ક્રમથી બલિકપણું છે=જીતનું બલિકપણું છે. ।।૫૫।।**

**ગાથાર્થ :-**

**અહીં=પાંચ પ્રકારના વ્યવહારમાં, આગમ અને શ્રુત વ્યવહારસૂત્ર=સૂત્રરૂપે અભિપ્રેત છે. આજ્ઞા અને ધારણા અર્થ=અર્થરૂપે અભિપ્રેત છે. આચરણા વળી જીત=જીતરૂપે અભિપ્રેત છે. તે કારણથી ઉત્ક્રમથી બલિકપણું છે=જીતનું બલિકપણું છે. ।।૫૫।।**

**ટીકા :-**

**'आगमसुआई'ति । आगम-श्रुतव्यवहारौ सूत्रमत्राभिप्रेतौ, चतुर्दशपूर्वादीनां कल्पव्यवहारादि-च्छेदग्रन्थानामपि च सूत्रात्मकत्वात् प्रत्यक्षागमस्यापि सूत्रातिशयितत्वेन सूत्रत्वविवक्षणात् ।**

'आगमसुआउ सुत्तेण सूइआ अत्थओ उ तिचउत्था ।

बहुजणमाइण्णं पुण जीअं उचियं ति एगट्ठं'ति ।।

**ટીકાર્થ :-**

आगम- ..... सूत्रत्वविवक्षणात् । **આગમ અને શ્રુતવ્યવહાર અહીં=પાંચ વ્યવહારમાં, સૂત્રરૂપે અભિપ્રેત છે; કેમ કે ચૌદ પૂર્વધર આદિનું અને કલ્પવ્યવહાર આદિ છેદગ્રંથોનું પણ સૂત્રાત્મકપણું છે. પ્રત્યક્ષ આગમના પણ=કેવલજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન આદિ પ્રત્યક્ષ આગમના પણ, સૂત્રના અતિશયપણાને કારણે સૂત્રપણાની વિવક્ષા છે.** આગમ અને શ્રુત સૂત્રથી સૂચિત છે અર્થાત્=સૂત્રના અર્થથી વળી ત્રીજો અને ચોથો વ્યવહાર=આજ્ઞા અને ધારણા વ્યવહાર સૂચિત છે. વળી, બહુજન આચીર્ણ ઉચિત જીત છે, એ પ્રમાણે એકાર્થ છે=પાંચેય વ્યવહારો એક પ્રયોજનના સાધક હોવાથી એકાર્થ છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલી અવધિ જિન મનઃપર્યવજ્ઞાની આદિ જે વ્યવહાર કરે છે, તે કેવલજ્ઞાનથી કરે છે, મનઃપર્યવજ્ઞાનથી કરે છે કે અવધિ જ્ઞાનથી કરે છે, તેથી આગમ વ્યવહારનો સૂત્રમાં અંતર્ભાવ કઈ રીતે થઈ શકે ? તે સ્પષ્ટ કરવાર્થે અને પશ્ચાનુપૂર્વીથી બલિક છે તે સ્પષ્ટ કરવાર્થે 'અથવા'થી કહે છે.

**ટીકા :-**

**अथवा स्वव्यवहर्त्तव्यार्थप्रतिपत्तावन्यशब्दानुपजीव्यत्वं सूत्रत्वं तत्राप्यविशिष्टमिति न दोषः । आज्ञा च धारणा चार्थः, शब्दमूलशब्दत्वात् । जीतं पुनः 'आचरणा' शिष्टाचारः । तदुक्तम्–**

'आगमसुआउ सुत्तेण सूइआ अत्थओ उ तिचउत्था ।
बहुजणमाइण्णं पुण जीअं उचियं ति एगट्ठं ।।१।। 'ति ।

**तेन 'उत्क्रमतः' पश्चानुपूर्व्या बलिकत्वं जीतस्य सूत्रार्थोभयापेक्षत्वात्, अर्थस्य च सूत्रापेक्षत्वात् सूत्रस्य च स्वतन्त्रत्वादिति ।।५५।।**

**ટીકાર્થ :-**

**अथवा ..... स्वतन्त्रत्वादिति ।। અથવા સ્વવ્યવહર્તવ્ય અર્થની પ્રતિપત્તિમાં=પ્રાયશ્ચિત્ત આદિ માટે જે વ્યવહાર કરવા યોગ્ય અર્થ છે તેની પ્રતિપત્તિમાં, અન્ય શબ્દ અનુપજીવ્યત્વરૂપ સૂત્રત્વ=આગમાત્મક સૂત્રના શબ્દોથી અન્ય શબ્દ અનુપજીવ્યત્વરૂપસૂત્રત્વ, ત્યાં પણ=કેવલી આદિના પ્રાયશ્ચિત્તદાન આદિના વ્યવહારમાં પણ, અવિશિષ્ટ છે=ચૌદ પૂર્વધરાદિમાં જે સૂત્રત્વ છે, તેવું સૂત્રત્વ કેવલી આદિના પ્રાયશ્ચિત્તદાનમાં સમાન હોવાથી અવિશિષ્ટ છે. એથી દોષ નથી=આગમ અને શ્રુતવ્યવહારમાં સૂત્રત્વ અભિપ્રેત છે, એમ કહેવામાં દોષ નથી. આજ્ઞા અને ધારણા અર્થ છે=અર્થાત્મક છે; કેમ કે શબ્દ મૂલ શબ્દપણું છે=સૂત્રાત્મક શબ્દ મૂળ છે જેને એવા અર્થના વાચક શબ્દપણું આજ્ઞા અને ધારણા વ્યવહારમાં છે. વળી જીત આચરણા=શિષ્ટાચાર છે. તે કહેવાયું છે.**

**તે કારણથી=પૂર્વમાં આગમાદિ ચાર વ્યવહારો શેનાથી પ્રવૃત્ત છે અને જીત શેનાથી પ્રવૃત્ત છે, તે સ્પષ્ટતા કરી તે કારણથી, ઉત્ક્રમથી=પશ્ચાનુપૂર્વીથી બલિકપણું છે; કેમ કે જીતનું સૂત્ર, અર્થ બન્નેનું અપેક્ષાપણું છે અને અર્થનું સૂત્રની અપેક્ષાપણું છે અને સૂત્રનું સ્વતંત્રપણું છે. ।।૫૫।।**

**ભાવાર્થ :-**

આગમ અને શ્રુતવ્યવહાર સૂત્ર ઉપર નિર્ભર છે. અર્થ ઉપર નિર્ભર નથી; કેમ કે ચૌદ પૂર્વધરાદિથી માંડીને નવ પૂર્વધરાદિ સુધીના મહાત્માઓ આગમથી વ્યવહાર કરે છે, તે આગમ સૂત્રાત્મક છે, પરંતુ અર્થાત્મક નથી. તેથી આગમ વ્યવહારસૂત્રરૂપ છે.

વળી, શ્રુતવ્યવહાર કલ્પવ્યવહાર આદિ છેદ ગ્રંથોના બળથી થાય છે અને તે ગ્રંથો પણ સૂત્રાત્મક છે. તેથી શ્રુતવ્યવહાર પણ સૂત્રથી થાય છે, અર્થથી થતો નથી.

વળી પ્રત્યક્ષ આગમવ્યવહારી કેવળી, મનઃપર્યવજ્ઞાની અને અવધિ જિન છે, તેઓ કેવળજ્ઞાન આદિના બળથી પ્રાયશ્ચિત્ત દાનાદિ કરે છે તોપણ તેઓના સૂત્રનું અતિશયપણું છે. તેનાથી જ તેઓ પ્રાયશ્ચિત્ત દાનાદિનો વ્યવહાર કરે છે માટે તેઓનો વ્યવહાર પણ સૂત્રરૂપ છે, અર્થરૂપ નથી. તેવી વિવક્ષા કરેલ છે અથવા કેવલી આદિ પ્રાયશ્ચિત્ત દાનાદિનો જે વ્યવહાર કરે છે, ત્યાં પણ સૂત્રના શબ્દોનું અવલંબન લઈને કરે છે. તેથી તેઓના પ્રાયશ્ચિત્ત દાનાદિના વ્યવહારમાં સૂત્રપણું છે, અર્થપણું નથી અર્થાત્ સૂત્રની પ્રધાનતા છે, અર્થની ગૌણતા છે; કેમ કે સૂત્રના બળથી તેઓ જે કાંઈ વ્યવહાર કરે છે, તે વ્યવહારને અનુરૂપ સૂત્રની ઉપલબ્ધિ છે માટે અર્થની ગૌણતા છે.

વળી શ્રુતવ્યવહાર કલ્પવ્યવહાર આદિ છેદ ગ્રંથોને અવલંબીને પ્રવર્તે છે અને તે છેદ ગ્રંથાદિ સૂત્રાત્મક છે. તેથી શ્રુતવ્યવહાર પણ સૂત્રરૂપ છે અર્થાત્ પ્રધાનરૂપે સૂત્રરૂપ છે, ગૌણરૂપે ત્યાં અર્થ અનુવિદ્ધ જ છે; કેમ કે સૂત્રથી વાચ્ય તે જ અર્થ છે કે જે વ્યવહારથી આત્માની શુદ્ધિ થાય અને તેવા જ વ્યવહારના સૂત્રને આશ્રયીને પ્રાયશ્ચિત્ત દાનાદિ મહાત્માઓ કરે છે. તેથી સૂત્રાત્મક વ્યવહાર હોવા છતાં ગૌણરૂપે તો ત્યાં અર્થ અનુવિદ્ધ જ છે.

આજ્ઞા વ્યવહાર અને ધારણા વ્યવહાર અર્થરૂપ છે, સૂત્રરૂપ નથી અર્થાત્ અર્થ પ્રધાન છે, સૂત્ર ગૌણ છે; કેમ કે આજ્ઞાવ્યવહાર અને ધારણાવ્યવહારમાં સૂત્રરૂપ જે શબ્દો છે, તે મૂળ છે અને તેનાથી વાચ્ય જે અર્થ છે, તેને કહેનારા શબ્દરૂપ આજ્ઞા અને ધારણાવ્યવહાર છે. જેમ આજ્ઞાવ્યવહાર માટે પરિણત શિષ્યને આચાર્ય પ્રાયશ્ચિત્ત લેવા કોઈક અન્ય ગીતાર્થ પાસે મોકલે છે, તેઓ શ્રુતને અવલંબીને કે આગમને અવલંબીને જે પ્રાયશ્ચિત્ત આપે છે, તે તે મહાત્માના થયેલા પાપની સાથે યોજન કરાયેલા શબ્દોથી કહે છે. તેથી સૂત્ર મૂળવાળા અર્થને સ્પર્શનારા શબ્દો દ્વારા તે મહાત્મા પ્રાયશ્ચિત્ત લઈને સ્વગુરુ પાસે આવે છે અને તેનાથી તે મહાત્મા શુદ્ધિ કરે છે. તેથી અર્થરૂપ આજ્ઞાવ્યવહાર છે.

વળી ધારણ શ્રુતવાળા મહાત્મા પાસેથી પૂર્વમાં-૨૮થી ૩૧ ગાથામાં બતાવ્યું, એ પ્રમાણે જે મહાત્માઓ કઈ સ્ખલનામાં કયું પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ, તેનું ધારણ કરીને ઉચિત સ્ખલનામાં ઉચિત રીતે પ્રાયશ્ચિત્ત આપે છે, તે સૂત્રના અવલંબનથી આપતા નથી, પરંતુ તે તે સ્ખલનામાં તે તે પ્રાયશ્ચિત્ત છે, એ પ્રકારના જે સૂત્રનો અર્થ છે, તેનાથી પ્રાયશ્ચિત્ત આપે છે. ત્યાં પણ સૂત્ર ગૌણ છે; કેમ કે સૂત્રનિરપેક્ષ તે અર્થ નથી, પરંતુ સૂત્ર ગૌણરૂપે તે અર્થમાં રહેલું છે તોપણ અર્થની પ્રધાનતા હોવાથી અર્થરૂપ ધારણાવ્યવહાર છે.

વળી, જીત શિષ્ટોની આચરણારૂપ છે અર્થાત્ તે તે વિષમ કાળને કારણે મોક્ષને અનુકૂળ ભાવોની નિષ્પત્તિ માટે કઈ આચરણા ઉચિત છે ? તેનો નિર્ણય કરીને સંવિગ્ન દાંત મુનિઓ સૂત્ર કરતાં કંઈક અન્ય પ્રકારની આચરણા કરે છે, તે જીતવ્યવહાર છે અને તે આચરણા શિષ્ટ પુરુષોએ સૂત્ર અને અર્થ ઉભયની અપેક્ષાએ કરેલ છે; કેમ કે સૂત્ર વીતરાગનું વચન છે અને વીતરાગતાને અનુકૂળ તે તે દ્રવ્ય-ક્ષેત્રાદિને અનુસાર જે જે કૃત્ય આવશ્યક હોય તે અર્થને સૂત્ર કહે છે, તેવું સૂત્રથી નિર્ણય કરીને તે મહાત્માઓ આચરણા કરે છે. તેથી જીતને પણ સૂત્ર અને અર્થ ઉભયની અપેક્ષા છે.

વળી, આ પાંચે વ્યવહારોમાં ઉત્ક્રમની અપેક્ષાએ જીતનું બલિકપણું છે અર્થાત્ જ્યારે ચાર વ્યવહારો તે તે કૃત્ય માટે ઉપલબ્ધ થતા ન હોય ત્યારે અથવા તે સૂત્ર તે જીતને કહેનારું ઉપલબ્ધ ન હોય, પરંતુ તેનાથી અન્ય પ્રકારે ઉપલબ્ધ હોય ત્યારે જીત બલિક બને છે. તેથી જીતના બળથી જ ત્યારે આચરણા કરવી ઉચિત છે. આથી જ સંવત્સરી ભાદરવા સુદ પંચમીને કહેનારા સૂત્રની ઉપલબ્ધિ હોવા છતાં જીત બલિક હોવાથી ભાદરવા સુદ ચતુર્થીના સંવત્સરી કરાય છે. તે રીતે જે જે શિષ્ટ પુરુષોથી આચરિત હોય તે આચરણા પૂર્વના વ્યવહારો કરતાં વર્તમાનમાં બલિક બને છે; કેમ કે જીતમાં સૂત્ર, અર્થ ઉભયની અપેક્ષા છે. જ્યારે આજ્ઞા અને ધારણા વ્યવહારમાં અર્થની અપેક્ષા છે અને એ અર્થ માત્ર સૂત્રની અપેક્ષાવાળો છે અને આગમ અને શ્રુતવ્યવહારમાં સૂત્રની જ અપેક્ષા છે અને તે સ્વતંત્ર પ્રવર્તક છે માટે જીતવ્યવહારનું બલિકપણું છે. **॥૫૫॥**

**અવતરણિકા :-**

**एतच्च निराकाङ्क्षार्थप्रतिपत्तितारतम्यमपेक्ष्य वेदितव्यम्, अन्यथाऽऽगमादिक्रमेण बलवत्ताया एव शास्त्रार्थत्वात् तदिदमभिप्रेत्यात्रापि विशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ=ઉત્ક્રમથી જીતનું બલિકપણું કહ્યું એ નિરાકાંક્ષ અર્થની પ્રતિપત્તિના તારતમ્યની અપેક્ષાએ જાણવું=શિષ્ટ પુરુષોથી આચરણા કરાયેલ જીત છે અને વીતરાગતાને અનુકૂળ તે તે કાળને અનુરૂપ એવી આ આચરણા છે, તેવી આકાંક્ષાના અર્થના નિર્ણયના તારતમ્યની અપેક્ષાએ જાણવું; કેમ કે અન્યથા=નિરાકાંક્ષ અર્થની પ્રતિપત્તિની તરતમતાની અપેક્ષાએ જીતનું બલિકપણું સ્વીકારવામાં ન આવે તો, આગમાદિના ક્રમથી બલવાનપણાનું=પાંચેય વ્યવહારોના બલવાનપણાનું, શાસ્ત્રાર્થપણું જ છે. તે આ અભિપ્રાયને સામે રાખીને=કઈ અપેક્ષાએ જીતનું બલવાનપણું છે અને કઈ અપેક્ષાએ આગમાદિ ક્રમથી પાંચેય વ્યવહારોનું બલવાનપણું છે એમ પૂર્વમાં કહ્યું એ અભિપ્રાયને આશ્રયીને, આમાં પણ=જીતના બલિકપણામાં પણ, વિશેષને કહે છે.**

**ભાવાર્થ :-**

જીતવ્યવહારનું વર્તમાનમાં બલિકપણું છે, તેમ કહ્યું તોપણ જીતવ્યવહારની આચરણા માત્ર આચરણારૂપે અભિપ્રેત નથી, પરંતુ સર્વજ્ઞના વચનાનુસાર વીતરાગતાને અનુકૂળ આત્માની પરિણતિ પ્રગટ કરવાના પ્રયોજનથી કરાય છે અને જે જીતવ્યવહારની આચરણામાં નિરાકાંક્ષ અર્થની પ્રાપ્તિ થાય છે અર્થાત્ વર્તમાનમાં દેશ-કાળ અનુસાર વીતરાગતાને અનુકૂળ આચરણા જીતવ્યવહારમાં છે, શ્રુતવ્યવહારમાં દુષ્કર આચરણા છે, એ પ્રકારના નિર્ણયમાં તારતમ્ય જણાય છે અર્થાત્ શ્રુતવ્યવહાર કરતાં જીતવ્યવહાર અધિક સુખપૂર્વક વીતરાગતાને અનુકૂળ યત્નનું કારણ છે. તેથી શ્રુત કરતાં અધિક જીત આચરણામાં વીતરાગતાને અનુકૂળ ભાવો દેખાય છે, એની અપેક્ષાએ જીતનું બલવાનપણું છે, તેથી સામાન્ય સાધુ તેનો નિર્ણય ન કરી શકે તોપણ ગીતાર્થો સૂત્રોની આચરણાને વીતરાગતા સાથે યોજન કરે અને જીતની આચરણાને વીતરાગતા સાથે યોજન કરે ત્યારે શ્રુતની આચરણા કરતાં જીતની આચરણામાં વીતરાગતાને અનુકૂળ નિરાકાંક્ષ અર્થની પ્રાપ્તિ થાય છે. તેથી જીતને અન્ય વ્યવહારો કરતાં બલવાન કહેવાય છે. તે સિવાય તો પાંચેય વ્યવહારોમાં આગમાદિના ક્રમથી જ બલવાનપણું શાસ્ત્રસંમત છે. આથી જ આગમાદિથી વ્યવહાર કરનારા મહાત્માઓ વિદ્યમાન હોય ત્યારે શ્રુતધર પાસેથી પણ પ્રાયશ્ચિત્ત લેવાનો નિષેધ છે; કેમ કે શ્રુત કરતાં આગમ બલવાન છે.

આ અભિપ્રાયને સામે રાખીને જીતવ્યવહારમાં પણ શું વિશેષ છે ? તે પ્રસ્તુત ગાથાથી બતાવે છે.

**ગાથા :-**

**परमत्थओ अ सव्वो, ववहारो होइ आगमो चेव ।**
**जेण तयं उवजीवइ, सक्खं व परंपराए वा ।।५६।।**

**અન્વયાર્થ :-**

**परमत्थओ अ=અને પરમાર્થથી, सव्वो ववहारो=સર્વ વ્યવહાર=શ્રુતાદિ ચારેય વ્યવહાર, आगमो चेव होइ=આગમ જ છે. जेण=જે કારણથી, सक्खं व परंपराए वा=સાક્ષાત્ કે પરંપરાથી, तयं उवजीवएइ=તેના ઉપર જીવે છે=આગમ ઉપર જીવે છે. ।।૫૬।।**

**ગાથાર્થ :-**

**અને પરમાર્થથી સર્વ વ્યવહાર=શ્રુતાદિ ચારેય વ્યવહાર આગમ જ છે. જે કારણથી સાક્ષાત્ કે પરંપરાથી તેના ઉપર જીવે છે=આગમ ઉપર જીવે છે. ।।૫૬।।**

**ટીકા :-**

**'परमत्थओ अ'त्ति । परमार्थतश्च सर्वोऽपि व्यवहार आगम एव भवति, येन तमागमविषयज्ञानार्थं स्वप्रामाण्यार्थं वा साक्षात् परम्परया वोपजीवतीति । तथा चाह चूर्णिकृज्जीतमधिकृत्य–**
'जम्हा पंचविहे ववहारसुत्ते एस तेण आगमनाणं चेव एयं'ति **।।५६।।**

**ટીકાર્થ :-**

**परमार्थतश्च ..... तमधिकृत्य–।। અને પરમાર્થથી સર્વ પણ વ્યવહાર=શ્રુતાદિ સર્વ પણ વ્યવહાર, આગમ જ છે. જે કારણથી તે આગમના વિષયના જ્ઞાન માટે અથવા સ્વપ્રામાણ્ય અર્થને માટે=શ્રુતાદિ ચારેય વ્યવહારો પોતાના પ્રામાણ્ય માટે, સાક્ષાત્ કે પરંપરાથી તેના ઉપર જીવે છે=આગમ ઉપર જીવે છે અને તે પ્રમાણે=ચારે વ્યવહારો આગમ ઉપર જીવે છે તે પ્રમાણે, ચૂર્ણિકાર જીતને આશ્રયીને કહે છે –**

જે કારણથી પાંચ પ્રકારના વ્યવહારસૂત્રમાં આ=જીત છે, તે કારણથી આગમજ્ઞાન જ આ છે=આગમના જ્ઞાન સ્વરૂપ જ જીત છે. **।।૫૬।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહેલ કે આગમાદિ ક્રમથી પાંચેય વ્યવહારોનું બલવાનપણું શાસ્ત્રસંમત છે.

કેમ પાંચેય વ્યવહારોનું આગમાદિ ક્રમથી બલવાનપણું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

પરમાર્થથી બધા ય વ્યવહારો આગમ જ છે. આગમથી પૃથક્ શ્રુતાદિ કોઈ વ્યવહારો નથી. ફક્ત આગમનો વિષય શું છે ? તેનું જ્ઞાન પૂર્વધરાદિ આગમના બળથી જાણતા હતા. ત્યાર પછી શક્તિ અલ્પ થઈ ત્યારે તે આગમનો વિષય જ સંક્ષેપથી કલ્પવ્યવહારાદિ છેદ ગ્રંથોમાં ગીતાર્થ મહાત્માઓએ ઉપનિબદ્ધ કરેલો છે, એથી આગમના વિષયનું જ જ્ઞાન કલ્પવ્યવહારથી છેદ ગ્રંથોથી થાય છે.

વળી આજ્ઞા વ્યવહાર અને ધારણા વ્યવહાર પણ તે છેદ ગ્રંથોના બળથી જ પ્રવર્તે છે. તેથી આજ્ઞા-ધારણા પણ આગમના વિષયનો જ બોધ કરાવે છે અને શિષ્ટાચાર રૂપ જીતવ્યવહાર પણ આગમમાં

કહેલા વીતરાગના વચનને અવલંબીને જ શિષ્ટ પુરુષો દ્વારા આચરિત છે. આથી જ પાસત્થાદિ કે પ્રમત્ત સંયતથી આચરિત જીતને ગાથા-૫૨માં અશોધિકર કહેલ છે અને સંવેગપરાયણ દાંત મુનિ ક્યારે પણ વીતરાગના વચનના પરમાર્થનો નિર્ણય કર્યા વગર સ્વમતિના વિકલ્પથી આચરણા કરે નહિ અને તેવા મુનિથી આચરાયેલ જીત પરમાર્થથી તો આગમના વિષયનું જ જ્ઞાન કરાવે છે.

વળી શ્રુતાદિ ચારેય વ્યવહારો આગમને સાક્ષાત્ કે પરંપરાએ અનુસરનારા હોય તો જ પ્રમાણ બને છે. અન્યથા પ્રમાણ બનતા નથી અને આગમ હંમેશાં સંસારથી ભય પામેલા ઋષિઓને સ્વભૂમિકા અનુસાર વીતરાગતાનું કારણ બને તેવી ઉચિત આચરણાને દ્રવ્યને, ક્ષેત્રને અનુરૂપ આચરવાનું વિધાન કરે છે અને તેવી આચરણા શ્રુતાદિ જે ચાર વ્યવહારમાં સાક્ષાત્ કે પરંપરાથી પ્રાપ્ત થતી હોય તે વ્યવહારો પ્રમાણ બને છે અને આગમના વિષયનું જ્ઞાન કરાવે છે માટે અન્ય સર્વ વ્યવહારો આગમ ઉપર જ જીવે છે. તેથી આગમાદિના ક્રમથી જ પાંચેય વ્યવહારોનું પ્રામાણ્ય છે તોપણ નિરાકાંક્ષ અર્થની પ્રાપ્તિની તરતમતાની અપેક્ષાએ જીતનું બલવાનપણું છે, એમ અવતરણિકા સાથે સંબંધ છે. પ્રસ્તુત ગાથાથી એ જ સર્વ વિશેષથી ધ્વનિત થાય છે અન્યથા તો અન્ય ચારેય વ્યવહારો આગમમાં જ અંતર્ભાવ પામેલા છે માટે આગમથી બલવાન જીત થઈ શકે નહિ; કેમ કે જીતનો પણ જીવાતુ આગમ જ છે. ॥૫૬॥

**અવતરણિકા :-**

**व्यवहारप्ररूपणापरिसमाप्तिं प्रज्ञाप्य व्यवहारिप्ररूपणां क्रमप्राप्तां प्रतिजानीते –**

**અવતરણિકાર્થ :-**

**વ્યવહારની પ્રરૂપણાની પરિસમાપ્તિનું પ્રજ્ઞાપન કરીને ક્રમપ્રાપ્ત વ્યવહારી પ્રરૂપણાને કહેવાની પ્રતિજ્ઞા કરે છે –**

**ગાથા :-**

पंचविहो ववहारो, एसो खलु धीरपुरिसपण्णत्तो ।
भणिओ अओ परं पुण, इत्थं ववहारिणो वुच्छं ।।५७।।

**અન્વયાર્થ :-**

**खलु एसो=ખરેખર આ=પૂર્વમાં વર્ણન કર્યો એ, पंचविहो ववहारो=પાંચ પ્રકારનો વ્યવહાર, धीरपुरिसपण्णत्तो भणिओ=ધીર પુરુષો એવા તીર્થંકરાદિ વડે કહેવાયો છે, पुण अओ परं इत्थं=વળી હવે પછી અહીં=પ્રસ્તુત અધિકારમાં, ववहारिणो वुच्छं=વ્યવહારીને હું કહીશ. ।।૫૭।।**

**ગાથાર્થ :-**

**ખરેખર આ=પૂર્વમાં વર્ણન કર્યો એ, પાંચ પ્રકારનો વ્યવહાર, ધીર પુરુષો એવા તીર્થંકરાદિ વડે કહેવાયો છે. વળી હવે પછી અહીં=પ્રસ્તુત અધિકારમાં વ્યવહારીને હું કહીશ. ।।૫૭।।**

**ટીકા :-**

**'पंचविहो'त्ति । एष खलु धीरपुरुषैः-तीर्थकरगणधरादिभिः प्रज्ञप्तः पञ्चविधो व्यवहारो भणितः, अतः परं पुनः 'अत्र' अधिकारे व्यवहारिणो वक्ष्ये ।।५७।।**

**ટીકાર્થ :-**

**एष खलु ..... वक्ष्ये ।। ધીર પુરુષો વડે=તીર્થંકર ગણધરાદિ વડે, ખરેખર આ પાંચ પ્રકારનો વ્યવહાર કહેવાયો છે=પૂર્વમાં કહ્યો એ પાંચ પ્રકારનો વ્યવહાર, ધીર પુરુષો એવા તીર્થંકરાદિ વડે કહેવાયો છે. વળી હવે પછી અહીં=પ્રસ્તુત અધિકારમાં, વ્યવહારીને હું કહીશ. ।।૫૭।।**

**ભાવાર્થ :-**

અહીં ધીર પુરુષ કહેવાથી એ પ્રાપ્ત થાય કે મોહના ઉન્મૂલન માટે મહા ધૈર્યવાળા તીર્થંકરો, ગણધરો, ચૌદ પૂર્વધરાદિ ઋષિઓ હતા, તેઓએ આત્માના કલ્યાણ અર્થે આગમાદિ પાંચ વ્યવહારો કહ્યા છે. તેથી પૂર્વમાં વર્ણન કરાયેલા પાંચેય વ્યવહારોના યથાર્થ સ્વરૂપનો બોધ કરીને જે મહાત્માઓ ઓઘથી પણ ભાવન કરશે કે સુવિશુદ્ધ સેવાયેલા આ પાંચે વ્યવહારો જ મોહનું ઉન્મૂલન કરીને જીવને ધીર પુરુષો જેવા ધૈર્યવાળા બનવા માટેનું પ્રબળ કારણ છે માટે પ્રસ્તુતમાં વર્ણન કરાયેલા પાંચેય વ્યવહારનો યથાર્થ બોધ કરીને તે જ પ્રકારે ભાવન કરવાથી જે જે અંશથી તે પાંચે વ્યવહારોમાં ભક્તિનો અતિશય થશે તે તે અંશથી નિર્જરાની પ્રાપ્તિ થશે અને વર્તમાનમાં પણ તેના સમ્યક્ બોધથી ગુણવાન ગુરુનો બોધ કરવામાં તે પાંચેય વ્યવહારોનું જ્ઞાન અત્યંત ઉપકારક થશે અને તે વ્યવહારો બતાવ્યા પછી તે વ્યવહારના બોધમાં જ ઉપકારક એવા વ્યવહારીની પ્રરૂપણા કરવાની પ્રતિજ્ઞા ગ્રંથકારશ્રી કરે છે. **।।૫૭।।**

**અવતરણિકા :-**

**तत्र व्यवहारिणोऽपि नामादिभेदाच्चतुर्विधाः । तत्र नामस्थापने सुगमे । द्रव्यव्यवहारिण आगमतो नोआगमतश्चेति द्विधा । तत्रागमतो व्यवहारिशब्दार्थज्ञास्तत्र चानुपयुक्ताः । नोआगमतो ज्ञशरीर-भव्यशरीरतद्व्यतिरिक्तभेदात् त्रिधा । तत्रापि द्वावाद्यौ भेदौ सुगमाविति तृतीयमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=પૂર્વગાથામાં વ્યવહારી કહેવાની પ્રતિજ્ઞા કરી તે પ્રતિજ્ઞાના વિષયમાં, વ્યવહારી પણ=વ્યવહાર તો નામાદિ ચાર પ્રકારનો છે, પરંતુ વ્યવહારી પણ, નામાદિ ભેદથી ચાર પ્રકારના છે. ત્યાં=ચાર પ્રકારના વ્યવહારીમાં, નામ-સ્થાપના સુગમ છે. તેથી ગ્રંથકારશ્રી સ્પષ્ટતા કરતા નથી. દ્રવ્ય વ્યવહારી આગમથી અને નોઆગમથી એ પ્રમાણે બે પ્રકારના છે. ત્યાં=દ્રવ્ય વ્યવહારીમાં, આગમથી=આગમને આશ્રયીને વ્યવહારી શબ્દના અર્થના જ્ઞાતા=આગળમાં વ્યવહારીનું સ્વરૂપ બતાવશે તે વ્યવહારી શબ્દના અર્થના જ્ઞાતા અને ત્યાં=તે અર્થમાં, અનુપયુક્ત હોય એવા જીવો આગમથી દ્રવ્યવ્યવહારી**

છે. નોઆગમથી=નોઆગમને આશ્રયીને, જ્ઞશરીર, ભવ્યશરીર અને તદ્વ્યતિરિક્ત ભેદથી ત્રણ પ્રકારના છે=નોઆગમથી ત્રણ પ્રકારના દ્રવ્ય વ્યવહારી છે, ત્યાં પણ=નામાદિ ચારમાં તો બે સુગમ છે, પરંતુ નોઆગમથી વ્યવહારીના ભેદમાં પણ, આદ્ય બે ભેદો સુગમ છે. એથી ત્રીજા ભેદને આશ્રયીને કહે છે=તદ્વ્યતિરિક્ત ભેદને આશ્રયીને ગાથામાં કહે છે.

**ગાથા :-**

णोआगमओ दव्वे, लोइअ-लोउत्तरा उ ते दुविहा ।
लोअम्मि उ लंचाए, विवायभंगे पवट्टंता ।।५८।।

**અન્વયાર્થ :-**

णोआगमओ=નોઆગમથી-નોઆગમને આશ્રયીને, दव्वे=દ્રવ્યના વિષયમાં, लोइअ-लोउत्तरा उ=લૌકિક અને લોકોત્તર, ते दुविहा=તે બે પ્રકારના છે=વ્યવહારીઓ બે પ્રકારના છે. लोअम्मि उ लंचाए=વળી લોકમાં લાંચથી, विवायभंगे पवट्टंता=વિવાદના ભંગમાં પ્રવર્તતા લૌકિક દ્રવ્યવ્યવહારી છે. ।।૫૮।।

**ગાથાર્થ :-**

નોઆગમથી=નોઆગમને આશ્રયીને, દ્રવ્યના વિષયમાં=તદ્વ્યતિરિક્ત દ્રવ્યના વિષયમાં, લૌકિક અને લોકોત્તર, તે=વ્યવહારીઓ, બે પ્રકારના છે. વળી લોકમાં લાંચથી વિવાદના ભંગમાં પ્રવર્તતા લૌકિક દ્રવ્યવ્યવહારી છે. ।।૫૮।।

**ટીકા :-**

'णोआगमओ'त्ति । नोआगमतः 'द्रव्ये' ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तद्रव्यनिक्षेपविषये लौकिका लोकोत्तराश्च ते व्यवहारिणो द्विविधाः । तत्र लोके 'लञ्चया' परलञ्चामुपजीव्य विवादभङ्गे प्रवर्त्तमाना द्रव्यव्यवहारिणः ।।५८।।

**ટીકાર્થ :-**

नोआगमतः ..... द्रव्यव्यवहारिणः ।। નોઆગમથી=નોઆગમને આશ્રયીને, દ્રવ્યમાં જ્ઞશરીર, ભવ્ય શરીરથી વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપાના વિષયભૂત દ્રવ્યમાં, લૌકિક અને લોકોત્તર તે વ્યવહારીઓ બે પ્રકારના છે. ત્યાં=બે પ્રકારના વ્યવહારીમાં, લોકમાં લાંચથી=પરની લાંચથી, ઉપજીવીને=પરની લાંચને ગ્રહણ કરીને, વિવાદના ભંગમાં પ્રવર્તમાન દ્રવ્યવ્યવહારી છે=લૌકિક દ્રવ્યવ્યવહારી છે. ।।૫૮।।

**ભાવાર્થ :-**

આગમને આશ્રયીને વ્યવહારી બોધ સ્વરૂપ છે. તેથી જેઓ વ્યવહારીનો અર્થ યથાર્થ જાણતા હોય અને

વ્યવહારીના અર્થમાં ઉપયોગવાળા ન હોય ત્યારે બોધને આશ્રયીને તે દ્રવ્યથી વ્યવહારી કહેવાય છે. તેથી તેઓ કોઈ પ્રકારના વ્યવહારની ક્રિયા કરનારા નથી, છતાં વ્યવહારી શબ્દનો યથાર્થ બોધ છે. પરંતુ તે શબ્દના અર્થમાં અનુપયોગવાળા છે માટે अनुपयोगो दव्वं એ સૂત્રથી તેઓ દ્રવ્યવ્યવહારી કહેવાય છે અને નોઆગમને આશ્રયીને વિચાર કરવામાં આવે ત્યારે નો શબ્દ દેશનિષેધ અર્થમાં છે. તેથી સમ્યક્ બોધયુક્ત વ્યવહારની ક્રિયા જેઓ કરતા હોય તેઓને નોઆગમથી ભાવવ્યવહારી કહેવાય અને તેવા ભાવવ્યવહારી જેઓ વર્તમાનમાં નથી, ભવિષ્યમાં થશે, તેઓ ભવ્યશરીરરૂપ દ્રવ્યવ્યવહારી છે અને જેઓ ભાવવ્યવહારને કરનારા હતા, તેઓનું મૃત શરીર હોય તે જ્ઞશરીરરૂપ દ્રવ્યવ્યવહારી છે; કેમ કે દ્રવ્ય શબ્દ કારણવાચી છે. તેથી જ્ઞશરીરવાળા ભાવવ્યવહારી હતા તેથી દ્રવ્યવ્યવહારી છે અને ભવ્ય શરીરવાળા જીવો ભાવવ્યવહારી થશે, તેની સાથે સંબદ્ધ એવું આ શરીર છે માટે તે શરીર દ્રવ્યવ્યવહારી કહેવાય અને તેનાથી વ્યતિરિક્ત દ્રવ્યવ્યવહારી તેઓ છે કે જેઓ અનુચિત વ્યવહાર કરનારા છે અને તેવા અનુચિત વ્યવહારને કરનારા નોઆગમથી દ્રવ્યવ્યવહારી બે પ્રકારના છે. (૧) લૌકિક વ્યવહારી, (૨) લોકોત્તર વ્યવહારી. તેમાં જેઓ લૌકિક વ્યવહારી છે, તેઓ કોઈના વિવાદનો ભંગ કરવા માટે પ્રવર્તતા હોય છતાં લાંચ લઈને કોઈકના પક્ષમાં જુઠ્ઠો વ્યવહાર કરે તેઓ લૌકિક દ્રવ્યવ્યવહારી છે. વળી, લોકોત્તર દ્રવ્યવ્યવહારી ગ્રંથકારશ્રી સ્વયં આગળ બતાવે છે. **॥૫૮॥**

**ગાથા :-**

**लोउत्तरा अगीआ, गीआ वा हुंति लंचपक्खेहिं ।**

**जं तेसिमपाहण्णं, मोहा तह रागदोसेहिं ।।५९।।**

**અન્વયાર્થ :-**

**लोउत्तरा=લોકોત્તર, अगीआ=અગીતાર્થો, लंचपक्खेहिं वा गीआ हुंति=અથવા લાંચ વડે કે પક્ષપાત વડે ગીતાર્થો થાય છે=નોઆગમને આશ્રયીને લોકોત્તર અપ્રધાન વ્યવહારી થાય છે. जं रागदोसेहिं तह मोहा=જે કારણથી મોહથી અને રાગ-દ્વેષથી, तेसिमपाहण्णं=તેઓનું અપ્રધાનપણું છે. ॥૫૯॥**

**ગાથાર્થ :-**

**લોકોત્તર અગીતાર્થો અથવા લાંચ કે પક્ષપાત વડે ગીતાર્થો થાય છે=નોઆગમને આશ્રયીને લોકોત્તર અપ્રધાન વ્યવહારી થાય છે. જે કારણથી મોહથી અને રાગ-દ્વેષથી તેઓનું અપ્રધાનપણું છે. ॥૫૯॥**

**ટીકા :-**

**'लोउत्तर'त्ति । लोकोत्तरा अगीतार्था द्रव्यव्यवहारिणः, ते हि यथावस्थितं व्यवहारं कर्त्तुं न जानन्तीति यथावस्थितवस्तुपरिज्ञानलक्षणस्य भावस्याभावाद् अप्रधानव्यवहारकारिण इति, अप्राधान्य-**

वाचिद्रव्यशब्दप्रवृत्तेः । गीतार्था वा लञ्चापक्षाभ्यां द्रव्यव्यवहारिणः, ये हि गीतार्था अपि सन्तोऽपरलञ्चामुपजीव्य व्यवहारं परिच्छिन्दन्ति, ये च लञ्चानुपजीविनोऽपि ममायं भ्राता ममायं निजक इति पक्षेण तं परिच्छिन्दन्ति तेषां माध्यस्थ्यरूपस्य भावस्याभावेनाप्रधानत्वात्, एतदेवाह—यत् 'तेषां' अगीतार्थानां गीतार्थानां च लञ्चापक्षोपजीविनां यथाक्रमं 'मोहाद्' अज्ञानात्तथा रागद्वेषाभ्यामप्राधान्यम् । तथा च न यत्किञ्चिद्भावमात्रेण द्रव्यत्वव्याघातो यावता भावसामग्र्येण प्राधान्यं निष्पद्यते तावदभावे द्रव्यत्वव्यवस्थितेरिति नैकैकापेक्षयोभयेषां प्राधान्येऽपि दोष इति युक्तमीक्षामहे ।।५९।।

**ટીકાર્થ :-**

लोकोत्तरा ..... युक्तमीक्षामहे ।। લોકોત્તર અગીતાર્થો દ્રવ્યવ્યવહારી છે=નોઆગમથી દ્રવ્યવ્યવહારી છે. જે કારણથી તેઓ=અગીતાર્થો, યથાવસ્થિત=ભગવાનના વચનાનુસાર, વ્યવહાર કરવા માટે=સંયમ જીવનની ઉચિત આચરણાનો વ્યવહાર કરવા માટે, જાણતા નથી, એથી યથાવસ્થિત વસ્તુના પરિજ્ઞાન લક્ષણભાવનો અભાવ હોવાથી=અપ્રધાન વ્યવહારી છે=સ્વયં સંયમની અનુચિત આચરણા કરે છે અને શિષ્યાદિને પણ તે પ્રકારે આચરણા કરાવીને સ્વપરનું અહિત કરનારા હોવાથી નિંદ્ય એવા વ્યવહારકારી છે; કેમ કે અપ્રાધાન્યવાચી દ્રવ્ય શબ્દની પ્રવૃત્તિ છે=તેવા વ્યવહાર કરનારા સાધુમાં કારણવાચી દ્રવ્ય શબ્દની પ્રવૃત્તિ નથી, પરંતુ નિંદ્ય ક્રિયા કરનારા છે, એ અર્થના દ્યોતક અપ્રધાનવાચી દ્રવ્ય શબ્દની પ્રવૃત્તિ છે.

અથવા ગીતાર્થો લાંચ કે પક્ષપાત દ્વારા દ્રવ્યવ્યવહારી છે. જે કારણથી ગીતાર્થ પણ છતા જેઓ બીજાની લાંચને ગ્રહણ કરીને વ્યવહારનો પરિચ્છેદ કરે છે અને લાંચ ઉપર અનુપજીવી એવા પણ જેઓ મારો આ ભાઈ છે, મારો આ નિજક છે=નિજક શિષ્ય છે, એ પ્રકારના પક્ષથી તેનો=વ્યવહારનો= કોઈક સ્થાનમાં શાસ્ત્રમર્યાદાનુસાર કોણ કોનું ઉચિત છે તે વિષયક વ્યવહાર પ્રવર્તતો હોય તે વ્યવહારનો, પરિચ્છેદ કરે છે=શાસ્ત્રવચનાનુસાર આ આનું છે, એ પ્રકારનો નિર્ણય આપે છે, તેઓમાં માધ્યસ્થ્યરૂપ ભાવનો અભાવ હોવાથી અપ્રધાનપણું છે. આને જ=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું તે અપ્રધાન વ્યવહાર છે એને જ, ગાથાના ઉત્તરાર્ધથી કહે છે.

તેઓના=અગીતાર્થનો અને લાંચ અને પક્ષ ઉપર જીવનારા ગીતાર્થોનો યથાક્રમ મોહથી=અજ્ઞાનથી અને રાગ-દ્વેષથી જે અપ્રાધાન્ય છે, તેઓ અપ્રધાન વ્યવહારી છે એમ અન્વય છે અને તે રીતે=અગીતાર્થોનો અને લાંચ અને પક્ષ ઉપર જીવનારા ગીતાર્થોનો અપ્રાધાન્ય દ્રવ્યવ્યવહાર છે તે રીતે, યત્કિંચિત્ ભાવમાત્રથી=બન્ને પ્રકારના દ્રવ્યવ્યવહારમાં આત્મકલ્યાણને અનુકૂળ યત્કિંચિત્ ભાવમાત્રથી, દ્રવ્યત્વનો વ્યાઘાત નથી; કેમ કે જેટલા ભાવસામગ્ર્યથી પ્રાધાન્ય નિષ્પન્ન થાય છે=સંયમના ઉચિત વ્યવહારોના કૃત્યમાં જેટલા ભાવસામગ્ર્યથી પ્રધાન દ્રવ્યવ્યવહાર નિષ્પન્ન થાય છે, તેટલા ભાવના અભાવમાં દ્રવ્યત્વની વ્યવસ્થિતિ છે. એથી એક એક અપેક્ષાએ=કોઈક કોઈક અપેક્ષાએ, ઉભયના=અગીતાર્થ ગીતાર્થ ઉભયના, પ્રધાનપણામાં પણ દોષ નથી, એ પ્રમાણે યુક્ત અમે જોઈએ છીએ. ।।૫૯।।

**ભાવાર્થ :-**

નોઆગમથી લોકોત્તર અપ્રધાન દ્રવ્યવ્યવહારી બે પ્રકારના પ્રાપ્ત થાય છે. (૧) અગીતાર્થ સાધુઓ, (૨) લાંચ અને પક્ષપાતથી વ્યવહાર કરનારા ગીતાર્થ સાધુઓ.

શાસ્ત્રના કોઈક પ્રસંગે સંઘમાં કોઈક વિવાદ થાય કે સર્વજ્ઞના વચનાનુસાર આ કૃત્ય આમ કરવું જોઈએ કે અન્ય પ્રકારે કરવું જોઈએ અથવા સાધુના આભાવ્ય અને અનાભાવ્ય વિષયક પ્રશ્ન થાય કે આ ક્ષેત્રના શિષ્યાદિ કે વસ્ત્રાદિ કોના આભાવ્ય છે કે કોના નહિ ? તે વખતે સંઘ ગીતાર્થ સાધુઓને તેનો ઉચિત નિર્ણય કરવા માટે કહે છે. તે વખતે કોઈ સાધુ અગીતાર્થ હોય, તેથી શાસ્ત્રમર્યાદાનુસાર યથાવસ્થિત વ્યવહાર કરવાનું તેઓ જાણતા નથી, છતાં લોકોને ભ્રમ થાય અને તેઓને તે વ્યવહાર કરવાનું કાર્ય સોંપે અને તે અગીતાર્થ સાધુ સ્વમતિથી ઉચિતનો નિર્ણય કરીને તે વ્યવહારનું સમાધાન કરે ત્યારે તે મહાત્મા કોઈના પણ પક્ષપાત વગર પોતાની મતિ અનુસાર તે વિવાદનું સમાધાન કરે છે તોપણ શાસ્ત્રમર્યાદાનુસાર યથાવસ્થિત વસ્તુના પરિજ્ઞાનનો અભાવ હોવાને કારણે અજ્ઞાનથી થયેલો તે વ્યવહાર છે. ક્વચિત્ અનાભોગથી તે વ્યવહાર યથાર્થ થયો હોય તોપણ કે અયથાર્થ થયો હોય તોપણ તે મહાત્મા અપ્રધાન દ્રવ્યવ્યવહારી કહેવાય અર્થાત્ તેઓનો તે પ્રકારનો વ્યવહાર કર્યો છે, તે નિંદ્ય પ્રવૃત્તિ છે; કેમ કે ભગવાનના વચનનો ઉચિત બોધ નહિ હોવા છતાં તે વ્યવહાર કરીને તે મહાત્માને કર્મબંધની જ પ્રાપ્તિ થાય છે.

વળી, જેઓ ગીતાર્થ છે, તેઓ ઉચિત વ્યવહાર કરી શકે તેવા છે. છતાં કોઈક પક્ષે તેઓને તે પ્રકારે લાંચ આપેલ છે અર્થાત્ મારા પક્ષને તમે સ્થાપન કરશો તો તમારું આ કૃત્ય અમે કરી આપીશું ઇત્યાદિ લાંચ આપેલ છે અથવા આ પક્ષવાળો મારો ભાઈ છે, શિષ્ય છે કે અન્ય કોઈ સંબંધ છે એ પ્રકારના પક્ષપાતથી ગીતાર્થ હોવા છતાં તે પક્ષને અનુકૂળ ઉકેલ આવે તે પ્રકારે કાંઈક વલણથી ઊહ કરીને તે પ્રકારે પરસ્પરના વિવાદનો ઉકેલ કરે ત્યારે રાગદ્વેષને વશ તે વ્યવહાર થયો હોવાથી અનુચિત એવો અપ્રધાન દ્રવ્યવ્યવહાર છે. તેથી તે ગીતાર્થ સાધુને પણ તે પ્રકારના વિવાદનું સમાધાન કરવામાં કર્મબંધની જ પ્રાપ્તિ થાય છે માટે તે દ્રવ્યવ્યવહાર અપ્રધાનવાચી છે.

અહીં પ્રશ્ન થાય કે અગીતાર્થોએ તે વ્યવહાર કેમ કર્યો ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે.

મોહના વશથી=મારે આ વ્યવહાર કરવો ઉચિત નથી, તેવું જ્ઞાન નહિ હોવાથી માત્ર પોતે સ્થૂલ બુદ્ધિથી ઉચિતનો નિર્ણય કરી શકે છે, તેમ માનીને અગીતાર્થ સાધુએ તે વ્યવહાર કર્યો છે.

વળી ગીતાર્થ સાધુ શાસ્ત્રમર્યાદા અનુસાર તે વિવાદનો ઉકેલ યથાર્થ કરી શકે છે, છતાં રાગ-દ્વેષને વશ થઈને લાંચને કારણે કે સંબંધના પક્ષપાતને કારણે તે વ્યવહાર કર્યો છે, તેથી તે વ્યવહાર અપ્રધાન વ્યવહાર જ છે.

અહીં પ્રશ્ન થાય કે તે અગીતાર્થ સાધુ કે ગીતાર્થ સાધુ તે વ્યવહાર કરતી વખતે અજ્ઞાનને કારણે કે રાગ-દ્વેષના વશને કારણે અનુચિત પ્રવૃત્તિ કરે છે તોપણ તેઓ અન્ય સર્વ સંયમની પ્રવૃત્તિઓ ભગવાનના

વચનાનુસાર કરનારા છે. પાપના ભીરુ છે, તેથી તેઓના સંયમજીવનનો વ્યવહાર જિનવચનાનુસાર છે. આથી જ તે અગીતાર્થ સાધુ પણ ગીતાર્થ સાધુના અનુશાસન નીચે મોહનો નાશ થાય તેવી ઉચિત ક્રિયાઓ કરે છે અને ગીતાર્થ સાધુ પણ તે વિવાદના સ્થાનને છોડીને સંસારથી ભય પામેલા હોવાથી તે તે સંયમની ઉચિત પ્રવૃત્તિઓ જિનવચનાનુસાર કરીને કર્મોનો નાશ કરે છે. તેથી તેઓની ક્રિયારૂપ વ્યવહારને પ્રધાન સ્વીકારવો જોઈએ. તેનું તાત્પર્ય સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે.

તેઓમાં જે યત્કિંચિત્ ભાવમાત્ર છે અર્થાત્ મોક્ષને અનુકૂળ ભાવમાત્ર છે, તેના બળથી વિવાદના પ્રસંગમાં જે અપ્રધાન દ્રવ્યત્વવાળો વ્યવહાર છે, તે દ્રવ્યત્વનો વ્યાઘાત થતો નથી; કેમ કે જેટલા ભાવસામગ્ર્યથી વ્યવહારની ક્રિયામાં પ્રધાનપણું પ્રગટે છે, તેટલા ભાવસામગ્ર્યના અભાવમાં દ્રવ્યત્વની વ્યવસ્થિતિ છે અર્થાત્ જો તેઓએ સંયમજીવનની સર્વ ક્રિયાઓ ભગવાનના વચનાનુસાર કરી હોત તો તે વિવાદના પ્રસંગમાં પણ તેઓનો વ્યવહાર જિનવચનાનુસાર થાત, પરંતુ તે સ્થાનમાં જિનવચનાનુસારપણું તે વ્યવહારમાં નહિ હોવાથી તે વ્યવહારમાં અપ્રાધાન્યરૂપ દ્રવ્યત્વની વ્યવસ્થિતિ છે.

વળી અન્ય જે જે ઉચિત પ્રવૃત્તિઓ તે અગીતાર્થ સાધુ કે ગીતાર્થ સાધુ જિનવચનાનુસાર કરે છે, તે અપેક્ષાએ તે બન્નેની ક્રિયાઓમાં પ્રધાનપણું સ્વીકારવામાં દોષ નથી. એ પ્રમાણે ગ્રંથકારશ્રીને યુક્ત જણાય છે, તેથી એ ફલિત થાય કે અગીતાર્થ સાધુઓ કે ગીતાર્થ સાધુઓ આરાધક હોવા છતાં કોઈક સ્થાનમાં વિવાદના પ્રસંગમાં કષાયને વશ કે અજ્ઞાનને વશ જે પ્રવૃત્તિ કરે છે તે અપ્રધાન દ્રવ્યક્રિયા છે. તેથી જ સંયમજીવનમાં પણ અજ્ઞાનને વશ કે પ્રમાદને વશ જે જે સંયમની ક્રિયાઓ કરે છે, તે સર્વ અપ્રધાન દ્રવ્યક્રિયા છે. આથી જ તેવી પ્રવૃત્તિ થઈ હોય ત્યારે દુષ્કૃતની નિંદા કરતી વખતે તે પ્રવૃત્તિ પણ નિંદ્ય છે, તેમજ સ્વીકારાય છે અને જે ક્રિયામાં જિનવચનાનુસાર ભાવ ભળેલો હોય તે દ્રવ્યક્રિયાની નિંદા કરાતી નથી. ॥૫૯॥

**ગાથા :-**

**भावम्मि लोइआ खलु, मज्झत्था ववहरंति ववहारं ।**
**पियधम्माइगुणड्ढा, लोउत्तरिआ समणसीहा ॥६०॥**

**અન્વયાર્થ :-**

**भावम्मि खलु लोइआ मज्झत्था=ભાવમાં ખરેખર લૌકિક મધ્યસ્થ જીવો, ववहारं ववहरंति=વ્યવહારને કરે છે=બે પક્ષના વિવાદના ભંગ માટે વ્યવહારને કરે છે. लोउत्तरिआ पियधम्माइगुणड्ढा समणसीहा=લોકોત્તર વ્યવહાર કરનારા પ્રિય ધર્માદિ ગુણોથી યુક્ત શ્રમણસિંહો છે. ॥૬૦॥**

**ગાથાર્થ :-**

**ભાવમાં ખરેખર લૌકિક મધ્યસ્થ જીવો વ્યવહારને કરે છે=બે પક્ષના વિવાદના ભંગને માટે વ્યવહારને કરે છે. લોકોત્તર વ્યવહાર કરનારા પ્રિય ધર્માદિ ગુણોથી યુક્ત શ્રમણસિંહો છે. ॥૬૦॥**

**ટીકા :-**

**'भावम्मि'त्ति । भावे व्यवहारिणो द्विविधाः-आगमतो नोआगमतश्च । आद्या व्यवहारिशब्दार्थज्ञास्तत्र चोपयुक्ताः । अन्त्याश्च लौकिकलोकोत्तरभेदाद्द्विविधाः । तत्र लौकिकाः खलु ते ये मध्यस्था रागद्वेषयोरपान्तराले स्थिताः सन्तो व्यवहारं व्यवहरन्ति । लोकोत्तराश्च प्रियधर्मादिगुणाढ्याः श्रमणसिंहाः ।।६०।।**

**ટીકાર્થ :-**

**भावे ..... श्रमणसिंहाः ।। ભાવમાં વ્યવહારી બે પ્રકારના છે. આગમથી અને નોઆગમથી, આદ્ય= આગમથી ભાવવ્યવહારી, વ્યવહારી શબ્દના અર્થને જાણનારા અને તેમાં=વ્યવહારી શબ્દના અર્થમાં, ઉપયોગવાળા છે અને અન્ય=નોઆગમથી ભાવવ્યવહારી, લૌકિક અને લોકોત્તરના ભેદથી બે પ્રકારના છે. ત્યાં=લૌકિક અને લોકોત્તર ભાવવ્યવહારીમાં, લૌકિક ખરેખર તેઓ છે, જેઓ મધ્યસ્થ=રાગ-દ્વેષના અપાંતરાલમાં રહેલા છતાં=વ્યવહાર કરતી વખતે રાગ-દ્વેષના ઉપયોગ વગર મધ્યસ્થતાથી ઉચિત અનુચિતના નિર્ણયમાં વ્યાપારવાળા છતાં, વ્યવહારને કરે છે=વિવાદના ભંગમાં પ્રયત્ન કરે છે અને લોકોત્તર ભાવવ્યવહારી પ્રિય ધર્માદિ ગુણાઢ્ય એવા શ્રમણસિંહો છે. ।।૬૦।।**

**ભાવાર્થ :-**

ભાવવ્યવહારી બે પ્રકારના છે. (૧) આગમથી, (૨) નોઆગમથી. તેથી જેઓ વ્યવહારી શબ્દના પારમાર્થિક સ્વરૂપના જાણનારા છે, તેઓને બોધ હોય છે કે પ્રિય ધર્માદિ યુક્ત શ્રમણ સાધુઓ જ જિનવચનાનુસાર ઉપયુક્ત થઈને જે ક્રિયાઓ કરે કે જે વ્યવહારો કરે તે સર્વ વ્યવહારી શબ્દનો અર્થ છે અને તેવા અર્થને યથાર્થ જાણીને તેના સ્વરૂપમાં તેઓ ઉપયુક્ત હોય ત્યારે તેવા વ્યવહારી થવાને અનુકૂળ તે ઉત્તમ ભાવો પ્રત્યેનો દૃઢ પક્ષપાત વધે છે અને તેના અત્યંત ભાવનથી જ તેઓ શુદ્ધ વ્યવહારની પ્રવૃત્તિ કરવા સમર્થ બને છે. તેથી કોઈ વ્યવહાર ન કરતા હોય તોપણ વ્યવહાર શબ્દના પારમાર્થિક અર્થના ઉપયોગકાળમાં તે મહાત્મા આગમથી ભાવવ્યવહારી છે અને જ્યારે તે વ્યવહારીના અર્થમાં ઉપયોગવાળા નથી તોપણ તેવા વ્યવહારીના અર્થના સ્વરૂપને જાણનારા છે તે મહાત્મા આગમથી દ્રવ્યવ્યવહારી છે.

વળી જેઓ વ્યવહારની ક્રિયાને કરનારા છે, તેઓ નોઆગમથી ભાવવ્યવહારી છે અને તેના બે ભેદ છે. (૧) લૌકિક, (૨) લોકોત્તર. ત્યાં લૌકિક વ્યવહારીઓ કોઈના વિવાદને દૂર કરવા યત્ન કરતા હોય ત્યારે કોઈપણ પક્ષ પ્રત્યે પક્ષપાત વગર મધ્યસ્થતાપૂર્વક ઉચિત વ્યવહાર કરે છે તેઓ ભાવવ્યવહારી છે અને જેઓ સંઘમાં કોઈક પ્રશ્નમાં વિવાદ થયો હોય તે વિવાદ માટે ઉચિત નિર્ણય કરાવવા અર્થે મધ્યસ્થ થઈને ભગવાનના વચનાનુસાર વ્યવહાર કરતા હોય તે સાધુ હંમેશાં પ્રિય ધર્માદિ ગુણથી યુક્ત હોય છે અને મોહના નાશ માટે મહાપરાક્રમ ફોરવનારા હોય છે. તેથી સ્વમતિના વિકલ્પ વગર શાસ્ત્રસંમત વચનથી ઉચિત વ્યવહાર કરે છે. તેઓ નોઆગમથી ભાવવ્યવહારી છે અને આવા સાધુઓ જ શિષ્યોને અનુશાસન

આપવા માટે કે સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ કરાવવા માટે અધિકારી છે અને જે એવા ગુણોથી કલિત નથી, તેઓ સ્વમતિ અનુસાર ક્રિયાઓ કરતા હોય કે કરાવતા હોય કે પક્ષપાત વગર વિવાદનું સમાધાન કરાવતા હોય તોપણ નોઆગમને આશ્રયીને ભાવથી વ્યવહારી નથી. **II૬૦II**

**અવતરણિકા :-**

प्रियधर्मादिगुणानेव भाष्यग्रन्थेनाह –

**અવતરણિકાર્થ :-**

**પ્રિય ધર્માદિ ગુણોને જ ભાષ્યગ્રંથથી=વ્યવહારભાષ્યના વચનથી કહે છે –**

**ગાથા :-**

पियधम्मा दढधम्मा, संविग्गा चेवऽवज्जभीरू अ ।
सुत्तत्थतदुभयविऊ, अणिस्सियववहारकारी य ।।६१।।

**અન્વયાર્થ :-**

**पियधम्मा=પ્રિય ધર્મવાળા, दृढधम्मा=દૃઢ ધર્મવાળા, संविग्गा चेव=સંવિગ્ન, अवज्जभीरू अ=અને અવદ્ય ભીરુ, सुत्तत्थतदुभयविऊ=સૂત્રાર્થ ઉભયને જાણનારા, अणिस्सियववहारकारी य=અને અનિશ્રિત વ્યવહારને કરનારા, લોકોત્તર શ્રમણસિંહો છે, એમ ગાથા-૬૦ સાથે સંબંધ છે. ।।૬૧।।**

**ગાથાર્થ :-**

**પ્રિય ધર્મવાળા, દૃઢ ધર્મવાળા, સંવિગ્ન અને અવદ્યભીરુ, સૂત્રાર્થ ઉભયને જાણનારા અને અનિશ્રિત વ્યવહારને કરનારા લોકોત્તર શ્રમણસિંહો છે એમ ગાથા-૬૦ સાથે સંબંધ છે. II૬૧II**

**ટીકા :-**

'पियधम्म'त्ति । 'प्रियधर्माणः' इष्टधर्माणः, 'दृढधर्माणः' अक्षोभ्यधर्माणः, एतदुभयविशेषणनिष्पन्नचतुर्भङ्ग्यां तृतीयभङ्गवर्त्तिनः । तथा 'संविग्नाः' संसारादुत्त्रस्ताः पूर्वरात्रादिषु किं मे कृत्यमकृत्यं वा ? इत्यादिविचारकारिणः, यतः 'अवद्यभीरवः' पापभीरवः, तथा 'सूत्रार्थतदुभयविदः' सूत्रार्थपरिज्ञाननिष्पन्नचतुर्भङ्ग्यां तृतीयभङ्गवर्त्तिनः, तथा निश्रा-रागः स सञ्जातोऽस्येति निश्रितो न तथा अनिश्रितः स चासौ व्यवहारश्च तत्करणशीलाः । एकग्रहणे तज्जातीयग्रहणमिति न्यायादनुपश्रितव्यवहारकारिण इत्यपि द्रष्टव्यम् ।।६१।।

**ટીકાર્થ :-**

'प्रियधर्माणः' ..... द्रष्टव्यम् ।। પ્રિય ધર્મવાળા=ઈષ્ટ ધર્મવાળા=વીતરાગના વચનાનુસાર ઉચિત

**પ્રવૃત્તિ કરીને ધર્મનિષ્પત્તિના અત્યંત અર્થી, દૃઢ ધર્મવાળા=અક્ષોભ્ય ધર્મવાળા=સંબંધાદિથી કે કોઈકના પ્રભાવ નીચે આવીને ધર્મથી ક્ષોભ ન પામે તેવા, આ ઉભય વિશેષણથી નિષ્પન્ન ચતુર્ભંગીમાં તૃતીય ભંગવાળા અને સંવિગ્ન=સંસારથી ઉત્ત્રસ્ત=પૂર્વ રાત્રિ આદિમાં અર્થાત્ પૂર્વ રાત્રિ, પશ્ચાત્ રાત્રિ અને દિવસ દરમ્યાન શું મારું કૃત્ય છે ? અને શું મારું અકૃત્ય છે=મારું ત્યાગનું સામર્થ્ય હોવા છતાં જેનો ત્યાગ હું ન કરતો હોઉં તેવું કૃત્ય છે ઈત્યાદિ વિચારકારી, જે કારણથી અવદ્યભીરુ છે=પાપભીરુ છે અર્થાત્ જે કારણથી અવદ્યભીરુ છે તે કારણથી સંવિગ્ન છે અને સૂત્ર, અર્થ અને તદુભયના જાણનારા=સૂત્ર, અર્થના પરિજ્ઞાનથી નિષ્પન્ન ચતુર્ભંગીમાં તૃતીય ભંગવાળા અને નિશ્રા=રાગ, તે થયો છે આને એ નિશ્રિત, તેવા નહિ=નિશ્રિત નહિ=અનિશ્રિત અને તે, આ વ્યવહાર તેને કરવાના સ્વભાવવાળા=અનિશ્રિત વ્યવહારને કરનારા, એક ગ્રહણમાં=અનિશ્રિતરૂપ એકના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ છે, એ ન્યાયથી અનુપશ્રિત વ્યવહારને કરનારા=દ્વેષનો આશ્રય કર્યા વગર વ્યવહાર કરનારા, એ પણ જાણવું=નિશ્રિત વચનથી ઉપનિશ્રિત વચનનું ગ્રહણ પણ જાણવું. ॥૬૧॥**

**ભાવાર્થ :-**

જે જીવો પ્રિય ધર્મવાળા હોય છે, તેઓનો ઉપયોગ સર્વ પ્રવૃત્તિઓમાં ભગવાનના વચનથી વિપરીત ન થાય, તેવો હોય છે. તેથી બહુલતાએ સર્વજ્ઞના વચનાનુસાર જ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે અને તે પ્રવૃત્તિ અંતરંગ કષાયોને અલ્પ અલ્પતર કરીને ગુણનિષ્પત્તિનું કારણ બને તે પ્રકારે જ કરનારા હોય છે. છતાં છદ્મસ્થ જીવો વીતરાગ નથી, તેથી કોઈક નિમિત્તને પામીને ક્ષોભ્ય ધર્મવાળા બની શકે છે. તેથી પ્રિય ધર્મવાળા જીવો પણ કોઈકના સ્નેહ-સંબંધથી કે કોઈકના પ્રભાવથી ક્ષોભ પામીને ધર્મનિષ્પત્તિથી વિપરીત પ્રવૃત્તિ પણ કરે. પરંતુ જેઓ દૃઢ ધર્મવાળા છે, તે કોઈનાથી ક્ષોભ ન પામે તેવી વિશિષ્ટ પ્રકૃતિવાળા છે.

વળી, કેટલાક જીવો કોઈની છાયા નીચે ન આવે કે કોઈ નિમિત્ત નીચે ન આવે, તેથી કોઈનાથી ધર્મની પ્રવૃત્તિમાં ક્ષોભ પમાડી શકાય તેવા ન હોય, પરંતુ પ્રમાદી સ્વભાવ હોવાને કારણે ધર્મમાં તેવી પ્રીતિ નથી, જેથી ધર્મનિષ્પત્તિ થાય તેવો દૃઢ યત્ન કરે તેવા મહાત્માઓ અક્ષોભ્ય ધર્મવાળા હોવા છતાં પ્રિય ધર્મવાળા નથી. જોકે તેઓને પણ કંઈક ધર્મ પ્રિય છે તોપણ ધર્મ જ મારામાં પ્રગટ થવો જોઈએ, તેવા દૃઢ પ્રણિધાનપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરે તેવા પ્રિય ધર્મવાળા નથી અને પ્રિય ધર્મ અને દૃઢ ધર્મને અવલંબીને ચાર ભાંગાની પ્રાપ્તિ છે. તે આ રીતે -

(૧) કેટલાક પ્રિય ધર્મવાળા છે, દૃઢ ધર્મવાળા નથી.

(૨) કેટલાક પ્રિય ધર્મવાળા નથી, દૃઢ ધર્મવાળા છે.

(૩) કેટલાક પ્રિય ધર્મવાળા છે અને દૃઢ ધર્મવાળા પણ છે.

(૪) કેટલાક પ્રિય ધર્મવાળા નથી અને દૃઢ ધર્મવાળા પણ નથી. આ ચાર ભાંગામાંથી ત્રીજા ભાંગામાં વર્તતા સાધુ પ્રિય ધર્મવાળા છે અને દૃઢ ધર્મવાળા છે.

વળી, સંવિગ્ન=સંસારથી અત્યંત ત્રાસ પામેલા, તેથી સંસારના ઉપાયનો અત્યંત પરિહાર કરવા યત્ન

કરે છે. જેથી સતત જિનવચનનું દૃઢ અવલંબન લઈને પૂર્વ રાત્રિમાં કે પશ્ચાત્ રાત્રિમાં ધર્મજાગરિકા કરીને કયું કૃત્ય મારા માટે કરવા જેવું છે, જેથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય અને કયું કૃત્ય મારે પરિહાર કરવા યોગ્ય છે, જેથી અપ્રમાદની વૃદ્ધિ થાય ? ઇત્યાદિ ભાવન કરીને પોતાના મોક્ષપથને અતિ દૃઢ દૃઢતર કરવા યત્ન કરે છે, તે સંવિગ્ન છે. જોકે પ્રિય ધર્મવાળા કહેવાથી સંવિગ્નની પ્રાપ્તિ છે જ તોપણ પ્રિય ધર્મવાળા ઘણા જીવો હોય છે. છતાં તેવો સંસારનો ભય અત્યંત જ્વલંત નથી કે જેથી પૂર્વ રાત્રિમાં કે પશ્ચાત્ રાત્રિમાં કે અન્ય ઉચિત કાળમાં ધર્મજાગરિકા કરીને સંસારના ઉચ્છેદને અનુકૂળ દૃઢ ઉદ્યમ કરે. તેથી પ્રિય ધર્મવાળા કરતાં સંવિગ્ન વિશેષણ દ્વારા તે જ સ્પષ્ટતા કરી છે કે તેઓ સંસારથી અત્યંત ભયભીત થયા છે. આથી જ પાપથી અત્યંત ભીરુ છે; કેમ કે સંસારનું બીજ સમિતિ-ગુપ્તિમાં સ્ખલનારૂપ છે. આથી જ સૂક્ષ્મ પણ પાપ ચિત્તમાં ન પ્રવેશે એ અર્થે જ રાત્રિમાં ધર્મજાગરિકા કરીને પોતાના કૃત્ય-અકૃત્યનું આલોચન કરે છે. ચિત્તપ્રવાહનું આલોચન કરે છે અને પોતાના ચિત્તનો પ્રવાહ સતત ભવના ઉચ્છેદનું કારણ બને તેવી ચિંતા કરે છે અને સૂત્ર, અર્થ ઉભયને જાણનારા જોકે પ્રિય ધર્મવાળા સંવિગ્ન સાધુ શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રો ભણવા યત્ન કરે છતાં પ્રજ્ઞાની અલ્પતાને કારણે કે ધારણાની અલ્પતાને કારણે સામાન્ય સૂત્રાર્થ ભણેલા હોય, ગીતાર્થ માટે આવશ્યક હોય એવા છેદ ગ્રંથાદિના સૂત્રાર્થને જાણનારા ન હોય, તેઓ લોકોત્તર ભાવવ્યવહાર કરી શકે નહિ, તેથી અહીં સૂત્રાર્થ ઉભયને જાણનારા ગ્રહણ કરેલ છે.

સૂત્રથી આવશ્યક છેદ સૂત્રાદિ ગ્રંથોનું ગ્રહણ છે અને અર્થથી તે સૂત્રોને ઉચિત તાત્પર્યમાં યોજન કરીને સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાનું કારણ બને તે રીતે થતા બોધનું ગ્રહણ છે જેથી મોહના ઉન્મૂલનને અનુકૂળ સંયોગ અનુસાર કયું કૃત્ય કયા ભાવથી કરવું જોઈએ ? તેનું સ્વયં યોજન કરી શકે અને શિષ્યાદિને તે તે પ્રવૃત્તિમાં ઉચિત યોજન કરીને માર્ગમાં પ્રવર્તાવી શકે.

વળી, કેટલાક ધારણામાં પટુ હોય અને અર્થના તાત્પર્યને ગ્રહણ કરવામાં પણ કુશળ હોય તેઓ સૂત્ર અને અર્થ ઉભયને જાણનારા છે. કેટલાક પ્રિય ધર્મવાળા સંવિગ્ન સાધુ ધારણામાં કુશળ હોય તો ગુરુ પાસેથી સૂત્રને ગ્રહણ કરેલ હોય, પરંતુ અર્થમાં તેવી કુશાગ્ર બુદ્ધિ ન હોય તો સૂત્રને ઉચિત સ્થાને યોજન કરીને પ્રવૃત્તિ કરી શકે નહિ અને કરાવી શકે નહિ, તે અર્થવિદ નથી માત્ર સૂત્રવિદ છે.

વળી કેટલાક સૂત્રને ધારણા કરવામાં અપટુ છે, પરંતુ અર્થનું ઉચિત સ્થાને યોજન કરી શકે તેવી કુશાગ્ર બુદ્ધિવાળા છે. આથી જ ધારણા વ્યવહાર અર્થને આશ્રયીને પ્રવર્તે છે. સૂત્રને આશ્રયીને પ્રવર્તતો નથી. તેવા મહાત્માઓ અર્થવિદ છે સૂત્રવિદ નથી, પરંતુ લોકોત્તર ભાવવ્યવહાર માટે સૂત્રાર્થ ઉભયને જાણનારા આવશ્યક છે. તેથી સૂત્ર, અર્થ અને તદુભયને આશ્રયીને જે ચતુર્ભંગી થાય છે, તેમાંથી ત્રીજા ભાંગાવાળા સૂત્રાર્થ ઉભયને જાણનારા છે.

વળી નિશ્રા=રાગ અને નિશ્રાને વશ થઈને જે વ્યવહાર કરે તે નિશ્રિત વ્યવહારી કહેવાય. ઉપશ્રા એટલે દ્વેષ. તેને વશ થઈને જે વ્યવહાર કરે તે ઉપશ્રિત વ્યવહારી કહેવાય.

સામાન્યથી પ્રિયધર્મ, સંવિગ્ન આદિ ગુણોવાળા સાધુ નિશ્રા કે ઉપશ્રાથી વ્યવહાર કરે નહિ, પરંતુ

મધ્યસ્થતાથી વ્યવહાર કરે, છતાં છદ્મસ્થ જીવ પ્રમાદને વશ ક્યારેક કોઈક નિમિત્તને પામીને કષાયવશ બને છે, ત્યારે વ્યક્ત-અવ્યક્તરૂપે પણ નિશ્રા-ઉપશ્રાનો પરિણામ ઉત્પન્ન થવાની સંભાવના રહે છે. એથી વ્યવહાર કરતી વખતે લેશ પણ નિશ્રા-ઉપશ્રાનો પરિણામ ન થાય તેવા દૃઢ યત્નકારી સાધુ લોકોત્તર શ્રમણસિંહ છે અને તેઓનો વ્યવહાર નોઆગમથી ભાવવ્યવહાર છે.

વળી પ્રિય ધર્મવાળા સંવિગ્ન આદિ ભાવોથી યુક્ત પણ જ્યારે પ્રમાદવશ હોય ત્યારે તેઓનો પ્રિયધર્મ કંઈક મ્લાન થાય છે, સંવેગનો પરિણામ પણ કંઈક મ્લાન થાય છે. અવદ્યભીરુતા પણ કંઈક મ્લાન થાય છે, તેથી નિમિત્તને વશ થઈને વ્યક્ત કે અવ્યક્ત નિશ્રા-ઉપશ્રાથી વ્યવહાર કરે છે અને તેઓનો તે વ્યવહાર લોકોત્તર ભાવવ્યવહાર થતો નથી, તે બતાવવા માટે જ સર્વ વિશેષણો છે. **II૬૧II**

**અવતરણિકા :-**

**प्रियधर्मादिविशेषणसाफल्यं निश्रोपश्राशब्दार्थं चाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રિય ધર્માદિ વિશેષણનું સાફલ્ય અને નિશ્રા-ઉપશ્રાના શબ્દાર્થને કહે છે –**

**ગાથા :-**

**पियधम्मे दढधम्मे, य पच्चओ होइ गीय संविग्गे ।**
**रागो उ होइ णिस्सा, उवस्सिओ दोससंजुत्तो ।।६२।।**

**અન્વયાર્થ :-**

**पियधम्मे=પ્રિય ધર્મવાળામાં, दढधम्मे=દૃઢ ધર્મવાળામાં, गीय संविग्गे=ગીતાર્થ અને સંવિગ્નમાં એ રૂપ ચારેય વિશેષણવાળા મહાત્મામાં, पच्चओ होइ=પ્રત્યય થાય છે=આ મહાત્મા પાસે હું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીશ તો અવશ્ય મારા પાપની શુદ્ધિ થશે એવો પ્રત્યય થાય છે. रागो उ णिस्सा=વળી રાગ નિશ્રા, उवस्सिओ दोससंजुओ होइ=ઉપશ્રિત દ્વેષ સંયુક્ત હોય છે. II૬૨II**

**ગાથાર્થ :-**

**પ્રિય ધર્મવાળામાં, દૃઢ ધર્મવાળામાં, ગીતાર્થમાં અને સંવિગ્નમાં એ રૂપ ચારેય વિશેષણવાળા મહાત્મામાં, પ્રત્યય થાય છે=આ મહાત્મા પાસે હું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીશ તો અવશ્ય મારા પાપની શુદ્ધિ થશે એવો પ્રત્યય થાય છે. વળી રાગ નિશ્રા અને ઉપશ્રિત દ્વેષ સંયુક્ત હોય છે. II૬૨II**

**ટીકા :-**

**'पियधम्मे'त्ति । प्रियधर्मणि दृढधर्मणि 'चः' समुच्चये भिन्नक्रमश्च 'गीते' गीतार्थे-सूत्रार्थ-तदुभयविदि संविग्ने च प्रायश्चित्तं ददति 'प्रत्ययः' विश्वासो भवति-यथायं नान्यथा प्रायश्चित्तव्यवहारका-**

रीति प्रियधर्मादिपदानामुपन्यासः । तथा रागस्तु भवति निश्रा, उपश्रितश्च द्वेषसंयुक्तः । निश्रोपश्राशब्दौ रागद्वेषपर्यायावित्यर्थः ।।६२।।

**ટીકાર્થ :-**

**प्रियधर्मणि ..... पर्यायावित्यर्थः ।। પ્રિય ધર્મવાળામાં અને દૃઢ ધર્મવાળામાં, ગીતમાં=ગીતાર્થમાં=સૂત્ર, અર્થ તદુભયને જાણનારામાં અને સંવિગ્નમાં પ્રાયશ્ચિત્તને આપ્યે છતે પ્રત્યય=વિશ્વાસ થાય છે જે પ્રમાણે આ=પ્રિયધર્માદિ ગુણોવાળા મહાત્મા, અન્યથા=પાપની શુદ્ધિ ન થાય તે પ્રકારે પ્રાયશ્ચિત્ત વ્યવહારકારી નથી એ પ્રકારનો પ્રત્યય થાય છે. એથી પ્રિય ધર્માદિ ગુણોનો ઉપન્યાસ છે. શ્લોકમાં च શબ્દ સમુચ્ચયમાં અને ભિન્ન ક્રમવાળો છે અર્થાત્ સંવિગ્ન પાસે તેનું યોજન છે. શ્લોકના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી ઉત્તરાર્ધનો અર્થ કરે છે.**

**અને વળી રાગ નિશ્રા છે અને ઉપશ્રિત દ્વેષસંયુક્ત છે. નિશ્રા-ઉપશ્રા શબ્દો રાગ દ્વેષના પર્યાયો છે, એ પ્રકારનો અર્થ છે. ।।૬૨।।**

**ભાવાર્થ :-**

જેમ આભાવ્ય-અનાભાવ્ય વિષયક વિવાદ થયો હોય ત્યારે ગીતાર્થો શાસ્ત્રાનુસારી વ્યવહાર કરે છે, તેમ પ્રમાદને વશ કોઈક સ્ખલના થઈ હોય, તેની શુદ્ધિ પણ મહાત્માઓ પ્રિયધર્મવાળા, દૃઢધર્મવાળા, ગીતાર્થ છે કે નહિ ? તેનો નિર્ણય કરીને તેવા મહાત્મા પાસે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર કરે છે અને પ્રાયશ્ચિત્ત આપનાર તે ગીતાર્થ સાધુ પ્રાયશ્ચિત્ત લેનારને સંવેગનો પરિણામ ઉત્પન્ન કરાવીને તેઓને પોતાની થયેલી સ્ખલનાનું પ્રાયશ્ચિત્ત આપે છે; કેમ કે તે મહાત્મા પણ શાસ્ત્રવચનથી સ્પષ્ટ જાણે છે કે જે ભાવથી જે પાપ થયું હોય તેનાથી અધિક વિશુદ્ધ ભાવ થાય તો જ પાપની શુદ્ધિ થશે. તેથી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવા માટે તત્પર થયેલા યોગ્ય જીવને તેના પાપના અધ્યવસાય અનુસાર અને આલોચનાકાળમાં થતા સંવેગ અનુસાર અને શ્રુતવચન અનુસાર પ્રાયશ્ચિત્ત આપે છે. તેથી પાપની શુદ્ધિના અર્થી વિવેકી સાધુઓને વિશ્વાસ થાય છે કે આમની પાસેથી હું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીશ તો અવશ્ય શુદ્ધિને પ્રાપ્ત કરીશ અને શુદ્ધિ ન થાય તે પ્રકારે આ મહાત્મા પ્રાયશ્ચિત્તના વ્યવહારને કરતા નથી, તેથી પ્રાયશ્ચિત્તની શુદ્ધિના વ્યવહારમાં પ્રિય ધર્માદિ ગુણોનું સાફલ્ય છે. વળી, નિશ્રા શબ્દ રાગ અર્થમાં છે અને ઉપશ્રા શબ્દ દ્વેષ અર્થમાં છે, તેથી નિશ્રિતનો અર્થ રાગસંયુક્ત અને ઉપશ્રિતનો અર્થ દ્વેષસંયુક્ત થાય છે. **।।૬૨।।**

**અવતરણિકા :-**

निश्रोपश्राशब्दयोर्द्वितीयं व्याख्यानमाह –

**અવતરણિકાર્થ :-**

**નિશ્રા અને ઉપશ્રા શબ્દના બીજા વ્યાખ્યાનને કહે છે=ગાથા-૬૨ના ઉત્તરાર્ધમાં નિશ્રા, ઉપશ્રા શબ્દનો એક અર્થ કર્યો. હવે તેનો બીજા પ્રકારનો અર્થ કહે છે –**

ગાથા :-

अहवा आहारादी, दाहिइ मज्झं तु एस णिस्सा उ ।
सीसो पडिच्छओ वा, होइ उवस्साकुलादी वा ।।६३।।

અન્વયાર્થ :-

अहवा मज्झं आहारादी दाहिइ=અથવા મને આ આહારાદિ આપશે, एस तु णिस्सा उ=એ નિશ્રા છે. सीसो पडिच्छओ वा=અને આ મારો શિષ્ય છે, મારો પ્રતિચ્છક છે, उवस्साकुलादी होइ वा=અથવા કુલાદિ છે, એ અપેક્ષા ઉપશ્રા છે. ।।૬૩।।

ગાથાર્થ :-

અથવા મને આ આહારાદિ આપશે એ નિશ્રા છે અને શિષ્ય છે, પ્રતિચ્છક છે અથવા કુલાદિ છે એ અપેક્ષા ઉપશ્રા છે. ।।૬૩।।

ટીકા :-

'अहव'त्ति । अथवा एषोऽनुवर्त्तितः सन् मह्यमाहारादिकं दास्यतीत्येषाऽपेक्षा लञ्चोपजीवनस्वभावा निश्रा । तथा एष मे शिष्यः, एष मे प्रतीच्छकः, इदं मे मातृकुलम्, इदं पितृकुलम्, आदिशब्दादिमे मम सहदेशवासिनः, भक्ता वा इमे सदैव मम इत्यपेक्षा पक्षाभ्युपगमस्वरूपा भवत्युपश्रा ।।६३।।

ટીકાર્થ :-

अथवा ..... भवत्युपश्रा ।। અથવા=નિશ્રા, ઉપશ્રાનો અર્થ અન્ય પ્રકારે થાય છે તે અથવાથી બતાવે છે. આ અનુવર્તિત છતો=અનુકૂળ વર્તન કરાયેલો છતો, મને આહારાદિક આપશે એ પ્રકારે આ અપેક્ષા લાંચ ઉપજીવનના સ્વભાવવાળી નિશ્રા છે અને આ મારો શિષ્ય છે, આ મારો પ્રતિચ્છક છે, આ મારો માતૃકુલવાળો છે, આ પિતૃકુલવાળો છે. આદિ શબ્દથી આ મારો સહદેશવાસી છે=એક નગરવાસીએ દીક્ષા લીધેલી હોય એવા છે. અથવા આ મારા સદા જ ભક્ત છે, એ પ્રકારની પક્ષના અભ્યુપગમરૂપ અપેક્ષા ઉપશ્રા છે. ।।૬૩।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં નિશ્રા શબ્દનો અર્થ રાગ કર્યો અને ઉપશ્રા શબ્દનો અર્થ દ્વેષ કર્યો. તેથી એ પ્રાપ્ત થાય કે ગીતાર્થ આદિ ગુણોવાળા પણ સાધુ ક્યારેક કોઈક પ્રત્યે રાગવાળા થાય અને તે સૂક્ષ્મ રાગને કારણે આભાવ્ય-અનાભાવ્ય આદિ ઉચિત વિવાદના ભંગ માટે યત્ન કરવાનો પ્રસંગ હોય ત્યારે મધ્યસ્થતાનો ભંગ થાય છે. તેથી શાસ્ત્રીય વચનને ઉચિત જોડવામાં પણ તે રાગ સ્ખલના કરાવે છે. જેથી તે વ્યવહાર નિશ્રાકૃત બને.

વળી, કોઈક પક્ષ પ્રત્યે રાગ ન હોય અને આભાવ્ય-અનાભાવ્ય વિષયક વિવાદના ભંગનો પ્રસંગ હોય,

તેમાં એક પક્ષના સાધુ પ્રત્યે કોઈક પ્રસંગે અલ્પ પણ દ્વેષ થયો હોય અને તે દ્વેષનો પરિણામ વિવાદના ભંગના પ્રસંગે શાસ્ત્રાનુયોજન કરવામાં સ્ખલના કરાવે ત્યારે દ્વેષથી તે વ્યવહારનું સમાધાન કરવામાં આવે તો તે વ્યવહાર ઉપશ્રાકૃત બને.

હવે 'અથવા'થી અન્ય પ્રકારે નિશ્રા, ઉપશ્રાનો અર્થ કરે છે. જો આ સાધુને અભિમુખ હું અનુવર્તન કરીશ અર્થાત્ તેના પક્ષનું સ્થાપન થાય તે રીતે હું સમાધાન કરીશ તો આ મને આહારાદિક લાવી આપશે એ પ્રકારના લાંચના ઉપજીવનવાળી અપેક્ષા ચિત્તમાં થાય તેના કારણે તેને અભિમુખ વિવાદનો ભંગ કરવામાં આવે કે સંયમજીવનની ઉચિત વ્યવસ્થા વિષયક વ્યવહાર કરવામાં આવે તો તે વ્યવહાર નિશ્રાકૃત બને.

આ નિશ્રા રાગનો પરિણામ છે, છતાં નિશ્રા રાગના પરિણામ કરતાં કંઈક વિલક્ષણ શાતાના અર્થિતામાંથી થયેલો અનુચિત વ્યવહાર કરવા માટે પ્રવર્તક રાગનો પરિણામ છે.

વળી, આ મારો શિષ્ય છે, તેના કારણે તેના પ્રત્યે પક્ષપાત થાય અને મારી ઉપસંપદા સ્વીકારી છે માટે આ મારો પ્રતિચ્છક છે. તેના કારણે તેના પ્રત્યે કંઈક પક્ષપાતનો પરિણામ થાય. આ મારા માતાના કુળવાળો છે અથવા આ મારા પિતાના કુળવાળો છે અથવા અમે એક દેશમાં પૂર્વે વસતા હતા, તેના કારણે તેના પ્રત્યે કંઈક રાગનો પરિણામ થાય અથવા આ મારા પ્રત્યે અત્યંત ભક્તિવાળો છે, તેના કારણે તેના પ્રત્યે કંઈક પક્ષપાતનો પરિણામ થાય અને તે પક્ષપાતના કારણે શાસ્ત્રાનુસારી વ્યવહાર કરવામાં પણ કંઈક સ્ખલના થાય તો તે ઉપશ્રાકૃત અશુદ્ધ વ્યવહાર છે.

સામાન્યથી સુસાધુ નિશ્રાથી કે ઉપશ્રાથી આ પ્રકારનો વ્યવહાર કરે નહિ. પરંતુ પ્રિયધર્માદિ ગુણવાળા સંવિગ્ન ગીતાર્થ સાધુ સદા જિનવચનાનુસાર વ્યવહાર કરે તોપણ સૂક્ષ્મ તે પ્રકારનો રાગનો પરિણામ ચિત્તમાં પ્રવેશ પામે અને વ્યવહાર કરતી વખતે તે મહાત્મા અત્યંત જાગૃત થાય નહિ તો અશુદ્ધ વ્યવહારની પ્રાપ્તિ થાય. જેમ સિંહગુફાવાસી મુનિ ઘણા ગુણોથી સમૃદ્ધ હતા તોપણ ગુરુએ સ્થૂલિભદ્ર મુનિની પ્રશંસા કરી ત્યારે અલ્પ ઈર્ષ્યાના પરિણામને કારણે તે મહાત્માને તેમ જ જણાય છે કે કોશ્યાને ત્યાં રહીને અનુકૂળ આહારથી કોશાને પ્રતિબોધિત કરી એટલા માત્રથી તેની દુષ્કરતા કઈ રીતે સંભવે ? ખરેખર ચાર માસના ઉપવાસ કરીને અને અન્ય સાધુઓએ જે દૃઢ ધ્યાન કર્યું છે તે દુષ્કર કાર્ય છે. સ્થૂલથી જોનારને તે જ દુષ્કર જણાય, પરંતુ શરીરની અનુકૂળતાપૂર્વક ઇષ્ટ આહારપૂર્વક કોશાના પ્રતિબોધ કરવાના કૃત્યમાં દુષ્કરતા જણાય નહિ તોપણ પ્રાજ્ઞ એવા તે મુનિ ઈર્ષ્યાના પરિણામવાળા ન હોત તો તે પ્રકારે વિચારી શકત. પરંતુ સૂક્ષ્મ પણ ઈર્ષ્યાનો પરિણામ આ રીતે જ અવલોકન કરાવે છે.

વળી, સારા પણ મહાત્માના ચિત્તમાં નિમિત્તને પામીને નિશ્રા કે ઉપશ્રાનો પરિણામ પ્રવેશ પામે તો તેઓનો શાસ્ત્રીય વ્યવહાર પણ દૂષિત બને છે. **॥૬૩॥**

**અવતરણિકા :-**

**अत्र सूत्रार्थवित्त्वगुणप्राधान्यमाह ग्रन्थकृत् –**

**અવતરણિકાર્થ :-**

અહીં=વ્યવહારીના વિષયમાં, સૂત્ર, અર્થવિત્વગુણના પ્રાધાન્યને ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

इयरगुणाणुगमम्मि वि, छेयत्थाणं अपारगत्तम्मि ।
ववहारित्तं भावे, णो खलु जिणसासणे दिट्ठं ।।६४।।

**અન્વયાર્થ :-**

इयरगुणाणुगमम्मि वि=ઈતર ગુણોના અનુગમમાં પણ=સૂત્ર અર્થવિત્‌થી અન્ય પ્રિય ધર્મત્વાદિ ગુણના અનુગમમાં પણ, छेयत्थाणं अपारगत्तम्मि=છેદ અર્થના અપારગામી સાધુમાં, भावे ववहारित्तं=ભાવને આશ્રયીને વ્યવહારીપણું, जिणसासणे खलु णो दिट्ठं=ખરેખર જિનશાસનમાં જોવાયું નથી. ।।૬૪।।

**ગાથાર્થ :-**

ઈતર ગુણોના અનુગમમાં પણ=સૂત્ર, અર્થવિત્‌થી અન્ય એવા પ્રિય ધર્મત્વાદિ ગુણના અનુસરણમાં પણ, છેદ, અર્થના અપારગામી સાધુમાં ભાવને આશ્રયીને વ્યવહારીપણું જિનશાસનમાં જોવાયું નથી. ।।૬૪।।

**ટીકા :-**

'इयर'त्ति । इतरगुणानां-प्रियधर्मत्वादीनामनुगमेऽपि छेदार्थानामपारगत्वे नो खलु जिनशासने भावे व्यवहारित्वं दृष्टम् ।।६४।।

**ટીકાર્થ :-**

इतरगुणानां- ..... दृष्टम् ।। ઈતર ગુણોના=પ્રિય ધર્મત્વાદિ ઈતર ગુણોના અનુગમમાં પણ, છેદ અર્થોના અપારગપણામાં=છેદ અર્થોના અજાણ મુનિમાં, ભાવમાં=ભાવને આશ્રયીને વ્યવહારીપણું જિનશાસનમાં જોવાયું નથી. ।।૬૪।।

**ભાવાર્થ :-**

કોઈ સાધુમાં પ્રિયધર્મ હોય, દૃઢધર્મ હોય, સંવેગનો અતિશય હોય, પાપનો અત્યંત ભય હોય, છેદસૂત્રો ભણેલા હોય, પરંતુ તેના અર્થોનું ઉચિત વિનિયોગ કરી શકે તેવા પારને જોનારા ન હોય, તેઓને ભાવવ્યવહારી તરીકે ભગવાનના શાસનમાં સ્વીકાર્યા નથી. તેથી પ્રિય ધર્માદિ ગુણવાળા તે મહાત્મા પોતાની શક્તિ નથી, તેમ નિર્ણય કરીને તે પ્રકારના વ્યવહારમાં પ્રયત્ન કરે નહિ કે પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર પણ કરે નહિ, છતાં અલ્પકષાયવશ કોઈ સાધુ વિચારે કે હું પણ છેદ ગ્રંથો ભણ્યો છું તેથી તે પ્રકારે વ્યવહાર કરવા પ્રયત્ન કરે તો તે ભાવથી વ્યવહારી થાય નહિ અને તે પ્રકારે વ્યવહાર કરવાથી

તેના પ્રિય ધર્માદિ ગુણો પણ કંઈક મ્લાન થાય છે. જેમ પ્રિય ધર્માદિ ગુણોવાળા સાધુ પણ જ્યારે પ્રમાદમાં હોય ત્યારે તેઓમાં વર્તતા પ્રિય ધર્માદિ ગુણો કંઈક મ્લાન થાય છે. **॥૬૪॥**

**અવતરણિકા :-**

**તથા ચોક્તં વ્યવહારભાષ્યે દશમોદ્દેશકે –**

**અવતરણિકાર્થ :-**

**અને તે પ્રમાણે=પ્રિય ધર્માદિ ગુણો કરતાં સૂત્રના અર્થનો બોધ પ્રધાન છે તે પ્રમાણે, વ્યવહારભાષ્યમાં દશમા ઉદ્દેશકમાં કહેવાયું છે.**

**ગાથા :-**

**जो सुअमहिज्जइ बहुं, सुत्तत्थं च निउणं न याणाइ ।**
**कप्पे ववहारम्मि य, सो न पमाणं सुअहराणं ।।६५।।**

**અન્વયાર્થ :-**

**कप्पे=કલ્પ વ્યવહારમાં, जो बहुं सुअमहिज्जइ=બહુસૂત્રને જે ભણે છે. सुत्तत्थं च निउणं न याणाइ=અને સૂત્રના અર્થને નિપુણ જાણતો નથી. ववहारम्मि य=વ્યવહારમાં=વ્યવહાર કરવાની પ્રવૃત્તિના વિષયમાં, सुअहराणं सो न पमाणं=શ્રુતધરોને તે પ્રમાણ નથી. ॥૬૫॥**

**ગાથાર્થ :-**

**કલ્પમાં=કલ્પવ્યવહારમાં, બહુસૂત્રને જે સાધુ ભણે છે અને સૂત્રના અર્થને નિપુણ જાણતા નથી. વ્યવહારમાં=વ્યવહાર કરવાની પ્રવૃત્તિના વિષયમાં, શ્રુતધરોને તે સાધુ પ્રમાણ નથી. ॥૬૫॥**

❖ ગાથામાં 'ववहारम्मि' પછી 'य' શબ્દ પાદપૂર્તિ માટે છે.

**ગાથા :-**

**जो सुअमहिज्जइ बहुं, सुत्तत्थं च णिउणं वियाणाइ ।**
**कप्पे ववहारम्मि य, सो उ पमाणं सुअहराणं ।।६६।।**

**અન્વયાર્થ :-**

**कप्पे ववहारम्मि य=કલ્પમાં અને વ્યવહારમાં=કલ્પને કહેનારા શાસ્ત્રમાં અને વ્યવહારને કહેનારા શાસ્ત્રમાં, जो बहुं सुअमहिज्जइ=જે બહુ સૂત્રને ભણે છે=સૂત્રને અત્યંત સ્થિરપરિચિત કરે છે. सुत्तत्थं च णिउणं वियाणाइ=અને સૂત્રના નિપુણ અર્થને જાણે છે. सुअहराणं उ सो पमाणं=શ્રુતધરોને તે પ્રમાણ છે=પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર કરવામાં પ્રમાણ છે. ॥૬૬॥**

**ગાથાર્થ :-**

**કલ્પમાં અને વ્યવહારમાં=કલ્પને કહેનારા શાસ્ત્રમાં અને વ્યવહારને કહેનારા શાસ્ત્રમાં, બહુ સૂત્રને ભણે છે=સૂત્રને અત્યંત સ્થિરપરિચિત કરે છે અને સૂત્રના નિપુણ અર્થને જાણે છે તે સાધુ શ્રુતધરોને પ્રમાણ છે=પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર કરવામાં પ્રમાણ છે. ।।૬૬।।**

**ગાથા :-**

**कप्पस्स उ णिज्जुत्तिं, ववहारस्सेव परमनिउणस्स ।**
**जो अत्थओ ण याणइ, ववहारी सो णऽणुण्णाओ ।।६७।।**

**અન્વયાર્થ :-**

परमनिउणस्स कप्पस्स ववहारस्सेव उ णिज्जुत्तिं=પરમ નિપુણ એવી કલ્પની અને વ્યવહારની નિર્યુક્તિને, जो अत्थओ ण याणइ=જે અર્થથી જાણતા નથી. सो ववहारी णऽणुण्णाओ=તે સાધુ વ્યવહારી અનુજ્ઞાત નથી=પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર કરવા માટે અનુજ્ઞાત નથી. ।।૬૭।।

**ગાથાર્થ :-**

**પરમ નિપુણ એવી કલ્પની અને વ્યવહારની નિર્યુક્તિને અર્થથી જે સાધુ જાણતા નથી તે સાધુ વ્યવહારી અનુજ્ઞાત નથી=પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર કરવા માટે અનુજ્ઞાત નથી. ।।૬૭।।**

**ગાથા :-**

**कप्पस्स उ णिज्जुत्तिं, ववहारस्सेव परमनिउणस्स ।**
**जो अत्थओ वियाणइ, ववहारी सो अणुण्णाओ ।।६८।।**

**અન્વયાર્થ :-**

परमनिउणस्स कप्पस्स ववहारस्सेव उ णिज्जुत्तिं=પરમ નિપુણ એવા કલ્પની અને વ્યવહારની નિર્યુક્તિને, अत्थओ जो वियाणइ=અર્થથી જે જાણે છે. सो ववहारी अणुण्णाओ=તે વ્યવહારી અનુજ્ઞાત છે=પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર કરવા માટે અનુજ્ઞાત છે. ।।૬૮।।

**ગાથાર્થ :-**

**પરમ નિપુણ એવા કલ્પની અને વ્યવહારની નિર્યુક્તિને અર્થથી જે જાણે છે તે વ્યવહારી અનુજ્ઞાત છે=પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર કરવા માટે અનુજ્ઞાત છે. ।।૬૮।।**

❖ ગાથા-૬૭-૬૮ બન્ને ગાથામાં 'ववहारस्सेव'માં एवकार પાદપૂર્તિ માટે છે.

**ટીકા :-**

**'जो सुअ'मिति । यः कल्पव्यवहारे सूत्रं बह्वधीते सूत्रार्थं च निपुणं न जानाति स व्यवहारविषये**

न प्रमाणं श्रुतधराणाम् ।।६५।।

'जो सुअ'मिति । यस्तु कल्पे व्यवहारे च सूत्रं बह्वधीते सूत्रार्थं च निपुणं विजानाति स प्रमाणं व्यवहारे श्रुतधराणाम् ।।६६।।

'कप्पस्स उ'त्ति । कल्पस्य व्यवहारस्य च परमनिपुणस्य यो निर्युक्तिमर्थतो न जानाति स व्यवहारी नानुज्ञातः ।।६७।।

'कप्पस्स उ'त्ति । यस्तु कल्पस्य व्यवहारस्य च परमनिपुणस्य निर्युक्तिमर्थतो विजानाति स व्यवहारी अनुज्ञातः ।।६८।।

**ટીકાર્થ :-**

यः कल्प ..... श्रुतधराणाम् ।। કલ્પવ્યવહારમાં સૂત્રને જે બહુ ભણે છે અને સૂત્રના નિપુણ અર્થને જાણતા નથી=સામાન્ય અર્થ જાણે છે, પરંતુ પ્રવૃત્તિમાં ઉચિત રીતે અર્થનો વિનિયોગ કરી શકે તે પ્રકારે નિપુણ જાણતા નથી, તે સાધુ શ્રુતધરોને વ્યવહારના વિષયમાં પ્રમાણ નથી. ।।૬૫।।

यस्तु कल्पे ..... श्रुतधराणाम् ।। વળી કલ્પમાં અને વ્યવહારમાં જે સૂત્રને બહુ ભણે છે અને સૂત્રના નિપુણ અર્થને જાણે છે, તે સાધુ શ્રુતધરોને વ્યવહારમાં પ્રમાણ છે. ।।૬૬।।

कल्पस्य ..... नानुज्ञातः ।। પરમ નિપુણ એવા કલ્પની અને વ્યવહારની નિર્યુક્તિને જે અર્થથી જાણતો નથી, તે વ્યવહારી અનુજ્ઞાત નથી=પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર કરવા માટે અનુજ્ઞાત નથી. ।।૬૭।।

यस्तु कल्पस्य ..... अनुज्ञातः ।। પરમ નિપુણ એવા કલ્પની અને વ્યવહારની નિર્યુક્તિને જે અર્થથી જાણે છે, તે સાધુ વ્યવહારી અનુજ્ઞાત છે=પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહાર કરવા માટે શાસ્ત્રકારો વડે અનુજ્ઞાત છે. ।।૬૮।।

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ પ્રિયધર્માદિ ગુણોથી યુક્ત છે, તેમાં પણ જેઓ વિશેષ ગંભીરતા આદિ ગુણો ધારણ કરનારા છે, તેઓને જ કલ્પ ગ્રંથો અને વ્યવહારના ગ્રંથો ભણાવવાનો અધિકાર છે, અન્યને નહિ એ પ્રકારે પંચવસ્તુ ગ્રંથમાં કહેલ છે અને તેવા ગંભીરતાદિ ગુણોવાળા મહાત્માઓ પણ કલ્પના અને વ્યવહારના સૂત્રોને ભણે અર્થાત્ કંઠસ્થ કરે અને સ્થિરપરિચિત કરે ત્યારે સ્વનામની જેમ તે સૂત્રો પરિચિત હોવાથી તે મહાત્મા બહુ અધીત સૂત્રોવાળા કહેવાય. આમ છતાં સૂત્રોના અર્થોને ઉચિત સ્થાને નિયોજન કરીને સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત સમ્યક્ આચરણારૂપ વ્યવહારને પ્રવર્તાવી શકે તેવા નિપુણ અર્થને જો તે જાણતા ન હોય તો શ્રુતધરોને તે મહાત્મા સૂત્ર ભણેલા હોય, અર્થ ભણેલા હોય તોપણ સૂત્રઅર્થવિત્ તરીકે એટલે કે સૂત્રઅર્થને જાણનારા તરીકે, પ્રમાણ નથી.

વળી તે મહાત્માએ સૂત્ર સ્થિર પરિચિત કરેલાં હોય, અર્થને પણ નિપુણતાથી આચરણામાં જોડી શકે તેવો બોધ કર્યો હોય તો તે મહાત્મા શ્રુતધરોને સૂત્રઅર્થવિત્ તરીકે પ્રમાણ છે. છતાં જ્યાં સુધી નિર્યુક્તિનું અધ્યયન કર્યું નથી, ત્યાં સુધી તે મહાત્મા વ્યવહાર કરવા માટે અનુજ્ઞાત નથી.

વળી, કહ્યું કે પરમ નિપુણ એવા કલ્પની અને વ્યવહારની નિર્યુક્તિને જે અર્થથી જાણે છે, તે વ્યવહારી સાધુ વ્યવહાર કરવા માટે અનુજ્ઞાત છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓએ કલ્પનો અને વ્યવહારનો તે રીતે બોધ કર્યો છે, જેના બળથી કલ્પના અને વ્યવહારના અર્થોને ઉચિત રીતે વ્યવહારમાં યોજન કરી શકે તેવી નિપુણતા પ્રાપ્ત કરી છે, તે મહાત્માનું કલ્પના અને વ્યવહારના અર્થનું જ્ઞાન પરમ નિપુણ હોવાથી તે મહાત્મા નિર્યુક્તિની બીજી વાચના માટે અધિકારી છે અર્થાત્ પ્રથમ વાચના સૂત્રાર્થની હોય છે. બીજી વાચના નિર્યુક્તિયુક્ત હોય છે. તે બીજી વાચનાના તે મહાત્મા અધિકારી છે અને તે મહાત્મા જ્યારે પરમ નિપુણ એવા કલ્પની અને વ્યવહારની નિર્યુક્તિના અર્થનો બોધ કરે ત્યારે તે મહાત્મા પૂર્વ કરતાં પણ વિશેષ કુશળ બને છે. જેથી નિપુણ પ્રાયશ્ચિત્ત આદિનો વ્યવહાર કરીને સાધુઓના હિતનું કારણ બને માટે તેઓ જ વ્યવહાર કરવા માટે અનુજ્ઞાત છે. **॥૬૫થી ૬૮॥**

**અવતરણિકા :-**

**उक्तमेवार्थं सूत्रसम्मत्या द्रढयन्नाह ग्रन्थकारः –**

**અવતરણિકાર્થ :-**

**ઉક્ત જ અર્થને=ગાથા-૬૫થી ૬૮માં કહેવાયેલા જ અર્થને, સૂત્રસંમતિથી દૃઢ કરતા ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**इत्तो अ दव्वओ भावओ अ अपरिच्छयम्मि इच्छंते ।**
**गच्छस्साणुन्नाए, पडिसेहो दंसिओ सुत्ते ।।६९।।**

**અન્વયાર્થ :-**

**इत्तो अ=આથી જ=સૂત્ર અને અર્થનો બોધ ન હોય તેવા સાધુને વ્યવહારિત્વનો અયોગ છે આથી જ, दव्वओ भावओ अ अपरिच्छयम्मि=દ્રવ્યથી અને ભાવથી અપરિચ્છન્નમાં=દ્રવ્યથી શિષ્ય પરિવાર વગરના હોય અને ભાવથી આચાર્યપદને યોગ્ય ગુણો વગરના હોય અને તે કાળમાં ઉપલબ્ધ સૂત્રાર્થના બોધ વગરના હોય તેમાં, गच्छस्साणुन्नाए इच्छंते=ગચ્છની અનુજ્ઞા ઇચ્છાયે છતે, सुत्ते पडिसेहो दंसिओ=સૂત્રમાં પ્રતિષેધ બતાવાયો છે. ।।૬૯।।**

**ગાથાર્થ :-**

**આથી જ=સૂત્ર અને અર્થનો બોધ ન હોય તેવા સાધુને વ્યવહારિત્વનો અયોગ છે આથી જ,**

**દ્રવ્યથી અને ભાવથી અપરિચ્છન્નમાં=દ્રવ્યથી શિષ્ય પરિવાર વગરના હોય અને ભાવથી આચાર્યપદને યોગ્ય ગુણો વગરના હોય અને તે કાળમાં ઉપલબ્ધ સૂત્રાર્થના બોધ વગરના હોય તેમાં, ગચ્છની અનુજ્ઞા ઇચ્છાયે છતે સૂત્રમાં પ્રતિષેધ બતાવાયો છે. ।।૬૯।।**

**ટીકા :-**

**'इत्तो अ'त्ति । 'अत एव' सूत्रार्थवित्त्वाभावे व्यवहारित्वायोगादेव द्रव्यतो भावतश्चापरिच्छदे इच्छति गणं धारयितुं गच्छानुज्ञायाः प्रतिषेधो दर्शितः 'सूत्रे' व्यवहारतृतीयोद्देशकाद्यसूत्रे, तथा च तत् —** 'भिक्खू य इच्छिज्जा गणं धारइत्तए भगवं च से अपलिच्छन्ने एवं से णो कप्पइ गणं धारित्तए'त्ति । **अस्यार्थः—भिक्षुः, च शब्द आचार्यपदयोग्यानेकगुणसमुच्चयार्थः, इच्छेद् गणं धारयितुं 'भगवांश्च' आचार्यस्तस्य 'अपरिच्छन्नः' द्रव्यपरिच्छदरहितो भावपरिच्छदरहितस्याचार्यत्वायोगात्, चशब्दाद् भिक्षुश्च द्रव्यतोऽपरिच्छदो भावतः सपरिच्छदो गृह्यते । 'एवम्' अमुना प्रकारेण 'से' तस्य गणं धारयितुं न कल्पते । एवंशब्दो विशेषद्योतनार्थः, स चायम्—आचार्ये द्रव्यतोऽपरिच्छदे भिक्षोः सपरिच्छदस्या-परिच्छदस्य वा न कल्पते उभयोर्द्रव्यतोऽपि परिच्छन्नत्वे च कल्पत इति । नोकारश्च देशप्रतिषेधे तेनावसन्ने आचार्ये तत्परिवारस्य सर्वस्य संविग्नशिष्यस्याऽऽभवनात् कल्पेतापि द्रव्यतोऽपरिच्छन्नस्य, भावतोऽपरिच्छन्नस्य तु सर्वथा न कल्पत इति सिद्धम् । तदुक्तम् —**

'नोकारो खलु देसं, पडिसेहयति कयाइ कप्पे वि ।
ओसन्नम्मि य थेरे, सो चेव परिच्छओ तस्स ।।१।।'**त्ति ।**

**अत्राबहुश्रुतेऽगीतार्थे वा गणं निसृजति धारयति चेदं प्रायश्चित्तमुच्यते —**

'अबहुस्सुए अगीयत्थे, णिसिरए वावि धारए व गणं ।
तद्देवसिअं तस्स उ, मासा चत्तारि भारिआ ।।१।।
सत्तरत्तं तवो होइ, तओ छेओ पधावइ ।
छेएण छिन्नपरिआए, तओ मूलं तओ दुगं ।।२।।'

**अबहुश्रुतोऽगीतार्थ इति प्रथमो भङ्गः, अबहुश्रुतो गीतार्थ इति द्वितीयः, बहुश्रुतोऽगीतार्थ इति तृतीयः, बहुश्रुतो गीतार्थ इति चतुर्थ इति चत्वारः खल्वेते भङ्गा भवन्ति । तत्र निशीथादिकं सूत्रतोऽर्थतो वा यस्यानवगतं स प्रथमो भङ्गः । यस्य पुनर्निशीथादिगतौ सूत्रार्थौ विस्मृतौ स द्वितीयो भङ्गः । यः पुनरेकादशाङ्गधारी अश्रुतार्थः स तृतीयो भङ्गः । सकलकालोचितसूत्रार्थोपेत-श्चतुर्थः । तत्राबहुश्रुतोऽगीतार्थ इत्यनेन भङ्गत्रयमुपात्तम् । एतदन्यतरभङ्गवर्त्ती गणं निसृजति धारयति वा यदि एकं द्वौ त्रीन् वा दिवसानुत्कर्षतः सप्त रात्रिंदिवानि ततः 'तद्दैवसिकं' तेषां**

सप्तानां दिवसानां निमित्तत्वतः 'तस्य' गणं निस्त्रष्टुर्द्धारयितुर्वा प्रायश्चित्तं चत्वारो मासा गुरुकाः । ततः प्रथमसप्तदिनानन्तरमन्यानि चेत् सप्त दिनानि गणं निसृजति धारयति वा स्वयं तदा प्रायश्चित्त षड्लघु । ततोऽप्यन्यानि सप्त दिनानि यावदनुपरमे षड्गुरु । एवं जातावेकवचनात्सप्तरात्रं त्रीणि सप्तरात्राणि यावत्तपो भवति । ततस्तपःप्रायश्चित्तसमाप्त्यनन्तरं तपःक्रमेण च्छेदः प्रधावति, तथाहि—सप्तदिनादितश्चतुर्गुरुकच्छेदः । ततोऽप्यन्यसप्तदिवसातिक्रमे षड्लघुकः । ततोऽप्यन्यसप्तदिवसातिवाहने षड्गुरुकः । एतावता छेदेनाच्छिन्ने भूयस्त्वेन पर्याये सति देशोनपूर्वकोटीप्रमाणोऽप्ययमवशिष्यमाण एकदिवसेनैव छिद्यत इत्येवंलक्षणं त्रिचत्वारिंशत्तमे दिने मूलं भवति । ततोऽप्यतिक्रमे चतुश्चत्वारिंशत्तमे दिवसेऽनवस्थाप्यं पञ्चचत्वारिंशत्तमे च पाराञ्चितमिति द्विकमन्तिमप्रायश्चित्तद्वयमापद्यत इति व्यवहारवृत्तौ व्यक्तम् । जीतकल्पवृत्तौ पुनरत्र त्रय आदेशा लिखिताः—तत्रैके लघुपञ्चरात्रिंदिवेभ्यश्छेदं प्रस्थापयन्ति, अपरे गुरुपञ्चरात्रिंदिवेभ्यः, परे च यतः प्रभृति तपःप्रायश्चित्तमुपक्रान्तं तत आरभ्येति । तत्र तृतीयपक्षस्तावत्समर्थित एव । प्रथमपक्षे च सप्तरात्रत्रयानन्तरं तुरीयं सप्तरात्रं लघुपञ्चकश्छेदः, पञ्चमं गुरुपञ्चकः, षष्ठं लघुदशरात्रिंदिवः, सप्तमं गुरुदशरात्रिन्दिवः, अष्टमं लघुपञ्चदशकः, नवमं गुरुपञ्चदशकः, दशमं लघुविंशतिरात्रिन्दिवः, एकादशं गुरुविंशतिरात्रिन्दिवः, द्वादशं लघुपञ्चविंशतिरात्रिन्दिवः, त्रयोदशं गुरुपञ्चविंशतिकः, चतुर्दशं लघुमासिकः, पञ्चदशं गुरुमासिकः, षोडशं चतुर्लघुमासिकः, सप्तदशं चतुर्गुरुमासिकः, अष्टादशं लघुषाण्मासिकः, एकोनविंशं सप्तरात्रं गुरुषाण्मासिक इति सर्वसङ्ख्यया त्रयस्त्रिंशं शतमहोरात्राणां भवति । द्वितीयपक्षे च सप्तरात्रत्रयानन्तरं सप्ताहोरात्राणि प्रथमत एव गुरुपञ्चकच्छेदः, ततः सप्ताहं लघुदशकः । एवं पूर्वोक्तविधिना गुरुदशकादयोऽपि षड्गुरुकान्ताश्छेदाः सप्ताहं सप्ताहं प्रत्येकं द्रष्टव्या इति, अत्र चाष्टादशभिः सप्तरात्रैः षड्विंशं शतं रात्रिन्दिवानां भवतीति ।।६९।।

**ટીકાર્થ :-**

'अत एव' ..... भवतीति ।। આથી જ=સૂત્ર અને અર્થના વિત્વના અભાવમાં વ્યવહારીત્વનો અયોગ હોવાથી જ=સૂત્ર અને સૂત્રના અર્થો ઉચિત રીતે યોજન કરી શકે એવા બોધનો જેને અભાવ છે એવા આગમાનુસારી પ્રાયશ્ચિત્ત આદિ કરાવવારૂપ વ્યવહારીત્વનો અયોગ હોવાથી જ, દ્રવ્યથી અને ભાવથી અપરિચ્છેદ હોતે છતે ગણધારણ કરવા માટે ઈચ્છાયે છતે ગચ્છ અનુજ્ઞાનો પ્રતિષેધ સૂત્રમાં=વ્યવહારસૂત્રના ત્રીજા ઉદ્દેશકાદિના આદ્ય સૂત્રમાં, બતાવાયો છે=તે સાધુને ગચ્છ અનુજ્ઞાનો પ્રતિષેધ સૂત્રમાં બતાવાયો છે અને તે પ્રમાણે=તે સાધુને સૂત્રમાં ગચ્છ અનુજ્ઞાનો પ્રતિષેધ બતાવાયો છે તે પ્રમાણે, તે=સૂત્ર છે.

ભિક્ષુ ગણને ધારણ કરવા ઈચ્છે અને હે ભગવંત, તે અપરિચ્છન્ન હોતે છતે (શું કરવું જોઈએ ?) આ રીતે=તે અપરિચ્છન્ન હોય તે રીતે, તેને ગણધારણ કરવા માટે કલ્પતું નથી.

**આનો=ઉદ્ધરણનો, અર્થ આ પ્રમાણે છે. ભિક્ષુ, च શબ્દ=ભિક્ષુ પાસે રહેલો च શબ્દ, આચાર્યપદને યોગ્ય અનેક ગુણોના સમુચ્ચય અર્થવાળો છે, આચાર્યપદને યોગ્ય અનેક ગુણોવાળા ભિક્ષુ ગણધારણ કરવા માટે ઈચ્છે અને ભગવાન=તેના આચાર્ય જે શિષ્ય ગણધારણ કરવા ઈચ્છે છે તેના ગુરુ આચાર્ય, અપરિચ્છન્ન છે=દ્રવ્યપરિચ્છેદ રહિત છે=શિષ્યના પરિવાર વગરના છે; કેમ કે ભાવપરિચ્છેદ રહિતને આચાર્યત્વનો અયોગ છે અને च શબ્દથી ભિક્ષુ દ્રવ્યથી અપરિચ્છેદવાળા=શિષ્યના પરિવાર વગરના અને ભાવથી સપરિચ્છેદવાળા=આચાર્યપદવીને યોગ્ય સૂત્રઅર્થવિત્ આદિ ગુણોથી કલિત, ગ્રહણ કરાય છે. આ રીતે=દ્રવ્યથી પરિચ્છેદ વગરના અને ભાવથી પરિચ્છેદવાળા છે એ રીતે, તેને ગણધારણ કરવું કલ્પતું નથી.**

**एवं શબ્દ વિશેષ દ્યોતન અર્થવાળો છે અને તે વિશેષ અર્થ આ છે. આચાર્ય દ્રવ્યથી અપરિચ્છેદવાળા હોતે છતે અને સપરિચ્છેદવાળા અથવા અપરિચ્છેદવાળા ભિક્ષુને, કલ્પતું નથી=ગણની અનુજ્ઞા આપવી કલ્પતી નથી. ઉભયનું=પદવી આપનાર આચાર્ય અને પદવી લેનાર ભિક્ષુનું દ્રવ્યથી પણ પરિચ્છન્નપણું હોતે છતે=ભાવથી તો આચાર્યપદ યોગ્ય ગુણો હોય, પરંતુ દ્રવ્યથી પણ શિષ્ય=પરિવારરૂપ પરિચ્છેદવાળા હોય તો, આ કલ્પે છે=આચાર્યપદ ગ્રહણ કરવું કલ્પે છે અને નોકાર=ઉદ્ધરણમાં કહેલ નોकार દેશ પ્રતિષેધમાં છે, તેથી અવસન્ન આચાર્ય હોતે છતે=આચાર્ય કાળ કર્યે છતે, સર્વ તેના પરિવારનું સંવિગ્ન શિષ્યનું આભવન હોવાને કારણે દ્રવ્યથી અપરિચ્છન્ન એવા તે શિષ્યને કલ્પે પણ છે=શિષ્ય વગરના તે શિષ્યને આચાર્યપદ ગ્રહણ કરવું કલ્પે પણ છે.**

**વળી, ભાવથી અપરિચ્છન્નને=આચાર્યપદને યોગ્ય ગુણોથી રહિત કલ્પ અને વ્યવહાર આદિના નિર્યુક્તિના બોધથી રહિત એવા ભાવથી અપરિચ્છન્નને સર્વથા કલ્પતું નથી=ગણધારણ કરવું કલ્પતું નથી, એ પ્રમાણે સિદ્ધ છે તે કહેવાયું છે.**

નોકાર=વ્યવહારસૂત્રના ઉદ્ધરણમાં રહેલ નોकार ખરેખર દેશમાં છે.

તેનાથી શું પ્રાપ્ત થાય તે સ્પષ્ટ કરે છે.

ક્યારેક પ્રતિષેધ કરે છે અને કલ્પે પણ છે=ભાવ પરિચ્છેદવાળા ભિક્ષુને દ્રવ્ય પરિચ્છેદ ન હોય તો ક્યારેક આચાર્યપદવીના ગ્રહણનો પ્રતિષેધ કરે છે અને કલ્પે પણ છે.

ક્યારે કલ્પે છે, તે કહે છે –

સ્થવિર કાળ કર્યે છતે=આચાર્ય કાળ કર્યે છતે, તે=તેમનો શિષ્યપરિવાર, તેનો પરિચ્છેદ છે=ભાવપરિચ્છેદવાળા ભિક્ષુનો પરિવાર છે માટે તેને કલ્પે પણ છે.

**અહીં અબહુશ્રુત અથવા અગીતાર્થમાં ગણને આપે છે=આચાર્યપદવી આપે છે અને ધારણ કરે છે=જે ભિક્ષુ ગ્રહણ કરે છે. આ પ્રાયશ્ચિત્ત કહેવાય છે=આપનારને અને ગ્રહણ કરનારને, આ**

પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

અબહુશ્રુતમાં અગીતાર્થમાં ગણને સોંપે છે અથવા ગણને ધારણ કરે છે. તે દિવસનું પ્રાયશ્ચિત્ત ચાર ગુરુમાસ છે. ॥૧॥ સાત રાત્ર ગણને સોંપે અથવા ધારણ કરે તો તપ હોય છે. ત્યારપછી=સાત રાત્રથી અધિક, છેદ=છેદ પ્રાયશ્ચિત્ત પ્રધાવન કરે છે=દિવસે દિવસે છેદ પ્રાયશ્ચિત્ત વૃદ્ધિ પામે છે. છેદ વડે છિન્ન પર્યાયવાળા થયે છતે=અબહુશ્રુત અને અગીતાર્થને ગણ આપનાર અને ગણ ધારણ કરનાર છેદપર્યાયની ઉત્કૃષ્ટ મર્યાદાથી સંયમ પર્યાયનો છેદ થયે છતે, ત્યારપછી મૂળ પ્રાયશ્ચિત્ત આવે છે. ત્યારપછી છેલ્લાં બે પ્રાયશ્ચિત્ત આવે છે=અનવસ્થાપ્ય અને પારાંચિત પ્રાયશ્ચિત્ત આવે છે. ॥૨॥

**અબહુશ્રુત અને અગીતાર્થ એ પ્રથમ ભંગ છે. અબહુશ્રુત અને ગીતાર્થ એ બીજો ભંગ છે. બહુશ્રુત અને અગીતાર્થ એ ત્રીજો ભંગ છે. બહુશ્રુત અને ગીતાર્થ એ ચોથો ભંગ છે. આ પ્રમાણે ખરેખર આ ચાર ભાંગા થાય છે. ત્યાં=ચાર ભાંગામાં, નિશીથાદિક સૂત્રથી અને અર્થથી જેને બોધ નથી, તે પ્રથમ ભંગવાળા છે=અબહુશ્રુત અને અગીતાર્થ છે. વળી જેને નિશીથ આદિ ગત સૂત્ર અને અર્થ વિસ્મૃત છે, તે બીજો ભાંગો છે=અબહુશ્રુત છે પરંતુ ગીતાર્થ છે. જે વળી અગ્યાર અંગધારી છે. અશ્રુતાર્થ છે= અગ્યાર અંગના અર્થોનો યથાર્થ બોધ થયેલ નથી તેવા છે તે તૃતીય ભંગ છે=બહુશ્રુત છે અને અગીતાર્થ છે, એ ત્રીજો ભાંગો છે. સંકલકાલ ઉચિત સૂત્રઅર્થથી યુક્ત ચોથો ભાંગો છે=તે તે કાળમાં જે જે સૂત્રો ઉપલબ્ધ હોય તે સર્વના અર્થોથી યુક્ત હોય. જેમ વર્તમાનમાં સંમતિ આદિ ગ્રંથોના પરમાર્થને સ્પર્શનારા હોય અને તેના અવલંબનથી આગમનાં સૂત્રો અને અર્થોને યથાર્થ જાણનારા હોય તે બહુશ્રુત અને ગીતાર્થ છે. ત્યાં=ગણધારણ કરનારાને પ્રાયશ્ચિત્તને કહેનારા ઉદ્ધરણમાં, અબહુશ્રુત અને અગીતાર્થ એ પ્રકારના, આનાથી=આ કથનથી ભંગત્રય ગ્રહણ કરાયા છે. આ અન્યતર ભંગવર્તી=ચાર ભાંગામાંથી પ્રથમના ત્રણ ભાંગામાંથી અન્યતર ભંગવર્તી સાધુ ગણને આપે અથવા ગણને ધારણ કરે અને જો એક, બે અથવા ત્રણ દિવસોને ઉત્કર્ષથી સાત રાત્રિ, દિવસ, તેનાથી=સાત રાત્રિ, દિવસ ગણને આપવાથી કે ધારણ કરવાથી, તદ્ દૈવસિક=તે સાત દિવસોના નિમિત્તથી, તેને ગણ આપનારને અથવા ગણ ધારણ કરનારને ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત છે. ત્યારપછી પ્રથમના સાત દિવસ પછી અન્ય જો સાત દિવસ ગણને આપે અથવા સ્વયં ધારણ કરે તો છ લઘુમાસ પ્રાયશ્ચિત્ત છે. ત્યારપછી પણ=પૂર્વના ૧૪ દિવસ પછી પણ, અન્ય સાત દિવસો સુધી ઉપરમ ન પામે=ગણ પાછો ન લે=શિષ્યને સોંપેલો ગણ પાછો ગ્રહણ ન કરે અથવા ગ્રહણ કરેલ ગણ શિષ્ય પાછો ગુરુને ન સોંપે તો, છ ગુરુમાસ પ્રાયશ્ચિત્ત છે. આ રીતે જાતિમાં એકવચન હોવાથી ગણ ધારણ કરનારને પ્રાયશ્ચિત્તને કહેનારા ઉદ્ધરણમાં=જાતિમાં એકવચન હોવાથી સાત રાત=ત્રણવાર સાત રાત સુધી તપ થાય છે. ત્યારપછી=તપ પ્રાયશ્ચિત્તની સમાપ્તિ અનંતર તપના ક્રમથી=સાત સાત દિવસને આશ્રયીને કરાતા તપના ક્રમથી છેદ પ્રાયશ્ચિત્ત પ્રધાવન કરે છે=ઉત્તર ઉત્તર વૃદ્ધિ પામે છે.**

**તે આ પ્રમાણે સાત દિનાદિથી ચતુર્ગુરુક છેદ છે. ત્યારપછી અન્ય સાત દિવસના અતિક્રમમાં છ લઘુ છેદ પ્રાયશ્ચિત્ત છે. ત્યારપછી અન્ય સાત દિવસના અતિવાહનમાં=ગણ પદવીના અતિવાહનમાં,**

છ ગુરુક છેદ પ્રાયશ્ચિત્ત છે. આટલા છેદ વડે અચ્છિન્ન ઘણો પણ સંયમનો પર્યાય હોતે છતે દેશોન પૂર્વકોટી પ્રયાણવાળો આ=પ્રાયશ્ચિત્તપ્રાપ્ત આચાર્ય કે ભિક્ષુ, અવશિષ્યમાણ=દેશોનપૂર્વકોટી પ્રમાણ પર્યાય અવશેષવાળો, એક દિવસથી જ છેદાય છે=ષડ્ગુરુક છેદ પ્રાયશ્ચિત્ત પછી એક દિવસ અધિક પદવી ધારણ કરે અથવા શિષ્યની પદવી પુનઃ ગ્રહણ ન કરે એનાથી જ=એક દિવસથી જ છેદાય છે=દેશોનપૂર્વકોટી પ્રમાણ પર્યાય છેદાય છે. આવા લક્ષણવાળા તેંતાલીસમા દિવસે મૂળ થાય છે= મૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. ત્યારપછી અતિક્રમ કરાયે છતે ચુમ્માલીસમા દિવસે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત છે અને પિસ્તાલીશમા દિવસે પરાંચિત પ્રાયશ્ચિત્ત છે. આ રીતે બે અંતિમ પ્રાયશ્ચિત્તદ્વય પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે વ્યવહારવૃત્તિમાં વ્યક્ત છે=પ્રગટ છે. જીતકલ્પવૃત્તિમાં વળી અહીં=દ્રવ્યપરિચ્છેદ અને ભાવપરિચ્છેદ વગરનાને ગણ સોંપે અથવા ગણ સ્વીકારે એને શું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય એ વિષયમાં, ત્રણ આદેશો લખાયા છે. ત્યાં=ત્રણ આદેશમાં, એક આચાર્ય લઘુ પાંચ રાત્રિ-દિવસથી છેદને પ્રસ્થાપન કરે છે=જે તિથિ નાનામાં નાની હોય તે તિથિના કાળમાન પ્રમાણ પાંચ રાત્રિ-દિવસથી અધિક જો તે ગણને ધારણ કરે અથવા ગુરુ તેને ગણ સોંપે તો છેદ પ્રાયશ્ચિત્તનો પ્રસ્થાપન કરે છે=પ્રારંભ કરે છે. બીજા આચાર્ય ગુરુ પંચ રાત્રિ-દિવસથી અધિક ગણને સોંપવામાં અને ધારણ કરવામાં છેદને પ્રસ્થાપન કરે છે. વળી, બીજા જ્યારથી માંડીને તપ પ્રાયશ્ચિત્ત ઉપક્રાંત છે=વ્યવહારવૃત્તિમાં તપ પ્રાયશ્ચિત્તનો પ્રારંભ કર્યો છે, ત્યારથી માંડીને છેદ પ્રાયશ્ચિત્તનું પ્રસ્થાપન કરે છે. ત્યાં=જીતકલ્પવૃત્તિના ત્રણ મતો બતાવ્યા એમાં, ત્રીજો પક્ષ સમર્થિત જ છે અને પ્રથમ પક્ષમાં સપ્તરાત્રત્રય અનંતર ચોથા સપ્તરાત્રમાં લઘુપંચક છેદ પ્રાપ્ત થાય. પાંચમા=પાંચમા સપ્તરાત્રમાં, ગુરુપંચક છેદ પ્રાપ્ત થાય. છટ્ઠા=છટ્ઠા સપ્તરાત્રમાં, લઘુદશ રાત્રિ-દિવસ છેદ પ્રાપ્ત થાય. સાતમા=સાતમા સપ્તરાત્રમાં, ગુરુદશ રાત્રિ-દિવસ છેદ પ્રાપ્ત થાય. આઠમા=આઠમા સપ્તરાત્રમાં, લઘુ પંચદશક=લઘુ પંદર રાત્રિ-દિવસ છેદ પ્રાપ્ત થાય. નવમા=નવમા પંચરાત્રમાં, ગુરુપંચદશક છેદ પ્રાપ્ત થાય. દશમા=દશમા સપ્તરાત્રમાં, લઘુ વીશ રાત્રિ-દિવસ છેદ પ્રાપ્ત થાય. એકાદશમા=અગ્યારમા સપ્તરાત્રમાં, ગુરુ વીશ રાત્રિ-દિવસ છેદ પ્રાપ્ત થાય. બારમા=બારમા સપ્તરાત્રમાં, લઘુ પચ્ચીશ રાત્રિ-દિવસ છેદ પ્રાપ્ત થાય. તેરમા=તેરમા સપ્તરાત્રમાં, ગુરુ પચ્ચીસ રાત્રિ-દિવસ પ્રાપ્ત થાય. ચૌદમા=ચૌદમા સપ્તરાત્રમાં, ગુરુ પચ્ચીસ રાત્રિ-દિવસ છેદ પ્રાપ્ત થાય. પંદરમા=પંદરમા સપ્તરાત્રમાં, ગુરુ માસિક છેદ પ્રાપ્ત થાય. સોળમા=સોળમા સપ્તરાત્રમાં, ચાર લઘુમાસિક છેદ પ્રાપ્ત થાય. સત્તરમા=સત્તરમા સપ્તરાત્રમાં ચાર ગુરુમાસિક છેદ પ્રાપ્ત થાય. અઢારમા=અઢારમા સપ્તરાત્રમાં લઘુ છ માસિક છેદ પ્રાપ્ત થાય. ઓગણીસમા=ઓગણીસમા સપ્તરાત્રમાં ગુરુ છ માસિક છેદ પ્રાપ્ત થાય. આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સર્વ સંખ્યાથી એકસો તેત્રીશ અહોરાત્ર થાય છે=ગુરુ ષડ્માસિક છેદ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અર્થાત્ કોઈ આચાર્ય ૧૩૩ અહોરાત્ર ગણને કોઈને સોંપે અથવા કોઈ મહાત્મા ધારણ કરે તો તેઓને ગુરુ છ માસિક છેદ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

અને બીજા પક્ષમાં સપ્તરાત્રત્રય પછી સાત અહોરાત્ર ગણને ધારણ કરે અથવા કોઈને સોંપે તો

**પ્રથમથી જ=ચોથા સપ્તરાત્રના પ્રારંભથી જ, ગુરુ પંચકનો છેદ, ત્યારપછી સાત દિવસમાં લઘુદશક છેદ પ્રાપ્ત થાય. આ રીતે પૂર્વોક્ત વિધિથી=પ્રથમ પક્ષમાં જે વિધિ બતાવી તે વિધિથી, ગુરુદશકાદિ પણ ષડ્ગુરુ સુધીના છેદ પ્રાયશ્ચિત્તો દરેક સાત સાત દિવસમાં જાણવા એમ અહીં=બીજા પક્ષમાં અઢાર સપ્તરાત્રિ વડે ૧૨૬ રાત્રિ-દિવસ થાય છે.**

**અહીં પ્રથમ પક્ષમાં ચોથા સપ્તરાત્રમાં લઘુ પંચ રાત્રિ-દિવસનો છેદ હતો. જ્યારે બીજા પક્ષમાં ચોથા સપ્તરાત્રમાં ગુરુપંચક રાત્રિ-દિવસનો છેદ છે. તેથી ઓગણીસને બદલે અઢાર સ્થાનની પ્રાપ્તિ થાય છે અને અઢારમા સ્થાને ગુરુષડ્માસિકનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને તેના કુલ દિવસો ૧૨૬ થાય છે. તેથી ૧૨૬ દિવસ સુધી છેદની વૃદ્ધિ થાય છે. ત્યારપછી છેદ પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થતી નથી. તેથી વ્યવહારવૃત્તિ અનુસાર મૂળાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ શકે. ॥૬૯॥**

**ભાવાર્થ :-**

જે સાધુમાં આચાર્યપદને યોગ્ય અનેક ગુણો ન હોય અને કદાચ આચાર્યપદને યોગ્ય અનેક ગુણો હોય છતાં સૂત્ર અને અર્થના નિપુણ અર્થને જાણનારા ન હોય, તેથી શાસ્ત્રાનુસાર શુદ્ધ વ્યવહાર કરવા અસમર્થ હોય એવા સાધુને કોઈ આચાર્ય ગચ્છની અનુજ્ઞા આપે તો પ્રસ્તુત ટીકામાં વર્ણન કર્યું એ પ્રમાણે છેદ અને મૂલાદિ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને જે સાધુ પોતાનામાં આચાર્યપદને યોગ્ય ગુણો નથી, છતાં સ્વમતિ અનુસાર પોતાનામાં તેવા ગુણો છે તેમ માનીને પદવી ગ્રહણ કરે છે, તેને પણ ટીકામાં વર્ણન કર્યું તે પ્રમાણે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.

વળી, કોઈ સાધુ આચાર્યપદને યોગ્ય અનેક ગુણો ધારણ કરતા હોય છતાં સૂત્ર, અર્થના પરમાર્થને ધારણ કરવા અસમર્થ હોય તો ગચ્છને શુદ્ધ વ્યવહાર દ્વારા મોક્ષમાર્ગમાં પ્રવર્તાવી શકે નહિ. છતાં તેને ગણ સોંપવામાં આવે અથવા તે સાધુ ગણને સ્વીકારે તોપણ તેને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

વળી જે સાધુ આચાર્યપદને યોગ્ય અનેક ગુણોવાળા છે અને સૂત્રાર્થને જાણનારા છે, તેથી વિશુદ્ધ વ્યવહાર કરી શકે તેમ છે. છતાં જેને શિષ્યોનો સમુદાય નથી, તેથી દ્રવ્યપરિચ્છેદ વગરના છે, તેઓને ગણધારણરૂપ આચાર્યપદ આપવું તે અર્થ વગરનું છે, છતાં તેને કોઈ પદવી આપે અને કોઈ શિષ્ય તે પદવી ગ્રહણ કરે તો તેને પણ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય; કેમ કે કોઈ ગણ જ નહિ હોવાથી કોને અનુશાસન આપે. તેથી આચાર્યપદનું જે મુખ્ય પ્રયોજન છે, કે યોગ્ય શિષ્યને શુદ્ધ વ્યવહારમાં પ્રવર્તાવીને મોક્ષમાર્ગમાં પ્રવર્તાવે તે પ્રયોજન જ તે મહાત્માને આશ્રયીને સિદ્ધ થાય નહિ. પરંતુ દ્રવ્યપરિચ્છેદ વગરના પણ ભાવપરિચ્છેદવાળા કોઈ સાધુ હોય અને આચાર્ય કાળ કરી જાય કે આચાર્ય આસન્ન મૃત્યુવાળા હોય ત્યારે પોતાનો પરિવાર જ તેને સોંપે તો દ્રવ્યપરિચ્છેદ વગરના પણ તે ભાવપરિચ્છેદવાળા હોવાથી ગણધારણના અધિકારી છે; કેમ કે તે આચાર્યના શિષ્યો વગેરે તેમની નિશ્રાથી શુદ્ધ વ્યવહારને સેવીને આત્મકલ્યાણ કરી શકે તેમ છે.

વળી, કોઈ આચાર્ય કોઈક પ્રકારના પ્રમાદવશ દ્રવ્યપરિચ્છેદ અને ભાવપરિચ્છેદ વગરનાને ગણ સોંપ્યો અને પાછળથી પશ્ચાત્તાપ થાય અને તીવ્ર સંવેગપૂર્વક પાપની આલોચના કરે તો પ્રસ્તુતમાં બતાવેલા પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરીને તે મહાત્મા શુદ્ધ થાય છે.

વળી, કોઈક ભાવપરિચ્છેદ વગરના મહાત્માને ગુરુએ ગણ સોંપ્યો અને પાછળથી તેમને સંસારના પરિભ્રમણનો ભય થાય તો તીવ્ર સંવેગપૂર્વક પ્રસ્તુતમાં બતાવેલ મર્યાદા અનુસાર પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે તો તેમનું સંયમ શુદ્ધ થાય, પરંતુ થયેલી સ્ખલનાનો પશ્ચાત્તાપ ન થયો હોય અને પશ્ચાત્તાપ થવા છતાં તીવ્ર સંવેગ ન થાય તેથી વ્યવહારની પ્રવૃત્તિ અનુસાર પ્રાયશ્ચિત્ત કરે તોપણ તેમનું ચારિત્ર શુદ્ધ થાય નહિ; કેમ કે જે ભાવોથી જે પાપ થાય છે, તેનાથી અધિક સંવેગના પરિણામથી તે પાપ નાશ પામે છે અન્યથા પાપની શુદ્ધિ થતી નથી અને જેમની પાસે આચાર્યપદને યોગ્ય અનેક ગુણો નથી અને સૂત્રાર્થનો નિપુણ બોધ નથી, તેથી સર્વત્ર ઉચિત વ્યવહારમાં તે સૂત્રોના અર્થો યોજન કરવા તે મહાત્મા સમર્થ નથી, છતાં ગણને ધારણ કરે અને તેના કારણે ગણનિશ્રિત આરાધક સાધુઓને ઉચિત વ્યવહારની અપ્રાપ્તિને કારણે જે કાંઈ અનર્થો થાય તે સર્વમાં બળવાન નિમિત્ત તે ગણધારણ કરનારા સાધુ છે અને તે સાધુને ગણ સોંપનારા ગુરુ છે. આથી જ છેદાદિના ક્રમથી સર્વ પ્રાયશ્ચિત્તોની તેઓને પ્રાપ્તિ થાય છે. **॥૬૯॥**

**અવતરણિકા :-**

**तदेवं द्रव्यतो भावतश्चापरिच्छदे गच्छानुज्ञा न युक्तेति सूत्रसम्मत्या भावितम् । अथ द्रव्यभाव-परिच्छदमेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે દ્રવ્યથી અને ભાવથી અપરિચ્છેદ હોતે છતે=દ્રવ્યથી પરિવાર રહિત અને ભાવથી આચાર્યપદ યોગ્ય અનેક ગુણો અને સૂત્રાર્થના નિપુણ જ્ઞાનરૂપ પરિચ્છેદનો અભાવ હોતે છતે, ગચ્છની અનુજ્ઞા યુક્ત નથી, એ પ્રમાણસૂત્રની સંમતિથી ભાવિત કરાયું=ગાથા-૬૯માં ભાવિત કરાયું. હવે દ્રવ્ય અને ભાવ પરિચ્છેદને જ બતાવે છે –**

**ગાથા :-**

**दव्वे परिच्छओ खलु, सच्चित्ताई णिउत्तवावारो ।**
**दंसणनाणचरित्ते, तवे अ विणए अ भावम्मि ।।७०।।**

**અન્વયાર્થ :-**

**दव्वे खलु सच्चित्ताई=દ્રવ્યના વિષયમાં ખરેખર સચિત્તાદિ णिउत्तवावारो परिच्छओ=નિયુક્ત વ્યાપારવાળો પરિચ્છેદ છે. भावम्मि अ=અને ભાવમાં, दंसणनाणचरित्ते तवे अ विणए=દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય પરિચ્છેદ છે. ॥૭૦॥**

**ગાથાર્થ :-**

**દ્રવ્યના વિષયમાં સચિત્તાદિ નિયુક્ત વ્યાપારવાળો પરિચ્છેદ છે અને ભાવમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય પરિચ્છેદ છે. ॥૭૦॥**

**ટીકા :-**

**'दव्वे'त्ति । द्रव्ये परिच्छदः खलु 'सच्चित्तादिः' सच्चितः-शिष्यादिः, अचित्तः-उपधिः, मिश्रश्चोभयसमवायादिति त्रिविधः । अयं च नियुक्तव्यापारोऽपेक्षितो यो ययोपकरणोत्पादनार्थग्रहणधर्मकथनग्लानप्रतिचरणादिलक्षणया लब्ध्या समेतः स तदनुरूपे कार्ये व्यापारित इति यावदित्थमेव गच्छवृद्धिनिर्जरावृद्धिसिद्धेः । भावे च दर्शनं ज्ञानं चारित्रं तपो विनयश्च परिच्छदः । एतदुभयपरिच्छदोपेत एव गणधारी सुव्यवहारी च भवतीति द्रष्टव्यम् ॥७०॥**

**ટીકાર્થ :-**

**द्रव्ये ..... द्रष्टव्यम् ॥ દ્રવ્યવિષયક પરિચ્છેદ ખરેખર સચિત્તાદિ-સચિત્ત=સચિત્ત શિષ્યાદિ, અચિત્ત ઉપધિ અને મિશ્ર=ઉભયના સમવાયથી=સચિત્ત, અચિત્ત, ઉભયના સંબંધથી મિશ્ર, એ પ્રકારે ત્રિવિધ છે અને આ=દ્રવ્યપરિચ્છેદ, નિયુક્ત વ્યાપારવાળો છે અર્થાત્ અપેક્ષિત જે સાધુ, જે લબ્ધિથી યુક્ત છે=ઉપકરણ ઉત્પાદનાર્થ, ઉપકરણ ગ્રહણ, ધર્મકથન, ગ્લાનપ્રતિચરણ સ્વરૂપ જે લબ્ધિથી સમેત છે. તે=તે સાધુ, તેને અનુરૂપ કાર્યમાં વ્યાપારિત છે. ત્યાં સુધીનો અર્થ છે=નિયુક્ત વ્યાપારવાળો છે, એ કથનનો અર્થ છે; કેમ કે આ રીતે જ=જેને ગચ્છની અનુજ્ઞા આપી છે, તેવા મહાત્માથી સચિત્તાદિરૂપ ત્રણ પ્રકારનો દ્રવ્યપરિચ્છેદ નિયુક્ત વ્યાપારવાળો થાય તે રીતે જ, ગચ્છની વૃદ્ધિ, ગચ્છવર્તી સાધુઓની નિર્જરાની વૃદ્ધિની સિદ્ધિ છે અર્થાત્ જે ગચ્છમાં ગચ્છ અનુજ્ઞાવાળા આચાર્ય ત્રણે પ્રકારની ઉચિત ઉપધિને ઉચિત રીતે યોજન કરતા હોય તે જોઈને અનેક યોગ્ય જીવોને આ ગચ્છમાં આપણા સંયમની વૃદ્ધિ થશે, તેવું દેખાવાથી દીક્ષા ગ્રહણ કરે છે. તેથી ગચ્છની વૃદ્ધિ થાય છે અને ઉચિત અનુશાસન દ્વારા ગચ્છવર્તી સાધુઓ સંયમના અધ્યવસાયો સ્વભૂમિકા અનુસાર વિશેષ વિશેષ કરીને નિર્જરાને પ્રાપ્ત કરે છે. તેથી નિર્જરાની વૃદ્ધિ થાય છે અને ભાવમાં-ભાવવિષયક, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનયરૂપ પરિચ્છેદ છે. આ ઉભય પરિચ્છેદથી યુક્ત જ=દ્રવ્ય અને ભાવ એ ઉભય પરિચ્છેદથી યુક્ત જ, ગણધારી અને સુવ્યવહારી થાય છે=ભગવાનના વચનાનુસાર ઉચિત વ્યવહાર કરનારા થાય છે, એ પ્રમાણે જાણવું. ॥૭૦॥**

**ભાવાર્થ :-**

ગણધારણ માટે અનુજ્ઞાત સાધુ દ્રવ્યપરિચ્છેદવાળા હોય અને ભાવપરિચ્છેદવાળા હોય તો જ તે સાધુ સર્વજ્ઞના વચનાનુસાર સુવ્યવહાર કરીને ગચ્છની વૃદ્ધિ કરે છે અને ગચ્છના સાધુઓની નિર્જરાની વૃદ્ધિ કરે છે. ત્યાં પ્રથમ દ્રવ્યપરિચ્છેદ શું છે ? એ સ્પષ્ટ કરે છે.

સચિત્ત એવા શિષ્ય કે તેમની નિશ્રામાં રહેનારા અન્ય સાધુઓ છે અને અચિત્ત એ સંયમનાં ઉપકરણો છે અને સંયમના ઉપકરણથી યુક્ત શિષ્યાદિ તે મિશ્ર છે અને જે મહાત્મા ભગવાનના વચનની સર્વ પ્રકારની મર્યાદા જાણે છે, તેથી તેઓ ગચ્છવર્તી જે સાધુઓ છે, તેમાંથી જે સાધુમાં નિર્દોષ સંયમના ઉપકારી ઉપકરણપ્રાપ્તિનું સામર્થ્ય છે, તેઓને તે પ્રકારની શક્તિને અનુસાર ઉચિત કાર્યોમાં યોજન કરે છે. જેથી ગચ્છવર્તી સાધુઓના સંયમને ઉપષ્ટંભક એવા નિર્દોષ વસ્ત્રાદિની ગવેષણા કરીને તેઓના સંયમની ચિંતા કરે છે અને પોતાની તે પ્રકારની લબ્ધિને શાસ્ત્રવચનાનુસાર પ્રવર્તાવીને સમભાવની વૃદ્ધિ કરે છે અને સુસાધુના સંયમની ચિંતા કરવા દ્વારા પોતાના સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે.

વળી, જે સાધુને માટે જે ઉપધિગ્રહણ સંયમની વૃદ્ધિનું કારણ છે, તે સાધુને તે ગ્રહણ કરવાની જ અનુજ્ઞા આપે છે. જેથી તે ઉપધિના બળથી સંયમની વિશુદ્ધિને પ્રાપ્ત કરી શકે.

વળી, જે યોગ્ય શિષ્યોમાં કે જે સમુદાયવર્તી સાધુઓમાં ધર્મકથનનું સામર્થ્ય છે, તે સાધુ સમુદાયવર્તી અન્ય સાધુઓને તે તે પ્રકારનાં ધર્મકથનો કરીને સદા સંયમમાં વૃદ્ધિ થાય તે પ્રકારના સંવેગને પ્રાપ્ત કરાવે છે તેવા સાધુને તે આચાર્ય તે કાર્યમાં નિયોજન કરે છે.

વળી, જે સાધુમાં ગ્લાનની પ્રતિચરણા કરવાની શક્તિ છે, તે સાધુની સમ્યક્ પ્રતિચરણાથી ગ્લાન સાધુ પણ સ્વશક્તિ અનુસાર સંયમમાં અપ્રમાદ કરીને નિર્જરાની પ્રાપ્તિ કરી શકે છે; કેમ કે ગ્લાનદશામાં ઉચિત વિવેકપૂર્વક પ્રતિચરણા થતી હોય અને સંવેગની વૃદ્ધિને અનુકૂળ ધર્મકથાનું શ્રવણ પ્રાપ્ત થતું હોય તો ગ્લાનાદિ દશામાં પણ આરાધક જીવો શાસ્ત્રવચનથી વાસિત થઈને શુભભાવો કરી શકે છે અને સચિત્તાદિ ત્રણ પ્રકારનો દ્રવ્યપરિચ્છેદ ઉચિત કાર્યમાં વ્યાપારિત હોય તો તે દ્રવ્યપરિચ્છેદ કલ્યાણનું કારણ બને છે અને તેવા દ્રવ્યપરિચ્છેદવાળા સાધુ જ ગણનો ઉપકાર કરી શકે છે.

વળી, ભાવપરિચ્છેદમાં ઉપકારી એવું ભગવાનના વચનમાં સ્થિર રુચિરૂપ દર્શન છે. વળી, જેનાથી સંયમની સર્વ ઉચિત પ્રવૃત્તિઓનો યથાર્થ નિર્ણય કરી શકે. જેનાથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય, તેવું શાસ્ત્રનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. પોતાના સમ્યગ્જ્ઞાન અને શરીરાદિ બળને અનુકૂળ સંયમવૃદ્ધિના ઉચિત ઉપાયોમાં દૃઢ વ્યાપારરૂપ ચારિત્ર તે સમ્યક્ ચારિત્ર છે. ચારિત્રની પુષ્ટિ કરે તેવો બાહ્ય-અભ્યંતર તપ છે. તીર્થંકર અને તીર્થંકરના વચન પ્રત્યે અને તે વચનાનુસાર ચાલનારા ઋષિઓ પ્રત્યે ઉચિત વિનય તે વિનય છે. જે સાધુમાં આ પ્રકારના દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય હોય તે સાધુ ભાવપરિચ્છેદવાળા કહેવાય. વળી, આ પ્રકારના દ્રવ્યપરિચ્છેદ અને ભાવપરિચ્છેદથી યુક્ત સાધુ પરમાર્થથી ગણધારણને યોગ્ય છે અને તેઓથી પ્રવર્તતો વ્યવહાર સુવ્યવહાર કહેવાય છે અને તેવા મહાત્માઓના સુવ્યવહારથી ઘણા યોગ્ય જીવોને તે ગચ્છ આશ્રયણીય છે, તેવી બુદ્ધિ થાય છે. તેથી કલ્યાણના અર્થી જીવો સંયમ ગ્રહણ કરે છે, તેથી ગચ્છની વૃદ્ધિ થાય છે અને સુવ્યવહારી એવા ગીતાર્થથી પ્રવૃત્ત તે ગચ્છ હોવાથી તે ગચ્છવર્તી સાધુઓ તે મહાત્માના ઉચિત અનુશાસનના બળથી ક્લેશનો પરિહાર કરીને સંયમના વિશુદ્ધ અધ્યવસાય પ્રાપ્ત કરે છે. તેના બળથી તે મહાત્માઓને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૭૦॥**

**અવતરણિકા :-**

गणधारणेच्छाऽपि परिच्छन्नस्यैव युक्ता नान्यस्येत्याह –

**અવતરણિકાર્થ :-**

ગણધારણાની ઈચ્છા પણ પરિચ્છન્નને જ યુક્ત છે=ગણધારણનો સ્વીકાર તો દ્રવ્ય અને ભાવ ઉભયથી પરિચ્છન્નને જ યુક્ત છે, પરંતુ ગણધારણની ઈચ્છા પણ દ્રવ્ય અને ભાવ ઉભયથી પરિચ્છિન્નને જ યુક્ત છે. અન્યને નહિ=દ્રવ્ય અને ભાવપરિચ્છેદ વગરના સાધુને ઈચ્છા પણ યુક્ત નથી; કેમ કે અસ્થાને ઈચ્છા એ કર્મબંધનું કારણ છે. इति=એને કહે છે=ગાથામાં કહે છે –

**ગાથા :-**

कम्माण णिज्जरट्ठा, इच्छंति गणस्स धारणं साहू ।
णो पूयट्ठं सा पुण, अपरिच्छन्नेहिं कह लब्भा ? ।।७१।।

**અન્વયાર્થ :-**

कम्माण णिज्जरट्ठा=કર્મોની નિર્જરા માટે, साहू गणस्स धारणं इच्छंति=સાધુ ગણધારણને ઈચ્છે છે. णो पूयट्ठं=પૂજા માટે નહિ. सा पुण=વળી તે=નિર્જરા, अपरिच्छन्नेहिं कह लब्भा ?=અપરિચ્છન્ન એવા સાધુ વડે=દ્રવ્યપરિચ્છેદ અને ભાવપરિચ્છેદ રહિત એવા સાધુ વડે, કેવી રીતે લભ્ય છે ? ।।૭૧।।

**ગાથાર્થ :-**

**કર્મોની નિર્જરા માટે સાધુ ગણધારણને ઈચ્છે છે, પૂજા માટે નહિ. વળી તે નિર્જરા અપિરિચ્છન્ન એવા સાધુ વડે=દ્રવ્યપરિચ્છેદ અને ભાવપરિચ્છેદ રહિત એવા સાધુ વડે, કેવી રીતે લભ્ય છે ? ।।૭૧।।**

**ટીકા :-**

'कम्माण'त्ति । कर्मणां निर्जरार्थमिच्छन्ति गणस्य धारणं साधवो न पुनः पूजार्थं मोक्षैकाकाङ्क्षित्वात्तेषाम् । अत एव जरामरणाग्निप्रदीप्तसंसारगृहप्रसुप्तभव्यप्राणिबोधकत्वेन ज्ञानादिमोक्षमार्गक्षेमप्रापकत्वेन ज्ञानादिरत्नसुपरीक्षावृद्धिकारित्वेनाविघ्नेन संसारसमुद्रपारप्रापकत्वेन गोसमगणवृत्तिसाधूनां श्वापदादिस्थानीयापराधपदजनितदुःखवारणेन ज्ञानादिगुणस्थाननयनेन च प्रतिबोधकदेशकश्रीगृहिकनिर्यामकमहागोपसदृशा आचार्यपदे स्थापनीयाः प्रतिपादिताः । 'सा च' निर्जरा चापरिच्छन्नैः कथं लभ्या ? द्रव्यपरिच्छदं विना गच्छकार्योपग्रहस्य, भावपरिच्छदं विना च प्रत्यर्थिनिग्रहादेरसम्भवात्, अतोऽपरिच्छन्नस्य गणधारणेच्छा क्लीबस्य कामिनीरिरंसेव विडम्बनामात्रमिति भावः ।।७१।।

**ટીકાર્થ :-**

कर्मणां ..... भावः ।। કર્મોની નિર્જરા માટે ગણધારણને સાધુઓ ઈચ્છે છે. વળી પૂજા માટે નહિ;

**કેમ કે તેઓનું=ભાવસાધુઓનું, મોક્ષ એક આકાંક્ષીપણું છે. આથી જ=મોક્ષ એક આકાંક્ષીપણું છે આથી જ, જરા-મરણરૂપી અગ્નિથી પ્રદીપ્ત સંસારરૂપ ગૃહમાં પ્રસુપ્ત એવા ભવ્ય પ્રાણીઓના બોધકપણાથી જ્ઞાનાદિ મોક્ષમાર્ગના ક્ષેમના પ્રાપકપણાથી=જ્ઞાનાદિ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગને કુશળતાપૂર્વક પ્રાપકપણું હોવાથી, જ્ઞાનાદિ રત્નોની સુપરીક્ષા દ્વારા વૃદ્ધિકારકપણાથી વિઘ્નરહિત સંસારસમુદ્રના પારના પ્રાપકપણાથી, ગોસમાન ગણવૃત્તિવાળા સાધુઓના શ્વાપદાદિ સ્થાનીય અપરાધપદજનિત દુઃખના વારણથી અને જ્ઞાનાદિ ગુણસ્થાનકમાં નયનથી પ્રતિબોધ, દેશક, શ્રીગૃહિક, નિર્યામક, મહાગોપ સદૃશ સાધુઓ=પૂર્વમાં બતાવેલા વિશેષણોના ક્રમથી પ્રતિબોધકથી માંડીને મહાગોપ સદૃશ સાધુઓ, આચાર્યપદમાં સ્થાપનીય પ્રતિપાદન કરાયા છે અને તે નિર્જરા અપરિચ્છન્ન એવા સાધુઓ વડે કેવી રીતે લભ્ય છે ? કેમ કે દ્રવ્યપરિચ્છેદ વગર ગચ્છના કાર્યમાં ઉપગ્રહનો અસંભવ છે=જેઓમાં ત્રણ પ્રકારનો દ્રવ્યપરિચ્છેદ ઉચિત સ્થાને નિયોજન કરવાનું સામર્થ્ય નથી, તેવા દ્રવ્યપરિચ્છેદ વગરના સાધુથી ગચ્છના કાર્યમાં ઉપગ્રહનો અસંભવ છે અને ભાવપરિચ્છેદ વગર=જ્ઞાનાદિ અંતરંગ ગુણસંપદારૂપ ભાવપરિચ્છેદ વગર, પ્રત્યર્થીના નિગ્રહાદિનો અસંભવ છે=નિર્જરાના અર્થી એવા સાધુઓના અંતરંગ શત્રુઓના નિગ્રહાદિનો અસંભવ છે. આથી=દ્રવ્યપરિચ્છેદ અને ભાવપરિચ્છેદવાળાને જ ગણધારણથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે આથી, અપરિચ્છન્ન સાધુ નપુંસકને સ્ત્રીની સાથે રમવાની ઈચ્છાની જેમ ગણધારણની ઈચ્છા વિડંબણા માત્ર છે, એ પ્રકારનો ભાવ છે. ॥૭૧॥**

**ભાવાર્થ :-**

સુસાધુ સંસારથી અત્યંત ભય પામેલા છે, તેથી મોક્ષની એક આકાંક્ષાવાળા છે. અન્ય કોઈ ઇચ્છા ભાવસાધુને નથી અને મોક્ષની પ્રાપ્તિ બાધક કર્મોની નિર્જરાથી થાય છે; કેમ કે જેમ જેમ ઘાતિકર્મો ક્ષીણ, ક્ષીણતર થાય છે તેમ તેમ સાધુનો આત્મા અસંગભાવની પરિણતિની વૃદ્ધિ દ્વારા વીતરાગતાને આસન્ન આસન્નતર બને છે. જેના પ્રકર્ષથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી સુસાધુ જે જે નિર્જરાના ઉપાયો હોય છે તે તે નિર્જરાના ઉપાયોમાંથી જે ઉપાય પોતે સેવી શકે તેમ છે, તે ઉપાયને સેવીને હું નિર્જરા પ્રાપ્ત કરું, તેવી જ ઇચ્છા ધારણ કરે છે. આથી જ જે સાધુમાં વિવેકપૂર્વક તપ કરીને નિર્જરાને અનુકૂળ શક્તિ છે, તે સાધુ તે પ્રકારના ભાવોની વૃદ્ધિના ઉપાયરૂપે તપનો નિર્ણય કરીને તે તે તપ કરવાની ઇચ્છા કરે છે. જે ઇચ્છા પરમાર્થથી મોક્ષના ઉપાયનું જ એક અંગ હોવાથી મોક્ષનું જ કારણ છે, તેમ જે સાધુમાં ગચ્છને ધારણ કરીને તે ગચ્છને ઉચિત મર્યાદા અનુસાર મોક્ષમાર્ગમાં પ્રવર્તાવીને નિર્જરા કરવાનું સામર્થ્ય છે, તે સાધુ ગચ્છને ધારણ કરવાની ઇચ્છા કરે તે પણ ઉચિત જ છે. આથી જ શાસ્ત્રમાં આચાર્યપદમાં સ્થાપન કરવા યોગ્ય નિર્જરાના અર્થી સાધુ કેવા હોય તે બતાવતાં કહ્યું છે કે જરામરણરૂપી અગ્નિથી પ્રદીપ્ત એવા સંસારરૂપ ગૃહમાં ઊંઘતા અને મોક્ષમાં જવાને યોગ્ય જે જીવો છે, તેઓને સંસારનું વાસ્તવિક સ્વરૂપ બતાવીને પ્રતિબોધ કરાવી શકે તેવા છે. આથી જ યોગ્ય જીવોની શક્તિ આદિનો નિર્ણય કરીને તે જીવોની બોધશક્તિને અનુસાર સંસાર કેવો રૌદ્ર છે ? તેનું સ્વરૂપ તે રીતે જ બતાવે છે કે જેથી મહાસંવેગપૂર્વકના

તે ઉપદેશથી શ્રોતામાં પણ તે પ્રકારનો સંવેગ ઉત્પન્ન થાય છે. જેથી સંસારથી નિસ્તરણની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થાય છે. તેથી તે મહાત્મા પ્રતિબોધક સદૃશ બને છે.

વળી, સંસારથી ભય પામીને જેઓએ સંયમ ગ્રહણ કર્યું છે, તેવા ગચ્છના સાધુઓને અને સંસારથી ભય પામેલા સાધુપણાની શક્તિના સંચયના અર્થી એવા વિવેકી શ્રાવકોને તે મહાત્મા જ્ઞાનાદિ મોક્ષમાર્ગમાં કુશળતાપૂર્વક પ્રસ્થાપન કરાવી શકે તેવા કુશળ દેશક સદૃશ છે; કેમ કે જે સાધુમાં કે જે શ્રાવકમાં જે પ્રકારની ઉત્તરના ગુણસ્થાનકમાં જવાને અનુકૂળ શક્તિ છે, તેને અનુરૂપ મહાસંવેગપૂર્વક મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. જેના શ્રવણથી તે સાધુઓ કે તે શ્રાવકો ઉત્તર ઉત્તરના મોક્ષમાર્ગમાં સુખપૂર્વક પ્રવર્તી શકે છે.

વળી, તે મહાત્મા જ્ઞાનાદિ રત્નોની સુપરીક્ષાપૂર્વક વૃદ્ધિ કરાવવા માટે સમર્થ છે માટે શ્રીગૃહિક જેવા છે અર્થાત્ રાજાના ભંડારમાં રહેલાં રત્નોની જે વૃદ્ધિ કરવા સમર્થ હોય તેવા ભંડારી જેવા છે. આથી જ જે જીવોમાં જે પ્રકારે જ્ઞાનાદિ રત્નો વૃદ્ધિ પામી શકે તેનો નિર્ણય કરીને તે તે પ્રકારનાં ઉચિત કૃત્યોમાં તે મહાત્મા સાધુઓને પ્રવર્તાવે છે. જેનાથી તે ગચ્છના સાધુઓમાં જ્ઞાનાદિ રત્નોની સતત વૃદ્ધિ કરાવે છે અને વિવેકપૂર્વક સર્વ પ્રવૃત્તિઓ કરીને તે મહાત્મા પોતાનામાં પણ જ્ઞાનાદિ રત્નો કઈ રીતે વૃદ્ધિ પામે ? તેની શાસ્ત્રવચનાનુસાર સમ્યગ્ પરીક્ષા કરીને વૃદ્ધિ કરે છે.

વળી, તે મહાત્મા સ્વનિશ્રિત સાધુઓને અને શ્રાવકોને અવિઘ્નથી સંસારસમુદ્રના પારના પ્રાપક હોવાથી નિર્યામક છે. તેઓ જ આચાર્યપદ માટે યોગ્ય છે, તેમ કહેવાયું છે.

તેથી એ પ્રાપ્ત થાય કે તે આચાર્ય ભગવાનના વચનના સૂક્ષ્મ બોધને પામેલા છે અને સંસારથી ભય પામેલા જીવોની ચિત્ર પ્રકૃતિઓ, તે તે જીવોની બોધશક્તિ, સંયમને યોગ્ય ઉચિત વીર્ય, આદિને જાણીને અને કઈ પ્રવૃત્તિથી તેઓ વિઘ્નરહિત ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકમાં જઈ શકે તેવા બોધવાળા છે તે જાણીને નિર્યામક જેમ નાવને વિઘ્નરહિત ઉચિત સ્થાને પહોંચાડે છે, તેમ આરાધક જીવોની સંયમની પરિણતિરૂપ નાવને ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા સંસારના અંતને અભિમુખ જે મહાત્મા પ્રવર્તાવી શકે છે, એવા જ મહાત્માને ગણધારણ કરવાની ઇચ્છા ઉચિત છે, અન્યને નહિ.

વળી ગાયસમ ગણવૃત્તિવાળા સાધુઓને મહાગોપની જેમ ઉચિત સ્થાને લઈ જઈ શકે તેવા મહાત્માને આચાર્યપદને યોગ્ય કહેલ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ગોવાળ ઉચિત રીતે ગાયોનું ધણ સ્થાને લઈ જાય છે, તેમ જે શિષ્યગણ તે મહાત્માના ઉચિત અનુશાસન નીચે પ્રવૃત્તિ કરી શકે તેવા છે, તેવા સાધુગણને માત્ર બાહ્ય પ્રવૃત્તિથી પ્રવર્તાવે તેવા તે મહાત્મા નથી, પરંતુ તે તે પ્રકારની બાહ્ય ઉચિત પ્રવૃત્તિ દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિ ગણના સાધુઓ કઈ રીતે કરી શકે ? તેનો ઉચિત નિર્ણય કરીને મોક્ષમાર્ગમાં પ્રવર્તાવી શકે તેવા છે. વળી, આરાધક સાધુઓને વિવેકપૂર્વક નિર્જરા કરાવી શકે તેવા સામર્થ્યવાળા હોવાથી તેઓના કલ્યાણના શુભ આશયથી ગણધારણ કરવાની ઇચ્છા તેઓને ઉચિત છે. જેઓને શિષ્યાદિરૂપ સચિત્ત કે અચિત્ત ઉપધિરૂપ દ્રવ્યપરિચ્છેદ નથી અને કદાચ શિષ્યાદિ કે ઉપધિ આદિરૂપ વસ્તુ હોય પરંતુ શિષ્યોને સંયમની વૃદ્ધિમાં

પ્રવર્તાવી શકે તેવા સામર્થ્યવાળા નથી, તેવા ભાવપરિચ્છેદ વગરના સાધુને આચાર્યપદની ઇચ્છા અત્યંત અનુચિત છે; કેમ કે ભાવપરિચ્છેદ વગર માત્ર શિષ્યાદિ ગણના બળથી તેઓનો ઉપકાર થાય નહિ. વળી, જેઓ પાસે શિષ્યાદિ ગણ છે, નિર્દોષ સંયમવૃદ્ધિનું પ્રબળ કારણ વસ્ત્રાદિ ઉપધિઓ છે, વળી નિર્દોષ રીતે ગ્રહણ કરાયેલી ઉપધિ પણ શિષ્યાદિના સંયમની વૃદ્ધિનું કારણ બને, પરંતુ પરિગ્રહનું કારણ ન બને તે રીતે ઉચિત અનુશાસન આપીને ગચ્છવર્તી સાધુઓને પ્રવર્તાવી શકે છે અને નિર્જરાના અર્થી સાધુઓના કષાયાદિનો નિગ્રહ કરાવી શકે તેવા ભાવપરિચ્છેદવાળા પણ હોવાથી તેઓને ગણધારણ કરવાની ઇચ્છા ઉચિત છે, અન્યને નહિ. **॥૭૧॥**

**અવતરણિકા :-**

**ननु किं गणं धारयितुमिच्छता पूजा सर्वथा नेष्टव्येत्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**નનુથી શંકા કરે છે શું ગણધારણ કરવાની ઈચ્છાવાળા મહાત્માને પૂજા સર્વથા ઈચ્છવા યોગ્ય નથી ? તેથી કહે છે –**

**ગાથા :-**

**णिज्जरहेउववसिया, पूअं पि अ इत्थ केइ इच्छंति ।**
**सा वि य बहुतरपूअगगुणाण हेउ त्ति ण णिसिद्धा ।।७२।।**

**અન્વયાર્થ :-**

**इत्थ=અહીં=ગણધારણની પ્રવૃત્તિમાં, णिज्जरहेउववसिया केइ=નિર્જરાના હેતુથી વ્યવસિત=પ્રવૃત્ત એવા કેટલાક, पूअं पि इच्छंति=પૂજાને પણ ઈચ્છે છે. य बहुतरपूअगगुणाण हेउ त्ति=અને બહુતરપૂજક ગુણોના હેતુ છે એથી, सा वि=તે પણ=પૂજા પણ, णिसिद्धा ण=નિષિદ્ધ નથી. ॥૭૨॥**

**ગાથાર્થ :-**

**અહીં=ગણધારણની પ્રવૃત્તિમાં, નિર્જરાના હેતુથી વ્યવસિત=પ્રવૃત્ત, એવા કેટલાક પૂજાને પણ ઈચ્છે છે અને બહુતરપૂજક ગુણોનો હેતુ છે, એથી તે પણ=પૂજા પણ નિષિદ્ધ નથી. ॥૭૨॥**

**ટીકા :-**

**'णिज्जर'त्ति । प्रथमतस्तावन्निर्जरार्थमेव गणो धारयितव्यस्ततो निर्जराहेतोर्गणधारणे व्यवसिताः 'पूजामपि' उत्कृष्टाहारोपकरणसत्कारादिलक्षणाम्, तथा सूत्रार्थेषु प्रधानोऽयमागाढप्रज्ञः शास्त्रतात्पर्यग्राही जात्यन्वितो विशुद्धभाव इत्यादिशिष्यप्रतीच्छकादिकृतश्लाघालक्षणां, केचित् स्थविरकल्पिका इच्छन्ति । साऽपि च पूजा बहुतराणां-गुरुपूजाविधायकसूत्राज्ञापालनाऽभावितशिष्यस्थिरीकरणाऽवैनयिकमान-**

**भङ्गनिमित्तनिर्जरादिलक्षणानां पूजकगुणानां हेतुरिति न निषिद्धा, गणधारणजन्ये फले तत्त्वत एतस्या अपि द्वारत्वेन तत्त्ववेदिप्रवृत्त्यविरोधित्वात्, तदुक्तम् –**

'कम्माण णिज्जरट्ठा, एवं खु गणो भवे धरेयव्वो ।
णिज्जरहेउववसिया, पूअं पि य केइ इच्छंति ।।१।।
गणधारस्साहारो, उवगरणं संथवो य उक्कोसो ।
सक्कारो सीसपडिच्छएहिं तह अन्नतित्थीहिं ।।२।।
सुत्तेण अत्थेण य उत्तमो उ, आगाढपण्णे सुअभाविअप्पा ।
जच्चन्निओ वावि विसुद्धभावो, संते गुणे या पविकत्थयंति ।।३।।
आगमो एवं बहुमाणिओ अ, आणाथिरत्तं च अभाविएसु ।
विणिज्जरा वेणइअं च णिच्चं, माणस्स भंगो वि य पूजयंते ।।४।।' ।।૭૨।।

**ટીકાર્થ :-**

**प्रथम ..... पूजयंते ।। પ્રથમથી=પ્રધાન પ્રયોજનથી નિર્જરા માટે જ ગણધારણ કરવો જોઈએ. તેથી નિર્જરાના હેતુથી ગણધારણમાં પ્રવૃત્ત=સ્વપરના સંવેગની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારના ગણધારણમાં પ્રવૃત્ત એવા આચાર્ય, ઉત્કૃષ્ટ આહાર, ઉપકરણ, સત્કાર આદિ લક્ષણ પૂજાને પણ અને સૂત્રાર્થોમાં પ્રધાન આ અગાઢ પ્રજ્ઞાવાળા છે, શાસ્ત્રના તાત્પર્યગ્રાહી છે, જાતિથી અન્વિત છે, વિશુદ્ધ ભાવવાળા છે ઈત્યાદિ શિષ્ય, પ્રતિચ્છકાદિ કૃત શ્લાઘાલક્ષણ પૂજા પણ કેટલાક સ્થવિરકલ્પિકો ઈચ્છે છે અને તે પણ પૂજા ગુરુપૂજા વિધાયક સૂત્રની આજ્ઞાના પાલનથી અભાવિત એવા શિષ્યોના સ્થિરીકરણ અવૈનયિકના માનભંગ=અવિનયવાળા સાધુઓમાં વર્તતો માન દૂર થાય, તે નિમિત્ત નિર્જરાદિ લક્ષણ પૂજકના બહુતર ગુણોનો હેતુ છે, તેથી નિષિદ્ધ નથી; કેમ કે ગણધારણજન્ય ફળમાં=ગણધારણ કરનારા મહાત્માને ગણધારણજન્ય નિર્જરારૂપ ફળમાં, આનું પણ=વિવેકપૂર્વક કરાયેલી પૂજાનું પણ, દ્વારપણું હોવાથી=નિર્જરા પ્રત્યે પૂજાનું દ્વારપણું હોવાથી, તત્ત્વવેદીની પ્રવૃત્તિનો અવિરોધ છે=મોક્ષના ઉપાયોને યથાર્થ જાણનારા એવા તત્ત્વવેદીઓની મોક્ષના અંગરૂપે પૂજાની ઈચ્છાની પ્રવૃત્તિનું અવિરોધીપણું છે, તે કહેવાયું છે=નિર્જરાના હેતુથી ગ્રહણ કરાયેલ ગણધારણ કરનારા પણ પૂજાને ઈચ્છે છે, તે આગમમાં કહેવાયું છે.**

આ રીતે ખરોખર કર્મોની નિર્જરા માટે ગણધારણ કરવો જોઈએ. નિર્જરા હેતુથી વ્યવસિત કેટલાક પૂજા પણ ઈચ્છે છે. ।।૧।।

ગણધારણનો આહાર, ઉપકરણ, સંસ્તવ, ઉત્કૃષ્ટ સત્કાર, શિષ્યપરિચ્છેદ વડે અને અન્યતીર્થિકો વડે થવો જોઈએ એમ અન્વય છે. ।।૨।।

સૂત્રથી અને અર્થથી ઉત્તમ છે. આગાઢપ્રજ્ઞાવાળા છે, શ્રુતભાવિત આત્મા છે, જાત્યાન્વિત છે, વિશુદ્ધ ભાવવાળા વિદ્યમાન ગુણોને જેઓ કહે છે. ।।૩।।

આ રીતે આગમ બહુમાનિત છે=ગણધારણની આ રીતે પ્રશંસા કરવાથી આગમ બહુમાનિત છે. અભાવિતોમાં આજ્ઞાનું સ્થિરપણું થાય છે. વિશિષ્ટ નિર્જરા અને નિત્ય વિનય અને વિનય વગરના જીવોનો માનભંગ=અવૈનયિકભાવનું નિવારણ, પૂજન કરાતા એવા તેઓથી થાય. ।।૪।। ।।૭૨।।

**ભાવાર્થ :-**

ગાથા-૭૧માં કહ્યું કે કર્મોની નિર્જરા અર્થે સાધુઓ ગણધારણની ઇચ્છા કરે છે, પરંતુ પૂજા અર્થે નહિ. ત્યાં માનકષાયજન્ય ખ્યાતિના અભિલાષરૂપ પરિણામથી પૂજાના નિષેધનું વચન છે; કેમ કે સંસારથી ભય પામેલા સાધુ મોક્ષની એક ઇચ્છાવાળા છે. અન્ય કોઈ ઇચ્છાવાળા નથી અને માન-સન્માનની ઇચ્છા એ મોક્ષની બાધક પરિણતિ છે. તેથી નિર્જરાના અર્થી સાધુ ક્યારે પણ માન-ખ્યાતિ અર્થે ગણને ધારણ કરે નહિ, પરંતુ યોગ્ય શિષ્યોને મોક્ષમાર્ગમાં પ્રવર્તાવવાની જે પોતાની નિપુણ શક્તિ છે, તે શક્તિને સ્વપરના કલ્યાણમાં પ્રવર્તાવીને સફલ કરવા દ્વારા નિર્જરાની પ્રાપ્તિના અર્થી છે તેથી ગણને ધારણ કરે છે છતાં અનાભોગથી પણ માન-કષાયનો પરિણામ થાય કે લોકોનો સત્કાર મધુર લાગે તો સંયમમાં અતિચારની પ્રાપ્તિ થાય તેટલા અંશે નિર્જરામાં સ્ખલના થાય છે. તેથી નિર્જરામાં બાધક પરિણામની ઇચ્છા નિર્જરાના અર્થી સાધુ ક્યારે પણ કરે નહિ.

વળી, પ્રસ્તુત ગાથામાં કહ્યું કે ગણધારણની શક્તિવાળા મહાત્માએ નિર્જરા માટે જ ગણધારણ કરવો જોઈએ. ત્યાં एवकार દ્વારા અર્થથી ફલિત થાય છે કે નિર્જરાના અર્થી એવા તે મહાત્મા માન-કષાયની પોષક પૂજાને ક્યારે પણ ઇચ્છે નહિ, છતાં કેટલાક તે પૂજાને પણ ઇચ્છે છે તે કથન નયભેદથી છે અને તેનાથી એ ફલિત થાય કે માન-કષાયની પોષક તે પૂજાને તે સાધુ ઇચ્છતા નથી, પરંતુ નિર્જરાના અંગભૂત એવી પૂજાને ઇચ્છે છે; કેમ કે ઉચિત પ્રવૃત્તિ નિર્જરાનું કારણ છે અને અનુચિત પ્રવૃત્તિ કર્મબંધનું કારણ છે અને માન-કષાયને વશ પૂજાને ઇચ્છે તે અનુચિત પ્રવૃત્તિ હોવાથી કર્મબંધનું કારણ છે અને નિર્જરાના અંગભૂત પૂજાને ઇચ્છે તે ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી ઇચ્છનીય જ છે.

કેવા પ્રકારની તેઓની પૂજા ઇચ્છનીય છે ? જેનાથી નિર્જરા થાય છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે કે પોતાના શિષ્ય કે પોતાની નિશ્રામાં સંપદાને સ્વીકારીને રહેલા પ્રતિચ્છક કે અન્ય ગુરુ આદિના શિષ્યો પોતાની નિશ્રામાં રહેલા છે, તેઓને સંયમની સર્વ પ્રવૃત્તિઓ સૂત્ર અને અર્થ અનુસાર પોતે કરાવે છે અને જેનાથી તેઓ સંયમની વૃદ્ધિને પામી રહ્યા છે, તેથી ભગવાનના વચન પ્રત્યે તેઓને અત્યંત પક્ષપાત થાય છે કે ભગવાનનું આ વચન ઉચિત પ્રવૃત્તિ કરાવીને નિર્લેપ નિર્લેપતર પરિણતિ પોતાનામાં પ્રગટ કરે છે. તેથી પોતાનું સંયમ ઉત્તર ઉત્તર વૃદ્ધિ પામતું સ્વસંવેદિત તેઓને જણાય છે અને તે સર્વનું મુખ્ય કારણ ગચ્છ ધારણ કરનાર આચાર્ય છે; કેમ કે તેમના અનુશાસનના બળથી જ પોતે તે પ્રકારની પ્રવૃત્તિ કરી શકે છે, તેવો સ્પષ્ટ નિર્ણય તેઓને થાય છે. તેથી એ મહાત્મામાં રહેલ આગાઢ પ્રજ્ઞા જોઈને હૈયામાં બહુમાન થાય છે. એથી યોગ્ય જીવોની પાસે હૈયામાં વર્તતા ભાવોની અભિવ્યક્તિ કરતા તે શિષ્યાદિ ગણ કહે છે કે સૂત્રાર્થમાં આ મહાત્મા પ્રધાન છે. તેથી સમસ્ત ગણને જે પ્રવૃત્તિ કરાવે છે, તે ઉચિત પ્રવૃત્તિમાં સૂત્રોનું યોજન કરીને શિષ્યોને પણ તે સૂત્રોના અર્થમાં નિપુણ કરે છે.

વળી, આ મહાત્મા આગાઢ પ્રજ્ઞાવાળા છે, તેથી જીવોની યોગ્યતાના ભેદથી તે તે જીવોનું કલ્યાણ થાય તે રીતે તે તે સૂત્રોની ઉચિત ક્રિયાનું શિષ્યોમાં યોજન કરીને તેઓને બતાવે છે. જેથી સ્વભૂમિકા અનુસાર તે તે ઉચિત પ્રવૃત્તિ કરીને તે જીવો પણ વિશુદ્ધ વિશુદ્ધતર અધ્યવસાયની પરિણતિને પ્રાપ્ત કરે છે. તેથી ગુરુની આગાઢ પ્રજ્ઞા જોઈને તે શિષ્યો તેઓની શ્લાઘા કરે છે. આ પ્રકારની શિષ્યો દ્વારા કરાયેલી શ્લાઘા શિષ્યોના ગુણની વૃદ્ધિનું કારણ હોવાથી તે આચાર્ય શિષ્યો ઉચિત શ્લાઘા કરીને નિર્જરાને પ્રાપ્ત કરે એ પ્રકારના વિશુદ્ધ અધ્યવસાયથી શ્લાઘાને ઇચ્છે છે. પરંતુ પોતાનો સત્કાર થાય એ પ્રકારનાં આશયથી શ્લાઘા ઇચ્છતા નથી.

વળી, શિષ્યાદિ ગણને શાસ્ત્રવચનો સમજાવે છે, ત્યારે શિષ્યો સ્વયં શાસ્ત્રના તાત્પર્યને ગ્રહણ કરવા સમર્થ નહિ હોવા છતાં તે આચાર્ય જ્યારે શાસ્ત્રનું તાત્પર્ય બતાવે છે, તેને જોઈને તેઓને સ્થિર વિશ્વાસ થાય છે કે શાસ્ત્રનું જે પારમાર્થિક તાત્પર્ય છે તેને સ્પર્શી શકે તેવા શાસ્ત્રના તાત્પર્યને ગ્રહણ કરનારા આ મહાત્મા છે.

વળી, જેમ ઉચિત જાતિવાળા પુરુષો ક્યારેય અનુચિત પ્રવૃત્તિ કરે નહિ, તેમ ગચ્છવર્તી સાધુઓને તે રીતે સર્વત્ર પ્રવર્તાવતા જોઈને શિષ્યાદિ ગણને સ્વઅનુભવથી જણાય છે કે આ મહાત્મા અત્યંત જાત્યાન્વિત છે. જેથી કષાયવશ ક્યારે પણ કોઈ વ્યવહાર કરતા નથી.

વળી, શિષ્યાદિ પાસેથી કોઈ અપેક્ષા નથી. કેવલ શિષ્યાદિ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને કેમ નિર્જરા કરે ? તેવા વિશુદ્ધ ભાવવાળા છે. આ પ્રકારના ગુણો પોતાનામાં વર્તતા હોય અને તે ગુણોની તે શિષ્યાદિ ગણ શ્લાઘા કરે તો પૂજક એવા તે જીવોને=ગુણવાન એવા ગુરુના પૂજક એવા શિષ્યોને, તે ગુણવાન ગુરુના ગુણોની શ્લાઘા નિર્જરાનું કારણ બને છે. તેથી યોગ્ય જીવો ઉચિત પ્રવૃત્તિ કરીને નિર્જરા કરે તેના અર્થી હોવાથી તે મહાત્મા શિષ્યાદિ ગણના નિર્જરાના આશયથી તેઓ તે પ્રકારે શ્લાઘા કરે તે તેમને પ્રીતિકર થાય છે અર્થાત્ પોતાને આદર આપે છે માટે પ્રીતિકર થતું નથી, પરંતુ પોતાનામાં રહેલા મોક્ષમાર્ગને અનુકૂળ જે ગુણો છે તે ગુણો પ્રત્યેના તેઓ આદરવાળા છે. તેથી એ પ્રકારની પ્રશંસા કરીને તેઓ નિર્જરા પ્રાપ્ત કરે છે. તે જોઈને તે મહાત્માને હર્ષ થાય છે.

આનાથી એ ફલિત થાય કે ગુણવાન ગુરુમાં રહેલા ઉચિત ગુણોની પ્રશંસા કરવાથી ગુરુની પૂજાનાં વિધાયક જે સૂત્રો છે, તેની આજ્ઞાનું પાલન થાય છે. તેથી પ્રશંસા કરનારને નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈક અભાવિત શિષ્ય હોય અર્થાત્ કલ્યાણનો અર્થી હોય છતાં તે પ્રકારના શાસ્ત્રોથી ભાવિત ન હોય, જેથી ગુણવાન ગુરુના ગુણોને જોઈને પણ તે પ્રકારનો બહુમાનભાવ થતો નથી. પરંતુ પોતાના સહવર્તી અન્ય ગણના અન્ય સાધુઓ ગુણવાન ગુરુના તે તે ગુણોને સ્વઅનુભવ અનુસાર યોજન કરીને પ્રશંસા કરતા હોય તે સાંભળીને તે અભાવિત શિષ્યને પણ તે ગુણવાન ગુરુ તે રીતે પ્રતિભાસમાન થાય છે. જેથી તે શિષ્ય પણ તેવા ગુણવાનને પરતંત્ર થવારૂપ સ્થિરભાવવાળા થાય છે. તેથી તે પ્રકારની પોતાની શ્લાઘા અન્યના સ્થિરીકરણનું કારણ છે, તે સ્વરૂપે તે શ્લાઘાને ઇચ્છે છે.

વળી, કેટલાક સાધુઓ કર્મના દોષથી કંઈક અવિનયની પ્રવૃત્તિવાળા છે, છતાં કલ્યાણના અર્થી પણ છે. કર્મદોષને કારણે વારંવાર અવિનયવાળી પ્રવૃત્તિ ઉલ્લસિત થાય છે, તેઓ પણ જ્યારે ગણવર્તી અન્ય સાધુઓની તે પ્રકારની યુક્તિ અને અનુભવ અનુસાર પ્રશંસા સાંભળે છે, ત્યારે તેઓમાં વર્તતો જે માનનો પરિણામ હતો. જેના કારણે અવિનયભાવ વારંવાર થતો હતો તે નિવર્તન પામે છે. તેથી તે માન-કષાયના નિવર્તનજન્ય નિર્જરાની પ્રાપ્તિ તે અવિનયિક સાધુને થાય છે. તેનું કારણ ગુણવાન શિષ્યોએ કરેલી શ્લાઘા છે, તેવો બોધ હોવાથી અન્યની નિર્જરાના અંગરૂપે પોતાની શ્લાઘા તે મહાત્માને હર્ષ ઉત્પન્ન કરે છે. તેથી અન્ય જીવોના નિર્જરાના કારણને જોઈને જે હર્ષ છે, તે ઉચિત પ્રવૃત્તિના પક્ષપાતજન્ય પરિણામરૂપ હોવાથી નિર્જરાનું જ દ્વાર છે માટે નિર્જરાના દ્વારરૂપે જ પોતાની પ્રશંસા અન્ય મહાત્માઓ ઇચ્છે છે; તે શાસ્ત્રવિરુદ્ધ નથી.

સંક્ષેપથી એ ફલિત થાય કે કર્મબંધના કારણભૂત માન-કષાયજન્ય પૂજાની ઇચ્છા નિષિદ્ધ છે અને કર્મનિર્જરાના અંગભૂત ઉચિત ગુણોની પ્રશંસારૂપ પોતાની પૂજા નિર્જરાનું અંગ હોવાથી શાસ્ત્રસંમત છે. **II૭૨II**

**અવતરણિકા :-**

**निर्जरार्थं गणधारणे प्रवृत्तस्यानुषङ्गिकीं पूजामपीच्छतो दोषाभावे दृष्टान्तमाह —**

**અવતરણિકાર્થ :-**

**નિર્જરા માટે ગણધારણમાં પ્રવૃત્ત સાધુની આનુષંગિક પૂજા પણ=નિર્જરાના અંગભૂત અને નિર્જરાને અનુસરનાર એવી પૂજા પણ, ઇચ્છતા સાધુના દોષાભાવમાં દૃષ્ટાંતને કહે છે –**

**ગાથા :-**

**लोइअधम्मणिमित्तं, पउमाई खाणिए तलावम्मि ।**
**सेवंतो व्व ण दुट्ठो, पूअं पि गणे पडिच्छंतो ।।७३।।**

**અન્વયાર્થ :-**

**लोइअधम्मणिमित्तं तलावम्मि खाणिए=લૌકિક ધર્મ નિમિત્તે તળાવ ખોદાયે છતે, पउमाई सेवंतो व्व= પદ્માદિનું સેવન કરનારની જેમ, गणे=ગણને સ્વીકારતા સાધુની, पूअं पि पडिच्छंतो दुट्ठो ण=પૂજા પણ ઇચ્છતા દુષ્ટ નથી. ।।૭૩।।**

**ગાથાર્થ :-**

**લૌકિક ધર્મ નિમિત્તે તળાવ ખોદાયે છતે પદ્માદિનું સેવન કરનારાની જેમ ગણને સ્વીકારતા સાધુની પૂજા પણ ઇચ્છતા દુષ્ટ નથી. ।।૭૩।।**

**ટીકા :-**

'लोइअ'त्ति । 'लौकिकधर्मनिमित्तं' लौकिकीं श्रुतिमाकर्ण्य जातया धर्मेच्छया खानिते तटाके

**स्वतः प्रादुर्भूतान् पद्मादीन् 'सेवमान इव' सौरभार्थं गृह्णन्निव निर्जरार्थं धृते गणे वस्तुगुणादेव जायमानां पूजां प्रतीच्छन्न दुष्टः, प्रथमप्रवृत्तेरतदर्थत्वात्तदर्थायास्तस्या एव गर्हितत्वादिति भावः । तदुक्तम् –**

'लोइअधम्मणिमित्तं, तडागखाणावियम्मि पउमाई ।

णवि गरहिआणि भोत्तुं, एमेव इमं पि पासामो ।।१।।' **त्ति ।।७३।।**

**ટીકાર્થ :-**

**'लौकिकधर्मनिमित्तं' ..... पासामो ।।' त्ति ।। લૌકિક ધર્મ નિમિત્તે=લૌકિકી શ્રુતિને સાંભળીને થયેલા ધર્મની ઈચ્છાથી ખોદાયેલા તળાવમાં સ્વતઃ પ્રાદુર્ભૂત થયેલાં કમળોને સેવનારાને જેમ=સૌરભ માટે ગ્રહણ કરનારાની જેમ, નિર્જરા માટે ધારણ કરાયેલો ગણ હોતે છતે પણ વસ્તુગુણોથી જ=મહાત્મામાં વર્તતા મોક્ષને અનુકૂળ શ્રુતાદિ ગુણોથી જ, થતી પૂજાને ઈચ્છતા પણ આચાર્ય દુષ્ટ નથી=માનના અર્થીપણાથી પૂજાને ઈચ્છતા નથી, પરંતુ યોગ્ય જીવો ગુણવાનની ઉચિત ભક્તિ કરે એવા આશયથી પૂજાને ઈચ્છતા આચાર્ય દુષ્ટ નથી; કેમ કે પ્રથમ પ્રવૃત્તિનું=આચાર્યપદને ગ્રહણ કરવાની પ્રવૃત્તિનું, તદર્થપણું હોવાથી તદર્થ એવી તેનું જ=પૂજા અર્થે જ આચાર્યપદ ગ્રહણનું જ ગર્હિતપણું છે. એ પ્રકારનો ભાવ છે=પૂજાને ઈચ્છતા આચાર્ય દુષ્ટ નથી, એ કથનનો ભાવ છે. તે કહેવાયું છે=ગાથામાં કહ્યું તે કહેવાયું છે.**

લૌકિક ધર્મના નિમિત્તે તળાવ ખોદાયે છતે પદ્માદિ ભોગવવું ગર્હિત નથી, એ રીતે જ આ પણ=નિર્જરાર્થે ગ્રહણ કરાયેલ ગણધારણ પૂજા અર્થે પણ, અમે જોઈએ છીએ. ।।૧।। **।।૭૩।।**

**ભાવાર્થ :-**

લૌકિક ધર્મને કરનારા કોઈકને બોધ થાય કે લોક અર્થે તળાવ ખોદાવવાથી ઘણાં જીવોને જલાદિની પ્રાપ્તિ થશે, જીવનવ્યવસ્થા સુંદર થશે. તેથી લોકોના બાહ્ય હિતને સામે રાખીને તળાવ ખોદાવે અને તે તળાવમાં સ્વતઃ પ્રાદુર્ભાવ પામેલાં કમળોને તે સેવન કરે અર્થાત્ તે પદ્મોની સૌરભનો આનંદ અનુભવે તે કૃત્યમાં લોકના હિતનો મુખ્ય આશય હતો. પદ્માદિ સેવનનો આશય ન હતો, છતાં સ્વતઃ પ્રાદુર્ભાવ પામેલા તે કમળની સૌરભને તે તળાવ ખોદાવનાર અનુભવે છે અને હર્ષિત થાય છે, તેમ મોક્ષની એક ઇચ્છાવાળા ગણધારણની યોગ્યતાને પ્રાપ્ત કરેલા મહાત્મા વિચારે કે યોગ્ય શિષ્યો વગેરેને ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તે રીતે અપ્રમાદથી હું યત્ન કરીશ તો પોતાની શક્તિનો સ્વપર કલ્યાણ અર્થે કરાયેલો ઉપયોગ સમભાવની વૃદ્ધિ દ્વારા પોતાના જ હિતનું કારણ થશે. તેથી તે રીતે તે મહાત્મા શિષ્યાદિને અનુશાસન આપીને ગણધારણ કરે છે, ત્યારે શાસ્ત્રના તાત્પર્યગ્રાહી આચાર્યના અનુશાસનને જોઈને હર્ષિત થયેલા શિષ્યો તેઓની શ્લાઘા કરે તે તે શિષ્યો માટે નિર્જરાનું કારણ છે. તેથી શિષ્યો તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરે એવી આચાર્યને જે ઇચ્છા થાય છે, તે દુષ્ટ નથી; કેમ કે ઉચિત પ્રવૃત્તિ પ્રત્યેનો બદ્ધરાગ છે તેથી પોતે પણ ઉચિત

પ્રવૃત્તિ કરે છે અને શિષ્યો પણ ઉચિત પ્રવૃત્તિ કરે તેવી ઇચ્છા રાખે છે, તે દુષ્ટ નથી. પરંતુ શિષ્યો પોતાના ગુરુની લોકો આગળ પ્રશંસા કરે તેવા માન-કષાયને વશ તેવી ઇચ્છા કરે તો તે પૂજાની ઇચ્છા ગર્હિત છે. ॥૭૩॥

**અવતરણિકા :-**

**ननु पूजार्थप्रवृत्तिर्न प्राथमिक्येव निषिद्धा किन्तु सार्वदिकी, पूजासत्कारोपबृंहणस्य सदैव दशवैकालिकादौ प्रतिषिद्धत्वादित्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**નનુથી પૂર્વપક્ષી શંકા કરે છે –**

**પૂજા માટે પ્રવૃત્તિ પ્રાથમિકી જ નિષિદ્ધ નથી, પરંતુ સાર્વદિકી પૂજા-અર્થપ્રવૃત્તિ નિષિદ્ધ છે; કેમ કે પૂજાસત્કારના ઉપબૃંહણનું=કોઈ શિષ્યાદિ પોતાનાં પૂજા-સત્કાર કરતા હોય તેના ઉપબૃંહણનું, સદા જ, દશવૈકાલિક આદિમાં પ્રતિષિદ્ધપણું છે. આથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે કોઈ આચાર્ય ગણનું ધારણ પૂજા અર્થે કરે તે દુષ્ટ છે, પરંતુ યોગ્ય જીવોને ઉચિત અનુશાસન આપીને હું નિર્જરા પ્રાપ્ત કરું, એ આશયથી ગણધારણ કરે ત્યારપછી શિષ્યો તેમનો પૂજા-સત્કાર કરે તે દોષરૂપ નથી. ત્યાં શંકા કરતાં કહે છે.

પૂજા માટે ગણધારણની પ્રવૃત્તિ જે પ્રાથમિકી છે, તે જ માત્ર નિષિદ્ધ નથી, પરંતુ નિર્જરા અર્થે પણ સ્વીકારાયેલું ગણનું ધારણ હોવા છતાં પછી પણ કોઈ મહાત્માને પૂજા-સત્કારની ઇચ્છા થાય તે નિષિદ્ધ જ છે; કેમ કે દશવૈકાલિકમાં કોઈ આચાર્ય પોતાના પૂજા-સત્કારની ઉપબૃંહણા કરે, તેનો પણ પ્રતિષેધ કર્યો છે. આ પ્રકારની શંકામાં ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે.

**ગાથા :-**

**पूआसक्काराणं, जं पुण उववूहणं पडिक्कुट्ठं ।**
**साभिस्संगं चित्तं, पडुच्च तं न उण णिस्संगं ।।७४।।**

**અન્વયાર્થ :-**

**पूजासक्काराणं पुण=વળી પૂજા-સત્કારનું, उववूहणं जं पडिक्कुट्ठं=ઉપબૃંહણ જે પ્રતિકૃષ્ટ છે=નિષિદ્ધ છે. तं साभिस्संगं चित्तं पडुच्च=તે સાભિષ્વંગ ચિત્તને આશ્રયીને છે=પૂજા-સત્કારની પ્રીતિને વહન કરનાર અભિષ્વંગવાળા ચિત્તને આશ્રયીને છે. न उण णिस्संगं=પરંતુ નિઃસંગને નથી=જે મહાત્માનું ચિત્ત નિઃસંગ છે અને નિઃસંગભાવપૂર્વક શિષ્યો ઉચિત કૃત્યો કરે તેવા અભિલાષથી તેઓના પૂજા-સત્કારની પ્રશંસા કરે તે નિષિદ્ધ નથી. ॥૭૪॥**

**ગાથાર્થ :-**

**વળી પૂજા-સત્કારનું ઉપબૃંહણ જે પ્રતિકૃષ્ટ છે=નિષિદ્ધ છે, તે સાભિષ્વંગ ચિત્તને આશ્રયીને છે=પૂજા-સત્કારની પ્રીતિને વહન કરનાર અભિષ્વંગવાળા ચિત્તને આશ્રયીને છે. પરંતુ નિસંગને નથી=જે મહાત્માનું ચિત્ત નિસંગ છે અને નિઃસંગભાવપૂર્વક શિષ્યો ઉચિત કૃત્યો કરે તેવા અભિલાષથી તેઓના પૂજા-સત્કારની પ્રશંસા કરે તે નિષિદ્ધ નથી. ।।૭૪।।**

**ટીકા :-**

'पूआसक्काराणं'त्ति । पूजासत्कारयोर्यत्पुनरुपबृंहणं प्रतिक्रुष्टं तत्साभिष्वङ्गं चित्तं प्रतीत्य न पुनर्निःसङ्गम् । तच्च पूजामात्रेच्छया प्रथमप्रवृत्तौ स्यान्न तूत्तरकालं फलावगमेन तदिच्छायां वस्तुतो निर्जरार्थमिष्यमाणायां पूजायां स्वतन्त्रेच्छाविषयत्वाभावादेव न साभिष्वङ्गत्वमिति रमणीयम् ।।७४।।

**ટીકાર્થ :-**

पूजासत्कारयोर्यत्पुनरुपबृंहणं ..... रमणीयम् ।। **વળી પૂજા-સત્કારનું જે ઉપબૃંહણ પ્રતિકૃષ્ટ છે=નિષિદ્ધ છે, તે સાભિષ્વંગ ચિત્તને આશ્રયીને=પૂજા-સત્કારના કાળમાં તે નિમિત્તને પામીને માન-કષાયના પરિણામજન્ય રાગના પરિણામવાળા ચિત્તને આશ્રયીને છે. પરંતુ નિઃસંગ ચિત્તને આશ્રયીને નથી=શિષ્યો ગુણની અનુમોદના કરે છે, મારી નહિ. તેથી તે પ્રશંસામાં મધુરતાનું વેદન થતું નથી, પરંતુ શિષ્યોના વિવેકપૂર્વકના ગુણરાગનું ઉપબૃંહણ નિષિદ્ધ નથી અને તે પૂજા માત્રની ઈચ્છાથી પ્રથમ પ્રવૃત્તિમાં થાય=પૂજા માત્રની ઈચ્છાથી ગણધારણની પ્રવૃત્તિમાં સાભિષ્વંગ ચિત્ત થાય. વળી ઉત્તરકાળમાં ફ્લનો અવગમ થવાથી=નિર્જરા અર્થે ગણધારણ કર્યા પછી વિવેકપૂર્વક ગણને અનુશાસન આપવાની ક્રિયાથી થતા ઉત્તરકાળમાં નિઃસંગ ચિત્તરૂપ ફ્લના સંવેદનથી, તેની ઈચ્છામાં=યોગ્ય શિષ્યો ગુણની ઉપબૃંહણા કરીને પોતાનું ગુણવૃદ્ધિનું ચિત્ત પ્રાપ્ત કરે તદર્થે તેઓના ગુણની ઉપબૃંહણાની ઈચ્છામાં, વસ્તુતઃ નિર્જરાર્થે ઈચ્છાતી પૂજા હોતે છતે સ્વતંત્ર ઈચ્છાના વિષયત્વનો અભાવ હોવાથી જ=નિર્જરાને અનુકૂળ અસંગભાવના પરિણામથી અન્ય માન-સન્માનની ઈચ્છાના વિષયપણાનો અભાવ હોવાથી જ, સાભિષ્વંગપણું નથી=શિષ્યોના પૂજા-સત્કારની ઉપબૃંહણામાં સાભિષ્વંગપણું નથી. એથી રમણીય છે=પૂજા-સત્કારનું ઉપબૃંહણ રમણીય છે. ।।૭૪।।**

**ભાવાર્થ :-**

ઉચિત પ્રવૃત્તિ નિર્જરાનું કારણ છે; કેમ કે રાગ-દ્વેષના મધ્યવર્તી સમભાવના પરિણામથી સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ થાય છે અને ઉચિત પ્રવૃત્તિની અનુમોદના એ પણ ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી સમભાવનું જ અંગ છે. તેથી શિષ્યો ઉચિત પ્રવૃત્તિ કરીને નિર્જરા પ્રાપ્ત કરે તેવા નિરભિષ્વંગ ચિત્તવાળા જે ગણધારણ કરનારા આચાર્ય છે, તેઓ શિષ્યોની ઉચિત પ્રવૃત્તિમાં ઉત્સાહ આધાન અર્થે તેઓ પોતાના જે યથાર્થ ગુણો છે, તે ગુણોને તે રીતે જાણીને પ્રશંસા કરે છે. તેની ઉપબૃંહણા કરે છે. તે શિષ્યોને પણ તે ઉચિત પ્રવૃત્તિ

પ્રત્યે વિશેષ પક્ષપાત થવાથી નિર્જરાનું કારણ બને છે અને આચાર્યને પણ શિષ્યોની ઉચિત આચરણાની ઉપબૃંહણાજન્ય નિર્જરાની પ્રાપ્તિ થાય છે. તેથી તેનો શાસ્ત્રમાં નિષેધ કર્યો નથી, પરંતુ પોતાના ગુણોની પ્રશંસા કરે તેવા માનના પરિણામને વશ જે આચાર્ય શિષ્યોની આચરણાની ઉપબૃંહણા કરે, તેનો શાસ્ત્રમાં નિષેધ છે. આથી જ માન-કષાયને વશ જે આચાર્ય પોતાનામાં વિદ્યમાન હોય કે વિદ્યમાન ન હોય તેવા પણ ગુણો શિષ્યો લોકો આગળ કહેતા હોય તે જેમને મધુર લાગે છે, તેઓના સાભિષ્વંગ ચિત્તને આશ્રયીને તે ઉપબૃંહણા કે તે પ્રશંસાનું મૌનથી શ્રવણ પણ કર્મબંધનું કારણ હોવાથી શાસ્ત્રમાં નિષિદ્ધ છે.

વળી, અવિદ્યમાન ગુણોની પણ પ્રશંસા જેમને પ્રિય લાગે છે, તેઓને તે વિપર્યાસ આધાયક મનોવૃત્તિ હોવાથી વિશેષ પ્રકારના કર્મબંધની પ્રાપ્તિ થાય છે. **॥૭૪॥**

**અવતરણિકા :-**

**किञ्च तस्यां पूजायां स्वीयत्वाभिमानाभावादपि न साभिष्वङ्गत्वमित्याह —**

**અવતરણિકાર્થ :-**

**વળી તે પૂજામાં=ગુણવાન શિષ્યો ગુરુના ગુણને જોઈને તેમની જે પ્રશંસાદિ કરે છે, તે પૂજામાં, સ્વીયત્વના અભિમાનનો અભાવ હોવાથી પણ=આ પ્રશંસા મારી નથી પરંતુ જિનવચનાનુસાર મારામાં પ્રગટ થયેલા શ્રુતવિશેષની પૂજા છે તે પ્રકારનો ભાવ હોવાથી પણ, સ્વાભિષ્વંગપણું નથી, એને કહે છે —**

**ગાથા :-**

**तित्थपभावगपूआ, जिणे अ तित्थे अ पज्जवसिअ त्ति ।**
**इट्ठा सा वि य ण हवे, अणिच्छियत्ते जओ भणियं ।।७५।।**

**અન્વયાર્થ :-**

**तित्थपभावगपूआ=તીર્થપ્રભાવકની પૂજા, जिणे अ तित्थे अ=જિનમાં અને તીર્થમાં=પ્રવચનમાં, पज्जवसिअ त्ति इट्ठा=પર્યવસિત છે એથી ઈષ્ટ છે. अणिच्छियत्ते य=અને અનિશ્ચિતત્વમાં=શ્રુતાર્થના પારને નહિ પામેલા એવા ગણધારીમાં, सा वि=તે પણ=પૂજા પણ, ण हवे=કરાય નહિ=તેઓના ગુણની પ્રશંસા પણ કરાય નહિ, जओ भणियं=જે કારણથી કહેવાયું છે. ।।૭૫।।**

**ગાથાર્થ :-**

**તીર્થપ્રભાવકની પૂજા જિનમાં અને તીર્થમાં=પ્રવચનમાં, પર્યવસિત છે. એથી ઈષ્ટ છે અને અનિશ્ચિતત્વમાં=શ્રુતાર્થના પારને નહિ પામેલા એવા ગણધારીમાં, તે પણ=પૂજા પણ કરાય નહિ=તેઓના ગુણની પ્રશંસા પણ કરાય નહિ, જે કારણથી કહેવાયું છે. ।।૭૫।।**

**ટીકા :-**

**'तित्थ'त्ति । तीर्थप्रभावकस्य=शास्त्राध्ययनाध्यापनादिना जिनशासनश्लाघाकारिणो गणधारिणः, पूजा, 'जिने च' शास्त्रस्वामिनि 'तीर्थे च' प्रवचने पर्यवसिता शास्त्रगुणेन श्लाघ्यमाने आचार्येऽर्थाच्छास्तृ-शास्त्रयोरपि श्लाघालाभादिति हेतोरिष्टा, स्वपूजायामपि शास्तृशास्त्रश्लाघात्वेनेष्यमाणायां दोषाभावादिति। 'सापि च' पूजा न भवेत् 'अनिश्चितत्वे' श्रुतार्थापारगत्वे, यतो भणितं सम्मत्यादौ ।।૭૫।।**

**ટીકાર્થ :-**

**तीर्थप्रभावकस्य ..... सम्मत्यादौ ।। તીર્થપ્રભાવકની=શાસ્ત્ર અધ્યયન-અધ્યાપનાદિ દ્વારા જિનશાસનની શ્લાઘા કરનારા અર્થાત્ લોકમાં જિનશાસનની શ્લાઘા થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરનારા ગણધારીની, પૂજા, જિનમાં=શાસ્ત્રસ્વામી એવા તીર્થંકરમાં અને તીર્થમાં=પ્રવચનમાં, પર્યવસાન પામેલી છે; કેમ કે શાસ્ત્રગુણથી શ્લાઘા કરાતા આચાર્ય હોતે છતે અર્થથી શાસ્તા એવા ભગવાન અને શાસ્ત્રની પણ શ્લાઘાનો લાભ છે, એ હેતુથી ઈષ્ટ છે=ગણધારીની પૂજા ઈષ્ટ છે; કેમ કે સ્વપૂજા પણ શાસ્તા અને શાસ્ત્રના શ્લાઘાપણાથી ઈચ્છાયે છતે દોષનો અભાવ છે અને તે પણ=પૂજા પણ, અનિશ્ચિતત્વમાં= શ્રુતાર્થના અપારગમાં, નથી=કર્તવ્ય નથી જે કારણથી સંમતિ આદિમાં કહેવાયું છે. ।।૭૫।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ શાસ્ત્રના પારમાર્થિક અર્થને જાણનારા છે, તેથી પોતાની શક્તિ અનુસાર નવું નવું વિશેષ વિશેષ શાસ્ત્ર જાણે છે, યોગ્ય જીવોને અધ્યાપન કરાવે છે, આરાધક જીવોને સારણા-વારણાદિ કરીને સંયમના કંડકોની વૃદ્ધિ થાય તે રીતે પ્રવર્તાવે છે, તેઓની તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ જોઈને જિનશાસનના પરમાર્થને જાણનારા શિષ્ટ પુરુષો તેઓની શ્લાઘા કરે છે, તે શ્લાઘા કરાવનાર તીર્થપ્રભાવક એવા તે મહાત્માની ઉચિત પ્રવૃત્તિ છે અને તેનાથી તે મહાત્મા જગતમાં જે પૂજાને પ્રાપ્ત કરે છે, તે પરમાર્થથી તીર્થંકરમાં પર્યવસાન પામે છે અને પ્રવચનમાં પર્યવસાન પામે છે; કેમ કે તેઓની તે ઉચિત પ્રવૃત્તિ જોઈને વિવેકી પુરુષોને થાય છે કે આ મહાત્માની આ પ્રવૃત્તિ બતાવે છે કે પુરુષોત્તમ પુરુષથી પ્રણીત આ માર્ગ છે. જેના કારણે આ મહાત્મા ભગવાનના શાસનને પામીને આ પ્રકારની વિવેકપૂર્વકની પ્રવૃત્તિ કરે છે. તેથી તે પ્રશંસા પરમગુરુમાં વિશ્રાંત થાય છે અને પરમગુરુએ સ્થાપેલા પ્રવચનમાં વિશ્રાંત થાય છે; કેમ કે પરમગુરુના પ્રવચનને અવલંબીને આ મહાત્મા સર્વત્ર ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેથી તીર્થપ્રભાવક આચાર્ય તત્ત્વને જોનારા હોવાથી સ્પષ્ટ માને છે કે આ પ્રશંસા મારી નથી, પરંતુ પરમગુરુના શાસનની અને તેમણે બતાવેલા પ્રવચનની છે. તેથી તે પ્રશંસામાં તે મહાત્માને લેશ પણ માન-કષાય વર્તતો નથી, પરંતુ યોગ્ય જીવો ભગવાનના શાસનમાં વર્તતા ઉચિત ગુણોના યથાર્થ બોધપૂર્વક અનુમોદના કરે છે. જેનાથી તે જીવો કલ્યાણની પરંપરાને પામશે, તેવી જ અનુમોદનાનો પરિણામ વિવેકી ગણધારી મહાત્માને

વર્તે છે માટે તેવી શ્લાઘા ઇષ્ટ છે.

વળી, જે મહાત્મા ગણધારણ કરતા હોય, અનેક શિષ્યોના પરિવારવાળા હોય, છતાં શ્રુતના અર્થના પારને પામેલા ન હોય, તેઓની પૂજા થાય નહિ, મૂઢ લોકો માત્ર બાહ્ય વૈભવને જોઈને પ્રશંસા કરે તોપણ તે પ્રશંસા અવિવેકમૂલક હોવાથી દોષરૂપ છે. તેથી પ્રશંસા કરનાર માટે પણ દોષરૂપ છે અને મિથ્યાગુણપ્રશંસાથી શાસનની ઉપબૃંહણા થતી નથી, પરંતુ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિની ઉપબૃંહણા થાય છે માટે તે પ્રશંસા ગણધારીને પણ કર્મબંધનું જ કારણ છે. જે કારણથી સંમતિ આદિ ગ્રંથમાં કહેવાયું છે. જે આગળમાં બતાવે છે. **॥૭૫॥**

**ગાથા :-**

**जह जह बहुस्सुओ संमओ अ सीसगणसंपरिवुडो अ ।**
**अविणिच्छिओ अ समए, तह तह सिद्धंतपडिणीओ ।।७६।।**

**અન્વયાર્થ :-**

**जह जह बहुस्सुओ=જે જે પ્રમાણે બહુશ્રુત, संमओ अ=અને સંમત=ઘણા જીવોને સંમત, सीसगणसंपरिवुडो अ=અને શિષ્યગણથી સંપરિવૃત્ત, समए अ अविणिच्छिओ=અને શાસ્ત્રમાં અવિનિશ્ચિત છે, तह तह सिद्धंत पडिणीओ=તે તે પ્રમાણે સિદ્ધાંતનો પ્રત્યનીક છે. ॥૭૬॥**

**ગાથાર્થ :-**

**જે જે પ્રમાણે બહુશ્રુત અને સંમત=ઘણા જીવોને સંમત અને શિષ્યગણથી સંપરિવૃત અને શાસ્ત્રમાં અવિનિશ્ચિત છે તે તે પ્રમાણે સિદ્ધાંતનો પ્રત્યનીક છે. ॥૭૬॥**

**ટીકા :-**

**'जह जह'त्ति । यथा यथा 'बहुश्रुतः' श्रुतपल्लवग्राहितया बहुश्रुतत्वख्यातिमान्, अत एव 'सम्मतः' बहुजनादृतः शिष्यगणसंपरिवृतश्च 'अविनिश्चितः' साकल्येन तात्पर्याग्राही च 'समये' सिद्धान्ते तथा तथा सिद्धान्तप्रत्यनीको वृथाऽऽडम्बरेण बहूनां मिथ्यात्वोत्पादकत्वाच्छिवभूत्यादिवत् ।।७६।।**

**ટીકાર્થ :-**

**यथा यथा ..... च्छिवभूत्यादिवत् ।। જે જે પ્રમાણે બહુશ્રુત છે=શ્રુતના પલ્લવગ્રાહીપણાથી બહુશ્રુતત્વની ખ્યાતિવાળા છે=ખંડ ખંડ સૂત્રોના અર્થોના ગ્રાહીપણાને કારણે બહુશ્રુતની ખ્યાતિવાળા છે. આથી જ=બહુશ્રુતત્વના ખ્યાતિવાળા છે આથી જ, સંમત છે=ઘણા લોકોથી ગુરુ તરીકે સ્વીકારાયેલા છે અને શિષ્યગણથી સંપરિવૃત છે અને સમયમાં=સિદ્ધાંતમાં, અવિનિશ્ચયવાળા છે=સાકલ્યથી તાત્પર્યને ગ્રહણ કરનારા નથી અર્થાત્ ભગવાનનાં જે જે વચનો જે જે દૃષ્ટિથી જે જે અર્થમાં પર્યવસાન પામનારા છે, તેના તાત્પર્યને ગ્રહણ કરનારા નથી, તેવા ગણધારી તે તે પ્રકારે=જે જે પ્રકારે**

**બહુશ્રુતત્વાદિ આધિક્ય છે તે તે પ્રકારે, સિદ્ધાંતના પ્રત્યનીક છે; કેમ કે વૃથા આડંબરથી શિવભૂત્યાદિની જેમ ઘણાને મિથ્યાત્વનું ઉત્પાદકપણું છે. ॥૭૬॥**

**ભાવાર્થ :-**

ગાથા-૭૫માં કહ્યું કે શ્રુતના અર્થના પારને નહિ પામેલા ગણધારીની પૂજા ઉચિત નથી, તેમાં સંમતિની સાક્ષી બતાવે છે.

કોઈ ગણધારણ કરનારા સાધુ ભગવાનના શાસનનાં શાસ્ત્રો ખંડ ખંડ ભણીને બહુશ્રુતત્વની ખ્યાતિને પામેલા હોય, પરંતુ ઉચિત રીતે તે તે અપેક્ષાનાં વચનોને પરસ્પર અવિરુદ્ધ રીતે જોડીને અર્થ ગ્રહણ કરવા સમર્થ ન હોય તેવા ગણધારીમાં જેમ જેમ અધિક શ્રુત તેમ તેમ પોતે વિદ્વાન છે, તે પ્રકારના માન-કષાયને પુષ્ટ પુષ્ટતર કરે છે. વસ્તુતઃ ભગવાનના વચનમાં જે તાત્પર્યની અપેક્ષા છે, તેનું યોજન તે સાધુ કરી શકતા નથી, તેના પરમાર્થને જોવાની પણ નિર્મળ મતિ નથી, તેથી શ્રુતના પલ્લવગ્રાહીપણાથી પોતે બહુશ્રુત છે તેમ માને છે.

વળી, લોકો તેમનાં શાસ્ત્રવિષયક અનેક વચનો સાંભળીને આ મહાત્મા વિદ્વાન છે, તેમ માને છે અને લોકોની સંમતતાને કારણે પણ પોતે લોકોનો ઘણો ઉપકાર કરે છે, તેવો ભ્રમ તે મહાત્મા ધારણ કરે છે; કેમ કે ભગવાનના વચનના તાત્પર્યનું યોજન કરવા પોતે અસમર્થ હોવાથી તે તાત્પર્યથી લોકોને બોધ કરાવીને ઉપકાર કરવા માટે તે ગણધારી અસમર્થ હોવા છતાં હું ઉપકાર કરું છું, તેવો ભ્રમ વર્તે છે. ફક્ત મુગ્ધ લોકોથી વિદ્વાન તરીકે તે સ્વીકૃત છે.

વળી, સ્થૂલ બુદ્ધિવાળા મુગ્ધજીવો આ બહુશ્રુત છે, તેમ માનીને તેમના શિષ્ય થાય છે. તેથી જેમ જેમ વિશેષ શિષ્યપરિવારવાળા થાય છે, તેમ તેમ તે ગણધારી સિદ્ધાંતના પ્રત્યનીક બને છે; કેમ કે પોતાના મિથ્યા માન-કષાયને પોષે છે. લોકોને ભગવાનના વચનના તાત્પર્યથી અન્ય પ્રકારે બોધ કરાવે છે અને શિષ્યગણને પણ યથાતથા પ્રવૃત્તિ કરાવીને દુરંત સંસારના પરિભ્રમણમાં નાખે છે, તેથી ઘણા યોગ્ય જીવોના વિનાશનું કારણ હોવાથી સિદ્ધાંતના પ્રત્યનીક છે.

જેમ શિવભૂતિએ વસ્ત્રધારણ સાધુને માટે પરિગ્રહરૂપ છે, તેમ એકાંત સ્થાપન કરીને દિગંબરનો એકાંત મત ઉત્પન્ન કર્યો, તેમ વર્તમાનમાં ભગવાનના શાસનમાં રહેલા તેવા ગણધારી સ્વમતિ અનુસાર શાસ્ત્રનું યથાતથા યોજન કરીને સન્માર્ગનો નાશ કરે છે. જેનાથી ઘણા જીવોમાં મિથ્યાત્વનું ઉત્પાદન થાય છે માટે તે ગણધારક સિદ્ધાંતના પ્રત્યનીક છે. **॥૭૬॥**

**અવતરણિકા :-**

**तस्मान्निश्चितसूत्रार्थत्वमेव भावव्यवहारित्वे परममङ्गमिति फलितम्, एतदेव वचनान्तरेण द्रढयति –**

**અવતરણિકાર્થ :-**

**તે કારણથી=ગાથા-૭૧થી અત્યારસુધી કહ્યું એ પ્રમાણે ગણધારણની ઈચ્છા પણ બહુશ્રુત આદિ**

ગુણોથી રહિતને ઈષ્ટ નથી પરંતુ બહુશ્રુતને નિરભિષ્વંગ ચિત્તથી વિવેકપૂર્વકની કરાયેલી પોતાની પૂજાની ઉપબૃંહણા ઈષ્ટ છે અને શ્રુતાર્થને નહિ પામેલાને ગણધારણ કરવું ઉચિત નથી તે કારણથી, નિશ્ચિત શ્રુતાર્થપણું જ ભાવવ્યવહારીપણામાં પરમ અંગ છે=પ્રધાન અંગ છે, એ પ્રમાણે ફલિત થયું.

આને જ=જે ફલિત થયું એને જ, વચનાંતરથી દૃઢ કરે છે.

ગાથા :-

इत्तो लक्खणजुत्तो, असमत्तसुओ णिरुद्धपरिआओ ।
जइ इच्छिज्जा देसेऽहीए देसस्स अज्झयणं ।।७७।।
तो सो ठावेयव्वो, गणे समुच्छेयकप्पकज्जे वि ।
णो अण्णह त्ति मेरा, गिण्हइ पच्छा स देसं तु ।।७८।।

અન્વયાર્થ :-

इत्तो लक्खणजुत्तो=આથી લક્ષણયુક્ત, असमत्तसुओ=અસમાપ્ત શ્રુતવાળા, णिरुद्धपरिआओ=નિરુદ્ધ પર્યાયવાળા, जइ देसे=જો દેશમાં=પ્રકલ્પસૂત્રના કે અર્થના દેશમાં, इच्छिज्जा=ઈચ્છે=આચાર્યપદ કે ઉપાધ્યાયપદ ઈચ્છે, देसस्स अज्झयणं अहीए=દેશના અધ્યયનને ભણે=પાછળથી ભણે, ।।૭૭।।

तो=તો, समुच्छेयकप्पकज्जे वि=સમુચ્છેદકલ્પકાર્યવાળા પણ હોતે છતે, सो=તે=દેશ ભણેલા લક્ષણયુક્ત મહાત્મા, गणे ठावेयव्वो=ગણમાં સ્થાપન કરવા=આચાર્યપદ કે ઉપાધ્યાયપદમાં સ્થાપન કરવા, णो अण्णहा=અન્યથા નહિ, त्ति मेरा=એ પ્રમાણે મર્યાદા છે. पच्छा तु स देसं गिण्हइ=વળી તે=ગણધારણ કરનાર મહાત્મા, પાછળથી, દેશને ધારણ કરે. ।।૭૮।।

ગાથાર્થ :-

આથી લક્ષણયુક્ત અસમાપ્ત શ્રુતવાળા નિરુદ્ધવર્ષપર્યાયવાળા, જો દેશમાં=પ્રકલ્પસૂત્રના કે અર્થના દેશમાં, ઈચ્છે=આચાર્યપદ કે ઉપાધ્યાયપદ ઈચ્છે અને દેશના અધ્યયનને ભણે=પાછળથી ભણે, તો સમુચ્છેદકલ્પકાર્યવાળા પણ હોતે છતે તે=દેશ ભણેલા લક્ષણયુક્ત મહાત્મા, ગણમાં સ્થાપન કરવા=આચાર્યપદ કે ઉપાધ્યાયપદમાં સ્થાપન કરવા, અન્યથા નહિ, એ પ્રમાણે મર્યાદા છે.

વળી તે=ગણધારણ કરનાર મહાત્મા, પાછળથી દેશને ધારણ કરે. ।।૭૭-૭૮।।

ટીકા :-

'इत्तो'त्ति । 'तो सो'त्ति । 'अत एव' उक्तहेतोरेव 'लक्षणयुक्तः' लक्षणसहितः 'असमाप्तश्रुतः' अपरिपूर्णोचितसिद्धान्ताध्ययनः 'निरुद्धवर्षपर्यायः' निरुद्धो-विनाशितो वर्षपर्यायो यस्य स तथा

**अपरिपूर्णत्रिवर्षपर्याय इत्यर्थः, यदीच्छेत् 'देशे' प्रकल्पस्य सूत्रलक्षणे कियदर्थलक्षणे वाऽधीते 'देशस्य' अवशिष्टस्याध्ययनं, तदा स स्थापयितव्यः 'गणे' आचार्यपदे उपाध्यायपदे वा 'समुच्छेदकल्पकार्येऽपि' आचार्ये कालगते गच्छधरणकार्येऽप्युपस्थिते 'नो अन्यथा' यदि सोऽध्येष्य इति प्रतिजानानोऽपि नाधीयेतेति संभाव्यते तदा न स्थापनीय इति 'मेरा' सूत्रमर्यादा, तथा च सूत्रं व्यवहारतृतीयोद्देशकस्थम्–** 'णिरुद्धवासपरिआए समणे णिग्गंथे कप्पति आयरियउवज्झायत्ताए उद्दिसित्तए समुच्छेयकप्पंसि, तस्स णं आयारपकप्पस्स देसे अहिज्जिए भवति देसे य अहिज्जिस्सामीति अहिज्जिज्जा, एवं से कप्पइ आयरियउवज्झायत्तं उद्दिसित्तए'त्ति **गतार्थमेतत् । अत्र लक्षणयुक्तस्य ग्रहणं लोके वेदे समये च लक्षणयुक्त एव नायकः स्थापनीय इति हेतोः राज्य इव राजकुमरेण गणधरपदे स्थापितेन लक्षणयुक्तेन गच्छविवृद्धिसिद्धेः, तदुक्तम्–**

'किं अम्ह लक्खणेहिं तवसंजमसुट्ठिआण समणाणं ।
गच्छविवड्ढिणिमित्तं, इच्छिज्जइ सो जहा कुमरो ।।१।।'**त्ति ।**

**तथा च लक्षणयुक्ततागुणेन यद्यसमाप्तश्रुतोऽपि पदे स्थापनीयस्तदापि पश्चात्तेन श्रुताध्ययनं कर्त्तव्यमिति श्रुतार्थपरिज्ञानगुणस्य प्राधान्यम् । कथं पश्चात्तेनाध्ययनं कर्त्तव्यम् ? इत्याह– गृह्णाति पश्चात् सदेशं त्ववशिष्टमाचार्यपदोपविष्टः सन् ।।७७-७८।।**

**ટીકાર્થ :–**

**'अत एव' ..... त्ववशिष्टमाचार्यपदोपविष्टः सन् ।। આથી જ=ઉક્ત હેતુથી જ=નિશ્ચિત સૂત્રાર્થપણું જ ભાવવ્યવહારીપણામાં પરમ અંગ છે એ રૂપ ઉક્ત હેતુથી જ, લક્ષણયુક્ત=લક્ષણસહિત, અસમાપ્ત શ્રુતવાળા=અપરિપૂર્ણ ઉચિત સિદ્ધાંત અધ્યયનવાળા, નિરુદ્ધવર્ષપર્યાયવાળા=વિનાશિત કર્યો છે વર્ષપર્યાય જેમણે તે તેવા=અપરિપૂર્ણ ત્રણ વર્ષના પર્યાયવાળા, જો દેશનું અધ્યયન હોતે છતે=પ્રકલ્પના સૂત્રલક્ષણ અથવા કેટલાક અર્થલક્ષણ દેશનું અધ્યયન હોતે છતે, દેશનું=અવશિષ્ટરૂપ દેશનું, અધ્યયન ઇચ્છે=અધ્યયન કરવાનું ઇચ્છે, તો ગણમાં=આચાર્યપદમાં કે ઉપાધ્યાયપદમાં સ્થાપવા જોઈએ.**

ક્યારે સ્થાપવા જોઈએ ? તેથી કહે છે –

**સમુચ્છેદ કલ્પકાર્ય હોતે છતે પણ=આચાર્ય કાળગત થવાને કારણે ગચ્છધારણ કાર્ય પણ ઉપસ્થિત થયે છતે આચાર્યપદમાં કે ઉપાધ્યાયપદમાં સ્થાપવા જોઈએ એમ અન્વય છે. અન્યથા નહિ=સમુચ્છેદ કલ્પકાર્ય નહિ હોતે છતે=આચાર્યપદમાં કે ઉપાધ્યાયપદમાં સ્થાપવો જોઈએ નહિ.**

**જો તે અધ્યયન કરશે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરનારો પણ અધ્યયન કરી શકે નહિ, એ પ્રમાણે સંભાવના છે તો સ્થાપનીય નથી=આચાર્યપદમાં કે ઉપાધ્યાયપદમાં સ્થાપનીય નથી. એ પ્રમાણે મર્યાદા છે=સૂત્રમર્યાદા છે અને તે રીતે=આચાર્ય કાલગત હોતે છતે કલ્પકાર્ય બીજો કોઈ કરી શકે તેમ**

**નથી, ત્યારે દેશ અધ્યયનવાળા મહાત્માને આચાર્યપદ કે ઉપાધ્યાયપદમાં સ્થાપન કરવાની જે મર્યાદા છે તે રીતે, વ્યવહારનું તૃતીય ઉદ્દેશકસ્થ સૂત્ર છે.**

નિરુદ્ધવર્ષ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથ હોતે છતે આચાર્ય ઉપાધ્યાય ઉદ્દિસિત્ત હોતે છતે=કાળ કર્યે છતે, સમુચ્છેદ કલ્પમાં=કલ્પવ્યવહારની આચરણાના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાય તેમાં, તે આચાર્ય પ્રકલ્પના દેશ અધીત સાધુમાં અધીત થાય છે=દેશમાં ભણેલા થાય છે અને દેશમાં-આચારપ્રકલ્પના અનધીત દેશમાં હું ભણીશ, એ પ્રમાણે સ્વીકારે. આ રીતે સે=તેને, આચાર્ય કે ઉપાધ્યાયપણું ઉદ્દિસિક્તમાં=આચાર્ય કે ઉપાધ્યાય કાળ કરી ગયા હોય ત્યારે, કલ્પે છે અને સે=તે, હું ભણીશ એ પ્રમાણે કહીને ભણે નહિ એ રીતે તેને ઉદ્દિસિક્તમાં=આચાર્ય કે ઉપાધ્યાય કાળ કર્યે છતે, આચાર્ય ઉપાધ્યાયપણું કલ્પતું નથી.

**આ=ઉદ્ધરણનું કથન ગતાર્થ છે=મૂળગાથાના કથનથી કથિત છે. અહીં=પ્રસ્તુત શ્લોકમાં, લક્ષણયુક્તનું ગ્રહણ=ઉદ્ધરણમાં લક્ષણયુક્તનું ગ્રહણ નહિ હોવા છતાં લક્ષણયુક્તનું ગ્રહણ, લોકમાં=લોકવ્યવહારમાં, વેદમાં=વેદવચનોમાં અને સમયમાં=જૈન સિદ્ધાંતમાં, લક્ષણયુક્ત જ નાયક સ્થાપનીય છે, એ હેતુથી કરેલ છે=લક્ષણયુક્ત શબ્દનું વ્યવહારસૂત્રમાં ગ્રહણ નહિ હોવા છતાં, ગ્રહણ કરેલ છે; કેમ કે રાજ્યના વિષયમાં જેમ રાજકુમારથી તેમ ગણધરપદમાં સ્થાપિત એવા લક્ષણયુક્તથી ગચ્છની વિવૃદ્ધિની સિદ્ધિ છે=મોક્ષમાર્ગને અનુકૂળ સંવેગની વૃદ્ધિ થાય તે પ્રકારે સારણા આદિને કારણે ગુણવૃદ્ધિ અને નવા નવા દીક્ષિત થવાથી સંખ્યાની વૃદ્ધિની સિદ્ધિ છે તે કહેવાયું છે.**

લક્ષણયુક્તથી અમારે શું ? તપ-સંયમમાં સુસ્થિત શ્રમણોને પદ આપવું જોઈએ, એ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં આચાર્ય ઉત્તર આપે છે. ગણવિવૃદ્ધિ નિમિત્તે તે=લક્ષણયુક્ત, ઈચ્છાય છે. જે પ્રમાણે કુમાર=રાજ્યસંચાલન માટે લક્ષણયુક્ત કુમાર, ઈચ્છાય છે.

**અને તે રીતે=અત્યારસુધી પૂર્વમાં સ્થાપન કર્યું તે રીતે, લક્ષણયુક્તતા ગુણથી જો અસમાપ્ત શ્રુતવાળા પણ પદમાં=આચાર્યપદમાં કે ઉપાધ્યાયપદમાં, સ્થાપનીય છે તોપણ પાછળથી=પદ ઉપર સ્થાપન કર્યા પછી, તેમના વડે=પદવીધર વડે, શ્રુત અધ્યયન કરવું જોઈએ. એથી શ્રુતાર્થ પરિજ્ઞાન ગુણનું પ્રાધાન્ય છે=આચાર્યપદે કે ઉપાધ્યાયપદે સ્થાપન કરવામાં અન્ય સર્વ ગુણો કરતાં શ્રુતાર્થ પરિજ્ઞાનનું પ્રધાનપણું છે.**

**કેવી રીતે પાછળથી તેમના વડે=આચાર્યાદિ પદ ઉપર સ્થાપન કરેલા વડે, અધ્યયન કરવું જોઈએ ? એથી કહે છે –**

**વળી પાછળથી આચાર્યપદ ઉપર ઉપવિષ્ટ છતાં તે=પદ ઉપર સ્થાપન કરાયેલા મહાત્મા, અવશિષ્ટ દેશને ગ્રહણ કરે છે. ॥૭૭-૭૮॥**

**સમુચ્છેદકલ્પકાર્યેઽપિ - અહીં અપિથી એ કહેવું છે કે સમુચ્છેદકલ્પકાર્ય હોવા છતાં પણ પાછળથી જાણશે, એવું જણાય તો ગચ્છમાં સ્થાપન કરવા જોઈએ, અન્યથા નહિ. ॥૭૭-૭૮॥**

**ભાવાર્થ :-**

ગાથા-૭૬માં કહ્યું કે જે સાધુ ખંડ ખંડ ભણીને બહુશ્રુત થયા છે અને શાસ્ત્રના તાત્પર્યને ગ્રહણ કરનારી પ્રજ્ઞા પ્રગટી નથી, તેઓ ગચ્છને ધારણ કરે તો સિદ્ધાંતના પ્રત્યનીક બને છે. તેથી નક્કી થાય છે કે ભગવાનના શાસનની ધુરાને ચલાવવા માટે કલ્પગ્રંથના અર્થને નિપુણતાપૂર્વક વ્યવહારમાં જોડવા માટે સમર્થ હોય તે જ સાધુ આચાર્યપદ કે ઉપાધ્યાયપદ ઉપર સ્થાપન કરી શકાય અન્ય નહિ અને તેની જ પુષ્ટિ કરવા માટે કહે છે કે કોઈ આચાર્ય કાળ કરે અને કલ્પગ્રંથના કાર્યને કરવા માટે સમર્થ અન્ય કોઈ સાધુ ન હોય તે વખતે અપવાદથી પણ એ મર્યાદા છે કે કોઈ મહાત્મા લક્ષણયુક્ત છે. વળી, શાસ્ત્ર ભણીને સમર્થ થશે અને અવશ્ય ભગવાનના શાસનની મર્યાદા પ્રમાણે ગચ્છને વહન કરશે છતાં હજી ગચ્છમર્યાદા સંભાળવાને અનુકૂળ સૂત્રનું અધ્યયન પરિપૂર્ણ થયું નથી અને ત્રણ વર્ષનો સંયમ પર્યાય થયો નથી. તેથી વિશેષ ભણવાના અધિકારી થયા નથી. છતાં તે ગચ્છની ધુરાને ભગવાનના વચનાનુસાર વહન કરવા માટે આ સાધુ સમર્થ છે, તેમ જણાય. પરંતુ જ્યાં સુધી કલ્પગ્રંથમાં તે રીતે નિપુણ સૂત્ર અને અર્થનો નિર્યુક્તિ સહિત બોધ કર્યો નથી, ત્યાં સુધી સૂત્રની મર્યાદા અનુસાર ગચ્છનું સંચાલન કરવા સમર્થ નથી. તે વખતે જો અન્ય ગીતાર્થ સાધુઓને જણાય કે લક્ષણયુક્ત આ મહાત્મા કલ્પભાષ્યના એકદેશને ભણ્યા છે, તેનાથી અન્ય દેશનું અધ્યયન કરીને કલ્પગ્રંથમાં નિપુણ થશે. જેનાથી ગચ્છ ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરી શકશે તો તેમને આચાર્યપદે કે ઉપાધ્યાયપદે સ્થાપન કરવા જોઈએ અને જો જણાય કે હું અધ્યયન કરીશ, એમ સ્વીકારવા છતાં આ મહાત્મા સૂત્ર-અર્થમાં નિપુણ થઈ શકે તેમ નથી, તેવી સંભાવના જણાય તો તેમને આચાર્યપદ કે ઉપાધ્યાયપદ ઉપર સ્થાપન કરી શકાય નહિ. જોકે લક્ષણયુક્ત આરાધક મહાત્મા પદના અર્થી માનાકાંક્ષાથી હોતા નથી, પરંતુ ભગવાનની મર્યાદા અનુસાર આચાર્યપદને કે ઉપાધ્યાયપદને જો તેઓ પ્રાપ્ત કરશે તો તેના બળથી સ્વ-પરના સંવેગથી વૃદ્ધિ કરીને મહાનિર્જરાની પ્રાપ્તિ કરશે અને સુસાધુ હંમેશાં નિર્જરાના અત્યંત અર્થી હોય છે. તેથી નિર્જરાના ઉપાયરૂપે તે પદની યોગ્યતા પોતાનામાં છે અને ગીતાર્થોને જણાય તો તે સ્વીકારીને નિર્જરાની વૃદ્ધિની ઇચ્છાથી પદધારણની ઇચ્છાને પણ ધારણ કરે છે, છતાં કોઈક મહાત્મામાં તેવું જણાય કે આ મહાત્મા શેષ અધ્યયન હું કરીશ, એમ સ્વીકારે છે, છતાં દુષ્કર કાર્ય છે. કદાચ નહિ કરી શકે, તેવી સંભાવના જણાય તો તે પદનાં કાર્યો કંઈક સિદાતાં હોય તોપણ તેમને તે પદ આપે નહિ પરંતુ શાસ્ત્રમર્યાદા અનુસાર ઉચિત યત્ન ગચ્છની સુરક્ષા અર્થે કરવો જોઈએ.

તેથી એ ફલિત થાય છે કે આચાર્યપદ અને ઉપાધ્યાયપદ માટે સૂત્ર અને અર્થનું પરિજ્ઞાન જ પ્રધાન છે અને નિર્યુક્તિમિશ્ર તે સૂત્ર, અર્થના બોધને ઉચિત અનુષ્ઠાનોમાં યોજન કરીને શાસ્ત્રાનુસારી પ્રાયશ્ચિત્ત દાનાદિ સર્વ વ્યવહારોને પ્રવર્તાવી શકે તેવા નિપુણ પરિજ્ઞાનવાળા સાધુ જ તે પદને ધારણ કરી શકે અને તેવો નિપુણ બોધ ન હોય તો નિર્જરાના કારણીભૂત એવું પણ તે પદ સ્વ-પરના અકલ્યાણનું જ એક કારણ બને છે અને લક્ષણયુક્ત પુરુષ હંમેશાં જે પદ સ્વીકારવા તત્પર થાય તેને અનુરૂપ પોતાની શક્તિ હોય તો જ તે સ્વીકારવા તૈયાર થાય, અન્યથા નામમાત્રથી લક્ષણયુક્ત છે, પરમાર્થથી નથી અને લક્ષણયુક્ત

મહાત્માથી જે પ્રકારે સર્વજ્ઞના વચનાનુસાર સર્વ પ્રકારના વ્યવહારો પ્રવર્તે છે, તેના દ્વારા આરાધક સાધુઓના સંવેગની વૃદ્ધિ થાય છે અને ગચ્છવર્તી સાધુઓના ગુણોની વૃદ્ધિ થાય છે અને ગચ્છવર્તી સાધુઓની ઉચિત અને અતિવિવેકપૂર્વકની પ્રવૃત્તિઓ જોઈને અન્ય પણ તત્ત્વના અર્થી જીવોને નિર્જરા અર્થે તે ગચ્છ આશ્રયણીય છે, તેવું જણાય છે. તેથી ભવથી વિરક્ત થયેલા યોગ્ય જીવો લક્ષણયુક્ત ગણધરથી સંચાલિત ગચ્છના અનુશાસનને સ્વીકારે છે. તેથી ગચ્છની વૃદ્ધિ થાય છે.

સામાન્યથી કહેવાય છે કે "આકૃતિ ગુણાન્ કથયતિ." તેથી જે પુરુષ અનેક લક્ષણોથી યુક્ત હોય તે કોઈક વિશિષ્ટ આરાધના કરીને મનુષ્યભવને પામેલ છે અને તેવા પુરુષો હંમેશાં સ્વીકારાયેલી મર્યાદાને વિવેકપૂર્વક વહન કરે તેવા હોય છે. આથી જ લોકમાં પણ તે તે રાજ્યાદિ પદને અનુકૂળ લક્ષણયુક્ત જ સ્વીકારાય છે. વેદશાસ્ત્રમાં પણ કહ્યું છે કે લક્ષણયુક્તને જ નાયક કરવો જોઈએ અને ભગવાનના શાસનમાં પણ આ જ મર્યાદા છે, તેથી જેની આકૃતિમાં અનેક ગુણોને સૂચવનારાં લક્ષણો વર્તતાં હોય, જેના કારણે દરેક વ્યવહારમાં તેઓની ઉચિત પ્રવૃત્તિ જણાતી હોય, તેવા પુરુષને ગચ્છ સોંપવામાં આવે તો ક્યારેય અસમંજસ પ્રવૃત્તિ કરીને ગચ્છના વિનાશનું કારણ બને નહિ માટે આચાર્યાદિ પદ અર્થે પણ લક્ષણયુક્ત પુરુષ આવશ્યક છે. **॥૭૭-૭૮॥**

**અવતરણિકા :-**

**ગાથા-૭૮ના અંતિમ પાદમાં કહ્યું કે લક્ષણયુક્ત તે મહાત્મા આચાર્યાદિ પદવી આપ્યા પછી શેષદેશ ગ્રહણ કરે છે. તેથી તે શેષ દેશ કોની પાસે ગ્રહણ કરે, તે વિષયમાં ઉત્સર્ગ-અપવાદની મર્યાદા શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**सगणे अणरिहगीयंतियम्मि पुव्विं तओ अ अणत्थ ।**
**संभोइआण पासे, तओ असंभोइआणं पि ।।७९।।**
**पासत्थाणं संविग्गपक्खिआणं तओ सउज्जोअं ।**
**तत्तोऽसंविग्गाणं, पासे सारूविआईणं ।।८०।।**

**અન્વયાર્થ :-**

**पुव्विं=પૂર્વ=સર્વપ્રથમ, सगणे अणरिहगीयंतियम्मि=સ્વગણમાં અનર્હ ગીતાર્થ પાસે=આચાર્યપદને અયોગ્ય એવા ગીતાર્થ પાસે, तओ अ अणत्थ=ત્યારપછી અન્યત્ર, संभोइआणं पासे=સાંભોગિક પાસે=સ્વગણથી અતિરિક્ત એવા સાંભોગિક પાસે, तओ असंभोइआणं पि=ત્યારપછી અસાંભોગિક પાસે પણ ગ્રહણ કરે. ।।૭૯।।**

**तओ पासत्थाणं संविग्गपक्खिआणं=ત્યારપછી પાર્શ્વસ્થ સંવિગ્નપાક્ષિક પાસે सउज्जोअं=સઉદ્યોગ**

ગ્રહણ કરે, तत्तो असंविग्गाणं=ત્યારપછી અસંવિગ્ન, सारूविआईणं पासे=સારૂપિક આદિ પાસે ગ્રહણ કરે. ॥૮૦॥

**ગાથાર્થ :-**

**પૂર્વ=સર્વપ્રથમ, સ્વગણમાં અનર્હ પાસે=આચાર્યપદને અયોગ્ય એવા ગીતાર્થ પાસે અને ત્યારપછી અન્યત્ર સાંભોગિક પાસે=સ્વગણથી અતિરિક્ત એવા સાંભોગિક પાસે, ત્યારપછી અસાંભોગિક પાસે પણ ગ્રહણ કરે. ॥૭૯॥**

**ત્યારપછી પાર્શ્વસ્થ સવિગ્નપાક્ષિક પાસે સઉદ્યોગ ગ્રહણ કરે. ત્યારપછી અસંવિગ્ન સારૂપિક આદિ પાસે ગ્રહણ કરે. ॥૮૦॥**

**ટીકા :-**

'सगणे'त्ति । 'पूर्वं' प्रथमतः स्वगणेऽनर्हाणाम्-आचार्यपदायोग्यानां गीतार्थानामन्तिके । अथ स्वगणे गीतार्था न विद्यन्ते ततः 'अन्यत्र' परगणे साम्भोगिकानां पार्श्वे, परगणे साम्भोगिकानामप्यभावे ततश्चासाम्भोगिकानामपि पार्श्वे गृह्णाति ।।७९।।

'पासत्थाणं'ति । 'ततः' तदभावे संविग्नपाक्षिकाणां पार्श्वस्थानां पार्श्वे सह उद्योगेन-तेषां संयमयोगाभ्युत्थापनलक्षणेन वर्त्तते, यदिति क्रियाविशेषणम्, गृह्णाति देशम् । 'ततः' तदभावेऽसंविग्नानां सारूपिकादीनां पार्श्वे, संविग्नपाक्षिकस्यापि भाष्ये संविग्नपदेनैव ग्रहणस्य व्याख्यानादसंविग्नाः सारूपिकादय एवावशिष्यन्त इत्यसंविग्नानामिति ग्रहणम् । संविग्नपाक्षिकयोगस्याप्यभावे प्रथममेव प्रतिक्रान्ताभ्युत्थितानां सारूपिकाणां पश्चात्कृतानां पार्श्वे गृह्णीयात् । तदभावे तादृशानां सिद्धपुत्राणां पार्श्वे ।।८०।।

**ટીકાર્થ :-**

'पूर्वं' ..... पार्श्वे ।। પૂર્વમાં=પ્રથમથી, સ્વગણમાં અયોગ્ય=આચાર્યપદને અયોગ્ય, એવા ગીતાર્થોની પાસે તે સાધુ પાછળથી દેશને ગ્રહણ કરે છે, એમ ગાથા-૭૮ના અંતિમ પાદ સાથે સંબંધ છે. હવે સ્વગણમાં ગીતાર્થો વિદ્યમાન નથી, તો અન્યત્ર=પરગણમાં, સાંભોગિક પાસે દેશને ગ્રહણ કરે છે અને પરગણમાં સાંભોગિકના પણ અભાવમાં તો અસાંભોગિક પાસે પણ દેશને ગ્રહણ કરે છે. ત્યારપછી તેના અભાવમાં=અસાંભોગિક પણ ગીતાર્થના અભાવમાં, સંવિગ્નપાક્ષિક પાસત્થાની પાસે સહઉદ્યોગ દેશને ગ્રહણ કરે છે, એમ અન્વય છે.

સહઉદ્યોગનો સમાસ સ્પષ્ટ કરે છે.

તેઓને=સંવિગ્નપાક્ષિક એવા પાસત્થાઓને, સંયમયોગના અભ્યુત્થાપન લક્ષણથી=મહાસંવેગપૂર્વક તેઓ સંયમયોગમાં દૃઢ થાય તે રીતે ઉત્સાહિત કરવારૂપ લક્ષણથી, સહિત જે વર્તે છે, તે સઉદ્યોગ,

**સોદ્યોગં એ ક્રિયાવિશેષણ છે=શેષ દેશને ગ્રહણ કરે છે તે ગૃહ્ણાતિ ક્રિયાનું વિશેષણ છે. ત્યારપછી તેના અભાવમાં=સંવિગ્નપાક્ષિક પાસત્થાના અભાવમાં, અસંવિગ્ન એવા સારૂપિકાદિની પાસે શેષ દેશને ગ્રહણ કરે છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે અસંવિગ્નપદથી કલ્પભાષ્યમાં સંવિગ્નપાક્ષિક ગ્રહણ કર્યા છે, તેમ સ્વીકારવાને બદલે અસંવિગ્ન એવા સારૂપિક પાસે ભણવું એવો અર્થ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગાથા-૮૦માં કેમ કર્યો છે ? તેથી કહે છે –

**ભાષ્યમાં=કલ્પભાષ્યમાં, સંવિગ્ન પદ વડે જે સંવિગ્નપાક્ષિકના પણ ગ્રહણનું વ્યાખ્યાન હોવાથી અસંવિગ્ન સારૂપિક જ અવશેષ રહે છે, એથી અસંવિગ્નનું એ પ્રમાણે ગ્રહણ છે.**

**આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**સંવિગ્નપાક્ષિકના યોગનો પણ અભાવ હોતે છતે પ્રથમ જ પ્રતિક્રાંત થયેલા-સંયમથી શિથિલ થયેલા અને અભ્યુત્થિત થયેલા એવા સારૂપિક પશ્ચાત્કૃતો પાસે ગ્રહણ કરે=આચાર્યાદિપદને યોગ્ય સાધુ શેષ દેશને ગ્રહણ કરે. તેના અભાવમાં તેવા પ્રકારના સિદ્ધ પુત્રોની પાસે=જેઓએ નિપુણતાપૂર્વક કલ્પભાષ્યનો બોધ કર્યો છે તેવા પ્રકારના સિદ્ધપુત્રો પાસે શેષ દેશ ગ્રહણ કરે. ॥૭૯-૮૦॥**

**ભાવાર્થ :-**

ગાથા-૭૭-૭૮માં કહ્યું કે લક્ષણયુક્ત મહાત્મા કલ્પગ્રંથના દેશને ભણેલ હોય અને આચાર્ય કાળધર્મ પામ્યા હોય તો તે સમર્થ લક્ષણયુક્ત મહાત્માને આચાર્યપદ કે ઉપાધ્યાયપદ આપવું જોઈએ અને ત્યારપછી કલ્પગ્રંથનો શેષ દેશ તેઓએ ગ્રહણ કરવો જોઈએ. જેથી ભગવાનના વચનાનુસાર ગચ્છને અનુશાસન આપવા માટે તે મહાત્મા સમર્થ બને.

ત્યાં પ્રશ્ન થાય કે તે શેષદેશ તે મહાત્મા કોની પાસેથી ગ્રહણ કરે ? તેથી પ્રથમ ઉત્સર્ગમાર્ગ બતાવતાં કહે છે કે પોતાના ગણમાં અન્ય ગીતાર્થો હોય તેઓએ કલ્પગ્રંથોનો નિપુણ અભ્યાસ કર્યો છે, તેથી ગીતાર્થ છે છતાં આચાર્યપદને યોગ્ય વિશેષ ગુણો નથી, તેથી તેમને આચાર્યપદવી અપાતી નથી, પરંતુ લક્ષણયુક્તને આચાર્યપદવી અપાય છે તેવા આચાર્યપદને અયોગ્ય ગીતાર્થ સાધુ પાસે તે મહાત્મા શેષદેશને ગ્રહણ કરે.

આનાથી એ ફલિત થાય કે સ્વગણમાં જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે, શાસ્ત્રો ભણીને ગીતાર્થ થયેલા છે અને સંવિગ્નપાક્ષિક નથી, પરંતુ સંવિગ્ન સાધુ છે, તેઓ પોતાની શક્તિના અભાવને કારણે આચાર્યપદને ધારણ કરવાની ઇચ્છા પણ કરતા નથી અને તેવાને આચાર્યપદવી અપાતી પણ નથી, છતાં આચાર્યપદને યોગ્ય ગુણવાળા સાધુ તેવા ગીતાર્થ સાધુ પાસે જ શેષદેશનું અધ્યયન કરીને ગચ્છના સર્વ ઉચિત વ્યવહારો કરવા સમર્થ બને છે, તેથી તે મહાત્માના બળથી ગચ્છના સાધુઓના ગુણની વૃદ્ધિ થાય છે.

હવે સ્વગણમાં તેવા ગીતાર્થ વિદ્યમાન ન હોય તો અપવાદથી પરગણમાં જે સાંભોગિક સાધુઓ છે –

જેમની સાથે આહાર-પાણી વગેરેનો ઉચિત વ્યવહાર છે, તેવા સંવિગ્ન ગીતાર્થ સાધુ પાસે તે મહાત્મા શેષદેશને ગ્રહણ કરે.

હવે સાંભોગિક એવા ગીતાર્થોની પણ પ્રાપ્તિ ન હોય તો અસાંભોગિક સંવિગ્નગીતાર્થો પાસે શેષદેશને ગ્રહણ કરે. આ ત્રણે પ્રકારના મહાત્માઓ સંયમયોગમાં અભ્યુત્થિત છે. તેથી તેઓને અભ્યુત્થિત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી, પરંતુ જેમ તે નૂતન આચાર્ય સંવેગપરાયણ છે, તેમ આ ત્રણેય મહાત્માઓ અત્યંત સંવેગપરાયણ છે માટે તેઓ પાસે ઉચિત મર્યાદાથી કલ્પગ્રંથના શેષદેશને તે મહાત્મા ગ્રહણ કરે છે.

હવે તેવા સંવિગ્નગીતાર્થ સાધુઓની અપ્રાપ્તિ હોય તો તે નૂતન આચાર્ય સંવિગ્નપાક્ષિક પાસે પણ શેષદેશ ગ્રહણ કરે છે. જોકે સંવિગ્નપાક્ષિક સાધુ ભગવાનના વચનથી અત્યંત ભાવિત છે, તે અપેક્ષાએ સંવેગવાળા છે તોપણ સુસાધુની જેમ સંયમયોગમાં ઉત્થિત થાય તેવો સંવેગનો પરિણામ નથી, તેથી સંવિગ્નપાક્ષિક કંઈક પ્રમાદ આચરણવાળા પાસત્થા સાધુ છે, તેવા મહાત્મા પાસે ભણવાનો પ્રસંગ આવે ત્યારે નૂતન આચાર્ય લક્ષણયુક્ત છે, સંવેગપરાયણ છે. તેથી તે સંવિગ્નપાક્ષિકને પણ તે પ્રકારનો મહાસંવેગપૂર્વક ઉપદેશ આપીને સંયમયોગમાં અભ્યુત્થાનવાળા કરે. જેથી તે મહાત્માના વિવેકપૂર્વકના કથનથી તે સંવિગ્નપાક્ષિક પણ સંયમયોગમાં અભ્યુત્થાનવાળા બને, ત્યારપછી તેમની પાસે શેષદેશ ગ્રહણ કરે.

વળી, સંવિગ્નપાક્ષિક સાધુનો અભાવ હોય તો=શેષદેશ ભણાવી શકે એવા સુસાધુનો કે સંવિગ્નપાક્ષિકનો અભાવ હોય તો, અસંવિગ્ન સારૂપિક આદિ પાસે શેષદેશ ગ્રહણ કરે અર્થાત્ સંયમ ગ્રહણ કર્યા પછી સંવેગનો પક્ષપાત જેમનો નાશ પામ્યો છે, તેથી શાસ્ત્ર ભણેલા હોવા છતાં સ્વમતિ અનુસાર સંયમની પ્રવૃત્તિ કરનાર છે છતાં કલ્પગ્રંથના પરમાર્થને જોડી શકે અને તેનો બોધ કરાવી શકે એવા ક્ષયોપશમવાળા છે, તેવા સાધુઓ પાસે શેષદેશ ભણવા માટે પ્રયત્ન કરે અને તે સારૂપિકો પણ સર્વથા વિરાધક જ છે તેમ નથી પરંતુ સંયમથી પ્રતિક્રાંત થયેલા છે અર્થાત્ પાત પામેલા છે. છતાં કંઈક સંયમમાં અભ્યુત્થિત પણ છે, તેવા સારૂપિક પાસે શાસ્ત્ર ભણે, જેથી શેષદેશનો બોધ કરીને તે સાધુ કલ્પગ્રંથમાં નિપુણ બને.

અહીં પણ સંયમયોગમાં અભ્યુત્થાનપૂર્વક ભણે, તેનું યોજન કરવું અર્થાત્ સુસાધુ જેમ સંવિગ્નપાક્ષિક પાસે ભણવાનો પ્રારંભ કરે, ત્યારે પ્રથમ મહાસંવેગપૂર્વક તેઓને સંયમયોગમાં ઉત્થિત કરવા પ્રયત્ન કરે, તેમ સારૂપિક આદિ સાધુઓને પણ સંયમયોગમાં ઉત્થિત કરવા યત્ન કરે. ત્યારપછી તેમની પાસે શેષદેશને ગ્રહણ કરે. સારૂપિક સાધુના વેશમાં હોય છે. સાધુના આચારો સમ્યક્ પાળનાર નથી અને સંવિગ્નપાક્ષિકની જેમ શુદ્ધ પ્રરૂપણા કરનારા નથી તોપણ ભગવાનના વચન પ્રત્યેના બોધવાળા છે અને તેઓમાં જેટલા સર્વજ્ઞના વચનાનુસાર જ્ઞાન-દર્શનાદિ આદિ ભાવો છે, તેના આદરપૂર્વક તે આચાર્ય તેમની પાસે ભણે.

વળી, પ્રતિક્રાંત અભ્યુત્થિત સારૂપિક ન મળે તો પશ્ચાત્કૃત=સંયમયોગથી શિથિલ થયેલા સારૂપિક પાસે ભણે; કેમ કે તેઓ પણ તે દેશ ભણાવવા માટે સમર્થ છે અને તેના અભાવમાં તેવા પ્રકારના સિદ્ધપુત્રાદિ પાસે ભણે કે જેઓ પૂર્વમાં સંયમવેશમાં હતા ત્યારે કલ્પગ્રંથને ભણેલા છે અને કોઈક કર્મના દોષથી ગૃહસ્થવેશમાં રહીને આજીવિકા અર્થે ભિક્ષાટનાદિ પણ કરે છે. **II૭૯-૮૦II**

**અવતરણિકા :-**

પૂર્વમાં કહ્યું કે પશ્ચાત્કૃત અથવા સિદ્ધપુત્રાદિ પાસે શેષ દેશ ભણે ત્યારે શું વિધિ છે ? તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

अब्भुट्ठिए उ काउं, दाउं वा समणलिंगमित्तरियं ।
तेसिं पि य कायव्वो, पडिरूवो तत्थ विणओ अ ॥८१॥

**અન્વયાર્થ :-**

अब्भुट्ठिए उ काउं=અભ્યુત્થિત કરીને, इत्तरिअं समणलिंगं दाउं वा=અથવા ઈત્વર શ્રમણલિંગ આપીને, तेसिं पि=તેઓનો પણ=પશ્ચાત્કૃતોનો પણ, तत्थ=ત્યાં=શ્રુતના વિષયમાં, पडिरूवो विणओ अ कायव्वो= પ્રતિરૂપ વિનય=વંદનાદિરૂપ વિનય કરવો જોઈએ. ॥૮૧॥

**ગાથાર્થ :-**

**અભ્યુત્થિત કરીને અથવા ઈત્વર શ્રમણલિંગ આપીને તેઓનો પણ=પશ્ચાત્કૃતોનો પણ ત્યાં=શ્રુતના વિષયમાં, પ્રતિરૂપ વિનય=વંદનાદિરૂપ વિનય, કરવો જોઈએ. ॥૮૧॥**

**ટીકા :-**

'अब्भुट्ठिए उ'त्ति । यदि पश्चात्कृतादयो नाभ्युत्थिताः किन्तु लिङ्गतो गृहस्थास्तदा तानभ्युत्थितान् कृत्वाऽन्यत्र गत्वा मुण्डान् कृत्वा सशिखानां च शिखां स्फेटयित्वा शिखास्फेटनमनिच्छतां तत्स्थापनेनापि दत्त्वा वा, वाशब्दो व्यवस्थार्थः, 'श्रमणलिङ्गमित्वरं' व्याख्यानवेलायां चोलपट्टकं मुखपोतिकां च ग्राहयित्वा तेषां समीपे गृह्णाति देशमिति योगः । यदि च तेऽन्यत्र गमनं नेच्छन्ति तदा तत्रापि सागारिक-रहितप्रदेशे इत्वरश्रमणलिङ्गग्राहणपूर्वं तेषां समीपे पठनीयमित्यपि द्रष्टव्यम् । तेषामपि तथाभूतानां पठताप्रतिरूपः 'विनयः' तत्र श्रुतविषये वन्दनादिलक्षणः कर्त्तव्यस्तैः पुनर्वारणीय इति ॥८१॥

**ટીકાર્થ :-**

यदि पश्चात्कृतादयो ..... पुनर्वारणीय इति ॥ જો પશ્ચાત્કૃતાદિ અભ્યુત્થિત નથી, પરંતુ લિંગથી ગૃહસ્થ છે તેઓને અભ્યુત્થિત કરીને=ઉપદેશ આદિ દ્વારા સન્માર્ગમાં અભ્યુત્થિત કરીને, અન્યત્ર જઈને=પોતે જે સ્થાનમાં વસ્યા છે, તેના કરતાં અન્ય સ્થાનમાં જઈને, મુંડન કરાવીને અને શિખાવાળાની શિખાનું સ્ફેટન કરાવીને શિખાના સ્ફેટનને નહિ ઈચ્છતા એવા પશ્ચાત્કૃતોના તેના સ્થાપનથી પણ= શિખાના સ્થાપનથી પણ, ઈત્વર શ્રમણલિંગ આપીને=વ્યાખ્યાનવેળામાં ચોલપટ્ટો મુહપત્તિકા ગ્રહણ કરાવીને તેઓની સમીપે દેશને ગ્રહણ કરે એ પ્રમાણે યોગ છે=સંબંધ છે. ગાથામાં दाउं પછી वा શબ્દ

**છે, તે વ્યવસ્થા અર્થમાં છે. શ્લોકમાં વા શબ્દ વ્યવસ્થામાં છે=પશ્ચાત્કૃતોને અભ્યુત્થિત કરવા માટે યત્ન કરવો જોઈએ અને ત્યારપછી ઇત્વરશ્રમણલિંગ આપવું જોઈએ, એ પ્રકારની વ્યવસ્થા અર્થવાળો છે અને જો તે=સારૂપિક અન્યત્ર ગમનને ઇચ્છતા નથી તો ત્યાં પણ=જે ક્ષેત્રમાં પોતે છે અને ત્યાં પશ્ચાત્કૃતાદિ છે, તે ક્ષેત્રમાં પણ, સાગારિકરહિત પ્રદેશમાં=ગૃહસ્થ વગરના પ્રદેશમાં, અલ્પકાળ માટે શ્રમણલિંગને ગ્રહણ કરાવવાપૂર્વક તેમની પાસે ભણવું એ પણ જાણવું, તથાભૂત એવા તેઓનો પણ=અલ્પકાળ માટે શ્રમણલિંગ ધારણ કરેલા એવા સારૂપિકોનો પણ, ભણતા સાધુ વડે પ્રતિરૂપ વિનય ત્યાં=શ્રુતના વિષયમાં, વંદનાદિ લક્ષણ કર્તવ્ય છે. વળી તેઓ વડે=પશ્ચાત્કૃતાદિ વડે, વારણીય છે. ॥૮૧॥**

**ભાવાર્થ :-**

આચાર્યપદને ધારણ કરનારા સાધુને કલ્પગ્રંથના શેષદેશને ભણવા માટે પશ્ચાત્કૃતાદિ પાસે ભણવા બેસે ત્યારે જો તેઓ સંયમયોગમાં અભ્યુત્થિત ન હોય અને લિંગથી ગૃહસ્થ ન હોય તો વિવેકપૂર્વક તેઓને સન્માર્ગનો ઉપદેશ આપીને સંયમયોગમાં અભ્યુત્થિત કરે, તે પશ્ચાત્કૃત સાધુએ પણ પૂર્વે સંયમ ગ્રહણ કરેલ છે અને શાસ્ત્ર ભણેલ છે. તેવા જીવને મહાત્મા અત્યંત સંવેગપૂર્વક સંસારની નિર્ગુણતા બતાવે અને કહે કે તમારી પાસે અપૂર્વ શ્રુતસંપદા છે, તેથી તેના બળથી મનુષ્યજન્મને સફળ કરો તે સાંભળીને તે જીવો પણ પ્રાયઃ કંઈક મોક્ષમાર્ગમાં અભ્યુત્થિત પરિણામવાળા થાય છે. ત્યારપછી તેઓને મુંડન કરાવીને અને શિખા રાખતા હોય તો શિખાનું સ્ફેટન કરાવીને ઇત્વરકાળ માટે સાધુવેશ આપે. તેથી તે મહાત્મામાં ઉપદેશથી પ્રગટેલો સંવેગનો પરિણામ છે અને સાધુવેશ પણ છે અને વિશેષ શ્રુત પણ છે, તેથી તેઓને વંદન કરીને તેઓ પાસે ભણવા બેસે.

વળી, જો તેઓ તે જ દેશમાં ભણવા બેસે તો લોકોને ખ્યાલ આવે કે આ સાધુ નથી, છતાં આ મહાત્મા સાધુવેશ આપીને આ સારૂપિક આદિને વંદન કરે છે. તેથી લોકોને પ્રશ્ન થાય કે સુસાધુ આ રીતે ગૃહસ્થને કેમ વંદન કરે માટે જે દેશમાં તે વસતા હોય તે દેશનો ત્યાગ કરીને અન્ય દેશમાં જઈને સાધુવેશ આપીને તેઓ પાસે ભણે. જેથી આ પણ સાધુ જ છે, તેવું લોકોને જણાય. તેથી વિસંવાદ થાય નહિ અને જ્યાં સુધી તેમની પાસે ભણે ત્યાં સુધી તે સારૂપિક પણ તે જ વેશમાં રહીને તે પ્રમાણે જ ભણાવે.

હવે જો તે સારૂપિક અન્ય દેશમાં જવા તૈયાર ન થાય તો સાગારિક રહિત દેશમાં જઈને અલ્પકાળ માટે સાધુવેશ આપવાપૂર્વક તેઓ પાસે ભણે.

તેથી એ ફલિત થાય કે તે સારૂપિક પણ અંતરંગ રીતે તે મહાત્માના ઉપદેશથી યોગમાર્ગમાં કંઈક ઉત્થિત છે અને વિશેષ પ્રકારના શ્રુતના બોધવાળો છે. સાધુવેશ છે, તે સર્વને સામે રાખીને ભણનાર આચાર્ય તેમને વંદનાદિ ઉચિત વિનય કરે અને તે સારૂપિક પણ આ મહાત્મા ઘણા ગુણિયલ છે, એમ વિચારીને વંદનનો નિષેધ કરે તે તેઓને માટે ઉચિત છે. **॥૮૧॥**

ગાથા :-

आहारोवहिसेज्जाएसणमाईसु तत्थ जइअव्वं ।
सिक्ख त्ति पए ण पुणो, अणुमोअणकारणे दुट्ठो ।।८२।।

અન્વયાર્થ :-

आहारोवहिसेज्जाएसणमाईसु=આહાર, ઉપધિ, શય્યા, એષણા આદિમાં तत्थ=ત્યાં=તે સારૂપિકને ગ્રામાંતર લઈને ભણવા માટે જાય ત્યાં, जइअव्वं=સાધુએ યત્ન કરવો જોઈએ=તે સારૂપિક અર્થે યત્ન કરવો જોઈએ. सिक्ख त्ति पए=શિક્ષા એથી પદમાં=પોતે તેમની પાસે અધ્યયન કરે છે એથી અપવાદ પદમાં, ण पुण अणुमोअणकारणे दुट्ठो=વળી અનુમોદના અને કરાવણ દુષ્ટ નથી. ।।૮૨।।

ગાથાર્થ :-

આહાર, ઉપધિ, શય્યા, એષણા આદિમાં ત્યાં=તે સારૂપિકને ગ્રામાંતર લઈને ભણવા માટે જાય ત્યાં, સાધુએ યત્ન કરવો જોઈએ=તે સારૂપિક અર્થે યત્ન કરવો જોઈએ. શિક્ષા એથી પદમાં=પોતે તેમની પાસે અધ્યયન કરે છે એથી અપવાદ પદમાં, વળી અનુમોદના અને કરાવણ દુષ્ટ નથી. ।।૮૨।।

ટીકા :-

'आहारो'त्ति । तेषां समीपे पठताऽऽहारोपधिशय्यैषणादिषु यथाशक्ति 'तत्र' स्थले यतितव्यम् । परिहर्त्तव्याश्च सावद्य कार्यविषयाः करणकारणानुमोदनादोषाः । न पुनरध्यापकवैयावृत्त्यादौ कार्येऽनुमोदने कारणे च शिक्षा मयाऽस्य समीपे गृह्यते 'इति पदे' द्वितीयपदेऽपवादलक्षणे दुष्टः ।।८२।।

ટીકાર્થ :-

तेषां समीपे ..... दुष्टः ।। તેઓની સમીપે=સારૂપિકના સમીપે, ભણતા એવા આચાર્ય વડે તે સ્થળમાં=ગ્રામાંતર ગયા છે તે સ્થળમાં, યથાશક્તિ આહાર, ઉપધિ, શય્યા, એષણાદિમાં યત્ન કરવો જોઈએ અર્થાત્ તે સારૂપિક મહાત્માને સુખાકારી રહે તે પ્રમાણે યત્ન કરવો જોઈએ અને સાવદ્ય કાર્યવિષયક કરણ, કરાવણ, અનુમોદનાદિ દોષો પરિહાર કરવા જોઈએ અર્થાત્ તે સારૂપિક માટે પણ આહારાદિ સર્વ વસ્તુઓ દોષરહિત પ્રાપ્ત થાય તે રીતે યત્ન કરવો જોઈએ. વળી, અધ્યાપકના વૈયાવચ્ચ આદિ કાર્યમાં અનુમોદના અને કરાવણ હોતે છતે=તે મહાત્મા બીજા પાસે તેઓની અનુમોદના કરે અને કોઈ કૃત્યો તે મહાત્માના વિષયક કરાવે તેમ હોતે છતે, મારા વડે આની સમીપે શિક્ષા ગ્રહણ કરાય છે એ પ્રકારના અપવાદલક્ષણ બીજા પદમાં દુષ્ટ નથી=તે આચાર્ય દોષવાળા નથી. ।।૮૨।।

**ભાવાર્થ :-**

નવા આચાર્ય કલ્પગ્રંથના શેષદેશ ભણવા માટે પશ્ચાત્કૃતને ગ્રામાંતર લઈ જઈને ઇત્વર કાલ માટે સાધુનો વેશ આપે ત્યારે તે સારૂપિક પણ સાધુના વેશમાં રહે છે અને ભણનાર આચાર્ય તેમને કરણ, કરાવણ, અનુમોદન દોષના પરિહારપૂર્વક આહાર, ઉપધિ, શય્યા આદિ લાવીને આપે અને તેઓ સુખપૂર્વક ત્યાં રહીને એમને સુખપૂર્વક ભણાવી શકે એવો યત્ન કરે. આ પ્રકારનો ઉત્સર્ગ માર્ગ છે અને કોઈક કારણસર તે આચાર્ય આહારાદિ સર્વ વ્યવસ્થા તે મહાત્માની સ્વયં કરી શકે તેમ ન હોય તો અધ્યાપકનાં વૈયાવચ્ચાદિ કૃત્યોમાં ગૃહસ્થને તે પ્રકારે કરવાનું સૂચન કરે અને ગૃહસ્થ તે વ્યવસ્થા કરે, તેની અનુમોદના કરે. જેથી ગૃહસ્થ ઉત્સાહિત થઈને તે કૃત્યો કરે, જેથી તે સારૂપિક પણ નિરાકુળ રીતે ત્યાં રહીને અધ્યાપન કરાવી શકે અને બીજા પાસે વૈયાવચ્ચ કરાવે અને તેની અનુમોદના કરે તે જોકે સાવદ્ય કૃત્ય છે. તેથી ઉત્સર્ગથી સાધુને તે પ્રકારે કલ્પે નહિ, પરંતુ અપવાદથી તે આચાર્ય માટે દુષ્ટ નથી; કેમ કે જો સ્વયં તે કૃત્ય કરવામાં વ્યગ્ર રહે તો અધ્યયનનું કાર્ય કરી શકે નહિ અને તે અધ્યાપકનાં વૈયાવચ્ચાદિ કૃત્યો થાય નહિ તો સ્વસ્થતાપૂર્વક તે ભણાવી શકે નહિ માટે આગામી વિશેષ લાભને સાથે રાખીને કંઈક સાવદ્ય હોવા છતાં તે અનુમોદના અને કરાવણ આચાર્ય માટે દુષ્ટ નથી. **॥૮૨॥**

**અવતરણિકા :-**

किं कुर्वन् ? इत्याह –

**અવતરણિકાર્થ :-**

શું કરતા આચાર્ય દુષ્ટ નથી ? એને કહે છે –

**ગાથા :-**

**अलसे वा परिवारे, तयभावे सिद्धपुत्तमाईणं ।**
**अव्वुच्छित्तिकरस्स उ, भत्तिं कुणह त्ति जंपंतो ।।८३।।**

**અન્વયાર્થ :-**

**वा=અથવા=સારૂપિક સ્વયં આહાર, ઉપધિ સંપાદન કરે તો સુંદર છે અથવા તે સંપાદન કરે તેમ ન હોય અને परिवारे अलसे वा=તેનો પરિવાર આળસવાળો હોતે છતે કે, तयभावे=તેનો અભાવ હોતે છતે=તેના પરિવારનો અભાવ હોતે છતે, सिद्धपुत्तमाईणं=સિદ્ધપુત્રાદિને, अव्वुच्छित्तिकरस्स उ=અવ્યુચ્છિત્તિ કરનારા આ સારૂપિકની, भत्तिं कुणह=ભક્તિ કરો, त्ति जंपंतो=એ પ્રમાણે બોલતા આચાર્ય દુષ્ટ નથી એમ ગાથા-૮૨ સાથે સંબંધ છે. ॥૮૩॥**

**ગાથાર્થ :-**

**અથવા=સારૂપિક સ્વયં આહાર, ઉપધિ સંપાદન કરે તો સુંદર છે અથવા તે સંપાદન કરે તેમ**

**ન હોય અને તેનો પરિવાર આળસવાળો હોતે છતે કે તેનો અભાવ હોતે છતે=તેના પરિવારનો અભાવ હોતે છતે સિદ્ધપુત્રાદિને અવ્યુચ્છિત્તિ કરનારી આ સારૂપિકની ભક્તિ કરો, એ પ્રમાણે બોલતા આચાર્ય દુષ્ટ નથી એમ ગાથા-૮૨ સાથે સંબંધ છે. ॥૮૩॥**

**ટીકા :-**

**'अलसे'त्ति । यदि स पाठयन्नात्मनैवाहारोपध्यादिकमुत्पादयति तदा सुन्दरम्, अन्यथा 'अलसे' औचित्येन तत्कार्यमकुर्वति परिवारे वा सति तस्य 'तदभावे' तदीयपरिवारस्यैवाभावे सिद्धपुत्रादीनाम्, आदिना पुराणश्राद्धादिपरिग्रहः, 'अव्यवच्छित्तिकरस्य' श्रुताविच्छेदकरस्य महतो ज्ञानपात्रस्य कुरुतास्य 'भक्तिम्' उत्कृष्टाहारसम्पादनादिरूपामिति जल्पन् ।।८३।।**

**ટીકાર્થ :-**

**यदि स ..... जल्पन् ।। જો ભણાવનાર તે=સારૂપિક, પોતાની મેળે જ આહાર, ઉપધિ આદિક ઉત્પાદન કરે તો સુંદર છે. અન્યથા=જો તે સારૂપિક આહારાદિ સ્વયં ઉત્પાદન કરે તેમ ન હોય તો અથવા તેનો પરિવાર=સારૂપિકનો શિષ્યપરિવાર આળસવાળો હોતે છતે=ઔચિત્યથી તેના કાર્યને નહિ કરતો પરિવાર હોતે છતે તેના=સારૂપિકના, તેના અભાવમાં=તેના શિષ્યપરિવારના અભાવમાં, સિદ્ધપુત્રાદિઓને આદિ શબ્દથી પુરાણ શ્રાવકાદિનું ગ્રહણ છે. તેથી સિદ્ધપુત્ર, પુરાણશ્રાવક આદિને અવ્યવચ્છિત્તિ કરનારા=શ્રુતનો અવ્યવચ્છેદ કરનારા, મહાન જ્ઞાનપાત્ર એવા આની ભક્તિને કરો=ઉત્કૃષ્ટ આહાર સંપાદનાદિરૂપ ભક્તિને કરો, એ પ્રમાણે બોલતા આચાર્ય દુષ્ટ નથી, એમ ગાથા-૮૨ સાથે સંબંધ છે. ॥૮૩॥**

**ભાવાર્થ :-**

કોઈ આચાર્ય કલ્પગ્રંથના દેશ અધ્યયન અર્થે સારૂપિક પાસે ભણવા અર્થે યત્ન કરે ત્યારે તે સારૂપિક તેમને ભણાવતા હોવા છતાં સ્વયં જ આહાર, ઉપધિ આદિ ઉત્પાદન કરે તો તે સુંદર છે, તેથી તે આચાર્ય તે વિષયમાં કંઈ કહે નહિ.

તેથી એ ફલિત થાય કે તે સારૂપિક કંઈક સાધુના વેશમાં રહીને જીવનારા છે. તેથી આમને ભણાવવાના પ્રસંગ પૂર્વે સ્વયં ભિક્ષાદિ દ્વારા આહારાદિ પ્રાપ્ત કરતા હતા, તેમ સ્વયં કરવા તત્પર રહે તો આચાર્યને તેના વિષયમાં કોઈ પ્રયત્ન કરવાની આવશ્યકતા જણાય નહિ. ફક્ત અધ્યયનકાળમાં તેમને ઉચિત વેશ આપીને તેમની પાસે અધ્યયન કરે અને તે સારૂપિક સાથે તેમનો શિષ્યપરિવાર હોય અને તેઓ તેમનું કાર્ય ઔચિત્યથી કરતા ન હોય અથવા તેમને કોઈ પરિવાર ન હોય અને તે સારૂપિક સ્વયં આહારાદિ ઉત્પાદન કરી શકે તેમ ન હોય તો સિદ્ધપુત્ર, પુરાણા શ્રાવક કે અન્ય કોઈ ભક્તિવાળા શ્રાવક ત્યાં હોય, તેમને તે આચાર્ય કહે કે આ મહાત્મા શ્રુતના અવ્યવચ્છેદને કરનારા મહાન જ્ઞાનપાત્ર છે; કેમ કે કલ્પગ્રંથના સૂક્ષ્મ અર્થો નિપુણતાપૂર્વક યોજન કરીને કલ્પગ્રંથ અનુસાર સંયમના સર્વ આચારો કઈ રીતે કરવા જોઈએ ?

તેનો નિપુણ બોધ પોતાને કરાવે છે માટે સિદ્ધપુત્ર, પુરાણા શ્રાવક આદિમાંથી જે કોઈ વિદ્યમાન હોય, તેમને કહે કે ઉત્કૃષ્ટ આહાર સંપાદનાદિ કરવા દ્વારા ભક્તિ કરો. આ પ્રમાણે કહેવાથી તેમની અનુમોદના અને શ્રાવકો તેમની સાવદ્યરૂપ ભક્તિ કરે તે આચાર્ય કરાવે છે તોપણ તે આચાર્ય દુષ્ટ નથી; કેમ કે માન-સન્માન અર્થે કે અન્ય કોઈ આશયથી તે પ્રકારે કોઈ ભક્તિ કરાવતા નથી, પરંતુ સારૂપિકમાં વર્તતું ભગવાનનું શ્રુતજ્ઞાન છે, તેની અનુમોદના છે અને સુખપૂર્વક તે અધ્યયન કરાવી શકે તે નિમિત્તે ભક્તિનું કરાવણ છે માટે દુષ્ટ નથી. **II૮૩II**

**ગાથા :-**

**दुविहासईइ तेसिं, आहाराई करेइ सो सव्वं ।**
**पणहाणीइ जयंतो, हुज्जा अत्तट्ठमवि एवं ।।८४।।**

**અન્વયાર્થ :-**

**दुविहासईइ=બે પ્રકારના પ્રતિચારકનો અભાવ હોતે છતે, पणहाणीइ जयंतो=પંચકહાનીથી યત્ન કરતા, सो=તે=ભણવા આવેલ આચાર્ય, तेसिं=તેઓના=પાસત્થાદિના, सव्वं आहाराई=સર્વ આહારાદિ, करेइ=કરે=સંપાદન કરે, एवं अत्तट्ठमवि हुज्जा=એ રીતે પોતાના માટે પણ કરે. ।।૮૪।।**

**ગાથાર્થ :-**

**બે પ્રકારના પ્રતિચારકનો અભાવ હોતે છતે પંચકહાનીથી યત્ન કરતા તે ભણવા આવેલ આચાર્ય તેઓના=પાસત્થાદિના સર્વ આહારાદિ કરે=સંપાદન કરે એ રીતે પોતાના માટે પણ કરે. ।।૮૪।।**

**ટીકા :-**

'दुविहासईइ'त्ति । द्विविधस्य प्रतिचारकस्य-परिवारस्य सिद्धपुत्रादेश्चासत्यभावे 'तेषां' पार्श्वस्थपश्चात्कृतादीनां सः 'सर्वम्' आहारादिकमात्मना करोति । किं कुर्वाणः ? इत्याह—'पञ्चकहान्या यतमानः' प्रथमतो हि शुद्धमुत्पादयति, तदलाभे पञ्चकप्रायश्चित्तयोग्यम्, तदलाभे दशकयोग्यं यावच्चतुर्गुरुकमसंप्राप्तः । एवं यतमान आत्मार्थमप्येवं भवेत्-उद्गमादिदोषत्रयशुद्धमलभमानः पञ्चकादियतनया त्रिभिरपि दोषैरशुद्धं गृह्णीयात्तथाऽपि स शुद्ध एव, ज्ञाननिमित्तं प्रवृत्तत्वात् ।।८४।।

**ટીકાર્થ :-**

द्विविधस्य ..... प्रवृत्तत्वात् ।। દ્વિવિધ પ્રતિચારકનો=પરિવારનો અને સિદ્ધપુત્રાદિનો અભાવ હોતે છતે તે=આચાર્ય, તેઓનો=પાર્શ્વસ્થ પશ્ચાત્કૃતોનો, સર્વ=આહારાદિ સર્વ, પોતાનાથી કરે છે=સ્વયં કરે છે.

**શું કરતા ? તે પાર્શ્વસ્થાદિની વૈયાવચ્ચ કરે છે ? એથી કહે છે –**

**પંચકહાનિથી યતમાન તે આચાર્ય સર્વ આહારાદિ લાવી આપે એમ અન્વય છે. હિ=જે કારણથી પ્રથમથી શુદ્ધ ઉત્પાદન કરે છે=પ્રથમથી નિર્દોષ ભિક્ષા લાવે છે. તેના અલાભમાં=શુદ્ધ ભિક્ષાના અલાભમાં, પંચક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષિત ભિક્ષા ઉત્પાદન કરે છે. તેના અલાભમાં=પંચક પ્રાયશ્ચિત્ત યોગ્ય ભિક્ષાના અલાભમાં, દશકયોગ્ય-દશ દિવસના પ્રાયશ્ચિત્ત યોગ્ય અશુદ્ધ ભિક્ષાને ઉત્પાદન કરે છે. યાવત્ અસંપ્રાપ્ત=દશક આદિ યોગ્ય ભિક્ષાને અસંપ્રાપ્ત આચાર્ય ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત યોગ્ય ભિક્ષાને સંપાદન કરે છે. આ રીતે=પશ્ચાત્કૃત માટે પંચકહાનિથી યતમાન છે એ રીતે, યત્ન કરતા પોતાના માટે પણ આ રીતે જ થાય=પંચકહાનિથી જ યતમાન થાય. ઉદ્ગમ આદિ દોષ ત્રયથી રહિત એવા શુદ્ધ આહારને નહિ પ્રાપ્ત કરતા આચાર્ય પંચકાદિ યતનાથી ત્રણે પણ દોષોથી અશુદ્ધ ગ્રહણ કરે તોપણ તે=આચાર્ય, શુદ્ધ જ છે; કેમ કે જ્ઞાન નિમિત્તે પ્રવૃત્તપણું છે=અન્યથા જ્ઞાન અધ્યયનમાં વ્યાઘાત થાય તેમ છે, તેથી તેના નિમિત્તે દોષિત ભિક્ષાદિમાં પ્રવૃત્તપણું છે. ॥૮૪॥**

**ભાવાર્થ :-**

કલ્પગ્રંથના દેશને ભણવા માટે આવેલા આચાર્ય જે પાસત્થાદિ પાસે ભણવા તૈયાર થયા છે તે=પાસત્થાદિ સાધુનો સિદ્ધપુત્રાદિ પ્રતિચારક ન હોય અને પ્રતિચારક પરિવાર ન હોય તો તે પાસત્થાદિ માટે આહારાદિ સર્વ વસ્તુઓ તે આચાર્ય સંપાદન કરે છે અર્થાત્ પોતાના માટે જેમ ભિક્ષાર્થે જાય છે તેમ પાસત્થાદિની ભિક્ષા પણ સ્વયં લાવે અને તે ભિક્ષા પણ તેમના સ્વાસ્થ્યને અનુકૂળ હોય તે પ્રકારે લાવે છે અને તેવી ભિક્ષા નિર્દોષ ન મળે તો પંચકહાનિ દ્વારા યતના કરીને લાવે છે પંચક યોગ્ય ન મળે તો દશક યોગ્ય પ્રાયશ્ચિતવાળી ભિક્ષા પણ લાવે છે અને દશક યોગ્ય ન મળે તો યાવત્ ચતુર્ગુરુક પ્રાયશ્ચિતવાળી ભિક્ષા પણ લાવે છે.

વળી જેમ તે પાસત્થાદિ માટે શુદ્ધભિક્ષા ન મળે તો દોષિત ભિક્ષા લાવે છે તેમ પોતાના માટે પણ શુદ્ધ-ભિક્ષા દુર્લભ હોય તો પંચકહાનિ આદિ યતનાથી લાવે છે આ રીતે પાસત્થાદિ માટે કે પોતાના માટે દોષિત ભિક્ષા ગ્રહણ કરેલ હોય તોપણ ભગવાનની આજ્ઞામાં ઉપયોગ હોવાથી અને ભગવાનની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ હોવાથી લેશ પણ કર્મબંધની પ્રાપ્તિ નથી પરંતુ તે આચાર્ય શુદ્ધ જ છે; કેમ કે જ્ઞાનની વૃદ્ધિ નિમિત્તે પ્રવૃત્ત છે. **॥૮૪॥**

**અવતરણિકા :-**

**તથા ચાહ –**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે કહે છે=શાસ્ત્રવિધિના સ્મરણપૂર્વક દોષિત ભિક્ષા લાવે તોપણ તે આચાર્ય શુદ્ધ છે એમ પૂર્વગાથામાં કહ્યું તે રીતે કહે છે –**

ગાથા :-

एसो य पुरिसकारो, तस्स तया णेव दोसमब्भेइ ।
जयणाविसयत्तणओ, रागद्दोसाण विरहा य ।।८५।।

અન્વયાર્થ :-

तस्स य=અને તેનો=આચાર્યનો, एसो पुरिसकारो=આ પુરુષકાર, तया दोसमब्भेइ णेव=ત્યારે દોષને પ્રાપ્ત કરતો નથી જ, जयणाविसयत्तणओ=કેમ કે યતનાનું વિષયપણું છે, य रागद्दोसाण विरहा=અને રાગદ્વેષનો વિરહ છે. ॥૮૫॥

ગાથાર્થ :-

અને તેનો=આચાર્યનો, આ પુરુષકાર ત્યારે દોષને પ્રાપ્ત કરતો નથી જ; કેમ કે યતનાનું વિષયપણું છે અને રાગદ્વેષનો વિરહ છે. ॥૮૫॥

ટીકા :-

'एसो य'त्ति । 'एष च' अशुद्धाहारोत्पादनादिगोचरः 'पुरुषकारः' प्रयत्नः 'तस्य' पठतस्तदा नैव दोषमभ्येति यतनाविषयत्वाद्रागद्वेषयोर्विरहाच्चोत्सर्गप्रयत्नवत् ।।८५।।

ટીકાર્થ :-

'एष च' ..... चोत्सर्गप्रयत्नवत् ।। અને તેનો=ભણતા એવા આચાર્યનો, આ=અશુદ્ધ આહાર ઉત્પાદન વિષયક પુરુષકાર=પ્રયત્ન, ત્યારે દોષને પ્રાપ્ત કરતો નથી જ=સામાયિકના પરિણામના અપકર્ષનું કારણ બનતું નથી જ; કેમ કે યતનાનું વિષયપણું છે અને રાગદ્વેષનો વિરહ છે. ઉત્સર્ગના પ્રયત્નની જેમ. ॥૮૫॥

ભાવાર્થ :-

સુસાધુ મધ્યસ્થ પરિણતિવાળા હોય છે જેનાથી મધ્યસ્થભાવની વૃદ્ધિરૂપ સામાયિકના પરિણામના સંસ્કારો પડે છે જેનાથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે અને મધ્યસ્થભાવ ઉપયોગપૂર્વક સર્વજ્ઞના વચનનું સ્મરણ કરીને તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરવાથી પ્રગટે છે. પ્રસ્તુત આચાર્ય વિશેષ પ્રકારના શ્રુત અધ્યયનાર્થે પાસત્થાદિનું વૈયાવચ્ચ કરે ત્યારે જિનવચનનું સ્મરણ કરીને અશુદ્ધ આહારાદિનું ગ્રહણ કરે છે. તે પ્રયત્નથી તેમને દોષની પ્રાપ્તિ થતી નથી; કેમ કે સર્વજ્ઞના વચનનું સ્મરણ કરીને યતનાપૂર્વક તે અશુદ્ધ આહાર લાવ્યા છે અને ભગવાનના વચનાનુસાર જ મારે સર્વ પ્રવૃત્તિ કરવી છે તેવો ઉપયોગ વર્તતો હોવાથી તે અશુદ્ધ આહારના ગ્રહણમાં રાગદ્વેષનો વિરહ છે. જેમ ઉત્સર્ગથી સાધુ નિર્દોષ ભિક્ષા લાવે છે ત્યારે મધ્યસ્થભાવ રહે છે તેમ અપવાદથી દોષિત ભિક્ષાગ્રહણકાળમાં પણ મધ્યસ્થભાવ વર્તે છે તેથી સામાયિકની શુદ્ધિની જ પ્રાપ્તિ થાય છે. ॥૮૫॥

**અવતરણિકા :-**

तदेवमुक्तं छेदार्थज्ञानगुणस्य प्राधान्यं व्यवहारित्वे, एतदेव समकक्षमध्यस्थत्वगुणान्तर्भावेनोपसंहरन्नाह —

**અવતરણિકાર્થ :-**

આ રીતે વ્યવહારીપણામાં છેદાર્થ જ્ઞાનગુણનું પ્રાધાન્ય કહેવાયું એને જ=છેદાર્થ જ્ઞાનગુણના પ્રાધાન્યને જ, સમકક્ષ એવા મધ્યસ્થત્વગુણમાં અંતર્ભાવથી ઉપસંહાર કરતાં કહે છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં આચાર્ય કે ઉપાધ્યાય તરીકે વ્યવહાર કરનારને છેદસૂત્રના અર્થના જ્ઞાનનું પ્રધાનપણું છે તેમ બતાવ્યું અને તે છેદસૂત્રનું જ્ઞાન જીવને મધ્યસ્થ પરિણતિ પ્રગટ કરાવે છે તેથી તેની સમકક્ષ જ મધ્યસ્થ પરિણતિ છે. તેમાં જ્ઞાનગુણ અંતર્ભાવ પામે છે; કેમ કે મધ્યસ્થ પરિણતિવાળા સાધુ શક્તિના પ્રકર્ષથી શ્રુતનું અધ્યયન કરીને પોતાનો મધ્યસ્થભાવ દૃઢ કરે છે તેથી છેદ ગ્રંથનું જ્ઞાન તે મધ્યસ્થભાવમાં અંતર્ભાવ પામે છે; કેમ કે છેદ ગ્રંથના જ્ઞાનથી જ મધ્યસ્થતાપૂર્વક વ્યવહાર કરવા સમર્થ બને છે. તે રીતે બતાવીને ઉપસંહાર કરતાં કહે છે.

**ગાથા :-**

**तम्हा छेयत्थविऊ, मज्झत्थो चेव होइ ववहारी ।**
**अन्नायनाणभारो, णो पुण माई मुसावाई ।।८६।।**

**અન્વયાર્થ :-**

**तम्हा छेयत्थविऊ=તે કારણથી છેદસૂત્રના ભણનાર, मज्झत्थो चेव=મધ્યસ્થ જ, ववहारी होइ=વ્યવહારી થાય છે. अन्नायनाणभारो णो=અજ્ઞાત જ્ઞાનના ભારવાળા સાધુ વ્યવહારી થતા નથી. पुण माई मुसावाई=વળી માયી મૃષાવાદી થાય છે. ।।૮૬।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી છેદસૂત્રના ભણનારા મધ્યસ્થ જ વ્યવહારી થાય છે. અજ્ઞાત જ્ઞાનના ભારવાળા સાધુ વ્યવહારી થતા નથી, વળી માયી મૃષાવાદી થાય છે. ।।૮૬।।**

**ટીકા :-**

'तम्ह'त्ति । तस्माच्छेदार्थविन्मध्यस्थश्चैव भवति व्यवहारी, न पुनरज्ञातज्ञानभारो गर्दभ इव फलतोऽनधिगतचन्दनभारो मायी मृषावादी च, ज्ञानवतोऽप्यमध्यस्थस्याव्यवहारित्वात् ।।८६।।

**ટીકાર્થ :-**

**तस्माच्छेदार्थवि ..... मध्यस्थस्याव्यवहारित्वात् ।। તે કારણથી=વ્યવહાર કરવામાં છેદાર્થ જ્ઞાન પ્રધાન છે તે કારણથી, છેદાર્થને જાણનાર મધ્યસ્થ જ વ્યવહારી થાય છે. પરંતુ અજ્ઞાત, જ્ઞાન-ભારવાળા, ગધેડા જેવા, ફળથી નહિ પ્રાપ્ત કરાયેલા ચંદનભારવાળા વ્યવહારી થતા નથી, માયી અને મૃષાવાદી થાય છે; કેમ કે અમધ્યસ્થ એવા જ્ઞાનવાનનું પણ અવ્યવહારીપણું છે. ॥૮૬॥**

**ભાવાર્થ :-**

જિનવચનાનુસાર પ્રાયશ્ચિત્ત આદિ ઉચિત વ્યવહાર કરવાના અધિકારી આચાર્ય કે ઉપાધ્યાય છે અને આચાર્ય કે ઉપાધ્યાય પદવીની યોગ્યતામાં છેદ અર્થના જ્ઞાનગુણનું પ્રાધાન્ય છે તેથી જેઓએ છેદ અર્થના જ્ઞાનને પ્રાપ્ત કર્યું છે તેઓ જ પદવીને યોગ્ય છે એટલું જ નહિ પણ છેદ અર્થના જ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી જેઓ મધ્યસ્થ છે અર્થાત્ સર્વજ્ઞના વચનનું સ્મરણ કરીને ઉચિત વ્યવહાર કરે તેવી જ પરિણતિવાળા છે તેથી છેદસૂત્રનું જ્ઞાન કર્યા પછી રાગદ્વેષને વશ થયા વગર તેના અનુસાર જ ઉચિત વ્યવહાર કરીને યોગ્ય જીવોને સંયમ માર્ગમાં પ્રવર્તાવે છે અને સ્વયં પણ મધ્યસ્થ હોવાથી તે છેદ ગ્રંથના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને સામાયિકના પરિણામની વૃદ્ધિ કરે છે તેઓ આચાર્યપદના કે ઉપાધ્યાયપદના અધિકારી છે અન્ય નહિ.

જેમ કોઈ ગધેડા ઉપર ચંદનનો ભાર મૂકવામાં આવે તેનાથી તેને ચંદનનો ભોગ પ્રાપ્ત થતો નથી એમ જેઓ મધ્યસ્થ પરિણતિવાળા નથી તેઓ શાસ્ત્ર ભણીને છેદસૂત્રના અર્થને ભણતા હોય છતાં મધ્યસ્થતાપૂર્વક વ્યવહાર કરતા નથી તેઓ ફળથી ચંદન જેવા છેદસૂત્રના અર્થને ભણનારા નથી તેથી તેઓ આચાર્યપદ કે ઉપાધ્યાયપદ પ્રાપ્ત કરીને વ્યવહાર કરે તો તેઓ માયી અને મૃષાવાદી છે; કેમ કે તેઓ ભગવાનના વચનાનુસાર વ્યવહાર કરતા નથી તેથી મૃષાવાદ કરે છે અને ભગવાનના વચનાનુસાર હું વ્યવહાર કરું છું તેમ માયાથી માને છે. **॥૮૬॥**

**અવતરણિકા :-**

**अत्र हेतुमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં=જ્ઞાનવાળા પણ અમધ્યસ્થ અવ્યવહારી છે એમાં, હેતુને કહે છે –**

**ગાથા :-**

**जं एगस्स बहूण व, आगाढे कारणम्मि णेगविहे ।**

**माइमुसावाईणं, असुईणं पावजीवीणं ।।८७।।**

**અન્વયાર્થ :-**

**जं=જે કારણથી, एगस्स बहूण वा=કોઈ એકના કે ઘણા કોઈના, आगाढे कारणम्मि=આગાઢ**

**કારણમાં, णेगविहे=અનેકવિધમાં=કુલાદિના વિવાદાસ્પદભૂત સચિત્ત-અચિત્તાદિમાં, माइमुसावाईणं=માયી મૃષાવાદી, असुईणं=અશુચિ, पावजीवीणं=પાપજીવીઓને જીવન સુધી સૂત્રમાં આચાર્યત્વાદિ દાનનો નિષેધ કરેલ છે. એમ ગાથા-૮૮ સાથે સંબંધ છે. ॥૮૭॥**

**ગાથાર્થ :-**

**જે કારણથી કોઈ એકના કે ઘણા કોઈના આગાઢ કારણમાં અનેકવિધમાં=કુલાદિના વિવાદાસ્પદભૂત સચિત્ત અચિત્તાદિમાં. માયી મૃષાવાદી અશુચિ પાપજીવીઓને જીવન સુધી સૂત્રમાં આચાર્યત્વાદિ દાનનો નિષેધ કરેલ છે એમ ગાથા-૮૮ સાથે સંબંધ છે. ॥૮૭॥**

**ટીકા :-**

**'जं एगस्स'त्ति । यदेकस्य बहूनां वाऽऽगाढे कारणे 'अनेकविधे' कुलादिच्छेद्ये सचित्ताचित्तादौ विवादास्पदीभूते मायिनां कथमहमेतस्य भक्तस्येप्सितं छिन्द्यामिति बुद्ध्या परच्छिद्राणि निरीक्षमाणानाम्, अत एव मृषावादिनाम्-आभाव्यमनाभाव्यमनाभाव्यं चाभाव्यं वदताम्, अत एव 'अशुचीनां' प्राणातिपातादिविष्टोपलिप्तानाम्, अत एव 'पापजीविनां' पापश्रुतोपजीविनाम् ।।८७।।**

**ટીકાર્થ :-**

**यदेकस्य ..... पापश्रुतोपजीविनाम् ।। જે કારણથી એક કુલાદિના કે બહુકુલાદિના આગાઢ કારણમાં અનેકવિધમાં=વિવાદાસ્પદીભૂત કુલાદિના છેદ્ય એવા સચિત્ત અચિત્તાદિમાં, માયાવીને=કેવી રીતે હું આ ભક્તનું=પોતાના પ્રત્યે ભક્તિવાળાનું, ઈચ્છિત છેદું એવી બુદ્ધિથી પરછિદ્રોને જોનારાને, આથી જ મૃષાવાદી એવા વ્યવહારીને=આભાવ્યને અનાભાવ્ય અને અનાભાવ્યને આભાવ્ય બોલતા એવા મૃષાવાદીને, આથી જ અશુચિવાળાને=પ્રાણાતિપાતાદિ વિષ્ટાદિ ખરડાયેલાને, આથી જ પાપજીવીને= પાપશ્રુતથી જીવનારા સાધુને, યાવજ્જીવ આચાર્યત્વ આદિ દાનનો નિષેધ કરેલ છે એમ આગળની- ૮૮મી ગાથા સાથે સંબંધ છે. ॥૮૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે જ્ઞાનવાળા પણ અમધ્યસ્થનું અવ્યવહારીપણું છે તેમાં યુક્તિ બતાવે છે. જેમ કોઈ સાધુ છેદ અર્થના જ્ઞાનવાળા હોય અને મધ્યસ્થ ન હોય અને કુલ-ગણ-સંઘ આદિના છેદ્ય પ્રશ્ન હોય ત્યારે આ સચિત્ત અચિત્ત વસ્તુ કયા કુલ-ગણ-સંઘની થશે એવો વિવાદ ચાલતો હોય તે વખતે ગીતાર્થો ભેગા થઈને વિચારણા કરતા હોય તેમાં કોઈ સાધુ છેદ અર્થના ભણેલા હોય અને મધ્યસ્થ ન હોય અને પોતાના ભક્ત પ્રત્યે પક્ષપાત હોય તો વિચાર કરે કે હું કઈ રીતે આ વિવાદનો છેદ કરું તેથી આ ભક્તને અનુકૂળ આભાવ્ય અનાભાવ્યનો નિર્ણય થાય તેથી ભક્તના પક્ષથી અન્ય પક્ષના છિદ્રો જોયા કરે છે પરંતુ શ્રુત અનુસાર ઉપયોગ મૂકીને તે વિવાદનો છેદ કરવા પ્રયત્ન કરતા નથી તેથી માયી છે.

વળી માયાવી હોવાને કારણે જ મૃષાવાદી પણ કરે છે; કેમ કે શાસ્ત્રવચનાનુસાર જેનું આભાવ્ય થાય છે તેનું અનાભાવ્ય કહે છે અને જેનું અનાભાવ્ય છે તેનું આભાવ્ય કહે છે, જે જિનવચનથી અન્યથા હોવાને કારણે મૃષાવાદરૂપ છે; કેમ કે ભક્તના પક્ષમાં આભાવ્ય અનાભાવ્યનો વિભાગ કરીને વિવાદ છેદવા અર્થે તે પ્રયત્ન કરે છે. આથી જ તેવા સાધુ સાક્ષાત્ કોઈ હિંસાદિ કૃત્યો કરતા ન હોય તોપણ પ્રાણાતિપાતાદિરૂપ વિષ્ટાથી ઉપલિપ્ત છે; કેમ કે કષાયોને વશ થવાને કારણે માયા, મૃષાવાદથી પોતાના ભાવપ્રાણનો નાશ કરે છે. તેથી વિષ્ટા જેવા અશુભભાવોથી તેમનો આત્મા ખરડાયો છે આથી જ તે સાધુ પાપશ્રુત ઉપર જીવનારા છે; કેમ કે ભગવાનના વચનનો અપલાપ કરીને પોતાના ભક્તનો પક્ષપાત કરે છે તેથી તેઓનું જ્ઞાન પાપવૃદ્ધિનું કારણ છે. તેના ઉપર તેઓ જીવનારા છે તેવા સાધુને છેદસૂત્રના અર્થનું જ્ઞાન હોય અને અન્ય પણ દરેક પ્રકારની યોગ્યતા હોય તોપણ આજીવન આચાર્યપદ ઉપાધ્યાયપદ આપવાનો શાસ્ત્રમાં તેમને નિષેધ કર્યો છે માટે અમધ્યસ્થ સાધુ આચાર્યપદ કે ઉપાધ્યાયપદ પ્રાપ્ત કરીને વ્યવહારી થતા નથી. ॥૮૭॥

**ગાથા :-**

**जावज्जीवं सुत्ते, कज्जाकज्जट्ठिइं हणंताणं ।**
**पडिसिद्धं णियदोसा, आयरियत्ताइदाणं तु ।।८८।।**

**અન્વયાર્થ :-**

**णियदोसा=નિજ દોષથી=ભક્તના પક્ષપાતરૂપ નિજદોષથી, कज्जाकज्जट्ठिइं हणंताणं=કાર્ય-અકાર્યની સ્થિતિનો નાશ કરનારા સાધુને, जावज्जीवं=જાવજ્જીવ સુધી, आयरियत्ताइदाणं तु=આચાર્યત્વાદિનું દાન, सुत्ते=સૂત્રમાં, पडिसिद्धं=પ્રતિષેધ છે. ।।૮૮।।**

**ગાથાર્થ :-**

**નિજદોષથી=ભક્તના પક્ષપાતરૂપ નિજદોષથી, કાર્ય-અકાર્યની સ્થિતિનો નાશ કરનારા સાધુને જાવજ્જીવ સુધી આચાર્યત્વ આદિનું દાન સૂત્રમાં પ્રતિષિદ્ધ છે. ।।૮૮।।**

**ટીકા :-**

**'जावज्जीवं'ति । कार्याकार्यस्थितिं घ्नतां निजदोषात्सूत्रे आचार्यत्वादिदानं तु 'तुः' एवकारार्थो भिन्नक्रमश्च, यावज्जीवमेव सूत्रे प्रतिषिद्धम्, तथा चात्र व्यवहारस्थं सूत्रसप्तकम्–**

'भिक्खू य बहुस्सुए बब्भागमे बहुसो बहुसो आगाढागाढेसु कारणेसु माई मुसावाई असुई पावसुओवजीवी जावज्जीवाए तस्स तप्पत्तियं णो कप्पइ आयरियत्तं वा जाव गणावच्छेइअत्तं वा उद्दिसित्तए वा धारित्तए वा १। एवं गणावच्छेइए वि २। आयरियउवज्झाए वि ३। बहवे भिक्खुणो बहुस्सुआ बब्भागमा बहुसो बहुसो आगाढागाढेसु कारणेसु माई मुसावाई असुई पावसुओवजीवी जावज्जीवाए तेसिं तप्पत्तियं नो कप्पइ जाव उद्दिसित्तए वा

धारित्तए वा ४। एवं गणावच्छेइया वि ५। आयरियउवज्झाए यावि ६। बहवे भिक्खुणो बहवे गणावच्छेइआ बहवे आयरियउवज्झाया बहुस्सुआ बब्भागमा बहुसो बहुसो आगाढागाढेसु कारणेसु माई मुसावाई असुई पावसुओवजीवी जावज्जीवाए तेसिं तप्पत्तिअं णो कप्पइ आयरिअत्तं वा पवित्तित्तं वा थेरत्तं वा गणहरत्तं वा गणावच्छेइअत्तं वा उद्दिसित्तए वा धारित्तए वा ७'त्ति ।

**ટીકાર્થ :-**

**कार्याकार्य ..... व्यवहारस्थं सूत्रसप्तकम्- પોતાના દોષથી કાર્ય-અકાર્યની સ્થિતિને નાશ કરતા સાધુને સૂત્રમાં આચાર્યત્વ આદિનું દાન યાવજ્જીવ જ પ્રતિષિદ્ધ છે ગાથામાં 'तु' શબ્દ એવકાર અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે આથી યાવજ્જીવ જ સૂત્રમાં પ્રતિષિદ્ધ છે એમ યોજન છે અને તે પ્રમાણે અહીં વ્યવહારમાં રહેલું સૂત્રસપ્તક છે –**

અને ભિક્ષુ બહુશ્રુત બહુ આગમવાળો હોતે છતે આગાઢ આગાઢ કારણોમાં અનેક વખત માયી, મૃષાવાદી, અશુચિ પાપશ્રુત ઉપજીવી થાય તેને તત્પ્રત્યય=માયી મૃષાવાદ આદિ પ્રત્યય આચાર્યપણું જાવજ્જીવ સુધી કલ્પતું નથી યાવત્ ગણાવચ્છેદકપણું કલ્પતું નથી. ઉદ્દેશપણા માટે અને ધારણપણા માટે કલ્પતું નથી એ રીતે ગણાવચ્છેદકમાં પણ જાણવું. આચાર્ય-ઉપાધ્યાયપદમાં પણ જાણવું. અહીં પ્રથમસૂત્ર સામાન્ય સાધુ છેદગ્રંથ ભણેલા હોય અને દુર્વ્યવહાર કરે તેઓને આશ્રયીને છે. બીજું સૂત્ર કોઈ ગણાવચ્છેદક હોય અર્થાત્ ગણની સારસંભાળ કરતાં હોય અને છેદસૂત્રના જ્ઞાનવાળા હોય તેઓ પણ મધ્યસ્થથી વ્યવહાર ન કરતા હોય તો માયી મૃષાવાદ દોષની પ્રાપ્તિ થાય છે તેને આશ્રયીને આચાર્યાદિ પદવી આપવાનો નિષેધ છે. વળી, ત્રીજું સૂત્ર કોઈ એક આચાર્ય હોય કે ઉપાધ્યાય હોય તેઓ પણ અમધ્યસ્થ હોય તેથી વારંવાર માયા મૃષાવાદ આદિ કરતા હોય તો તેઓને અપાયેલી આચાર્યપદવી કે ઉપાધ્યાયપદવીને પાછી ગ્રહણ કરવા અર્થે અને ફરી નહિ આપવા અર્થે ત્રીજું સૂત્ર છે. એ જ રીતે ચોથા, પાંચમા અને છઠ્ઠા સૂત્રમાં ઘણા સાધુ ઘણા ગણાવચ્છેદક અને ઘણા આચાર્ય ઉપાધ્યાય અમધ્યસ્થ વ્યવહારી હોય તો આચાર્ય કે ઉપાધ્યાયપદના નિષેધ અર્થે છે. ઘણા ભિક્ષુઓ બહુશ્રુત બહુઆગમવાળા ઘણા ઘણા આગાઢ કારણોમાં માયી મૃષાવાદી અશુચિ પાપશ્રુત ઉપજીવી તેઓને તત્પ્રત્યય જાવજ્જીવ સુધી કલ્પતું નથી, યાવત્ ઉદ્દેશ કરવા માટે કે ધારણપણા માટે કલ્પતું નથી. એ રીતે ગણાવચ્છેદકો પણ અને આચાર્યો ઉપાધ્યાયો પણ, ઘણા ભિક્ષુઓ ઘણા ગણાવચ્છેદકો ઘણા આચાર્ય ઉપાધ્યાયો બહુશ્રુત બહુઆગમવાળા ઘણા ઘણા આગાઢ કારણોમાં માયી મૃષાવાદી અશુચિ પાપશ્રુત ઉપજીવી છે તેઓને તત્પ્રત્યય જાવજ્જીવ સુધી આચાર્યપણું પ્રવર્તકપણું સ્થાવિરપણું ગણધરપણું અથવા ગણાવચ્છેદકપણું ઉદ્દેશવા માટે કે ધારવા માટે કલ્પતું નથી.

**ટીકા :-**

**अत्र प्रत्येकमेकत्वे सूत्रत्रयं प्रथमम्, बहुत्वे द्वितीयं सूत्रत्रयम्, सप्तमं च सूत्रं बहुभिक्षुबहुगणावच्छेदकबह्वाचार्यविषयम् । तत्र-'शतमवध्यं सहस्त्रमदण्ड्यम्' इत्यादि लौकिकव्यवहारवद् बहूनां प्रायश्चित्तं न स्यादिति व्यावृत्त्यर्थं बहुत्वविशिष्टसूत्रग्रहणमिति वदन्ति ।।८८।।**

**ટીકાર્થ :-**

**अत्र प्रत्येकमेकत्वे ..... सूत्रग्रहणमिति वदन्ति ।। અહીં=વ્યવહારસૂત્રમાં, પ્રત્યેક એકત્વમાં સૂત્રત્રય પ્રથમ છે. બહુત્વમાં બીજું સૂત્રત્રય છે અને સાતમું સૂત્ર બહુભિક્ષુ, બહુગણાવચ્છેદક, બહુઆચાર્યના વિષયવાળું છે. ત્યાં=સાતમા સૂત્રમાં, 'शतमवध्यं सहस्रमदण्ड्यम्'='સો અવધ્ય છે, હજાર અદંડ્ય છે' ઇત્યાદિ લૌકિક વ્યવહારની જેમ ઘણાઓને પ્રાયશ્ચિત્ત ન થાય એની વ્યાવૃત્તિ માટે બહુત્વવિશિષ્ટ સૂત્રનું ગ્રહણ છે, એ પ્રમાણે કહે છે. ।।૮૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે જે માયી મૃષાવાદી આદિ દોષવાળા છે તેઓ વ્યવહાર કરવા માટે અયોગ્ય છે. કેમ અયોગ્ય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે – જેઓ અમધ્યસ્થભાવરૂપ દોષને કારણે કાર્ય-અકાર્યની સ્થિતિનો નાશ કરે છે અર્થાત્ છેદસૂત્ર અનુસાર જે જેનું આભાવ્ય હોય તેનું જ આભાવ્ય કહેવું તે શાસ્ત્રવચનાનુસાર કાર્ય છે અને જેનું આભાવ્ય ન હોય તેનું અનાભાવ્ય જ કહેવું તે શાસ્ત્રસ્થિતિ છે તેનો નાશ કરીને પોતાના ભક્તાદિ પ્રત્યે પક્ષપાતથી અન્યનાં છિદ્રો જોનારા છે તેઓ ઉચિત કાર્યની સ્થિતિનો નાશ કરે છે, જે અકાર્ય છે તેને કરે છે તેથી તેવા સાધુને યાવજ્જીવ સુધી જ સૂત્રમાં આચાર્ય આદિ પદો આપવાનો નિષેધ કર્યો છે અને તેમાં વ્યવહારભાષ્યનાં સાત સૂત્રો બતાવ્યાં છે. તે સાત સૂત્રોમાં પ્રથમનાં ત્રણસૂત્રો કોઈ એક બહુશ્રુત હોય, બહુ આગમ ભણેલા હોય છતાં જ્યારે વિવાદના પરિચ્છેદનો પ્રસંગ આવે ત્યારે પક્ષપાતથી વિવાદનું સમાધાન કરવા યત્ન કરે છે તેને આશ્રયીને છે.

તેથી એ ફલિત થાય કે જેઓના ચિત્તમાં ભક્ત પ્રત્યે અવસ્થિત પક્ષપાત છે તેઓ ક્યારે પણ જિનવચનાનુસાર સૂત્રનું યોજન કરવા પ્રયત્ન કરતા નથી પરંતુ અન્ય રીતે તપસંયમમાં ઉદ્યમવાળા હોય તોપણ પ્રકૃતિથી અમધ્યસ્થ છે તેઓ આચાર્યપદાદિ દાન અર્થે અયોગ્ય છે.

વળી કેટલાક યોગ્ય જીવો બહુલતાએ મધ્યસ્થ છે તેથી છેદસૂત્રાદિ ભણીને મધ્યસ્થતાપૂર્વક જ વ્યવહાર કરે છે છતાં ક્યારેક કોઈક નિમિત્તે અમધ્યસ્થભાવ થાય અને તે નિવર્તનીય હોય તો અયોગ્ય નથી તે બતાવવા અર્થે સૂત્રમાં બહુસો બહુસો પ્રયોગ છે.

વળી, બીજાં ત્રણ સૂત્રો ઘણા સાધુઓ અમધ્યસ્થ હોય અને તેઓ વારંવાર અમધ્યસ્થતાપૂર્વક જ વિવાદનું સમાધાન કરવા યત્ન કરતા હોય; કેમ કે તેઓની પ્રકૃતિ જેઓ પ્રત્યે પક્ષવાળી હોય છે તેના પ્રમાણે જ વિવાદનું સમાધાન કરવા માટે પ્રયત્ન કરાવે છે પરંતુ શાસ્ત્રવચન અને તેની ઉક્તિનું ક્યાં યોજન થાય છે તે પ્રમાણે મધ્યસ્થતાથી તેનો ઉકેલ કરવા યત્ન ન કરે તો તે ઘણા સાધુઓ પણ આચાર્યાદિ પદને અયોગ્ય બને છે. તેમ બતાવીને એ સ્પષ્ટતા કરી કે ઘણાનો એકમત છે માટે આ ગ્રાહ્ય છે તેમ નિર્ણય કરાય નહિ પરંતુ કોનું વચન શાસ્ત્રવચનાનુપાતી છે તેનો નિર્ણય કરીને તેને અનુસાર વિવાદનો છેદ કરનાર જ મધ્યસ્થ છે અને તેઓ જ ગ્રાહ્ય છે.

વળી સાતમું સૂત્ર પૃથક્ કેમ કર્યું ? તે સ્પષ્ટ કરતાં કહે છે – લોકમાં કહેવાય છે કે સો જણાએ એક

સરખું અકાર્ય કર્યું હોય તે સો જણા હોવાથી અકાર્યના ફળસ્વરૂપે વધ્ય બનતા નથી અને હજાર જણાએ તે સરખું અકાર્ય કર્યું હોય તો દંડ્ય બનતા નથી તેથી તે ન્યાય પ્રમાણે શાસ્ત્રનું કોઈ યોજન કરે તે ઉચિત નથી; કેમ કે એક જણ કરે કે હજાર જણા કરે સમાન અશુભ અધ્યવસાય કરે તો સર્વને તે અશુભ અધ્યવસાયજન્ય પાપબંધ થાય છે તેના નિવારણનો ઉપાય તે હજારે જણને તેને અનુરૂપ પ્રાયશ્ચિત્ત જ દંડ છે. જેનાથી તેની શુદ્ધિ થાય છે. જો લૌકિક વ્યવહારનો આશ્રય કરીને તેઓને દંડ ન કરવામાં આવે તો સન્માર્ગનો નાશ થાય અને થયેલા અપરાધનું ફળ જન્માંતરમાં અવશ્ય પ્રાપ્ત થાય. તેથી ઘણા સાધુ, ઘણા ગણાવચ્છેદક અને ઘણા આચાર્ય અમધ્યસ્થતાપૂર્વક વ્યવહાર કરે તોપણ તે પ્રમાણ થાય નહીં તેમ સાતમું સૂત્ર બતાવે છે. **॥૮૮॥**

**અવતરણિકા :-**

**अथ कथमयं मायी मृषावादी कार्याकार्यस्थितिं हन्तीत्यत्र प्रघट्टकमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ=અમધ્યસ્થ છેદસૂત્ર ભણેલા સાધુ, માયી મૃષાવાદી કેવી રીતે આ કાર્ય-અકાર્યની સ્થિતિને હણે છે એ પ્રકારના કથનમાં પ્રઘટ્ટક કહે છે=તેને કહેનારા કેટલાક શ્લોકોના સમુદાયને કહે છે –**

**ગાથા :-**

**आहारमाइगहिओ, कज्जाकज्जट्ठिइं तु सो हणइ ।**
**जह कम्मि वि नगरम्मी, कज्जम्मि समागओ सूरी ।।८९।।**

**અન્વયાર્થ :-**

**आहारमाइगहिओ=આહારાદિથી ગૃહીત, सो=માયી એવા વ્યવહારી સાધુ, कज्जाकज्जट्ठिइं तु हणइ=કાર્ય-અકાર્યની સ્થિતિને હણે છે. जह कम्मि वि नगरम्मि=જે પ્રમાણે કોઈક નગરમાં, कज्जम्मि सूरी समागओ=કાર્ય ઉત્થાન થયે છતે કોઈક સૂરિ આવ્યા. ॥૮૯॥**

**ગાથાર્થ :-**

**આહારાદિથી ગૃહીત તે=માયી એવા વ્યવહારી સાધુ, કાર્યાકાર્યની સ્થિતિને હણે છે જે પ્રમાણે કોઈક નગરમાં કાર્ય ઉત્પન્ન થયે છતે કોઈક સૂરિ આવ્યા. ॥૮૯॥**

**ટીકા :-**

**'आहारमाइ'त्ति । आहारादिना 'गृहीतः' व्यवहर्त्तव्यैर्वशीकृतः सन् 'सः' मायी कार्याकार्यस्थितिं हन्ति । यथा कस्मिंश्चिन्नगरे कार्ये उत्पन्ने सति सचित्तादिनिमित्तं वास्तव्यसङ्घस्य व्यवहारे जाते कश्चित्सूरिर्बहुश्रुतो बहुपरिवारश्च समागतः, स च व्यवहारो वास्तव्यसङ्घेन छेत्तुं न शक्यत इति वास्तव्यसङ्घेन त्वमेतं व्यवहारं छिन्द्धीति तत्र व्यवहारे नियुक्तः स सूरिरिति गम्यम् ।।८९।।**

**ટીકાર્થ :-**

आहारादिना 'गृहीतः' ..... सूरिरिति गम्यम् ।। આહારાદિથી ગ્રહણ કરાયેલ છતાં=વ્યવહાર કરવા યોગ્ય એવા સાધુઓથી વશ કરાયેલ છતાં, તે=માયી=વ્યવહારી, કાર્ય-અકાર્યની સ્થિતિને હણે છે. જે પ્રમાણે કોઈક નગરમાં કાર્ય ઉત્પન્ન થયે છતે સચિત્તાદિ નિમિત્ત વાસ્તવ્યસંઘનો વ્યવહાર ઉત્પન્ન થયે છતે કોઈ સૂરિ બહુશ્રુતવાળા અને બહુપરિવારવાળા આવ્યા અને તે વ્યવહાર વાસ્તવ્યસંઘથી છેદવો શક્ય નથી. તેથી વાસ્તવ્ય સંઘ વડે તમે આ વ્યવહારને છેદો એ પ્રમાણે ત્યાં=તે નગરમાં, વ્યવહારમાં તે સૂરિ નિયુક્ત કરાયા એ પ્રમાણે ગાથામાં सः એ અધ્યાહાર છે. ॥૮૯॥

**ગાથા :-**

**णाएण तेण छिन्नो, ववहारो सो सुओवइट्ठेणं ।**
**कुलगणसंघेहिं तओ, कओ पमाणं गुणड्ढो त्ति ।।९०।।**

**અન્વયાર્થ :-**

तेण=તેમના વડે=આવેલા સૂરિ વડે, सुओवइट्ठेणं णाएण=શ્રુતઉપદિષ્ટ ન્યાયથી, सो ववहारो छिन्नो=તે વ્યવહાર છેદાયો. तओ=તેથી, कुलगणसंघेहिं=કુલ, ગણ, સંઘ વડે, गुणड्ढो त्ति=ગુણાઢ્ય છે તેથી=આ આચાર્ય મધ્યસ્થ છે તેથી, पमाणं कओ=પ્રમાણ કરાયા. ॥૯૦॥

**ગાથાર્થ :-**

**તેમના વડે=આવેલા સૂરિ વડે, શ્રુતઉપદિષ્ટ ન્યાયથી તે વ્યવહાર છેદાયો તેથી કુલ, ગણ, સંઘ વડે ગુણાઢ્ય છે=આ આચાર્ય મધ્યસ્થ છે તેથી પ્રમાણ કરાયા. ॥૯૦॥**

**ટીકા :-**

'णाएण'त्ति । 'तेन' समागतेन सूरिणा श्रुतोपदिष्टेन न्यायेनाभाव्यानाभाव्यविभागेन स व्यवहारच्छिन्नस्ततत एष बहुश्रुतो न किमपि श्रुतोत्तीर्णं वदतीति गुणाढ्य इति कुलगणसङ्घैः प्रमाणं कृतः ।।९०।।

**ટીકાર્થ :-**

'तेन' समागतेन ..... प्रमाणं कृतः ।। તેના વડે=આવેલા સૂરિ વડે, શ્રુતઉપદિષ્ટ ન્યાયથી=શાસ્ત્રવચનાનુસારથી, આભાવ્ય અનાભાવ્યના વિભાગ વડે, તે વ્યવહાર છેદાયો=વ્યવહર્તવ્ય પુરુષો વડે થયેલા વિવાદનો શાસ્ત્રાનુસારી વિભાગ બતાવાયો. તેથી આ=આવેલા સૂરિ, બહુશ્રુત કંઈ પણ શ્રુતથી ઉત્તીર્ણ=શ્રુતથી નિરપેક્ષ, કહેતા નથી એથી ગુણથી યુક્ત છે=મધ્યસ્થ ગુણથી યુક્ત છે. એથી કુલ ગણ સંઘ વડે પ્રમાણ કરાયા. ॥૯૦॥

ગાથા :-

तो सेविउं पव्वत्ता, आहारादीहिं तं तु कारणिआ ।
अह छिन्निउं पवत्तो, णिस्साए सो उ ववहारं ।।९१।।

અન્વયાર્થ :-

तो कारणिआ=ત્યારપછી કારણિકો, तं तु=વળી તેઓને=નવા આગંતુક સૂરિને, आहारादीहिं सेविउं पव्वत्ता=આહારાદિથી સેવવા પ્રવૃત્ત થયા. अह सो=હવે તે=સૂરિ, णिस्साए ववहारं=નિશ્રાથી વ્યવહારને, छिन्निउं=છેદવા માટે, पवत्तो=પ્રવૃત્ત થયા. ॥૯૧॥

ગાથાર્થ :-

ત્યારપછી કારણિકો વળી તેઓને=નવા આગંતુક સૂરિને, આહારાદિથી સેવવા પ્રવૃત્ત થયા. હવે તે=સૂરિ, નિશ્રાથી વ્યવહારને છેદવા માટે પ્રવૃત્ત થયા=પક્ષપાતથી વ્યવહાર છેદવા માટે પ્રવૃત્ત થયા. ॥૯૧॥

ટીકા :-

'तो सेविउं'ति । 'ततः' कुलगणसङ्घैस्तस्य प्रमाणीकरणात् 'तं' समागतसूरिं 'कारणिकाः' विवदमानाः श्रावकसिद्धपुत्रादय आहारादिभिः सेवितुं प्रवृत्ताः । अथ स तु तैर्दीयमानान्याहारादीनि प्रतीच्छन् व्यवहारं निश्रया पक्षपातेन छेत्तुं प्रवृत्तः ।।९१।।

ટીકાર્થ :-

'ततः' कुलगणसङ्घैः ..... छेत्तुं प्रवृत्तः ।। ત્યારપછી કુલ, ગણ, સંઘ વડે તેમનું પ્રમાણીકરણ હોવાથી, તેને=આવેલા સૂરિને, કારણિકો=વિવાદ કરતા શ્રાવક સિદ્ધપુત્રાદિઓ, આહારાદિ વડે સેવવા માટે પ્રવૃત્ત થયા. હવે તે=તે નવા આગંતુક આચાર્ય, તેઓ વડે અપાતા એવા આહાર આદિને ગ્રહણ કરતાં વ્યવહારને નિશ્રાથી=પક્ષપાતથી છેદવા માટે, પ્રવૃત્ત થયા. ॥૯૧॥

ગાથા :-

पच्चत्थीहिमवगयं, छिंदए णिस्साइ एस ववहारं ।
को अण्णो णायविऊ, हुज्ज त्ति य चिंतियं तेहिं ।।९२।।

અન્વયાર્થ :-

पच्चत्थीहिमवगयं=પ્રત્યર્થીઓ વડે જણાયું एस=આ=આગંતુક સૂરિ, णिस्साइ ववहारं=નિશ્રાથી વ્યવહારને, छिंदए=છેદે છે. को अण्णो=કોણ અન્ય, णायविऊ हुज्ज=ન્યાયને જાણનાર થાય. त्ति य तेहि चिंतियं=આ પ્રમાણે તેઓ વડે=પ્રત્યર્થીઓ વડે વિચારાયું. ॥૯૨॥

**ગાથાર્થ :-**

**પ્રત્યર્થીઓ વડે જણાયું આ=આગંતુક સૂરિ નિશ્રાથી વ્યવહારને છેદે છે. કોણ અન્ય ન્યાયને જાણનાર થાય એ પ્રમાણે તેઓ વડે=પ્રત્યર્થીઓ વડે વિચારાયું. ॥૯૨॥**

**ટીકા :-**

'पच्चत्थीहिं'ति । ततो ये आहारादिकं न दत्तवन्तस्तैः प्रत्यर्थिभिरवगतं यथा छिनत्ति निश्रया एष व्यवहारम्, कोऽन्यो न्यायविद् भवेद् ? य एनं व्यवहारमनिश्रया पारं प्रापयतीति च चिन्तितं तैः ।।९२।।

**ટીકાર્થ :-**

ततो ये ..... चिन्तितं तैः ।। તેથી જેઓ આહારાદિને આપતા ન હતા તે પ્રત્યર્થીઓ વડે=વ્યવહારના નિર્ણયના પ્રત્યર્થીઓ વડે જણાયું.

શું જણાયું ? તે यथाથી બતાવે છે –

જે પ્રમાણે આ=આચાર્ય, નિશ્રાથી વ્યવહારને છેદે છે. કોણ અન્ય ન્યાય જાણનાર થાય ? જે આને=વ્યવહારને, અનિશ્રાથી પારને કરાવે એ પ્રમાણે તેઓ વડે=પ્રત્યર્થીઓ વડે, વિચારાયું. ॥૯૨॥

**ગાથા :-**

**अह अण्णया पघुट्ठे, णायं काउं तु संघसमवाए ।**
**कोइ निउणो समेओ, आगंतव्वं जओऽवस्सं ।।९३।।**

**અન્વયાર્થ :-**

अह अण्णया=હવે અન્યદા, णायं काउं=ન્યાય કરવા માટે, संघ समवाए=સંઘનો સમુદાય, पघुट्ठे=પ્રઘુષ્ટ થયે છતે=ઉદ્‌ઘોષણાથી એકઠા થયે છતે, कोइ निउणो समेओ=કોઈ નિપુણ સાધુ આવ્યા. जओ=જે કારણથી, अवस्सं आगंतव्वं=અવશ્ય આવવું જોઈએ=સૂત્રાર્થના જાણકાર સાધુએ અવશ્ય આવવું જોઈએ. ॥૯૩॥

**ગાથાર્થ :-**

**હવે અન્યદા ન્યાય કરવા માટે સંઘનો સમવાય પ્રઘુષ્ટ થયે છતે=ઉદ્‌ઘોષણાથી એકઠો થયે છતે, કોઈ નિપુણ સાધુ આવ્યા. જે કારણથી અવશ્ય આવવું જોઈએ=સૂત્રાર્થના જાણનાર સાધુએ અવશ્ય આવવું જોઈએ. ॥૯૩॥**

**ટીકા :-**

'अह'त्ति । अथान्यदा सचित्तादिव्यवहारच्छेदार्थं न्यायं कर्त्तुं सङ्घसमवाये 'प्रघुष्टे' उद्‌घोषणया

मेलिते तां प्रघोषणां श्रुत्वा कश्चित् 'निपुणः' सूत्रार्थतदुभयकुशलः प्राघूर्णकः समेतः, यतः समवायघोषणामाकर्ण्य धूलीधूसरैरपि पादैरवश्यमागन्तव्यम्, अन्यथा प्रायश्चित्तप्रसङ्गात् ।।९३।।

**ટીકાર્થ :-**

अथान्यदा ..... प्रायश्चित्तप्रसङ्गात् ।। હવે અન્યદા સચિત્તાદિના વ્યવહારના વિચ્છેદ માટે ન્યાય કરવા અર્થે સંઘનો સમુદાય ઉદ્ઘોષણાથી એકઠો કરાયે છતે તે પ્રઘોષણાને સાંભળીને કોઈ નિપુણ=સૂત્ર-અર્થ તદુભય કુશલ કોઈ પ્રાઘૂર્ણક આવ્યા. જે કારણથી સંઘના સમુદાયની ઘોષણા સાંભળીને ધૂલીધૂસરવાળા એવા પણ પગોથી અવશ્ય આવવું જોઈએ=વિહારથી શ્રાંત થયેલા સાધુએ પણ અવશ્ય આવવું જોઈએ અન્યથા પ્રાયશ્ચિત્તનો પ્રસંગ છે. ।।૯૩।।

**અવતરણિકા :-**

एतदेवाह भाष्यगाथात्रयेण –

**અવતરણિકાર્થ :-**

આને જ=વ્યવહારના છેદ અર્થે સંઘ એકઠો થતો હોય ત્યારે ધૂલીધૂસર પગવાળા પણ સાધુએ અવશ્ય આવવું જોઈએ એને જ, ભાષ્યગાથાત્રયથી કહે છે –

**ગાથા :-**

घुट्ठम्मि संघकज्जे, धूलीजंघो वि जो ण एज्जाहि ।
कुलगणसंघसमाए, लग्गइ गुरुए चउम्मासे ।।९४।।

**અન્વયાર્થ :-**

संघकज्जे घुट्ठम्मि=સંઘકાર્ય ઉદ્ઘોષણા કરાયે છતે, धूलीजंघो वि=ધૂલીજંઘાવાળા પણ=વિહાર કરીને શ્રાંત થયેલા સાધુ પણ, जो कुलगणसंघसमाए=જો કુલ-ગણ-સંઘના સમવાયમાં, ण एज्जाहि=આવે નહિ તો, चउम्मासे गुरुए=ચારગુરુમાસ પ્રાયશ્ચિત્ત, लग्गइ=લાગે છે. ।।૯૪।।

**ગાથાર્થ :-**

**સંઘકાર્ય ઉદ્ઘોષણા કરાયે છતે ધૂલીજંઘાવાળા પણ=વિહાર કરીને શ્રાંત થયેલા સાધુ પણ, જો કુલ-ગણ-સંઘના સમવાયમાં આવે નહિ તો ચારગુરુમાસ પ્રાયશ્ચિત્ત લાગે છે. ।।૯૪।।**

**ટીકા :-**

'घुट्ठम्मि'त्ति । सङ्घकार्ये धूलीजङ्घोऽप्यास्तामन्य इत्यपिशब्दार्थः, धूल्या धूसरे जङ्घे यस्य स धूलीजङ्घः, शाकपार्थिवादिदर्शनान्मध्यमपदलोपी समासः, सति बले यो नाप्रमत्ततया त्वरितमागच्छेत्

कुलगणसङ्घसमवाये स गुरुके चतुर्मासे लगति, तस्य गुरुकाश्चत्वारो मासाः प्रायश्चित्तमिति भावः ।।९४।।

**ટીકાર્થ :-**

सङ्घकार्ये धूली ..... प्रायश्चित्तमिति भावः ।। સંઘનું કાર્ય હોતે છતે ધૂલીજંઘવાળા પણ સાધુ અવશ્ય આવે એમ અન્વય છે. અન્ય દૂર રહો=જે ધૂલીજંઘાવાળા નથી તે તો અવશ્ય આવે એ अपि શબ્દનો અર્થ છે. શાકપાર્થિવાદિનું દર્શન હોવાથી મધ્યમપદલોપી સમાસ છે. બલ હોતે છતે=ધૂલીજંઘાવાળા સાધુ બળ હોતે છતે જે અપ્રમાદથી શીઘ્ર કુલ, ગણ, સંઘના સમવાયમાં આવે નહિ તો તે ચતુર્માસ ગુરુકને પ્રાપ્ત કરે છે=તેને ચારગુરુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે એ પ્રમાણે ભાવ છે. ॥૯૪॥

**અવતરણિકા :-**

न केवलमेतत् किन्त्वन्यदपि, तथा चाह –

**અવતરણિકાર્થ :-**

કેવલ આ=ચતુર્ગુરુમાસ પ્રાયશ્ચિત્ત, નહિ પરંતુ બીજું પણ પાપ પ્રાપ્ત થાય અને તે પ્રમાણે કહે છે=ચતુર્ગુરુમાસથી અન્ય પણ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે તે પ્રમાણે કહે છે –

**ગાથા :-**

जं काहिंति अकज्जं, तं पावइ सइ बले अगच्छंतो ।
अण्णं च तओ ओहाणमाइ जं कुज्ज तं पावे ।।९५।।

**અન્વયાર્થ :-**

बले सइ=બલ હોતે છતે, अगच्छंतो तं=નહિ જતા તેમને=સાધુને, जं अकज्जं काहिंति=જે કોઈ અકાર્ય કરશે, तं पावइ=તે પ્રાપ્ત થાય છે. अण्णं च=અને અન્ય, ओहाणमाइ तओ=અપમાનના વશથી તે વ્યવહર્તવ્ય સાધુ, जं कुज्ज तं पावे=જે કરશે તે પ્રાપ્ત થાય છે. ॥૯૫॥

**ગાથાર્થ :-**

બળ હોતે છતે નહિ જતા સાધુને જે કાંઈ અકાર્ય કરશે તે પ્રાપ્ત થાય છે અને અન્ય અપમાનના વશથી તે=વ્યવહર્તવ્ય સાધુ આદિ, જે કરશે તે પ્રાપ્ત થાય છે. ॥૯૫॥

**ટીકા :-**

'जं काहिंति'त्ति । सति बलेऽगच्छन् व्यवहारकारी अन्यैरन्यथा छिन्ने व्यवहारे यत्करिष्यन्ति

तत्प्राप्नोति, तन्निमित्तमपि प्रायश्चित्तं तस्यापद्यते । अन्यदपि चापमानवशतः स व्यवहर्त्तव्यो यदवधावनादि कुर्यात्तदपि प्राप्नोति ।।९५।।

**ટીકાર્થ :-**

सति बले ..... कुर्यात्तदपि प्राप्नोति ।। બલ હોતે છતે=શરીર બળ હોતે છતે, વ્યવહારકારી નહિ જતાં=છેદસૂત્રના પરમાર્થને જાણનાર વ્યવહારકારી સાધુ નહિ જતાં, બીજાઓ વડે અન્યથા વ્યવહાર છેદાયે છતે જે કરશે=તે વ્યવહારની વિપરીત આચરણા તેઓ જે કરશે, તે પ્રાપ્ત થાય છે=તે વિપરીત આચરણા પ્રાપ્ત થાય છે, તે નિમિત્તે પણ=વિપરીત આચરણાને કારણે જે અનર્થો થશે તે નિમિત્તે પણ, તેમને=સમર્થ સાધુ પ્રમાદવશ વ્યવહાર છેદવા ન જાય તેમને, પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને બીજું પણ અપમાનના વશથી વ્યવહર્તવ્ય તે સાધુ અવધાવન આદિ કરે=સંયમનો ત્યાગ કરે, કે આપઘાત આદિ કરે તે પણ પ્રાપ્ત થાય છે=તેનાથી જે અહિત થયું તેનું પ્રાયશ્ચિત્ત પણ વ્યવહાર કરવા સમર્થ સાધુને પ્રાપ્ત થાય છે. ॥૯૫॥

**ગાથા :-**

**तम्हा उ संघसद्दे, घुट्ठे गंतव्व धूलिजंघेणं ।**
**धूलीजंघणिमित्तं, ववहारो उट्ठिओ सम्मं ।।९६।।**

**અન્વયાર્થ :-**

तम्हा उ=તે કારણથી, संघसद्दे घुट्ठे=સંઘ વડે શબ્દ જાહેર કરાયે છતે, धूलिजंघेणं गंतव्व=ધૂલીજંઘાવાળા વ્યવહારીએ જવું જોઈએ. धूलीजंघणिमित्तं=ધૂલીજંઘ સાધુ નિમિત્ત, सम्मं ववहारो उट्ठिओ=સમ્યક્ ઉત્થિત વ્યવહાર થાય. ॥૯૬॥

**ગાથાર્થ :-**

**તે કારણથી સંઘ વડે શબ્દ જાહેર કરાયે છતે ધૂલીજંઘ એવા વ્યવહારીએ જવું જોઈએ ધૂલીજંઘ સાધુ નિમિત્ત સમ્યક્ ઉત્થિત વ્યવહાર થાય. ॥૯૬॥**

**ટીકા :-**

'तम्हा उ'त्ति । यत एवमनागमने दोषास्तस्मात् सङ्घशब्दे घुष्टे धूलिजङ्घेनाप्यवश्यं सति बले गन्तव्यम्, यतः कदाचिद्धूलीजङ्घनिमित्तं व्यवहारः सम्यगुत्थितो भवेत्, यथा-प्राघूर्णको गीतार्थो धूलीजङ्घः समागतः सन् यद्भणिष्यति तत्प्रमाणमिति ।।९६।।

**ટીકાર્થ :-**

यत एवमनागमने ..... तत्प्रमाणमिति ।। જે કારણથી આ પ્રમાણે=ગાથા-૯૪-૯૫માં કહ્યું એ પ્રમાણે

**અનાગમનમાં દોષો છે=વ્યવહાર કરવા સમર્થ સાધુ આવે નહિ તો દોષો છે. તે કારણથી સંઘ વડે શબ્દ ઘોષણા કરાયે છતે ધૂલીજંઘવાળા વડે પણ અવશ્ય બલ હોતે છતે જવું જોઈએ જે કારણથી કદાચિત્ ધૂલીજંઘવાળા સાધુના નિમિત્તે વ્યવહાર સમ્યક્ ઉત્થિત થાય જે પ્રમાણે પ્રાઘૂર્ણક=નવા આવેલા ગીતાર્થ ધૂલીજંઘાવાળા આવેલા છતાં જે કહેશે તે પ્રમાણ છે એ પ્રમાણે વ્યવહાર સમ્યગ્ ઉત્થિત થાય. ॥૯૬॥**

**ભાવાર્થ :-**

છેદસૂત્રના અર્થને જાણનાર ઉચિત વ્યવહાર કરવા સમર્થ બને છે અને તેવા સાધુ પણ અમધ્યસ્થ થાય તો સુવ્યવહાર કરનારા બને નહિ તેથી કઈ રીતે તે અમધ્યસ્થ થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

જે મહાત્મા આત્મકલ્યાણ અર્થે છેદ ગ્રંથો ભણ્યા છે, સુવ્યવહાર જાણે છે અને મધ્યસ્થતાથી સુવ્યવહારને છેદે છે એવા પણ સાધુ વીતરાગ નથી તેથી કોઈ નિમિત્તને પામીને કષાયવશ થાય ત્યારે દુર્વ્યવહારી બને છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

જેમ કોઈ નગરમાં વસનારા સંઘમાં સચિત્તાદિ નિમિત્તે શું ઉચિત છે ? શું અનુચિત છે ? તેવો વ્યવહાર ઉપસ્થિત થયો ત્યારે કોઈક બહુશ્રુત બહુપરિવારવાળા સૂરિ આવ્યા અને તે વ્યવહાર વાસ્તવ્યસંઘ છેદવા સમર્થ બન્યો નહિ અર્થાત્ શું ઉચિત કરવું જોઈએ તેનો નિર્ણય પરસ્પરની વિચારણા દ્વારા શાસ્ત્રવચનના બળથી કોઈ કરી શક્યા નહિ ત્યારે તે સૂરિને તે સંઘ વ્યવહાર છેદવાનું કહે છે. તે વખતે તે સૂરિ શાસ્ત્રવચનાનુસાર ઉચિત વ્યવહારનું છેદન કરે છે જે સાંભળીને તે કુલ, ગણ, સંઘને જણાયું કે આ મહાત્મા ભગવાનના વચનથી અન્યથા કહેતા નથી. તેથી નક્કી થાય કે કુલ, ગણ, સંઘ પણ જિનવચનાનુસાર વ્યવહાર છેદવાના અર્થી હતા અને તે વ્યવહારનો છેદ પણ જિનવચનાનુસાર કરવાના અર્થી હતા અને તેમાં કોઈક છેદ ગ્રંથના જાણનારા પણ હતા અને તેના બળથી જ વ્યવહાર છેદવા માટે પ્રયત્ન કરતા હતા તોપણ છેદ ગ્રંથના ભણેલા તે સાધુઓની પરસ્પરની વિચારણા દ્વારા તે વ્યવહારનો ઉચિત નિર્ણય થયો નહિ અને નવા આવેલા સૂરિએ તે સર્વને સંતોષ થાય તે રીતે વ્યવહારનો છેદ કર્યો તે વખતે તે સૂરિ મધ્યસ્થ પણ હતા અને અન્ય ગીતાર્થો પણ મધ્યસ્થતાથી વ્યવહાર છેદવાના અર્થી હતા તેથી જ તે સૂરિએ જે રીતે ઉચિત વ્યવહારનો છેદ કર્યો તેના બળથી તેઓને તે સૂરિ બહુશ્રુત છે, શાસ્ત્રવચનાનુસાર કહે છે તેવો સ્થિર નિર્ણય થયો તેથી તે સૂરિ સર્વ પ્રયોજનમાં પ્રમાણ છે. તેમ તે સંઘે સ્વીકાર કર્યો ત્યારપછી તે સંઘના કારણિકો=તે સંઘના વિવાદ કરનારા શ્રાવક સિદ્ધપુત્રાદિ, વિચારે છે કે આપણા સંઘમાં આ સૂરિ પ્રમાણભૂત કરાયા છે તેથી કોઈક રીતે તે આ મહાત્મા આહારાદિથી સેવવામાં આવશે તો વિવાદ વખતે આપણા પક્ષને અનુકૂળ વિવાદ છેદશે એવી સંભાવનાથી તેઓની આહારાદિથી સેવા કરે છે.

વળી, જીવનો અનાદિનો સ્વભાવ છે કે જેઓ પોતાને અનુકૂળ વર્તે તેના પ્રત્યે કંઈક સૂક્ષ્મ વલણ તે જીવને થાય છે તેથી સંસારથી અત્યંત ભય પામેલા અત્યંત સાત્ત્વિક મધ્યસ્થ સાધુ જ પોતાનો મધ્યસ્થભાવ જાળવી શકે છે અન્યથા અવ્યક્તરૂપે પણ ભક્તિ કરનારા પ્રત્યે કંઈક વલણ થાય છે તેથી ફરી જ્યારે

વ્યવહાર છેદવાનો પ્રસંગ આવ્યો ત્યારે તે આચાર્ય કંઈક તેઓના પ્રત્યેના વલણથી વ્યવહાર છેદે છે જેથી તે સંઘમાં રહેલા કુલ ગણાદિને પણ કંઈક શંકા થાય છે કે આ વ્યવહાર નિશ્રાથી થયો છે=રાગને વશ થયો છે. તેથી તે સૂરિએ યુક્તિના બળથી તે વ્યવહાર સ્વાયત્ત=પોતાની ઇચ્છા અનુસાર કરેલ હોવા છતાં છેદ ગ્રંથના રહસ્યને જાણનાર અન્ય ગીતાર્થોને તે વ્યવહારછેદમાં શંકા થાય છે; કેમ કે તેઓ પણ છેદ ગ્રંથના અર્થોને તે રીતે યોજન કરવા યત્ન કરે છે. આથી જ ફરી તે નગરમાં સચિત્તાદિના વ્યવચ્છેદ માટે ન્યાય કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે સંઘે ઉદ્‌ઘોષણા કરી તે ઘોષણા સાંભળીને પૂર્વમાં વ્યવહારછેદમાં જેમને સંઘે પ્રમાણ કરેલ છે તેનાથી અન્ય જે પ્રાજ્ઞ સાધુ સૂત્ર અને અર્થ તદુભયમાં કુશળ હતા તેઓ આવ્યા. જોકે માન અર્થે તે મહાત્મા પધાર્યા નથી પરંતુ ભગવાનના વચનાનુસાર શુદ્ધ વ્યવહાર પ્રવર્તે તેવા શુદ્ધ આશયથી તે મહાત્મા આવે છે; કેમ કે શાસ્ત્રવચન છે કે સંઘની ઘોષણા સાંભળ્યા પછી વિહાર કરીને આવેલા હોય અને શ્રાંત થયેલા હોય તોપણ શક્તિ હોય તો અવશ્ય ત્યાં જવું જોઈએ અને ન જાય તો પાપરૂપ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે તેથી પાપના ભીરુ તે સાધુ ત્યાં પધારે છે. આ કથનને પુષ્ટ કરવા અર્થે જ વ્યવહારભાષ્યની ત્રણ ગાથા બતાવે છે.

સંઘનું કાર્ય ઉપસ્થિત થાય ત્યારે ધૂલીજંઘાવાળા સાધુએ અવશ્ય જવું જોઈએ અને ન જાય તો ચારગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે અને વળી તે વ્યવહાર જિનવચનથી વિપરીત રીતે છેદાય તો જે અનર્થ પ્રાપ્ત થાય તેમાં પણ તે સાધુને પાપની પ્રાપ્તિ થાય; કેમ કે તેમના નહિ જવાથી જ જે પ્રકારની અનુચિત પ્રવૃત્તિ થાય અને જેના વિરુદ્ધમાં વ્યવહાર થયો તે મહાત્મા આરાધક હોય અને તે પ્રકારના વ્યવહારને કારણે કષાયને વશ બનીને કોઈ અનુચિત પ્રવૃત્તિ કરે તેમાં પણ તે નહિ જનારા સાધુને નિમિત્તભાવની પ્રાપ્તિ છે.

આ સર્વ દોષોને કારણે દુર્વ્યવહારના નિવારણ અર્થે મધ્યસ્થ ગીતાર્થ સાધુએ અવશ્ય ત્યાં જવું જોઈએ; કેમ કે કદાચ તેમના નિમિત્તે સુવ્યવહાર થવાની પણ સંભાવના રહે છે. **॥૮૯થી ૯૬॥**

**ગાથા :-**

**तेणागएण णायं, तेल्लघयाइहिं एस संगहिओ ।**
**कज्जविवज्जयकारी, माई पावोवजीवी य ।।९७।।**

**અન્વયાર્થ :-**

**तेणागएण=આવેલા એવા તે સાધુ વડે, णायं=જણાયું तेल्लघयाइहिं एस=તેલ-ઘી આદિ વડે આ=પૂર્વના વ્યવહારી, संगहिओ=સંગૃહીત છતાં, कज्जविवज्जयकारी=કાર્યના વિપર્યાસને કરનારા, माई पावोवजीवी य=માયી અને પાપઉપજીવી છે. ॥૯૭॥**

**ગાથાર્થ :-**

**આવેલા એવા તે સાધુ વડે જણાયું તેલઘૃતાદિ વડે આ=પૂર્વના વ્યવહારી, સંગૃહીત છતાં કાર્યના વિપર્યયને કરનારા માયી અને પાપઉપજીવી છે. ॥૯૭॥**

**ટીકા :-**

'तेणागएण'त्ति । तेनागतेन धूलीजङ्घेन गीतार्थेन कस्यचित्पार्श्वे श्रुत्वा ज्ञातम्, यथा-एष वास्तव्यो व्यवहारच्छेत्ता तैलघृतादिभिः संगृहीतः सन् 'मायी' अभीक्ष्णं मायाप्रतिसेवी 'पापोपजीवी च' परमार्थतः पापश्रुतावलम्बी 'कार्यविपर्ययकारी' सूत्रमतिक्रम्याभाव्यानाभाव्यविभागकारी ।।९७।।

**ટીકાર્થ :-**

तेनागतेन ..... विभागकारी ।। તેના વડે=ગાથા-૯૩માં કહ્યું કે સંઘની ઉદ્‌ઘોષણા સાંભળીને કોઈક નિપુણ સાધુ આવ્યા તે આવેલા ધૂલીજંઘાવાળા ગીતાર્થ વડે, કોઈકની પાસે સાંભળીને જણાયું. જે પ્રમાણે — આ વાસ્તવ્ય વ્યવહાર છેદનારા તેલ-ઘી આદિથી સંગૃહીત છતાં માયી=વારંવાર માયારૂપ પ્રતિસેવના કરનારા અને પાપઉપજીવી પરમાર્થથી પાપશ્રુતના અવલંબી છે. કાર્યના વિપર્યયને કરનારા છે=સૂત્રને ઓળંગીને આભાવ્ય અનાભાવ્યના વિભાગને કરનારા છે. ॥૯૭॥

**ગાથા :-**

सो अच्छइ तुसिणीओ, ता जा उस्सुत्तभासिअं सुणइ ।
कीस अकज्जं कीरइ, वारेइ तओ अ समएणं ।।९८।।

**અન્વયાર્થ :-**

सो=તે=નવા આવેલા ધૂલીજંઘાવાળા સાધુ, ता=ત્યાં સુધી, तुसिणीओ अच्छइ=મૌન રહે, जा=જ્યાં સુધી, उस्सुत्तभासिअं सुणइ=ઉત્સૂત્ર ભાષણ સાંભળે. तओ अ=અને ત્યારપછી, कीस अकज्जं कीरइ=કયા કારણથી અકાર્ય કરાય છે. એ પ્રમાણે, वारेइ समएणं=સિદ્ધાંતથી વારણ કરે છે. ॥૯૮॥

**ગાથાર્થ :-**

**તે=નવા આવેલા ધૂલીજંઘાવાળા સાધુ, ત્યાં સુધી મૌન રહે છે જ્યાં સુધી ઉત્સૂત્રભાષણ સાંભળે છે અને ત્યારપછી કયા કારણથી અકાર્ય કરાય છે ? એ પ્રમાણે સિદ્ધાંતથી વારણ કરે છે. ॥૯૮॥**

**ટીકા :-**

'सो अच्छइ'त्ति । स तिष्ठति तावत्तूष्णीको यावद्वास्तव्येन व्यवहारे छिद्यमाने उत्सूत्रभाषितं शृणोति, 'ततश्च' उत्सूत्रश्रवणानन्तरं 'समयेन' सिद्धान्तेन वारयति-कस्मादिदमकार्यं क्रियते ? इति ।।९८।।

**ટીકાર્થ :-**

स तिष्ठति ..... क्रियते ? इति ।। તે=નવા આવેલા ધૂલીજંઘવાળા ગીતાર્થ સાધુ, ત્યાં સુધી મૌન

રહે છે. જ્યાં સુધી વાસ્તવ્ય વડે વ્યવહાર છેદ કરાયે છતે ઉત્સૂત્રભાષિત વચન સાંભળે છે અને ત્યારપછી ઉત્સૂત્ર શ્રવણ અનંતર સિદ્ધાંત વડે વારે છે. કયા કારણથી આ અકાર્ય કરાય છે એ પ્રમાણે વારણ કરે છે. ॥૯૮॥

**અવતરણિકા :-**

न केवलमेवं निवारयति किन्तु –

**અવતરણિકાર્થ :-**

કેવલ આ રીતે=અકાર્ય કેમ કરાય છે ? એ રીતે, નિવારણ કરતા નથી પરંતુ અન્ય શું કહેવાય છે ? તે સ્પષ્ટ કરાય છે –

**ગાથા :-**

जंपइ भेअणिमित्तं, साहूणं जाणणाणिमित्तं च ।
णिद्ध महुरं णिणायं, विणीअमवि तं च ववहारं ।।९९।।

**અન્વયાર્થ :-**

भेअणिमित्तं=ભેદ નિમિત્તે, साहूणं जाणणाणिमित्तं च=અને સાધુને જ્ઞાપના નિમિત્તે, जंपइ=કહે છે. णिद्ध महुरं णिणायं=સ્નિગ્ધ મધુર નિર્વાત, विणीअमवि तं=વિનીત પણ તે, ववहारं=વ્યવહારને કહે છે. ॥૯૯॥

**ગાથાર્થ :-**

ભેદ નિમિત્તે અને સાધુને જ્ઞાપના નિમિત્તે કહે છે. સ્નિગ્ધ મધુર, નિર્વાત વિનીત પણ તે વ્યવહારને કહે છે. ॥૯૯॥

**ટીકા :-**

'जंपइ'त्ति । जल्पति च भेदनिमित्तं दुर्व्यवहारिणाम्, साधूनां वास्तव्यं दुर्व्यवहारिणं तथात्वेनाजानतां ज्ञापनानिमित्तं च स्निग्धं मधुरं निर्वातं विनीतमपि च तं व्यवहारम् । यदि घृताद्यनुवृत्ता वितथं व्यवहरन्ति तदा जल्पति–अहो ! स्निग्धोऽयं व्यवहार इति । यदि च मिष्टान्नाद्युपग्रहेणाकार्यमाचरन्ति ततो जल्पति–अहो ! मधुरोऽयं व्यवहार इति । यदि पुनरुपाश्रयो निर्वातो लब्धः शीतप्रावरणानि चेति यथा तथा प्रज्ञापयन्ति ततो जल्पति–अहो ! निर्वातोऽयं व्यवहार इति । अथ कृतिकर्मविनयादिभिः सङ्गृहीता दृष्टमदृष्टं कुर्वन्ति ततो जल्पति-अहो ! विनीतोऽयं व्यवहार इति ।।९९।।

**ટીકાર્થ :-**

जल्पति च ..... व्यवहार इति ।। દુર્વ્યવહારીના ભેદ નિમિત્તને અને=તે પ્રમાણેથી નહિ જાણતાં

સાધુઓને વાસ્તવ્ય દુર્વ્યવહારીને અને સ્નિગ્ધ, મધુર, નિર્વાત વિનીત પણ તે વ્યવહારને જ્ઞાપના નિમિત્તે કહે છે. તે અર્થને જ સ્પષ્ટ કરે છે.

જો ઘી આદિથી અનુવૃત્ત થયેલા=ઘી આદિથી ભક્તિ કરાયેલા, તે આચાર્ય વિતથ વ્યવહાર કરે છે. ત્યારે કહે છે અહો ! આશ્ચર્ય છે કે આ સ્નિગ્ધ વ્યવહાર છે અને જો મિષ્ટાન્ન આદિ ઉપગ્રહથી અકાર્યને આચરે ત્યારે કહે છે અહો મધુર આ વ્યવહાર છે. જો વળી ઉપાશ્રય નિર્વાત પ્રાપ્ત થયો અને શીતપ્રાવરણાદિ પ્રાપ્ત થયા એથી જેમ તેમ પ્રજ્ઞાપન કરે છે=શાસ્ત્રની મર્યાદા છોડીને તેઓને અનુકૂળ આભાવ્ય છે એ પ્રમાણે કથન કરે છે તો કહે છે=ધૂલીજંઘાવાળા સાધુ કહે છે, અહો ! નિર્વાત આ વ્યવહાર છે. હવે કૃતિકર્મ વિનયાદિથી સંગૃહીત થયેલા દૃષ્ટને અદૃષ્ટ કરે છે=તે તે શાસ્ત્રવચનો પોતાને દૃષ્ટિમાં છે છતાં અદૃષ્ટ કરે છે. તો કહે છે — અહો વિનીત એવો આ વ્યવહાર છે. ॥૯૯॥

ગાથા :-

एवं णिहोडणाए, कयाइ णाएण तेण गीयत्था ।
सुत्तं उच्चारेउं, एअस्स दिसं अवहरंति ।।१००।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, तेण=તેમના વડે=ધૂલીજંઘાવાળા વડે, णाएण णिहोडणाए कयाइ=ન્યાયથી નિવારણ કરાયે છતે=તે આચાર્યના ઉત્સૂત્રનું નિવારણ કરાયે છતે, गीयत्था=ગીતાર્થો, सुत्तं उच्चारेउं=સૂત્રનું ઉચ્ચારણ કરીને, एअस्स=આમની=દુર્વ્યવહારી આચાર્યની, दिसं अवहरंति=દિશાનું અપહરણ કરે છે=આચાર્યપદનું અપહરણ કરે છે. ॥૧૦૦॥

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, તેમના વડે=ધૂલીજંઘ વડે નિવારણ કરાયે છતે=તે આચાર્યના ઉત્સૂત્રનું ન્યાયથી નિવારણ કરાયે છતે, ગીતાર્થો સૂત્રનું ઉચ્ચારણ કરીને આમની= દુવ્યવહારી આચાર્યની, દિશાનું અપહરણ કરે છે=આચાર્યપદનું અપહરણ કરે છે. ॥૧૦૦॥

ટીકા :-

'एवं'ति । 'एवम्' अमुना प्रकारेण 'तेन' धूलीजङ्घेन 'निहोडणायां' निवारणायां कृतायां न्यायेन गीतार्थाः 'सूत्रम्' उक्तसूत्रसप्तकात्मकमुच्चार्य 'एतस्य' दुर्व्यवहारिणः 'दिशम्' आचार्यत्वादिकां 'अपहरन्ति' उद्दालयन्ति ।।१००।।

ટીકાર્થ :-

'एवम्' ..... उद्दालयन्ति ।। આ રીતે=પૂર્વમાં કહ્યું એ પ્રકારથી, તે ધૂલીજંઘાવાળા વડે ન્યાયથી=યુક્તિથી

નિવારણ કરાયે છતે ગીતાર્થો સૂત્રને=પૂર્વમાં કહેલા સૂત્રસપ્તકનું ઉચ્ચારણ કરીને આના=દુર્વ્યવહારી સાધુની, દિશાને=આચાર્યત્વ આદિ પદવીનું અપહરણ=ઉદ્દાલન, કરે. ।।૧૦૦।।

**ગાથા :-**

जइ हुज्ज अप्पदोसो, आउट्टो वि य तया पुणो दिंति ।
बहुदोसेऽणाउट्टे, जावज्जीवं ण तं दिंति ।।१०१।।

**અન્વયાર્થ :-**

जइ अप्पदोसो=જો અલ્પદોષવાળા, आउट्टो वि हुज्ज=આવૃત્ત પણ થાય=સંઘને ખમાવવાપૂર્વક ફરી આ રીતે હું આ કરીશ નહિ એ પ્રકારે પ્રતિજ્ઞાકારી થાય તો, तया पुणो दिंति=તેની અપહૃત કરાયેલી દિશાને=પદવીને ફરી આપે છે. बहुदोसेऽणाउट्टे=બહુદોષવાળા અથવા અનાવૃત્તમાં, जावज्जीवं तं ण दिंति=જાવજ્જીવ તેને આપતા નથી. ।।૧૦૧।।

**ગાથાર્થ :-**

**જો અલ્પદોષવાળા આવૃત્ત પણ થાય=સંઘને ખમાવવાપૂર્વક ફરી આ રીતે હું આ કરીશ નહિ એ પ્રકારે પ્રતિજ્ઞાકારી થાય, તો તેની અપહૃત કરાયેલી દિશાને=પદવીને ફરી આપે છે. બહુદોષવાળા અથવા અનાવૃત્તમાં જાવજ્જીવ તેને આપતા નથી. ।।૧૦૧।।**

**ટીકા :-**

'जइ हुज्ज'त्ति । यदि भवेत् 'अल्पदोषः' अल्पापराधः 'आवृत्तः' सङ्घक्षामणपूर्वं पुनरेवं न करिष्यामीति प्रतिज्ञाकारी च तदा तस्यापहृतां दिशं पुनर्ददति । अनावृत्ते आवृत्ते वा बहुदोषे पुरुषे यावज्जीवं न 'ताम्' अपहृतामाचार्यत्वादिकां दिशं ददति ।।१०१।।

**ટીકાર્થ :-**

यदि भवेत् ..... दिशं ददति ।। જો અલ્પદોષવાળો આવૃત્ત થાય=સંઘને ખમાવવાપૂર્વક ફરી આ રીતે હું આ કરીશ નહિ એ પ્રકારે પ્રતિજ્ઞાકારી થાય, તો તેની અપહૃત કરાયેલી દિશાને=પદવીને ફરી આપે છે. અનાવૃત્તમાં અથવા આવૃત્ત બહુદોષવાળા પુરુષમાં યાવજ્જીવ તેને=અપહૃત કરાયેલી દિશાને= આચાર્યત્વ આદિ પદવીને આપે નહીં. ।।૧૦૧।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું તે પ્રમાણે કોઈ આચાર્ય પ્રથમ સુવ્યવહારી થયા પછી શ્રાવકાદિની ભક્તિને કારણે તેઓના પક્ષવાળા થવાથી દુર્વ્યવહારી થાય અને અન્ય ગીતાર્થોને શંકા થાય કે આ વ્યવહાર જિનવચનાનુસાર નથી છતાં ત્યાં આવેલા આચાર્ય જેવા પોતે શાસ્ત્રમાં સંપન્ન નથી તેથી સુવ્યવહારના અર્થી એવા તે ગીતાર્થો સંઘને એકઠો કરે છે અને ઘોષણા કરાવે છે તે વખતે તે ઘોષણાથી કોઈ ધૂલીજંઘાવાળા ગીતાર્થ ત્યાં આવે

છે અને વાસ્તવ્ય દ્વારા તેઓને બોધ થયો કે આ સાધુ તેલ-ઘી આદિથી કોઈક પક્ષ તરફ પક્ષપાતવાળા થયા છે તેથી જ્યારે તે આચાર્ય વ્યવહાર કરવા માટે શાસ્ત્રયુક્તિઓ દ્વારા પ્રયત્ન કરે છે તે વખતે ધૂલીજંઘાવાળા આચાર્ય મૌન રહે છે અને જ્યારે પૂર્વના આચાર્ય કોઈક પક્ષપાતથી વ્યવહાર છેદવા યત્ન કરે તે ઉત્સૂત્રરૂપ છે તેમ નવા આવેલા આચાર્યને જણાય ત્યારે તે વચન સાંભળીને ધૂલીજંઘાવાળા સાધુ શાસ્ત્રવચનથી તેનું નિવારણ કરે છે.

વળી તે નિવારણ કર્યા પછી તે દુર્વ્યવહારી ક્યા પ્રકારના નિમિત્તોને વશ થઈને આ દુર્વ્યવહાર કરે છે તેનો બોધ કરાવવા અર્થે કહે છે અને વાસ્તવ્ય દુર્વ્યવહારી કેવા પ્રકારના દુર્વ્યવહારને કરે છે તેનું સાધુઓને જ્ઞાન કરાવવા અર્થે આ સ્નિગ્ધ વ્યવહાર છે. આ મધુર વ્યવહાર છે ઇત્યાદિ તે ધૂલીજંઘાવાળા ગીતાર્થ સાધુ કહે છે.

આ રીતે ધૂલીજંઘાવાળા મહાત્મા વડે શાસ્ત્રયુક્તિથી તે વાસ્તવ્ય દુર્વ્યવહારીનું નિરાકરણ કર્યા પછી ગીતાર્થો તે સાતસૂત્રોનું ઉચ્ચારણ કરીને તે આચાર્યત્વ આદિ પદવીનું અપહાર કરે છે; કેમ કે કલ્પગ્રંથોનો બોધ હોવા છતાં અમધ્યસ્થતાથી વ્યવહાર કરેલો હોવાને કારણે તે આચાર્યપદને યોગ્ય નથી.

વસ્તુતઃ પૂર્વે કલ્પગ્રંથ ભણેલા મધ્યસ્થ હતા ત્યારે તે મહાત્મા પદવીને યોગ્ય હતા. આથી જ સંઘે તેમને પ્રમાણ સ્વીકારેલા આમ છતાં હાલમાં કષાયને વશ થઈને દુર્વ્યવહાર કરેલ તેથી મધ્યસ્થભાવનો નાશ થવાથી ગીતાર્થો તેમની આચાર્ય આદિ પદવીનો અપહાર કરે છે.

વળી તે પદવીનો અપહાર કર્યા પછી જો તે આચાર્ય આદિ અલ્પ અપરાધવાળા હોય અને સંઘ પાસે ક્ષમાયાચના દ્વારા ફરી આવું કરીશ નહિ એવી પ્રતિજ્ઞા કરે તો ગીતાર્થ સાધુઓ તે પદવીને પુનઃ આપે છે. અલ્પદોષવાળા પણ તે સાધુ સંઘ પાસે ક્ષમાયાચનાપૂર્વક તેવી પ્રતિજ્ઞા કરે નહિ તો ફરી પાછી પદવી આપે નહિ.

વસ્તુતઃ તે આચાર્ય ધૂલીજંઘા દ્વારા નિવારણ કર્યા પછી પશ્ચાત્તાપના પરિણામવાળા થયા હોય અને તેમનો તે પ્રકારનો સંવેગનો પરિણામ થાય તો તે સંવેગના પરિણામને જોઈને તેમને ગીતાર્થો ફરી પદવી આપે છે. પરંતુ પદવીના રક્ષણ અર્થે સંઘ પાસે ક્ષમાયાચના કરે અને તેવી પ્રતિજ્ઞા કરે કે હું ફરી કરીશ નહિ છતાં ગીતાર્થોને તેવો પશ્ચાત્તાપનો પરિણામ દેખાય નહિ તો પદવી ફરી ન પણ આપે; કેમ કે ગુરુદોષવાળા છે. આથી જ દોષ સેવ્યા પછી થયેલા દોષ પ્રત્યે ઘૃણા થતી નથી પરંતુ પદવીના રક્ષણ અર્થે તે પ્રકારની પ્રતિજ્ઞા કરે છે.

વળી કોઈ આચાર્ય વિપરીત રીતે વ્યવહાર છેદ કર્યા પછી કોઈ ધૂલીજંઘાવાળા આદિ દ્વારા તેનું નિવારણ કરાય ત્યારે પણ પોતાના પક્ષને દૃઢ કરવા અનેક અનેક યત્ન કરે છે તેથી તે સાધુ બહુદોષવાળા છે અને તેવા સાધુ પાછળથી પશ્ચાત્તાપ કરીને ફરી નહિ કરવાની પ્રતિજ્ઞા કરે તોપણ જાવજ્જીવ સુધી તે હરણ કરાયેલી પદવી ગીતાર્થો તેમને આપતા નથી. **॥૯૭થી ૧૦૧॥**

**અવતરણિકા :-**

**ननु यदि तस्याचार्यत्वादिका दिग् न नष्टा तदा किं निग्रहवचनैः ? यदि च नष्टा तदा कथमनुग्र-हवचनैः सङ्घटेताऽपि ? इत्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**નનુથી શંકા કરે છે. જો તેમની=દુર્વ્યવહાર કરનાર સાધુની, આચાર્યત્વ આદિ પદવી નષ્ટ નથી=દુર્વ્યવહાર કરવા છતાં નષ્ટ નથી, તો નિગ્રહ વચનથી શું ?=ઉત્સૂત્ર ભાષણ પછી ગીતાર્થો તેનો નિગ્રહ કરે તેનાથી શું ? અને જો નાશ પામી છે=ઉત્સૂત્ર ભાષણ કર્યા પછી ગીતાર્થોના નિગ્રહથી આચાર્યત્વ આદિ પદવી નાશ પામી છે, તો અનુગ્રહ વચનથી કેવી રીતે સંઘટ્ટન પણ થાય ?=અનુગ્રહ વચનથી ફરી તે પદવી તે દુર્વ્યવહારીને કેવી રીતે પ્રાપ્ત થાય ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

જે આચાર્યાદિએ દુર્વ્યવહાર કર્યો છે તે આચાર્યની દુર્વ્યવહારકાળમાં આચાર્યપદવી નષ્ટ થઈ છે કે નહિ ? એ પ્રકારની શંકા થાય છે; અર્થાત્ તે આચાર્ય પ્રથમ છેદ શાસ્ત્રો ભણેલા હતા અને મધ્યસ્થતાપૂર્વક સુવ્યવહાર કરેલો તેથી જ ત્યાંના સંઘે વ્યવહાર અર્થે સ્વીકારેલા. પાછળથી સ્નિગ્ધ આદિ આહારને વશ થઈને દુર્વ્યવહાર કર્યો ત્યારે પદવી નાશ પામી કે નહિ ? એ પ્રકારની વિચારકને શંકા થાય છે. વળી, દુર્વ્યવહાર કરવા છતાં તે ધૂલીજંઘાવાળા ગીતાર્થ આવે છે ત્યારે પણ તે જ આચાર્ય વ્યવહાર કરવા પ્રવર્તે છે અને ઉત્સૂત્ર બોલે છે ત્યારે તે ધૂલીજંઘાવાળા સાધુ તેનું વારણ કરે છે અને ગીતાર્થો તેમની પદવીનો અપહાર કરે છે ત્યાં પ્રશ્ન થાય કે તે દુર્વ્યવહારકાળમાં તે પદવી નાશ થઈ ન હતી માટે તે આચાર્યરૂપે સંમત હતા આથી જ ફરી પણ વ્યવહાર કરવા અર્થે સંઘ તેમણે બેસાડે છે છતાં જ્યારે ગીતાર્થો તેનો નિગ્રહ કરે છે ત્યારે તે પદવી શું નાશ પામે છે ?

વળી, નિગ્રહ કરવાથી તે પદવી નાશ પામેલ હોય તો તે દુર્વ્યવહાર કરનાર આચાર્ય સંઘ સમક્ષ ખામણા-પૂર્વક ફરી નહિ કરવાની પ્રતિજ્ઞા કરે અને ગીતાર્થો તેમના ઉપર અનુગ્રહ કરે તો તે અનુગ્રહનાં વચનોથી નાશ પામેલી પદવી ફરી કઈ રીતે પ્રાપ્ત થાય ? એ પ્રકારની શંકામાં જવાબ આપે છે.

**ગાથા :-**

**जह धणनिट्ठं सत्तं, दाणे णस्सइ पडिग्गहे होइ ।**
**इत्थ वि णासुप्पाया, तह णेया सुत्तणीईए ।।१०२।।**

**અન્વયાર્થ :-**

**जह धणनिट्ठं सत्तं=જે પ્રમાણે ધનનિષ્ઠ સ્વત્વ, दाणे णस्सइ=દાનમાં નાશ પામે છે. पडिग्गहे होइ= અને પ્રતિગ્રહમાં ઉત્પન્ન થાય છે. तह=તે પ્રમાણે, इत्थ वि=અહીં પણ=પદવીના વિષયમાં પણ, सुत्तणीईए=સૂત્રનીતિથી, णासुप्पाया=નાશ-ઉત્પાદ, णेया=જાણવા=નાશ અને ઉત્પાદ જાણવા. ।।૧૦૨।।**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે ધનનિષ્ઠ સ્વત્વ દાનમાં નાશ પામે છે અને પ્રતિગ્રહમાં ઉત્પન્ન થાય છે. તે રીતે અહીં પણ=પદવીના વિષયમાં પણ સૂત્રનીતિથી નાશ-ઉત્પાદ જાણવા. ।।૧૦૨।।**

**ટીકા :-**

'जह'त्ति । यथा धननिष्ठं स्वत्वं यथेष्टनियोगादिना पुण्यादिप्रयोजकपर्यायरूपदाने नश्यति, प्रतिग्रहे च 'भवति' उत्पद्यते, तथा 'अत्रापि' प्रकृतायां दिश्यपि सूत्रनीत्या सुव्यवहार(रि)गीतार्थनिग्रहानुग्रहवचनाभ्यां नाशोत्पादौ ज्ञेयौ । कालाद्यनाश्यायां तस्यां निग्रहस्य नाशकत्वे निग्रहजनितनाशोत्तरदिगुत्पादादौ चानुग्रहस्य हेतुत्वे दोषाभावाद्वस्तुतोऽननुगतानां कारणानामननुगतकार्यजननेऽप्येकशक्तिवादिनामस्माकं न काचित् क्षतिरित्यधिकं लतायाम् ।।१०२।।

**ટીકાર્થ :-**

**यथा धननिष्ठं ..... लतायाम् ।। જે પ્રમાણે ધનમાં રહેલું સ્વત્વ યથા ઈચ્છાનુસાર નિયોગ આદિથી પુણ્યાદિ પ્રયોજક પર્યાયરૂપ દાન કરાયે છતે, નાશ પામે છે=ધનનિષ્ઠ સ્વત્વ નાશ પામે છે અને પ્રતિગ્રહમાં=દાનના પાછા ગ્રહણમાં ઉત્પન્ન થાય છે=ધનનિષ્ઠ સ્વત્વ ઉત્પન્ન થાય છે તે પ્રમાણે અહીં પણ=પ્રકૃત એવી દિશામાં પણ=પ્રકૃત એવી આચાર્યપદવીમાં પણ, સૂત્રનીતિથી સુવ્યવહારી એવા ગીતાર્થના નિગ્રહ અનુગ્રહના વચન દ્વારા નાશ-ઉત્પાદ જાણવા; કેમ કે કાલાદિથી અનાશ્ય એવી તેમાં=પદવીમાં, નિગ્રહના નાશકપણામાં અને નિગ્રહજનિત નાશના ઉત્તરમાં, દિશાના ઉત્પાદ આદિમાં અનુગ્રહના હેતુપણામાં દોષનો અભાવ છે. વસ્તુતઃ અનનુગત કારણોના અનનુગત કાર્યજનનમાં પણ, એક શક્તિવાદી એવા અમોને કાંઈ ક્ષતિ નથી એ પ્રમાણે અધિક કલ્પલત્તામાં છે. ।।૧૦૨।।**

**ભાવાર્થ :-**

જેમ કોઈ પાસે ધન હોય ત્યારે તે ધનમાં તેનું સ્વત્વ=પોતાપણું, હોય છે અને તે પુરુષ પોતાના ઇચ્છાનુસાર તે ધનનો દાનાદિમાં ઉપયોગ કરે ત્યારે તે દાનથી પુણ્ય થાય કે નિર્જરાનું પ્રયોજક બને એવા પર્યાયવાળું દાન કરે અર્થાત્ તે દાનથી પોતાનામાં પુણ્ય કે નિર્જરારૂપ પર્યાય પ્રગટ થાય તેવા દાનથી તેના ધનમાં સ્વત્વ નાશ પામે છે અને કોઈક રીતે તે દાન વિષયક મતભેદ થાય અને તે દાન પાછું ગ્રહણ કરે તો તે દાનમાં સ્વત્વ ઉત્પન્ન થાય છે એ રીતે ગીતાર્થો ભગવાનના વચનાનુસાર ઉચિત નિર્ણય કરીને આ આચાર્યએ દુર્વ્યવહાર કર્યો છે તેથી દુર્વ્યવહારને કહેનારા સૂત્રસપ્તકનું ઉચ્ચારણ કરીને શાસ્ત્રવિધિ અનુસાર તેમની પદવીનું ઉદ્દાલન કરે ત્યારે તે પદવીનો નાશ થાય છે. જોકે દુર્વ્યવહારકાળમાં અશુદ્ધ વ્યવહારથી તે પદવીના નાશનો અનુકૂળ પરિણામ પ્રારંભ થયેલો; કેમ કે મધ્યસ્થભાવથી તે પદવીનો પરિણામ રહે છે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને અમધ્યસ્થભાવથી તેમાં મલિનતા આવે છે અને ક્રમસર તેનો નાશ થાય છે છતાં ગીતાર્થ સાધુઓ આ તેનો દુર્વ્યવહાર છે તેનો સ્પષ્ટ નિર્ણય ધૂલીજંઘાવાળા સાધુના

વચનથી કરે છે ત્યારપછી શાસ્ત્રવચનથી તેની પદવીનું ઉદ્દાલત કરે છે ત્યારે તે પદવીનો નાશ થાય છે.

વળી, દુર્વ્યવહાર કરનાર તે આચાર્ય આદિને પોતાના દુર્વ્યવહારનો પશ્ચાત્તાપ થાય છે ત્યારે સુવ્યવહાર પ્રત્યેના પક્ષપાતને કારણે તે આચાર્ય સંઘ પાસે પોતાના દુર્વ્યવહારની ક્ષમા માંગે છે અને ફરી હું આ કરીશ નહિ તેવા સુઅધ્યવસાયપૂર્વક સુવ્યવહાર કરવાની પ્રતિજ્ઞા કરે છે તેથી ગીતાર્થો તે આચાર્યના મધ્યસ્થ પરિણામને જોઈને અપહાર કરાયેલી પદવી ફરી આપે છે ત્યારે તે વ્યવહારકાળમાં નાશ થયેલી કે નિગ્રહકાળમાં નાશ થયેલી તે પદવી ફરી શુદ્ધ અધ્યવસાય દ્વારા અનુગ્રહકાળમાં ઉત્પન્ન થાય છે. તેમાં જ યુક્તિ બતાવતાં કહે છે.

ગુરુએ આપેલી આચાર્યાદિ પદવી કાલાદિથી નાશ્ય નથી છતાં નિગ્રહથી તે પદવીનો નાશ થાય છે અને નિગ્રહ થયેલા નાશના ઉત્તરમાં અનુગ્રહ કરવામાં આવે તો તે પદવી ફરી ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી; કેમ કે અશુભ અધ્યવસાયથી પદવી નાશ થાય છે પરંતુ કાળથી તે પદવીનો નાશ થતો નથી છતાં તે આચાર્યે દુર્વ્યવહાર કર્યો ત્યારે અશુદ્ધ અધ્યવસાય થયો તેથી જ ગીતાર્થો નિગ્રહ કરીને તે પદવીનો અપહાર કરે છે અને દુર્વ્યવહાર કર્યા પછી પણ તે આચાર્યને પોતાના દુર્વ્યવહાર પ્રત્યે તીવ્ર પશ્ચાત્તાપ થાય છે ત્યારે તેમનામાં થયેલા મધ્યસ્થભાવના પક્ષપાતને કારણે ગીતાર્થો ફરી પદવી આપે છે. તેથી જે દુષ્ટ ભાવથી તે પદવી નાશ પામેલી તેનાથી વિરુદ્ધ મધ્યસ્થ પરિણામથી તે પદવી ફરી પ્રગટ થાય છે. આ કથનને જ સ્પષ્ટ કરવા અર્થે વસ્તુતઃથી કહે છે.

જેમ સ્યાદ્વાદી માને છે કે એકજીવમાં એક એવી શક્તિ છે કે તે તે પ્રકારના પુરુષકાર આદિ પાંચ કારણોને પામીને ક્યારેક પુણ્યબંધ કરે છે ક્યારેક પાપબંધ કરે છે, ક્યારેક નિર્જરા કરે છે; કેમ કે નિર્જરાને અનુકૂળ પુરુષકારાદિ કારણો હોય ત્યારે નિર્જરા થાય છે. પુણ્યબંધને અનુકૂળ કારણો હોય તો પુણ્યબંધ થાય છે. પાપઅનુબંધને અનુકૂળ કારણો હોય ત્યારે પાપબંધ થાય છે. તેથી તે પાંચે કારણો પુણ્યાદિ અનુબંધ પ્રત્યે અનનુગત કારણો છે અને તે અનનુગત કારણોથી અનનુગત કાર્યો ઉત્પન્ન થાય છે અને તે સર્વ અનનુગત કાર્યોને ઉત્પન્ન કરવાને અનુકૂળ એવી જીવમાં એક શક્તિ છે એમ સ્યાદ્વાદી માને છે. તે રીતે પ્રસ્તુત પદવીના નાશ અને ઉત્પાદમાં ગીતાર્થોનો નિગ્રહ અને અનુગ્રહ કારણ છે તેથી નાશ પ્રત્યે ભિન્ન કારણ છે અને ઉત્પાદ પ્રત્યે ભિન્ન કારણ છે; કેમ કે દુર્વ્યવહારને કારણે ગીતાર્થોએ નિગ્રહ કરેલો અને મધ્યસ્થભાવના પરિણામને કારણે ગીતાર્થોએ અનુગ્રહ કર્યો તેથી તે આચાર્યમાં એક એવી શક્તિ છે કે જ્યારે દુર્વ્યવહારને કારણે ગીતાર્થો નિગ્રહ કરે ત્યારે તે પદવી નાશ પામે અને જ્યારે તે આચાર્ય મધ્યસ્થભાવના પક્ષપાતી બને ત્યારે ગીતાર્થો તેમને અનુગ્રહ કરે ત્યારે તેમનામાં તે પદવી ઉત્પન્ન થાય છે. જેથી તે આચાર્યમાં એક એવી શક્તિ છે કે નાશ અને ઉત્પાદ પ્રત્યે અનનુગત એવાં કારણોથી નાશ અને ઉત્પત્તિરૂપ અનનુગત કાર્યો થઈ શકે છે.

અવતરણિકામાં શંકા કરેલ કે દુર્વ્યવહાર કરનાર આચાર્યની પદવી નાશ ન થયેલી હોય તો નિગ્રહથી શું ? નાશ થઈ હોય તો અનુગ્રહ વચનથી કઈ રીતે સંઘટ્ટન થાય ? તેનો ઉત્તર પ્રસ્તુત ગાથાથી આ રીતે પ્રાપ્ત થાય છે.

જ્યારે દુર્વ્યવહાર કરનાર સાધુ મધ્યસ્થભાવથી રહિત થાય છે ત્યારે કંઈક અંશથી ગુણો નાશ થવા લાગે છે અને ક્વચિત્ ગાઢ અમધ્યસ્થભાવ હોય તો પરમાર્થથી આચાર્યાદિ પદવી પણ નાશ થઈ જાય છતાં જ્યાં સુધી ગીતાર્થો નિગ્રહ ન કરે ત્યાં સુધી તે પદવી નાશ થઈ છે તેમ વ્યવહારથી કહેવાય નહિ. ભગવાનના શાસનમાં ઉભયનય સંમત છે તેથી જ્યારે ગીતાર્થો નિગ્રહ કરે ત્યારે તે આચાર્યાદિ પદવી ઉભયનયથી= નિશ્ચયનય અને વ્યવહારનયરૂપ ઉભયનયથી, નાશ પામે છે. વળી, કોઈ મહાત્માને દુર્વ્યવહાર કર્યા પછી પોતાના દુર્વ્યવહાર નિમિત્તે તીવ્ર પશ્ચાત્તાપ થાય તો પશ્ચાત્તાપના પ્રવર્ધમાન પરિણામથી તે પદવીનું સંઘટ્ટન થાય છે અને તેને જોઈને જ ગીતાર્થો અપહાર કરાયેલી આચાર્યપદવીને ફરી આપે છે ત્યારે નિશ્ચય અને વ્યવહાર ઉભયનયથી તે પદવીનો ઉપપાદ થાય છે. **॥૧૦૨॥**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

**આને જ કહે છે=પૂર્વની ગાથામાં કહ્યું કે આચાર્યપદવીના નિગ્રહ અને અનુગ્રહથી અનુક્રમે નાશ અને ઉત્પાદ થાય છે એને કહે છે –**

**ગાથા :-**

**गुरुदिन्ना वि हु एसा, थेराणं विमइओ विणस्सिज्जा ।**
**तयदिन्ना वि हु तेसिं, उवगमओ हुज्ज जं भणियं ।।१०३।।**

**અન્વયાર્થ :-**

**गुरुदिन्ना वि हु एसा=ગુરુથી અપાયેલી પણ આ=આચાર્યત્વાદિ પદવી, थेराणं विमइओ=સ્થવિરોની વિમતિથી, विणस्सिज्जा=વિનાશ પામે છે. तयदिन्ना वि हु=તેનાથી નહિ અપાયેલી પણ=ગુરુથી નહિ અપાયેલી પણ, तेसिं उवगमओ=તેઓના સ્વીકારથી=સ્થવિરોના સ્વીકારથી, हुज्ज=પ્રાપ્ત થાય છે. जं भणियं=જે કારણથી કહેવાયું છે=વ્યવહારભાષ્યથી કહેવાયું છે. ।।૧૦૩।।**

**ગાથાર્થ :-**

**ગુરુથી અપાયેલી પણ આ=આચાર્યત્વ આદિ પદવી, સ્થવિરોની વિમતિથી વિનાશ પામે છે. તેનાથી નહિ અપાયેલી પણ=ગુરુથી નહિ અપાયેલી પણ તેઓના સ્વીકારથી=સ્થવિરોના સ્વીકારથી, પ્રાપ્ત થાય છે. જે કારણથી કહેવાયું છે=વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. ।।૧૦૩।।**

**ટીકા :-**

'गुरुदिन्ना वि हु'त्ति । गुरुदत्तापि 'एषा' आचार्यत्वादिका दिक् 'स्थविराणां' श्रुतवृद्धानां 'विमतितः'

अनभ्युपगमाद्विनश्येत् । 'तददत्तापि' गुर्वदत्तापि चैषा 'तेषां' स्थविराणां 'उपगमतः' अङ्गीकाराद् भवेद्, यद् भणितं एतद् व्यवहारभाष्ये ।।१०३।।

**ટીકાર્થ :-**

गुरुदत्तापि ..... एतद् व्यवहारभाष्ये ।। **આ=આચાર્યત્વ આદિ પદવી, ગુરુ વડે અપાયેલી પણ સ્થવિરોની=શ્રુતવૃદ્ધોની, વિમતિથી=અસ્વીકારથી, વિનાશ પામે છે. તેમનાથી નહિ અપાયેલી પણ=ગુરુથી નહિ અપાયેલી પણ, આ=આચાર્યત્વાદિ પદવી, તેઓના=સ્થવિરોના, સ્વીકારથી= અંગીકારથી, થાય છે=ઉત્પન્ન થાય છે. જે કારણથી આ=ઉપરમાં કહ્યું એ, ભાષ્યમાં=વ્યવહારભાષ્યમાં કહ્યું છે. ॥૧૦૩॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્માને ગુરુએ આચાર્યત્વાદિ પદવી આપી હોય અને મધ્યસ્થ ગીતાર્થોને જણાય કે આનામાં આચાર્યત્વાદિ ગુણો નથી તેથી શ્રુતવૃદ્ધ સાધુઓ તેની આચાર્યપદવીને સ્વીકારતા નથી આથી જ દુર્વ્યવહારી આચાર્ય જ્યારે દુર્વ્યવહાર કરે ત્યારે તે શ્રુતવૃદ્ધ સાધુઓ સંઘની સમક્ષ એમની આચાર્યપદવીનો અપહાર કરે છે. તેથી તે દુર્વ્યવહારીમાં આચાર્યત્વાદિ પદવી નાશ પામે છે.

વળી કોઈ યોગ્ય સાધુ મધ્યસ્થ હોય, ગીતાર્થ હોય, આચાર્યત્વ આદિ પદયોગ્ય હોય અને કોઈ કારણથી ગુરુએ આચાર્યપદવી ન આપી હોય છતાં સ્થવિરોને તે આચાર્યરૂપે સંમત હોય તો તેને આચાર્યપદવી આપે છે. ત્યારે તેઓમાં આચાર્યત્વાદિરૂપે ગુણો પ્રગટ થાય છે. તેમાં સાક્ષીરૂપે વ્યવહારભાષ્યનું વચન કહે છે જેને સ્વયં ગ્રંથકારશ્રી આગળની ગાથામાં કહે છે. **॥૧૦૩॥**

**ગાથા :-**

**आसुक्कारोवरए, अट्ठाविए गणहरे इमा मेरा ।**
**चिलिमिलि हत्थाणुन्ना, परिभवसुत्तत्थहावणया ।।१०४।।**

**અન્વયાર્થ :-**

अट्ठाविए गणहरे=**અસ્થાપિત ગણધરવાળા,** आसुक्कारोवरए=**આશુકારથી મૃત્યુ પામેલા આચાર્ય હોતે છતે,** इमा मेरा=**આ મર્યાદા છે.** चिलिमिलि=**ચિલિમિલિથી,** हत्थाणुन्ना=**હસ્ત અનુજ્ઞા=પડદા પાછળથી આચાર્યને રાખીને હાથથી અનુજ્ઞા,** परिभवसुत्तत्थहावणया=**પરિભવ કરનારને સૂત્રાર્થની હાપના=નવા આચાર્યનો પરિભવ કરનારા સાધુને સૂત્રાર્થ આપે નહિ. ॥૧૦૪॥**

**ગાથાર્થ :-**

**અસ્થાપિત ગણધરવાળા આશુકારથી મૃત્યુ પામેલા આચાર્ય હોતે છતે આ મર્યાદા છે.**

**ચિલિમિલિથી હસ્ત અનુજ્ઞા=પડદા પાછળ આચાર્યને રાખીને હસ્તથી અનુજ્ઞા, પરિભવ કરનારને સૂત્રાર્થની હાપના=નવા આચાર્યનો પરિભવ કરનારા સાધુને સૂત્રાર્થ આપે નહિ. ।।૧૦૪।।**

**ટીકા :-**

'आसुक्कारोवरए'त्ति । आशुकारेण-शूलादिनोपरतः-कालगतः आशुकारोपरतस्तस्मिन् सत्याचार्येऽस्थापितेऽन्यस्मिन् गणधरे 'इयं' वक्ष्यमाणा मर्यादा । तामेवाह–'चिलिमिलि' इत्यादि । आशुकारोपरत आचार्यो यवनिकान्तरितः प्रच्छन्नः कार्यो वक्तव्यं च-आचार्याणामतीवाशुभं शरीरं वाचापि वक्तुं न शक्नुवन्तीति, तदा यो गणधरपदार्हस्तं यवनिकाया बहिः स्थापयित्वा सूरयो भण्यन्ते को गणधरः स्थाप्यताम् ? एवं चोक्त्वा यवनिकान्तरस्था गीतार्था आचार्यहस्तमुपर्युन्मुखं कृत्वा स्थाप्यमानगणधराभिमुखं दर्शयन्ति वदन्ति च गणधरत्वमेतस्यानुज्ञातं परं वाचा वक्तुं न शक्नुवन्ति, एषा हस्तानुज्ञा । तत एतस्योपरि वासा निक्षिप्यन्ते, स्थापित एष गणधर इति । पश्चात्कालगता आचार्या इति प्रकाश्यते । 'परिभवसुत्तत्थहावणया' इति, ततो येऽभिनवस्थापिताचार्यस्य परिभवोत्पादनबुद्ध्याचार्योचितं विनयं न कुर्वन्ति तेषां सूत्रमर्थं वा हापयति-न ददातीत्यर्थः । अत्र हि परमार्थतो गुर्वदत्तापि स्थविरैरेव दिग् दत्तेति ।।१०४।।

**ટીકાર્થ :-**

आशुकारेण- ..... दिग् दत्तेति ।। અન્ય ગણધરમાં અસ્થાપિત એવા આશુકારથી ઉપરત એવા આચાર્ય હોતે છતે આ વક્ષ્યમાણ મર્યાદા છે.

આશુકારઉપરતનો સમાસ સ્પષ્ટ કરે છે.

આશુકારથી=શૂલાદિથી મૃત્યુ પામેલા=કાળધર્મને પામેલા આશુકારથી ઉપરત છે.

તેને જ કહે છે=અન્યને ગણને ધારણમાં સ્થાપિત કર્યા વગર કાળધર્મને પામેલા આચાર્ય હોતે છતે જે મર્યાદા છે તેને જ કહે છે=ચિલિમિલિ ઈત્યાદિથી કહે છે.

રોગથી ઉપરત આચાર્ય પડદાથી અંતરિત પ્રચ્છન્ન કરવા જોઈએ અને કહેવું જોઈએ આચાર્યનું અતીવ અશુભ શરીર છે. વાણીથી પણ બોલવા સમર્થ નથી એમ કહેવું જોઈએ એ પ્રમાણે અન્વય છે.

ત્યારે=આચાર્ય કાળ કરી ગયા હોય ત્યારે, જે ગણધરપદ યોગ્ય છે તેને પડદાની બહાર સ્થાપન કરીને સૂરિ કહેવાય છે=ગીતાર્થો વડે સૂરિ કહેવાય છે. કોણ ગણધર સ્થાપન કરાય ? અને આ પ્રમાણે કહીને=સૂરિને કોણ ગણધરપદે સ્થાપન કરાય ? એ પ્રમાણે કહીને, પડદાની અંદર રહેલા ગીતાર્થો આચાર્યના હસ્તને ઊંચો કરીને સ્થાપ્યમાન ગણધરને અભિમુખ બતાવે છે અને કહે છે. આને ગણધરપણું અનુજ્ઞાત છે પરંતુ વાણીથી કહેવા સમર્થ નથી. આ હસ્તની અનુજ્ઞા છે=આંગળીની અનુજ્ઞા છે તેથી આના ઉપર=જેના તરફ આંગળી કરેલી તે સાધુ ઉપર, વાસક્ષેપનો નિક્ષેપ કરાય છે=ગીતાર્થો દ્વારા વાસક્ષેપનો નિક્ષેપ કરાય છે. આ ગણધર સ્થાપિત છે. પાછળથી આચાર્ય કાળને

**પામ્યા એ પ્રકારે પ્રકાશન કરાય છે. ત્યારપછી જેઓ નવા સ્થાપેલા આચાર્યના પરિભવના ઉત્પાદનની બુદ્ધિથી આચાર્યનો ઉચિત વિનય કરતા નથી તેઓને સૂત્ર અને અર્થ આપતા નથી. એ પ્રકારનો અર્થ છે.**

**અહીં=પ્રસ્તુતગાથામાં, પરમાર્થથી ગુરુ વડે નહિ અપાયેલી પણ પદવી સ્થવિરો વડે જ પદવી અપાઈ છે. ॥૧૦૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ગુરુ વડે આચાર્યપદવી અપાયેલી ન હોય અને સ્થવિરોને આચાર્યરૂપે સંમત હોય તો તેમાં આચાર્યપદની પ્રાપ્તિ થાય છે. તે પ્રસ્તુત ગાથાથી સ્પષ્ટ કરે છે.

કોઈ આચાર્ય પોતાના સ્થાને યોગ્ય આચાર્યને સંપન્ન કરીને આચાર્યપદે સ્થાપન કર્યા વગર જ કાળ કરી જાય ત્યારે તે આચાર્ય પાસેથી શાસ્ત્ર-અધ્યયન કરીને જેઓ ગીતાર્થ થયા છે અને સંસારથી ભય પામેલા છે તેથી મધ્યસ્થતાપૂર્વક કોને આચાર્યપદ આપવાથી પોતાના ગચ્છના સાધુઓ ઉચિત અનુશાસન પ્રાપ્ત કરીને હિત કરી શકશે તેનો નિર્ણય કરે છે. વળી, જે સાધુમાં મધ્યસ્થતા છે તેથી રાગદ્વેષ વગર ઉચિત વ્યવહાર કરશે અને તે પ્રકારનો સૂક્ષ્મ બોધ છે. ઉચિત અનુશાસનની શક્તિ છે તેવું ગીતાર્થોને જણાય ત્યારે ગચ્છમાં સર્વ સાધુઓને તે આચાર્યરૂપે સંમત થાય તદર્થે કાળ કરી ગયેલા આચાર્યને પડદા પાછળ સ્થાપન કરીને તેમના હસ્તે યોગ્યને આચાર્યપદ સ્થાપનની અનુજ્ઞા અપાવે છે જેનાથી સર્વ સાધુઓને બુદ્ધિ થાય કે આપણા આચાર્યને જ આ મહાત્મા આચાર્યરૂપે સંમત છે જેનાથી તેમની ગ્રાહ્યતા બધાને સુખપૂર્વક થાય. આમ છતાં ગીતાર્થો વડે સ્થાપિત તે આચાર્યનો કોઈ પરિભવ કરે કે ઉચિત વિનય ન કરે ત્યારે તે આચાર્ય તે અવિનિત સાધુને સૂત્ર-અર્થ આપતા નથી જેથી સૂત્ર-અર્થના અર્થી એવા તે સાધુ ઉચિત વિનય કરતા થાય અને તેઓને કલ્યાણની પ્રાપ્તિ થાય. આનાથી ફલિત થાય છે કે ગુરુ વડે નહિ અપાયેલી પદવી પણ મધ્યસ્થ ગીતાર્થોને પદવી સંમત હોય તો તે પદવી આપવામાં દોષ નથી પરંતુ તેનાથી જ ગચ્છની ઉચિત વ્યવસ્થા સુસ્થિત થાય છે. **॥૧૦૪॥**

**અવતરણિકા :-**

**एतद्वचनान्तरमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**આના વચનાંતરને જ=ગાથા-૧૦૩માં કહેલ કે ગુરુથી અપાયેલ આચાર્યાદિ પદવી સ્થવિરોની વિમતિથી નાશ પામે એ રૂપ કથનમાં વચનાંતરને કહે છે –**

**ગાથા :-**

**एस समुक्कसिअव्वे, इय आयरिअस्स चेव वयणम्मि ।**
**दोसगुणे णाऊणं, सुव्वइ थेराण भयणा य ।।१०५।।**

**અન્વયાર્થ :-**

**एस समुक्कसिअव्वे=આને આચાર્યપદવી આપવી જોઈએ, इय आयरिअस्स चेव=એ પ્રકારના આચાર્યના જ, वयणम्मि=વચનમાં, दोसगुणे णाऊणं=દોષગુણોને જાણીને, थेराण भयणा सुव्वइ=સ્થવિરોની ભજના સંભળાય છે=તેને આચાર્યપદવી આપે પણ અને દોષ જણાય તો પદવી ન આપે એ પ્રકારની ભજના શાસ્ત્રમાં સંભળાય છે. ।।૧૦૫।।**

**ગાથાર્થ :-**

**આને આચાર્યપદવી આપવી જોઈએ એ પ્રકારના આચાર્યના જ વચનમાં દોષગુણોને જાણીને સ્થવિરોની ભજના સંભળાય છે=તેને આચાર્યપદવી આપે પણ અને દોષ જણાય તો પદવી ન આપે એ પ્રકારની ભજના શાસ્ત્રમાં સંભળાય છે. ।।૧૦૫।।**

**ટીકા :-**

**'एस'त्ति । एषः 'समुत्कर्षयितव्यः' आचार्यपदे स्थापनीय इत्याचार्यस्यैव वचने दोषगुणौ ज्ञात्वा स्थविराणां भजना च समुत्कर्षणे श्रूयते । तथा च स्थविरानुमतिरेव दिग्दाने प्रधानं कारणमिति सिद्धम् । अत्र चेदं सूत्रं-व्यवहारचतुर्थोद्देशके—**

'आयरियउवज्झाए गिलाएमाणे अण्णयरं वइज्जा—अज्जो ! मए णं कालगयंसि समाणंसि अयं समुक्कसियव्वे, से य समुक्कसणारिहे समुक्कसिअव्वे, से य णो समुक्कसणारिहे णो समुक्कसिअव्वे, अत्थि या इत्थ केइ अण्णे समुक्कसणारिहे से समुक्कसिअव्वे, णत्थि या इत्थ केइ अण्णे समुक्कसणारिहे से चेव समुक्कसिअव्वे । तंसि च णं समुक्कट्ठंसि परो वइज्जा-दुस्समुक्कट्ठं ते अज्जो ! णिक्खिवाहि, तस्स णं णिक्खिवमाणस्स वा अणिक्खिवमाणस्स वा नत्थि केइ छेए वा परिहारे वा, जे तं साहम्मिया अहाकप्पेणं ण अब्भुट्ठेंति तेसिं तप्पत्तिए छेए वा परिहारे वा ।'

**ટીકાર્થ :-**

**एषः ..... परिहारे वा ।' આ સમુત્કર્ષ કરવો જોઈએ=આચાર્યપદમાં સ્થાપન કરવો જોઈએ. એ પ્રકારે આચાર્યના જ વચનમાં દોષ-ગુણોને જાણીને સમુત્કર્ષમાં સ્થવિરોની ભજના જ સંભળાય છે અને તે રીતે=આચાર્યના વચનમાં દોષ-ગુણો જાણીને પદવી આપવામાં સ્થવિરોની ભજના છે તે રીતે, સ્થવિરોની અનુમતિ જ દિગ્દાનમાં=પદવી દાનમાં, પ્રધાન કારણ છે એ સિદ્ધ છે અને અહીં=પદવીના દાનવિષયક સ્થવિરોની અનુમતિ જ પ્રધાન કારણ છે એમાં, વ્યવહારના ચોથા ઉદ્દેશામાં આ સૂત્ર છે.**

આચાર્ય કે ઉપાધ્યાય ગ્લાન થયે છતે અન્યતરને કહે. હે આર્ય ! મારા કાલગત થયે છતે આ સમુત્કર્ષ કરવો જોઈએ=આને મારી પદવી આપવી જોઈએ અને તે=આચાર્યએ કે ઉપાધ્યાયે, જેને પદવી આપવાનું કહ્યું છે તે, પદવી આપવા યોગ્ય હોતે છતે પદવી આપવી જોઈએ અને તે=આચાર્યએ કે ઉપાધ્યાયે, કહેલ સાધુ સમુત્કર્ષ કરવા યોગ્ય

નથી=પદવી આપવા યોગ્ય નથી તો પદવી આપવી જોઈએ નહિ અને અહીં કોઈ અન્ય સમુત્કર્ષ કરવા યોગ્ય છે=પદવી આપવા યોગ્ય છે તે=તે સાધુને. સમુત્કર્ષ કરવો જોઈએ=પદવી આપવી જોઈએ અને અહીં=તે સમુદાયમાં સમુત્કર્ષ કરવા યોગ્ય નથી સમુત્કર્ષ કરવો જોઈએ નહીં=કોઈને પદવી આપવી જોઈએ નહીં અને અહીં અન્ય કોઈ અન્ય પદવી આપવા યોગ્ય છે તેને પદવી તે સમુત્કર્ષ કરવો જોઈએ=સમુદાયમાં આચાર્યપદવી આપવા યોગ્ય કોઈ તૈયાર થયા નથી ત્યારે પ્રતિચ્છક હોય તેને આચાર્યપદવી આપવી જોઈએ અને કહેવું જોઈએ કે અન્ય પોતાનો યોગ્ય શિષ્ય આચાર્યપદવીને યોગ્ય નિર્માણ થાય ત્યારે આ પદવી તેને આપવી. અથવા પ્રતિચ્છક તેવો યોગ્ય ન હોય તો પોતાના જ કોઈ યોગ્ય શિષ્યને આચાર્યપદવી આપે અને કહે કે આ યોગ્ય શિષ્ય આચાર્યપદવીને યોગ્ય નિર્માણ થાય ત્યારે તારે એને આચાર્યપદવી આપવી. અથવા કોઈ પોતાનો યોગ્ય શિષ્ય હોય અને આચાર્યે કીધેલું હોય કે મારા પછી આને આચાર્યપદવી આપજો પરંતુ તે શિષ્ય પાછળથી આચાર્ય કાળગત થયા પછી અભ્યુદ્યત વિહારા અથવા અભ્યુદ્યત મરણ સ્વીકારવા ઇચ્છે છે ત્યારે પદવી લેવાની ના પાડે છે ત્યારે અન્ય શિષ્ય આચાર્યપદવીને યોગ્ય હોય તો તેને પદવી આપવી જોઈએ અને અન્ય કોઈ ન હોય તો ગીતાર્થો તે અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારનારને કહે કે તમે અત્યારે આચાર્યપદવી સ્વીકારો અને અન્યને નિર્માણ કર્યા પછી અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારજો. આ સર્વ કથન ટીકા અનુસાર અહીં કોઈ અન્ય સમુત્કર્ષ કરવા યોગ્ય છે. તેને જ સમુત્કર્ષ કરવો જોઈએ એ કથન દ્વારા ફલિત થાય છે. તેનો સમુત્કર્ષ કરાયે છતે=અભ્યુદ્યત વિહારાદિ માટે તત્પર થયેલા યોગ્ય સાધુને આચાર્યપદ સમુત્કર્ષ કરાયે છતે પર કહે=ગીતાર્થો કહે. દુઃખે કરીને ગણધરપદ તમે સ્વીકાર્યું છે તેને હે તમે નિક્ષેપ કરો. નિક્ષેપ કરતા અથવા નહિ નિક્ષેપ કરતા એવા તેને અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારનારને કોઈ છેદ કે પરિહાર નથી અને જે સાધુઓ યથા આચારથી અભ્યુત્થાન કરતા નથી=નવા સ્થાપન કરાયેલા આચાર્યનું યથાકલ્પથી=જે પ્રમાણે વિનયની મર્યાદા છે તે પ્રમાણે વિનય કરતા નથી તેઓને તદ્નિમિત્તે છેદ અથવા પરિહાર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

**ટીકા :-**

**अस्यार्थः—आचार्य उपाध्यायो वा धातुक्षोभादिना ग्लायन्नन्यतरमुपाध्यायप्रवर्त्तिगणावच्छेदकभिक्षूणामन्यतमं पूर्वं कुतश्चिद्धेतोरसमुत्कर्षितवान् सापेक्षः सन् वदेत्—आर्य ! मयि कालगते सत्ययं 'समुत्कर्षयितव्यः' आचार्यपदे स्थापनीयः । स च परीक्षया समुत्कर्षणार्हो भवति ततः समुत्कर्षयितव्यः । अथ यदि गारवेच्छाऽसमाधिमरणभीत्युत्पादननिमित्तकगणदानानुमतिकत्वभिन्नदेशीयत्वपरुषभाषणादिभिर्हेतुभिः प्रागनुमतोऽपि गुरोर्न समुत्कर्षयितव्य इति ज्ञातः स न समुत्कर्षयितव्यः । यश्च पूर्वं समीहितः सत्यपि मधुरत्वेऽसङ्ग्रहशीलो वाचकत्वनिष्पादकत्वोभयगुणविकलश्च सोऽपि न स्थापयितव्यः । यदि चाचार्याणां सर्वेऽपि शिष्या अनिर्माता इति प्रातीच्छिकस्तैरन्तसमये स्थाप्यते, मम शिष्ये निर्मापिते त्वया गणधरणपदं निक्षेप्तव्यमित्यभ्युपगमकारणपूर्वकम् । यो वा निर्मातः स्वशिष्योऽनिर्माते बहुभागे शिष्यान्तरे तत्र निर्मापिते उक्ताभ्युपगमकारणपूर्वकं स्थाप्यते । एतयोर्द्वयोः प्रतिज्ञासमाप्तौ गणधरपदमनिक्षिपतोश्छेदः परिहारः सप्तरात्रं वा तप इति प्रासङ्गिकं प्रतिपत्तव्यम् । अथ य आचार्येण समुत्कर्षयितव्यतयोक्तः स च कालगते आचार्येऽभ्युद्यतविहारमभ्युद्यतमरणं वा**

प्रतिपत्तुमुत्सहते तदाऽस्ति चेदत्र गच्छेऽन्यः कश्चित्समुत्कर्षणार्हस्तदा स समुत्कर्षयितव्यः । नास्ति चेदन्यः समुत्कर्षणार्हस्तदा गीतार्थैर्यावद्गीतार्थनिर्मापणं गणधरपदं पालयत यूयं तस्मिन्निर्मापिते च सति भवतां यत्प्रतिभासते तत्कुरुतेत्यभ्यर्थनापुरःसरं स एव समुत्कर्षयितव्यः । एवमुक्ते तेन गणधरपदं प्रतिपद्य कश्चिदेको निर्मापितः, पश्चात्तस्य चित्तं जातमभ्युद्यतविहाराद्गच्छपरिपालनं विपुलतरनिर्जराद्वारम्, इत्थं व्यवसिते तत्र गीतार्था ब्रुवते निक्षेप्यं गणधरपदम्, स प्राह न निक्षिपामि किन्त्विच्छामि गच्छं पालयितुमिति । एवमुक्ते क्षुभ्यन्तो वदन्ति ये दुःसमुत्कृष्टं तव गणधरपदं तव रुचितमेतत्परन्त्वस्माकं न रोचत इति तेषां चत्वारो गुरुकाः । अनिर्मापिते गणधरत्वं निक्षिपत्यपि त एवागीतार्थत्वेन गच्छसाधवो यत्सेविष्यन्ते तदपि चाधिकम् । निर्मापिते च तत्र निक्षिपतो न च्छेदः परिहारो वा सप्तरात्रं वा तपः । ये तु स्वगच्छसाधवस्तं स्वगच्छसाधुं प्रातीच्छिकं च पूर्वस्थापितं यथाकल्पेन कृतिकर्मादिना नाभ्युपतिष्ठन्ते तेषामपि छेदः परिहारो वा सप्तरात्रं वा तप इति सङ्क्षेपः ।।१०५।।

**ટીકાર્થ :-**

अस्यार्थः–आचार्य ..... इति सङ्क्षेपः ।। આનો અર્થ=વ્યવહારભાષ્યની અર્થ છે.

**આચાર્ય અથવા ઉપાધ્યાય ધાતુ ક્ષોભાદિથી ગ્લાન થયેલા અન્યતરને=ઉપાધ્યાય પ્રવર્તી, ગણાવચ્છેદક, ભિક્ષુમાંથી અન્યતમને, પૂર્વમાં કોઈક હેતુથી અસમુત્કર્ષ કર્યો=પદવી આપી નહિ સાપેક્ષ છતાં=પદવી આપવાની ઈચ્છાવાળા છતાં કહે. હે આર્ય ! હું કાલગત થયે છતે આ સાધુને સમુત્કર્ષ કરવો જોઈએ=આચાર્યપદમાં સ્થાપન કરવો જોઈએ અને તે=આચાર્યથી નિર્દેશ કરાયેલ સાધુ, પરીક્ષાથી=સ્થવિરોની પરીક્ષાથી, સમુત્કર્ષ કરવા યોગ્ય થાય=પદવી આપવા યોગ્ય થાય તો સમુત્કર્ષ કરવો જોઈએ=પદવી આપવી જોઈએ. હવે જો ગુરુને પૂર્વમાં અનુમત પણ ગારવઈચ્છા=માનસન્માનની ઈચ્છા, અસમાધિમરણની ભીતિના ઉત્પાદન નિમિત્ત ગણદાન અનુમતિકત્વ, ભિન્નદેશીયત્વ, પરુષ ભાષણાદિ હેતુઓથી ગુરુઓને પૂર્વમાં અનુમત પણ તે શિષ્ય સમુત્કર્ષ કરવા યોગ્ય નથી એ પ્રમાણે જ્ઞાત એવો તે સમુત્કર્ષ કરવો જોઈએ નહિ=આચાર્યાદિ પદવી આપવી જોઈએ નહિ અને જે વળી પૂર્વમાં સ્વીકારાયેલો=ગુરુ વડે પદવી આપવા માટે સ્વીકારાયેલો. મધુરપણું હોતે છતે પણ, અસંગ્રહશીલ, વાચકત્વ અને નિષ્પાદકત્વ ઉભયગુણ વિકલ છે તે પણ સ્થાપન કરવો જોઈએ નહિ=આચાર્યાદિ પદે સ્થાપન કરવો જોઈએ નહિ અને જો આચાર્યના સર્વ પણ શિષ્યો અનિર્માત છે=આચાર્યપદને યોગ્ય સંપન્ન કરાયા નથી એથી પ્રાતિચ્છક=ઉપસંપદા સ્વીકારીને આવેલા એવા પ્રાતિચ્છક, તેઓ વડે=સ્થવિરો વડે, અંત સમયે સ્થાપન કરાય છે.**

કેવી રીતે પ્રાતિચ્છકને પોતાના પદે સ્થાપન કરાય છે ? તેને કહે છે –

**મારો શિષ્ય નિર્માપન કરાયે છતે તારા વડે=પ્રાતિચ્છક વડે, ગણધરપદ નિક્ષેપ કરવો જોઈએ=તે**

શિષ્યને આચાર્યપદે સ્થાપન કરવો જોઈએ. એ પ્રકારે સ્વીકારને કરાવવાપૂર્વક આચાર્યપદે સ્થાપન કરવો જોઈએ અથવા જે નિર્માત થયેલ પોતાનો શિષ્ય છે=શાસ્ત્ર ભણીને સંપન્ન થયેલ પોતાનો શિષ્ય છે. અનિર્માત બહુભાગવાળો શિષ્યાંતર હોતે છતે=આચાર્યપદને યોગ્ય હોવા છતાં શાસ્ત્ર ભણીને અનિર્માત થયેલ બહુભાગ શિષ્ય હોતે છતે, તેના નિર્માપનમાં=અનિર્માત બહુભાગરૂપ શિષ્યાંતરના નિર્માપનમાં, પૂર્વમાં કહેલ સ્વીકારને કરાવવાપૂર્વક=અનિર્માપન થયેલ શિષ્ય શાસ્ત્ર ભણીને નિર્માપન થાય ત્યારે આચાર્યપદ તેમાં સ્થાપન કરવું એ પ્રકારે સ્વીકાર કરાવવાપૂર્વક સ્થાપન કરાય છે=નિર્માત એવો પોતાનો શિષ્ય કિંચિત્ કાલ માટે સ્થાપન કરાય છે. આ બંને=પ્રાતિચ્છકને અને પોતાના શિષ્યને આચાર્યપદવી નિર્માપિત થયા પછી અન્યને આપવાનું કહ્યું એ બંનેને, પ્રતિજ્ઞાની સમાપ્તિમાં=આચાર્યપદને યોગ્ય શિષ્યને સંપન્ન કરીને આચાર્યપદવી આપવી એ રૂપ પ્રતિજ્ઞાની સમાપ્તિમાં, ગણધરપદનો અનિક્ષેપ કરતા એવા તે બંનેને છેદ પરિહાર અથવા સાતરાત્ર તપરૂપ પ્રાયશ્ચિત્ત છે. એ પ્રકારે પ્રાસઙ્ગિક સ્વીકારવું જોઈએ.

હવે આચાર્ય વડે સમુત્કર્ષપણાથી જે કહેવાયા=આચાર્ય વડે આચાર્યાદિ પદવી આપવા જે સાધુ કહેવાયા અને તે=આચાર્યપદ આપવા કહેવાયેલા સાધુ આચાર્ય કાલગત થયે છતે અભ્યુદ્યત વિહારને અર્થાત્ જિનકલ્પને અથવા અભ્યુદ્યત મરણને અર્થાત્ અનશનને સ્વીકારવા માટે ઉત્સાહવાળા છે ત્યારે જો આ ગચ્છમાં અન્ય કોઈ પદ આપવા યોગ્ય છે તો તેને આચાર્યપદ આપવું જોઈએ. અન્ય સમુત્કર્ષ કરવા યોગ્ય જો નથી=જો આચાર્યપદવી આપવા યોગ્ય અન્ય નથી તો, ગીતાર્થો વડે જ્યાં સુધી ગીતાર્થનું નિર્માપણ થાય ત્યાં સુધી તમે=અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારવા તત્પર થયેલ સાધુ એવા તમે, ગણધરપદનું પાલન કરો અને તે નિર્માપિત થયે છતે=આચાર્યપદને યોગ્ય ગુરુથી અનિર્દિષ્ટ અન્ય સાધુ નિર્માપિત થયે છતે, તમોને=અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારવા તૈયાર થયેલા સાધુ એવા તમોને, જે પ્રતિભાસે છે તે પ્રમાણે કરો. એ પ્રમાણે અભ્યર્થનાપૂર્વક તે જ=અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારવા તત્પર થયેલ સાધુ જ, આચાર્યપદે સ્થાપન કરવા જોઈએ. આ પ્રમાણે કહેવાયે છતે=અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારનાર સાધુ ગીતાર્થો વડે કહેવાયે છતે, તેના વડે ગણધરપદને સ્વીકારીને=આચાર્યપદને સ્વીકારીને, કોઈ એક સાધુ નિર્માપન કરાયા. પાછળથી તેનું=અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારવા તત્પર થયેલ સાધુનું, ચિત્ત થયું. અભ્યુદ્યત વિહારથી ગચ્છપરિપાલન વિપુલતર નિર્જરાનું દ્વાર છે અર્થાત્ મહાપ્રાજ્ઞ એવા તે સાધુને પૂર્વમાં બુદ્ધિ હતી કે હું અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારીને નિઃસંગ ભાવની વૃદ્ધિ કરીશ પરંતુ સંયોગવશ ગચ્છપાલનને સ્વીકાર્યા પછી યોગ્ય જીવોને ઉચિત અનુશાસન આપવાથી જે પ્રકારના પરિણામનો ઉત્કર્ષ થતો તે તેમને સ્વસંવેદનથી જણાયો તેનાથી ગચ્છપાલનમાં અધ્યવસાયની વિશુદ્ધિને કારણે વિપુલ નિર્જરા થાય છે તેવો બોધ થયો અને આ રીતે વ્યવસિત હોતે છતે=જિનકલ્પ સ્વીકારવાનું છોડીને નિર્જરા અર્થે ગચ્છપાલન સ્વીકારવાનો નિર્ણય કર્યે છતે, ત્યાં=તે આચાર્યના કથનમાં, ગીતાર્થો કહે છે. ગણધરપદનો નિક્ષેપ કરવો જોઈએ=સંપન્ન થયેલા સાધુમાં આચાર્યપદનો નિક્ષેપ કરવો જોઈએ. તે=અભ્યુદ્યત વિહારાદિ સ્વીકારવા તૈયાર થયેલ

**સાધુ, કહે છે હું નિક્ષેપ કરતો નથી પરંતુ ગચ્છનું પાલન કરવા ઇચ્છું છું. આ પ્રમાણે કહેવાયે છતે=તે આચાર્ય વડે આ પ્રમાણે કહેવાયે છતે, ક્ષોભ પામેલા જે ગીતાર્થો, કહે છે.**

શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

**દુઃખે કરીને સ્થાપન કરાયેલું તમારું ગણધરપદ તમને રુચિત છે પરંતુ અમને આ રુચતું નથી=તમે ગણધરપદ ઉપર રહો એ અમને ગમતું નથી. એ પ્રમાણે જેઓ કહે છે તે સ્થવિરોને ચાર ગુરુ પ્રાયશ્ચિત્ત આવે છે. અનિર્માપિતમાં ગણધરપણું નિક્ષેપ કરાયે છતે પણ તે જ અગીતાર્થપણાને કારણે ગચ્છના સાધુઓ જે સેવશે તે પણ અધિક છે=ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત તો છે પરંતુ ગચ્છના સાધુઓ અગીતાર્થને આચાર્યપદવી આપી તેના કારણે જે ઉચિત અનુશાસનના અભાવને કારણે જે વિપરીત સેવન કરશે તદ્ નિમિત્તક પણ પ્રાયશ્ચિત્ત આવશે અર્થાત્ નિર્માપન કર્યા વગર આચાર્યપદ સોંપ્યું તેવા પ્રાતિચ્છકને કે સ્વશિષ્યને ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત આવશે અને શિષ્યોને જે અનર્થ થશે તેના કારણે પણ પ્રાયશ્ચિત્ત આવશે અને નિર્માપિત થયે છતે=ગણધરપદને યોગ્ય સાધુ નિર્માપિત થયે છતે ત્યાં=તે યોગ્ય સાધુમાં, નિક્ષેપ કરનારને=આચાર્યપદનો નિક્ષેપ કરનારને, છેદ નથી. પરિહાર નથી અથવા સપ્તરાત્ર તપ નથી. વળી પૂર્વ સ્થાપિત સ્વગચ્છના સાધુને અથવા પ્રાતિચ્છકને જે સ્વગચ્છના સાધુઓ યથા આચાર પ્રમાણે કૃતિકર્માદિથી સ્વીકારતા નથી તેઓને પણ છેદ પરિહાર અથવા સપ્તરાત્રનો તપ પ્રાયશ્ચિત્તરૂપે આવે એ પ્રકારે સંક્ષેપ છે. ॥૧૦૫॥**

**ભાવાર્થ :-**

ગુરુએ આપેલી પદવી પણ શ્રુતવૃદ્ધોની વિમતિથી વિનાશ પામે છે એમ ગાથા-૧૦૩માં કહેલ તેને જ સ્થાપન કરવા અર્થે પ્રસ્તુત ગાથામાં કહે છે કે કોઈ આચાર્યે પોતાના અમુક શિષ્યને આચાર્યપદવી આપવા માટે કહેલ હોય અને પોતે કાળગત થાય ત્યારે જેને પદવી આપવાની છે તેના દોષોને અને ગુણોને જાણીને સ્થવિરો ભજનાથી પદવી આપે છે. અર્થાત્ દોષ જણાય તો પદવી આપે નહિ અને ગુણ જણાય તો પદવી આપે. તેમાં વ્યવહારસૂત્રની સાક્ષી આપે છે તે પ્રમાણે કોઈક આચાર્ય કે ઉપાધ્યાય ધાતુ ક્ષોભાદિથી ગ્લાન થાય ત્યારે પોતાના પદ ઉપર સ્થાપન કરવા માટે જે ઉપાધ્યાય આદિ યોગ્ય હોય તેને પદવી આપવાનું કહે ત્યારપછી તે આચાર્ય કાળગત થાય ત્યારે ગુરુએ કહ્યું છે માટે તેને પદવી આપવી જોઈએ એવો સામાન્યથી નિયમ છે આમ છતાં ગીતાર્થોને જણાય કે જેને આચાર્યપદવી આપવાની છે તેને ગારવની ઇચ્છા છે=માન-સન્માનની ઇચ્છા છે, તો પદવી આપે નહિ અથવા તે સાધુએ પોતાના ગુરુને અસમાધિમરણનો ભય ઉત્પન્ન કર્યો છે અને કહ્યું છે કે મને પદવી નહિ આપો તો તમને સમાધિ મૃત્યુ થશે નહિ. એ પ્રકારના ભય ઉત્પાદનને કારણે ગુરુએ પદવી આપવાનું કહ્યું હોય તો ગીતાર્થો તેને પદવી આપે નહિ.

અથવા જેને પદવી આપવાનું કહેલું હોય તે ગણના સાધુઓ કરતાં ભિન્ન દેશના હોવાથી ભાષા આદિના ભેદના કારણે તે પ્રકારનો ઉપકાર કરી શકે તેમ ન જણાય તો ગીતાર્થો તેમને પદવી આપે નહિ.

વળી, જેને પદવી આપવાનું કહ્યું છે તેનામાં કઠોર ભાષણાદિ દોષો દેખાય તો શિષ્યોને ઉચિત

અનુશાસન તેમનાથી પ્રાપ્ત થાય નહિ માટે ગીતાર્થો તેમને આચાર્યપદવી આપે નહિ.

વળી, પૂર્વમાં ગુરુએ જેને આચાર્યપદવી આપવાનું કહ્યું છે અને સ્વયં કાળ કરી ગયા છે ત્યારે ગીતાર્થો ભેગા થઈને વિચારે કે આ સાધુ મધુર ભાષી છે તોપણ સંયમને અનુકૂળ નિર્દોષ વસ્ત્ર, પાત્ર, વસતી આદિનો સંગ્રહ કરવામાં કુશળ નથી વાચના આપવામાં કુશળ નથી અને શિષ્યોને નિષ્પાદન કરવામાં કુશળ નથી તો તેમને આચાર્યપદે સ્થાપન કરે નહિ પરંતુ તેવી કુશળતાવાળા અન્ય કોઈ હોય તેને જ આચાર્યપદવી આપે; કેમ કે તે સર્વ ગીતાર્થો સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત પર્યાલોચન કરીને જે ઉચિત જણાય તે રીતે જ પદવી આપે છે.

વળી, આચાર્યના બધા શિષ્યો નિર્માણ થયા ન હોય અને ગુરુએ જેને પદવી આપવાનું કહ્યું છે તે યોગ્ય નથી તેમ જણાય ત્યારે તે ગીતાર્થો અંત સમયે પ્રાતિચ્છકને આચાર્યપદ ઉપર સ્થાપન કરે છે અને કહે છે કે આચાર્યના શિષ્ય નિર્માણ થયા પછી તે આચાર્યપદ પ્રાતિચ્છકે તે નિર્માણ થયેલા સાધુને આપવું અથવા કાળ કરી ગયેલા આચાર્યના જ કોઈક શિષ્ય નિર્માણ થયેલ હોય છતાં આચાર્યપદને યોગ્ય ન હોય ત્યારે આચાર્યપદને યોગ્ય બહુભાગ અનિર્માણ થયું છે તેવા કાળ કરી ગયેલા આચાર્યના જ અન્ય શિષ્યને તારે નિર્માણ કરવો ત્યારપછી તે પદવી તેને આપવી એમ કહીને સ્થવિરો શિષ્યને આચાર્યપદવી આપે છે.

વળી, જે પ્રાતિચ્છકને કે કાળ કરી ગયેલા જ આચાર્યના શિષ્યને થોડા કાળ માટે આચાર્યપદવી અપાઈ છે અને કહેવાયું છે કે આ યોગ્ય શિષ્યને સંપન્ન કરીને તે પદવી તેને આપવી આમ છતાં તે બંનેમાંથી પોતાની પ્રતિજ્ઞાનુસાર શિષ્યને નિર્માણ કર્યા પછી ગણધરપદ=આચાર્યપદ, તે સાધુમાં નિક્ષેપ ન કરે તો છેદ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અર્થાત્ ગીતાર્થો તેને છેદ પ્રાયશ્ચિત્ત આપે.

વળી, ગીતાર્થોને જણાય કે અનેક રીતે સમજાવવા છતાં તે પદવી આપવા તૈયાર નથી પરંતુ ગીતાર્થોના દબાણથી જ પદવી આપે છે તો પરિહાર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય.

વળી, કોઈક પ્રાતિચ્છક કે સ્વશિષ્ય પદવી આપવા તૈયાર ન થાય છતાં ગીતાર્થોનું વચન તરત સ્વીકારી લે તો અતિક્લિષ્ટ પરિણામ તેને નથી તેમ જણાય તો ગીતાર્થો તેને સપ્તરાત્રનું પ્રાયશ્ચિત્ત આપે એ પ્રકારનો અર્થ અમને જણાય છે, તત્ત્વ બહુશ્રુતો જાણે.

વળી, અભ્યુદ્યત વિહાર અર્થાત્ જિનકલ્પ સ્વીકારનાર સાધુને જણાય કે અભ્યુદ્યત વિહારાદિમાં જે નિર્જરાની પોતાને સંભાવના છે તેના કરતાં ગચ્છપાલનમાં વિપુલ નિર્જરા પ્રાપ્ત થાય છે; કેમ કે જીવની યોગ્યતાના ભેદથી પરિણામનો ભેદ થાય છે તેથી કેટલાક જીવો યોગ્ય જીવોને ઉચિત અનુશાસન આપે ત્યારે તેમને તેવો તીવ્ર સંવેગ થાય છે તેવો સંવેગ અભ્યુદ્યત વિહારાદિમાં થાય તેમ નથી. ત્યારે તેઓને આશ્રયીને ગચ્છપાલન જ શ્રેય છે. આથી જ દશપૂર્વધર થાય તો અભ્યુદ્યત વિહારનો ત્યાગ કરીને ગચ્છપાલન જ સ્વીકારે છે અને જો તે આચાર્યને એમ જણાય કે ગચ્છપાલનથી મને વિપુલ નિર્જરા છે માટે પોતે જ આચાર્યપદ ઉપર રહે ત્યારે કોઈ ગીતાર્થો તેમના વચનને સાંભળીને ક્ષોભ પામીને કહે કે અમને આ રુચતું નથી તે ક્ષોભને વશ સહસા કહેવાયેલું વચન છે તેથી તેમને ચાર ગુરુક માસનું પ્રાયશ્ચિત્ત આવે

છે; કેમ કે તે આચાર્યએ અધિક નિર્જરાને ઉદ્દેશીને પદવી સ્વીકારેલી છે, માન-સન્માનને આશ્રયીને સ્વીકારેલી નથી તેથી ઉચિત પ્રવૃત્તિનો નિષેધ કરવો દોષરૂપ હોવાથી પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. **॥૧૦૫॥**

**અવતરણિકા :-**

**नन्वेवं गुरुदत्ताया दिशो गीतार्थैरपहरणे गुर्वाज्ञाभङ्ग इत्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વની ગાથા-૧૦૦થી ૧૦૫માં કહ્યું એ રીતે, ગુરુથી અપાયેલી પદવી ગીતાર્થો વડે અપહરણ કરાયે છતે ગુરુની આજ્ઞાનો ભંગ છે એ પ્રકારે થયેલી શંકાના નિવારણ અર્થે કહે છે –**

**ગાથા :-**

**ण य गुरुआणाभंगो, भावाणुन्नं पडुच्च इह णेओ ।**
**कज्जो दुट्ठच्चाओ, एसा वि हु हंदि गुरुआणा ।।१०६।।**

**અન્વયાર્થ :-**

भावाणुन्नं पडुच्च=ભાવ અનુજ્ઞાને આશ્રયીને, इह=અહીં=દુર્વ્યવહારીના પદવીના ગ્રહણમાં, गुरुआणाभंगो ण णेओ=ગુરુઆજ્ઞાનો ભંગ જાણવો નહિ. दुट्ठच्चाओ कज्जो=દુષ્ટનો ત્યાગ કરવો, एसा वि हु हंदि=એ પણ ખરેખર, गुरुआणा=ગુરુઆજ્ઞા છે. ॥૧૦૬॥

**ગાથાર્થ :-**

**ભાવ અનુજ્ઞાને આશ્રયીને અહીં=દુર્વ્યવહારીના પદવીના ગ્રહણમાં, ગુરુઆજ્ઞાનો ભંગ જાણવો નહિ. દુષ્ટનો ત્યાગ કરવો એ પણ ખરેખર ગુરુઆજ્ઞા છે. ॥૧૦૬॥**

**ટીકા :-**

'ण य'त्ति । न चैवं गुर्वाज्ञाभङ्गो भावानुज्ञां प्रतीत्य 'इह' प्रकृते द्रष्टव्यः, भावमपेक्ष्यैव गुरुणा दिग्दानात् तदभावे गुर्वाज्ञाया एव तत्राभावात् । किञ्च दुष्टस्य सततस्त्यागः कर्त्तव्यः, एषाऽपि हन्त ! गुर्वाज्ञैवेति दुर्व्यवहारिदिगनपहार एव गुर्वाज्ञाभङ्गः स्यात् ।।१०६।।

**ટીકાર્થ :-**

न चैवं ..... गुर्वाज्ञाभङ्गः स्यात् ।। અને આ રીતે=ગાથા-૧૦૦માં કહ્યું એ રીતે, ભાવ અનુજ્ઞાને આશ્રયીને અહીં=પ્રકૃતમાં=દુર્વ્યવહારીની ગીતાર્થોએ પદવી અપહરણ કરી એ રૂપ પ્રકૃતમાં, ગુરુઆજ્ઞાનો ભંગ જાણવો નહિ; કેમ કે ભાવની અપેક્ષાએ જ=સંયમ પર્યાયની વૃદ્ધિથી મધ્યસ્થભાવની વૃદ્ધિ અને શાસ્ત્રઅધ્યયન અને અનુશાસન આદિની શક્તિને કારણે જે મધ્યસ્થભાવની વૃદ્ધિ થઈ એ રૂપ ભાવની અપેક્ષાએ જ, ગુરુ વડે પદવીનું દાન હોવાથી તેના અભાવમાં=ભાવના અભાવમાં,

**ત્યાં=દુર્વ્યવહારીમાં, ગુરુ આજ્ઞાનો જ અભાવ છે. વળી દુષ્ટ છતાનો ત્યાગ કર્તવ્ય છે એ પણ ખરેખર ગુરુઆજ્ઞા જ છે. એથી દુર્વ્યવહારીના પદવીના અનાપહારમાં જ ગુરુઆજ્ઞાનો ભંગ થાય. ॥૧૦૬॥**

**ભાવાર્થ :-**

સુગુરુ હંમેશાં ભગવાનની આજ્ઞાને પરતંત્ર થઈને સર્વ પ્રવૃત્તિઓ કરે છે જેનાથી તેમનામાં સામાયિકના પરિણામરૂપ મધ્યસ્થભાવની સતત વૃદ્ધિ થાય છે અને ભગવાનના વચનને પરતંત્ર થવાનો અત્યંત શુભ અધ્યવસાય દૃઢ દૃઢતર થાય છે અને તેવા યોગ્ય ગુરુ શિષ્યોની યોગ્યતા અનુસાર તેઓમાં મધ્યસ્થભાવ વૃદ્ધિ પામે તે રીતે સર્વ ક્રિયાઓ કરાવે છે. મધ્યસ્થભાવ વૃદ્ધિ પામે એ રીતે શાસ્ત્રઅધ્યયન કરાવે છે અને જે યોગ્ય જીવમાં ચારિત્રના સેવનથી મધ્યસ્થભાવ વૃદ્ધિ પામેલ છે, શાસ્ત્રઅધ્યયનથી પરમગુરુના વચનનો સૂક્ષ્મ બોધ થવાથી મધ્યસ્થભાવ વૃદ્ધિ પામેલ છે, છેદ ગ્રંથોનો સૂક્ષ્મ બોધ થયો છે તેથી મધ્યસ્થતાપૂર્વક ઉચિત વ્યવહાર કરવા સમર્થ છે એવા યોગ્ય જીવને સુગુરુ આચાર્યપદવી આપે છે તેથી જેને આચાર્યપદવી આપી છે તેમાં વર્તતા તેવા પ્રકારના ઉત્તમ ભાવોની અપેક્ષાએ તેમને આચાર્યપદવી આપી છે; આથી જ સંઘસમવાયના પ્રસંગમાં પૂર્વમાં=ગાથા-૯૦માં, કહ્યું તેમ તે આચાર્ય મધ્યસ્થભાવથી વ્યવહારનો છેદ કરેલો આથી જ સંઘે તેમને પ્રમાણભૂત સ્વીકારેલા આમ છતાં નિમિત્તવશ સારા પણ જીવો કર્મોના દોષથી કષાયને વશ બને ત્યારે મધ્યસ્થભાવ દૂર થાય છે અને પોતાની ભક્તિ આદિ કરનારા પ્રત્યે પક્ષપાતી પણ થાય છે. તેથી જ્યારે તેવા આચાર્યમાં મધ્યસ્થભાવ નાશ પામ્યો તેથી દુર્વ્યવહાર કરે છે ત્યારે તેની પદવીનો અપહાર કરે ત્યારે તેમાં ગુરુઆજ્ઞાનો ભંગ નથી; કેમ કે મધ્યસ્થભાવમાં જ ગુરુની આજ્ઞા હતી.

વળી, દુષ્ટનો ત્યાગ કરવો જોઈએ એ પણ ગુરુની આજ્ઞા જ છે; કેમ કે સુગુરુ પરમગુરુની આજ્ઞાનુસાર જ વર્તે છે અને પરમગુરુની આજ્ઞા છે કે દુષ્ટનો ત્યાગ કરવો; કેમ કે દુષ્ટનો ત્યાગ ન કરવામાં આવે તો પદવીને ધારણ કરનારા તે સાધુથી જે અનર્થો થશે તે સર્વમાં ગુરુની સંમતિ પ્રાપ્ત થાય તેથી દુષ્ટનો ત્યાગ કરવાની પણ ગુરુની જ આજ્ઞા છે. તેથી દુર્વ્યવહારીની પદવીને ગીતાર્થો અપહરણ ન કરે તો ગુરુ આજ્ઞાનો ભંગ થાય. **॥૧૦૬॥**

**અવતરણિકા :-**

**अत्रैवोपपादकमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ ઉપપાદકને કહે છે=ગુરુએ આપેલી દુર્વ્યવહારીની પદવીના અપહારમાં આજ્ઞાભંગ નથી એ કથનના પોષક જ અન્ય શાસ્ત્રવચનને કહે છે –**

**ગાથા :-**

**जं पि य महाणिसीहे, भणियं कुगुरुस्स संघबज्झत्तं ।**
**तं पि य जुज्जइ सम्मं, दिसावहारं विणा कह णु ।।१०७।।**

**અન્વયાર્થ :-**

महाणिसीहे=મહાનિશીથમાં, कुगुरुस्स जं पि य संघबज्झत्तं=કુગુરુનું જે પણ સંઘ બાહ્યપણું, भणियं=કહેવાયું, तं पि य=તે પણ, दिसावहारं विणा=પદવીના અપહાર વગર, णु सम्मं कह जुज्जइ=કેવી રીતે સમ્યગ્ ઘટે ? ॥૧૦૭॥

**ગાથાર્થ :-**

**મહાનિશીથમાં કુગુરુનું જે પણ સંઘ બાહ્યપણું કહેવાયું તે પણ પદવીના અપહાર વગર કેવી રીતે સમ્યગ્ ઘટે ? ॥૧૦૭॥**

**ટીકા :-**

**'जं पि य'त्ति । यदपि च महानिशीथे कुगुरोः सङ्घबाह्यत्वमुक्तं तदपि कथं नु सम्यग् दिगपहारं विना युज्यते ? अतो गुरोर्भगवतश्चैकैवेयमाज्ञेति ।।१०७।।**

**ટીકાર્થ :-**

**यदपि च ..... चैकैवेयमाज्ञेति ।। અને મહાનિશીથમાં કુગુરુનું સંઘ બાહ્યપણું જે પણ કહેવાયું તે પણ દિગ્‌ના અપહાર વગર=પદવીના અપહાર વગર, કેવી રીતે સમ્યગ્ ઘટે ? અર્થાત્ ઘટે નહિ. આથી= મહાનિશીથનું વચન છે આથી, ગુરુની અને ભગવાનની એક જ આ આજ્ઞા છે. ॥૧૦૭॥**

**ભાવાર્થ :-**

સુગુરુઓથી યોગ્ય જીવોમાં મધ્યસ્થભાવની વૃદ્ધિ થાય છે અને કુગુરુઓથી યોગ્ય જીવમાં મધ્યસ્થભાવની વૃદ્ધિ તો દૂર રહો પરંતુ કલ્યાણના અર્થી હોવા છતાં પણ તેઓમાં અમધ્યસ્થભાવની જ વૃદ્ધિ થાય છે જેનાથી ભવથી વિરક્ત થઈને આવેલા ઘણા જીવોની સંસારની વૃદ્ધિ થાય છે તેવા જીવોના રક્ષણના અર્થે જ મહાનિશીથમાં કહ્યું છે કે ભગવાનની આજ્ઞા અનુસાર ચાલનારા સંઘે એકઠા થઈને કુગુરુને સંઘબાહ્ય કરવા જોઈએ જેથી ઘણા જીવોનું અનર્થ થાય નહિ. તેમ દુર્વ્યવહારીની પદવીનો પણ સંઘે અપહાર કરવો જોઈએ જેથી તેના દુર્વ્યવહારથી માર્ગનો નાશ થાય નહિ. **॥૧૦૭॥**

**અવતરણિકા :-**

फलितमाह —

**અવતરણિકાર્થ :-**

**ફલિતને કહે છે=દુર્વ્યવહારીની પદવીનો અપહાર કરવો જોઈએ એમ પૂર્વમાં સ્થાપન કર્યું અને તે ઉચિત છે તે યુક્તિથી બતાવ્યું તેનાથી શું ફલિત થાય છે ? તેને કહે છે —**

ગાથા :-

मज्झत्थाण बहूणं, तम्हा सक्खं दिसं तु अवहरइ ।
बलिअयरे वयणमिणं, दुव्ववहारे सपरिवारे ।।१०८।।

અન્વયાર્થ :-

तम्हा=તે કારણથી, बहूणं मज्झत्थाण=ઘણા એવા મધ્યસ્થોની, सक्खं=સમક્ષ, दिसं तु अवहरइ=પદવીનો અપહાર કરે છે. सपरिवारे बलिअयरे=પરિવારવાળા બલિકતર, दुव्ववहारे=દુર્વ્યવહારી હોતે છતે, इणं वयणं=આ વચન કહેવું જોઈએ. ॥૧૦૮॥

ગાથાર્થ :-

**તે કારણથી ઘણા એવા મધ્યસ્થોની સમક્ષ પદવીનો અપહાર કરે છે. સપરિવાર, બલિકતર, દુર્વ્યવહારી હોતે છતે આ વચન છે=આ વચન કહેવું જોઈએ. ॥૧૦૮॥**

ટીકા :-

'मज्झत्थाण'त्ति । तस्माद् बहूनां मध्यस्थानां साक्षाद्दिशमपहरन्ति दुर्व्यवहारिणः । बलिकतरे च सपरिवारे दुर्व्यवहारे आचार्ये सति वचनमिदं वक्तव्यम्-समागतो गीतार्थः ।।१०८।।

ટીકાર્થ :-

तस्माद्बहू ..... समागतो गीतार्थः ।। તે કારણથી બહુ મધ્યસ્થોના સમક્ષ દુર્વ્યવહારીની પદવીનું અપહરણ કરે છે અને પરિવારવાળા દુર્વ્યવહારી આચાર્ય બલિકતર હોતે છતે આ વચન કહેવું જોઈએ.

શું કહેવું જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

ગીતાર્થ આવ્યા છે. ॥૧૦૮॥

ગાથા :-

कज्जम्मि कीरमाणे, पक्खग्गहणेण रागदोसेहिं ।
किं संघो मज्झत्थो, अच्छइ गुणरयणपुन्नो वि ।।१०९।।

અન્વયાર્થ :-

रागदोसेहिं पक्खग्गहणेण=રાગદ્વેષથી પક્ષના ગ્રહણ દ્વારા, कज्जम्मि कीरमाणे=કાર્ય કરાયે છતે, किं गुणरयणपुन्नो वि संघो=શું ગુણરત્નથી પૂર્ણ પણ સંઘ, मज्झत्थो अच्छइ=મધ્યસ્થ રહે ? ॥૧૦૯॥

ગાથાર્થ :-

રાગદ્વેષથી પક્ષના ગ્રહણ દ્વારા કાર્ય કરાયે છતે શું ગુણરત્નથી પૂર્ણ પણ સંઘ મધ્યસ્થ રહે ? ॥૧૦૯॥

ટીકા :-

'कज्जम्मि'त्ति । 'रागद्वेषाभ्यां पक्षग्रहणेन' रागवशादेकस्य पक्षकरणेन द्वेषवशाच्चापरस्य पक्षाकरणेनेत्यर्थः 'कार्ये क्रियमाणे' वितथे व्यवहारे छिद्यमाने गुणरत्नपूर्णोऽपि सङ्घः किं मध्यस्थस्तिष्ठति ? न स्थातव्यमेवं सङ्घेनेति किमर्थः ।।१०९।।

ટીકાર્થ :-

'रागद्वेषाभ्यां ..... सङ्घेनेति किमर्थः ।। રાગદ્વેષ દ્વારા પક્ષના ગ્રહણથી=રાગના વશથી એકના પક્ષના કરણથી દ્વેષના વશથી અપરના પક્ષના અકરણથી કાર્ય કરાયે છતે=વિપરીત વ્યવહાર છેદાયે છતે, ગુણરત્નથી પૂર્ણ પણ સંઘ શું મધ્યસ્થ રહે છે ? આ પ્રમાણે સંઘે રહેવું જોઈએ નહિ=દુર્વ્યવહાર થવા છતાં સંઘે મધ્યસ્થ રહેવું જોઈએ નહિ. કયું પ્રયોજન છે ?=કયા પ્રયોજનથી સંઘે આ પ્રમાણે મધ્યસ્થ રહેવું જોઈએ નહિ. એથી કહે છે. ॥૧૦૯॥

ગાથા :-

बलवंतेहिं इमेहिं, कज्जे पक्खेण कीरमाणम्मि ।
जुत्तमजुत्तं वुत्तुं, लब्भइ अन्नो ण य उआहु ।।११०।।

અન્વયાર્થ :-

बलवंतेहिं इमेहिं=બલવાન એવા આમના વડે=વ્યવહાર છેદનારા વડે, पक्खेण कज्जे कीरमाणम्मि=પક્ષથી કાર્ય કરાયે છતે, अन्नो=અન્ય, जुत्तमजुत्तं वुत्तुं=યુક્ત કે અયુક્ત કહેવા માટે, लब्भइ उआहु ण=પ્રાપ્ત કરે અથવા નહિ ? ॥૧૧૦॥

ગાથાર્થ :-

બળવાન એવા આમના વડે=વ્યવહાર છેદનારા વડે, પક્ષથી કાર્ય કરાયે છતે અન્ય યુક્ત કે અયુક્ત કહેવા માટે પ્રાપ્ત કરે અથવા નહિ ? ॥૧૧૦॥

ટીકા :-

'बलवंतेहिं'ति । बलवद्भिः 'एतैः' दुर्व्यवहारिभिः पक्षेण कार्ये क्रियमाणेऽस्मिन् सङ्घसमवाये युक्तमयुक्तं वा यथास्थानं वक्तुमन्यो लभते उताहो न लभते ? ।।११०।।

**ટીકાર્થ :-**

बलवद्भिः 'एतैः' ..... न लभते ? ।। બલવાન એવા આ દુર્વ્યવહારીથી પક્ષ કરાયે છતે આ સંઘ સમવાયમાં=એકઠા થયેલા આ સંઘના સમુદાયમાં, યથાસ્થાન યુક્ત અથવા અયુક્તને કહેવા માટે અન્ય પ્રાપ્ત કરે છે અથવા પ્રાપ્ત કરતો નથી ? અર્થાત્ આવેલા ગીતાર્થ એકઠા થયેલા સંઘમાં જે વ્યવહારચ્છેદ થાય છે તે વ્યવહારચ્છેદમાં યુક્ત શું છે ? અયુક્ત શું છે ? તે કહેવા માટે અધિકારી છે કે નહિ ? એ પ્રમાણે સંઘને કહે. ॥૧૧૦॥

**ગાથા :-**

जुत्तं जाणसि तं भण, इय जइ तं केइ बिंति निउणमई ।
णाएण तो पयंपइ, अणुमण्णेऊण सो संघं ।।१११।।

**અન્વયાર્થ :-**

जुत्तं जाणसि तं भण=યુક્ત જાણો છો તેને કહો, इय जइ तं केइ निउणमई बिंति=એ પ્રમાણે જો કોઈ નિપુણમતિવાળા કહે છે, तो=ત્યારે, णाएण सो=ન્યાયથી તે=નવા આવેલ ગીતાર્થ, संघं अणुमण्णेऊण=સંઘને આદર કરીને, पयंपइ=કહે છે. ॥૧૧૧॥

**ગાથાર્થ :-**

યુક્ત જાણો છો તેને કહો એ પ્રમાણે જો કોઈ નિપુણબુદ્ધિવાળા કહે છે. ત્યારે ન્યાયથી તે= આવેલા ગીતાર્થ, સંઘને આદર કરીને કહે છે. ॥૧૧૧॥

**ટીકા :-**

'जुत्तं' ति । एवमुक्ते ते यदि 'केऽपि' सङ्घसमवायस्था निपुणमतयो ब्रुवते यत्त्वं युक्तं जानासि तद् भण, युक्तभणनस्यैवायमवसर इति तदा सङ्घमनुमान्य स न्यायेन प्रजल्पति ।।१११।।

**ટીકાર્થ :-**

एवमुक्ते ..... न्यायेन प्रजल्पति ।। આ પ્રમાણે કહેવાયે છતે=ગીતાર્થ આવ્યા છે એમ કહીને અત્યારસુધી કહ્યું એ પ્રમાણે નવા આવેલા સાધુ વડે કહેવાયે છતે. જો તે કોઈપણ સંઘના સમુદાયમાં રહેલા નિપુણમતિવાળા બોલે છે. જો તમે યુક્ત જાણો છો તો બોલો. યુક્ત કહેવાનો જ આ અવસર છે ત્યારે=સંઘમાં કોઈ આ પ્રમાણે કહે ત્યારે, સંઘનો આદર કરીને તે ન્યાયથી બોલે છે. ॥૧૧૧॥

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું એ કથનથી એ ફલિત થયું કે કોઈક સંઘનો ઉચિત વ્યવહાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય ત્યારે સંઘ એકઠો થાય છે અને વ્યવહાર કરનાર દુર્વ્યવહારી હોય તો ઘણા મધ્યસ્થની સાક્ષીએ તેઓ તે

દુર્વ્યવહારીની પદવીનો અપહાર કરે છે; કેમ કે તે દુર્વ્યવહાર કરનાર આ રીતે દુર્વ્યવહાર કરે તો ભગવાનના માર્ગનો નાશ થાય તેના રક્ષણ અર્થે મધ્યસ્થ એવા ગીતાર્થો તે દુર્વ્યવહારીની પદવીનો અપહાર કરે છે.

વળી, કોઈક વ્યવહાર અર્થે સંઘ એકઠો થયેલો હોય અને પરિવારથી યુક્ત દુર્વ્યવહાર કરનારા આચાર્ય બલિકતર હોય તો અન્ય ગીતાર્થો પણ તે દુર્વ્યવહારીનો વિરોધ કરી શકે નહિ પરંતુ આવા પ્રસંગે ધૂલી-જંઘાવાળા સાધુએ પણ અવશ્ય આવવું જોઈએ એ પ્રકારનું ભગવાનના વચનનું સ્મરણ કરીને કોઈ સાધુ ત્યાં આવેલા હોય, ગીતાર્થ હોય અને તે દુર્વ્યવહારી આચાર્ય દ્વારા છેદાયેલો આ વ્યવહાર જિનવચનાનુસાર નથી પક્ષપાતથી છે તેની જાણ થતાં વ્યવહારને જોઈને જો તેમને નિર્ણય થાય તો આવેલા તે સાધુ સંઘને કહે છે. ગીતાર્થ સાધુ આવ્યા છે અને રાગદ્વેષથી વ્યવહાર છેદાતો હોય ત્યારે ગુણરત્નોથી પૂર્ણ એવો સંઘ શું મધ્યસ્થ રહે છે ? અર્થાત્ ન જ રહે. કારણ કે સુવ્યવહારનો કે દુર્વ્યવહારનો વિભાગ કર્યા વગર જે દુર્વ્યવહારી આચાર્ય વ્યવહાર છેદન કરે છે તેને સ્વીકારે છે. વસ્તુતઃ સંઘે આ પ્રમાણે રહેવું જોઈએ નહિ. પરંતુ સંઘે જિનવચનાનુસાર ઉચિત વ્યવહાર થાય તેવો યત્ન કરવો જોઈએ.

વળી, તે આવેલા સાધુ કહે છે કે બલવાન એવા દુર્વ્યવહારીના પક્ષપાતથી દુર્વ્યવહાર કરતા હોય ત્યારે સંઘના મધ્યમાં તે તે સ્થાનને આશ્રયીને શું યુક્ત છે શું અયુક્ત છે ? તે કહેવાનો અધિકાર અન્ય પ્રાપ્ત કરે છે કે નહિ ? આ પ્રકારે કહેવાથી સંઘના યોગ્ય જીવોમાં સર્વજ્ઞના વચનાનુસાર વ્યવહાર કરવાનો જે પક્ષપાત છે તે દૃઢ થાય છે; કેમ કે ઉચિત વચનોના શ્રવણથી યોગ્ય જીવોમાં તે પ્રકારનું સદ્વીર્ય વિશેષથી ઉલ્લસિત થાય છે. તેથી આ પ્રમાણે તે ધૂલીજંઘાવાળા સાધુ કહે ત્યારે સંઘમાં રહેલા નિપુણ પુરુષો ભગવાનના વચનમાં પક્ષપાતવાળા હોવાથી કહે છે કે તમે જો યુક્ત જાણતા હો તો કહો; કેમ કે સંઘ એકઠો થાય ત્યારે જિનવચનાનુસાર યુક્ત કહેવાનો જ આ અવસર છે. ત્યારે તે નવા આવેલા સાધુ સંઘના આદરપૂર્વક ન્યાયથી બોલે છે. શું બોલે છે તે આગળ બતાવે છે. **॥૧૦૮થી ૧૧૧॥**

**અવતરણિકા :-**

**सङ्घानुमानप्रकारमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**સંઘના અનુમાનના પ્રકારને જ કહે છે=નવા આવેલા ગીતાર્થ સાધુને જ્યારે સંઘના નિપુણમતિવાળા જીવો કહે છે કે તમે યુક્ત જાણતા હોય તો કહો ત્યારે તે સાધુ પ્રથમ સંઘનું બહુમાન કરે ત્યારપછી ન્યાયથી બોલે. કઈ રીતે બહુમાન કરે ? તે બતાવે છે –**

**ગાથા :-**

**संघो महाणुभागो, अहं च वेदेसिओ इह सयं च ।**
**संघसमिइं ण जाणे, तं भे सव्वं खमावेमि ।।११२।।**

**અન્વયાર્થ :-**

**संघो महाणुभागो=સંઘ મહાનુભાગ છે. अहं च वेदेसिओ=અને હું વૈદેશિક છું, सयं च=અને હું સ્વયં, इह=અહીં, संघसमिइं=સંઘની મર્યાદાને, ण जाणे=જાણતો નથી. तं=તે કારણથી, भे सव्वं खमावेमि=તમારી પાસે સર્વની હું ક્ષમાયાચના કરું છું=અહીંની સંઘમર્યાદામાં કોઈ સ્ખલના થાય તે સર્વની હું ક્ષમાયાચના કરું છું. ।।૧૧૨।।**

**ગાથાર્થ :-**

**સંઘ મહાનુભાગ છે અને હું વૈદેશિક છું અને હું સ્વયં અહીં સંઘની મર્યાદાને જાણતો નથી તે કારણથી તમારી પાસે તે સર્વની ક્ષમાયાચના કરું છું=અહીંની સંઘમર્યાદામાં કોઈ સ્ખલના થાય તે સર્વની હું ક્ષમાયાચના કરું છું. ।।૧૧૨।।**

**ટીકા :-**

**'संघो'त्ति । सङ्घः महान् अनुभागः-अचिन्त्या शक्तिरस्येति महानुभागः, अहं च 'वैदेशिकः' विदेशवर्त्ती 'इह' अस्मिन् स्थाने भगवतीं 'सङ्घसमितिं' सङ्घमर्यादां च स्वयं न जाने ततो युक्तमयुक्तं वक्तुं वा सर्वं 'भे' भवतः क्षमयामि ।।११२।।**

**ટીકાર્થ :-**

**सङ्घः महान् ..... भवतः क्षमयामि ।। સંઘ મહાન અનુભાગ છે. અચિંત્ય શક્તિ છે આને એથી મહાનુભાગ છે અને હું વૈદેશિક=વિદેશવર્તી છું. આ સ્થાનમાં પૂજ્ય એવી સંઘ સમિતિને=સંઘમર્યાદાને, હું સ્વયં જાણતો નથી તેથી યુક્ત અથવા અયુક્ત સર્વ કહેવા માટે તમારી પાસે હું ક્ષમાયાચના કરું છું. ।।૧૧૨।।**

**ભાવાર્થ :-**

નવા આવેલા ગીતાર્થ સાધુ સંઘને બહુમાનપૂર્વક ઉચિત કથન કરીને ત્યારપછી તે અનુચિત વ્યવહાર વિષયક કહેવા કાંઈક પ્રવૃત્તિ કરે ત્યારે કહે કે સંઘ ભગવાનના વચનાનુસાર ચાલનાર હોવાથી મહાનુભાવવાળો છે તેથી જેઓ ભગવાનની આજ્ઞાના પક્ષપાતવાળા છે તેઓ ગુણના સમુદાયરૂપ હોવાથી પૂજ્ય છે અને તેના પ્રત્યે પોતાનો પૂજ્યભાવ વ્યક્ત કરીને તે ગીતાર્થ સાધુ કહે છે કે હું આ દેશનો પરિચિત નથી તેથી આ દેશના સંઘની જે મર્યાદા છે તે મર્યાદા અનુસાર સર્વ કથન કરવું જોઈએ જેથી સંઘમાં માન્ય કોઈપણ વ્યક્તિનો અનાદર થાય નહિ પરંતુ હું જાણતો નથી તેથી પ્રસ્તુત ન્યાયના વિષયમાં હું કાંઈક કહું ત્યારે આ સંઘમાં કઈ યુક્ત અયુક્ત કથન થાય તેની હું ક્ષમાયાચના કરું છું. આ પ્રમાણે કહેવાથી તે તે સંઘની મર્યાદાનું ક્વચિત્ ઉલ્લંઘન થાય તોપણ કોઈ તેનો અન્યથાભાવ કરે નહિ અને શાસ્ત્રાનુસારી ઉચિત વ્યવહાર છેદ માટે શું પ્રયત્ન કરવો ઉચિત છે તે જાણવા માટે જ સંઘના નિપુણમતિ પુરુષો યત્ન કરે. **।।૧૧૨।।**

**અવતરણિકા :-**

यतः –

**અવતરણિકાર્થ :-**

જે કારણથી શું ?=આ રીતે સંઘ પાસે ક્ષમાયાચના કરી જે કારણથી શું ? એ ગાથામાં કહે છે –

**ગાથા :-**

**अन्नन्ना समिईणं, ठवणा खलु तम्मि २ देसम्मि ।**
**गीयत्थजणाइन्ना, अदेसिओ तो ण जाणामि ।।११३।।**

**અન્વયાર્થ :-**

तम्मि तम्मि देसम्मि=તે તે દેશમાં, खलु=ખરેખર, अन्नन्ना=અન્ય અન્ય, समिईणं ठवणा=સંઘમર્યાદાની સ્થાપના, गीयत्थजणाइन्ना=ગીતાર્થજન આચરિત છે. तो अदेसिओ=તે કારણથી અદેશિક એવો હું, ण जाणामि=તેને જાણતો નથી. ।।૧૧૩।।

**ગાથાર્થ :-**

**તે તે દેશમાં ખરેખર અન્ય અન્ય સંઘમર્યાદાની સ્થાપના ગીતાર્થજનથી આચરિત છે તે કારણથી અદેશિક એવો હું તેને જાણતો નથી. ।।૧૧૩।।**

**ટીકા :-**

'अन्नन्न'त्ति । तस्मिन् तस्मिन् देशे खलु अन्यान्या 'समितीनां' सङ्घमर्यादानां स्थापना गीतार्थजनाचीर्णा ततोऽहमदेशिक इहत्यां सङ्घमर्यादास्थापनां न जानामि ततः क्षमयतः श्रुतोपदेशेनाहमपि किञ्चिद्वक्ष्ये ।।११३।।

**ટીકાર્થ :-**

तस्मिन् तस्मिन् देशे ..... किञ्चिद्वक्ष्ये ।। **તે તે દેશમાં ખરેખર અન્ય અન્ય સમિતિની=સંઘ મર્યાદાની સ્થાપના ગીતાર્થજન આચરિત છે. તે કારણથી અદેશિક એવો હું=આ દેશમાં નહિ વિચરેલો એવો હું, અહીંની સંઘમર્યાદાની સ્થાપનાને જાણતો નથી તે કારણથી તમે ક્ષમા કરો. શ્રુત ઉપદેશથી=ભગવાનના વચનાનુસાર હું પણ કાંઈક કહીશ. ।।૧૧૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં નવા આવેલા ગીતાર્થ સાધુએ તે તે સંઘની મર્યાદામાં કંઈક યુક્ત કે અયુક્ત પોતાનાથી કહેવાય તેની ક્ષમાયાચના કરી તે કારણથી તે તે દેશમાં ભિન્ન ભિન્ન પ્રકારની સંઘની મર્યાદાને ગીતાર્થજનો સ્થાપન કરે છે તેથી તે તે દેશના શાસ્ત્ર વિષયક પ્રશ્નોમાં તે તે શિષ્ટ પુરુષને પૂછીને શાસ્ત્ર વિષયક ચર્ચા

થાય છે આમ છતાં તે મર્યાદાને નવા આવેલા સાધુ જાણતા નથી તેથી વિવેકપૂર્વક તે વિષયમાં પોતાની કંઈક ક્ષતિ થાય તો તેની ક્ષમાયાચના કરે છે ત્યારપછી કહે છે કે અત્યારે સંઘ એકઠો થયો છે તે વિષયમાં ભગવાનના વચનાનુસાર વ્યવહાર અર્થે હું કંઈક કહીશ. **॥૧૧૩॥**

**ગાથા :-**

**संघं अणुमण्णेउं, परिसग्गहणं करेइ सो पच्छा ।**
**सा खलु सुव्ववहारा, दोसु वि पक्खेसु मज्झत्था ।।११४।।**

**અન્વયાર્થ :-**

**संघं अणुमण्णेउं=સંઘનો સત્કાર કરીને, सो=તે=નવા આવેલા સાધુ, पच्छा=પાછળથી, परिसग्गहणं करेइ=પર્ષદાને ગ્રહણ કરે છે. खलु=ખરેખર, दोसु वि पक्खेसु=બંને પણ પક્ષમાં, सा मज्झत्था=તે મધ્યસ્થ પર્ષદા, सुव्ववहारा=સુવ્યવહારવાળી થાય છે. ।।૧૧૪।।**

**ગાથાર્થ :-**

**સંઘનો સત્કાર કરીને તે=નવા આવેલા સાધુ, પાછળથી પર્ષદાને ગ્રહણ કરે છે. ખરેખર બંને પણ પક્ષમાં તે મધ્યસ્થ પર્ષદા સુવ્યવહારવાળી થાય છે. ।।૧૧૪।।**

**ટીકા :-**

**'संघं'ति । सङ्घमनुमान्य स पश्चात् 'पर्षद्ग्रहणं करोति' समीचीनां ज्ञात्वा पर्षदं परिगृह्णातीत्यर्थः, सा खलु पर्षद् मध्यस्था सती सुव्यवहारा भवतीति ।।११४।।**

**ટીકાર્થ :-**

**सङ्घमनुमान्य स ..... सुव्यवहारा भवतीति ।। સંઘનો સત્કાર કરીને=પૂર્વની બે ગાથામાં કહ્યું એ પ્રમાણે સંઘનો સત્કાર કરીને તે=નવા આવેલા ગીતાર્થ સાધુ, પાછળથી પર્ષદાને ગ્રહણ કરે છે=સમીચીન પર્ષદાને જાણીને ગ્રહણ કરે છે. ખરેખર તે પર્ષદા મધ્યસ્થ છતી સુવ્યવહારવાળી થાય છે. ।।૧૧૪।।**

**ભાવાર્થ :-**

નવા આવેલા ગીતાર્થ સાધુ વિવેકપૂર્વક સંઘ પાસે પૂર્વમાં કહેલા બે શ્લોકો અનુસાર ક્ષમાયાચના કરે છે ત્યારપછી તે પર્ષદાને અત્યંત મધ્યસ્થ કરીને જિનવચન પ્રત્યે રાગ ઉત્પન્ન થાય તે પ્રકારે સંબોધન કરીને કહે છે કે ભગવાનના વચનાનુસાર ચાલનાર સંઘે જે કોઈ વ્યવહાર કરવાના હોય તે સર્વ વ્યવહારો જિનવચનની મર્યાદા અનુસાર કરવા જોઈએ. તે મર્યાદાનું ઉલ્લંઘન કરનાર દુરંત સંસારમાં ભટકે છે માટે કોઈપણ પક્ષ પ્રત્યે પક્ષપાત કર્યા વગર જિનવચનાનુસાર જે વ્યવહાર છે તે પ્રમાણે જ ઉચિત વ્યવહાર કરવાનો યત્ન કરવો જોઈએ. આ પ્રકારે કહેવાથી ઘણા યોગ્ય જીવો કોઈ પક્ષ પ્રત્યે પક્ષપાત વગર

જિનવચનાનુસાર જ વ્યવહારનો છેદ થવો જોઈએ એ પ્રકારના વલણવાળા થાય છે જે સમીચીન પર્ષદાને જાણીને પર્ષદાના ગ્રહણ સ્વરૂપ છે અને તે પર્ષદા ગ્રહણનું મુખ્ય પ્રયોજન સ્પષ્ટ કરતાં કહે છે. બંને પક્ષમાં મધ્યસ્થ પર્ષદા હોય તો જ તે પર્ષદા સુવ્યવહાર કરનારી બને છે. તેથી નવા આવેલા ગીતાર્થ સાધુ યોગ્ય જીવોને મધ્યસ્થ કર્યા પછી તે વ્યવહાર વિષયક શ્રુતાનુસારી અન્ય વક્તવ્ય કહે છે અન્યથા ઉચિત પણ તેનું વક્તવ્ય ગ્રાહ્ય ન બને. **॥૧૧૪॥**

**ગાથા :-**

**भणइ अ अहिक्खिवंतो, दुव्ववहारीण सिढिलचरणाणं ।**
**णो भे सच्चं कहणं, मुद्धाणं धंधणं एयं ।।११५।।**

**અન્વયાર્થ :-**

**सिढिलचरणाणं अ दुव्ववहारीण=અને શિથિલાચારવાળા દુર્વ્યવહારીને, अहिक्खिवंतो भणइ=અધિક્ષેપ કરતાં કહે છે. भे कहणं=તમારું કથન, सच्चं णो=સત્ય નથી. मुद्धाणं=મુગ્ધ જીવોને, धंधणं एयं=બુદ્ધિના આંધ્યકરણરૂપ આ છે. ।।૧૧૫।।**

**ગાથાર્થ :-**

**અને શિથિલાચારવાળા દુર્વ્યવહારીઓને અધિક્ષેપ કરતાં કહે છે તમારું કથન સત્ય નથી. મુગ્ધ જીવોને બુદ્ધિનું આંધ્યકરણરૂપ આ છે. ।।૧૧૫।।**

**ટીકા :-**

**'भणइ अ'त्ति । भणति चाधिक्षिपन् दुर्व्यवहारिणां शिथिलचरणानां यदुत नो 'भे' भवतामेतत् सत्यं कथनं केवलं 'मुग्धानां' गुणानालोचनपूर्वकविश्वासवतां 'धन्धणं' ध्यान्धीकरणमेतत् ।।११५।।**

**ટીકાર્થ :-**

**भणति चाधिक्षिपन् ..... ध्यान्धीकरणमेतत् ।। અને દુર્વ્યવહારીના શિથિલાચારનો અધિક્ષેપ કરતાં કહે છે. શું કહે છે ? તે 'यदुत'થી બતાવે છે – તમારું આ કથન સત્ય નથી કેવલ મુગ્ધ લોકોને=ગુણના અનાલોચકપૂર્વક વિશ્વાસવાળાઓને બુદ્ધિનું આંધીકરણરૂપ આ છે. ॥૧૧૫॥**

**ભાવાર્થ :-**

નવા આવેલા ગીતાર્થ સાધુ પૂર્વની ગાથામાં કહ્યું એ રીતે પર્ષદાને મધ્યસ્થ કરે છે જેથી પર્ષદા સુવ્યવહારવાળી થાય અને જ્યારે પર્ષદામાં બંને પણ પક્ષ પ્રત્યે મધ્યસ્થભાવ થાય છે અને પર્ષદા જિનવચનાનુસાર વ્યવહાર કરવાને અભિમુખ પરિણતિવાળી થાય છે ત્યારે જે દુર્વ્યવહાર કરનારા છે તેનો પક્ષ પણ કાંઈક શિથિલ થાય છે અને જ્યારે તે ગીતાર્થ સાધુ કહે કે તમે સત્ય કથન કરતા નથી અને ગુણોના અનાલોચનપૂર્વક વિશ્વાસ કરનારા મુગ્ધ જીવોના બુદ્ધિના વ્યામોહને કરે તેવું કથન કરો છો તેથી મુગ્ધતાનો ત્યાગ કરીને

પર્ષદા સત્ય કથન જાણવા અત્યંત અભિમુખ થાય છે. જેથી આગળમાં સુવ્યવહારનું સ્થાપન કરવું અત્યંત સુગમ બને છે. **॥૧૧૫॥**

**ગાથા :-**

**ओसन्नचरणकरणे, सच्चव्ववहारिया दुसद्दहिया ।**
**चरणकरणं जहंतो, सच्चव्वहारियं पि जहे ।।११६।।**

**અન્વયાર્થ :-**

ओसन्नचरणकरणे=અવસન્ન ચરણકરણવાળા પુરુષમાં, सच्चव्ववहारिया=સત્ય વ્યવહારિતા, दुसद्दहिया= દુઃશ્રદ્ધેય છે. चरणकरणं जहंतो=ચરણકરણને ત્યાગ કરતાં, सच्चव्वहारियं पि जहे=સત્ય વ્યવહારિતાનો પણ તે સાધુ ત્યાગ કરે છે. ॥૧૧૬॥

**ગાથાર્થ :-**

**અવસન્ન ચરણકરણવાળા પુરુષમાં, સત્ય વ્યવહારિતા દુઃશ્રદ્ધેય છે. ચરણકરણને ત્યાગ કરતાં સત્યવ્યવહારિતાને પણ તે સાધુ ત્યાગ કરે છે. ॥૧૧૬॥**

**ટીકા :-**

'ओसन्न'त्ति । अवसन्ने-शिथिलतां गते चरणकरणे-व्रतश्रमणधर्मपिण्डविशुद्धिसमित्यादिरूपे यस्य तस्मिन् 'सत्यव्यवहारिता' यथास्थितव्यवहारकारिता दुःश्रद्धेया, यतश्चरणकरणं जहत् सत्यव्यवहारितामपि जहाति ।।११६।।

**ટીકાર્થ :-**

अवसन्ने-शिथिलतां गते ..... व्यवहारितामपि जहाति ।। અવસન્ન ચરણકરણ હોતે છતે=શિથિલતાને પામેલા ચરણકરણ હોતે છતે=વ્રત, શ્રમણ ધર્મ, પિંડવિશુદ્ધિ સમિતિ આદિ રૂપ ચરણકરણ અવસન્ન છે જેને તે પુરુષમાં સત્યવ્યવહારિતા=યથાવસ્થિત વ્યવહારકારિતા દુઃશ્રદ્ધેય છે. જે કારણથી ચરણકરણનો ત્યાગ કરતાં સાધુ સત્યવ્યવહારિતાનો પણ ત્યાગ કરે છે. ॥૧૧૬॥

**ગાથા :-**

**जइ आणेणं चत्तं, अप्पणओ नाणदंसणचरित्तं ।**
**तइआ तस्स परेसुं, अणुकंपा णत्थि जीवेसु ।।११७।।**

**અન્વયાર્થ :-**

जइ आणेणं=જ્યારે આના વડે, अप्पणओ नाणदंसणचरित्तं=પોતાનું જ્ઞાનદર્શનચારિત્ર, चत्तं=ત્યાગ કરાયું, तइआ=ત્યારે, तस्स=તેને=તે સાધુને, परेसुं जीवेसु=પરજીવોમાં, अणुकंपा णत्थि=અનુકંપા નથી. ॥૧૧૭॥

ગાથાર્થ :-

**જ્યારે આના વડે પોતાનું જ્ઞાનદર્શનચારિત્ર ત્યાગ કરાયું ત્યારે તેને=તે સાધુને, પરજીવોમાં અનુકંપા નથી. ।।૧૧૭।।**

ટીકા :-

'जइअ'त्ति । यदाऽनेनाऽऽत्मनः सम्बन्धि ज्ञानदर्शनचारित्रं त्यक्तं तदा तस्य परेषु जीवेष्वनुकम्पा नास्ति । यस्य ह्यात्मनो दुर्गतौ प्रपततो नाऽनुकम्पा तस्य कथं परेष्वनुकम्पा भवेत् ? न कथञ्चित् स्यात्, स्वानुकम्पार्थप्रवृत्त्यनुषङ्गलभ्यत्वात्परानुकम्पाया इति भावः ।।११७।।

ટીકાર્થ :-

यदाऽनेनाऽऽत्मनः सम्बन्धि ..... त्परानुकम्पाया इति भावः ।। જ્યારે આના વડે=સાધુ વડે, પોતાના સંબંધી જ્ઞાનદર્શનચારિત્ર ત્યાગ કરાયું ત્યારે તેને=તે સાધુને, પરજીવોમાં=બીજા જીવોમાં અનુકંપા નથી. જે કારણથી દુર્ગતિમાં પડતા એવા પોતાની જેને અનુકંપા નથી તેને કેવી રીતે પરની અનુકંપા થાય ? કોઈ રીતે થાય નહિ; કેમ કે પરની અનુકંપાનું સ્વઅનુકંપા માટે પ્રવૃત્તિના અનુષંગથી લભ્યપણું છે=જેને પોતાના આત્માની અનુકંપા છે તે જીવ જ પોતાના આત્માના દુર્ગતિના પાતના રક્ષણ અર્થે અનુષંગથી જ બીજા જીવોની અનુકંપા કરે છે. એ પ્રકારનો ભાવ છે. ।।૧૧૭।।

ગાથા :-

**भवसयसहस्सलद्धं, जिणवयणं भावओ जहंतस्स ।**
**जस्स ण जायं दुक्खं, तस्स ण दुक्खं परे दुहिए ।।११८।।**

અન્વયાર્થ :-

भवसयसहस्सलद्धं=લાખો ભવોથી પ્રાપ્ત થયેલા, जिणवयणं भावओ=જિનવચનને ભાવથી=દ્રવ્યથી નહિ પરંતુ અમધ્યસ્થભાવરૂપ ભાવથી જ, जहंतस्स=ત્યાગ કરતાં, जस्स दुक्खं ण जायं=જેને દુઃખ થયું નહિ, तस्स=તે સાધુને, दुहिए परे=દુઃખિત એવા પરમાં=અમધ્યસ્થભાવથી સંસારમાં પરિભ્રમણને પ્રાપ્ત કરનાર દુઃખિત પરમાં, दुक्खं ण=દુઃખ થતું નથી. ।।૧૧૮।।

ગાથાર્થ :-

**લાખો ભવોથી પ્રાપ્ત થયેલા જિનવચનને ભાવથી=દ્રવ્યથી નહિ પરંતુ અમધ્યસ્થભાવરૂપ ભાવથી ત્યાગ કરતાં જેને દુઃખ થયું નહિ તે સાધુને દુઃખિત એવા પરમાં=અમધ્યસ્થભાવથી સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરનારા દુઃખિત એવા જીવોમાં દયા થતી નથી. ।।૧૧૮।।**

**ટીકા :-**

'भव'त्ति । यस्य भवशतसहस्त्रैः कथमपि लब्धं जिनवचनं 'भावतः' परमार्थतो जहतो दुःखं न जातं तस्य परस्मिन् दुःखिते कथं दुःखम् ? न कथञ्चित्, आत्मदुःखे दुःखितस्यैव परदुःखे दुःखितत्वसम्भवादिति भावः ।।११८।।

**ટીકાર્થ :-**

यस्य भवशतसहस्त्रैः कथ ..... तत्वसम्भवादिति भावः ।। જેને હજારો લાખો ભવોથી કોઈક રીતે પ્રાપ્ત જિનવચન ભાવથી=પરમાર્થથી, ત્યાગ કરતાં દુઃખ થયું નહિ. તેને પરના દુઃખમાં કેવી રીતે દુઃખ થાય ? ક્યારે પણ ન થાય; કેમ કે પોતાના દુઃખમાં દુઃખિતને જ પરના દુઃખમાં દુઃખિતત્વનો સંભવ છે=જેને પોતાના સંસારના પરિભ્રમણરૂપ દુઃખમાં હું દુઃખિત છું એવી પ્રતીતિ છે તેવો જીવ જ તેના ઉચ્છેદ માટે જિનવચનનું દૃઢ અવલંબન લઈને સામાયિકના પરિણામને સ્થિર કરવા યત્ન કરે છે, તેવા જીવોને જ સંસારની વિડંબણાને પામતા પરના દુઃખમાં દયાનો પરિણામ થાય છે. ।।૧૧૮।।

**ગાથા :-**

संसारविरत्तस्स उ, आणाभंगे महब्भयं होइ ।
गारवरसिअस्स पुणो, जिणआणाभंजणं कीला ।।११९।।

**અન્વયાર્થ :-**

संसारविरत्तस्स उ=સંસારથી વિરક્તને જ, आणाभंगे=આજ્ઞાભંગમાં, महब्भयं होइ=મહાનભય હોય છે. पुणो गारवरसिअस्स=વળી ગારવરસિકને, जिणआणाभंजणं कीला=ભગવાનની આજ્ઞાનું ભંજન ક્રીડા છે=રમત છે. ।।૧૧૯।।

**ગાથાર્થ :-**

**સંસારથી વિરક્તને જ આજ્ઞાભંગમાં મહાન ભય હોય છે. વળી ગારવરસિક જીવને ભગવાનની આજ્ઞાનું ભંજન ક્રીડા છે=રમત છે. ।।૧૧૯।।**

**ટીકા :-**

'संसार'त्ति । 'संसारविरक्तस्य तु' संसारविरक्तस्यैव तोरेवकारार्थत्वात्, आज्ञाभङ्गे महद्भयं भवति । गारवरसिकस्य पुनर्जिनाज्ञाभञ्जनं क्रीडा, स्वरसत एव निरन्तरं तत्र प्रवृत्तेः ।।११९।।

**ટીકાર્થ :-**

'संसारविरक्तस्य ..... निरन्तरं तत्र प्रवृत्तेः ।। સંસારથી વિરક્તને જ આજ્ઞાભંગમાં મહાન ભય થાય છે. શ્લોકમાં तु શબ્દનું एवकार અર્થપણું હોવાથી સંસારથી વિરક્તને જ એમ 'જ'કાર કરેલ છે. વળી

ગારવરસિક જીવને=રસગારવાદિ ગારવમાં આસક્ત જીવને, જિનાજ્ઞાભંજન ક્રીડા છે; કેમ કે સ્વરસથી=કષાયને વશ થવાના સ્વભાવથી જ, નિરંતર ત્યાં=જિનાજ્ઞાભંગમાં પ્રવૃત્તિ છે. ॥૧૧૯॥

**ગાથા :-**

**जेसिं भग्गवयाणं, उम्मग्गपरूवणं णियावित्ती ।**

**तेसिमकयपुण्णाणं, सुविसुद्धपरूवणं दूरे ।।१२०।।**

**અન્વયાર્થ :-**

भग्गवयाणं जेसिं=ભગ્નવ્રતવાળા જેઓને, उम्मग्गपरूवणं=ઉન્માર્ગ પ્રરૂપણ, णियावित्ति=નિજવૃત્તિ છે. अकयपुण्णाणं तेसिं=અકૃતપુણ્યવાળા તેઓને, सुविसुद्धपरूवणं दूरे=સુવિશુદ્ધ પ્રરૂપણ દૂર છે=અશક્ય જ છે. ॥૧૨૦॥

**ગાથાર્થ :-**

**ભગ્નવ્રતવાળા જેઓને ઉન્માર્ગ પ્રરૂપણ નિજવૃત્તિ છે, અકૃતપુણ્યવાળા તેઓને સુવિશુદ્ધ પ્રરૂપણ દૂર છે=અશક્ય જ છે. ॥૧૨૦॥**

**ટીકા :-**

'जेसिं'ति । येषां 'भग्नव्रतानां' परित्यक्तप्रतिज्ञातपञ्चमहाव्रतमहाभाराणामुन्मार्गप्ररूपणमेव निजावृत्तिः, तेनैवाहारादिदातृचित्तावर्जनसम्भवात्, तेषामकृतपुण्यानां सुविशुद्धप्ररूपणं दूर एव; पौरुषघ्नीं स्वां वृत्तिं परित्यज्य सर्वसम्पत्करीं भिक्षामाद्रियमाणानामेव तत्सम्भवादिति भावः ।।१२०।।

**ટીકાર્થ :-**

येषां 'भग्नव्रतानां' ..... तत्सम्भवादिति भावः ।। ભગ્નવ્રતવાળા જીવોની=પરિત્યાગ કરાયેલ પ્રતિજ્ઞાત પાંચ મહાવ્રતના મહાભારવાળા એવા જીવોની, ઉન્માર્ગ પ્રરૂપણા જ પોતાની વૃત્તિ છે; કેમ કે તેનાથી જ=ઉન્માર્ગની પ્રરૂપણાથી જ, આહારાદિને દેનારા જીવોના ચિત્તના આવર્જનનો સંભવ છે. અકૃતપુણ્યવાળા એવા તેઓને=ભૂતકાળમાં પારમાર્થિક સાધુપણું જેમને પ્રાપ્ત થાય એવું પુણ્ય જેઓએ કર્યું નથી એવા જીવોને, સુવિશુદ્ધ પ્રરૂપણ દૂર જ છે=એવા જીવો જિનવચનાનુસાર સામાયિકની વૃદ્ધિ થાય તેવી પ્રરૂપણા કરી શકે જ નહિ; કેમ કે પૌરુષઘ્ની એવી પોતાની વૃત્તિનો ત્યાગ કરીને સર્વ સંપત્કરી એવી ભિક્ષાને ગ્રહણ કરનારા જીવોને જ તેનો સંભવ છે=સુવિશુદ્ધ પ્રરૂપણાનો સંભવ છે. ॥૧૨૦॥

**ભાવાર્થ :-**

વળી, તે ગીતાર્થ સાધુ શિથિલાચારી સાધુને સંબોધીને કહે છે કે જે સંયમમાં શિથિલતાને પામ્યા છે

તેઓને સત્ય વ્યવહાર કરવો અશક્ય છે; કેમ કે તેઓ પોતાના ચારિત્રનો ત્યાગ કરતાં સત્ય એવા મધ્યસ્થ માર્ગનો ત્યાગ કરેલ છે તેથી વ્યવહાર કરવામાં પણ મધ્યસ્થ રહી શકતા નથી. આ પ્રમાણે સંઘની પર્ષદામાં જ્યારે કહે ત્યારે દુર્વ્યવહાર કરનારા સાધુના શિથિલાચારને પર્ષદા અંતર્વર્તી અન્ય જીવો પણ જોવામાં ઉપયોગવાળા થાય છે. જેથી તેઓને બોધ થાય છે કે આ શિથિલાચારી સાધુ ભક્તવર્ગ પ્રત્યે પક્ષપાતવાળા થયા છે જેથી શુદ્ધ આચારનો પક્ષપાત છોડીને ભક્તવર્ગને અનુકૂળ વ્યવહાર કરવા તત્પર થયા હશે. ત્યારપછી તે મહાત્મા કહે છે કે જ્યારે દુર્વ્યવહારી સાધુ પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રનો ત્યાગ કરે છે ત્યારે તેમને બીજા જીવોમાં અનુકંપા રહેતી નથી તેથી તેઓ સુવ્યવહાર કરી શકે નહિ; કેમ કે જેને પોતાનો આત્મા દુર્ગતિમાં પડે છે એમ જાણવા છતાં અનુકંપા નથી તેને બીજા જીવોમાં અનુકંપા કઈ રીતે થાય ?

વસ્તુતઃ જેને દુરંત સંસારના પરિભ્રમણનો ભય છે તેને જ પોતાના આત્માની અનુકંપા છે અને તેવા જીવો સ્વભૂમિકા અનુસાર અવશ્ય તત્ત્વનો બોધ કરવા યત્ન કરે છે. તત્ત્વની રુચિને ધારણ કરે છે અને મધ્યસ્થભાવરૂપ તત્ત્વને સેવવા માટે શક્તિ અનુસાર યત્ન કરે છે અને તેવા મહાત્માઓ પોતાના શિથિલાચાર દ્વારા પોતાનો વિનાશ કરે નહિ. તેવા મહાત્માઓને જ બીજા જીવોની અનુકંપા હોય છે. તેથી સુવ્યવહાર કરીને યોગ્ય જીવોનું અહિત ન થાય તેની ચિંતા કરે છે. આ રીતે તે મહાત્માના વચનને સાંભળીને તે પર્ષદા પણ તે પ્રકારના બોધવાળી થાય છે કે જેઓ સંયમમાં ઉત્થિત છે તેઓ જ વીતરાગતાને અનુકૂળ યત્ન કરીને આત્માનું હિત સાધે છે અને તેવા જીવો જ સુવ્યવહાર સ્થાપન કરીને કોઈ જીવોનું અહિત ન થાય તે રીતે સુવ્યવહાર કરે છે. આ સાંભળીને પર્ષદા પણ વિશેષથી શુદ્ધ આચારો પ્રત્યે પક્ષપાતવાળી થાય છે અને શુદ્ધ આચારો પાળનારા સાધુ જ અત્યંત મધ્યસ્થ થઈને આત્મહિત સાધે છે અને મધ્યસ્થ થઈને સુવ્યવહાર કરે છે એવા બોધવાળી પર્ષદા થાય છે. વળી, તે કથનને જ દૃઢ કરવા અર્થે તે ગીતાર્થ સાધુ કહે છે કે લાખો ભવોથી કોઈક રીતે જિનવચનને પામીને જેઓને પરમાર્થથી જિનવચનને ત્યાગ કરતાં દુઃખ થતું નથી આથી જ શિથિલાચારો સેવે છે તેને બીજાના દુઃખમાં કેવી રીતે દુઃખ થાય ? આથી જ દુર્વ્યવહાર કરીને ઘણા યોગ્ય જીવોનું અહિત કરે છે અને અયોગ્ય પ્રવૃત્તિ કરવાની પરિણતિની વૃદ્ધિ થાય તેવો વ્યવહાર કરે છે જેનાથી બંને પક્ષનું અહિત થાય છે=જેને અનુકૂળ વ્યવહાર કર્યો તે પક્ષને પણ તે દુર્વ્યવહારથી પાપબંધની પ્રાપ્તિ થાય છે અને જેનો પક્ષ સત્ય હતો તેને અસત્ય કહેવાથી તેને જે કલેશ થાય છે તે રૂપ બંને પક્ષનું અહિત થાય છે. તોપણ તે દુર્વ્યવહાર કરનાર સાધુને તેઓની અનુકંપા થતી નથી.

વળી, તે કથનને જ પર્ષદામાં અત્યંત સ્થિર કરવા અર્થે તે ગીતાર્થ મહાત્મા કહે છે કે સંસારથી વિરક્ત જ મહાત્માઓને ભગવાનની આજ્ઞાના ભંગમાં મહાન ભય હોય છે. જેઓ ગારવરસિક છે=શાતા આદિના અર્થી છે કે માન-ખ્યાતિના અર્થી છે તેઓને ભગવાનની આજ્ઞાનો ભંગ કરવો એ સહજ સ્વભાવ છે. તેથી કોઈ ક્ષોભ વગર તેઓ ભગવાનની આજ્ઞા નિરપેક્ષ વ્યવહાર કરનારા બને છે અને આ વ્યવહાર કરનારા શિથિલાચારવાળા છે માટે તેમનાથી સુવ્યવહાર સંભવે નહિ આમ કહીને તે મહાત્મા પર્ષદાને અત્યંત મધ્યસ્થ કરે છે.

વળી પર્ષદાને અત્યંત સન્માર્ગમાં સ્થિર કરવા અર્થે અને શિથિલાચારી સાધુના ઉન્માર્ગનું ઉન્મૂલન કરવા અર્થે તે ગીતાર્થ સાધુ પર્ષદાને કહે છે કે ભગ્નવ્રતવાળા જીવોની ઉન્માર્ગ પ્રરૂપણ જ પોતાની આજીવિકા હોય છે; કેમ કે તેમની પ્રરૂપણાથી જ આવર્જિત થઈને લોકો તેઓ પ્રત્યે ભક્તિવાળા થાય છે તેવા પુણ્ય રહિત જીવોને સુવિશુદ્ધ પ્રરૂપણા સંભવે નહિ. પરંતુ જેઓ પુરુષાર્થનો નાશ કરનારી એવી પોતાની આજીવિકાનો નાશ કરીને સર્વ સંપત્કરી ભિક્ષાનું સેવન કરે છે તેઓ જ શુદ્ધ પ્રરૂપણા કરી શકે છે.

તેથી એ ફલિત થાય કે ભગવાનના વચનાનુસાર ઉચિત ભિક્ષા દ્વારા સંયમનું જેઓ પાલન કરે છે તેઓ જ સન્માર્ગની પ્રરૂપણા કરવા સમર્થ છે. શાતાના અર્થી સાધુઓ પુરુષાર્થનો નાશ કરે તેવી આજીવિકા દ્વારા દેહનો નિર્વાહ કરે છે તેઓને સુવિશુદ્ધ પ્રરૂપણા સંભવતી નથી. **॥૧૧૬થી ૧૨૦॥**

**ગાથા :-**

**आयारे वट्टंतो, आयारपरूवणे असंकियओ ।**
**आयारपरिब्भट्ठो, सुद्धचरणदेसणे भइओ ।।१२१।।**

**અન્વયાર્થ :-**

**आयारे वट्टंतो=આચારમાં વર્તમાન, आयारपरूवणे=આચારની પ્રરૂપણામાં, असंकियओ=અશંકનીય થાય છે. आयारपरिब्भट्ठो=આચારથી પરિભ્રષ્ટ, सुद्धचरणदेसणे=શુદ્ધ ચારિત્રની પ્રરૂપણામાં, भइओ= ભજનીય છે=વિકલ્પનીય છે. ॥૧૨૧॥**

**ગાથાર્થ :-**

**આચારમાં વર્તમાન આચારની પ્રરૂપણામાં અશંકનીય થાય છે. આચારથી પરિભ્રષ્ટ શુદ્ધ ચારિત્રની પ્રરૂપણામાં ભજનીય છે=વિકલ્પનીય છે. ॥૧૨૧॥**

**ટીકા :-**

**'आयारे'त्ति । आचारे वर्त्तमानः खल्वाचारप्ररूपणे 'अशङ्क्यः' अशङ्कनीयो भवति । यः पुनराचारपरिभ्रष्टः सः 'शुद्धचरणदेशने' यथावस्थितचारित्रप्ररूपणे 'भक्तः' विकल्पितः, शुद्धचरण-प्ररूपणाकारी भवति वा न वेत्यर्थः ।।१२१।।**

**ટીકાર્થ :-**

आचारे वर्त्तमानः ..... वा न वेत्यर्थः ।। **આચારમાં વર્તમાન=સુસાધુના શુદ્ધ આચારોમાં પ્રવર્તતા, ખરેખર આચારની પ્રરૂપણામાં અશંક્ય થાય છે=અશંકનીય થાય છે. વળી જે સાધુ આચારથી પરિભ્રષ્ટ છે તે શુદ્ધ ચરણના કથનમાં=યથાવસ્થિત ચારિત્રની પ્રરૂપણામાં વિકલ્પિત છે=શુદ્ધ ચારિત્રની પ્રરૂપણા કરનારા થાય છે અથવા થતા નથી એ અર્થ છે. ॥૧૨૧॥**

**અવતરણિકા :-**

भजनामेवोपपादयति –

**અવતરણિકાર્થ :-**

ભજનાને જ ઉપપાદન કરે છે=પૂર્વ ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે આચારથી રહિત સાધુ યથાસ્થિત ચારિત્રની પ્રરૂપણા કરે પણ અથવા ન પણ કરે એ પ્રકારની ભજના છે. તે ભજનાને જ બતાવે છે –

**ગાથા :-**

**संविग्गोऽणुवएसं, ण देइ दुब्भासिअं कडुविवागं ।**
**जाणंतो देइ तयं, पवयणणिद्धंधसो लुद्धो ।।१२२।।**

**અન્વયાર્થ :-**

संविग्गो=સંવિગ્નપાક્ષિક, कडुविवागं जाणंतो=કટુવિપાકને જાણતા, दुब्भासिअं अणुवएसं=દુર્ભાષિત અનુપદેશને, ण देइ=આપે નહિ, पवयणणिद्धंधसो लुद्धो=પ્રવચનમાં નિર્ધ્વંસ લુબ્ધ, तयं देइ=તેને=દુર્ભાષિતને= ઉત્સૂત્રના ઉપદેશને આપે છે. ।।૧૨૨।।

**ગાથાર્થ :-**

**સંવિગ્નપાક્ષિક કટુવિપાકને જાણતા દુર્ભાષિત અનુપદેશને આપે નહિ=ઉત્સૂત્રનો ઉપદેશ આપે નહિ. પ્રવચનમાં નિર્ધ્વંસ લુબ્ધ તેને=દુર્ભાષિતને=ઉત્સૂત્રના ઉપદેશને, આપે છે. ।।૧૨૨।।**

**ટીકા :-**

**'संविग्गो'त्ति । 'संविग्नः' संविग्नपाक्षिकः 'अनुपदेशं' उत्सूत्रोपदेशं दुर्भाषितं न दत्ते 'कटुविपाकं' घोरसंसारभ्रमणदुःखानुबन्धि जानान आचारपरिभ्रष्टोऽपि, तदुक्तं प्रथमाङ्गे–**

'णियट्टमाणा एगे आयारगोयरमाइक्खंती'ति ।

**ટીકાર્થ :-**

**'संविग्नः' ..... तदुक्तं प्रथमाङ्गे-।। સંવિગ્ન=સંવિગ્નપાક્ષિક અનુપદેશ=દુર્ભાષિત એવો ઉત્સૂત્રનો ઉપદેશ, આપે નહિ.**

કેમ આપે નહિ ? એથી કહે છે –

**કટુવિપાકને જાણતા=ઘોર સંસારના ભ્રમણરૂપ દુઃખના અનુબંધને જાણતા, આચારભ્રષ્ટ પણ, સંવિગ્નપાક્ષિક અનુપદેશ આપે નહિ એમ અન્વય છે. પ્રથમ અંગમાં તે કહેવાયું છે –**

નિવર્તમાન એવા એક=સંયમના પરિણામથી નિવર્તમાન એવા એક સાધુ આચારગોચરને કહે છે=સુસાધુના આચારોને યથાર્થ કહે છે.

**ટીકા :-**

**स्थानाङ्गेऽप्युक्तम्–**

'आघाइत्ता णामं एगे णो उंछजीवि'त्ति ।

**ટીકાર્થ :-**

**स्थानाङ्गेऽप्युक्तम्– સ્થાનાંગમાં પણ કહેવાયું છે.**

એક સાધુ યથાર્થ કહેનારા છે. ઉછંજીવી નથી.

**ટીકા :-**

**दत्ते च 'तद्' दुर्भाषितमनुपदेशं प्रवचने-जिनशासने निद्धन्धसः-अत्यन्ताशातनाकारी 'लुब्धः' वस्त्रपात्रशिष्यादिलोभाविष्टचित्त आचारपरिभ्रष्ट इति ।।१२२।।**

**ટીકાર્થ :-**

**दत्ते च 'तद्' ..... आचारपरिभ्रष्ट इति ।। અને પ્રવચનમાં=જિનશાસનમાં નિર્ધ્વંસ=અત્યંત આશાતનાકારી, લુબ્ધ, વસ્ત્ર-પાત્ર-શિષ્યાદિના લોભથી આવિષ્ટ ચિત્તવાળા આચારથી પરિભ્રષ્ટ તેને=દુર્ભાષિત એવા અનુપદેશને આપે છે. ।।૧૨૨।।**

**ભાવાર્થ :-**

વળી, તે ગીતાર્થ મધ્યસ્થ સાધુ પર્ષદાને સંબોધીને કહે છે કે જેઓ સંયમના શુદ્ધ આચારો પાળતા નથી તેઓ ભગવાનના વચનાનુસાર શુદ્ધ આચારની પ્રરૂપણા કરશે એ વસ્તુ શંકનીય છે અને જેઓ શુદ્ધ આચારો પાળે છે તેઓ શુદ્ધ આચારની પ્રરૂપણા કરશે તેમાં કોઈને શંકા નથી; કેમ કે શુદ્ધ આચાર પાળનારા સંસારથી ભય પામેલા છે એથી સ્વયં પાળે છે અને લોકોને પણ એવા શુદ્ધ આચારો બતાવીને સન્માર્ગમાં સ્થિર કરે છે.

વળી, કેટલાક પ્રમાદવશ શુદ્ધ આચારો પાળનારા નહિ હોવા છતાં શુદ્ધ આચાર પ્રત્યે રાગવાળા હોય તો પોતાની હીનતા બતાવીને પણ યથાવસ્થિત ચારિત્રનું સ્વરૂપ બતાવે છે અને જેઓ માન, ખ્યાતિ આદિના અર્થી છે તેઓ શુદ્ધ આચારની પ્રરૂપણા કરતા નથી. આથી જ સંવિગ્નપાક્ષિક સાધુઓ સંસારથી ભય પામેલા હોવાને કારણે આચારથી પરિભ્રષ્ટ હોવા છતાં પણ પોતાની હીનતાને બતાવીને શુદ્ધ સાધુપણું કેવું છે ? તે જ બતાવે છે – જેઓને ભગવાનના પ્રવચનમાં તે પ્રકારની ભક્તિ નથી તેથી અત્યંત આશાતના કરીને પણ પોતે જે આચારો પાળે છે તે જ સન્માર્ગ છે તેમ બતાવવા યત્ન કરે છે. આ પ્રકારે મધ્યસ્થ ગીતાર્થ કહે ત્યારે પર્ષદાને બોધ થાય છે કે શુદ્ધ આચારવાળા કે શુદ્ધ આચારના પક્ષપાતી જીવો

પોતાની હીનતાને બતાવીને શુદ્ધમાર્ગ બતાવે છે તેઓ જ જિનવચનાનુસાર શુદ્ધ વ્યવહાર કરવા સમર્થ છે, અન્ય નહિ. **II૧૨૧-૧૨૨II**

**અવતરણિકા :-**

एवमुक्ते दुर्व्यवहारिणः प्राहुः –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે કહેવાયે છતે=મધ્યસ્થ ગીતાર્થ વડે ગાથા-૧૧૫થી અત્યારસુધી કહ્યું એ પ્રમાણે કહેવાયે છતે, દુર્વ્યવહારી સાધુ કહે છે –

**ગાથા :-**

**ता अम्हे अपमाणं, कय त्ति सोऊण भणइ मज्झत्थो ।**
**पढमं तित्थयरो च्चिय, पमाणमम्हं तओ अण्णे ।।१२३।।**

**અન્વયાર્થ :-**

ता अम्हे अपमाणं कय त्ति=તે કારણથી અમે અપ્રમાણ કરાયા એ પ્રમાણે, सोऊण मज्झत्थो भणइ= સાંભળીને મધ્યસ્થ સાધુ કહે છે. तित्थयरो च्चिय पढमं अम्हं पमाणं=તીર્થંકરો જ પ્રથમ અમને પ્રમાણ છે. तओ=તેનાથી=તીર્થંકરના વચનના અનુસરણથી, अण्णे=અન્ય પણ પ્રમાણ છે. ।।૧૨૩।।

**ગાથાર્થ :-**

**તે કારણથી અમે અપ્રમાણ કરાયા. એ પ્રમાણે સાંભળીને=દુર્વ્યવહારીના વચનને સાંભળીને, મધ્યસ્થ સાધુ કહે છે. તીર્થંકર જ પ્રથમ અમને પ્રમાણ છે. તેનાથી=તીર્થંકરના વચનના અનુસરણથી, અન્ય પણ પ્રમાણ છે. ।।૧૨૩।।**

**ટીકા :-**

'ता अम्हे'त्ति । तद्वयं त्वयाऽप्रमाणीकृता इति श्रुत्वा भणति मध्यस्थः सः-प्रथमं तीर्थकर एवास्माकं प्रमाणं तन्मूलत्वात्सर्वशास्त्राणाम्, ततोऽन्येऽप्याचार्याः ।।१२३।।

**ટીકાર્થ :-**

तद्वयं त्वयाऽप्रमाणी ..... ततोऽन्येऽप्याचार्याः ।। તે કારણથી અમે તારા વડે=આગંતુક સાધુ એવા તારા વડે, અપ્રમાણ કરાયા એ સાંભળીને મધ્યસ્થ કહે છે. તે=તીર્થંકર જ પ્રથમ અમને પ્રમાણ છે; કેમ કે સર્વ શાસ્ત્રોનું તદ્મૂલપણું છે=તીર્થંકર મૂલપણું છે, તેનાથી=તીર્થંકરના વચનના અનુસરણથી, અન્ય પણ આચાર્યો અમને પ્રમાણ છે. ।।૧૨૩।।

**અવતરણિકા :-**

तथा चोक्तम् –

**અવતરણિકાર્થ :-**

અને તે પ્રમાણે કહેવાયું=દુર્વ્યવહારીને મધ્યસ્થ ગીતાર્થ સાધુએ જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે શાસ્ત્રમાં કહેવાયું છે, તે બતાવે છે –

**ગાથા :-**

तित्थयरे भगवंते, जगजीवविवियाणए तिलोअगुरू ।
जो ण करेइ पमाणं, ण सो पमाणं सुअहराणं ।।१२४।।

**અન્વયાર્થ :-**

जगजीवविवियाणए=જગત્જીવના વિજ્ઞાયક, तिलोअगुरू=ત્રણ લોકના ગુરુ, तित्थयरे भगवंते=તીર્થંકર ભગવંતોને, जो पमाणं ण करेइ=જે પ્રમાણ કરતા નથી, सो सुअहराणं पमाणं ण=તે શ્રુતધરોને પ્રમાણ નથી. ।।૧૨૪।।

**ગાથાર્થ :-**

**જગત્જીવના વિજ્ઞાયક ત્રણ લોકના ગુરુ તીર્થંકર ભગવંતને જે પ્રમાણ કરતા નથી તે શ્રુતધરોને પ્રમાણ નથી. ।।૧૨૪।।**

**ટીકા :-**

'तित्थयरे'त्ति । तीर्थकरान् भगवतः 'जगज्जीवविज्ञायकान्' सर्वज्ञानित्यर्थः, त्रिलोकगुरून् यो न करोति प्रमाणं न स प्रमाणं श्रुतधराणाम् ।।१२४।।

**ટીકાર્થ :-**

तीर्थकरान् ..... श्रुतधराणाम् ।। જગત્જીવના વિજ્ઞાયક=સર્વજ્ઞ, ત્રણ લોકના ગુરુ તીર્થંકર ભગવંતને જે પ્રમાણ કરતા નથી તે=તે સાધુ, શ્રુતધરોને પ્રમાણ નથી. ।।૧૨૪।।

**ગાથા :-**

तित्थयरे भगवंते, जगजीवविआणए तिलोअगुरू ।
जो उ करेइ पमाणं, सो उ पमाणं सुअहराणं ।।१२५।।

**અન્વયાર્થ :-**

जगजीवविआणए=જગત્જીવના વિજ્ઞાયક, तिलोअगुरू=ત્રણ લોકના ગુરુ, तित्थयरे भगवंते=તીર્થંકર

ભગવંતને, जो उ पमाणं करेइ=વળી જે પ્રમાણ કરે છે, सो उ सुअहराणं पमाणं=તે વળી શ્રુતધરોને પ્રમાણ છે. ।।૧૨૫।।

**ગાથાર્થ :-**

**જગત્જીવના વિજ્ઞાયક ત્રિલોકગુરુ તીર્થંકર ભગવાનને વળી જે પ્રમાણ કરે છે તે શ્રુતધરોને પ્રમાણ છે. ।।૧૨૫।।**

**ટીકા :-**

**'तित्थयरे'त्ति । तीर्थकरान् भगवतो जगज्जीवविज्ञायकान् त्रिलोकगुरून् यस्तु प्रमाणं करोति स प्रमाणं श्रुतधराणाम् ।।१२५।।**

**ટીકાર્થ :-**

**तीर्थकरान् भगवतो ..... प्रमाणं श्रुतधराणाम् ।। જગત્જીવનના વિજ્ઞાયક ત્રણલોકના ગુરુ તીર્થંકર ભગવાનને જે પ્રમાણ કરે છે તે સાધુ શ્રુતધરોને પ્રમાણ છે. ।।૧૨૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં મધ્યસ્થ ગીતાર્થ સાધુએ એકઠા થયેલા સંઘ સમક્ષ સ્થાપન કર્યું કે શિથિલાચારી સાધુઓ પ્રાયઃ શુદ્ધ ચારિત્રની પ્રરૂપણા કરી શકે નહિ. ક્વચિત્ પાપભીરુ હોય અને બલવાન પ્રમાદ આપાદક કર્મો હોય તો સંવિગ્નપાક્ષિક પણ પોતાની હીનતા દેખાડીને શુદ્ધ પ્રરૂપણા કરવા સમર્થ બને છે. આ પ્રમાણે ગીતાર્થ સાધુએ કહ્યું તેથી અર્થથી દુર્વ્યવહારી અપ્રમાણ છે તેમ સ્થાપન થયું તેથી તે દુર્વ્યવહારી સાધુ કહે છે. આ કથન દ્વારા તારા વડે અમે અપ્રમાણ કરાયા. તે સાંભળીને ગીતાર્થ સાધુ કહે છે અમને તીર્થંકર પ્રમાણ છે; કેમ કે તીર્થંકરમૂલક સર્વશાસ્ત્રો છે અને અન્ય આચાર્ય પણ તીર્થંકરના શાસ્ત્રાનુસાર કહેતા હોય તો તે અમને પ્રમાણ છે તેમાં સાક્ષી આપતાં કહે છે.

તીર્થંકરો જગતના જીવોના ભાવોને જાણનારા છે. ત્રણ લોકના ગુરુ છે તેથી જે રીતે જગતના જીવોનું હિત થાય તે રીતે જ સર્વ વ્યવહારનું સ્થાપન તીર્થંકરોએ કરેલ છે તેથી તેઓને જે પ્રમાણ કરતા નથી તે શ્રુતધરોને પણ પ્રમાણ નથી અને જેઓ તીર્થંકરોને પ્રમાણ કરે છે તે શ્રુતધરોને પ્રમાણ છે માટે તમે તીર્થંકરોને પ્રમાણ કરીને વ્યવહારનો છેદ કરતા હો તો અમને અપ્રમાણભૂત નથી અને જો તમે તીર્થંકરોના વચનને અપ્રમાણ કરીને સ્વમતિથી વ્યવહારનો છેદ કરતા હો તો અમને પ્રમાણ નથી. આ પ્રકારે મધ્યસ્થ ગીતાર્થ કહે તો જિનવચન પ્રત્યે રાગવાળો સંઘ તે વચન પ્રત્યે પક્ષપાતવાળો થાય છે જેથી ઉચિત વ્યવહાર કરવા માટે સંઘ અનુકૂળ બને છે. **।।૧૨૩થી ૧૨૫।।**

**ગાથા :-**

**अह बिंति दुव्वियड्ढा, एयं इक्को तुमं भणसि सव्वं ।**
**ता संघो अपमाणं, कओ त्ति सोऊण सो भणइ ।।१२६।।**

**અન્વયાર્થ :-**

अह दुव्वियड्ढा बिंति=હવે દુર્વિદગ્ધ=દુર્વ્યવહારી કહે છે. इक्को तुमं=એક તું, एयं सव्वं भणिसि=આ સર્વ કહે છે. ता=તેથી, संघो अपमाणं कओ=સંઘ અપ્રમાણ કરાયો. त्ति सोऊण सो भणइ=એ પ્રમાણે સાંભળીને તે ધૂલીજંઘ કહે છે. ॥૧૨૬॥

**ગાથાર્થ :-**

**હવે દુર્વિદગ્ધ=દુર્વ્યવહારી કહે છે. એક તું આ સર્વ કહે છે તેથી સંઘ અપ્રમાણ કરાયો. એ પ્રમાણે સાંભળીને તે=ધૂલીજંઘ કહે છે. ॥૧૨૬॥**

**ટીકા :-**

'अह'त्ति । 'अथ' धूलीजङ्घदत्तस्वोपालम्भनानन्तरं 'दुर्विदग्धाः' दुर्व्यवहारिणो ब्रुवते-एतत् सर्वं त्वमेक एव भणसि तत् सङ्घः सर्वोऽप्ययमप्रमाणीकृत इति श्रुत्वा स भणति धूलीजङ्घः ।।१२६।।

**ટીકાર્થ :-**

'अथ' धूलीजङ्घदत्त ..... भणति धूलीजङ्घः ।। હવે ધૂલીજંઘ સાધુ વડે અપાયેલા પોતાના ઉપાલંભ અનંતર દુર્વિગ્દગ્ધ=દુર્વ્યવહારી આચાર્ય કહે છે.

શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

આ સર્વ=પૂર્વમાં કહ્યું એ સર્વ, તું એક જ કહે છે. તેથી સર્વ પણ આ સંઘ અપ્રમાણ કરાયો=તારા વડે અપ્રમાણ કરાયો. એ સાંભળીને તે ધૂલીજંઘ આચાર્ય કહે છે. ॥૧૨૬॥

**અવતરણિકાર્થ :-**

ધૂલીજંઘ શું કહે છે ? તે બતાવે છે –

**ગાથા :-**

**संघो गुणसंघाओ, संघायविमोअगो अ कम्माणं ।**
**रागद्दोसविमुक्को, होइ समो सव्वजीवाणं ।।१२७।।**

**અન્વયાર્થ :-**

गुणसंघाओ संघो=ગુણોના સંઘાતથી સંઘ છે. कम्माणं अ संघायविमोअगो=અને કર્મોના સંઘાતથી વિમોચક છે. रागद्दोसविमुक्को=રાગદ્વેષથી રહિત, सव्वजीवाणं समो होइ=સર્વ જીવોમાં સમાન સંઘ છે. ॥૧૨૭॥

**ગાથાર્થ :-**

**ગુણોના સંઘાતથી સંઘ છે અને કર્મોના સંઘાતથી વિમોચક છે. રાગ-દ્વેષથી રહિત સર્વ જીવોમાં સમાન સંઘ છે. ॥૧૨૭॥**

ટીકા :-

'संघो'त्ति । सङ्घो नाम यो मूलगुणानामुत्तरगुणानां च सङ्घातो गुणसङ्घातात्मकत्वादेव च 'कर्मणां' ज्ञानावरणीयादीनां सङ्घाताद्विमोचयति प्राणिन इति सङ्घातविमोचकः, तथा 'रागद्वेष-विमुक्तः' आहारादिकं ददत्सु रागाकारी तद्विपरीतेषु च द्वेषाकारीत्यर्थः, अत एव भवति समः सर्व-जीवानाम् ।।१२७।।

ટીકાર્થ :-

सङ्घो नाम यो ..... सर्वजीवानाम् ।। સંઘ એટલે જે મૂળ ગુણ અને ઉત્તર ગુણનો સંઘાત છે અને; કેમ કે ગુણોનું સંઘાતાત્મકપણું જ છે અને જ્ઞાનાવરણીય આદિ કર્મોના સંઘાતથી પ્રાણીઓને વિમોચન કરે છે એથી સંઘાતનો વિમોચક છે=કર્મોના સંઘાતથી વિમોચક છે અને રાગદ્વેષથી રહિત છે=આહાર આદિને દેનારા ભક્તોમાં રાગને નહિ કરનાર અને તેનાથી વિપરીતમાં=આહારાદિથી ભક્તિ નહિ કરનારામાં, દ્વેષને અકારી છે=દ્વેષને નહિ કરનાર છે, આથી જ સર્વ જીવો પ્રત્યે સમાન છે. ।।૧૨૭।।

ગાથા :-

सो खलु णो अपमाणं, सुओवएसेण ववहरंतो उ ।
इयरो अपमाणं चिय, न णाममित्तेण जं संघो ।।१२८।।

અન્વયાર્થ :-

सुओवएसेण उ ववहरंतो=વળી શ્રુતોપદેશથી વ્યવહાર કરતો, सो खलु णो अपमाणं=તે=સંઘ ખરેખર અપ્રમાણ નથી. इयरो अपमाणं चिय=ઈતર અપ્રમાણ જ છે. जं=જે કારણથી, णाममित्तेण=નામમાત્રથી, संघो न=સંઘ નથી. ।।૧૨૮।।

ગાથાર્થ :-

શ્રુત ઉપદેશથી વ્યવહાર કરતો તે=સંઘ, ખરેખર અપ્રમાણ નથી. ઈતર અપ્રમાણ જ છે. જે કારણથી નામમાત્રથી સંઘ નથી. ।।૧૨૮।।

ટીકા :-

'सो खलु'त्ति । 'सः' इत्थम्भूतः खलु सङ्घो नाप्रमाणमस्माकं श्रुतोपदेशेन व्यवहरन्, इतरस्त्वप्रमाण-मेव । 'यत्' यस्मान्न नाममात्रेण सङ्घो भवति, बौद्धादिसङ्घानामपि सङ्घत्वप्रसङ्गात् ।।१२८।।

ટીકાર્થ :-

'सः' इत्थम्भूतः खलु ..... सङ्घत्वप्रसङ्गात् ।। તે આવા પ્રકારનો સંઘ=ગાથા-૧૨૭માં બતાવ્યો

એવા પ્રકારનો સંઘ અમને અપ્રમાણ નથી. વળી ઈતર=પૂર્વમાં કહ્યું તેવા પ્રકારનો નથી આથી જ શ્રુતઉપદેશથી વ્યવહાર કરતો નથી એવા પ્રકારનો સંઘ, અમને અપ્રમાણ જ છે. જે કારણથી નામમાત્રથી સંઘ થતો નથી; કેમ કે બૌદ્ધાદિ સંઘોના પણ સંઘત્વનો પ્રસંગ છે. ॥૧૨૮॥

**અવતરણિકા :-**

તથા ચોક્તમ્ —

**અવતરણિકાર્થ :-**

અને તે રીતે કહેવાયું છે=પારમાર્થિક સંઘ કેવો છે અને નામમાત્રથી સંઘ કેવો છે ? તે પ્રમાણે શાસ્ત્રમાં કહેવાયું છે —

**ગાથા :-**

एगो साहू एगा, य साहुणी सावओ व सड्ढी वा ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ।।१२९।।

**અન્વયાર્થ :-**

एगो साहू=એક સાધુ, एगा य साहुणी=અને એક સાધ્વી, सावओ व सड्ढी वा=શ્રાવક અને શ્રાવિકા, आणाजुत्तो संघो=આજ્ઞાયુક્ત સંઘ છે. पुण सेसो अट्ठिसंघाओ=વળી શેષ હાડકાનો સમૂહ છે. ॥૧૨૯॥

**ગાથાર્થ :-**

**એક સાધુ, એક સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આજ્ઞાયુક્ત સંઘ છે. વળી શેષ હાડકાનો સમૂહ છે. ॥૧૨૯॥**

**ટીકા :-**

'एगो'त्ति । एकः साधुरेका च साध्वी एकः श्रावक एका च श्राविका एतावानप्याज्ञायुक्तः सङ्घः । शेषः पुनर्भूयानप्याज्ञारहितत्वात्केवलमस्थ्नां सङ्घातः, तत्रेदृशस्यैव सङ्घातपदार्थस्य युज्यमानत्वाद् भावसङ्घातस्याभावात् ।।१२९।।

**ટીકાર્થ :-**

एकः साधुरेका च ..... भावसङ्घातस्याभावात् ।। એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા આટલો પણ આજ્ઞાયુક્ત=ભગવાનની આજ્ઞાથી યુક્ત, સંઘ છે. શેષ વળી ઘણો પણ=અનેક સાધુ આદિનો સમુદાય પણ, આજ્ઞા રહિતપણું હોવાથી કેવલ હાડકાંઓનો સમૂહ છે; કેમ કે ત્યાં=આજ્ઞા રહિત સમુદાયમાં, આવા પ્રકારના દેહના હાડકાના સમૂહરૂપ પદાર્થનું જ ઘટમાનપણું હોવાથી ભાવસંઘાતનો અભાવ છે. ॥૧૨૯॥

**અવતરણિકા :-**

भावसङ्घमेवाभिष्टौति –

**અવતરણિકાર્થ :-**

ભાવસંઘની જ સ્તુતિ કરે છે –

**ગાથા :-**

**संघो महाणुभावो, कज्जे आलंबणं सया होइ ।**
**णगराईआ तत्थ उ, दिट्ठंता जं सुए भणिया ।।१३०।।**

**અન્વયાર્થ :-**

कज्जे=કાર્યમાં=સચિત્તાદિ વ્યવહારમાં, महाणुभावो संघो=મહાનુભાવ એવો સંઘ, सया आलंबणं होइ=સદા આલંબન થાય છે. जं=જે કારણથી, तत्थ=ત્યાં=સંઘના વિષયમાં, णगराईआ दिट्ठंता=નગરાદિ દૃષ્ટાંતો, सुए भणिया=શ્રુતમાં કહેવાયા છે. ।।૧૩૦।।

**ગાથાર્થ :-**

**કાર્યમાં=સચિત્તાદિ વ્યવહારમાં, મહાનુભાવ એવો સંઘ સદા આલંબન થાય છે. જે કારણથી ત્યાં=સંઘના વિષયમાં, નગરાદિ દૃષ્ટાંતો શ્રુતમાં કહેવાયા છે. ।।૧૩૦।।**

**ટીકા :-**

'संघो'त्ति । सङ्घो महानुभावः 'कार्ये' सचित्तादौ व्यवहारे सदाऽऽलम्बनं भवति 'यत्' यस्मान्नगरादयो दृष्टान्ताः 'तत्र' सङ्घे 'श्रुते' आवश्यकनिर्युक्त्याख्ये भणिताः ।।१३०।।

**ટીકાર્થ :-**

सङ्घो महानुभावः 'कार्ये' ..... निर्युक्त्याख्ये भणिताः ।। કાર્ય=સચિત્તાદિ વ્યવહારમાં મહાનુભાવ એવો સંઘ સદા આલંબન થાય છે. જે કારણથી ત્યાં=સંઘના વિષયમાં નગરાદિ દૃષ્ટાંતો શ્રુતમાં=આવશ્યકનિર્યુક્તિ નામના ગ્રંથમાં કહેવાયા છે. ।।૧૩૦।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં ધૂલીજંઘવાળા ગીતાર્થ સાધુએ દુર્વ્યવહારીને કહ્યું કે અમને તીર્થંકરનાં વચનો જ પ્રમાણ છે, અન્ય કોઈપણ નહિ. ઇત્યાદિ કહીને દુર્વ્યવહારીને અપ્રમાણ સ્થાપન કર્યા તેથી દુર્વ્યવહારી સાધુ તેમને કહે છે. આ સર્વ તું એક કહે છે. આમ કહીને સંઘને તું અપ્રમાણ કરે છે. આ વચન સાંભળીને કેટલાક જીવો દોલાયમાન બુદ્ધિવાળા પણ થાય અને તેમને થાય કે આ નવા આવેલા સાધુના કહેવાથી અહીં એકઠો થયેલો સંઘ જે વ્યવહારનો છેદ કરે છે તેને અપ્રમાણ કહેવાથી સંઘને અપ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે

એ પ્રકારે કંઈક મંદબુદ્ધિવાળા જીવોને કંઈક વિપર્યાસ થવાનો પણ સંભવ રહે. આથી જ ધૂલીજંઘ ગીતાર્થ સાધુ કહે છે કે મૂલગુણ અને ઉત્તરગુણનો સંઘાત સંઘ છે પરંતુ મનુષ્યોની સંખ્યાનો સમુદાય માત્ર સંઘ નથી; કેમ કે ગુણના સંઘાતાત્મક જ સંઘ છે. અર્થાત્ જેઓમાં સંસારના ઉચ્છેદને અનુકૂળ મધ્યસ્થ પરિણામ વર્તે છે તેઓ જ જિનવચનનું અવલંબન લઈને સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે તેવા ગુણવાન જીવોનો સમૂહ જ સંઘ છે અને તેવો જ સંઘ જીવોની સ્વ-સ્વ ભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરાવીને જ્ઞાનાવરણીય આદિ કર્મોના સમૂહથી જીવને મુકાવે છે; કેમ કે સંઘના યોગ્ય જીવોને જોઈને ઘણા જીવો તેમના ગુણોથી આવર્જિત થઈને તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિઓ કરનારા થાય છે જેથી કર્મોથી મુકાય છે.

વળી, સંઘ અંતર્વર્તી અન્ય જીવો જિનવચનાનુસાર ચાલનારા હોવાથી વીતરાગ નહિ હોવા છતાં રાગ-દ્વેષને કરનારા નથી પરંતુ બધા જીવો પ્રત્યે સમભાવની પરિણતિવાળા છે તેથી જ આહારાદિ આપનારા પ્રત્યે સુસાધુઓ રાગ કરતા નથી અને નહિ આપનારા પ્રત્યે દ્વેષ કરતા નથી તેઓ જ સંઘમાં છે. આ રીતે સંઘનું પારમાર્થિક સ્વરૂપ બતાવીને તે ગીતાર્થ સાધુ કહે છે કે આવા પ્રકારનો સંઘ ભગવાનના વચનના ઉપદેશથી વ્યવહાર કરે છે. જેથી અમને અપ્રમાણ નથી અને જે સંઘ ગુણોના સમુદાયરૂપ નથી તેવો સંઘ સ્વમતિથી વ્યવહાર કરનારો હોવાથી અમને પ્રમાણ નથી જ; કેમ કે નામમાત્રથી તેવા સમુદાયને સંઘ સ્વીકારીએ તો બૌદ્ધાદિના સંઘને પણ સંઘ કહેવાનો પ્રસંગ આવે.

વસ્તુતઃ ગુણના સમુદાયરૂપ સંઘ જ સંસારનો ઉચ્છેદ કરનાર હોવાથી જગતને પૂજ્ય છે અને તેમાં સાક્ષીપાઠરૂપે બતાવે છે.

એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા, પણ જિનવચનને અવલંબીને સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરતાં હોય અને જિનવચનને જ પ્રમાણભૂત ગણતાં હોય તો આજ્ઞાયુક્ત હોવાથી એટલો જ સંઘ છે. શેષ વળી સ્થૂલ વ્યવહારથી સંઘની વ્યક્તિ તરીકે પ્રસિદ્ધ હોય તોપણ આજ્ઞા રહિત હોવાને કારણે હાડકાંઓનો સમુદાય છે જેઓમાં મધ્યસ્થ પરિણતિ નથી તેઓ મધ્યસ્થભાવના વૃદ્ધિના પ્રબળ કારણરૂપ જિનવચનને પ્રમાણ કરીને વ્યવહાર કરતા નથી આથી જ તેઓ ભાવસંઘમાં પ્રાપ્ત થાય નહિ. પરંતુ દેહધારી હાડકાના સંઘાતરૂપે જ તેઓની પ્રાપ્તિ થાય.

આ રીતે ધૂલીજંઘ સાધુ સંઘનું સ્વરૂપ બતાવીને તે ધૂલીજંઘ સાધુ સંઘની સ્તુતિ કરતાં કહે છે.

સંઘ મહાનુભાવવાળો છે તેથી સચિત્તાદિ વિષયક વ્યવહાર પ્રવર્તે ત્યારે સંઘ જ આલંબન થાય છે. અર્થાત્ આ સચિત્ત અચિત્તાદિ વસ્તુ કયા સાધુનું આભાવ્ય છે કયા સાધુનું નથી તેનો નિર્ણય કરવા સંઘ એકઠો થઈને જિનવચનાનુસાર તેનો નિર્ણય કરી યોગ્ય જીવોના હિતનું રક્ષણ કરે છે અને અયોગ્ય જીવમાં પણ અયોગ્યતાની વૃદ્ધિ ન થાય તે રીતે વ્યવહાર કરે છે; કેમ કે દુર્વ્યવહારથી યોગ્ય જીવોને સંયમના પાલનમાં અંતરાય થાય છે અને અયોગ્ય જીવોને પોતાની અયોગ્ય પ્રવૃત્તિ કરવાને વિશાળ ક્ષેત્ર પ્રાપ્ત થાય છે તે વખતે સંઘ ઉચિત વ્યવહાર કરવામાં આલંબન બને છે. આથી જ નગરાદિનાં દૃષ્ટાંતોથી જ આવશ્યક નિર્યુક્તિમાં સંઘની મહાનુભાવના બતાવેલી છે. **॥૧૨૬થી ૧૩૦॥**

**અવતરણિકા :-**

किञ्च भाष्येऽप्युक्तम् –

**અવતરણિકાર્થ :-**

વળી ભાષ્યમાં પણ કહેવાયું છે=વ્યવહારભાષ્યમાં પણ ભાવ સંઘનું સ્વરૂપ કહેવાયું છે –

**ગાથા :-**

परिणामियबुद्धीए, उववेओ होइ समणसंघो उ ।
कज्जे णिच्छयकारी, सुपरिच्छियकारगो संघो ।।१३१।।

**અન્વયાર્થ :-**

परिणामियबुद्धीए=પારિણામિક બુદ્ધિથી, समणसंघो=શ્રમણ સંઘ, उववेओ होइ=યુક્ત હોય છે. कज्जे उ=વળી કાર્યમાં, सुपरिच्छियकारगो संघो=સુપરિક્ષિત કરનાર સંઘ, णिच्छयकारी=નિશ્ચયકારી હોય છે=શ્રુતબળથી નિશ્ચય કરનાર હોય છે. ।।૧૩૧।।

**ગાથાર્થ :-**

પારિણામિકી બુદ્ધિથી શ્રમણ સંઘ યુક્ત હોય છે. વળી, કાર્યમાં સુપરીક્ષિત કરનાર સંઘ નિશ્ચયકારી હોય છે=શ્રુતબળથી નિશ્ચય કરનાર હોય છે. ।।૧૩૧।।

**ટીકા :-**

'परिणामिय'त्ति । पारिणामिक्या बुद्ध्या 'उपेतः' युक्तो भवति श्रमणसङ्घः, तथा कार्ये दुर्गेऽपि समापतिते यत् श्रुतोपदेशबलेन सम्यग् निश्चितं तत्करणशीलः, तथा सुष्ठु-देशकालपुरुषौचित्येन श्रुतबलेन च परीक्षितं यत्तस्य कारकः सङ्घो न यथाकथञ्चनकारी ।।१३१।।

**ટીકાર્થ :-**

पारिणामिक्या बुद्ध्या ..... कथञ्चनकारी ।। પારિણામિકી બુદ્ધિથી યુક્ત શ્રમણ સંઘ હોય છે અને દુર્ગ પણ કાર્ય=દુષ્કર વિષમ પણ કાર્ય, પ્રાપ્ત થયે છતે. જે કાર્યને શ્રુતઉપદેશના બળથી સમ્યગ્ નિશ્ચિત તેના કરણના સ્વભાવવાળો છે અને દેશ, કાળ, પુરુષના ઔચિત્યથી અને શ્રુતના બળથી પરીક્ષિત એવું જે કાર્ય છે તેનો કારક સંઘ છે. યથાકથંચિત્ કરનાર નથી. ।।૧૩૧।।

**ગાથા :-**

किह सुपरिच्छियकारी, इक्कं दो तिन्नि वार पेसविए ।
ण वि णिक्खिवए सहसा, को जाणइ नागओ केण ।।१३२।।

અન્વયાર્થ :-

किह=કયા પ્રકારથી, सुपरिच्छियकारी=સુપરીક્ષિતકારી સંઘ છે ? इक्कं दो तिन्नि वार=એક, બે અથવા ત્રણ વાર, पेसविए=મોકલે=પ્રત્યર્થીને બોલાવવા મોકલે, सहसा णिक्खिवए ण वि=સહસા નિક્ષેપ કરે નહિ=સંઘ બહાર કરે નહિ, को जाणइ=કોણ જાણે, केण नागओ=કયા કારણથી આવતો નથી. તેથી સહસા સંઘ બહાર કરે નહિ. ।।૧૩૨।।

ગાથાર્થ :-

**કયા પ્રકારથી સુપરિક્ષિતકારી સંઘ છે ? એક બે અથવા ત્રણ વાર મોકલે=પ્રત્યર્થીને બોલાવવા મોકલે. સહસા નિક્ષેપ કરે નહિ=સંઘ બહાર કરે નહિ. કોણ જાણે છે કયા કારણથી આવતો નથી. તેથી સહસા સંઘ બહાર કરે નહિ. ।।૧૩૨।।**

ટીકા :-

'किह'त्ति । 'कथं' केन प्रकारेण सुपरीक्षितकारी ? उच्यते—इहार्थिना सङ्घप्रधानस्य समीपे सङ्घसमवायो विहितः, तेन चाज्ञप्तः सङ्घमेलापककारी सङ्घस्त्वया मेलनीयः । तत्र च प्रत्यर्थी कुतश्चित्कारणान्नागच्छति ततो मानुषं प्रेषणीयं सङ्घस्त्वां शब्दयति, स नागतस्ततो द्वितीयमपि वारं मानुषं प्रेषयति तथापि नागच्छति, तत्रापरिणामका ब्रुवते-निष्काश्यतामेष इति । गीतार्थस्त्वाह—पुनः प्रेष्यतां गीतार्थं मानुषं केन कारणेन नागच्छति ? किं परिभवेन ? उत भयेन ? तत्र यदि भयेन नागच्छति ततो वक्तव्यं नास्ति तव भयं परित्राणकारी खलु भगवान् श्रमणसङ्घ इति, अथ परिभवेन तदा निष्काश्यते, एवं सुपरीक्षितकारी । तथा चाह—द्वौ त्रीन् वारान् मानुषे प्रेषितेऽपि तमनागच्छन्तं सहसा सङ्घः 'न निक्षिपति' न सङ्घबाह्यं करोति, यत एवं सङ्घः पर्यालोचयति 'को जानाति ?' न ज्ञायत इत्यर्थः केन कारणेन नागतः ? इति ।।१३२।।

ટીકાર્થ :-

'कथं' केन प्रकारेण ..... कारणेन नागतः ? इति ।। કેવા પ્રકારથી સુપરીક્ષિતકારી છે= પારિણામિકી બુદ્ધિથી સંઘ સુપરીક્ષિતકારી છે ? ઉત્તર આપે છે — અહીં=કોઈક નગરમાં, અર્થી વડે સંઘપ્રધાનની સમીપે=સંઘમાં પ્રધાન એવા સુસાધુ સમીપે, સંઘ સમવાય થાય અને તેના વડે=સંઘપ્રધાન પુરુષ વડે, સંઘમેલાપકારી પુરુષને આજ્ઞા કરાઈ, તારા વડે સંઘ ભેગો કરવો જોઈએ અને ત્યાં=એકઠા થયેલા સંઘમાં, પ્રત્યર્થી=તે વ્યવહારનો પ્રત્યર્થી પુરુષ, કોઈક કારણથી આવતો નથી. તેથી મનુષ્ય મોકલવો જોઈએ. તમને સંઘ બોલાવે છે. તે આવ્યો નહિ તેથી બીજીવાર પણ મનુષ્યને મોકલે છે તોપણ આવતો નથી ત્યાં=તે સંઘમાં, અપરિણામિકો=અપરિણામી દૃષ્ટિવાળા જીવો, કહે છે. આને નિષ્કાસન કરો. ગીતાર્થ વળી કહે છે. ગીતાર્થ મનુષ્યને મોકલાવો. કયા કારણથી આવતો નથી. શું પરિભવથી

**આવતો નથી અથવા ભયથી આવતો નથી ? એ પ્રકારનું ગીતાર્થ મનુષ્ય જાણી શકે એથી તેને મોકલાવાય છે. ત્યાં=સંઘના સમવાયમાં, જો ભયથી આવતો નથી તો કહેવું જોઈએ.**

શું કહેવું જોઈએ ? તે કહે છે –

**તને ભય નથી, ભગવાન શ્રમણસંઘ પરિત્રાણકારી છે. હવે પરિભવથી આવતો નથી=સંઘમાં મારો પરિભવ થશે; કેમ કે જિનવચનાનુસાર મારી પ્રવૃત્તિ નથી તે ભયથી આવતો નથી તો સંઘ બહાર કરાય છે. આ રીતે સુપરીક્ષિતકારી સંઘ છે અને તે રીતે કહે છે=ગાથામાં ઉત્તરાર્ધથી કહે છે. બે ત્રણ વાર મનુષ્ય મોકલાયે છતે પણ નહિ આવતા એવા તેને સંઘ નિક્ષેપ કરતો નથી=સંઘ બાહ્ય કરતો નથી. જે કારણથી સંઘ આ રીતે પર્યાલોચન કરે છે. કોણ જાણે છે=જણાતું નથી કયા કારણથી આવતો નથી. ।।૧૩૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે શ્રમણ સંઘ પારિણામિકીબુદ્ધિથી યુક્ત હોય છે તેથી સુપરીક્ષિતકારી હોય છે. કેમ સુપરીક્ષિતકારી છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – કોઈક કારણથી સર્વજ્ઞના વચનના વિષયમાં સંઘવર્તી જીવોમાં વિવાદ થાય ત્યારે સંઘ એકઠો થાય છે અને જે લોકોનો પરસ્પર વિવાદ છે તેમાંથી કોઈ એક પ્રત્યર્થી=શુદ્ધ ન્યાય પ્રાપ્ત કરવાનો અર્થી પુરુષ, સંઘ એકઠો થાય ત્યારે પણ આવતો નથી તેથી મનુષ્યને મોકલીને તેને કહે છે કે સંઘ તને બોલાવે છે. છતાં તે આવતો નથી તો ફરી બીજીવાર તેને બોલાવે છે. છતાં તે આવતો નથી ત્યારે જેઓમાં પરિણામને જોનારી બુદ્ધિ નથી તેઓ કહે છે કે આને સંઘ બહાર કરો પરંતુ ગીતાર્થો કહે છે કે તેને બોલાવવા માટે ગીતાર્થ મનુષ્યને મોકલો અર્થાત્ કયા કારણથી તે આવતો નથી તેનો પરમાર્થથી નિર્ણય કરી શકે તેવા ગીતાર્થ મનુષ્યને મોકલો અને જો તે પરિભવથી નથી આવતો, સંઘમાં મારો પરિભવ થશે તે ભયથી નથી આવતો તેમ તે ગીતાર્થ પુરુષ પૃચ્છા કરીને નિપુણતાથી જાણીને આવે તો તેને સંઘ બહાર કરે છે પરંતુ તેને ભય છે કે પોતે સત્યનો પક્ષપાતી હોવા છતાં પ્રતિપક્ષવાળા બળવાન છે માટે આવતો નથી આવું ગીતાર્થને જણાય ત્યારે તે ગીતાર્થ પુરુષ વિચારે છે કે જો તે પરિભવથી ન આવતો હોય તો તેને સંઘ બહાર કરાય નહિ અને જ્યાં સુધી એ પ્રકારનો નિર્ણય ન થાય ત્યાં સુધી સંઘ તેને સંઘ બહાર કરે નહિ એ પારિણામિકી બુદ્ધિ છે; કેમ કે સત્યનો પક્ષપાતી પણ ભયથી ન આવતો હોય અને તેને સંઘ બહાર કરવામાં આવે તો પરિણામ સુંદર આવે નહિ માટે પારિણામિકી બુદ્ધિવાળો સંઘ ઉચિત સમાલોચન કર્યા પછી તે વ્યક્તિ અયોગ્ય જ છે તેવો નિર્ણય થાય પછી સંઘ બહાર કરે. **।।૧૩૧-૧૩૨।।**

**ગાથા :-**

**नाऊण परिभवेणं, नागच्छेती ततो उ णिज्जुहणा ।**
**आउट्टे ववहारो, एवं सुविणिच्छकारी उ ।।१३३।।**

**અન્વયાર્થ :-**

परिभवेणं नाऊण=પરિભવને જાણીને, नागच्छेती=આવતો નથી. ततो णिज्जुहणा=તે સંઘથી બહાર કરવો જોઈએ. आउट्टे उ ववहारो=વળી આવૃત્ત છતો વ્યવહાર કરવો જોઈએ. एवं सुविणिच्छकारी=આ રીતે સુવિનિશ્ચિતકારી સંઘ છે. ॥૧૩૩॥

**ગાથાર્થ :-**

**પરિભવને જાણીને આવતો નથી તે સંઘથી બહાર કરવો જોઈએ. વળી આવૃત્ત છતો વ્યવહાર કરવો જોઈએ આ રીતે સુવિનિશ્ચિતકારી સંઘ છે. ॥૧૩૩॥**

**ટીકા :-**

'नाऊण'त्ति । परिभवेन नागच्छतीति ज्ञात्वा तस्मिन्ननागच्छति 'ततः' सङ्घात् 'निर्यूहणा' निष्काशनं कर्त्तव्यम् । अथ शठतामपि कृत्वा स प्रत्यावृत्तः सङ्घं प्रसादयति ततस्तस्मिन्नागते व्यवहारो दातव्यः । एवं सुविनिश्चितकारी सङ्घः ।।१३३।।

**ટીકાર્થ :-**

परिभवेन नागच्छतीति ..... सुविनिश्चितकारी सङ्घः ।। પરિભવથી આવતો નથી એ પ્રમાણે જાણીને તે નહિ આવતે છતે તે સંઘથી બહાર કરવો જોઈએ. હવે શઠતાને પણ કરીને તે=બોલાવવા છતાં નહિ આવનાર પુરુષ, પાછા ફરે તો સંઘ પ્રસાદ કરે છે. ત્યારપછી તે આવ્યે છતે વ્યવહાર કરવો જોઈએ. આ રીતે સંઘ સુવિનિશ્ચિતકારી છે અર્થાત્ કોઈ જીવનું અહિત ન થાય તેમ મધ્યસ્થતાપૂર્વક જિનવચનાનુસાર ઉચિત જીવનું હિત થાય તેવી ચિંતા કરનાર છે. ॥૧૩૩॥

**અવતરણિકા :-**

यस्तु भीतो नागच्छति तं प्रतीदं वक्तव्यम् –

**અવતરણિકાર્થ :-**

જે વળી ભય પામેલો આવતો નથી=પરિભવથી આવતો નથી એમ નહિ પરંતુ તેને ભય છે કે પ્રતિપક્ષ બળવાન છે તેથી મારી વસ્તુ ગ્રાહ્ય થશે નહિ એ પ્રકારના કોઈક ભયથી આવતો નથી. તેના પ્રત્યે=ભય પામેલા પ્રત્યે, આ કહેવું જોઈએ=ગાથામાં કહેવાય છે તે કહેવું જોઈએ –

**ગાથા :-**

आसासो वीसासो, सीअघरसमो अ होइ मा भीहि ।
अम्मापीतिसमाणो, सरणं संघो उ सव्वेसिं ।।१३४।।

**અન્વયાર્થ :-**

आसासो=આશ્વાસ, वीसासो=વિશ્વાસ, सीअघरसमो अ=અને શીતઘર જેવો, होइ=હોય છે=સંઘ હોય છે. मा भीहि=ભય પામ નહિ, अम्मापीतिसमाणो=માતા-પિતા સમાન સંઘ છે. सव्वेसिं उ सरणं संघो=વળી સર્વને શરણ સંઘ છે. ।।૧૩૪।।

**ગાથાર્થ :-**

**આશ્વાસ, વિશ્વાસ અને શીતઘર જેવો હોય છે=સંઘ હોય છે. ભય પામ નહિ. માતા-પિતા સમાન સંઘ છે. સર્વને શરણ સંઘ છે. ।।૧૩૪।।**

**ટીકા :-**

'आसासो'त्ति । आश्वासयतीत्याश्वासः-भीतानामाश्वासनकारी भगवान् श्रमणसङ्घः, विश्वासयतीति विश्वासः-व्यवहारे वञ्चनाया अकर्त्ता, सर्वत्र समतया शीतगृहेण समः, तथा मातापितृभ्यां समानः-पुत्रेषु मातापितराविव व्यवहारार्थिष्वविषमदर्शी, तथा सर्वेषां प्राणिनां शरणं भगवान् सङ्घस्तस्मान्मा भैस्त्वमिति, इदं च परिभावय सङ्घोऽव्यवहारं न करोति ।।१३४।।

**ટીકાર્થ :-**

आश्वासयतीत्या ..... व्यवहारं न करोति ।। આશ્વાસન આપે છે એ આશ્વાસ છે. ભય પામેલાઓને આશ્વાસન કરનાર ભગવાન શ્રમણસંઘ છે. વિશ્વાસ આપે છે એ વિશ્વાસ છે. વ્યવહારમાં વંચનાનો અકર્તા છે=શ્રમણસંઘ વિવાદ વખતે વ્યવહારના છેદમાં વંચનાનો અકર્તા છે. તેથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે – સર્વત્ર=વ્યવહારના વિષયભૂત સર્વ પણ કાર્યોમાં સમપણું હોવાથી શીતગૃહની સમાન છે=બધાને શીતલતા આપનાર છે અને માતા-પિતાની સમાન છે=પુત્રોમાં માતા-પિતાની જેમ વ્યવહારના અર્થીમાં અવિષમદર્શી હોય છે અને સર્વ પ્રાણીઓને શરણ ભગવાન સંઘ છે તે કારણથી તું ભય પામ નહિ અને આ પ્રમાણે પરિભાવન કર.

શું પરિભાવન કરે ? તે બતાવે છે –

સંઘ અવ્યવહારને કરતો નથી. ।।૧૩૪।।

**અવતરણિકા :-**

यतः –

**અવતરણિકાર્થ :-**

જે કારણથી=સંઘ ગાથા-૧૩૪માં કહ્યું તેવો છે. કેમ તેવો છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે જે કારણથી –

ગાથા :-

सीसो पडिच्छओ वा, आयरिओ वा ण सोग्गइं णेइ ।
जे सच्चकरणजोगा, ते संसारा विमोइंति ।।१३५।।

અન્વયાર્થ :-

सीसो पडिच्छओ वा=શિષ્ય અથવા પ્રતિચ્છક, आयरिओ वा=અથવા આચાર્ય, सोग्गइं ण णेइ=સુગતિમાં લઈ જતા નથી, जे सच्चकरणजोगा=જે સત્યકરણયોગો છે, ते संसारा विमोइंति=તે સંસારથી મુકાવે છે. ।।૧૩૫।।

ગાથાર્થ :-

શિષ્ય અથવા પ્રતિચ્છક અથવા આચાર્ય સુગતિમાં લઈ જતા નથી. જે સત્યકરણ યોગો છે તે સંસારથી મુકાવે છે. ।।૧૩૫।।

ટીકા :-

'सीसो'त्ति । 'शिष्यः' स्वदीक्षितः 'प्रतीच्छकः' परगणवर्त्ती सूत्रार्थतदुभयग्राहकः 'आचार्यः' वाचनाचार्यादिको न सुगतिं नयति किन्तु ये 'सत्यकरणयोगाः' संयमानुगतमनोवाक्कायव्यापारास्ते संसाराद्विमोचयन्ति ।।१३५।।

ટીકાર્થ :-

'शिष्यः' स्वदीक्षितः 'प्रतीच्छकः' ..... संसाराद्विमोचयन्ति ।। શિષ્ય=સ્વદીક્ષિત, પ્રતિચ્છક=પર-ગણવર્તી સૂત્ર, અર્થ અથવા તદુભય ગ્રાહક, આચાર્ય=વાચનાચાર્ય આદિ સુગતિમાં લઈ જતા નથી પરંતુ જે સત્યકરણયોગો=સંયમને અનુસરનારા જે મન, વચન, કાયાના વ્યાપારો તે સંસારથી મુકાવે છે. ।।૧૩૫।।

ગાથા :-

सीसो पडिच्छओ वा, आयरिओ वावि एहिआ एए ।
जे सच्चकरणजोगा, ते संसारा विमोइंति ।।१३६।।

અન્વયાર્થ :-

सीसो पडिच्छओ वा=શિષ્ય અથવા પ્રતિચ્છક, आयरिओ वावि=અથવા આચાર્ય, एए एहिआ=આ સર્વે ઐહિક છે=આ લોકમાં ઉપયોગી છે. जे सच्चकरणजोगा=જે સત્યકરણયોગો છે, विमोइंति=તે સંસારથી મુકાવે છે. ।।૧૩૬।।

ગાથાર્થ :-

શિષ્ય અથવા પ્રતિચ્છક અથવા આચાર્ય આ સર્વે ઐહિક છે=આ લોકમાં ઉપયોગી છે. જે સત્યકરણયોગો છે તે સંસારથી મુકાવે છે. ।।૧૩૬।।

ટીકા :-

'सीसो'त्ति । शिष्यः प्रातीच्छिको वाऽऽचार्यो वा 'एते' सर्वेऽपीह लोके उपयुक्ताः परलोके पुनः सत्यकरणयोगाः, तथा चाह—ये सत्यकरणयोगास्ते संसाराद्विमोचयन्ति ।।१३६।।

ટીકાર્થ :-

शिष्यः प्रातीच्छिको ..... संसाराद्विमोचयन्ति ।। શિષ્ય અથવા પ્રતિચ્છક અથવા આચાર્ય આ સર્વ પણ આ લોકમાં ઉપયોગી છે. વળી પરલોકમાં સત્યકરણયોગો ઉપયોગી છે અને તે પ્રમાણે કહે છે=સત્યકરણયોગો પરલોકમાં ઉપયોગી છે તે રીતે, જે સત્યકરણયોગો છે=મોહનાશને અનુકૂળ અંતરંગ ભાવોને સ્પર્શનારા જે મન, વચન, કાયાના યોગો, તે સંસારથી મુકાવે છે. ।।૧૩૬।।

ગાથા :-

सीसो पडिच्छओ वा, कुल गण संघो न सोग्गइं णेइ ।
जे सच्चकरणजोगा, ते संसारा विमोइंति ।।१३७।।

અન્વયાર્થ :-

सीसो पडिच्छओ वा=શિષ્ય અથવા પ્રતિચ્છક, कुल गण संघो=કુલ ગણ અથવા સંઘ, सोग्गइं न णेइ= સુગતિમાં લઈ જતા નથી. जे सच्चकरणजोगा=જે સત્યકરણયોગો છે, ते संसारा विमोइंति=તે સંસારથી મુકાવે છે. ।।૧૩૭।।

ગાથાર્થ :-

શિષ્ય અથવા પ્રતિચ્છક કુલ, ગણ અથવા સંઘ સુગતિમાં લઈ જતા નથી. જે સત્યકરણયોગો છે તે સંસારથી મુકાવે છે. ।।૧૩૭।।

ટીકા :-

'सीसो'त्ति । शिष्यः प्रातीच्छिको वा कुलं वा गणो वा सङ्घो वा न सुगतिं नयति किन्तु ये सत्यकरणयोगास्ते संसाराद्विमोचयन्ति ।।१३७।।

ટીકાર્થ :-

शिष्यः प्रातीच्छिको ..... संसाराद्विमोचयन्ति ।। શિષ્ય અથવા પ્રાતીચ્છિક અથવા કુલ અથવા ગણ

અથવા સંઘ સુગતિમાં લઈ જતા નથી પરંતુ જે સત્યકરણયોગો છે તે=સત્યકરણયોગો સંસારથી મુકાવે છે. ।।૧૩૭।।

ગાથા :-

सीसो पडिच्छओ वा, कुल गण संघो व एहिआ एए ।
जे सच्चकरणजोगा, ते संसारा विमोइंति ।।१३८।।

અન્વયાર્થ :-

सीसो पडिच्छओ वा=શિષ્ય અથવા પ્રતિચ્છક, कुल गण संघो व=કુલ, ગણ અથવા સંઘ, एए एहिआ=આ ઐહિક છે=આ લોકમાં ઉપયોગી છે. जे सच्चकरणजोगा=જે સત્યકરણયોગો છે. ते संसारा विमोइंति=તે સંસારથી મુકાવે છે. ।।૧૩૮।।

ગાથાર્થ :-

શિષ્ય અથવા પ્રતિચ્છક અથવા કુલ, ગણ, સંઘ આ ઐહિક છે=આ લોકમાં ઉપયોગી છે. જે સત્યકરણયોગો છે તે સંસારથી મુકાવે છે. ।।૧૩૮।।

ટીકા :-

'सीसो'त्ति सुगमा ।।१३८।।

ટીકાર્થ :-

શિષ્ય એ પ્રમાણે ગાથા-૧૩૮ સુગમ છે. ।।૧૩૮।।

ગાથા :-

सीसे पडिच्छए वा, कुल गण संघे व जो उ समदंसी ।
ववहारसंथवेसु अ, सो सीअघरोवमो संघो ।।१३९।।

અન્વયાર્થ :-

सीसे पडिच्छए वा=શિષ્ય અથવા પ્રતિચ્છક, कुल गण संघे व=કુલ, ગણ અથવા સંઘમાં, संथवेसु ववहार=અને સંસ્તવમાં વ્યવહાર ઉત્પન્ન થયે છતે, जो उ समदंसी=જે વળી સમદર્શી છે, सो सीअघरोवमो संघो=તે શીતઘરની ઉપમાવાળો સંઘ છે. ।।૧૩૯।।

ગાથાર્થ :-

શિષ્ય અથવા પ્રતિચ્છક અથવા કુલ, ગણ, સંઘમાં અને સંસ્તવમાં વ્યવહાર ઉત્પન્ન થયે છતે જે વળી સમદર્શી છે તે શીતઘરની ઉપમાવાળો સંઘ છે. ।।૧૩૯।।

**ટીકા :-**

**'सीसे'त्ति । 'शिष्ये' स्वदीक्षिते 'प्रातीच्छिके वा' विद्यां प्रतीच्छति कुले गणे सङ्घे वा समदर्शी व्यवहारे उत्पन्ने, तथा 'संस्तवेषु' पूर्वसंस्तुतेषु पश्चात्संस्तुतेषु वाऽन्यैः समं व्यवहारे जाते समदर्शी, अतः सङ्घः शीतगृहोपमः । यथा शीतगृहमाश्रितानां स्वपरविशेषाकरणतः परितापपरिहारि तथा व्यवहारार्थमागततातां सङ्घोऽपि स्वपरविशेषाकरणतः परितापपरिहारीति ।।१३९।।**

**ટીકાર્થ :-**

**'शिष्ये' स्वदीक्षिते ..... परितापपरिहारीति ।। શિષ્યમાં=સ્વદીક્ષિતમાં પ્રાતિચ્છકમાં=વિદ્યાને જે ગ્રહણ કરે છે તે પ્રાતિચ્છિકમાં, કુલમાં, ગણમાં, સંઘમાં વ્યવહાર ઉત્પન્ન થયે છતે સમદર્શી સંઘ છે અને સંસ્તવોમાં=પૂર્વ સંસ્તુતોમાં અથવા પશ્ચાત્ સંસ્તુતોમાં અન્યોની સાથે વ્યવહાર થયે છતે=પૂર્વસંસ્તુતો વિષયક અથવા પશ્ચાત્ સંસ્તુતો વિષયક અન્યની સાથે વ્યવહાર થયે છતે, સમદર્શી છે=સંઘ સમદર્શી છે આથી સંઘ શીતગૃહની ઉપમાવાળો છે. જે પ્રમાણે શીતઘરમાં રહેલા જીવોને સ્વ-પરના વિશેષના અકરણથી પરિતાપનો પરિહારી છે. તે પ્રમાણે વ્યવહાર માટે આવેલા જીવોને સંઘ પણ સ્વ-પરના વિશેષના અકરણથી પરિતાપનો પરિહાર કરનાર છે. ।।૧૩૯।।**

**ભાવાર્થ :-**

કોઈક કારણથી સંઘના જીવોમાં વિચારભેદ થાય ત્યારે તેનો ઉચિત નિર્ણય કરવા અર્થે સંઘ એકઠો થાય છે અને સંઘના જે વ્યક્તિ સાથે વિવાદ થયો છે તેને સંઘ બોલાવે છે છતાં પોતાનો પરાભવ થશે એમ જાણીને તે આવતો નથી તેથી ફલિત થાય છે કે કંઈક અંશે જણાય છે કે મારું કથન સત્ય નથી તેથી સંઘ સમક્ષ તે વચન અસત્ય સિદ્ધ થશે માટે મારો પરાભવ થશે તેના કારણે અનેક વખત બોલાવવા છતાં આવતો નથી તેનો નિર્ણય ગીતાર્થ પુરુષને મોકલવાથી થાય છે ત્યારે એકઠો થયેલો સંઘ તેને સંઘ બહાર કરે છે; કેમ કે મધ્યસ્થતાપૂર્વક જિનવચનાનુસાર વ્યવહાર સ્વીકારવા તે તૈયાર નથી. આમ છતાં કર્મવશ જીવ છે આ રીતે શઠતા કરીને પણ પાછળથી તેને પશ્ચાત્તાપ થાય અને પોતાની ભૂલ સ્વીકારે તો સંઘ તેને પ્રસાદ કરે છે અને ત્યારપછી જે વિષયમાં વિવાદ થયો છે સંઘ તેનો તે વ્યવહાર મધ્યસ્થતાપૂર્વક કરે છે. તેથી નક્કી થાય છે કે સંઘ સુનિર્ણય કરીને કાર્ય કરનાર છે, સ્વમતિથી કાર્ય કરનાર નથી; કેમ કે સંઘમાં રહેલા જિનવચનાનુસાર તત્ત્વને જાણનારા શ્રમણાદિ કે શ્રાવકાદિ સ્વચ્છ પારિણામિકી બુદ્ધિવાળા હોય છે જેથી કોઈનું અહિત ન થાય તે રીતે ઉચિત વ્યવહાર કરે છે.

વળી, જેની સાથે વિવાદ થયો છે તેમાંથી કોઈક વ્યક્તિ ભયથી આવતી નથી અર્થાત્ તેને ભય છે કે સામો પક્ષ બળવાન છે તેથી મારું વચન ગ્રાહ્ય થશે નહિ માટે હું જઈશ તો મારો પરાભવ જ થશે એ પ્રકારના ભયથી સંઘ એકઠો થયે છતે પણ આવતો નથી તેને પણ સંઘ આશ્વાસન આપે છે અને કહે છે કે ભગવાનનો સંઘ આશ્વાસનકારી છે, વ્યવહારમાં ક્યારેય અન્યાયને કરનાર નથી પરંતુ બધા પક્ષોમાં

સમદર્શી છે તેથી શીતઘર જેવો છે. માટે સંઘ જ્યારે બોલાવે ત્યારે અવશ્ય આવવું જોઈએ જેથી પોતાનો પક્ષ સત્ય હોય તો સન્માર્ગની સ્થાપના થાય તેથી સર્વ જીવોને સત્ય માર્ગનો જ પક્ષપાત થાય અને પોતાનો પક્ષ અજ્ઞાનવશ જિનવચનથી અન્યથા હોય તો સંઘના વ્યવહારથી તેનું પરિમાર્જન થાય છે, વળી, અજ્ઞાનને વશ પોતે વિપરીત પ્રવૃત્તિ કરતા હોય તેનું નિવારણ થાય છે જેના કારણે જિનવચનાનુસાર મધ્યસ્થ પરિણતિ સ્થિર થાય છે. અસત્ય પક્ષપાતના અનર્થથી પોતાનું રક્ષણ થાય છે. માટે સંઘ બધા પક્ષો પ્રત્યે શીતઘર જેવો છે.

વળી, જેમ માતા-પિતા વિવેકસંપન્ન હોય તો બધા પુત્રો પ્રત્યે સમદર્શી હોય છે તેમ સંઘ પણ સંઘમાં રહેલા બધા જીવો પ્રત્યે સમદર્શી હોય છે. તેથી ઉચિત વ્યવહાર કરીને બધાનું હિત જ કરે છે માટે સર્વ પ્રાણીઓને શરણ ભગવાન સંઘ છે માટે તું ભય પામ નહિ એ પ્રકારે ભય પામેલાને સંઘ આશ્વાસન આપે છે.

કેમ સંઘ શીતઘર જેવો છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કોઈ આચાર્યના ઘણા શિષ્યો હોય, સારો પ્રતિચ્છક હોય અથવા કોઈ ગણમાં સારા આચાર્ય હોય તેઓ જીવને સુગતિમાં લઈ જઈ શકતા નથી પરંતુ તે તે જીવમાં સંયમને અનુસરનારા મન, વચન, કાયાના યોગો વીતરાગતાને અભિમુખ જનારા હોવાથી સત્યકરણયોગો છે તે જીવને સંસારથી મુકાવે છે. ફક્ત શિષ્યાદિ જીવને આ લોકમાં ઉપયોગી થઈ શકે અને સત્યકરણયોગો જીવમાં પ્રગટ કરવામાં નિમિત્ત કારણ બની શકે પરંતુ તે જીવમાં સત્યકરણયોગો પ્રગટ થાય નહિ તો તે જીવનું સંસારથી નિસ્તરણ થઈ શકતું નથી. આથી જ જે શિષ્યાદિ કે જે આચાર્યાદિ વ્યવહાર કરતી વખતે સમદર્શી હોય તો તેનાથી ઉત્પન્ન થયેલો વ્યવહાર સત્ય-કરણયોગનું રક્ષણ કરનાર બને છે. માટે સંઘ શીતઘરની ઉપમાવાળો છે અને જે સંઘમાં એવા શિષ્ય આચાર્યાદિ નથી તેવો સંઘ મધ્યસ્થતાપૂર્વક સત્યકરણયોગોનું રક્ષણ થાય તે પ્રકારે વ્યવહાર કરનાર નહિ હોવાથી પરમાર્થથી તે સંઘ નથી. આથી જ કહ્યું કે તે શિષ્ય, પ્રતિચ્છક, આચાર્યાદિ કોઈ સંસારથી મુકાવતા નથી પરંતુ જીવમાં પ્રગટ થનારા સત્યકરણયોગો જ જીવને સંસારથી મુકાવે છે. આ પ્રકારે ભય પામેલા અને સંઘના વ્યવહાર વખતે નહિ આવનાર પ્રત્યર્થીને સંઘ કહે છે જેથી તે વચન સાંભળીને તેનો ભય દૂર થાય છે અને તેને વિશ્વાસ થાય છે આ સંઘની અંદર મધ્યસ્થનો સમુદાય જ સુવ્યવહાર કરીને હિત કરનાર છે, જે સાંભળીને યોગ્ય જીવમાં જે ભય હોય છે તે દૂર થાય છે અને નિર્ભય થઈને આવેલા તે જીવનો તે રીતે જ વ્યવહાર કરે છે જેથી સુવ્યવહાર પ્રાપ્ત કરીને સંઘ અંતર્વર્તી જીવો સત્યકરણયોગોની વૃદ્ધિ કરી શકે. **॥૧૩૩થી ૧૩૯॥**

**અવતરણિકા :-**

**सम्प्रति सङ्घशब्दस्य व्युत्पत्तिमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે સંઘ શબ્દની વ્યુત્પત્તિને કહે છે. અર્થાત્ પૂર્વમાં કહ્યું કે સંઘ શીતઘરની ઉપમાવાળો છે; કેમ કે**

સર્વત્ર સમદર્શી છે તેથી જિજ્ઞાસા થાય કે કેવો સંઘ શીતઘરની ઉપમાવાળો છે ? તેનો બોધ કરાવવા અર્થે સંઘ શબ્દની વ્યુત્પત્તિ કરે છે –

**ગાથા :-**

गिहिसंघायं जहिउं, संजमसंघायगं उवगए णं ।
नाणचरणसंघायं, संघायंतो हवइ संघो ।।१४०।।

**અન્વયાર્થ :-**

गिहिसंघायं=ગૃહસ્થના સંઘાતને, जहिउं=છોડીને, संजमसंघायगं उवगए णं=સંયમ સંઘાતને પામેલો, नाणचरणसंघायं=જ્ઞાનચારિત્રના સંઘાતને, संघायंतो संघो हवइ=સંઘાતન કરતો સંઘ થાય છે. ।।૧૪૦।।

**ગાથાર્થ :-**

ગૃહસ્થના સંઘાતને છોડીને સંયમ સંઘાતને પામેલો, જ્ઞાનચારિત્રના સંઘાતને સંઘાતન કરતો સંઘ થાય છે. ।।૧૪૦।।

**ટીકા :-**

'गिहिसंघायं'ति । गृहिणां-संसारिणां मातापित्रादीनां सङ्घातं 'हित्वा' परित्यज्य संयमसङ्घातमुपगतः सन् णमिति वाक्यालङ्कारे ज्ञानचरणसङ्घातं सङ्घातयति स्वात्मनि स्थितं करोति स ज्ञानचरणं सङ्घातयन् भवति सङ्घः, सङ्घातयतीति सङ्घ इतिव्युत्पत्तेः । विपरीतस्तु सङ्घो न भवति ।।१४०।।

**ટીકાર્થ :-**

गृहिणां-संसारिणां ..... सङ्घो न भवति ।। ગૃહીઓના=સંસારી માતા-પિતાદિના સંઘાતને છોડીને સંયમ સંઘાતને પામેલો છતો જ્ઞાન, ચારિત્રના સંઘાતને સંઘાતન કરે છે=પોતાના આત્મામાં સ્થિત કરે છે. તે=જ્ઞાનચરણના સંઘાતને કરનાર સંઘ થાય છે; કેમ કે સંઘાતનને કરે છે એ સંઘ એ પ્રકારની વ્યુત્પત્તિ છે. વળી વિપરીત=જેઓ જ્ઞાનચરણ સ્વઆત્મામાં સંઘાતન કરતા નથી તે, સંઘ નથી. શ્લોકમાં આપેલ 'णं' એ વાક્યાલંકારમાં છે. ।।૧૪૦।।

**અવતરણિકા :-**

यतः –

**અવતરણિકાર્થ :-**

જે કારણથી=પૂર્વમાં સંઘ શબ્દની વ્યુત્પત્તિ કરી એ જ સંઘ છે મનુષ્યોનો સમુદાય સંઘ નથી એ બતાવવા માટે કહે છે જે કારણથી, શું ? તે ગાથામાં બતાવે છે –

ગાથા :-

नाणचरणसंघायं, रागद्दोसेहिं जो विसंघाए ।
सो संघायइ अबुहो, गिहिसंघायम्मि अप्पाणं ।।१४१।।

અન્વયાર્થ :-

नाणचरणसंघायं=જ્ઞાનચારિત્રના સંઘાતને, रागद्दोसेहिं=રાગદ્વેષો વડે, जो विसंघाए=જે વિસંઘાતન કરે છે=આત્મામાંથી પૃથક્ કરે છે. सो अबुहो=તે અબુધ, गिहिसंघायम्मि=ગૃહસ્થના સમુદાયમાં, अप्पाणं संघायइ=પોતાને સંઘાતન કરે છે. ।।૧૪૧।।

ગાથાર્થ :-

જ્ઞાનચારિત્રના સંઘાતને રાગદ્વેષો વડે જે વિસંઘાતન કરે છે=આત્મામાંથી પૃથક્ કરે છે, તે અબુધ ગૃહસ્થના સમુદાયમાં પોતાને સંઘાતન કરે છે. ।।૧૪૧।।

ટીકા :-

'नाण'त्ति । यो ज्ञानचरणसङ्घातं रागद्वेषैः अनेकव्यक्त्यपेक्षया बहुवचनम्, विसङ्घातयति सः 'अबुद्धः' मूर्खो गृहिसङ्घाते आत्मानं 'सङ्घातयति' मेलयति स परमार्थतो न सङ्घः, ज्ञानचरणसङ्घात-लक्षणप्रवृत्तिनिमित्तभावात् तात्पर्यबललभ्यविशिष्टव्युत्पत्तिनिमित्तस्यैव प्रवृत्तिनिमित्तत्वात्, सङ्घातनमात्र-व्युत्पत्तिनिमित्तापेक्षया त्वस्थिसङ्घातनरूपः स सङ्घ इत्युक्तं प्राक् ।।१४१।।

ટીકાર્થ :-

यो ज्ञानचरणसङ्घातं ..... सङ्घ इत्युक्तं प्राक् ।। જે જ્ઞાનચારિત્રના સંઘાતને રાગદ્વેષ વડે વિસંઘાતન કરે છે=આત્મામાંથી પૃથક્ કરે છે તે અબુધ=મૂર્ખ ગૃહીસંઘાતમાં=ગૃહસ્થના સંઘાતમાં પોતાને મેળવે છે. તે પરમાર્થથી=પારમાર્થિક રીતે સંઘ શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને, સંઘ નથી; કેમ કે જ્ઞાનચારિત્રના સંઘાતરૂપ પ્રવૃત્તિ નિમિત્તનો અભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે તે પણ પોતાને ગૃહીસંઘાતમાં સંઘાતન કરે છે તેથી તેમાં સંઘ શબ્દની પ્રવૃત્તિ નિમિત્તનો અભાવ કેમ છે ? તેથી બીજો હેતુ કહે છે. તાત્પર્ય બળથી લબ્ધ વિશિષ્ટ વ્યુત્પત્તિ નિમિત્તનું જ પ્રવૃત્તિનિમિત્તપણું છે=ભગવાનના શાસનમાં જે તાત્પર્યથી સંઘ શબ્દનો પ્રયોગ કરાયો છે તે તાત્પર્યના બળથી પ્રાપ્ત એવી વિશિષ્ટ વ્યુત્પત્તિ છે કે જ્ઞાનચારિત્રનો સંઘાત કરે તે સંઘ તેવા વ્યુત્પત્તિ નિમિત્ત એવો પરિણામ જેમાં દેખાય તેમાં જ સંઘ શબ્દની પ્રવૃત્તિનું નિમિત્તપણું છે.

અહીં પ્રશ્ન થાય કે વિશિષ્ટ વ્યુત્પત્તિ નિમિત્તને પ્રવૃત્તિ નિમિત્ત ન સ્વીકારીએ તો શું દોષ છે ? એથી કહે છે –

**સંઘાતન માત્ર વ્યુત્પત્તિ નિમિત્તની અપેક્ષાથી વળી હાડકાના સંઘાતરૂપ તે સંઘ છે એ પ્રકારે પૂર્વમાં કહેવાયેલું છે.**

ગાથામાં રાગદ્વેષમાં બહુવચનનો પ્રયોગ કર્યો છે તો કેમ બહુવચન છે એકવચન કેમ નહિ ? તેથી કહે છે –

**અનેક વ્યક્તિની અપેક્ષાથી=જીવમાં ભિન્ન પ્રકારના રાગદ્વેષના પરિણામોરૂપ અનેક વ્યક્તિની અપેક્ષાએ બહુવચન છે. ll૧૪૧ll**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે સંઘ શીતઘર જેવો છે તેથી જ્યારે સંઘમાં કોઈ કૃત્ય વિષયક ઉચિત નિર્ણય ન થાય ત્યારે સંઘ એકઠો થાય છે અને પરસ્પર વિવાદ થયેલા તે પ્રશ્નનો જિનવચનાનુસાર સમાધાન કરીને બંને પક્ષને હિત કરનાર થાય છે માટે શીતઘર જેવો છે; કેમ કે કષાયના શમનરૂપ શીતલતા આપાદન કરે છે. તેથી તે સંઘ કેવો હોય ? તેનો બોધ કરાવવા અર્થે કહે છે.

જેઓએ સંસારી માતા-પિતાદિના સમૂહને છોડીને સંયમસંઘાત સ્વીકાર્યો છે=પોતાનામાં સંયમવૃદ્ધિ પામે તેવો યત્ન સ્વીકાર્યો છે તેવો જીવ જ્ઞાનચારિત્રના સમૂહને પોતાના આત્મામાં સંઘાતન કરે છે=સ્થિર કરે છે અને જેઓ સંયમગ્રહણ કરીને જ્ઞાનચારિત્રનું આત્મામાં યોજન કરી રહ્યા છે એવો શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ છે તેથી શ્રાવકો પણ હંમેશાં ભાવસાધુપણું સ્મરણ કરીને તેવા ભાવસાધુપણાને અનુકૂળ શક્તિ સંચય થાય તે રીતે જ ઉચિત પ્રવૃત્તિ કરે છે માટે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર, સર્વવિરતિધર જીવોનો સમૂહ તે જ સંઘ છે; કેમ કે તે સર્વ જીવો હંમેશાં જિનવચનાનુસાર જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છે છે અને શક્તિ અનુસાર સંવરભાવને પ્રગટ કરવા માટે યત્ન કરે છે તેથી સંઘ છે અને જેઓ તે પ્રકારે કરતા નથી, જન્મ માત્રથી સંઘમાં તેમની ગણના થતી હોય તોપણ ગુણોનો સંઘાતન નહિ કરનાર હોવાથી પરમાર્થથી સંઘ નથી.

કેમ તેઓ સંઘમાં નથી ? તેથી કહે છે –

જેઓ મોક્ષના કારણીભૂત સમ્યગ્જ્ઞાન અને મોક્ષને અનુકૂળ સંવર ભાવરૂપ ચારિત્રના સમૂહને રાગદ્વેષો વડે વિસંઘાતન કરે છે=પોતાના આત્મામાંથી પૃથક્ કરે છે. મૂર્ખ એવા તેઓ પારમાર્થિક સંઘમાંથી પોતાને પૃથક્ કરીને ગૃહસ્થના સમુદાયમાં મેળવે છે. અર્થાત્ જેમ સંસારી જીવો તે તે પ્રકારના રાગાદિ ભાવો કરીને ચાર ગતિના પરિભ્રમણરૂપ શક્તિનો સંચય કરે તેમ જેઓ કોઈક રીતે પારમાર્થિક સંઘમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે આમ છતાં કષાયોને વશ થઈને દુર્વ્યવહાર કરે છે તેઓ આત્માને ગૃહસ્થના સમુદાયમાં મેળવે છે તે પરમાર્થથી સંઘ નથી. આથી જ ગાથા-૮૯-૯૦માં કહ્યું એ પ્રમાણે સંઘના કાર્ય પ્રસંગે કોઈક બહુશ્રુત આચાર્ય આવ્યા અને ત્યાંનો સંઘ તે વ્યવહારનો યથાર્થ નિર્ણય કરવા માટે અસમર્થ હતો ત્યારે તે આવેલા નવા આચાર્યે શ્રુતવચનાનુસાર વ્યવહારનો છેદ કર્યો તેથી સંઘે તેમને પ્રમાણ કર્યા ત્યારે તે આચાર્ય તે વખતે પારમાર્થિક રીતે જ્ઞાનચારિત્રનું સંઘાતન કરનારા હોવાથી સંઘમાં હતા; કેમ કે સુવ્યવહાર કરીને પોતાના ચારિત્રના પરિણામનો ઉત્કર્ષ કર્યો પરંતુ પાછળથી પ્રમાદવશ થઈને જ્યારે વ્યવહારનો છેદ પક્ષપાતથી કરે

છે ત્યારે રાગદ્વેષને વશ થઈને પોતાના જ્ઞાનચારિત્રના સંઘાતનો વિનાશ કરે છે તેથી મૂર્ખ એવા તે આચાર્ય પોતાના આત્માને ગૃહસ્થના સંઘાતમાં મેળવે છે ત્યારે પરમાર્થથી તે સંઘમાં નથી; કેમ કે જ્ઞાનચારિત્રનો આત્મામાં સંઘાત કરે એ રૂપ પ્રવૃત્તિનિમિત્તગુણનો તેમનામાં અભાવ છે. જેમ ઘરમાં ઘરપદની પ્રવૃત્તિ નિમિત્તરૂપ એવો ગૃહત્વ ધર્મ છે તેથી તેને ઘર કહેવાય છે. તેમ જેઓ પોતાના આત્મામાં જ્ઞાનચારિત્રનો સંચય કરતા હોય તેઓમાં સંઘપદની પ્રવૃત્તિ નિમિત્તગુણ છે. માટે તેને સંઘ કહેવાય અન્યને સંઘમાં સ્વીકારી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે તેઓ પણ પોતાના આત્માને સંઘમાં છે તેમ માને છે અને વિપરીત પ્રવૃત્તિ કરીને દોષોનું સંઘાતન કરે છે માટે સંઘપદની પ્રવૃત્તિ નિમિત્ત તેઓમાં છે તેમ સ્વીકારવું જોઈએ ? તેથી તેમાં બીજો હેતુ કહે છે.

ભગવાનના શાસનમાં જે તાત્પર્યના બળથી સંઘનો અર્થ કર્યો છે તેનાથી પ્રાપ્ત થતા અર્થને સ્પર્શનાર વિશિષ્ટ વ્યુત્પત્તિ નિમિત્તને જ સંઘપદની પ્રવૃત્તિનું નિમિત્ત સ્વીકારાય છે અને તેવી વ્યુત્પત્તિવાળું લક્ષણ જેઓમાં નથી. તેઓને સંઘપદથી વાચ્ય કરી શકાય નહિ પરંતુ સંઘાત માત્ર વ્યુત્પત્તિના નિમિત્તની અપેક્ષાએ તો હાડકાના સમૂહરૂપ તે સંઘ છે. એમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં-૧૨૯માં કહેલ છે. **॥૧૪૦-૧૪૧॥**

**અવતરણિકા :-**

**एतस्यापायरूपं फलमाह –**

**અવતરણિકાર્થ :-**

**આના=જેઓ જ્ઞાનચારિત્રના સંઘાતનો નાશ કરે છે એના, અપાયરૂપ ફલને કહે છે –**

**ગાથા :-**

**नाणचरणसंघायं, रागद्दोसेहिं जो विसंघाए ।**
**सो भमिही संसारं, चउरंगंतं अणवदग्गं ।।१४२।।**

**અન્વયાર્થ :-**

**जो रागद्दोसेहिं=જે સાધુ રાગદ્વેષો વડે, नाणचरणसंघायं=જ્ઞાનચારિત્રના સંઘાતને, विसंघाए=વિસંઘાત કરે છે, सो=તે સાધુ, चउरंगंतं=ચારગતિના અંતવાળા, अणवदग्गं=અપરિમાણ એવા, संसारं भमिही=સંસારમાં ભમે છે. ।।૧૪૨।।**

**ગાથાર્થ :-**

**જે સાધુ રાગદ્વેષો વડે જ્ઞાનચારિત્રના સંઘાતને વિસંઘાતન કરે છે તે સાધુ ચાર ગતિના અંતવાળા અપરિમાણ એવા સંસારમાં ભમે છે. ।।૧૪૨।।**

**ટીકા :-**

'नाण'त्ति । यो ज्ञानचरणसङ्घातं रागद्वेषैः 'विसङ्घातयति' विघटयति स संसारं चतुर्ष्वङ्गेषु-नारकतिर्यङ्नरामरगतिरूपेषु अन्तः-पर्यन्तो यस्य स तथा तम्, 'अनवदग्रं' कालतोऽपरिमाणं भ्रमिष्यति । तस्य च संसारं परिभ्रमतो वितथव्यवहारकारित्वेनोन्मार्गदेशनया तीर्थकराशातनया च बोधिरपि भवान्तरे दुर्लभा ।।१४२।।

**ટીકાર્થ :-**

यो ज्ञानचरण ..... भवान्तरे दुर्लभा ।। જે=જે સાધુ, જ્ઞાનચારિત્રના સંઘાતને રાગદ્વેષો વડે વિસંઘાતન કરે છે=આત્મામાંથી વિઘટન કરે છે, તે ચાર અંગોમાં=નારક-તિર્યંચ-નર અને અમર આ ચાર ગતિરૂપ ચાર અંતોમાં પર્યંત છે જેને તે તેવા પ્રકારનો છે તેને=ચાર ગતિઓના પરિભ્રમણરૂપ સંસારને, અનવદગ્ર=કાળથી અપરિમાણવાળા સંસારને પરિભ્રમણ કરશે અને સંસારમાં પરિભ્રમણ કરતા એવા તેને વિપરીત વ્યવહારકારીપણાને કારણે ઉન્માર્ગની દેશનાથી અને તીર્થંકરની આશાતનાથી ભવાંતરમાં બોધિ પણ દુર્લભ છે. ।।૧૪૨।।

**અવતરણિકા :-**

तथा चाह –

**અવતરણિકાર્થ :-**

અને તે રીતે કહે છે=જેઓ વિપરીત વ્યવહાર કરે છે તેઓ બોધિને પ્રાપ્ત કરતા નથી એમ પૂર્વની ગાથામાં કહ્યું તે રીતે કહે છે –

**ગાથા :-**

**दुक्खेण लहइ बोहिं, बुद्धो वि य न लभई चरित्तं तु ।**
**उम्मग्गदेसणाए, तित्थयरासायणाए अ ।।१४३।।**

**અન્વયાર્થ :-**

उम्मग्गदेसणाए तित्थयरासायणाए अ=ઉન્માર્ગની દેશનાથી અને તીર્થંકરની આશાતનાથી સંસારમાં પરિભ્રમણ કરતો જીવ, दुक्खेण बोहिं लहइ=દુઃખેથી બોધિને પ્રાપ્ત કરે છે. बुद्धो वि य=અને બોધિને પામેલો પણ, चरित्तं तु न लभई=ચારિત્રને પ્રાપ્ત કરતો નથી. ।।૧૪૩।।

**ગાથાર્થ :-**

ઉન્માર્ગની દેશનાથી અને તીર્થંકરની આશાતનાથી સંસારમાં પરિભ્રમણ કરતો જીવ દુઃખેથી બોધિને પ્રાપ્ત કરે છે અને બોધિને પામેલો પણ ચારિત્રને પ્રાપ્ત કરતો નથી. ।।૧૪૩।।

**ટીકા :-**

'दुक्खेण'त्ति । एवं वितथं व्यवहारं कुर्वता तेनोन्मार्गो दर्शितः, तथा तीर्थकरः स्वाशातितः । तत उन्मार्गदेशनया तीर्थकराशातनया च स संसारं परिभ्रमन् दुःखेन लभते बोधिम् । बुद्ध्वापि च न लभते चारित्रम् ।।१४३।।

**ટીકાર્થ :-**

एवं वितथं ..... लभते चारित्रम् ।। આ રીતે=દુર્વ્યવહાર કર્યો એ રીતે, વિતથ વ્યવહારને કરતા એવા તેના વડે=તે આચાર્ય વડે, ઉન્માર્ગ બતાવાયો=ઉન્માર્ગ સન્માર્ગ છે એ પ્રમાણે બતાવાયો અને તીર્થંકર સુઆશાતિત છે=તીર્થંકર અત્યંત આશાતિત છે. તેથી ઉન્માર્ગની દેશના વડે અને તીર્થંકરની આશાતના વડે તે=તે સાધુ, સંસારને પરિભ્રમણ કરતો દુઃખેથી બોધિને પામે છે અને બોધ પામીને પણ ચારિત્ર પામતો નથી=ઘણા પ્રયત્નથી કોઈક ભવમાં બોધ પામે તોપણ ચારિત્ર પ્રાપ્ત કરતો નથી. ।।૧૪૩।।

**અવતરણિકા :-**

कस्मान्न लभते ? अत आह –

**અવતરણિકાર્થ :-**

કયા કારણથી બોધિને કે ચારિત્રને પ્રાપ્ત કરતો નથી ? આથી કહે છે –

**ગાથા :-**

उम्मग्गदेसणाए, संतस्स य छायणाइ मग्गस्स ।
बंधइ कम्मरयमलं, जरमरणमणंतयं घोरं ।।१४४।।

**અન્વયાર્થ :-**

उम्मग्गदेशणाए=ઉન્માર્ગની દેશનાથી, संतस्स मग्गस्स य छायणाइ=અને વિદ્યમાન માર્ગના છાદનથી જીવ, जरमरणमणंतयं=અનંત જરામરણવાળું, घोरं कम्मरयमलं=ઘોર રજમલવાળું કર્મ, बंधइ=બાંધે છે. ।।૧૪૪।।

**ગાથાર્થ :-**

ઉન્માર્ગની દેશનાથી અને વિદ્યમાન માર્ગના છાદનાથી જીવ અનંત જરામરણવાળું ઘોર રજમલવાળું કર્મ બાંધે છે. ।।૧૪૪।।

**ટીકા :-**

'उम्मग्ग'त्ति । उन्मार्गस्य देशनया सतश्च मार्गस्य च्छादनया बध्नाति कर्म । किंविशिष्टम् ?

इत्याह—रज इव रजः-सङ्क्रमणोद्वर्त्तनापवर्त्तनायोग्यम्, मल इव, मलः-निधत्तनिकाचितावस्थम्, तथा जरामरणान्यनन्तानि यस्मात्तज्जरामरणानन्तकं प्राकृतत्वाद्विशेषणस्य परनिपातः, मकारोऽलाक्षणिकः, अत एव 'घोरं' रौद्रमतो न लभते बोधिं नापि चारित्रमिति ।।१४४।।

**ટીકાર્થ :-**

उन्मार्गस्य देशनया ..... नापि चारित्रमिति ।। **ઉન્માર્ગની દેશનાથી અને વિદ્યમાન માર્ગની છાદનાથી કર્મો બાંધે છે.**

કેવું વિશિષ્ટ કર્મ બાંધે છે ? એથી કહે છે –

**રજ જેવી રજ=સંક્રમણ ઉદ્વર્તના અપવર્તના યોગ્ય રજ જેવું, મલ જેવું મલ=નિધત્ત અને નિકાચિત અવસ્થાવાળું કર્મ બાંધે છે એમ અન્વય છે અને જરામરણો અનંત છે જેનાથી તે જરામરણાનંતક પ્રાકૃતપણું હોવાને કારણે વિશેષણનું પરનિપાત છે=अनन्त એવા વિશેષણનો પરનિપાત છે. મકાર અલાક્ષણિક છે આથી જ=જરામરણ અનંત છે આથી જ ઘોર=રૌદ્ર છે. આથી જ બોધિને પ્રાપ્ત કરતો નથી. વળી ચારિત્રને પ્રાપ્ત કરતો નથી. ।।૧૪૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે જે સાધુ વ્યવહારછેદનો પ્રસંગ હોય અને તદ્દર્થે સંઘ એકઠો થયેલો હોય અને ગીતાર્થ જાણીને સંઘ તેને વ્યવહાર છેદવા માટે પ્રમાણરૂપે સ્વીકારે આમ છતાં કોઈક નિમિત્તે કષાયને વશ થઈને વિપરીત વ્યવહાર કરે તો તે વખતે તે સાધુ પોતાના આત્મામાં રહેલા રાગદ્વેષના પરિણામને વશ થઈને તે મહાત્મા ભગવાનના ઉચિત વચનથી વિપરીત વ્યવહાર કરીને જિનવચનાનુસાર જે જ્ઞાન અને ચારિત્રનો પરિણામ પૂર્વે પ્રગટ થયો છે તે વિઘટિત કરે છે. જેના ફળરૂપે બંધાયેલું કર્મ તેને અપરિમિત કાળ સુધી ચાર ગતિના પરિભ્રમણને પ્રાપ્ત કરાવશે.

વળી, વિપરીત વ્યવહાર કરતી વખતે ભગવાનના માર્ગનો નાશ થઈ રહ્યો છે તેમ જાણવા છતાં કષાયો બળવાન છે તેથી સન્માર્ગના નાશની ઉપેક્ષા કરીને પણ વિપરીત વ્યવહાર કરે છે જે ઉન્માર્ગની દેશનારૂપ છે; કેમ કે લોકોને આ વ્યવહાર ભગવાનના વચનાનુસાર છે તેવો ભ્રમ ઉત્પન્ન કરાવે છે અર્થાત્ ઉન્માર્ગમાં સન્માર્ગનો ભ્રમ કરાવે છે અને બુદ્ધિમાન પુરુષને આ માર્ગ શિષ્ટ પુરુષથી પ્રણીત નથી એવો વિપરીત બોધ થાય છે. તેથી વિપરીત વ્યવહારથી તીર્થંકરની આશાતના થાય છે જેના કારણે વિપરીત વ્યવહાર કરનાર તે મહાત્માને ભવાંતરમાં બોધિ પણ દુર્લભ બને છે.

વળી, જેઓ જ્ઞાનચારિત્રના સંઘાતને કષાયવશ વિનાશ કરે છે તેઓને બોધિ દુર્લભ છે એમ પૂર્વમાં કહ્યું તેને સ્પષ્ટ કરતાં કહે છે. જે સાધુ ગીતાર્થ થયા પછી સંઘમાં વિપરીત વ્યવહાર છેદન કરે છે. તેના વડે ઉન્માર્ગ બતાવાયો અર્થાત્ લોકોને બોધ કરાવાયો કે આ પ્રકારે વ્યવહાર છેદ કરવો એ ભગવાનનો માર્ગ છે અને ભગવાને તે પ્રકારનો વ્યવહાર બતાવ્યો નથી તેથી વિપરીત વ્યવહાર કરીને તે મહાત્માએ

તીર્થંકરની આશાતના કરી તેથી વિપરીત વ્યવહાર કરનારા આચાર્ય વડે એવું ક્લિષ્ટ કર્મ બંધાયું કે જેથી દુઃખે કરીને ઘણા ભવો પછી બોધિને પ્રાપ્ત કરશે. ત્યાં સુધી સંસારની મહાવિડંબનાને પામશે અને કોઈક રીતે બોધિનું બાધક કર્મ ક્ષીણ થશે ત્યારે બોધિને પ્રાપ્ત કરશે તોપણ ચારિત્ર પ્રાપ્ત કરશે નહિ તેથી જે મહાત્મા શુદ્ધસંયમને પામીને અને શુદ્ધમાર્ગનું સ્થાપન કરીને પરિમિત ભવોમાં મોક્ષમાં જવાના હતા તે મહાત્મા દુર્વ્યવહારના બળથી જન્માંતરમાં બોધિની પ્રાપ્તિ દુર્લભ કરે છે અને ઘણા ક્લેશ પછી બોધિને પામે છે તોપણ ચારિત્રની પ્રાપ્તિ તેમને દુર્લભ બને છે જેથી સંસારનો અંત તે મહાત્મા માટે દુષ્કર બને છે.

કેમ તે મહાત્માને સમ્યક્ત્વની અને ચારિત્રની દુર્લભતા પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જ્યારે તે મહાત્મા દુવ્યવહાર કરે છે ત્યારે ઉન્માર્ગની દેશના થાય છે અને ભગવાનના માર્ગનું છાદન થાય છે જોકે તે વખતે બળવાન એવા ધૂલીજંઘાવાળા તેનું નિરાકરણ કરે છે તોપણ દુર્વ્યવહાર કરનારના ચિત્તમાં કષાયને વશ ઉન્માર્ગ સ્થાપનનો અધ્યવસાય છે અને ભગવાનના સન્માર્ગને આચ્છાદન કરવાનો પરિણામ છે આથી જ કષાયને વશ દુર્વ્યવહાર કરીને તે મહાત્મા ઘોર કર્મ બાંધે છે જે કર્મમાં કેટલાંક કર્મો રજ જેવાં છે અને કેટલાંક મલ જેવાં છે. રજ જેવાં કર્મો સંક્રમણ ઉદ્વર્તના અને અપવર્તના દ્વારા ક્ષીણ પણ થઈ શકે છે અને તેવા પ્રકારનો અધ્યવસાય ન થાય તો તે પ્રકારનાં કર્મો પોતાનું ફળ આપે છે અને મલ જેવાં કર્મો નિદ્ધત અને નિકાચિત અવસ્થાવાળાં છે તેમાં નિદ્ધત કર્મો ઘણા કષ્ટથી નિવર્તન પામે તેવાં છે અને નિકાચિત થયેલાં કર્મો અનિવર્તનીય હોય છે અને જીવના અધ્યવસાયના પ્રકર્ષથી જેઓનાં નિદ્ધત્ત અને નિકાચિત કર્મો પ્રચુર થયાં હોય તેઓને તે પ્રકારે દીર્ઘ સંસારની પ્રાપ્તિ થાય છે અને કેટલાક જીવોને રજ જેવાં કર્મો પ્રચુર હોય અને મલ જેવાં કર્મો કંઈક હોવા છતાં અતિપ્રચુર નથી. જેમ મરીચિએ ઉત્સૂત્ર કર્યું તેથી કોટાકોટી સાગરોપમ સંસાર ચલાવે તેવાં નિદ્ધત નિકાચિત કર્મો હોવાથી ત્યારપછી માર્ગને પામ્યા. જ્યારે સાવદ્યાચાર્યે ઉન્માર્ગની દેશના કરીને અનંતકાળ ચલાવે તેવાં નિદ્ધત નિકાચિત કર્મો બાંધ્યાં જેથી અનંતકાળ સુધી માર્ગની પ્રાપ્તિ તેમને દુર્લભ થઈ તેથી વિપરીત વ્યવહાર કરવામાં દીર્ઘ અનંતકાળ ચાલે તેવાં ક્લિષ્ટ કર્મો જીવ બાંધી શકે છે અને તે કર્મો અત્યંત ઘોર હોય છે તેથી તત્ત્વને સન્મુખ થવામાં કારણ બને તેવો ભવ જ પ્રાપ્ત થતો નથી તેથી તેવા જીવો તે ક્લિષ્ટ કર્મોના વિપાકને કારણે બોધિ અને ચારિત્રને પ્રાપ્ત કરતા નથી. **॥૧૪૨થી ૧૪૪॥**

**અવતરણિકા :-**

**अथ किदृशेन व्यवहारश्छेत्तव्यः ? तत आह –**

**અવતરણિકાર્થ :-**

**હવે કેવા સાધુએ વ્યવહાર છેદ કરવો જોઈએ ? તેથી કહે છે –**

**ગાથા :-**

**पव्वज्ज खित्त कालं, णाउं उवसंपयं च पंचविहं ।**
**तो संघमज्झयारे, ववहरियव्वं अणिस्साए ।।१४५।।**

**અન્વયાર્થ :-**

**तो=તે કારણથી, पव्वज्ज खित्त कालं=પ્રવ્રજ્યા ક્ષેત્ર કાળ, पंचविहं च उवसंपयं=અને પાંચ પ્રકારની ઉપસંપદાને, णाउं=જાણીને, अणिस्साए=અનિશ્રાથી, संघमज्झयारे=સંઘમાં, ववहरियव्वं=વ્યવહાર કરવો જોઈએ. ।।૧૪૫।।**

**ગાથાર્થ :-**

**તે કારણથી પ્રવજ્યા, ક્ષેત્ર, કાળ અને પાંચ પ્રકારની ઉપસંપદાને જાણીને અનિશ્રાથી સંઘમાં વ્યવહાર કરવો જોઈએ. ।।૧૪૫।।**

**ટીકા :-**

**'पव्वज्ज'त्ति । 'तत्' तस्मात्प्रव्रज्यां क्षेत्रं कालं पञ्चविधामुपसम्पदं च ज्ञात्वा सङ्घमध्येऽनिश्रयाऽऽहारादिप्रदायिषु स्वकुलसम्बन्धादिषु वा रागाकरणत इतरेषु द्वेषाकरणतश्च व्यवहर्त्तव्यम् ।।१४५।।**

**ટીકાર્થ :-**

**'तत्' तस्मात्प्रव्रज्यां ..... करणतश्च व्यवहर्त्तव्यम् ।। તે કારણથી=દુર્વ્યવહાર કરવાથી દીર્ઘ સંસારની પ્રાપ્તિ થાય છે તે કારણથી, પ્રવ્રજ્યાને, ક્ષેત્રને, કાળને અને પાંચ પ્રકારની ઉપસંપદાને જાણીને=જેમનો વ્યવહાર છેદવો છે તેમના પ્રવ્રજ્યાદિને જાણીને, સંઘમાં અનિશ્રાથી=આહારાદિ દેનારામાં રાગના અકરણથી અથવા સ્વકુલ સંબંધાદિમાં રાગના અકરણથી અને ઈતરોમાં=આહારાદિ નહિ દેનારા કે સ્વકુલ સંબંધ વગરનામાં, દ્વેષના અકરણથી વ્યવહાર કરવો જોઈએ. ।।૧૪૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે કોઈ સ્થાનમાં વ્યવહાર છેદવાનો પ્રસંગ આવે ત્યારે સંઘ એકઠો થાય અને ઉચિત નિર્ણય કરે તેવા પ્રસંગે ગીતાર્થ સાધુ દુર્વ્યવહાર કરે=નિશ્રા ઉપશ્રાથી વ્યવહાર કરે તો દુરંત સંસારની પ્રાપ્તિ થાય તેથી હવે ગીતાર્થ સાધુએ પણ કઈ રીતે વ્યવહાર કરવો જોઈએ ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે સાધુઓને વ્યવહાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે તે બંને પક્ષના સાધુઓની પ્રવ્રજ્યા કેવી સુવિશુદ્ધ છે કે અશુદ્ધ છે ? તેને જાણીને અને કેવું ક્ષેત્ર છે અને કેવો કાળ છે તેને જાણીને અને તેઓની પાંચ પ્રકારની ઉપસંપદાને જાણીને ગીતાર્થ સાધુએ આહારાદિ દેનારા પ્રત્યે રાગ કર્યા વગર કે સ્વકુળના સંબંધ આદિ પ્રત્યે રાગ કર્યા વગર અને ઇતર કે જેઓ પોતાની ભક્તિ કરતા નથી તેઓ પ્રત્યે દ્વેષ કર્યા વગર અને જેઓ પોતાના કુલાદિ પ્રત્યે સંબંધવાળા નથી તેઓ પ્રત્યે દ્વેષ કર્યા વગર જિનવચનાનુસાર સંઘમાં વ્યવહાર કરવો જોઈએ જેનાથી મધ્યસ્થભાવની વૃદ્ધિ થાય અને જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને બંને પક્ષના હિતને અનુકૂળ ઉચિત યત્ન થાય; કેમ કે સુવ્યવહાર જેઓના પક્ષમાં છે તેઓનું હિત થાય છે અને અન્ય પક્ષવાળા પણ સુવ્યવહાર જાણીને તેના પ્રત્યે પક્ષપાતવાળા થાય તો તેઓને પણ તત્ત્વના પક્ષપાતની પ્રાપ્તિ થાય તેથી બંને પક્ષને એકાંતે હિત કરનાર તે વ્યવહાર બને છે. **।।૧૪૫।।**

**અવતરણિકા :-**

पर आह –

**અવતરણિકાર્થ :-**

પર=પૂર્વપક્ષી કહે છે=શંકા કરે છે –

**ગાથા :-**

गज्झो बहुस्सुअकओ, सुत्तुत्तिण्णो वि किं ण ववहारो ।
अपसत्था य पसत्था, ववहारी जं दुहा भणिया ।।१४६।।

**અન્વયાર્થ :-**

बहुस्सुअकओ=બહુશ્રુતથી કરાયેલો, सुत्तुत्तिण्णो वि=શ્રુતઉત્તીર્ણ પણ, ववहारो किं गज्झो ण=વ્યવહાર કેમ ગ્રાહ્ય નથી ? તેનો ઉત્તર આપતાં કહે છે. जं=જે કારણથી, पसत्था य अपसत्था=પ્રશસ્ત અને અપ્રશસ્ત, दुहा ववहारी भणिया=બે પ્રકારના વ્યવહારી કહેવાયા છે. ।।૧૪૬।।

**ગાથાર્થ :-**

**બહુશ્રુતથી કરાયેલો શ્રુતઉત્તીર્ણ પણ વ્યવહાર કેમ ગ્રાહ્ય નથી=આદરણીય નથી ? તેનો ઉત્તર આપતાં કહે છે. જે કારણથી પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારના વ્યવહારી કહેવાયા છે. ।।૧૪૬।।**

**ટીકા :-**

'गज्झो'त्ति । बहुश्रुतैः कृत इति हेतोः सूत्रोत्तीर्णोऽपि व्यवहारः किमिति न ग्राह्यः ? अत्रोच्यते– 'यत्' यस्मादप्रशस्ताः प्रशस्ताश्च द्विविधा व्यवहारिणो भणिताः ।।१४६।।

**ટીકાર્થ :-**

बहुश्रुतैः कृत ..... व्यवहारिणो भणिताः ।। બહુશ્રુતો વડે કરાયો છે=સંઘ એકઠો થયા પછી બહુશ્રુતો વડે વ્યવહાર કરાયો છે એ હેતુથી સૂત્રથી ઉત્તીર્ણ પણ વ્યવહાર=ભગવાનના વચન અનુસાર નહિ થયેલો પણ વ્યવહાર. ક્યા કારણથી ગ્રાહ્ય નથી ? આમાં=આ પ્રકારના પૂર્વપક્ષીના વચનમાં ઉત્તર આપે છે. જે કારણથી અપ્રશસ્ત અને પ્રશસ્ત બે પ્રકારના વ્યવહારીઓ કહેવાયા છે. ।।૧૪૬।।

**અવતરણિકા :-**

तानेव यथाक्रमं सनिदर्शनमभिधित्सुराह –

**અવતરણિકાર્થ :-**

તેઓને જ=પ્રશસ્ત અપ્રશસ્ત વ્યવહારીઓને જ, યથાક્રમ દૃષ્ટાંત સહિત કહેવાની ઈચ્છાવાળા કહે છે –

**ગાથા :-**

**तगराए णगरीए, एगायरियस्स पासि णिप्फण्णा ।**
**सोलस सीसा तेसिं, अव्ववहारी इमे अट्ठ ।।१४७।।**

**અન્વયાર્થ :-**

तगराए णगरीए=તગરા નગરીમાં, एगायरियस्स पासि=એક આચાર્યની પાસે, णिप्फण्णा सीसा सोलस= નિષ્પન્ન થયેલા ૧૬ શિષ્યો હતા. तेसिं इमे=તેમાં આ=આગળની ગાથામાં બતાવે છે એ, अट्ठ अव्ववहारी=આઠ અવ્યવહારી હતા. ।।૧૪૭।।

**ગાથાર્થ :-**

**તગરાનગરીમાં એક આચાર્ય પાસે નિષ્પન્ન થયેલા ૧૬ શિષ્યો હતા. તેમાં આ=આગળની ગાથામાં બતાવે છે એ, આઠ અવ્યવહારી હતા. ।।૧૪૭।।**

**ટીકા :-**

'तगराए'त्ति । तगरायां नगर्यामेकस्याचार्यस्य पार्श्वे षोडश शिष्या निष्पन्नास्तेषां मध्ये इमेऽष्टाऽव्यवहारिणः ।।१४७।।

**ટીકાર્થ :-**

तगरायां नगर्यामेकस्या ..... इमेऽष्टाऽव्यवहारिणः ।। તગરાનગરીમાં એક આચાર્યની પાસે ૧૬ શિષ્યો નિષ્પન્ના થયા તેઓના મધ્યમાં આ આઠ અવ્યવહારી હતા. ।।૧૪૭।।

**ગાથા :-**

**कंकडुए कुणिमे तह, पक्के वि य उत्तरे अ चव्वाए ।**
**बहिरे गुंठसमाणे, अट्ठमए अंबिले होइ ।।१४८।।**

**અન્વયાર્થ :-**

कंकडुए कुणिमे=કંકટુક, કુણિમ, तह पक्के=તેમજ પક્વ, वि य उत्तरे अ चव्वाए=ઉત્તર અને ચાર્વાક, बहिरे=બધિર, गुंठसमाणे=ગુંઠસમાન, अट्ठमए अंबिले होइ=અને આઠમો અમ્લ છે. ।।૧૪૮।।

**ગાથાર્થ :-**

**કંકટુક, કુણિમ, તેમજ પક્વ, ઉત્તર, ચાર્વાક, બધિર ગુંઠસમાન અને આઠમો અમ્લ છે. ।।૧૪૮।।**

**ટીકા :-**

'कंकडुए'त्ति । कङ्कटुकः १ कुणपः २ पक्वः ३ उत्तर ४ श्चार्वाकः ५ बधिरः ६ 'गुण्ठसमानः' लाटमायाविसमानः ७ अष्टमकश्च 'अम्लः' अम्लसमानो भवति ।।१४८।।

**ટીકાર્થ :-**

कङ्कटुकः ..... अम्लसमानो भवति ।। ૧) કંકટુક, ૨) કુણપ, ૩) પક્વ, ૪) ઉત્તર, ૫) ચાર્વાક, ૬) બધિર ૭) ગુંઠસમાન=લાટ દેશના માયાવી સમાન, આઠમો અમ્લ=અમ્લ સમાન થાય છે. ॥૧૪૮॥

**અવતરણિકા :-**

कङ्कटुकं कुणपं च विवेचयति –

**અવતરણિકાર્થ :-**

કંકટુક અને કુણપનું વિવેચન કરે છે –

**ગાથા :-**

**कंकडुओ सो जस्स उ, सिद्धिं ण उवेइ जाउ ववहारो ।**
**कुणिमो जो न विसुज्झति, दुच्छिज्जो जस्स ववहारो ।।१४९।।**

**અન્વયાર્થ :-**

जस्स उ ववहारो=વળી જેનો વ્યવહાર, जाउ=ક્યારે પણ, सिद्धिं ण उवेइ=સિદ્ધિને પામતો નથી. सो=તે=વ્યવહારી, कंकडुओ=કંકટુક છે. जस्स ववहारो दुच्छिज्जो=જેનો વ્યવહાર દુચ્છેધ છે. जो न विसुज्झति=જે શુદ્ધ થતો નથી, कुणिमो=તે કુણિમ છે. ॥૧૪૯॥

**ગાથાર્થ :-**

વળી જેનો વ્યવહાર ક્યારે પણ સિદ્ધિ પામતો નથી તે કંકટુક છે. જેનો વ્યવહાર દુચ્છેધ છે જે શુદ્ધ થતો નથી તે કુણિમ છે. ॥૧૪૯॥

**ટીકા :-**

'कंकडुओ सो'त्ति । यस्य व्यवहारः 'जातु' कदाचित्सिद्धिं नोपयाति कङ्कटुकमाष इव गौण्या वृत्त्या कङ्कटुकः प्रसिद्धः १। यस्य व्यवहारो दुश्छेद्योऽत एव यो व्यवहारं छिन्दन्न शुध्यति कुणपनखावयववत् स कुणपनखावयवतुल्यव्यवहारकरणयोगात्कुणपः २।।१४९।।

**ટીકાર્થ :-**

यस्य व्यवहारः 'जातु' ..... करणयोगात्कुणपः २ ।। જેનો વ્યવહાર કંકટુક માષની જેમ=કોરડા મગની જેમ, ક્યારેય સિદ્ધિને પ્રાપ્ત કરતો નથી ગૌણવૃત્તિથી કંકટુક પ્રસિદ્ધ છે=ઉપચારવૃત્તિથી કંકટુક પ્રસિદ્ધ છે. જેનો વ્યવહાર દુઃછેધ છે=દુઃખે કરીને છેદ થાય તેવો છે, આથી જે વ્યવહારને છેદતો

કુણપ નખની જેમ શુદ્ધ થતો નથી. તે=વ્યવહારી, કુણપ નખના અવયવ તુલ્ય વ્યવહારના કરણનો યોગ હોવાને કારણે કુણપ કહેવાય છે. ॥૧૪૯॥

**અવતરણિકા :-**

पक्वमाह —

**અવતરણિકાર્થ :-**

હવે પક્વને કહે છે –

**ગાથા :-**

पक्को पडणा पागागमणा वा हंदि पक्कफलसरिसो ।
पक्कुल्लावभया वा, जस्स ण कज्जं परे दिंति ।।१५०।।

**અન્વયાર્થ :-**

पक्को पडणा=પક્વના પડણથી, पागागमणा वा=અથવા પક્વના અગમનથી, पक्कफलसरिसो=પક્વ ફલ સદૃશ, પક્વ વ્યવહારી છે. पक्कुल्लावभया वा=અથવા પક્વ ઉલ્લાપોને કારણે સદ્‌વાદીઓનો ભય થવાથી, जस्स कज्जं परे=જેના કાર્યને પર, ण दिंति=આપતા નથી=સ્વીકારતા નથી તે પક્વ છે. ॥૧૫૦॥

**ગાથાર્થ :-**

પક્વના પડણથી અથવા પાકના અગમનથી પક્વફલસદૃશ પક્વ વ્યવહારી છે અથવા પક્વઉલ્લાપોને કારણે સદ્‌વાદિઓનો ભય થવાથી જેના કાર્યને પર આપતા નથી=સ્વીકારતા નથી તે પક્વ છે. ॥૧૫૦॥

**ટીકા :-**

'पक्को'त्ति । यस्य व्यवहारः फलमिव पक्वं पतति न पुनः स्थिरोऽवतिष्ठते । अथवा यस्य व्यवहारः पक्वयोगात्पाकं न गच्छति स तादृशव्यवहारद्वारा पतनात्पाकागमनाद्वा हन्दीत्युपदर्शने पक्वफलसदृशः सन् पक्व इति ख्यातः । प्रकारान्तरमाह—'वा' अथवा पक्वा ये उल्लापा यैर्भाषिताः सन्तोऽन्ये सद्वादिनस्तूष्णीमासते तेभ्यो यद्भयं तस्माद्यस्य कार्यं 'परे' शेषकाः 'न ददति' नोदीरयन्ति स पक्वः ३।।१५०।।

**ટીકાર્થ :-**

यस्य व्यवहारः फलमिव ..... स पक्वः ३ ।। જેનો વ્યવહાર પક્વ ફલની જેમ પડે છે વળી સ્થિર રહેતો નથી. અથવા જેનો વ્યવહાર પક્વયોગને કારણે પાકને પામતો નથી તે તેવા પ્રકારના વ્યવહાર

દ્વારા પતન થવાથી અથવા પાકનો અગમન થવાથી પક્વફલ સદૃશ છતો પક્વ એ પ્રમાણે ખ્યાત છે. हन्दि શબ્દ ઉપદર્શનમાં છે. પ્રકારાંતરને કહે છે અથવા પક્વ જે ઉલ્લાપો છે. જેઓ વડે પક્વ ઉલ્લાપો બોલાય છતાં અન્ય સદ્‌વાદીઓ મૌન રહે છે તેઓથી=તે પક્વ ઉલ્લાપો વડે જે ભય તેના કારણે જેનું કાર્ય બીજા=શેષ સદ્‌વાદીઓ ઉદીરણા કરતા નથી=સ્વીકારતા નથી, તે પક્વ વ્યવહારી છે. ॥૧૫૦॥

**અવતરણિકા :-**

उत्तरमाह –

**અવતરણિકાર્થ :-**

ઉત્તરને કહે છે=ઉત્તર નામના અવ્યવહારીને કહે છે –

**ગાથા :-**

**सोवाहणेण पाएण पडिहओ त्ति य कउत्तरु व्व णरो ।**
**गीयत्थोवालद्धो, छलग्गही उत्तरो भणिओ ।।१५१।।**

**અન્વયાર્થ :-**

सोवाहणेण पाएण=ઉપાનહ સહિત પગ વડે, पडिहओ=હણાયેલો છે. त्ति कउत्तरु व्व णरो=એ પ્રમાણે કરાયેલા ઉત્તરવાળા પુરુષની જેમ, गीयत्थोवालद्धो=ગીતાર્થ વડે ઉપાલંભ અપાયેલો છતો, छलग्गही उत्तरो भणिओ=છલગ્રાહી ઉત્તર કહેવાયો તે ઉત્તર નામનો અવ્યવહારી છે. ॥૧૫૧॥

**ગાથાર્થ :-**

**ઉપાનહ સહિત પગ વડે હણાયેલો છે એ પ્રમાણે કરાયેલા ઉત્તરવાળા પુરુષની જેમ ગીતાર્થ વડે ઉપાલંભ અપાયેલ છતાં છલગ્રાહી ઉત્તર કહેવાયો તે ઉત્તર નામનો અવ્યવહારી છે. ॥૧૫૧॥**

**ટીકા :-**

'सोवाहणेण'त्ति । सोपानहा पादेन प्रतिहत इति कृतोत्तरो नर इव गीतोपालब्धः सन् छलग्राही उत्तरो भणितः । इयमत्र भावना–केनापि कश्चित्सोपानहा पादेनापहतस्तेन च गत्वा राजकुले निवेदितम्, कारणिकैश्च स आकारितः पृष्टश्च किं त्वयैष आहतः ? इति, स प्राह–न मयैष आहतः किन्तु सोपानहा पादेन एवं दुर्व्यवहारं कुर्वन् गीतार्थेनोपालब्धः सन्नेतादृशैश्छलवचनैरुत्तरं ददाति स खल्वसदुत्तरकरणादुत्तर इति ४।।१५१।।

**ટીકાર્થ :-**

सोपानहा पादेन ..... करणादुत्तर इति ४ ।। જોડા સહિત પગ વડે હણાયો એ પ્રમાણે કરાયેલા

ઉત્તરવાળા નરની જેમ બોલાયેલા ઉપાલંભવાળો છતો છલગ્રાહી ઉત્તર કહે છે. અહીં=ઉત્તરના સ્વરૂપમાં આ ભાવના છે. કોઈના વડે કોઈક ઉપાનહ સહિત પગ વડે હણાયો અને તેના વડે=પગથી હણાયેલા પુરુષ વડે, રાજકુલમાં જઈને નિવેદન કરાયું કારણિકો વડે તે બોલાવાયો અને પુછાયો. શું તારા વડે આ હણાયો છે ? એ પ્રમાણે પુછાયો=કારણિક વડે પૂછાયો. તે કહે છે. મારા વડે આ પુરુષ હણાયો નથી પરંતુ જોડાવાળા પગ વડે હણાયો છે. આ પ્રમાણે દુર્વ્યવહારને કરતો ગીતાર્થ વડે ઉપાલંભ અપાયો છતો આવા પ્રકારના છલવચનોથી ઉત્તર આપે છે તે ખરેખર અસદ્ ઉત્તર કરણથી ઉત્તર એ પ્રકારે દુર્વ્યવહારી કહેવાય છે. ॥૧૫૧॥

**અવતરણિકા :-**

चार्वाकमाह –

**અવતરણિકાર્થ :-**

ચાર્વાક નામના અવ્યવહારીને કહે છે –

**ગાથા :-**

**वसभेण वसभसागारियस्स विरसस्स चव्वणे व्व रसो ।**
**जस्स ण विहलत्थस्स उ, सो चव्वाओ समक्खाओ ।।१५२।।**

**અન્વયાર્થ :-**

वसभेण=વૃષભ વડે, विरसस्स वसभसागारियस्स=વિરસ એવા વૃષભ સાગારિકના, चव्वणे रसो व्व= ચર્વણમાં રસની જેમ, विहलत्थस्स=વિફલાર્થના, चव्वणे=ચર્વણમાં, जस्स रसो ण=જેને રસ નથી, सो चव्वाओ समक्खाओ=તે ચાર્વાક કહેવાયો છે. ॥૧૫૨॥

**ગાથાર્થ :-**

વૃષભ વડે વિરસ એવા વૃષભ સાગારિકના ચર્વણમાં રસની જેમ વિફલાર્થના ચર્વણમાં જેને રસ નથી તે ચાર્વાક કહેવાયો છે. ॥૧૫૨॥

**ટીકા :-**

'वसभेण'त्ति । वृषभेण विरसस्यापरवृषभसागारिकस्य चर्वण इव यस्य न 'विफलार्थस्य' निष्फलं चर्वयतः कार्यं रोमन्थायमाणस्य रसः स चार्वाकः समाख्यातः ५।।१५२।।

**ટીકાર્થ :-**

वृषभेण विरसस्यापरवृषभ ..... चार्वाकः समाख्यातः ५ ।। બળદ વડે વિરસ એવા બીજા વૃષભ સાગારિકના ચર્વણની જેમ વિફલાર્થવાળા એવા જેનું=નિષ્ફળ ચર્વણ કરતા એવા જેનું=કાર્યને

વાગોળનારા એવા જેને રસ નથી તે ચાર્વાક કહેવાયો=ચાર્વાક નામનો અવ્યવહારી કહેવાયો. ॥૧૫૨॥

**અવતરણિકા :-**

बधिरगुण्ठसमानावाह –

**અવતરણિકાર્થ :-**

બધિર અને ગુંઠસમાન અવ્યવહારીને કહે છે –

**ગાથા :-**

कहिए कहिए कज्जे, बहिरो ण सुअं मए त्ति भासंतो ।
गुंठसमाणो मरहट्ठमोहकरलाडमाइल्लो ॥१५३॥

**અન્વયાર્થ :-**

कहिए कहिए कज्जे=ફરી ફરી કાર્ય કહેવાયે છતે, मए ण सुअं=મારા વડે સંભળાયું નથી. त्ति भासंतो= એ પ્રમાણે બોલતો, बहिरो=બધિર અવ્યવહારી છે. मरहट्ठमोहकरलाडमाइल्लो=મહારાષ્ટ્રને મોહકર લાડ માયાવી, गुंठसमाणो=ગુંઠસમાન છે. ॥૧૫૩॥

**ગાથાર્થ :-**

**ફરી ફરી કાર્ય કહેવાયે છતે મારા વડે સંભળાયું નથી એ પ્રમાણે બોલતો બધિર અવ્યવહારી છે. મહારાષ્ટ્રને મોહકર લાડ માયાવી ગુંઠસમાન છે. ॥૧૫૩॥**

**ટીકા :-**

'कहिए'त्ति । कथिते कथिते कार्ये न श्रुतं मयेति भाषमाणो बधिरः ६ । गुण्ठसमानश्च महाराष्ट्रस्य मोहकरो व्यवहारापहारकारिभ्रमोत्पादको यो लाटस्तद्वन्मायिल्लः-मायावान् । तथाहि—एको लाटो गन्त्र्या किमपि नगरं व्रजति । अन्तराले च महाराष्ट्रको मिलितस्तेन लाटः पृष्टः-कीदृशाः खलु लाटा गुण्ठा भवन्ति ? इति मायाविनो भवन्तीत्यर्थः, स प्राह-पश्चात्कथयिष्यामि । मार्गे च गच्छतः शीतवेलो(लाऽ)पगता, ततो नष्टे शीते महाराष्ट्रकेण प्रावारो गन्त्र्यां क्षिप्तः । तस्य च प्रावारस्य दशिका लाटेन गणिताः । ततो नगरप्राप्तौ महाराष्ट्रकेण प्रावारो ग्रहीतुमारब्धः । लाटो ब्रूते—किं मदीयं प्रावारं गृह्णासि ?, एवं तयोः परस्परं विवादो जातः । महाराष्ट्रकेण लाटो राजकुले कर्षितः । विवादे लाटोऽवादीत्—पृच्छत महाराष्ट्रकं यदि तव प्रावारस्तर्हि कथय कियत्योऽस्य दशाः सन्ति ? । महाराष्ट्रकेण न कथितास्तेन च लाटकेन कथिता इति महाराष्ट्रिको जितः । ततो

राजकुलादपसृत्य लाटेन महाराष्ट्रकमाकार्य प्रावारं च तस्मै दत्त्वोक्तं यत्त्वया पृष्टं कीदृशा लाटा गुण्ठा भवन्ति ? इति, तत्रेदृशा लाटा गुण्ठा इति जानीहीति । एवमादिकाभिर्गुण्ठाभिर्मोहयित्वा यो व्यवहारं हरति स गुण्ठसमान इति ७।।१५३।।

**ટીકાર્થ :-**

कथिते कथिते कार्ये ..... गुण्ठसमान इति ७ ।। ફરી ફરી કાર્ય કહેવાયે છતે મારા વડે સંભળાયું નથી એ પ્રમાણે બોલતો બધિર છે અને ગુંઠસમાન મહારાષ્ટ્રનો મોહકર વ્યવહારનો અપહારકારીના ભ્રમનો ઉત્પાદક જે લાટ તેની જેમ માયિલ=માયાવી. તે આ પ્રમાણે એક લાટ=લાટદેશનો માણસ ગાડાથી કોઈક પણ નગરમાં જાય છે વચ્ચે મહારાષ્ટ્રવાળો પુરુષ મળ્યો. તેના વડે લાટ પુછાયો. ખરેખર કેવા પ્રકારના લાટપુરુષો ગુંઠ હોય છે=માયાવી હોય છે ? તે=લાટ દેશનો પુરુષ, કહે છે=પાછળથી કહીશ અને માર્ગમાં જતાં શીતવેલા દૂર થઈ તેથી ઠંડીનો નાશ થયે છતે મહારાષ્ટ્રવાળા પુરુષ વડે કામળો ગાડામાં નંખાયો અને તે કામળાની દશિકાઓ લાટ વડે ગણાઈ. ત્યારપછી નગરની પ્રાપ્તિ થયે છતે મહારાષ્ટ્રવાળા પુરુષ વડે કામળો ગ્રહણ કરવાનો આરંભ કરાયો. લાટવાળો પુરુષ કહે છે. કેમ મારો આ કામળો તું ગ્રહણ કરે છે. આ પ્રમાણે તે બેનો પરસ્પર વિવાદ થયો. મહારાષ્ટ્રવાળા પુરુષ વડે લાટવાળો પુરુષ રાજકુલમાં લઈ જવાયો. વિવાદમાં લાટવાળો પુરુષ બોલ્યો — મહારાષ્ટ્રવાળા પુરુષને પૂછો. જો તે તારો કામળો છે તો આની=કામળાની, કેટલી દશીઓ છે ? મહારાષ્ટ્રવાળા પુરુષ વડે કહેવાઈ નહિ અને તે લાટવાળા પુરુષ વડે કહેવાઈ એ પ્રકારે મહારાષ્ટ્રવાળો જિતાયો=લાટવાળા પુરુષ વડે જિતાયો. ત્યારપછી રાજકુલથી નીકળીને લાટવાળા પુરુષ વડે મહારાષ્ટ્રવાળો પુરુષ બોલાવીને અને તેને કામળો આપીને કહેવાયું જે તારા વડે પુછાયેલું કેવા પ્રકારના લાટ ગુંઠો હોય છે=માયાવી હોય છે. ત્યાં=તારા પ્રશ્નમાં, આવા પ્રકારના લાટો ગુંઠો છે એ પ્રમાણે તું જાણ. આ વગેરેથી=લાટદેશવાળાએ જે પ્રકારે માયા કરી એ વગેરે માયાથી, મોહ પમાડીને જે વ્યવહારને હરે છે તે ગુંઠસમાન છે. ।।૧૫૩।।

**અવતરણિકા :-**

अम्लमाह —

**અવતરણિકાર્થ :-**

અમ્લને=અમ્લ નામના અવ્યવહારીને, કહે છે —

**ગાથા :-**

सो अंबिलो ण जस्स उ, फरुसाइ गिराइ कज्जसंसिद्धी ।
एए अट्ठ वि तइआ, णिद्धम्मा आसि कालम्मि ।।१५४।।

**અન્વયાર્થ :-**

सो अंबिलो=તે અમ્લ છે. जस्स फरुसाइ गिराइ=જેની પરુષવાણીથી, कज्जसंसिद्धी ण=કાર્યની સંસિદ્ધિ નથી. एए अट्ठ वि=આ આઠે પણ, तइआ कालम्मि=તે કાળમાં, णिद्धम्मा आसि=નિર્ધર્મવાળા હતા. ॥૧૫૪॥

**ગાથાર્થ :-**

**તે અમ્લ છે જેની પરુષવાણીથી કાર્યની સંસિદ્ધિ નથી. આ આઠે પણ તે કાળમાં નિર્ધર્મવાળા હતા. ॥૧૫૪॥**

**ટીકા :-**

'सो अंबिलो'त्ति । यस्य तु परुषया गिरा ययोक्तया शरीरं चिडचिडायते कार्यस्य-व्यवहारस्य संसिद्धिर्न भवति सोऽम्लवचनयोगादम्ल इति ८। अष्टाप्येते 'तदा' तस्मिन् काले निर्द्धर्माण आसीरन् ॥१५४॥

**ટીકાર્થ :-**

यस्य तु परुषया ..... निर्द्धर्माण आसीरन् ॥ જેના વડે કહેવાયેલી કઠોર વાણીથી જેનું શરીર=બોલનારનું શરીર ચીડ ચીડ થાય છે. વ્યવહારના કાર્યની સંસિદ્ધિ થતી નથી તે અમ્લ-વચનના યોગથી અમ્લ છે=અમ્લ નામનો અવ્યવહારી છે. આઠે પણ આ ત્યારે=તે કાળમાં, નિર્ધર્મવાળા હતા=ગુરુ પાસેથી શાસ્ત્ર ભણેલા હતા છતાં તે પ્રકારના દોષને કારણે ઉચિત વ્યવહારને અયોગ્ય હોવાથી નિર્ધર્મવાળા હતા. ॥૧૫૪॥

**ગાથા :-**

> जेहिं कया ववहारा, ण हु मण्णिज्जंति अण्णरज्जेसु ।
> अट्ठवि अकज्जकारी, दुव्ववहारी इमे आसी ॥१५५॥

**અન્વયાર્થ :-**

जेहिं कया ववहारा=જેના વડે કરાયેલો વ્યવહાર, अण्णरज्जेसु=અન્ય રાજ્યોમાં, ण हु मण्णिज्जंति=માન્ય થતો ન હતો. अट्ठवि इमे=આઠે પણ આ, अकज्जकारी=અકાર્ય કરનારા, दुव्ववहारी आसी=દુર્વ્યવહારી હતા. ॥૧૫૫॥

**ગાથાર્થ :-**

**જેઓ વડે કરાયેલો વ્યવહાર અન્ય રાજ્યોમાં માન્ય થતો ન હતો આઠે પણ આ અકાર્ય કરનારા દુર્વ્યવહારી હતા. ॥૧૫૫॥**

**ટીકા :-**

**'जेहिं'ति । यैः कृता व्यवहाराः 'न हु' नैव मन्यन्तेऽन्यराज्येषु । अष्टाप्यकार्यकारिणो दुर्व्यवहारिण इमे आसीरन् तगरायां नगर्याम् ।।१५५।।**

**ટીકાર્થ :-**

यैः कृता ..... तगरायां नगर्याम् ।। **જેઓ વડે કરાયેલા વ્યવહારો અન્ય રાજ્યમાં માન્ય ન હતા. આ આઠે પણ અકાર્ય કરનારા દુર્વ્યવહારી તગરા નગરીમાં હતા. ।।૧૫૫।।**

**ભાવાર્થ :-**

સ્થૂલબુદ્ધિથી કોઈને પ્રશ્ન થાય કે જેઓ શાસ્ત્ર ભણ્યા છે તેથી બહુશ્રુત છે તેઓ જે વ્યવહાર કરે તે સૂત્રાનુસારી ન હોય તોપણ તે વ્યવહારને પ્રમાણ કેમ સ્વીકારતો નથી અર્થાત્ બહુશ્રુતકૃત વ્યવહાર છે તેને સ્વીકારવો જોઈએ તેનું નિરાકરણ કરતાં કહે છે. વ્યવહાર કરનારા જીવો બે પ્રકારના છે. ૧) પ્રશસ્ત ૨) અપ્રશસ્ત. તેથી એ પ્રાપ્ત થાય કે શાસ્ત્રો ભણેલા છે. જિનવચનાનુસાર વ્યવહાર કરવા સમર્થ છે છતાં કોઈક પ્રકારના કષાયને વશ જેઓ વ્યવહાર કરે છે તેઓ અપ્રશસ્ત વ્યવહારી છે અને જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે, જિનવચનનું જ અવલંબન લઈને વ્યવહાર કરે છે તેઓ પ્રશસ્ત વ્યવહારી છે.

વળી, તે અપ્રશસ્ત વ્યવહારીઓ અને પ્રશસ્ત વ્યવહારીઓ તગરા નગરીમાં કોઈક આચાર્ય પાસે ભણીને નિષ્પન્ન થયેલા હતા તેમાંથી આઠ પ્રશસ્ત વ્યવહારી હતા, આઠ અપ્રશસ્ત વ્યવહારી હતા. તેમાંથી પ્રથમ અપ્રશસ્ત વ્યવહારીનું સ્વરૂપ બતાવે છે તેમાં કેટલાક વ્યવહારી કંકટુક હોય છે. જેમ કોરડું મગ સીઝે નહિ. ગમે તેટલી રાંધવાની ક્રિયા કરવામાં આવે તો તે મગ સીઝતું નથી તેમ જેઓને તે પ્રકારની અત્યંત બોલવાની પ્રકૃતિ છે. જેથી ઉચિત કાર્યની સિદ્ધિ થાય નહિ, ફક્ત અન્ય અન્ય વિકલ્પો કરીને વ્યવહારની સિદ્ધિમાં તેઓ વિઘ્નભૂત બને છે.

વળી, શાસ્ત્ર ભણેલા હોય છે છતાં તે પ્રકારની અવિચારક પ્રવૃત્તિને કારણે પદાર્થ જે રીતે સિદ્ધ થાય તે પ્રકારે પ્રયત્ન જ કરતા નથી પરંતુ વિકલ્પો ઊભા કરીને પદાર્થોની સિદ્ધિમાં વિઘ્નભૂત જ બને છે. તે કંકટૂક દુર્વ્યવહારી છે.

વળી, બીજા પ્રકારના અપ્રશસ્ત વ્યવહારી કુણપ છે. જેમ કુણપ નખનો અવયવ કાપ્યા પછી પણ ફરી તે રીતે સમ્યક્ આવતો નથી પરંતુ કંઈક ખામીવાળો જ આવે છે તે રીતે જેઓ વ્યવહારનો સમ્યગ્ રીતે છેદ કરતા નથી તેઓ વ્યવહારનો બાહ્યથી છેદ કરે છે તોપણ તેઓથી કરાયેલો વ્યવહાર શુદ્ધ પ્રાપ્ત થતો નથી. જેમ કોઈથી કોઈ પાપ થયું હોય તેની શુદ્ધિ અર્થે કુણપ વ્યવહારી પાસે જાય અને તેઓ શાસ્ત્ર ભણેલા હોય અને પ્રાયશ્ચિત્ત આપે છતાં તે પ્રકારના ક્ષયોપશમના અભાવને કારણે તેઓથી અપાયેલા પ્રાયશ્ચિત્તથી પ્રાયશ્ચિત્ત લેનારની શુદ્ધિ થતી નથી તેવો વ્યવહાર કરનાર કુણપ દુર્વ્યવહારી કહેવાય છે.

વળી, પક્વ નામના દુર્વ્યવહારી ત્રણ રીતે પ્રાપ્ત થાય છે, જેમ પક્વફલ વૃક્ષ ઉપરથી પડે છે. તેમ

જેઓનો વ્યવહાર તે વખતે કંઈક ગ્રાહ્ય જણાય તોપણ સ્થિર રહેતો નથી પરંતુ સદ્‌વાદીઓનાં તે તે વચનોથી અસાર સિદ્ધ થાય છે અથવા જેમ પક્વફલ ફરી પાકને પામતું નથી તેમ તેઓનો વ્યવહાર આ આમ જ છે એ પ્રકારના નિર્ણયરૂપ પાકને પામતો નથી પરંતુ સંશયાત્મક કે અનિર્ણયાત્મક રહે છે તેવો વ્યવહાર કરનારા પક્વ દુર્વ્યવહારી છે. અથવા અન્ય પ્રકારે પક્વનો અર્થ કરે છે. જેઓ વ્યવહાર કરતી વખતે ઉલ્લાપો કરે તે પક્વ હોય છે અર્થાત્ આ વ્યવહારનો નિર્ણય આ રીતે જ થઈ શકે એ પ્રકારે પક્વ વચનોથી તેઓ બોલે છે અને એ રીતે તેઓથી બોલાયેલાં વચનો હોવાને કારણે અન્ય સદ્‌વાદીઓ મૌન લે છે; કેમ કે તેઓના ઉલ્લાપથી તેઓને ભય થાય છે; કેમ કે આ વ્યવહારી તે રીતે જ ઉલ્લાપો કરે છે જેથી આપણાં વચનો વિચારણાનું સ્થાન પ્રાપ્ત કરશે નહિ તેથી સદ્‌વાદીઓ તે વ્યવહારને ઉચિત રીતે પ્રાપ્ત કરવાને અર્થે પોતાનો અભિપ્રાય આપતા નથી અને તેવા વ્યવહારીથી અપાયેલો વ્યવહાર પક્વ દુર્વ્યવહાર છે.

વળી, ઉત્તર નામના દુર્વ્યવહારીને બતાવે છે. જેમ દૃષ્ટાંતમાં પોતાના જોડાવાળા પગથી પ્રહાર કર્યા પછી તે પુરુષ કહે છે કે મેં પ્રહાર કર્યો નથી પરંતુ જોડાવાળા પગે પ્રહાર કર્યો છે એ રીતે કોઈ વ્યવહારી દુર્વ્યવહાર કરતો હોય ત્યારે ગીતાર્થો તેને કહે કે આ તારો વ્યવહાર શ્રુતાનુસારી નથી ત્યારે કોઈક છલ વચનથી ઉત્તર આપીને પોતાના દુર્વ્યવહારને સુવ્યવહાર સ્થાપન કરવા યત્ન કરે છે તે ઉત્તર નામનો દુર્વ્યવહારી છે.

વળી, ચાર્વાક નામના દુર્વ્યવહારીને બતાવે છે. જેમ કેટલાક બળદો અડધું ચાવીને વિરસ થયેલા ચર્વણને તેના મુખમાંથી બહાર કાઢે છે તેવા વિરસ ચર્વણને બીજા વૃષભો ચાવે તો તેમાંથી તેને પોષક આહાર ન મળે તેથી વિફળ ચર્વણ કહેવાય છે તેમ જેઓ વ્યવહાર કરવા બેઠા હોય ત્યારે તત્ત્વને નહિ સ્પર્શનાર એવા નિષ્ફળ કથનને ફરી ફરી કરતા હોય છે જેનાથી તત્ત્વની પ્રાપ્તિરૂપ કાર્યની પ્રાપ્તિ થાય નહિ તેવી વિફલ ચર્વણની ક્રિયા કરનારા ભણેલા પણ દુર્વ્યવહારી ચાર્વાક દુર્વ્યવહારી કહેવાય છે; કેમ કે તે પ્રકારના વ્યવહાર કરવાથી તેઓને તે વચનોમાંથી સંવેગનો રસ પ્રાપ્ત થતો નથી તેથી રસ રહિત તે વચનપ્રયોગની પ્રવૃત્તિ છે.

વળી, બધિર નામના દુર્વ્યવહારીને બતાવે છે. કેટલાક વ્યવહાર કરનારા શાસ્ત્રો ભણેલા હોય તોપણ વ્યવહાર અર્થે ઉપસ્થિત થયેલા જીવો દ્વારા તે કાર્ય વારંવાર કહેવા છતાં તે પ્રકારની ધારણા શક્તિના અભાવને કારણે કે ચિત્તના ચાંચલ્યના કારણે મારા વડે સંભળાયું નથી એ પ્રમાણે કહે છે. એવા વ્યવહારી અડધું સાંભળેલું યથાતથા જોડીને વ્યવહાર કરે તો તે દુર્વ્યવહાર બને તેથી તેઓનો કરાયેલો વ્યવહાર બધિર દુર્વ્યવહારીથી કરાયેલો કહેવાય છે.

વળી, ગુંઠસમાન વ્યવહારીને બતાવે છે. જેમ લાટદેશવાળા માયાવીએ બુદ્ધિપૂર્વક તેનું કંબલ પોતે લીધેલું હોવા છતાં મારું છે એમ વ્યવહારીને ભ્રમ ઉત્પાદન કર્યો તે રીતે જે ગુંઠ જેવા વ્યવહારી હોય તેઓ ગીતાર્થોને પણ કોઈક તેવાં વચનો દ્વારા ભ્રમ ઉત્પન્ન કરાવીને પોતાને અભિમત દુર્વ્યવહારને સ્થાપન કરે છે. તેઓ ગુંઠસમાન દુર્વ્યવહારી છે.

વળી, અમ્લ નામના વ્યવહારીને બતાવે છે. જેઓ વ્યવહાર કરવા બેસે ત્યારે પોતાના વચનથી વિરુદ્ધ કોઈનું વચન સાંભળે ત્યારે કઠોર ભાષાથી બોલે છે જેનાથી તેનું શરીર જ આકુળવ્યાકુળ થાય છે. જેના કારણે વ્યવહારની સિદ્ધિ થતી નથી પરંતુ તેનાં સત્યવચનો પણ અગ્રાહ્ય બને છે અને ક્લેશનું કારણ બને છે. તેથી તેઓ અમ્લ દુર્વ્યવહારી કહેવાય છે અને આ આઠેય વ્યવહારી તે કાળમાં ધર્મ વગરના હતા તેથી એ ફલિત થાય કે શાસ્ત્ર ભણેલા પણ જીવો કોઈના પ્રત્યે રાગ કે દ્વેષને વશ થયા વગર વ્યવહાર કરવા બેઠા હોય છતાં તે તે પ્રકારની અંતરંગ કષાયજન્ય પ્રકૃતિને કારણે કંકટુક આદિ ૮ પ્રકારના દુર્વ્યવહારીમાંથી કોઈ પ્રકારની પ્રવૃત્તિવાળા હોય તો તેઓ ધર્મ વગરના જ છે. આથી જ તેઓ સાધુવેશમાં ભણેલા હોય તોપણ ભગવાનના વચનાનુસાર સન્માર્ગને સ્થાપન કરવામાં વિઘ્નભૂત જ છે અને પોતાના પ્રકૃતિ દોષને કારણે માર્ગનાશક છે તેથી ધર્મ રહિત છે અને તેવા દુર્વ્યવહારીથી કરાયેલો વ્યવહાર કોઈ નગરમાં થયો હોય તોપણ અન્ય નગરોના સંઘમાં તે વ્યવહાર માન્ય થતો નથી જ્યારે સુવ્યવહારીથી કોઈક નગરમાં વ્યવહાર થયો હોય ત્યારે અન્ય નગરના સંઘમાં પણ તેવા પ્રકારના વ્યવહારને પ્રસંગ બને ત્યારે તે નગરમાં તે વ્યવહારીથી કરાયેલો તે સુવ્યવહાર અન્ય નગરનો સંઘ માન્ય કરીને તે રીતે વ્યવહાર કરવા યત્ન કરે છે. **॥૧૪૬થી ૧૫૫॥**

**અવતરણિકા :-**

**तादृशानां दुर्व्यवहारिणामिहलोके परलोके च फलमाह –**

**અવતરણિકાર્થ :-**

**તેવા પ્રકારના દુર્વ્યવહારીઓને=પૂર્વમાં કહ્યા તેવા ૮ પ્રકારના દુર્વ્યવહારીઓને આ લોકમાં અને પરલોકમાં ફળને કહે છે –**

**ગાથા :-**

**इहलोअम्मि अकित्ती, परलोए दुग्गई धुवा तेसिं ।**
**तित्थयराणाणाए, जे ववहारं ववहरंति ।।१५६।।**

**અન્વયાર્થ :-**

**जे=જેઓ, तित्थयराणाणाए=તીર્થંકરની અનાજ્ઞાથી, ववहारं ववहरंति=વ્યવહારને કરે છે. तेसिं इहलोअम्मि अकित्ती=તેઓને આ લોકમાં અકીર્તિ થાય છે. परलोए धुवा दुग्गई=પરલોકમાં નક્કી દુર્ગતિ થાય છે. ॥૧૫૬॥**

**ગાથાર્થ :-**

**જેઓ તીર્થંકરની અનાજ્ઞાથી વ્યવહારને કરે છે તેઓને આ લોકમાં અકીર્તિ થાય છે. પરલોકમાં નક્કી દુર્ગતિ થાય છે. ॥૧૫૬॥**

ટીકા :-

'इहलोअम्मि'त्ति । ये तीर्थकराणामनाज्ञया व्यवहारं व्यवहरन्ति तेषामिहलोकेऽकीर्त्तिः सुव्यवहारिणा पराजितानां लोकैर्मायावित्वेन ज्ञातानां च स्यात् । परलोके च ध्रुवा तेषां दुर्गतिर्महापापोदयादिति ।।१५६।।

ટીકાર્થ :-

ये तीर्थकराणामनाज्ञया ..... दुर्गतिर्महापापोदयादिति ।। જેઓ તીર્થંકરની અનાજ્ઞાથી વ્યવહારને કરે છે. તેઓને આ લોકમાં=શિષ્ટ લોકોમાં, અકીર્તિ થાય છે. સુવ્યવહારી દ્વારા પરાજિત અને લોકો વડે માયાવીપણાથી જ્ઞાત એવા તેઓની આ લોકમાં અકીર્તિ થાય અને પરલોકમાં તેઓને નક્કી દુર્ગતિ થાય; કેમ કે મહાપાપનો ઉદય છે. ।।૧૫૬।।

ગાથા :-

तेण ण बहुस्सुओवी, होइ पमाणं अणायकारी उ ।
नाएण ववहरंतो, पमाणमण्णे जहा अट्ठ ।।१५७।।

અન્વયાર્થ :-

तेण=તે કારણથી, बहुस्सुओवी=બહુશ્રુત પણ, अणायकारी=અન્યાયકારી, पमाणं ण होइ=પ્રમાણ થતા નથી. नाएण ववहरंतो=ન્યાયથી વ્યવહાર કરતા બહુશ્રુત પણ, पमाणं=પ્રમાણ છે. जहा=જે પ્રમાણે, अण्णे अट्ठ=અન્ય આઠ શિષ્યો. ।।૧૫૭।।

ગાથાર્થ :-

**તે કારણથી બહુશ્રુત પણ અન્યાયકારી પ્રમાણ થતા નથી. ન્યાયથી વ્યવહાર કરતા બહુશ્રુત પ્રમાણ છે જે પ્રમાણે અન્ય આઠ શિષ્યો. ।।૧૫૭।।**

ટીકા :-

'तेण'त्ति । यत एवं दुर्व्यवहारिण इहलोकेऽकीर्त्तिः परलोके च ध्रुवा दुर्गतिः 'तेन' कारणेन बहुश्रुतोऽप्यन्यायकारी न भवति प्रमाणम् । न्यायेन पुनर्व्यवहरन् भवति प्रमाणम्, यथाऽन्ये तगरायां तस्यैवाचार्यस्याष्ट शिष्याः ।।१५७।।

ટીકાર્થ :-

यत एवं दुर्व्यवहारिण ..... तस्यैवाचार्यस्याष्ट शिष्याः ।। જે કારણથી આ રીતે દુર્વ્યવહારીને આ લોકમાં અકીર્તિ છે અને પરલોકમાં નક્કી દુર્ગતિ છે. તે કારણથી બહુશ્રુતો પણ અન્યાયકારી પ્રમાણ થતા નથી. વળી ન્યાયથી વ્યવહાર કરતો પુરુષ પ્રમાણ થાય છે. જે પ્રમાણે તગરા નગરીમાં તે જ આચાર્યને આઠ શિષ્યો હતા. ।।૧૫૭।।

**ભાવાર્થ :-**

જેઓ પૂર્વમાં કહ્યાં તેવા આઠ પ્રકારમાંથી કોઈક પ્રકૃતિને કારણે દુર્વ્યવહાર કરે છે તેઓ શાસ્ત્ર ભણેલા હોય, નિપુણતાથી ઉચિત વ્યવહાર કરવા સમર્થ હોય છતાં તે તે કષાયને વશ તે તે પ્રકારના દુર્વ્યવહારને કરે છે. કોઈ સુવ્યવહારી દ્વારા તેઓનો પરાજય થાય છે ત્યારે લોકો તેઓને જાણે છે કે આ વ્યવહારી જિનવચનાનુસાર વ્યવહાર કરનારા નથી પરંતુ માયાવી છે તેથી સંઘમાં જેઓ સુવ્યવહારના પક્ષપાતી છે તેઓમાં તેમની અકીર્તિ થાય છે.

વળી, દુર્વ્યવહાર કરનારા ક્લિષ્ટ કષાયના વશથી તીર્થંકરની આજ્ઞાનો અપલાપ કરે છે તેથી બાહ્ય રીતે સંયમની સારી આચરણા કરતા હોય, ત્યાગાદિ કરતા હોય તોપણ મહાપાપ બાંધીને દુર્ગતિમાં જાય છે તેથી સંસારના ભીરુ જીવે તીર્થંકરની આજ્ઞાનો જેમાં સ્પષ્ટ નિર્ણય ન હોય તેવું વચન ક્યારેય બોલવું જોઈએ નહિ અને ક્યારે પણ શ્રુત ભણ્યા પછી સન્માર્ગનો લોપ થાય તેવો વ્યવહાર કરવો જોઈએ નહિ.

વળી, જેઓ જિનવચનથી ભાવિત છે તેઓ શાસ્ત્ર ભણ્યા પછી જિનવચનાનુસાર જ વ્યવહાર કરે છે આથી જ તેઓને કોઈ સ્થાનમાં સ્પષ્ટ નિર્ણય ન થતો હોય તોપણ એકઠા થયેલા સંઘમાં ગીતાર્થોનાં વચનોને સાંભળીને તે તે સ્થાનનો નિર્ણય કરવા તેઓ સમર્થ બને છે અને જ્યાં સ્પષ્ટ નિર્ણય થાય નહિ ત્યાં મધ્યસ્થ રહે છે પરંતુ વ્યવહારનો છેદ કરતા નથી. આવા સુવ્યવહારી પ્રમાણ છે અને તગરા નગરીમાં તે આચાર્યના અન્ય આઠ શિષ્યો તેવા જ હતા જેઓને હવે પછીની ગાથામાં બતાવે છે. **॥૧૫૬-૧૫૭॥**

**ગાથા :-**

**पढमे उ पूसमित्ते, वीरे सिवकोट्ठगे य अज्जासे ।**
**अरहन्नग धम्मंतग, खंदिल गोविंददत्ता य ।।१५८।।**

**અન્વયાર્થ :-**

**पढमे उ पूसमित्ते=પ્રથમ પુષ્પમિત્ર, वीरे=૨) વીર, सिवकोट्ठगे य=અને ૩) શિવકોષ્ઠક, अज्जासे=આર્યાસ, अरहन्नग=૫) અર્હન્નગ, धम्मंतग=૬) ધર્માંતક, खंदिल=૭) સ્કન્દિલ, गोविंददत्ता य=૮) ગોપેન્દ્રદત્ત. ।।૧૫૮।।**

**ગાથાર્થ :-**

**પ્રથમ પુષ્પમિત્ર, ૨) વીર, ૩) શિવકોષ્ઠક, ૪) આર્યાસ, ૫) અર્હંતક ૬) ધર્માંતક ૭) સ્કન્દિલ ૮) ગોપેન્દ્રદત્ત. ।।૧૫૮।।**

**ટીકા :-**

**'पढमे उ'त्ति । प्रथमः पुष्पमित्रः १, द्वितीयो वीरः २, तृतीयः शिवकोष्ठकः ३, चतुर्थ आर्यासः ४, पञ्चमोऽर्हन्नकः ५, षष्ठो धर्मान्तगः ६, सप्तमः स्कन्दिलः ७, अष्टमो गोपेन्द्रदत्तः ८ इति ।।१५८।।**

**ટીકાર્થ :-**

प्रथमः पुष्पमित्रः १, द्वितीयो ..... अष्टमो गोपेन्द्रदत्तः ८ इति ।। પ્રથમ પુષ્પમિત્ર, બીજા વીર, ત્રીજા શિવકોષ્ઠક, ચોથા આર્યાસ, પાંચમા અર્હંતક, છઠ્ઠા ધર્માંતગ, સાતમા સ્કન્દિલ, આઠમા ગોપેન્દ્રદત્ત. ॥૧૫૮॥

**ગાથા :-**

**एते उ कज्जकारी, तगराए आसि तम्मि उ जुगम्मि ।**
**जेहिं कया ववहारा, अक्खोभा अन्नरज्जेसु ।।१५९।।**

**અન્વયાર્થ :-**

तम्मि उ जुगम्मि=વળી તે કાળમાં, तगराए=તગરા નગરીમાં, एते=આ=પૂર્વમાં કહ્યા એ આઠ, कज्जकारी आसि=કાર્યકારી હતા, जेहिं कया ववहारा=જેઓ વડે કરાયેલા વ્યવહારો, अन्नरज्जेसु अक्खोभा=અન્ય રાજ્યોમાં અક્ષોભ્ય હતા. ॥૧૫૯॥

**ગાથાર્થ :-**

તે કાળમાં તગરા નગરીમાં આ=પૂર્વમાં કહ્યા એ આઠ, કાર્યકારી હતા જેઓ વડે કરાયેલા વ્યવહારો અન્ય રાજ્યોમાં અક્ષોભ્ય હતા. ॥૧૫૯॥

**ટીકા :-**

'एते उ'त्ति । 'एते' अनन्तरोदिताः 'तस्मिन् युगे' तस्मिन् काले 'कार्यकारिणः' सुव्यवहारिणस्तगरायामासीरन्, यैः कृता व्यवहारा अक्षोभ्या अन्यराज्येषु ।।१५९।।

**ટીકાર્થ :-**

'एते' अनन्तरोदिताः 'तस्मिन् ..... अक्षोभ्या अन्यराज्येषु ।। આ=અનંતરમાં કહ્યા એ, સુવ્યવહારીઓ તે યુગમાં=તે કાળમાં, કાર્યને કરનારા સુવ્યવહારી તગરા નગરીમાં હતા જેમના વડે કરાયેલા વ્યવહારો અન્ય રાજ્યોમાં અક્ષોભ્ય હતો. ॥૧૫૯॥

**અવતરણિકા :-**

सुव्यवहारिणामिहलोके परलोके च फलमाह –

**અવતરણિકાર્થ :-**

આ લોકમાં અને પરલોકમાં સુવ્યવહારીઓના ફળને કહે છે –

ગાથા :-

इहलोअम्मि य कित्ती, परलोए सुग्गई धुवा तेसिं ।
आणाइ जिणिंदाणं, जे ववहारं ववहरंति ।।१६०।।

અન્વયાર્થ :-

जे जिणिंदाणं आणाइ=જેઓ જિનેશ્વરની આજ્ઞાથી, ववहारं ववहरंति=વ્યવહારને કરે છે. तेसिं=તેઓને, इहलोअम्मि कित्ती=આ લોકમાં કીર્તિ છે. परलोए य=અને પરલોકમાં, धुवा सुग्गई=નક્કી જ સુગતિ છે. ।।૧૬૦।।

ગાથાર્થ :-

**જેઓ જિનેશ્વરની આજ્ઞાથી વ્યવહારને કરે છે તેઓને આ લોકમાં કીર્તિ છે અને પરલોકમાં ધ્રુવ=નક્કી જ સુગતિ છે. ।।૧૬૦।।**

ટીકા :-

'इहलोगम्मि य'त्ति । ये जिनेन्द्राणामाज्ञया व्यवहारं व्यवहरन्ति तेषामिहलोके कीर्त्तिः परलोके च सुगतिर्ध्रुवा ।।१६०।।

ટીકાર્થ :-

ये जिनेन्द्राणामाज्ञया ..... सुगतिर्ध्रुवा ।। જેઓ જિનેન્દ્રોની આજ્ઞાથી વ્યવહારને કરે છે તેઓને આ લોકમાં કીર્તિ છે=આ મહાત્માઓ જિનવચનાનુસાર સુનિશ્ચિત વ્યવહારને કરનારા છે એ પ્રકારની ગીતાર્થોના વચનથી કીર્તિ પ્રસરે છે અને પરલોકમાં સુગતિ ધ્રુવ છે=નક્કી જ છે. ।।૧૬૦।।

ભાવાર્થ :-

જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે, જિનવચન જ ઉચિત પ્રવૃત્તિ દ્વારા સંસારના નિસ્તારનું કારણ છે તેવી સ્થિર બુદ્ધિવાળા છે આથી જ કોઈ કષાયને વશ થઈને સંઘમાં ઉપસ્થિત થયેલા વ્યવહારનો છેદ કરતા નથી પરંતુ ભગવાનની આજ્ઞાથી ઉચિતનો નિર્ણય કરીને વ્યવહાર કરે છે જે વ્યવહારને જોઈને ગીતાર્થ પુરુષો તેમની પ્રશંસા કરે છે તેથી શિષ્ટ લોકોમાં તેઓની કીર્તિ થાય છે અને સુવ્યવહારને કારણે ભગવાનના વચન પ્રત્યેનો બદ્ધરાગ સ્થિર થાય છે જેનાથી બંધાયેલું પુણ્ય તે મહાત્માને નક્કી સુગતિમાં લઈ જાય છે. **।।૧૬૦।।**

અવતરણિકા :-

तदेवं मध्यस्थस्य बहुश्रुतस्यैव भावव्यवहारित्वं फलितमित्याह –

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=દુર્વ્યવહારી કેવા હોય છે અને સુવ્યવહારી કેવા હોય છે તે અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, મધ્યસ્થ બહુશ્રુતનું જ ભાવવ્યવહારીપણું ફલિત થયું એને કહે છે –**

**ગાથા :-**

**जो एवं पियधम्मो, परिवाडितिगेण गहिअसुत्तत्थो ।**
**ववहरइ भावसारं, सो ववहारी हवे भावे ।।१६१।।**

**અન્વયાર્થ :-**

**परिवाडितिगेण=પરિપાટી ત્રિકથી, गहिअसुत्तत्थो=ગૃહીત સૂત્રાર્થવાળા, एवं=આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, जो पियधम्मो भावसारं ववहरइ=જે પ્રિયધર્મવાળા ભાવસાર વ્યવહારને કરે છે. सो=તે, भावे ववहारी हवे=ભાવમાં વ્યવહારી થાય. ।।૧૬૧।।**

**ગાથાર્થ :-**

**પરિપાટી ત્રિકથી, ગૃહીત સૂત્રાર્થવાળા આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, જે પ્રિયધર્મવાળા ભાવસાર વ્યવહાર કરે છે તે ભાવમાં વ્યવહારી થાય. ।૧૬૧।।**

**ટીકા :-**

**'जो एवं'ति । यः 'एवं' उक्तप्रकारेण प्रियधर्मा प्रथमा संहितालक्षणा, द्वितीया च पदार्थमात्रकथन-लक्षणा, तृतीया च चालनाप्रत्यवस्थानात्मिकेत्येवंलक्षणेन परिपाटीत्रयेण गृहीतः सूत्रस्य-व्यवहारादिलक्षणस्यार्थो येन स तथा, भावसारं व्यवहरति स भावे व्यवहारी भवेत् ।।१६१।।**

**ટીકાર્થ :-**

**यः 'एवं' उक्तप्रकारेण ..... व्यवहारी भवेत् ।। આ રીતે=ઉક્ત પ્રકારથી પ્રથમ સંહિતા લક્ષણ, બીજી પદાર્થ માત્ર કથન લક્ષણ અને ત્રીજી ચાલના પ્રત્યવસ્થાનાત્મિક લક્ષણ પરિપાટીત્રયથી સૂત્રના=વ્યવહારાદિ લક્ષણ સૂત્રના, અર્થો ગ્રહણ કરાયા છે જેના વડે તે તેવા છે=ગૃહીત સૂત્રાર્થવાળા છે એવા જે પ્રિયધર્મવાળા સાધુ ભાવસાર વ્યવહારને કરે છે તે ભાવમાં વ્યવહારી થાય. ।।૧૬૧।।**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી સુવ્યવહારી અને દુર્વ્યવહારી કોણ છે તેનું સ્પષ્ટીકરણ કર્યું અને બહુશ્રુત પણ કંઈક મધ્યસ્થ નહિ હોવાને કારણે દુર્વ્યવહાર કરે છે તેમ બતાવ્યું તેથી એ ફલિત થયું કે જે સાધુ વ્યવહારસૂત્ર કલ્પભાષ્યાદિ ગ્રંથોના અર્થો ભણ્યા છે કઈ રીતે ભણ્યા છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે – પ્રથમ તે સૂત્રોના સંહિતાલક્ષણ પદોનો બોધ કરે છે. "मा हिंस्यात् सर्वभूतानि" એ પદોમાં ત્રણ પદોની સંહિતા છે. એમ

વ્યવહાર સૂત્રના દરેક વાક્યોમાં રહેલાં પદો અને તે દરેક પદોથી વાચ્ય શું અર્થ છે ? તેનો બોધ પ્રથમ કરવો જોઈએ જે સંહિતારૂપ સૂત્રનું ગ્રહણ છે તે રીતે પદોનો બોધ કરે છે. ત્યારપછી તે વાક્યોથી શું બોધ થાય છે ? તે પદાર્થ કથન સ્વરૂપ છે. "मा हिंस्यात् सर्वभूतानि" એ વાક્યથી સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ. એ પ્રકારના અર્થનો બોધ થાય છે તેમ વ્યવહારસૂત્રનાં દરેક વાક્યોથી કયા પદાર્થની પ્રાપ્તિ થાય છે અને તે વાક્યોથી કયા પ્રકારનો અર્થબોધ થાય છે, તે બીજી વખત કરાયેલો બોધ છે તે રીતે બોધ કરે છે. ત્યારપછી ચાલના અને પ્રત્યવસ્થાનથી વ્યવહાર આદિ સૂત્રોના અર્થોનો બોધ કરે છે. જેમ સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ એ પ્રકારના વાક્યથી અર્થબોધ કર્યા પછી ચાલના કરવામાં આવે કે આ રીતે સ્વીકારવામાં આવે તો શ્રાવકો પૂજા કરી શકે નહિ. સાધુઓ વિહાર કરી શકે નહિ; કેમ કે તે ક્રિયામાં હિંસા સ્પષ્ટ દેખાય છે અને તે ચાલનામાં થયેલી શંકાનું નિરાકરણ એ પ્રત્યવસ્થાન છે. જેમ કહેવામાં આવે કે હિંસા બે પ્રકારની છે એક હિંસા કષાયોથી જન્ય છે જે હિંસા કર્મબંધનું કારણ છે અને બીજી હિંસા વીતરાગતાને અનુકૂળ ઉચિત યત્ન કરનારા સાધુઓની ગમન આદિ ચેષ્ટાથી કે નદી ઊતરવાની ચેષ્ટાદિથી થાય છે તોપણ સાધુને મોહનાશને અનુકૂળ વિશુદ્ધ અધ્યવસાય વર્તે છે. સૂત્રવિધિ અનુસાર વિહારની ક્રિયા કરે છે કે નદી ઊતરવાની ક્રિયા કરે છે અને જીવરક્ષાને અનુકૂળ ઉચિત યતના કરે છે તેઓની કાયાથી જે હિંસા થાય છે તે પણ મોહનાશને અનુકૂળ અંતરંગ વ્યાપારરૂપ હોવાથી તે હિંસાથી નિર્જરા થાય છે માટે કષાયજન્ય હિંસાનો નિષેધ કરવા અર્થે જ 'મા હિંસ્યાત્' સૂત્ર છે. નિર્જરાના કારણીભૂત હિંસાનો નિષેધ તેનાથી થતો નથી, આ પ્રકારે પ્રત્યવસ્થાનથી બોધ થવાને કારણે મા હિંસ્યાત્ સૂત્રનું ઐદંપર્ય પ્રાપ્ત થાય છે તે રીતે વ્યવહારાદિ સૂત્રોનાં દરેક પદોના અર્થોનો બોધ મહાત્મા કરે છે તે બોધ કર્યા પછી દરેક વાક્યોનો પરસ્પર સંયોગથી થતો જે ઘણાં વાક્યોના સમૂહનો બોધ કરે છે તે બોધ કર્યા પછી તેનાથી પ્રાપ્ત થતા બોધમાં ચાલના કરવામાં આવે અને તે ચાલનાથી થતી શંકાનું સમાધાન પ્રત્યવસ્થાનથી કરવામાં આવે ત્યારે તે વ્યવહારસૂત્રના ઐદંપર્યરૂપ અર્થનો બોધ થાય છે. જે પરિપાટી ત્રણથી કરાયેલા બોધ સ્વરૂપ છે. વળી પરિપાટી ત્રણના ક્રમથી સૂત્ર-અર્થના બોધવાળા સાધુ જો પ્રિયધર્મવાળા હોય અર્થાત્ મારે સામાયિકના પરિણામની વૃદ્ધિ કરવી છે તેથી મધ્યસ્થભાવથી જ સૂત્રાર્થનું યોજન કરીને ઉચિત વ્યવહાર કરવાના ધર્મવાળા હોય તેઓ જે વ્યવહાર કરે છે તે ભાવસાર છે અર્થાત્ જિનવચનને અનુસાર મધ્યસ્થભાવવૃદ્ધિ કરે તેવો તે મહાત્માનો વ્યવહાર છે અને તેવા સાધુ ભાવનિક્ષેપાને આશ્રયીને વ્યવહારી છે અને જેઓએ પરિપાટી ત્રણના ક્રમથી સૂત્રના અર્થને પ્રાપ્ત કર્યો છે અને કોઈક રીતે પ્રિયધર્મગુણ તેમનામાંથી નાશ પામ્યો છે કે પ્રગટ થયો નથી તેઓ વ્યવહારસૂત્રના પારમાર્થિક ભાવોને ભણનારા છે તેથી બહુશ્રુત છે તોપણ મધ્યસ્થતાપૂર્વક વ્યવહાર કરતા નથી તેઓ દુર્વ્યવહારી છે. **॥૧૬૧॥**

**અવતરણિકા :-**

**ईदृशश्च न केवलं साधुः किन्तु संविग्नपाक्षिकोऽपि भवतीत्याह –**

**અવતરણિકાર્થ :-**

અને આવા કેવલ સાધુ નથી=પૂર્વમાં બતાવ્યા એવા સુવ્યવહારી કેવલ સાધુ નથી, પરંતુ સંવિગ્નપાક્ષિક પણ થાય છે=સુવ્યવહારી થાય છે એને કહે છે –

**ગાથા :-**

भावेणं ववहारी, इत्तो संविग्गपक्खिओ वि हवे ।
जम्हा सो मज्झत्थो, ववहारत्थेसु निउणो य ।।१६२।।

**અન્વયાર્થ :-**

इत्तो=આથી, संविग्गपक्खिओ वि=સંવિગ્નપાક્ષિક પણ, भावेणं ववहारी हवे=ભાવથી વ્યવહારી થાય. जम्हा=જે કારણથી, सो=તે=સંવિગ્નપાક્ષિક, मज्झत्थो=મધ્યસ્થ, ववहारत्थेसु य=અને વ્યવહાર અર્થમાં, निउणो=નિપુણ છે. ।।૧૬૨।।

**ગાથાર્થ :-**

**આથી સંવિગ્નપાક્ષિક પણ ભાવથી વ્યવહારી થાય જે કારણથી તે=સંવિગ્નપાક્ષિક, મધ્યસ્થ અને વ્યવહાર અર્થમાં નિપુણ છે. ।।૧૬૨।।**

**ટીકા :-**

'भावेणं'ति । 'इतः' मध्यस्थगीतार्थत्वस्यैव भावव्यवहारित्वाङ्गत्वात् संविग्नपाक्षिकोऽपि भावेन व्यवहारी भवेत्, यस्मात् स मध्यस्थ आज्ञाभङ्गभयेनानिश्रितोपश्रितव्यवहारी 'व्यवहारार्थेषु' विशिष्ट-श्रुतपदेषु निपुणश्च ।।१६२।।

**ટીકાર્થ :-**

'इतः' मध्यस्थगीतार्थत्वस्यैव ..... विशिष्टश्रुतपदेषु निपुणश्च ।। આથી=મધ્યસ્થગીતાર્થનું જ ભાવવ્યવહારીપણાનું અંગપણું હોવાથી, સંવિગ્નપાક્ષિક પણ ભાવથી વ્યવહારી છે. જે કારણથી તે=સંવિગ્નપાક્ષિક, મધ્યસ્થ આજ્ઞાભંગના ભયથી નિશ્રિત ઉપશ્રિત રહિત વ્યવહારી છે અને વ્યવહાર અર્થોમાં=વિશિષ્ટ શ્રુતપદોમાં, નિપુણ છે. ।।૧૬૨।।

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે ત્રણ પરિપાટીથી જેણે સૂત્ર અર્થને ગ્રહણ કર્યું છે અને જે પ્રિયધર્મવાળા છે તે ભાવથી વ્યવહારી છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે તે મહાત્મા પ્રિયધર્મવાળા હોવાને કારણે મધ્યસ્થ છે અને ત્રણ પરિપાટીથી સૂત્ર અને અર્થ ગ્રહણ કરેલા છે માટે બહુશ્રુત છે. તેથી ગીતાર્થ છે માટે ભાવથી વ્યવહારી છે. તેમ જો કે સંવિગ્નપાક્ષિક સુસાધુની જેમ સંયમમાં ઉત્થિત નથી તોપણ ભાવથી વ્યવહારી છે; કેમ કે

મધ્યસ્થ છે આથી જ પોતાની હીનતાને બતાવીને સન્માર્ગનું સ્થાપન કરે છે તેથી પ્રિયધર્મવાળા છે એમ ફલિત થાય છે અને તેમનામાં ભગવાનની આજ્ઞાના ભંગનો ભય વર્તે છે; કેમ કે ભગવાનની આજ્ઞાના ભંગથી દુરંત સંસારની પ્રાપ્તિ થાય છે એવો સ્પષ્ટ બોધ વર્તે છે આથી જ નિશ્રાથી કે ઉપશ્રાથી વ્યવહાર કરતા નથી પરંતુ શ્રુતનું અવલંબન લઈને શ્રુતાનુસારી વ્યવહાર કરે છે. વળી, વ્યવહારને કહેનારાં સૂત્રોના અર્થોમાં ત્રણ પરિપાટીથી ગ્રહણ કરાયેલા અર્થવાળાં હોવાથી વ્યવહારને અનુકૂળ જે વિશિષ્ટ શ્રુતપદો છે તેમાં તેઓ નિપુણ છે. તેથી સુસાધુની જેમ જ તેઓ પણ ભાવથી વ્યવહારી છે. માટે તેઓનો વ્યવહાર ગીતાર્થોને પ્રમાણ છે. **॥૧૬૨॥**

**અવતરણિકા :-**

**अत्रैवाक्षेपं प्रतिबन्द्या परिहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=સંવિગ્નપાક્ષિકને ભાવથી વ્યવહારી સ્વીકાર્યા એમાં જ, આક્ષેપને=દોષના ઉદ્ભાવનને પ્રતિબંદીથી=તેમ સ્વીકારવામાં બીજો શું દોષ પ્રાપ્ત થાય તે રૂપ પ્રતિબંદી ઉત્તરથી, પરિહારને કરતાં= સંવિગ્નપાક્ષિકને અવ્યવહારી સ્વીકારવારૂપ દોષનો પરિહાર કરતાં, કહે છે –**

**ગાથા :-**

**उत्तरगुणाण विरहा, जइ दव्वत्तं तु हुज्ज एयम्मि ।**
**ता तमवेक्खोवहिअं, हविज्ज छट्ठे वि गुणठाणे ।।१६३।।**

**અન્વયાર્થ :-**

**त=વળી, उत्तरगुणाण विरहा=ઉત્તરગુણોના વિરહથી, जइ एयम्मि=જો આમાં=સંવિગ્નપાક્ષિકમાં, दव्वत्तं हुज्ज=દ્રવ્યવ્યવહારીપણું થાય=ભાવવ્યવહારીપણાનો અભાવ થાય. ता तम्=તો તે=દ્રવ્યવ્યવહારીપણું, अवेक्खोवहिअं=અપેક્ષાથી ઉપહિત, छट्ठे वि गुणठाणे हविज्ज=છઠ્ઠા પણ ગુણસ્થાનકમાં થાય. ॥૧૬૩॥**

**ગાથાર્થ :-**

**વળી, ઉત્તરગુણોના વિરહથી જો આમાં=સંવિગ્નપાક્ષિકમાં, દ્રવ્યવ્યવહારીપણું થાય= ભાવવ્યવહારીપણાનો અભાવ થાય, તો તે=દ્રવ્યવ્યવહારીપણું અપેક્ષાથી ઉપહિત છઠ્ઠા પણ ગુણસ્થાનકમાં થાય. ॥૧૬૩॥**

**ટીકા :-**

'उत्तर' त्ति । उत्तरगुणाः-उत्कृष्टगुणा येऽखण्डितचरणकरणकारित्वादयस्तेषां विरहाद् यदि 'एतस्मिन्' संविग्नपाक्षिके 'द्रव्यत्वं' द्रव्यव्यवहारित्वं भवेत्, उत्तरस्य भावस्याभावात्; 'ता' तर्हि 'तद्' द्रव्यव्यवहारित्वम्

**'अपेक्षोपहितं' सप्तमादिगुणस्थानभाव्यप्रमत्तत्वादिभावविरहविवक्षाकृतं षष्ठेऽपि गुणस्थाने भवेत्, न चैतदिष्टम्, एवं सति शैलेशीचरमसमय एव भावव्यवहारित्वविश्रामप्रसङ्गादिति ।।१६३।।**

**ટીકાર્થ :-**

उत्तरगुणाः-उत्कृष्टगुणा ..... विश्रामप्रसङ्गादिति ।। **ઉત્તરગુણો=ઉત્કૃષ્ટગુણો જે અખંડિત-ચરણકરણકારિત્વાદિ છે તેઓના વિરહથી=ઉત્તરગુણોના વિરહથી, જો આમાં=સંવિગ્નપાક્ષિકમાં દ્રવ્યત્વ=દ્રવ્યવ્યવહારીપણું થાય; કેમ કે ઉત્તરના ભાવનો અભાવ છે=ચારિત્રના ઉત્તરગુણોના ભાવનો અભાવ છે. તો તે દ્રવ્યવ્યવહારીપણું અપેક્ષાથી ઉપહિત=સપ્તમાદિ ગુણસ્થાનક ભાવિ અપ્રમત્તત્વાદિ ભાવના વિરહની વિવક્ષાથી કરાયેલું છઠ્ઠા પણ ગુણસ્થાનકમાં થાય=છઠ્ઠા પણ ગુણસ્થાનકવાળા સાધુને દ્રવ્યવ્યવહારી કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય અને આ=છઠ્ઠા ગુણસ્થાનકમાં દ્રવ્યવ્યવહારીપણું ઈષ્ટ નથી; કેમ કે આમ હોતે છતે=અપેક્ષાથી ઉપહિત દ્રવ્યવ્યવહારીને સ્વીકાર્યું તેથી છઠ્ઠા પણ ગુણસ્થાનકમાં દ્રવ્યવ્યવહારીપણું પ્રાપ્ત થયું એમ હોતે છતે, શૈલેશીના ચરમસમયમાં જ ભાવવ્યવહારીપણાના વિશ્રામનો પ્રસંગ છે. ॥૧૬૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે સુસાધુ વ્યવહાર શાસ્ત્રમાં નિપુણ છે અને પ્રિયધર્મવાળા હોવાથી મધ્યસ્થ છે તેથી ભાવવ્યવહારી છે તેમ સંવિગ્નપાક્ષિક પણ મધ્યસ્થ પરિણામવાળા છે અને વ્યવહાર શાસ્ત્રમાં નિપુણ છે તેથી તેઓ પણ ભાવથી વ્યવહાર કરવા સમર્થ છે ત્યાં સ્થૂલથી જોનારને જણાય કે સંવિગ્નપાક્ષિક સાધુવેશમાં છે અને ઉત્તરગુણોમાં શિથિલ છે તેથી ચારિત્ર નથી માટે તેઓને ભાવવ્યવહારી કહી શકાય નહિ. પરંતુ છેદગ્રંથોને ભણેલા ચારિત્રની પરિણતિવાળા સાધુને જ ભાવવ્યવહારી સ્વીકારવા જોઈએ અને સંવિગ્નપાક્ષિકને દ્રવ્યવ્યવહારી સ્વીકારવા જોઈએ. તેથી તેઓ જે વ્યવહાર કરે છે તેનાથી મધ્યસ્થભાવની વૃદ્ધિરૂપ ભાવ વ્યવહારની પ્રાપ્તિ નથી; કેમ કે ઉત્તરગુણોની ખામીને કારણે સુસાધુ જેવો ચારિત્રનો પરિણામ તેઓમાં નથી. આ પ્રકારની શંકાનું નિવારણ કરવા અર્થે કહે છે કે જો જિનવચનાનુસાર વ્યવહાર કરનારા સંવિગ્નપાક્ષિકને દ્રવ્યવ્યવહારી સ્વીકારવામાં આવે તો એ ફલિત થાય કે ઉત્તરગુણરૂપ પરિણામના અભાવને કારણે તેઓ દ્રવ્યવ્યવહારી છે અને તે રીતે વિચારીએ તો છઠ્ઠા ગુણસ્થાનકવાળા મુનિમાં સાતમાદિ ગુણસ્થાનકભાવી અપ્રમત્તત્વાદિ ગુણનો અભાવ છે તેથી તેઓને અપેક્ષાએ દ્રવ્યવ્યવહારી સ્વીકારવા પડે અને આ રીતે સ્વીકારીએ તો શૈલેશીના ચરમસમયભાવિ મહાત્માને જ ભાવવ્યવહારી સ્વીકારવાનો પ્રસંગ આવે, તેના પૂર્વના સર્વ સાધુઓને દ્રવ્યવ્યવહારી સ્વીકારવાનો પ્રસંગ આવે.

વસ્તુતઃ શુદ્ધ વ્યવહારના સ્થાપન માટે વ્યવહાર સૂત્રોના અર્થોમાં નિપુણતા અને મધ્યસ્થતાપૂર્વક વ્યવહાર કરવાનો પરિણામ જ કારણ છે. અન્ય કારણ નથી તેથી ઉત્તરગુણોથી રહિત એવા સંવિગ્નપાક્ષિકને પણ ભાવવ્યવહારી સ્વીકારવા જોઈએ. **॥૧૬૩॥**

**અવતરણિકા :-**

**नन्वेवं भावव्यवहारित्वेन साधुसंविग्नपाक्षिकयोः समकक्षत्वात्कथमुत्सर्गतः साधोरेव व्यवहारार्थमाश्रयणम् ? अत आह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૧૬૨-૧૬૩ સ્થાપન કર્યું એ રીતે, ભાવવ્યવહારીપણાથી સાધુમાં અને સંવિગ્નપાક્ષિકમાં સમકક્ષપણું હોવાથી=સમાનપણું હોવાથી, કેવી રીતે ઉત્સર્ગથી સાધુનું જ વ્યવહાર માટે આશ્રયણ છે ? આથી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૬૨-૧૬૩માં સ્થાપન કર્યું કે મધ્યસ્થ ગીતાર્થ સાધુ જિનવચનાનુસાર વ્યવહાર કરનારા છે તેમ સંવિગ્નપાક્ષિક પણ ભગવાનની આજ્ઞાના ભંગના ભયથી મધ્યસ્થ થઈને વ્યવહાર કરનારા છે માટે સંઘમાં વ્યવહાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે સુસાધુ અને સંવિગ્નપાક્ષિક બંને જિનવચનાનુસાર વ્યવહાર કરનારા છે એમ સિદ્ધ થાય છે છતાં શાસ્ત્રમાં સંઘના વ્યવહારનો પ્રસંગ હોય ત્યારે સાધુનું આશ્રયણ ઉત્સર્ગથી કરવું જોઈએ. એવા ગીતાર્થ સાધુ ઉપલબ્ધ ન હોય ત્યારે અપવાદથી સવિગ્નપાક્ષિકનું પણ આશ્રયણ કરવું જોઈએ એ પ્રમાણે કેમ કહ્યું ?

વસ્તુતઃ સાધુ અને સંવિગ્નપાક્ષિક વ્યવહારના વિષયમાં સમાન રીતે આશ્રયણીય છે. આથી સાધુને ઉત્સર્ગથી કેમ આશ્રયણ કરવું જોઈએ ? તેને સ્પષ્ટ કરતાં કહે છે.

**ગાથા :-**

**ववहारस्स पयाणं, सुत्तग्गहणं च चरणकिरियाए ।**
**उस्सग्गओ त्ति तेणं, साहू ववहारिणो भावे ।।१६४।।**

**અન્વયાર્થ :-**

ववहारस्स पयाणं=વ્યવહારનું પ્રદાન, चरणकिरियाए=ચરણક્રિયાથી, सुत्तग्गहणं=સૂત્રનું ગ્રહણ, उस्सग्गओ=ઉત્સર્ગથી સાધુને છે. तेणं=તે કારણથી, भावे=ભાવને આશ્રયીને, साहू ववहारिणो=સાધુ વ્યવહારી છે=ઉત્સર્ગથી સાધુ વ્યવહારી છે. ।।૧૬૪।।

**ગાથાર્થ :-**

**વ્યવહારનું પ્રદાન, ચરણક્રિયાથી સૂત્રનું ગ્રહણ ઉત્સર્ગથી સાધુને છે. તે કારણથી ભાવમાં=ભાવને આશ્રયીને, સાધુ વ્યવહારી છે=ઉત્સર્ગથી સાધુ વ્યવહારી છે. ।।૧૬૪।।**

**ટીકા :-**

'ववहारस्स'त्ति । 'व्यवहारस्य' प्रायश्चित्तादिलक्षणस्य 'प्रदानं' साधुकृतिकर्मादिप्रतीच्छनघटितं व्यवहारज्ञानोपयुक्तम्, सूत्रग्रहणं च योगवहनाद्याचारमूलकमुत्सर्गतश्चरणक्रिययैव, तस्या एव पञ्चाचार-रूपत्वादितिहेतोः, 'तेन' उत्सर्गेण साधवो भावे व्यवहारिणः, फलतो हेतुतश्च व्यवहारस्य साधुभावे पर्यवसानात् । अपवादतस्तु संविग्नपाक्षिकोऽपीदृश एव न चोत्सर्गापवादयोर्यथायोगं फले बहु वैषम्यमिति भावनीयं सुधीभिः ।।१६४।।

**ટીકાર્થ :-**

'व्यवहारस्य' प्रायश्चित्तादि ..... भावनीयं सुधीभिः ।। વ્યવહારનું=પ્રાયશ્ચિત્તાદિ લક્ષણ વ્યવહારનું પ્રદાન સાધુ કૃતિકર્માદિ પ્રતિચ્છન્નથી ઘટિત=સાધુને વંદનાદિ ઉચિત ક્રિયાઓથી યુક્ત વ્યવહાર જ્ઞાનમાં ઉપયુક્ત છે અને ઉત્સર્ગથી ચારિત્રની ક્રિયા વડે જ યોગવહનાદિ આચારમૂલક સૂત્રગ્રહણ છે; કેમ કે તેનું=ચારિત્રની ક્રિયાનું પંચાચારરૂપપણું છે એ હેતુથી ચરણક્રિયાથી જ સૂત્રગ્રહણ છે એમ અન્વય છે. તે કારણથી ઉત્સર્ગથી સાધુઓ ભાવમાં વ્યવહારી છે=ભાવને આશ્રયીને વ્યવહાર કરનારા છે; કેમ કે ફલથી અને હેતુથી વ્યવહારનું સાધુભાવમાં પર્યવસાન છે. વળી અપવાદથી સંવિગ્નપાક્ષિક પણ આવા જ છે=સુસાધુની જેમ મધ્યસ્થપણાથી વ્યવહાર કરનારા છે અને ઉત્સર્ગ-અપવાદના યથાયોગને આશ્રયીને=ઉચિત યોજનરૂપ યથાસેવનને આશ્રયીને, ફલમાં બહુ વૈષમ્ય નથી એ પ્રમાણે બુદ્ધિમાનોએ ભાવન કરવું જોઈએ. ।।૧૬૪।।

**ભાવાર્થ :-**

પ્રાયશ્ચિત લેનાર મહાત્મા જેની પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે તેમને પ્રથમ વંદનાદિ ક્રિયાઓ કરે અને તે સર્વ ક્રિયાઓથી યુક્ત પોતાના થયેલા પાપનું નિવેદન કરે ત્યારપછી તે ગીતાર્થ ગુરુ પ્રાયશ્ચિત્ત આપે જેથી પ્રાયશ્ચિત્ત લેનારને વ્યવહારનું જ્ઞાન થાય છે કે આ પ્રકારના તપાદિના સેવન કરીશ તો મારા થયેલા પાપની શુદ્ધિ થશે તેથી પાપની શુદ્ધિના વ્યવહારના જ્ઞાનમાં ઉપયોગી વ્યવહારનું પ્રદાન છે અને તે વ્યવહારનું પ્રદાન જે ગીતાર્થ ગુરુ કરે છે તેમને વંદનાદિ કૃત્યો કરવાં હોય ત્યારે ઉત્સર્ગથી ભાવસાધુમાં જ તે સંગત થાય; કેમ કે ભાવસાધુ જ પંચાચારને પૂર્ણ રીતે પાળનારા છે તેનું સ્મરણ કરીને તેઓને કૃતિકર્માદિ ક્રિયાઓ ઉત્સર્ગથી કહેલ છે.

વળી સુસાધુ યોગોદ્વહનાદિ મૂલક સૂત્ર ગ્રહણ કરે છે તે ઉત્સર્ગથી ચારિત્ર ક્રિયાથી જ યુક્ત છે; કેમ કે ગુપ્તિથી ગુપ્ત એવા સાધુને જ ઉત્સર્ગથી યોગોદ્વહનાદિ ક્રિયાઓ કરાવીને સૂત્રદાનનું વિધાન છે. જેના કારણે તે સાધુને સૂત્ર સમ્યક્ પરિણમન પામે છે. અગુપ્તિવાળા યોગ્ય પણ જીવોને સૂત્રનું ગ્રહણ સર્વાંશથી સમ્યક્ પરિણમન પામતું નથી. તેથી ફલિત થાય કે પ્રાયશ્ચિત્તરૂપ વ્યવહારના જ્ઞાન માટે વંદનાદિ ક્રિયાઓ સુસાધુને કરી શકાય છે માટે હેતુથી પ્રાયશ્ચિત્ત આદિ રૂપ વ્યવહાર સાધુભાવમાં પર્યવસન પામે છે અને

સૂત્રગ્રહણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું ફલ હોવાથી જે સૂત્રોના બળથી સુસાધુ પ્રાયશ્ચિત્ત આપે છે તે સૂત્રને અવલંબીને કરાતા વ્યવહારનું ફળથી સાધુભાવમાં પર્યવસન્ન છે. તેથી ઉત્સર્ગથી સાધુ પાસે જ પ્રાયશ્ચિત્તાદિ વ્યવહાર ગ્રહણ કરાય છે અને તેવા કોઈ વિષમ સંયોગ હોય જેના કારણે પ્રાયશ્ચિત્તાદિ વ્યવહારને અનુકૂળ મધ્યસ્થ ગીતાર્થની અપ્રાપ્તિ હોય ત્યારે સંવિગ્નપાક્ષિક પાસે પણ પ્રાયશ્ચિત્તાદિ વ્યવહાર ગ્રહણ કરાય છે.

વળી, ઉત્સર્ગથી ગીતાર્થ સાધુ પાસેથી ગ્રહણ કરાયેલા પ્રાયશ્ચિત્તમાં અને અપવાદથી સંવિગ્નપાક્ષિક પાસેથી ગ્રહણ કરાયેલા પ્રાયશ્ચિત્તમાં પાપશુદ્ધિરૂપ ફળમાં વધુ વૈષમ્ય નથી અર્થાત્ સમિતિ-ગુપ્તિયુક્ત આ મહાત્મા ભાવસાધુ છે અને મધ્યસ્થતાથી જિનવચનાનુસાર જ આ મહાત્મા પ્રાયશ્ચિત્ત આપશે તેથી વંદનાદિ ઉચિત વ્યવહારથી જ્યારે તેમની પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરાય છે ત્યારે વંદનાદિ ક્રિયાકાળમાં તેમના ગુણોના સ્મરણથી જે પ્રકારનો ભાવનો પ્રકર્ષ થાય છે તેવા ભાવનો પ્રકર્ષ સંવિગ્નપાક્ષિક પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણકાળમાં પ્રાયઃ થાય નહિ; કેમ કે ત્રણ ગુપ્તિથી ગુપ્ત સુસાધુ જેવા તેઓ નથી તોપણ આ સંવિગ્નપાક્ષિક મહાત્મા જિનવચનાનુસાર મધ્યસ્થતાથી અવશ્ય પ્રાયશ્ચિત્ત આપશે તેવો બોધ હોવાથી તેમને વંદનાદિ કાળમાં અવશ્ય શુભભાવ થાય છે તેથી ફલમાં કાંઈક વૈષમ્ય છે તોપણ અતિ વૈષમ્ય નથી. **॥૧૬૪॥**

**અવતરણિકા :-**

**व्यवहारिप्ररूपणासिद्धतां प्ररूपयन् व्यवहर्त्तव्यप्ररूपणां प्रतिजानीते –**

**અવતરણિકાર્થ :-**

**વ્યવહારીની પ્રરૂપણાની સિદ્ધતાને બતાવતાં વ્યવહર્તવ્યની પ્રરૂપણાની પ્રતિજ્ઞા કરે છે –**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ઉલ્લાસમાં વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્યને બતાવવાનો પ્રારંભ કરેલો છે તેમાં આગમાદિ પાંચ વ્યવહારો છે એમ પૂર્વમાં બતાવ્યું અને તેનો વ્યવહાર કરવાનો અધિકાર મધ્યસ્થ ગીતાર્થને અને સંવિગ્નપાક્ષિકને છે. તેની પ્રરૂપણા અત્યારસુધી કરી હવે તેની સિદ્ધતાને બતાવીને વ્યવહર્તવ્યની પ્રરૂપણા કરવાની પ્રતિજ્ઞા કરે છે.

**ગાથા :-**

**एवं सुओवएसा, ववहारिपरूवणा कया लेसा ।**
**ववहरिअव्वपरूवणमित्तो अ कमागयं वुच्छं ।।१६५।।**

**અન્વયાર્થ :-**

**एवं सुओवएसा=આ રીતે શ્રુતના ઉપદેશથી, ववहारिपरूवणा लेसा कया=વ્યવહારીની પ્રરૂપણા લેશથી**

કરાઈ, इत्तो अ कमागयं=અને આનાથી ક્રમ પ્રાપ્ત, ववहरिअव्वपरूवणम् वुच्छं=વ્યવહર્તવ્યની પ્રરૂપણાને હું કહીશ. ॥૧૬૫॥

ગાથાર્થ :-

**આ રીતે શ્રુતઉપદેશથી વ્યવહારીની પ્રરૂપણા લેશથી કરાઈ અને આનાથી ક્રમ પ્રાપ્ત વ્યવહર્તવ્યની પ્રરૂપણાને હું કહીશ. ॥૧૬૫॥**

ટીકા :-

'एवं'इति । एवं श्रुतोपदेशात् एषा व्यवहारिप्ररूपणा लेशात्कृता । इतश्च क्रमागतां व्यवहर्त्तव्यप्ररूपणां वक्ष्ये ।।१६५।।

ટીકાર્થ :-

एवं श्रुतोपदेशात् ..... प्ररूपणां वक्ष्ये ।। આ રીતે=અત્યારસુધી વ્યવહારીનું સ્વરૂપ બતાવ્યું એ રીતે, શ્રુતના ઉપદેશથી=જિનવચનના અવલંબનથી, આ વ્યવહારીની પ્રરૂપણા લેશથી=સંક્ષેપથી, કરાઈ અને આનાથી=વ્યવહાર અને વ્યવહારીની પ્રરૂપણા કરી એનાથી, ક્રમ આગત વ્યવહર્તવ્યની પ્રરૂપણાને હું કહીશ. ॥૧૬૫॥

## અનુસંધાન : ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૪ (ઉલ્લાસ-૨)

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો


| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩* |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |


## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો


| | |
|---|---|
| **Is Jaina Order Independent Religion or Denomination ?** | ૫૮ |
| **Status of religion in modern Nation State theory** | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |


* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૭ |
| 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર | ૧૯૧ |
| શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૮ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |


**संपादक :- प. पू. आ.भ. श्री अरिहंतसागरसूरीश्वरजी महाराज साहब**


| | |
|---|---|
| पाक्षिक अतिचार | ४१ |


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |
| શંખેશ્વર પાસજી પૂજીએ... | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૨૦૯ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨ | ૧૯૭ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩ | ૧૯૮ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪ | ૧૯૯ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૮૦ |

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૮૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૮૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૯૪ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૧૯૫ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૧૯૬ |
| કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન | ૩૧ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૩ |
| ***ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૩*** | ***૨૧૨*** |
| જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન | ૬૮ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૦ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૧ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૨ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૬૪ |
| દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન | ૧૪૭ |
| દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૧૮ |
| દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન | ૧૬૦ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૮ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૫ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૨ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૩ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૪ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ***ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૧*** | ***૨૧૦*** |
| ધ્યાનશતક શબ્દશઃ વિવેચન | ૧૮૩ |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |

| | |
|---|---|
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |

| | |
|---|---|
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૯૨ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૯૩ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |
| વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૦૦ |
| વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૨૦૧ |

| | |
|---|---|
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૨૦૨ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૨૦૩ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૨૦૪ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૨૦૫ |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| ***શ્રાવકધર્મવિધિ પ્રકરણ શબ્દશઃ વિવેચન*** | ***૨૧૧*** |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમાધિશતક શબ્દશઃ વિવેચન | ૨૦૬ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો


| | | |
|---|---|---|
| **આગમ પ્રકાશનસૂચી (હિન્દી)** | **સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી** | **૧૭૫** |


## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો


**૧. ધર્મતીર્થ ભાગ-૧, ૨. ધર્મતીર્થ ભાગ-૨, ૩. ધર્મતીર્થ ભાગ-૩, ૪. ધર્મતીર્થ ભાગ-૪**

# પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**❖ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**❖ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382007

भवसयसहस्सलद्धं, जिणवयणं भावओ जहंतस्स ।
जस्स ण जायं दुक्खं, तस्स ण दुक्खं परे दुहिए ।।

❖

લાખો ભવોથી પ્રાપ્ત થયેલા જિનવચનને
ભાવથી=દ્રવ્યથી નહિ પરંતુ અમધ્યસ્થભાવરૂપ
ભાવથી ત્યાગ કરતાં જેને દુઃખ થયું નહિ
તે સાધુને દુઃખિત એવા પરમાં=અમધ્યસ્થભાવથી
સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરનારા
દુઃખિત એવા જીવોમાં, દયા થતી નથી.



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા


'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
www.gitarthganga.com